
તત્ત્વપ્રેમી મુમુક્ષુઓ માટે અતિઉત્તમ
આધ્યાત્મિક ગ્રંથ

અધ્યાત્મ સાર







શ્રી નવતત્ત્વ વિવેચન

- પ્રકાશક -
જૈન શ્રી સંઘ
જૈન સોસાયટી, અમદાવાદ-૬.

श्रीवर्द्धमानस्वामिने नमः

तत्त्वरुचि अध्यात्मप्रेमी जीवोने
खूब ज उपयोगी

श्री अध्यात्मसार ग्रंथ

नवतत्त्व विवेचन

गीतार्थ ज्ञानी सर्वविरतिधारी
त्यागी गुरुना चरणोमां
बेसीने ज आ ग्रंथ वांचवा–
विचारवा आग्रह भरी भलामण छे.

ગ્રંથનો વિષય : નવતત્ત્વ-પદ્રવ્યનું વિવિધ ભેદો-ભાંગાઓ સાત નયો અને સપ્તભંગીની ઘટના આદિ સૂક્ષ્મ વિગત સાથે તાત્ત્વિક નિરૂપણ.

ગ્રંથકર્તા : શ્રી જિન-ઉત્તમ રૂપવિજયજી મ૦
ગણીના શિષ્યરત્ન પં. શ્રી.
કુંઅરવિજયજી મ૦

ગ્રંથરચના સમય : વિ. સં. ૧૮૮૨
મહા સુદ ૫ રવિ

ગ્રંથરચના સ્થળ : પાલી (મારવાડ)

ગ્રંથ પ્રમાણ : ૬૬૬૧ શ્લો૦

પ્રથમાવૃત્તિ : વિ. સં. ૧૯૫૬

પ્રથમાવૃતિ પ્રકાશક : શા. ભીમશી માણેક, મુંબઈ.

દ્વિતીયાવૃત્તિ : વિ. સં. ૨૦૨૬
સત્ય-નીતિ-પ્રમોદ ગ્રંથમાળા


દ્વિતીયાવૃત્તિ પ્રકાશક : જૈન શ્રી. સંઘ, જૈન સોસાયટી
અમદાવાદ-૬

[અર્થી-જીવોને ગુરૂગમથી વાંચવાની શરતે સાદર ભેટ]

મુદ્રક :

પાના ૧ થી ૮૦
વસંત પ્રિ. પ્રેસ
જયન્તિ દલાલ
ઘીકાંટા, ઘેલાભાઈની વાડી,
અમદાવાદ.

પાના ૮૧ થી ૫૩૪ સંપૂર્ણ
શ્રી શક્તિ પ્રિન્ટર્સ,
પોપટલાલ ગોકળદાસ ઠક્કર
ઘીકાંટા રોડ, ૬, સુરેન્દ્ર હાઉસ,
અમદાવાદ.



શ્રી રૈવતાચલ ચિત્રકૂટાદિ તીર્થોદ્ધારક બાળબ્રહ્મચારી પ્રાતઃસ્મરણીય,
ચારિત્રચૂડામણિ, સૂરિસાર્વભૌમ સ્વર્ગસ્થ ગુરૂદેવ ૧૦૦૮ શ્રી શ્રી શ્રી
પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ

શ્ર.....દ્ધા.....ભ.....ર્યું

સ.....મ.....ર્પ.....ણ

卐 गुरवः शरणं मम. 卐

શ્રી રૈવતાચલ–ચિત્રકૂટાદ્રિ–તીર્થોદ્ધારક, બાળબ્રહ્મચારી ચારિત્રચૂડામણિ સ્વર્ગસ્થ પરમપૂજ્ય **આચાર્ય શ્રી વિજય-નીતિસૂરીશ્વરજી મ.** ના પરમ પાવન કર કમલોમાં–

ઉચ્ચકોટિના તાત્ત્વિક, નવતત્ત્વના સૂક્ષ્મબુદ્ધિગમ્ય છતાં બાળજીવો સમજી શકે તેવી સરળભાષામાં નિરૂપણ કરનાર, આત્મકલ્યાણની સાધના માટે જરૂરી તત્ત્વજ્ઞાન અને ક્રિયા-નિષ્ઠતાનું યોગ્ય ઘડતર કરવા માટે અત્યંત ઉપયોગી, કલ્યાણકામી મુમુક્ષુ જીવો માટે મોક્ષમાર્ગના મર્મદર્શકરૂપ પવિત્ર આ **અધ્યાત્મ સાર** નામના ગ્રંથરત્નને હાર્દિક બહુમાન અને શ્રદ્ધાના સુંદર પુષ્પો સાથે

સ...મ...ર્પ...ણ

નિવેદક :—

આપના લઘુ બાળકો

ચંદ્રોદયવિજય, દક્ષવિજય.

☆
☆☆

શ્ર.....દ્ધાં.....જ.....લિ




તીર્થોદ્ધારક સ્વ. પૂ. આ. શ્રીવિજયનીતિસૂરીશ્વરજી
મા. પટ્ટધર, શાંતમૂર્ત્તિ, ગુણગણગરિમાલંકૃત સ્વ.
પૂ. આ. શ્રી વિજયહર્ષસૂરીશ્વર મ.
ના ચ ર ણ ક મ લો માં
હાર્દિક શ્રદ્ધાંજલિ....



હા.....ર્દિ.....ક.....વં.....દ.....ના

સ્વ. પૂ. આ. શ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મ.ના પટ્ટધર
આ. સરળસ્વભાવી સૌમ્યમૂર્ત્તિ સ્વ. પૂ આ.
શ્રી વિજયમહેંદ્રસૂરીશ્વરજી મ. ના પવિત્ર
ચરણોમાં

હા..ર્દિ..ક..વં..દ..ના.



સિદ્ધાંત મહોદધિ પ્રશાંત વારિધિ
સ્વ. આચાર્ય વિજય **હર્ષસૂરીશ્વરજી** મહારાજ



સ્વ. પરમ પૂજ્ય જૈનાચાર્ય વિજય
મહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

॥ श्री चिंतामणि पार्श्वनाथाय नमः ॥

પ્રકાશકીય નિવેદન

જિનશાસનના રહસ્યભૂત નવતત્ત્વોનું શાસ્ત્રીય નય–ભંગીની સુંદર અપેક્ષાઓથી વિશદ વર્ણન કરનાર આ ગ્રંથ સુજ્ઞવાચકોના કરકમળોમાં પ્રસ્તુત કરતાં અમોને ખૂબ આનંદ થાય છે.

અમારૂં લોકોત્તર સૌભાગ્ય છે કે–મોક્ષમાર્ગે ચાલવામાં તત્ત્વરૂચિ અને ક્રિયાનિષ્ઠતા અત્યંત જરૂરી સાધનોને સમ્યક્ પ્રકારે પોષણ કરનાર અતિદુર્લભ આ ઉત્તમ ગ્રંથને વ્યવસ્થિત રીતે પુનર્મુદ્રિત કરવાની તક અમોને સાંપડી છે.

પૂ. બાલબ્રહ્મચારી તીર્થોદ્ધારક સ્વ. આચાર્ય ભગવંત **શ્રી વિજયનીતિસૂરીશ્વરજી** મ. ના સમુદાયના તાત્ત્વિક-ચિંતક મર્મજ્ઞ વિદ્વાન **મુનિરત્નશ્રી ચંદ્રોદયવિજયજી** મ. તથા દેશના સુદક્ષ **મુનિશ્રી દક્ષવિજયજી** મ.ના ચાતુર્માસનો લાભ વિ. સં. ૨૦૨૫ માં મળ્યો.

તેઓની અધ્યાત્મરસ ભરપૂર શાસનમાન્ય પરંપરાને અનુકૂળ સાપેક્ષનયવાદવાળી તાત્ત્વિક દેશનાથી અમારા શ્રીસંઘ ઉપર ચિરસ્મરણીય છાપ પડી છે.

તેઓશ્રીની પ્રેરણાથી અમોએ આ ગ્રંથના પુનર્મુદ્રણનો લાભ લીધો છે, જોકે આ ગ્રંથ શા. ભીમશી માણેક તરફથી મુંબઈથી વિ. સં. ૧૯૫૩ માં પ્રકટ થયેલ છે, પણ

વ્યવસ્થિત યોગ્ય પ્રકાશન ન થયેલ હોઈ તત્ત્વરુચિ સુજ્ઞ-વાચકોને પણ સમજવામાં મુશ્કેલી પડતી હોઈ તેમજ આ ગ્રંથ હાલમાં દુર્લભ હોઇ પુનર્મુદ્રણ અવસરોચિત લાગ્યું છે.

આ ગ્રંથ ગીતાર્થ જ્ઞાની વિવેકી ગુરૂભગવંતના ચરણોમાં બેસી વિનય-જિજ્ઞાસા પૂર્વક વાંચવા-સમજવા જેવો છે; એટલે સુજ્ઞવાચકો તે રીતે જ આ ગ્રંથનો સદુપયોગ કરી અમારા પ્રયાસને કૃતાર્થ કરશે એ આશા અમારી અસ્થાને તો નથી જ!

આવા ગ્રંથના પ્રકાશનનો લાભ લેવાની ઉદાત્ત પ્રેરણા કરનાર પૂ. **મુનિશ્રી ચંદ્રોદયવિજયજી મહારાજ** પૂ. **મુનિશ્રી દક્ષવિજયજી મ.** નો ઉપકાર જેટલો માનીએ તેટલો ઓછો છે, તેમજ શાસન સંરક્ષક **તપસ્વી** પૂ. **ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. ના શિષ્ય** પૂ. **મુનિશ્રી અભયસાગરજી મ.** ગણોએ સંપાદનની મહત્ત્વપૂર્ણ જવાબદારી ઉઠાવી બાળજીવોને અનુકૂળ આવે તેવી વિષ-યોની ગોઠવણી, ઉપયોગી ટિપ્પણી તેમજ ભાષાના સુધારા, લખાણની સ્પષ્ટતા આદિ કરવા સાથે તેઓશ્રીની નાદુરસ્ત તબિયતમાં અને બીજા અનેક સંપાદનોની જવાબદારીમાંથી પણ સમય કાઢી શુદ્ધ-સ્વચ્છ સંપાદન કરી આપવા બદલ તેઓશ્રીના ઉપકારના ઓશીંગણ અમે શી રીતે થઇએ? તે અમારે મન સવાલ છે, હાલ તો અમે તેઓશ્રીની શાસનોપયોગી આ કાર્ય કરી આપવા બદલ હાર્દિક ગુણાનુરાગપૂર્ણ કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

આ ગ્રંથના પ્રકાશનમાં છાપેલ નોંધ પ્રમાણે જે જે પુણ્યાત્માઓએ પ્રથમથી નકલો નોંધાવી ઉદારતાપૂર્વક ફાળો નોંધાવ્યો છે, તેઓના ધર્મપ્રેમની અનુમોદના કરીએ છીએ.

વળી સંપાદક પૂ. મહારાજશ્રી તો સાધુજીવનની અપ્રતિબદ્ધ વિહારિતા મુજબ વિહાર કરતાં કરતાં ઠેઠ માળવાના છેડે રાજસ્થાનના નાકે પ્રતાપગઢ ચાતુર્માસ વિરાજમાન થયા, એટલે દૂર પ્રૂફો જઈને આવે પણ પ્રેસની જે અગવડો તે બધી દૂર કરનાર અને આ ગ્રંથના પ્રકાશનમાં પહેલેથી છેલ્લે સુધી ઘરના કામની જેમ તનતોડ પ્રયત્ન મૂંગી નિઃસ્વાર્થ સેવારૂપે પોતે પોતાના ધંધામાંથી વખત કાઢી પૂરતો સહકાર આપનાર ધર્મપ્રેમી શેઠ **શ્રી બાબુલાલ કેશવલાલ** (ચાણસ્માવાળા)ના ધર્મપ્રેમભર્યા સહકારની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

વળી આખો ગ્રંથ વ્યવસ્થિત પ્રેસ કોપી રૂપે લખી આપવાનું તથા પ્રુફરીડિંગનું કાર્ય ચીવટપૂર્વક કરી આપવા બદલ પં. **શ્રી હરજીવનદાસ ભાયચંદ** શાહના ધર્મપ્રેમની સાદર નોંધ લીધા સિવાય ચાલે એમ નથી.

સુંદર–સ્વચ્છ અને તાત્કાલિક છાપકામ કરી આપવા બદલ શ્રી **વસંત પ્રેસ**, તથા, **શ્રી શક્તિ પ્રિન્ટરી**ના માલિક અને કાર્યકરનો સહકાર ભૂલાય તેમ નથી.

સુંદર ડિઝાઈન બનાવનાર આર્ટિસ્ટ તથા બ્લોક બનાવનાર પ્રભાત પ્રોસેસ સ્ટુડીઓ અને કાળજીપૂર્વક ટાઈટલનો

બ્લોક છાપવા માટે શ્રી દીપક પ્રિન્ટરીના કાર્યકરોના સહકારની નોંધ લઈએ છીએ.

બીજા પણ દરેક સહયોગીઓના ધર્મપ્રેમની અનુમોદના કરીએ છીએ.

છેવટે મુદ્રણદોષ કે દૃષ્ટિદોષથી રહી ગયેલી ક્ષતિઓ બદલ ક્ષમા માંગવા સાથે વિવેકબુદ્ધિથી ગીતાર્થ ગુરૂની નિશ્રાએ આ ગ્રંથ વાંચી વિચારી પુણ્યશાળી મુમુક્ષુ આત્માઓ પોતાનું આત્મકલ્યાણ સાધી પરમપદના ભોક્તા બને, એ મંગળકામના.

વીર નિ. સં. ૨૪૯૬ વિ. સં. ૨૦૨૬
શ્રા. સુ. ૧૨ શુક્ર
૧૪—૮—૭૦
એલિસબ્રિજ, અમદાવાદ–૬.

લિ.
પ્રકાશક
શ્રી જૈન સંઘ
જૈન સોસાયટી.

જ્ઞાનની પરિણતિની કસોટી

હેમ પરિક્ષા જિમ હુએજી,
સહત હુતાશન તાપ।
જ્ઞાનદશા તિમ પરખીએજી,
જિહાં બહુ કિરિયા વ્યાપ॥

—શ્રી સીમંધરસ્વામી (૧૨૫ ગા. સ્તવન ઢા.)૫. ગા. ૭

સમજણની કૂંચી
યાને
સંપાદકીય વક્તવ્ય

પરમોપકારી શ્રી જિનશાસનની આરાધના કરનાર પુણ્યાત્માઓના હિતાર્થે આ ગ્રંથમાં નવતત્ત્વ અને તેનું રહસ્ય, તથા અનેક નયની જુદી જુદી અપેક્ષાથી વિવિધ રીતે નવતત્ત્વની વિચારણા દર્શાવી છે. પ્રાસંગિક વ્યવહાર અને નિશ્ચય નયનું પારમાર્થિક સ્વરુપ તથા સપ્તભંગી અને સ્યાદ્વાદના આઠ પક્ષ વગેરેનું તાત્ત્વિક સ્વરુપ પણ સરસ રીતે સમજાવ્યું છે.

ઝવેરાતને પારખવાની દૃષ્ટિ ન હોય તો આપણી સ્થૂલ બુદ્ધિથી ઉપરના ચમકારા અને દેખાવ ઉપરથી સાચા ઝવેરાતની ઉપેક્ષા અને ભળતા નકલી ઝવેરાતને અસલી રૂપે માનીને તેને ખરીદવા સાચા ઝવેરાતની કિંમત ચુકવવાની અક્ષમ્ય મૂર્ખતા કયારેક થવા પામે છે.

આજના યુગમાં ધર્મ–અધ્યાત્મ અને ષડ્દ્રવ્યની વિચારણામાં સદ્ગુરુના ચરણોમાં બેસી માર્મિક વિવેક બુદ્ધિ ન મેળવી શકયાના પરિણામે ગોટાળો થઈ રહ્યો છે.

અને ચોમાસાના અળસીયાની જેમ "**कलौ वेदान्ति बाहुल्यं**" ની કટાક્ષભરી ઉક્તિને ચરિતાર્થ કરનારા બ્રહ્મજ્ઞાનીઓ, અધ્યાત્મવાદીઓ અને આભાસિક રીતે આત્મતત્ત્વની ઓળખાણ દ્વારા હથેલીમાં કેવળજ્ઞાન બતાવનારાઓનું પ્રમાણ વધી રહેલું દેખાય છે.

તેથી મુગ્ધ-બાળજીવો ભ્રમમાં પડે છે કેઃ—

હકીકતમાં પરંપરાગત જૈનશાસનની આરાધનાનો ચાલ્યો આવતો રાજમાર્ગ અને તેની વિવિધ ક્રિયાનુષ્ઠાનોની મર્યાદાએ ચાલવામાં હિત છે કે આ બધા હથેલીમાં આત્મા બતાવે છે તે માર્ગ હિતકારી છે ?

હકીકતમાં અનાદિ કાળના સંસ્કારોના વ્યામોહથી અજ્ઞાની જીવોને જિનશાસનની આરાધના તાત્ત્વિક માર્ગ રૂપ ત્યાગ-વિરતિ, વ્રત-નિયમ અને પચ્ચક્ખાણ આદિના અનુષ્ઠાનો અરૂચિકર લાગતા હોય છે.

તેથી વિચારોમાં વિવેક બુદ્ધિના પ્રકાશની ખામી હોઇ પોતાની ભોગવાસનાની ગુલામીને ઢાંકવા તત્ત્વજ્ઞાનની વાતોને ગુરૂગમ વિના અધ્ધરથી પકડતા હોય છે.

તથા નયવાદની ગૂંચના ઉકેલ વિના આપમતિથી પુસ્તકીયા જ્ઞાનની પંડિતાઇ મેળવેલ શબ્દ પંડિતો અગર વ્યુદ્ગ્રાહિત થયેલ વિદ્વાનો પાસેથી સાંભળેલ કે સમજેલ વાતોના પોપટીયાપાઠની તત્ત્વજ્ઞાનની વાતોને ખૂબ ચાવી ચાવી પોતાની જાતને આત્મજ્ઞાની માની લેવાનું દુસ્સાહસ કરતા હોય છે.

આવા જીવોને માર્ગસ્થ કરવા ચર્ચા-વિચારણા માટે જરૂરી તાત્ત્વિક નયવાદની સાપેક્ષપદ્ધતિવાળા આ ગ્રંથ જેવા સાહિત્યની ખાસ જરૂર છે.

તેથી વર્ષોથી નાના-મોટા અનેક ગામો-શહેરોના જ્ઞાનભંડારોમાં અણવાપરેલી હાલતમાં ધૂળ ખાતા આ

ગ્રંથરત્નના દર્શન સૌ પહેલાં વિ.સં. ૨૦૦૬માં પૂ. તારકવર્યશ્રી પાસે શ્રી હારિભદ્રીય ગ્રંથોનું મનનપૂર્વક વાંચનથી લાધેલ તાત્ત્વિક દૃષ્ટિથી અચાનક થયા, ત્યારથી આ ગ્રંથ મારા પોતાના સ્વાધ્યાય અને ચિંતન માટે જરૂરી બીજી સામગ્રી ભેગો રહેવા માંડયો.

ખૂબજ ગંભીરતાથી અનેકવાર આ ગ્રંથના પદાર્થો છૂટક-છૂટક કેટલાક જિજ્ઞાસુઓ સમક્ષ મેં રજુ કરેલ.

જે સાંભળી કેટલાક સહૃદયી પુણ્યશાળીઓ તો ચકિત થઇ જતા, અને આનંદ ગૌરવ અનુભવતા અને બોલી ઉઠતા કેઃ-

"શું ? ખરેખર આપણે ત્યાં પણ આવા ગ્રંથરત્નો છે ? અમે તો આજસુધી એમ માનતા કે દિગંબર સંપ્રદાયમાં જ તાત્ત્વિક વિચારણા અને નય-ભંગીની વિચારણાના ગ્રંથો છે, આપણે ત્યાં વ્યવહારનયને લગતા ક્રિયાકાંડ આદિના જ ગ્રંથો ઘણા છે આદિ."

જવાબમાં તે વખતે એમ કહેવામાં આવતું કેઃ-

"ભાઇ ! આપણે ત્યાં સઘળા નયો સરખી રીતે પોષાયા છે. ખોટી રીતે કોઈ નયને જરૂર કરતાં વધુ મહત્વ નથી અપાયું.

દિગં. સાહિત્યમાં જે એકાંગી નિશ્ચયનયના વધુ ઝોકવાળા ગ્રંથો છે. તેનું કારણ એ છે કેઃ-

પરિગ્રહના નામે મતાભિનિવેશથી સાધુજીવનની સામાચારીનો રાજમાર્ગ વિલુપ્ત થયો. પરિણામે સાધુ

સંસ્થાનું અસ્તિત્વ ઘટતું ગયું. પંડિતો–શાસ્ત્રીઓ, જે કે સ્વયંગૃહસ્થ અને છ કાયના આરંભમાં રહેનાર તેઓને શાસન ચલાવવાની ફરજ પડી.

તેમાં શાસનના રાજમાર્ગરૂપ વિરતિ પર તે ગૃહસ્થ બૈરી–છોકરાની જંજાળમાં ફસાએલા પંડિતો શાબ્દિક ભાર પણ કયાંથી મુકી શકે! એટલે વિરતિની મહત્તાનો ઘોષ તેમને ત્યાં નબળો પડી ગયો.

કાળપ્રભાવે પંડિતો ગૃહસ્થ વિદ્વાનો પોતાની આપમતિ કલ્પનાથી તાત્ત્વિક પદાર્થોને ગુરૂગમથી યથાર્થ નયવાદની સાપેક્ષ વિચારણા પૂર્વક ન સમજવા સાથે પોતાના સ્થાનને હીણપદ લાગે તેવી કેટલીક પોતાની સાંસારિક પ્રવૃત્તિઓને છાવરવા નયવાદથી નિરપેક્ષ બનેલા પંડિતો મારફત કેટલીક એકાંગી વિચારધારાનો વિકાસ પરિસ્થિતિવશ થવા માંડયો.

તેમાંથી નિશ્ચયનયના માર્કાવાળી–હકીકતમાં તો નિશ્ચયનયની મર્યાદાથી ખૂબ જ દૂર–કેટલીક વિચારધારા પ્રરૂપણામાં આવી. તેમાંથી નાના–મોટા અનેક ગ્રંથોની રચના થઈ.

કાળક્રમે આગળ ચાલતાં તે ગ્રંથો દિગંબર–સંપ્રદાયના પ્રાણભૂત થવા માંડયા. કેમકે તેના આધારે વિરતિના બદલે સમ્યગ્દર્શન ઉપર કૃત્રિમ ઝોક આપી જનતાને શાસનની ધોરી નસ સમાન વિરતિનાપંથ પ્રેરણાને અનાવશ્યક રજૂ કરી શકાતી હતી.

આજે સ્પષ્ટ દેખાય છે કે આપણા સંઘની જે અવિચ્છિન્ન શાસનમાન્ય પ્રણાલિકાઓથી ધર્મની જાહોજલાલી દેખાય છે. વ્રત–નિયમ–પચ્ચ. આદિ અનુષ્ઠાનોથી આબાલ ગોપાલ જે ધર્મની સાંસ્કારિક અસર દેખાય છે, તે દિગં. પરંપરામાં જોવા નથી મળતી.

સ્વાધ્યાય–પ્રભુપૂજામાં જાણે બધુ આવી ગયું મનાય છે, પૂજામાં પણ લોકોત્તર પદ્ધતિનો ખ્યાલ ન હોઈ દહેરાસરોમાં, પ્રતિમાઓમાં કે તેમની પૂજા પદ્ધતિમાં બાળજીવોને કે તત્ત્વજ્ઞોને સ્ફૂર્તિ અને વીર્યોલ્લાસની જાગૃતિનું વાતાવરણ નથી અનુભવાતું.

એટલે દિગં. પરંપરામાં તથાકથિત નિશ્ચયનયના ગ્રંથોની બહુલતા પરિસ્થિતિજન્ય છે, લોકહિતાર્થે નથી.

આ વાત તે તે ગ્રંથોની રચનાની સાલવારી ક્રમથી પણ વિચારણા કરતાં દીવા જેવી સ્પષ્ટ દેખાય છે.

સૌથી પ્રાચીન ગ્રંથોમાં વ્યવહાર–નિશ્ચય બન્નેની સમતુલા છે. ત્યારપછી વ્યવહારનય ૭૦ થી ૭૫ ટકા અને નિશ્ચયનય ૨૫ થી ૩૦ ટકાવાળા પ્રરૂપણાના ગ્રંથો છે. પછી ધીમે ધીમે નિશ્ચયનયની પ્રરૂપણાના ટકા વધવા માંડયા અને વ્યવહારનયની પ્રરૂપણાના ટકા ઘટવા માંડયા.

છેલ્લા ૨૫૦ વર્ષમાં તો નિશ્ચયનય પણ વિકૃત થયો અને વ્યવહારનય ગૌણ થઈ ગયો. હમણાં હમણાં છેલ્લા ૫૦ વર્ષમાં તો વ્યવહારનયનું ખંડન અને નિશ્ચય નયાભાસનું એકાંગી પ્રરૂપણ થવા માંડયું.

આ હકીકત તત્ત્વજ્ઞ તટસ્થ વિદ્વાનોની અનુભવ-સિદ્ધ છે.

આ પરિસ્થિતિમાં આપણે ત્યાં નિશ્ચયનયના ગ્રંથો નથી, એ વાત કૂપમંડૂક જેવી આપણી અજ્ઞાનદશા સુચવે છે.

આપણે ત્યાં નિશ્ચયનયને સમજાવનાર ઢગલા બંધ સાહિત્ય છે. પણ બાળજીવોનો અધિકાર ન હોઈ નિશ્ચય-નયની ભૂમિકાની પરિકર્મણા માટે વ્યવહારનયનું વિધિવત્ આસેવન જ્ઞાનીઓની આજ્ઞા પ્રમાણે કરવાનું દર્શાવનાર અનેક ગ્રંથો જાહેરમાં મુકાયા છે.

જ્યારે નિશ્ચયનયનું સાપેક્ષ વર્ણન કરનારા ગ્રંથો **અધ્યાત્મસાર–અધ્યાત્મોપનિષદ્, ધર્મપરીક્ષા, યોગ-દૃષ્ટિ સમુચ્ચય, સમ્યક્ત્વ સપ્તતિકા–દ્રવ્ય ગુણ પર્યા-યનો રાસ–દ્રવ્યાનુયોગ તર્કણા, સમ્મતિ–તર્ક, ઉપદેશ રહસ્ય, ઉપદેશપદ, શ્રી સીમંધર સ્વામી વિજ્ઞપ્તિ** (૧૨૫ ગાથાની અને ૩૫૦ ગાથાની) **પાંચસમવાય નિશ્ચય–વ્યવહારનું** સ્તવન આદિ આદિ ઘણું સાહિત્ય સંસ્કૃત–પ્રાકૃત ગુજરાતીમાં છે.

પણ બાળપોથીની કક્ષા પૂરી કર્યા વિના મેટ્રિક કે B. A. અને M. A. ના પાઠયપુસ્તકોનું ભણતર શા ખપનું ?

આજે તો અમુક મનમરજીથી સ્વચ્છંદ રીતે પોતાની સગવડ કે અનુકૂળતા પ્રમાણે સામાયિક,–પ્રતિક્રમણ, પૂજા,

દર્શન કે અમુક પચ્ચ. કે તીર્થયાત્રા અને અમુક પૈસાનો ધર્મસ્થાનમાં વ્યય કરીને પોતાની જાતને ધર્મી માની લેવાનું દુસ્સાહસ કરવામાં આવે છે.

'आणाए चिचय धम्मो' 'धम्मो आणाए पडिबद्धो' 'केवलिपण्णत्तो धम्मो' આદિ વાકયોના પરમાર્થ મુજબ **'તીર્થંકર પ્રભુની આજ્ઞા-શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે જે અનુષ્ઠાનો કરવામાં આવે તે ધર્મ.'**

આ વાતને વિસરી જઈ બાળપોથીની પણ કક્ષા પૂરી કર્યા વિનાની હાલતમાં સાતમા ગુણઠાણાની પારમાર્થિક-સદ્‌ભૂત-નિરૂપચરિત નિશ્ચયનયની વાતોને અપનાવવા-માનવા-મનાવવાની તૈયારી કેટલી બેહુદ્દી કહેવાય !

એટલે આપણે ત્યાં આવા અમૂલ્ય ગ્રંથરત્નો ઘણાય છે, પણ તેને સમજવા-પચાવવા આપણી અધિકારિતા-પાત્રતા વિકસાવવાની જરૂર છે."

આ ઉપરથી જે જિજ્ઞાસુઓએ આ ગ્રંથરત્નને યોગ્ય નયદૃષ્ટિ સાપેક્ષવાદ આદિથી પરિકર્મિત કરી પ્રકાશિત કરવાની આગ્રહભરી વિજ્ઞપ્તિ કરેલ.

તેથી આજના મુદ્રણ યુગમાં જે તે તત્ત્વજ્ઞાનના ભળતા સાહિત્યને લોકો વાંચી પોતાની તત્ત્વરૂચિ પોષવાના હિસાબે તથાકથિત નિશ્ચયનયની એકાંત પ્રરૂપણાની પકડમાં ફસાઈને સર્વજીવ હિતકર ત્રિકાળાબાધિત જિનશાસનની સનાતન આચરણાઓ રૂપે વિરતિના રાજમાર્ગથી ભ્રષ્ટ થતા હોય છે, તેવાઓને કંઈક ઉપયોગી થવાની

દૃષ્ટિએ આ ગ્રંથરત્નને વ્યવસ્થિત રીતે નયવાદની સાપેક્ષતાના સંસ્કારવાળા સંપાદન પૂર્વક પ્રકાશમાં લાવવાની ભાવના જાગેલી.

પણ એક પછી એક આગમો, તાત્ત્વિક–ગ્રંથોના સંપાદન–સંશોધન અને બીજી કેટલીક પ્રવૃત્તિઓમાં આ ગ્રંથ ૧૮ વર્ષ સુધી રોજના સ્વાધ્યાય માટેની ચુંટેલી સામગ્રી ભેગો મહત્ત્વપૂર્ણ પુસ્તક તરીકે સુરક્ષિત રહ્યો.

પણ ઉસ્માનપુરાના (અમદાવાદ) ગત ચાતુર્માસમાં અનેક તાત્ત્વિક બાબતોની વિચારણા માટે ખૂબ જ મંથન કરનારા ચિત્રકૂટ રૈવતાચલાદિ તીર્થોદ્ધારક બાળબ્રહ્મચારી સ્વ. આ. શ્રી વિજય નીતિસૂરીશ્વરજી મ. ના સમુદાયના પૂ. તત્ત્વપ્રેમી સૌજન્યમૂર્ત્તિ મુનિ રત્નશ્રી ચંદ્રોદયવિજયજી મ. તથા તાત્ત્વિક પદાર્થોના નિષ્ણાત સુદેશના દક્ષ મુનિશ્રી દક્ષવિજયજી મ. ની અર્થ વ્યવસ્થાની બધી જવાબદારી ઉપાડવા સાથે આ ગ્રંથને પ્રકાશન કરવા માટેની આગ્રહભરી સૂચના થઈ એટલે 'यद्दिष्टं वैद्योपदिष्टं' ન્યાય મુજબ શ્રી નવકાર મહામંત્ર પ્રભાવે અને દેવગુરૂકૃપાએ મનનો સંકલ્પ આપોઆપ પૂરો થતો નિહાળી શ્રી નવકાર મંત્રની અદ્‌ભૂત શક્તિઓને કૃતજ્ઞ ભાવે અનુભવવા સાથે આ ગ્રંથમાં વર્ણવાયેલ નય–સપ્તભંગી આદિથી ગહન બાબતોને વ્યવસ્થિત રીતે કરી સંપાદન કરવાનું કામ શક્તિ બહારનું છતાં 'शुभे यथाशक्ति यतनीयं' ન્યાય મુજબ પ્રવૃત્તિ કરી છે, સફળતા કેટલી મળી! તે તો તત્ત્વજ્ઞ વિચારક વાચકો સમજી શકશે.

બીજી ઘણી પ્રવૃત્તિઓમાં ગુંથાયેલી અને શારીરિક અસ્વસ્થતાવાળી હાલતમાં આ સંપાદન થયું છે. બનતા પ્રયત્ને શાસ્ત્ર પરંપરા વિરૂદ્ધ કંઈ ન થવા પામે તેવું સંપાદન કરવા ધ્યાન રાખ્યું છે. છતાં છદ્મસ્થ સુલભ આવરણ દોષથી થયેલી ક્ષતિઓ બદલ સકળ સંઘ સમક્ષ ત્રિવિધે ત્રિવિધે-મિથ્યા દુષ્કૃત દઉં છું.

પુણ્યશાળી તત્વરૂચિ મુમુક્ષુ કલ્યાણકામી ભવ્યાત્માઓને આ ગ્રંથ યોગ્ય, પરિણતજ્ઞાની સર્વ-વિરતિ સંયમધારી ગીતાર્થ ગુરૂના ચરણોમાં વિનય, આત્મસમર્પણ અને તીવ્ર જિજ્ઞાસા પૂર્વક બેસી વાંચવા-ભણવાની વારંવાર મારા તરફથી આગ્રહપૂર્વક પ્રાર્થના છે. તે જરૂર ધ્યાનમાં રાખવાની નમ્રભાવે ચતુર્વિધ શ્રી સંઘને ભલામણ છે.

આ ગ્રંથને યોગ્ય જ્ઞાની-ગુરૂના ચરણોમાં વાંચી-વિચારી ભવ્ય જીવો પોતાના આત્માને કર્મબંધનોથી મુક્ત કરવા માટે જરૂરી વ્યવહાર અને નિશ્ચયનય બંનેની સાપેક્ષ આરાધના કરી પરમપદના ભાગી બનો એ મંગલકામના.

વીર નિ. સં. ૨૪૯૬
વિ. સં. ૨૦૨૬
શ્રા. સુ. ૧૦ બુધ
ગુમાનજીનું જૈન મંદિર
મુ. પ્રતાપગઢ
(રાજસ્થાન)

લિખી.
શ્રમણ સંઘ સેવક
પરમતપસ્વી પૂ ઉપાધ્યાય ગુરૂદેવશ્રી
ધર્મસાગરજીમ૦
ચરણસેવક
અભયસાગર

ગ્રંથ છપાયા અગાઉ લાભ લેનાર

ધર્માનુરાગી સદ્‌ગૃહસ્થો

	શ્રી માસર રોડ જૈનસંઘ	૬૦
૧	શેઠશ્રી કસ્તુરભાઈ સાંકળચંદ	૫૧
૨	,, લોગીલાલ ખુલાખીદાસ	૫૧
૩	,, આશારામ છગનલાલ	૫૧
૪	,, રસીકલાલ ચુનીલાલ	૫૧
૫	,, ચીનુભાઈ લાલભાઈ	૫૧
૬	,, કાંતિલાલ મણીલાલ	૫૧
૭	,, અનુભાઈ ચીમનલાલ	૫૧
૮	,, ભગુભાઈ મોહનલાલ	૫૧
૯	,, શાંતિલાલ માણેકલાલ	૨૫
૧૦	,, પરસોતમદાસ મોહનલાલ	૨૫
૧૧	,, રતીલાલ ખેમચંદ	૨૫
૧૨	,, મોતીલાલ મોહનલાલ	૨૫
૧૩	,, પોપટલાલ રતનચંદ	
૧૪	,, ભરતકુમાર મણીલાલ	
૧૫	,, રતિલાલ ભીખાભાઈ	

૧૬ શેઠશ્રી અનુભાઈ ચંદુલાલ
૧૭ ,, જયંતીલાલ ચીમનલાલ
૧૮ ,, હસમુખલાલ મુલચંદ
૧૯ ,, અનુભાઈ સારાભાઈ
૨૦ ,, પોચાલાલ ડાહ્યાભાઈ
૨૧ ,, મફતલાલ જોઈતારામ
૨૨ ,, કેશવલાલ મુલચંદ
૨૩ ,, હરીલાલ રતનચંદ
૨૪ ,, મુલચંદભાઈ પોચાભાઈ
૨૫ ,, હીંમતલાલ મોહનલાલ
૨૬ ,, રમણુલાલ સાંકળચંદ
૨૭ ,, અશોકભાઈ લાલભાઈ
૨૮ ,, નાગરદાસ અમથાલાલ
૨૯ ,, શારદાબેન સાંકળચંદ
૩૦ ,, કનુભાઈ બાબુભાઈ
૩૧ ,, હરીલાલ મનસુખરામ
૩૨ ,, કંચનબેન લલ્લુભાઈ
૩૩ ,, કેશવલાલ પ્રેમચંદ
૩૪ ,, ઠાકોરભાઇ જેશીંગભાઈ
૩૫ ,, કેશવલાલ ખેતશીભાઇ

૩૬ શેઠશ્રી અરૂણકુમાર શાંતિલાલ
૩૭ ,, સુમતીલાલ મોહનલાલ
૩૮ ,, જશીબેન પ્રભુદાસ
૩૯ ,, મંગુબેન કેશવલાલ
૪૦ ,, જશવંતલાલ ચીમનલાલ
૪૧ ,, રસીકલાલ જગજીવનદાસ
૪૨ ,, દલીચંદ ભુરચંદ
૪૩ ,, લાલભાઈ પોચાભાઈ
૪૪ ,, નવીનચંદ્ર જયંતીલાલ
૪૫ ,, નરેન્દ્ર હરીચંદ
૪૬ ,, ચંપાબેન રામજીભાઈ
૪૭ ,, બચુભાઈ ડાહ્યાભાઈ
૪૮ ,, સોમચંદ પુનમચંદ આદિ

શાસન સમ્રાટ્ સૂરિચક્રચક્રવર્તી



આચાર્ય પદ, વિ. સં. ૧૯૬૪ જેઠ શુદ ૫, ભાવનગર

દીક્ષા, વિ. સં. ૧૯૪૫ ફા. શુદ ૭, ભાવનગર

કદંબગિરિતીર્થોદ્ધારક

સ્વ. આ. મહારાજ શ્રી વિજયનેમિસુરીશ્વરજી મહારાજ

જન્મ વિ. સં. ૧૯૨૯ — સ્વ. વાસ. વિ. સં. ૨૦૦૫

કા. શુદ ૧ શનિ મહુવા — આસો વદ ૦)) દીવાળી શુક્ર મહુવા

ભાવભરી

વં.....દ.....નાં.....જ.....લિ

પરમપૂજ્ય પ્રૌઢપ્રતાપી શાસન–
પ્રભાવક અનેક તીર્થોદ્ધારક
બાળબ્રહ્મચારી શાસનસમ્રાટ
સ્વ. પૂ. શ્રી ૧૦૦૮ શ્રીયુત્

આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ

ના

પવિત્ર ચરણ કમલોમાં
ભાવભરી
વંદનાંજલિ.

નિવેદક
મનુભાઇ જેસિંગભાઈ

卐 સાહિત્ય અને સંસ્કારના અનુરાગી 卐

卐 સ્વ. શેઠશ્રી જેસંગલાલ કાળીદાસ શેરદલાલ 卐

(જીવનઝરમર)

સંવત ૨૦૦૨ની વાત છે, સ્વર્ગસ્થ શેઠશ્રી જેસંગભાઈ પોતાના બે લાડકવાયા સંતાનોને લઈ પૂજ્ય શાસન સમ્રાટ શ્રી વિજયનેમિસૂરિજી મહારાજ સાહેબને વંદન કરવા માટે ગયા હતા. ત્યાં વાતમાં ને વાતમાં તેઓશ્રીએ આચાર્ય મહારાજને પોતાનો શુભ સંકલ્પ જણાવતાં કહ્યું—

હું મારી મિલ્કતના અમુક ભાગની રકમના વ્યાજમાંથી જે રકમ ભેગી થાય તે રકમ હું સાત ક્ષેત્રોમાં વાપરવા ઇચ્છુ છું.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ આ શુભ સંકલ્પને આશીર્વાદ આપ્યા અને આ સખી ઉદાર મનના શેઠશ્રીએ તરતજ પોતાની અમુક મિલ્કતનું ટ્રસ્ટ કરી નાખ્યું—

આજે તો તેઓશ્રી દિવંગત થયા છે પરંતુ તેમના એ પુણ્ય કાર્યની દિવ્ય જ્યોત આજે પણ ઝગમગી રહી છે.

શાસન સમ્રાટ વિજયનેમિસૂરિજી મહારાજ સાહેબના તેઓ અનન્ય ભક્ત અને આજ્ઞાંકિત વિનેય; ગૃહસ્થ શિષ્ય

કળા સાહિત્ય અને સંસ્કારના અનુરાગી



સ્વ. શેઠશ્રી જેશીંગભાઈ કાળીદાસ શેરઠલાલ

જન્મ :
સં. ૧૯૨૯ ચૈત્ર વદ ૮
અમદાવાદ.

સ્વર્ગવાસ :
સં. ૨૦૧૦ આસો વદ ૩
અમદાવાદ.

હતા, તેઓશ્રીની શુભ પ્રેરણાથી તેમણે અનેક જિનમંદિરોમાં ઘણા જિનબિંબો ભરાવવામાં તેમજ પ્રતિષ્ઠા વગેરે શુભ કાર્યોમાં લક્ષ્મીના મમત્વનો ત્યાગ કરીને ઘણાં પુણ્ય કાર્યો કર્યા છે.

આ સિવાય તેઓશ્રીએ મહા મંગલકારી પાપ નિવારક ને શાંતિદાયક નવકાર મહામંત્રનો વિધિપૂર્વક નવ લાખનો જાપ પૂર્ણ કર્યો હતો. અને તેની પૂર્ણાહૂતિના સંદર્ભમાં ભારે દબદબાપૂર્વક અને અદકેરા ઉત્સાહથી શ્રી સિદ્ધચક્રનું પૂજન કરાવ્યું હતું.

શેઠશ્રી તો આજે ચાલ્યા ગયા છે. પરંતુ કેટલાક માનવી ફૂલ જેવા હોય છે, ફૂલ ખરી જાય છે પણ પાછળ પમરાટ છોડી જાય છે, તેની પાંખડી પાંખડી ખતમ થઈ જાય છે. પરંતુ તેની દરેક પાંખડી તેની મધુર સુવાસ મુકી જાય છે.

શેઠશ્રી પણ એક એવું પુણ્ય પુષ્પ હતા. આજે તેઓશ્રી નથી પણ તેમની સુવાસ આજે પણ મ્હેંક મ્હેંક થાય છે. અને એ સુવાસ કાયમ રહે તે માટે તેમના સુપુત્રો શ્રી મનુભાઈ અને શ્રી સારાભાઇ તેમના પૂજ્ય પિતાશ્રી શેઠશ્રી જેસીંગભાઈ કાલીદાસ ટ્રસ્ટમાંથી, પુણ્ય-કાર્યોમાં પોતાના પિતાશ્રીના જેવાજ ઉત્સાહ અને ઉમંગથી ઉછળતા હૈયે સાથ અને સહકાર આપે છે.

શ્રીમદ્ વિજય સત્યનીતિ પ્રમોદ ગ્રંથમાળા તરફથી પ્રગટ થતા આ '**નવતત્વ અધ્યાત્મસાર પ્રશ્નોત્તર ગ્રંથરત્ન**'ની પણ ત્રણસો નકલો આ ગ્રંથ પ્રગટ થાય તે પ્રથમજ નોંધાવી છે.

સાહિત્ય માટેનું આ પ્રોત્સાહન કંઇ જેવું તેવું નથી. શેઠશ્રી જેસીંગભાઇ કાલીદાસના પનોતા સુપુત્રો શ્રી મનુભાઈ અને શ્રી સારાભાઈ તેમના પૂજ્ય પિતાશ્રીના પગલે પગલે અનુસરે છે. તેઓશ્રીના શાસન અને સાહિત્યપ્રેમની ભુરી ભુરી અનુમોદન કરીએ તેટલી ઓછી છે.

શાસનદેવતા સદાય તેમને પુણ્ય કાર્યો કરવામાં સહાય કરે એજ અભ્યર્થના.

=પ્રકાશક=

જિનશાસનનું રહસ્ય

"जइ जिणमय पवज्जह
ता मा ववहार-णिच्छय मुयह"

—જો જિનશાસન માન્ય રાખવું હોય તો વ્યવહાર અને નિશ્ચય બંને નયને સાપેક્ષપણે સ્વીકારવા જરૂરી છે.


શ્રી અધ્યાત્મસાર ગ્રંથના વિષયોની ટૂંક નોંધ

નં.	વિષય	પ્રશ્ન	પાનું
૧	નવતત્ત્વનો તાત્ત્વિક વિચાર	૧–૭૨	૧–૬૮
૨	નવતત્ત્વનું તાત્ત્વિક સ્વરૂપ	૭૩–૧૨૯	૬૯–૯૯
૩	છ આવશ્યકનું તાત્ત્વિક સ્વરૂપ.	૧૩૦–૧૪૪	૯૯–૧૧૪
૪	નવતત્ત્વનું માર્મિક સ્વરૂપ.	૧૪૫–૨૧૧	૧૧૪–૧૬૪
૫	અધ્યાત્મ સ્વરૂપ ભાવના		૧૬૫–૧૭૦
૬	જીવસ્વરૂપ વિચારગાથા (ભાવાર્થ સાથે)		૧૭૦
૭	દેવ–ગુરુ–ધર્મ સંબંધી નિશ્ચય અને વ્યવહારની ચઉભંગીરૂપ સુંદર વ્યાખ્યા.	૨૧૨–૨૨૩	૧૭૦–૧૭૩
૮	પાંચ મહાવ્રતનું નિશ્ચય અને વ્યવહાર	૨૨૪–૨૩૩	૧૭૩–૧૭૮
૯	હિંસાની પ્રવૃત્તિ અને ફળની ચઉભંગીનું સ્વરૂપ.	૨૩૪–૨૩૭	૧૭૮–૧૮૪
૧૦	અંતરથી બહારથી સાધુપણાની ચઉભંગીનું સ્વરૂપ	૨૩૮–૨૪૧	૧૮૪–૧૯૨
૧૧	પડ્દ્રવ્ય અને નવતત્ત્વની દ્રવ્ય ક્ષેત્ર–કાળ–ભાવની ચઉભંગીઓ.	૨૪૨–૨૯૩	૧૯૨–૧૯૭
૧૨	પડ્દ્રવ્ય નવતત્ત્વમાં નામાદિ ચાર નિક્ષેપાઓ.	૨૯૫–૩૧૩	૧૯૮–૨૦૯
૧૩	સાધુના પાંચ મહાવ્રતના ચાર નિક્ષેપા	૩૧૪–૩૨૫	૨૧૦–૨૧૮

૧૪	શ્રાવકના બાર વ્રતોના ચાર નિક્ષેપા	૩૨૬–૩૩૩	૨૧૯–૨૨૪
૧૫	કષાયના ચાર નિક્ષેપા.	૩૩૪–૩૩૭	૨૨૪–૨૨૬
૧૬	છૂટક મહત્વના પદાર્થોના ચાર નિક્ષેપા.	૩૩૮–૩૪૯	૨૨૭–૨૩૩
૧૭	ષડ્દ્રવ્ય નવતત્ત્વની સાદિ અનંત વગેરે ચઉભંગી.	૩૫૦–૩૬૨	૨૩૩–૨૪૨
૧૮	મહત્વના કેટલાક પદાર્થોની સાદિ અનંત આદિ ચઉભંગી.	૩૬૩–૩૬૭	૨૪૩–૨૪૬
૧૯	પાંચ સમવાયનું વિગતવાર સ્વરૂપ	૩૬૮–૩૭૯	૨૪૬–૨૫૦
૨૦	ષટ્કારકનું સ્વરૂપ.	૩૮૦	૨૫૦–૨૫૧
૨૧	મોક્ષ પ્રાપ્તિમાં છ કારકની સંગતિ	૩૮૧	૨૫૧
૨૨	નવ નિયાણાનું સ્વરૂપ	૩૮૨	૨૫૧–૨૫૩
૨૩	શ્રી સિદ્ધચક્રના સ્વરૂપનું તાત્વિક વર્ણન	૩૮૩–૪૦૯	૨૫૪–૨૭૫
૨૪	નિશ્ચય-વ્યવહાર નયનું વિગતવાર વર્ણન.	૪૧૦–૪૧૪	૨૭૫–૨૮૯
૨૫	સાત નયથી દ્રવ્ય–ભાવનું સ્વરૂપ.	૪૨૫–૪૨૬	૨૮૯–૨૯૨
૨૬	નિશ્ચય-વ્યવહારથી નવ-તત્ત્વનું સ્વરૂપ.	૪૨૭–૪૨૯	૨૯૨–૨૯૩
૨૭	નિશ્ચય–વ્યવહારથી ષડ્દ્રવ્યનું સ્વરૂપ.	૪૩૧	૨૯૩–૨૯૪
૨૮	જિનદાસ શેઠ અને શ્રાવક-પુત્રની અતિગંભીર તાત્વિક પ્રશ્નોત્તરી	૪૩૨–૪૯૦	૨૯૫–૩૪૭

૨૯	અટ્ઠાવીશ ઉપનયનું સ્વરૂપ (વિસ્તારથી)	૪૯૧–૪૯૯	૩૪૮–૩૫૫
૩૦	સાત નયના પ્રકારાન્તરે થતાં ભાવન અને ૭૦૦ ભેદોની ભલામણ.	૫૦૦	૩૫૫
૩૧	નય–નયાભાસ અને સ્યાદ્વાદની સ્યાદ્વાદ રત્નાકર આધારે વ્યાખ્યા.	૫૦૦	૩૫૬
૩૨	સ્યાદ્વાદ દૃષ્ટિએ નિત્યાનિત્યાદિ આઠ પક્ષની વિવક્ષાએ જીવનું સ્વરૂપ	૫૦૧	૩૫૭–૩૬૦
૩૩	સમકિતના નવ પ્રકારનું સ્વરૂપ.	૫૦૨–૫૦૭	૩૬૧–૩૬૭
૩૪	નય નિક્ષેપ ગર્ભિત તાત્ત્વિક દશ પ્રશ્નો અને તેના ખુલાસા	૫૦૮–૫૧૪	૩૬૭–૩૭૯
૩૫	ષડ્દ્રવ્યનું ભિન્ન ભિન્ન રીતે તાત્ત્વિક વર્ણન	૫૧૬–૫૩૪	૩૮૨–૪૧૫
૩૬	સમ્યક્ત્વના અંગભૂત તાત્ત્વિક રુચિના દશ ભેદ	૫૩૫–૫૪૪	૪૧૫–૪૧૯
૩૭	પ્રકાશન્તરે ષડ્દ્રવ્યનું તાત્ત્વિક વર્ણન.	૫૪૫–૫૫૦	૪૨૦–૪૩૪
૩૮	જીવનું વિશિષ્ટ સ્વરૂપ સમજવા ૭૩ વિશેષણોનું સુંદર માર્મિક વર્ણન.	૫૫૧	૪૩૫–૪૪૧
૩૯	પ્રકારાન્તરે ષડ્દ્રવ્યનું તાત્ત્વિક વર્ણન.	૫૫૧–૫૬૫	૪૪૨–૪૫૧
૪૦	દ્રવ્ય–ભાવની ચઉભંગીએ નવતત્ત્વ–ષડ્દ્રવ્યનું વર્ણન	૫૭૭–૫૯૪	૪૫૨–૪૬૪

૪૧	નવતત્ત્વ–ષડ્દ્રવ્યમાં કર્તા–કારણ–કાર્યની ચઉભંગી.	૫૯૫–૬૧૦	૪૬૫–૪૭૧
૪૨	પ્રાસંગિક સમકિતની મહત્તા		૪૭૧–૪૭૨
૪૩	સિદ્ધ ભગવંતોનું તાત્વિક સ્વરૂપ.	૬૧૧–૬૪૬	૪૭૨–૫૦૨
૪૪	નિશ્ચય સમ્યગ્જ્ઞાનીનું સ્વરૂપ.	૬૪૭–૬૫૨	૫૦૨–૫૧૧
૪૫	જાણવા–આદરવા–પાળવાની ચઉભંગી.	૬૫૩	૫૧૧–૫૧૪
૪૬	ન જાણે–ન આદરે–ન પાળેની ચઉભંગી.	૬૫૪	૫૧૪–૫૧૭
૪૭	ઉપસંહાર.	૧–૭ છુટા	૫૧૭–૫૧૮
૪૮	પ્રશસ્તિ.	૮–૧૧ છુટા	૫૧૮
૪૯	પ્રથમાવૃત્તિ પ્રકાશકની ક્ષમાપના		૫૧૮
૫૦	અધ્યાત્મ માર્ગની કૂંચી.		૫૧૯



શ્રી અધ્યાત્મસાર ગ્રંથનો

વિષયાનુક્રમ

૧ નવતત્ત્વનો તાત્ત્વિક વિચાર

ક્રમાંક	વિષય	પ્રશ્ન ક્રમાંક	પાનું
૧	મંગલાચરણ	૧–૭૩	૧
૨	જિનસ્તુતિ		
	વીતરાગ પ્રભુના અદ્‌ભુત–ગુણાનુવાદ)		૨–૪
૩	વાણીના ૩૫ ગુણ		૫–૭
૪	નવતત્ત્વનો ઉપદેશ (ઉપક્રમ)		૮–૧૧
૫	જિજ્ઞાસુ શિષ્યની–તીર્થંકર પ્રભુની સ્તુતિ		
	અદ્‌ભુત ૧૨ (વિશેષણવાળી)		૧૧–૧૨
૬	નવતત્ત્વનું સંક્ષિપ્ત સ્વરૂપ	૧થી ૯	૧૩–૧૫
૭	નવતત્ત્વમાં હેય–જ્ઞેય કેટલા ?	૧૦–૧૧	૧૫–૧૭
૮	જીવતત્ત્વનું સ્વરૂપ		૧૬–૧૭
૯	૬૨ માર્ગણામાં ૫૬૩ જીવભેદનાં		
	કોઠાની સમજુતી		૧૭
૧૦	૬૨ માર્ગણામાં ૫૬૩ જીવભેદોનું યંત્ર		૧૮–૧૯
૧૧	૫૬૩ જીવભેદોની સમજુતી (સંપાદકીય)		૨૦–૨૬
૧૨	જીવ શાશ્વત છે કે અશાશ્વત ?	૧૨	૨૬
૧૩	દ્રવ્ય પ્રાણ–ભાવ પ્રાણનું સ્વરૂપ	૧૩	૨૬–૨૭
૧૪	વાટે વહેતા જીવને કેટલા પ્રાણ ?	૧૪	૨૮
૧૫	જીવ વ્યવહારથી		
	નિત્ય–અનિત્ય કેવી રીતે ?	૧૫	૨૮
૧૬	જીવ નિશ્ચયથી		
	નિત્ય અનિત્ય કેવી રીતે ?	૧૬	૨૯
૧૭	અજીવ તત્ત્વનું સ્વરૂપ	૧૭	૨૯
૧૮	અજીવના ૫૩૦ ભેદો (સંપાદકીય)		૨૯–૩૧

૧૯	પુદ્‌ગલ કયા નયથી પુદ્‌ગલને ગ્રહણ કરે છે અને નથી કરતા ?	૧૮	૩૧
૨૦	જીવ પુદ્‌ગલને કયા નયે ગ્રહણ કરે છે અને નથી કરતો ?	૧૯	૩૨
૨૧	નવતત્ત્વમાં ઉપાદેય કેટલા ?	૨૦	૩૨
૨૨	દ્રવ્ય જીવમાં કેટલા તત્ત્વ ?	૨૧	૩૩
૨૩	ભાવ જીવમાં કેટલા તત્ત્વ ?	૨૨	૩૩–૩૫
૨૪	મિથ્યાત્વી જીવમાં કેટલા તત્ત્વ ?	૨૩	૩૫
૨૫	સમ્યક્‌ત્વી જીવમાં કેટલા તત્ત્વ ?	૨૪	૩૫–૩૬
૨૬	અભવ્ય જીવમાં કેટલા તત્ત્વ ?	૨૫	૩૬
૨૭	ભવ્ય જીવમાં કેટલા તત્ત્વ ?	૨૬	૩૬–૩૭
૨૮	કેવલી-તથા સિદ્ધ ભવ્ય કહેવાય ?	૨૭	૩૭
૨૯	રૂપી અજીવમાં કેટલા તત્ત્વ ?	૨૮	૩૭
૩૦	પુણ્યમાં ,, ,,	૨૯	૩૮
૩૧	પાપમાં ,, ,,	૩૦	૩૮
૩૨	આશ્રવમાં ,, ,,	૩૧	૩૮
૩૩	સંવરમાં ,, ,,	૩૨	૩૯
૩૪	નિર્જરામાં ,, ,,	૩૩	૩૯
૩૫	બંધમાં ,, ,,	૩૪	૩૯
૩૬	દ્રવ્ય મોક્ષમાં ,, ,,	૩૫	૪૦
૩૭	ભાવ મોક્ષમાં ,, ,,	૩૬	૪૦
૩૮	નવતત્ત્વમાં મૂળ તત્ત્વ કેટલા ?	૩૭	૪૧–૪૨
૩૯	નવતત્ત્વમાં મૂળ તત્ત્વના ઉત્તરભેદ કેટલા ?	૩૮	૪૨–૪૫
૪૦	,, કુલ ભેદ કેટલા ?	૩૯	૪૫
૪૧	,, અરૂપી-રૂપી કેટલા ?	૪૦	૪૬
૪૨	,, ૨૭૬માં રૂપી કેટલા ?	૪૧	૪૬–૪૭

૪૩	નિગોદમાં કેટલા તત્ત્વ ?	૪૨	૪૮
૪૪	નરકમાં ,, ,,	૪૩	૪૮
૪૫	ભરતક્ષેત્રના મનુષ્યમાં કેટલા તત્ત્વ ?	૪૪	૪૯
૪૬	મહાવિદેહના ,, ,, ,,	૪૫	૪૯
૪૭	પંચે તિર્યંચમાં ,, ,, ,,	૪૬	૪૯
૪૮	દેવગતિમાં ,, ,, ,,	૪૭	૪૯
૪૯	પાંચ અનુત્તર દેવમાં ,, ,, ,,	૪૮	૫૦
૫૦	સિદ્ધશિલામાં ,, ,, ,,	૪૯	૫૦
૫૧	દ્રવ્ય સમકિતીમાં ,, ,, ,,	૫૦	૫૦
૫૨	ભાવ સમકિતીમાં ,, ,, ,,	૫૧	૫૧–૫૨
૫૩	દ્રવ્યલિંગ શ્રાવકમાં ,, ,,	૫૨	૫૨
૫૪	દ્રવ્ય શ્રાવકમાં ,, ,,	૫૩	૫૨–૫૩
૫૫	ભાવ શ્રાવકમાં કેટલા તત્વ ?	૫૪	૫૩
૫૬	ભાવલિંગ ,, ,, ,,	૫૫	૫૩
૫૭	દ્રવ્ય જ્ઞાનમાં ,, ,,	૫૬	૫૩–૫૪
૫૮	ભાવ ,, ,, ,,	૫૭	૫૪
૫૯	ચાર કષાયમાં ,, ,,	૫૮	૫૪
૬૦	ભાવ લિંગ આચાર્યમાં ,, ,,	૫૯	૫૪–૫૫
૬૧	દ્રવ્ય ,, ,, ,,	૬૦	૫૫–૫૬
૬૨	દ્રવ્ય આચાર્યમાં ,, ,,	૬૧	૫૬
૬૩	ભાવ ,, ,, ,,	૬૨	૫૬
૬૪	દ્રવ્ય અરિહંતમાં ,, ,,	૬૩	૫૭
૬૫	ભાવ ,, ,, ,,	૬૪	૫૭–૬૦
૬૬	દ્રવ્ય સિદ્ધમાં ,, ,,	૬૫	૬૦
૬૭	ભાવ ,, ,, ,,	૬૬	૬૦–૬૧
૬૮	દ્રવ્ય ચારિત્રમાં ,, ,,	૬૭	૬૧–૬૨

૬૯	ભાવ ચારિત્રમાં	,, ,,	૬૮	૬૨–૬૪
૭૦	દ્રવ્ય સાધુમાં	,, ,,	૬૯	૬૪
૭૧	ભાવ ,,	,, ,,	૭૦	૬૪–૬૬
૭૨	દ્રવ્યલિંગ ,,	,, ,,	૭૧	૬૬
૭૩	ભાવ ,,	,, ,,	૭૨	૬૬–૬૮

૨ નવતત્ત્વનું તાત્ત્વિક સ્વરૂપ ૬૯–૯૬

૧	નવતત્ત્વમાં જીવને શત્રુરૂપ તત્ત્વ કેટલા?	૭૩	૬૯
૨	,, ,, વેાળાવારૂપ ,, ,,	૭૪	૬૯–૭૧
૩	,, ,, વાણોતર ,, ,, ,,	૭૫	૭૧
૪	,, ,, મિત્રરૂપ ,, ,,	૭૬	૭૨
૫	,, ,, ઘરરૂપ ,, ,,	૭૭	૭૨–૭૩
૬	,, અજીવને મિત્રરૂપ ,, ,,	૭૮	૭૩–૭૪
૭	,, ,, શત્રુરૂપ ,, ,,	૭૯	૭૪
૮	,, ,, રોકનારા ,, ,,	૮૦	૭૪
૯	,, અજીવ કેટલાને રોકે?	૮૧	૭૪
૧૦	,, અજીવે કેટલા તત્ત્વોનું ઘર દીધું નથી?	૮૨	૭૫
૧૧	,, પુણ્યને મિત્રરૂપ તત્ત્વ કેટલા?	૮૩	૭૫
૧૨	નવતત્ત્વમાં પુણ્યને શત્રુરૂપ તત્ત્વ કેટલા?	૮૪	૭૫
૧૩	,, ,, ના પ્રતિપક્ષી ,, ,,	૮૫	૭૬
૧૪	,, ,, રોકનાર ,, ,,	૮૬	૭૬
૧૫	,, ,, કેટલા તત્ત્વને રોકે?	૮૭	
૧૬	,, ,, પુણ્યે કેટલા તત્ત્વનું ઘર દીધું નથી?	૮૮	૭૭
૧૭	,, પાપને મિત્રરૂપ તત્ત્વ કેટલા?	૮૯	૭૭

૧૮	,, ,, શત્રુરૂપ ,, ,, ,,	૯૦	૭૭
૧૯	,, ,, ના પ્રતિપક્ષી ,, ,,	૯૧	૭૮
૨૦	,, ,, ને રોકનાર ,, ,,	૯૨	૭૮
૨૧	,, ,, કેટલા તત્ત્વને રોકે?	૯૩	૭૮
૨૨	,, પાપે કેટલા તત્ત્વનું ઘર દીહું નથી?	૯૪	૭૮–૭૯
૨૩	,, આશ્રવને મિત્રરૂપ તત્ત્વ કેટલા?	૯૫	૭૯
૨૪	,, ,, શત્રુરૂપ ,, ,,	૯૬	૭૯
૨૫	,, ,, રોકનાર ,, ,,	૯૭	૮૦
૨૬	,, ,, કેટલા તત્ત્વને રોકે?	૯૮	૮૦
૨૭	,, આશ્રવે કેટલા તત્ત્વનું ઘર દીહું નથી?	૯૯	૮૦
૨૮	,, સંવરને મિત્રરૂપ તત્ત્વ કેટલા?	૧૦૦	૮૦–૮૧
૨૯	,, ,, કેટલા ,, ને રોકે?	૧૦૧	૮૧
૩૦	,, ,, ને કેટલા સાથે પ્રીતિ છે?	૧૦૨	૮૧–૮૨
૩૧	,, ,, ને ઘરરૂપ કેટલા તત્ત્વ?	૧૦૩	૮૨
૩૨	,, નિર્જરા કેટલા તત્ત્વને વાળે?	૧૦૪	૮૨
૩૩	,, ,, ના સ્વામી કેટલા?	૧૦૫	૮૩
૩૪	,, ,, ની પ્રીતિ કેટલા સાથે?	૧૦૬	૮૩
૩૫	,, ,, એ કેટલા તત્ત્વનું ઘર- દીહું નથી?	૧૦૭	૮૩–૮૪
૩૬	,, બંધને મિત્રરૂપ તત્ત્વ કેટલા?	૧૦૮	૮૪
૩૭	,, ,, શત્રુ ,, ,, ,,	૧૦૯	૮૪
૩૮	,, ,, કેટલા તત્ત્વને રોકી શકે?	૧૧૦	૮૪–૮૫
૩૯	,, ,, રોકનાર કેટલા?	૧૧૧	૮૫
૪૦	નવતત્ત્વમાં બંધે કેટલા તત્ત્વનું ઘર દીહું નથી?	૧૧૨	૮૫

૪૧	,, દ્રવ્યસિદ્ધને શત્રુરૂપ તત્ત્વ કેટલા ?	૧૧૩	૮૫–૮૬
૪૨	,, ,, મિત્ર ,, ,,	૧૧૪	૮૬–૮૭
૪૩	,, ,, વાણોતરરૂપ ,, ,,	૧૧૫	૮૭
૪૪	,, ,, ધરરૂપ તત્ત્વ કેટલા ?	૧૧૬	૮૭–૮૮
૪૫	,, ભાવ ,, ને ધરરૂપ ,, ,,	૧૧૭	૮૭–૯૨
૪૬	મુક્તિપદને પામનારા જીવો ઉર્ધ્વગતિ કેમ કરે ?	૧૧૮	૯૨
૪૭	સિદ્ધના જીવને કર્મ કેમ ન લાગે ?	૧૧૯	૯૩
૪૮	સિદ્ધના સુખનો સ્વાદ કેવો ?	૧૨૦	૯૩
૪૯	સિદ્ધિ ક્યાં છે ?	૧૨૧	૯૩–૯૪
૫૦	મુક્તિ ક્યાં છે ?	૧૨૨	૯૪
૫૧	સિદ્ધના જીવો લોકાગ્રે અટકયા કેમ ?	૧૨૩	૯૪–૯૫
૫૨	મોક્ષ ક્યાં છે ?	૧૨૪	૯૫
૫૩	મોક્ષમાં ધર્મ હોય કે નહિ ?	૧૨૫	૯૫–૯૬
૫૪	લિપ્ત સ્વભાવે કેટલા તત્ત્વ ?	૧૨૬	૯૬
૫૫	અશુભ ,, ,, ,,	૧૨૭	૯૬–૯૭
૫૬	શુભ ,, ,, ,,	૧૨૮	૯૭
૫૭	અલિપ્ત ,, ,, ,,	૧૨૯	૯૭–૯૯

૩. છ આવશ્યકનું તાત્ત્વિક સ્વરૂપ ૯૯–૧૧૪

૧	દ્રવ્યથી છ આવશ્યક એટલે ?	૧૩૦	૯૯
૨	દ્રવ્ય સામાયિકમાં કેટલા તત્ત્વ ?	૧૩૧	૯૯–૧૦૦
૩	,, ચતુર્વિંશતિસ્તમાં ,, ,, ?	૧૩૨	૧૦૦
૪	,, વંદનમાં કેટલા તત્ત્વ ?	૧૩૩	૧૦૦–૧૦૧
૫	,, પ્રતિક્રમણમાં ,, ,,	૧૩૪	૧૦૧–૧૦૨
૬	,, કાયોત્સર્ગમાં ,, ,,	૧૩૫	૧૦૨

૭	,, પ્રત્યાખ્યાનમાં ,, ,,	૧૩૬	૧૦૨–૧૦૩
૮	છ આવશ્યકમાં વિવિધ નયની વિચારણા ?		૧૦૩–૧૦૪
૯	ભાવથી છ આવશ્યક એટલે ?	૧૩૭	૧૦૪
૧૦	ભાવથી છ આવશ્યકની કરણીના હેતુ-ઓનું વિગતવાર વર્ણન (ખૂબ સુંદર)	૧૩૮	૧૦૫–૧૧૦
૧૧	ભાવથી સામાયિકમાં કેટલા તત્ત્વ ?	૧૩૯	૧૧૦–૧૧૧
૧૨	,, ચતુર્વિંશતિ સ્તવમાં ,, ,,	૧૪૦	૧૧૧
૧૩	,, વંદનમાં ,, ,,	૧૪૧	૧૧૧–૧૧૨
૧૪	,, પ્રતિક્રમણમાં ,, ,,	૧૪૨	૧૧૨–૧૧૩
૧૫	,, કાયોત્સર્ગમાં ,, ,,	૧૪૩	૧૧૩
૧૬	,, પ્રત્યાખ્યાનમાં ,, ,,	૧૪૪	૧૧૪

૪. નવતત્ત્વનું માર્મિક સ્વરૂપ ૧૧૪–૧૬૪

૧	નવતત્ત્વમાં રમણિક તત્ત્વ કેટલા ?	૧૪૫	૧૧૪–૧૧૫
૨	,, અશુભ ,, ,,	૧૪૬	૧૧૫–૧૧૬
૩	,, શુભ ,, ,,	૧૪૭	૧૧૬
૪	,, શુદ્ધ ,, ,,	૧૪૮	૧૧૬–૧૧૭
૫	,, નિશ્ચયથી રમણિક તત્ત્વ કેટલા ?	૧૪૯	૧૧૭–૧૧૮
૬	,, ધ્યાતારૂપ ,, ,,	૧૫૦	૧૧૮–૧૧૯
૭	,, અશુભ ,, ,,	૧૫૧	૧૧૯
૮	,, શુભ ,, ,,	૧૫૨	૧૧૯
૯	,, શુદ્ધ ,, ,,	૧૫૩	૧૧૯
૧૦	,, બહિરાત્મામાં ,, ,,	૧૫૪	૧૨૦–૧૨૧
૧૧	,, અંતરાત્મામાં ,, ,,	૧૫૫	૧૨૧–૧૨૩
૧૨	,, દ્રવ્ય પરમાત્મામાં ,, ,,	૧૫૬	૧૨૩
૧૩	,, ભાવ ,, ,, ,,	૧૫૭	૧૨૩–૧૨૪
૧૪	સિદ્ધોમાં જ્ઞાન–જ્ઞાતા–જ્ઞેયની ત્રિભંગી	૧૫૮	૧૨૪

૧૫	,, કાર્ય–કર્તા–કારણની ,,	૧૫૯	૧૨૪
૧૬	,, ધ્યાતા–ધ્યાન–ધ્યેયની ,,	૧૬૦	૧૨૪–૧૨૫
૧૭	નવતત્ત્વમાં અશુભ ધ્યાનમાં કેટલા તત્ત્વ ?	૧૬૧	૧૨૫
૧૮	,, શુભ ,, ,, ,,	૧૬૨	૧૨૫–૧૨૬
૧૯	,, શુદ્ધ ,, ,, ,,	૧૬૩	૧૨૬
૨૦	,, કર્મફળ ચેતનામાં ,, ,,	૧૬૪	૧૨૬–૧૨૭
૨૧	,, જ્ઞાન ,, ,, ,,	૧૬૫	૧૨૭–૧૨૮
૨૨	,, અશુભ કર્મ ,, ,, ,,	૧૬૬	૧૨૮–૧૨૯
૨૩	,, શુભ કર્મ ,, ,, ,,	૧૬૭	૧૨૯
૨૪	,, આર્ત-રૌદ્રધ્યાનની ભાવનામાં	૧૬૮	૧૨૯
૨૫	નવતત્ત્વમાં ધર્મ–શુકલધ્યાનની ભાવનામાં કેટલા તત્ત્વ ?	૧૬૯	૧૩૦
૨૬	,, જીવને અશુભ બાધક તત્ત્વ કેટલા ?	૧૭૦	૧૩૦
૨૭	,, ,, શુભ ,, ,, ,,	૧૭૧	૧૩૧
૨૮	,, ,, ,, સાધક ,, ,,	૧૭૨	૧૩૧
૨૯	,, ,, કર્તારૂપ ,, ,, ,,	૧૭૩	૧૩૧–૧૩૬
૩૦	,, ,, શુદ્ધ ક્રિયાનયની પ્રબળતા		૧૩૫–૧૩૬
૩૧	નય સાપેક્ષ વિચારણાની મહત્તા		૧૩૬
૩૨	નવતત્ત્વમાં અશુભ કર્તારૂપ તત્ત્વ કેટલા ?	૧૭૪	૧૩૬–૧૩૭
૩૩	,, શુભ ,, ,, ,,	૧૭૫	૧૩૭
૩૪	,, શુદ્ધ ,, ,, ,,	૧૭૬	૧૩૭–૧૩૮
૩૫	,, અશુભ કારણરૂપ ,, ,,	૧૭૭	૧૩૭
૩૬	,, શુભ ,, ,, ,,	૧૭૮	૧૩૮–૧૩૯
૩૭	,, શુદ્ધ ,, ,, ,,	૧૭૯	૧૩૯
૩૮	,, નિશ્ચયથી કાર્યરૂપ ,, ,,	૧૮૦	૧૩૯–૧૪૦
૩૯	નવતત્ત્વમાંથી લૌકિકમાર્ગમાં ,,	૧૮૧	૧૪૦

૪૦	,, લોકોત્તર માર્ગમાં ,, ,,	૧૮૨	૧૪૦–૧૪૧
૪૧	,, જીવને બાધક દશા કેટલા તત્ત્વો સાથે ?	૧૮૩	૧૪૧
૪૨	,, ,, સાધક ,, ,, ,, ,,	૧૮૪	૧૪૨
૪૩	,, ,, સિદ્ધ ,, ,, ,, ,,	૧૮૫	૧૪૨
૪૪	,, સંસારવ્યાપી તત્ત્વ કેટલા ?	૧૮૬	૧૪૩
૪૫	,, સિદ્ધવ્યાપી ,, ,,	૧૮૭	૧૪૩
૪૬	,, સાત નયથી જીવનું ગુણીપણું	૧૮૮	૧૪૪
૪૭	,, જીવને અશુભ ગુણરૂપ તત્ત્વ કેટલા ?	૧૮૯	૧૪૫
૪૮	,, શુભ ,, ,, ,,	૧૯૦	૧૪૫
૪૯	,, શુદ્ધ ,, ,, ,,	૧૯૧	૧૪૫–૧૪૬
૫૦	,, નિશ્ચય ,, ,, ,,	૧૯૨	૧૪૬
૫૧	પ્રત્યક્ષ જ્ઞાનમાં તત્ત્વ કેટલા ?	૧૯૩	૧૪૭
૫૨	પરોક્ષ જ્ઞાનમાં ,, ,,	૧૯૪	૧૪૭–૧૪૮
૫૩	નવતત્ત્વમાં સ્વાભાવિક તત્ત્વ કેટલા ?	૧૯૫	૧૪૮–૧૪૯
૫૪	,, વૈભાવિક ,, ,,	૧૯૬	૧૪૯
૫૫	,, સમ્યક્ત્વીને સાધન સાધ્યરૂપ તત્ત્વ કેટલા ?	૧૯૭	૧૫૦–૧૫૪
૫૬	નવતત્ત્વમાં મિથ્યાત્વીને સાધ્ય–સાધનરૂપ તત્ત્વ કેટલા ?	૧૯૮	૧૫૪
૫૭	નવતત્વમાંથી દ્રવ્યનયમાં તત્ત્વ કેટલા ?	૧૯૯	૧૫૪–૧૫૫
૫૮	,, ભાવનયમાં ,, ,,	૨૦૦	૧૫૫
૫૯	,, અઢીદ્વીપવ્યાપી ,, ,,	૨૦૧	૧૫૫–૧૫૬
૬૦	,, અઢીદ્વીપબહાર ,,	૨૦૨	૧૫૬
૬૧	,, ઉર્ધ્વલોકમાં ,, ,,	૨૦૩	૧૫૬
૬૨	,, તિર્ચ્છાલોકમાં ,, ,,	૨૦૪	૧૫૬
૬૩	,, અધોલોકમાં ,, ,,	૨૦૫	૧૫૭

૬૪	,, વ્યવહારનયમાં ,, ,,	૨૦૬	૧૫૭–૧૬૦
૬૫	,, નિશ્ચય ,, ,, ,,	૨૦૭	૧૬૦–૬૧
૬૬	જીવના વ્યવહાર પ્રાણ-નિશ્ચય પ્રાણ કયા ?	૨૦૮	૧૬૧–૬૨
૬૭	મુક્તીમાં જીવ કેટલા ?	૨૦૯	૧૬૨
૬૮	,, ષડ્ દ્રવ્યમાંથી કેટલા ?	૨૧૦	૧૬૨–૬૩
૬૯	૫૬૩ જીવભેદોમાંથી કેટલા મરે ? તથા કેટલા ન મરે ?	૨૧૧	૧૬૪

૫. અધ્યાત્મ સ્વરૂપ ભાવના ૧૬૫–૭૦

૬. જીવસ્વરુપ વિચાર ગાથા (ભાવાર્થ સાથે) ૧૭૦

૭. દેવ–ગુરુ–ધર્મ સંબંધી નિશ્ચય—વ્યવહારની–

ચઉભંગીરૂપ સુંદર વ્યાખ્યા ૨૧૭–૨૨૩ ૧૭૦–૧૭૩

૧	નિશ્ચય સુદેવ કયા ?	૨૧૨	૧૭૧–૧૭૧
૨	વ્યવહાર સુદેવ કયા ?	૨૧૩	૧૭૧
૩	નિશ્ચય કુદેવ કયા ?	૨૧૪	૧૭૧
૪	વ્યવહાર કુદેવ કયા ?	૨૧૫	૧૭૨
૫	નિશ્ચય સુગુરૂ કયા ?	૨૧૬	૧૭૧–૭૨
૬	વ્યવહાર સુગુરૂ કયા ?	૨૧૭	૧૭૨
૭	નિશ્ચય કુગુરૂ કયા ?	૨૧૮	૧૭૨
૮	વ્યવહાર કુગુરૂ કયા ?	૨૧૯	૧૭૨
૯	નિશ્ચય સુધર્મ કયો ?	૨૨૦	૧૭૨
૧૦	વ્યવહાર સુધર્મ કયો ?	૨૨૧	૧૭૩
૧૧	નિશ્ચય કુધર્મ કયો ?	૨૨૨	૧૭૩
૧૨	વ્યવહાર કુધર્મ કયો ?	૨૨૩	૧૭૩

૮ પાંચ મહાવ્રતનું નિશ્ચય અને વ્યવહાર નયથી સ્વરૂપ. ૨૨૪–૨૩૩ ૧૭૩–૧૭૮

૧ વ્યવહારથી પ્રાણાતિપાત વિરમણ એટલે? ૨૨૪ ૧૭૩–૭૪
૨ નિશ્ચયથી ,, ,, ,, ૨૨૫ ૧૭૪
૩ વ્યવહારથી મૃષાવાદ ,, ,, ૨૨૬ ૧૭૪
૪ નિશ્ચયથી ,, ,, ,, ૨૨૭ ૧૭૫
૫ વ્યવહારથી અદત્તાદાત્ત ,, ,, ૨૨૮ ૧૭૬
૬ નિશ્ચયથી ,, ,, ,, ૨૨૯ ૧૭૭
૭ વ્યવહારથી મૈથુન ,, ,, ૨૩૦ ૧૭૭
૮ નિશ્ચયથી ,, ,, ,, ૨૩૧ ૧૭૮
૯ વ્યવહારથી પરિગ્રહ ,, ,, ૨૩૨ ૧૭૮
૧૦ નિશ્ચયથી ,, ,, ,, ૨૩૩ ૧૭૯

૯ હિંસાની પ્રવૃત્તિ અને ફળની ચઉભંગીનું સ્વરૂપ ૨૩૪–૨૩૭ ૧૭૮–૧૮૪

૧ હિંસાની પ્રવૃત્તિ અને ફળની ચઉભંગી ૧૭૮
૨ હિંસ, કરતા નથી અને ફળ ભોગવે
એ પ્રથમ ભાંગે કયા જીવ? ૨૩૪ ૧૭૯–૧૮૦
તથા (અ) તેમાં ગુણઠાણા કેટલા?
(આ) તેમાં નય કેટલા?
(ઇ) ,, તત્ત્વ ,,?
(ઈ) ,, ચાર નિક્ષેપા કઈ રીતે?
૩. હિંસા કરે અને ફળ ન ભોગવે
એ બીજે ભાંગે કયા જીવ? ૨૩૫ ૧૮૦–૧૮૧
તથા (અ) તેમાં ગુણઠાણા કેટલા?
(આ) તેમાં તત્ત્વ ,,

(इ) ,, नय ,,
(ई) ,, चार निक्षेपा कई रीते ?
૪ હિંસા કરે છે અને ફળ પણ ભોગવે છે ૨૩૬ ૧૮૧–૧૮૨
એ ત્રીજે ભાંગે કયા જીવ ?
તથા (अ) તેમાં ગુણઠાણા કેટલા ?
(आ) તેમાં તત્ત્વ ,,
(इ) ,, નય ,,
(ई) ,, ચાર નિક્ષેપા કયી રીતે ?
૫ હિંસા કરતા નથી, ફળ પણ ભોગવતા નથી
એ ભાંગે કયા જીવ ? ૨૩૭ ૧૮૨–૧૮૪
(अ) તેમાં ગુણઠાણા કેટલા ?
(आ) ,, તત્ત્વ ,,
(इ) ,, નય ,,
(ई) ,, ચાર ચાર નિક્ષેપા કઈ રીતે ?

૬ અંતરથી બહારથી સાધુપણાની ચઉભંગીનું સ્વરૂપ ૨૩૮–૨૪૧ ૧૮૪–૧૯૨

૧ સાધુપણાની ચઉભંગીનું સામાન્ય સ્વરૂપ ૧૮૪
૨ ઉપરથી સાધુપણા સહિત
અંતરથી સાધુપણા રહિત ૨૩૮ ૧૮૫–૧૮૬
એ ભાંગે જીવ કયા ?
(अ) તેમાં ગુણઠાણા કેટલા ?
(आ) ,, નય ,,
(इ) ,, તત્ત્વ ,,
(ई) ,, ચાર નિક્ષેપા કઈ રીતે ?
૩ અંતરથી સાધુપણા સહિત ઉપરથી
સાધુપણા રહિત ૨૩૯ ૧૮૭

એ ભાંગે જીવ કયા ?
(ज्ञ) તેમાં ગુણકાણા કેટલા ?
(आ) ,, નય ,,
(इ) ,, તત્ત્વ ,,
(ई) ચાર નિક્ષેપા કઈ રીતે ?
૪ ઉપરથી સાધુપણા રહિત અંતરથી સાધુપણા રહિત
આ ભાંગે જીવ કયા ? ૨૪૦ ૧૮૮-૧૮૯
(अ) તેમાં ગુણઠાણા કેટલા ?
(आ) ,, નય ,,
(इ) ,, તત્ત્વ ,,
(ई) ,, ચાર નિક્ષેપા કઈ રીતે ?
૧ ઉપરથી સાધુપણા સહિત અંતરથી
સાધુપણા સહિત
આ ભાંગે જીવ કયા ? ૨૪૧ ૧૮૯-૧૯૨
(અ) તેમાં ગુણઠાણા કેટલા ?
(આ) તેમાં નય કેટલા ?
(इ) તેમાં તત્ત્વ કેટલા ?
(ई) તેમાં ચાર નિક્ષેપા કઈ રીતે ?

૧૧ ષડ્દ્રવ્ય અને નવતત્ત્વની દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ચઉભંગીઓ ૨૪૨-૨૯૩ ૧૯૪થી૧૯૭

૧ જીવ દ્રવ્યમાં દ્રવ્યાદિની ચઉભંગી ૨૪૨થી૨૪૫ ૧૯૨
૨ ધર્માસ્તિકાયમાં ,, ,, ૨૪૬થી૨૪૯ ૧૯૩
૩ અધર્માસ્તિકાયમાં ,, ,, ૨૫૦થી૨૫૩ ૧૯૩
૪ આકાશાસ્તિકાયમાં ,, ,, ૨૫૪થી૨૫૭ ૧૯૩-૧૯૪
૫ કાલ દ્રવ્યમાં ,, ,, ૨૫૮થી૨૬૧ ૧૯૪

૬ પુદ્ગલ દ્રવ્યમાં	,, ,,	૨૬૨થી૨૬૫	૧૯૪–૧૯૫
૭ પુણ્ય તત્ત્વમાં	,, ,,	૨૬૬થી૨૬૯	૧૯૫
૮ પાપતત્ત્વમાં	,, ,,	૨૭૦થી૨૭૩	૧૯૫–૧૯૬
૯ આશ્રવ તત્ત્વમાં	,, ,,	૨૪૪થી૨૭૭	૧૯૬
૧૦ સંવર ,,	,, ,,	૨૭૮થી૨૮૧	૧૯૬
૧૧ નિર્જરા ,,	,, ,,	૨૮૨થી૨૮૫	૧૯૭
૧૨ બંધ ,,	,, ,,	૨૮૬થી૨૮૯	૧૯૭
૧૩ મોક્ષ ,,	,, ,,	૨૯૦થી૨૯૩	૧૯૭
૧૪ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં સૂક્ષ્મ સૂક્ષ્મનર કોણ ?		૨૯૪	૧૯૭

૧૨ ષડ્દ્રવ્ય-નવતત્ત્વમાં નામાદિ ચાર નિક્ષેપાઓ ૨૯૫–૩૧૩ ૧૯૮–૨૦૯

૧ નામાદિ ચાર નિક્ષેપાનું મહત્ત્વ		૧૯૮–૧૯૯
૨ જીવ તત્ત્વના ચાર નિક્ષેપા	૨૯૬	૧૯૯
૩ ધર્માસ્તિકાયના ચાર નિક્ષેપા	૨૯૬	૨૦૦
૪ અધર્માસ્તિકાયના ,, ,,	૨૯૭	૨૦૦
૫ આકાશાસ્તિકાયના ,, ,,	૨૯૮	૨૦૦
૬ કાળદ્રવ્યના ,, ,,	૨૯૯	૨૦૧
૭ પુદ્ગલાસ્તિકાયના ,, ,,	૩૦૦	૨૦૧
૮ પુણ્ય તત્ત્વના ,, ,,	૩૦૧	૨૦૧–૨૦૨
૯ પુણ્ય તત્ત્વના બીજી રીતે ચાર નિક્ષેપા	૩૦૨	૨૦૨
૧૦ ,, ,, ત્રીજી રીતે ,, ,,	૩૦૩	૨૦૨–૨૦૩
૧૧ પાપ તત્ત્વના ચાર નિક્ષેપા	૩૦૪	૨૦૩–૨૦૪
૧૨ ,, ,, બીજી રીતે ચાર નિક્ષેપા	૩૦૫	૨૦૪
૧૩ ,, ,, ત્રીજી રીતે ,, ,,	૩૦૬	૨૦૪–૨૦૫

૧૪ આશ્રવ	,,	,,	૩૦૭	૨૦૫
૧૫ સંવર	,,	,,	૩૦૮	૨૦૫–૨૦૬
૧૬ ,, ,, બીજી રીતે	,,	,,	૩૦૯	૨૦૬–૨૦૭
૧૭ નિર્જરા	,,	,,	૩૧૦	૨૦૭
૧૮ બંધ	,,	,,	૩૧૧	૨૦૮
૧૯ ,, બીજી રીતે	,,	,,	૩૧૨	૨૦૮–૨૦૯
૨૦ મોક્ષ	,,	,,	૩૧૩	૨૦૯
૧૩ સાધુના પાંચ મહાવ્રતના ચાર નિક્ષેપા			**૩૧૪–૩૨૫**	**૨૧૦થી૨૧૮**
૧ સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતના ચાર નિક્ષેપા			૩૧૪	૨૧૦
૨ સર્વથા પ્રાણાતિપાત બીજી રીતે ચાર નિક્ષેપા			૩૧૫	૨૧૦–૨૧૧
૩ મૃષાવાદ વિરમણ મહાવ્રતના ચાર નિક્ષેપા			૩૧૬	૨૧૧
૪ સર્વથા મૃષાવાદ વિરમણ બીજી રીતે ચાર નિક્ષેપા			૩૧૭	૨૧૧–૨૧૨
૫ સર્વથા અદત્તાદાન વિરમણ મહાવતના ચાર નિક્ષેપા			૩૧૮	૨૧૨–૨૧૩
૬ સર્વથા અદત્તાદાન વિરમણ બીજી રીતે ચાર નિક્ષેપા			૩૧૯	૨૧૩
૭ ચાર પ્રકારના અદત્તનું સ્વરૂપ			૩૨૦	૨૧૪
૮ સર્વથા મૈથુન વિરમણ મહાવ્રતના ચાર નિક્ષેપા			૩૨૦	૨૧૫

૯	સર્વથા મૈથુન વિરમણ બીજી રીતે ચાર નિક્ષેપા	૩૨૨	૨૧૫–૨૧૬
૧૦	દ્રવ્યાદિ ભેદે મૈથુનના ચાર પ્રકાર	૩૨૩	૨૧૬–૨૧૭
૧૧	સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રતના ચાર નિક્ષેપા	૩૨૪	૨૧૭
૧૨	સર્વથા પરિગ્રહ વિરમણ બીજી રીતે ચાર નિક્ષેપા	૩૨૫	૨૧૭–૨૧૮
	૧૪ શ્રાવકના બાર વ્રતોના ચાર નિક્ષેપા	**૩૨૬–૩૩૩**	**૨૧૯–૨૨૪**
૧	દિશા પરિમાણ વ્રતના ચાર નિક્ષેપા	૩૨૬	૨૧૯
૨	ભોગોપભોગ પરિમાણ વ્રતના ચાર નિક્ષેપા	૩૨૭	૨૧૯–૨૨૦
૩	અનર્થદંડ વિરમણ વ્રતના ચાર નિક્ષેપા	૩૨૮	૨૨૦–૨૨૧
૪	સામાયિક વ્રતના ચાર નિક્ષેપા	૩૨૯	૨૨૧
૫	„ „ બીજી રીતે ચાર નિક્ષેપા	૩૩૦	૨૨૧–૨૨૨
૬	દેશાવગાશિક વ્રતના ચાર નિક્ષેપા	૩૩૧	૨૨૨
૭	પૌષધોપવાસ વ્રતના ચાર નિક્ષેપા	૩૩૨	૨૨૩
૮	અતિથિસંવિભાગ વ્રતના ચાર નિક્ષેપા	૩૩૩	૨૨૩–૨૨૪
	૧૫ કષાયના ચાર નિક્ષેપા	**૩૩૪–૩૩૭**	**૨૨૪–૨૨૬**
૧	ક્રોધના ચાર નિક્ષેપા	૩૩૪	૨૨૪–૨૨૫

૨ માનના ,, ,,		૩૩૫	૨૨૫
૩ માયાના ,, ,,		૩૩૬	૨૨૫–૨૨૬
૪ લોભના ,, ,,		૩૩૭	૨૨૬
૧૬ છૂટક મહત્ત્વના પદાર્થોના ચાર નિક્ષેપા		**૩૩૮–૩૪૬**	**૨૨૭–૨૩૩**
૧ દાનના ચાર નિક્ષેપા		૩૩૮	૨૨૭
૨ ,, ,, ,,		૩૩૯	૨૨૭
૩ લાભના ,, ,,		૩૪૦	૨૨૮
૪ ,, ,, ,,		૩૪૧	૨૨૮
૫ ભાવના ,, ,,		[illegible]	૨૨૯
૬ રૂપના ,, ,,		[illegible]	૨૩૦
૭ ,, ,, ,,		[illegible]	૨૩૦
૮ અનુભાવના ,,		[illegible]	૨૩૧
૯ પુરુષના ,, ,,		[illegible]	૨૩૨
૧૦ ,, ,, ,,		[illegible]	૨૩૨
૧૧ સ્ત્રીના ,, ,,		૩૪૮	૨૩૩
૧૨ ,, ,, ,,		૩૪૯	૨૩૩
૧૭ ષડ્દ્રવ્ય નવતત્ત્વની સાદિ અનંત વિગેરે ચઉભંગી		**૩૫૦–૩૬૨**	**૨૩૩–૨૪૨**
૧ આદિ અનંત આદિ ચઉભંગીનું સ્વરૂપ		૩૫૦	૨૩૩–૨૩૪
૨ જીવદ્રવ્યનીસાદિ અનંતાદિ ચઉભંગી		૩૫૧	૨૩૪–૨૩૫

૩	ધર્મા૦અધર્મા૦કાયની	,,	,,	૩૫૨	૨૩૫
૪	આકાશાસ્તિકાયની	,,	,,	૩૫૩	૨૩૬
૫	પુદ્ગલાસ્તિકાયની	,,	,,	૩૫૪	૨૩૬–૨૩૭
૬	કાળ દ્રવ્યની	,,	,,	૩૫૫	૨૩૭
૭	પુણ્ય તત્ત્વની	,,	,,	૩૫૬	૨૩૮
૮	પાપ તત્ત્વની	,,	,,	૩૫૭	૨૩૮–૨૩૯
૯	આશ્રવ તત્ત્વની સા.અનંત આદિ ચઉભંગી			૩૫૮	૨૩૯–૨૪૦
૧૦	સંવર	,,	,, ,, ,,	૩૫૯	૨૪૦
૧૧	નિર્જરા	,,	,, ,, ,,	૩૬૦	૨૪૦–૨૪૧
૧૨	બંધ	,,	,, ,, ,,	૩૬૧	૨૪૧–૨૪૨
૧૩	મોક્ષ	,,	,, ,, ,,	૩૬૨	૨૪૨
	૧૪ મહત્ત્વના કેટલાક પદાર્થોની સાદિ અનંત આદિ ચઉભંગી			૩૬૩–૩૬૭	૨૪૩–૨૪૬
૧	નિગોદ જીવના સાદિઅનંત આદિ ચઉભંગી			૩૬૩	૨૪૩
૨	દેવલોકના	,,	,, ,, ,,	૩૬૪	૨૪૪
૩	શાશ્વત-અશાશ્વત વસ્તુઓને		,,	૩૬૫	૨૪૪
૪	ષડ્દ્રવ્યના પરસ્પર સંબંધ આશ્રયી		,,	૩૬૬	૨૪૪–૨૪૫
૫	જીવ-પુદ્ગલના સંબંધ આશ્રયી..		,,	૩૬૭	૨૪૬
	૧૯ પાંચ સમવાયનું વિગતવાર સ્વરૂપ			૩૬૮–૩૭૯	૨૪૬–૨૫૦
	૨૦ ષટ્કારકનું સ્વરૂપ			૩૮૦	૨૫૦–૨૫૧
	૨૧ મોક્ષ પ્રાપ્તિમાં છ કારકની સંગતિ			૩૮૧	૨૫૧

૨૨ નવ નિયાણનું સ્વરૂપ ૩૮૨ ૨૫૨-૨૫૩

૨૩ શ્રી સિદ્ધચક્રના સ્વરૂપનું તાત્ત્વિક વર્ણન ૩૮૩-૪૦૯ ૨૫૪-૨૭૫

૧ શ્રી સિદ્ધચક્રયંત્રમાં નય, નિક્ષેપ, પ્રમાણ આદિ દશ દ્વારોની માહીતી ૩૮૩ ૨૫૪

૨ શ્રી સિદ્ધચક્ર યંત્રમાં સાત નય ૩૮૪ ૨૫૫

૩ શ્રી ,, ,, ચાર નિક્ષેપા ૩૮૫-૩૯૩ ૨૫૬-૨૬૩

(અ) શ્રી અરિહંતના ચાર નિક્ષેપા ૩૮૫ ૨૫૬

(આ) શ્રી સિદ્ધના ,, ,, ૩૮૬ ૨૫૭

(ઇ) શ્રી ,, બીજીરીને ,, ૩૮૭ ૨૫૩

(ઈ) શ્રી ઉપાધ્યાયના ,, ,, ૩૮૮ ૨૫૮

(ઉ) શ્રી સાધુના ,, ,, ૩૮૯ ૨૫૯

(ઉ) શ્રી દર્શનના ,, ,, ૩૯૦ ૨૫૯-૨૬૦

(ઋ) શ્રી જ્ઞાનના ,, ,, ૩૯૧ ૨૬૧

(ઋ) શ્રી ચારિત્રના ,, ,, ૩૯૨ ૨૬૧-૨૬૨

(ઋ) શ્રી તપના ,, ,, ૩૯૩ ૨૬૨-૨૬૩

૪ શ્રી સિદ્ધચક્ર યંત્રમાં પ્રત્યક્ષાદિ પ્રમાણો ૩૯૪ ૨૬૩-૨૬૫

૫ શ્રી સિદ્ધચક્ર યંત્રમાં દ્રવ્યાદિ ચઉભંગી ૩૯૫-૪૦૩ ૨૬૫-૨૭૦

(ક) શ્રી અરિહંતમાં ચઉભંગી ૩૯૫ ૨૬૫-૨૬૬

(ખ) શ્રી સિદ્ધમાં ,, ૩૯૬ ૨૬૬

(ગ) શ્રી આચાર્યમાં ,, ૩૯૭ ૨૬૭

(ઘ) ઉપાધ્યાયમાં ,, ૩૯૮ ૨૬૮

(ઙ) શ્રી સાધુમાં	,,	૩૯૯	૨૬૮
(ચ) શ્રી દર્શનમાં	,,	૪૦૦	૨૬૮
(છ) શ્રી જ્ઞાનમાં	,,	૪૦૧	૨૬૯
(જ) શ્રી ચારિત્રમાં	,,	૪૦૨	૨૬૯
(ઝ) શ્રી તપમાં	,,	૪૦૩	૨૭૦
૬ શ્રી સિદ્ધચક્ર યંત્રમાં ગુણઠાણા વિચાર		૪૦૪	૨૭૦–૨૭૧
૭ શ્રી ,, ,, ગુણવિચાર		૪૦૫	૨૭૧–૨૭૨
૮ શ્રી ,, ,, નવતત્ત્વ વિચાર		૪૦૬	૨૭૨–૨૭૧
૯ શ્રી ,, ,, ગુણી–ગુણવિચાર		૪૦૭	૨૭૩
૧૦ શ્રી ,, ,, પંચવર્ણ વિચાર		૪૦૮	૨૭૪
(૨૪ તીર્થંકરો પાંચપદમાં જણાવ્યા છે)			
૧૧ શ્રી સિદ્ધચક્ર યંત્રમાં દેવ–ગુરૂ–ધર્મ વિચાર		૪૦૯	૨૭૫

૨૪ નિશ્ચય-વ્યવહાર નયનું વિસ્તારવાર વર્ણન ૪૧૦–૪૨૪ ૨૭૫–૨૮૯

૧	નયજ્ઞાનની આવશ્યકતા	૪૧૦	૨૭૫–૨૭૬
૨	નયના મૂળભેદ એ ઉત્તરભેદ જ્ઞાત	૪૧૧	૨૭૬
૩	સિદ્ધમાં નય છે?	૪૧૨	૨૭૭
૪	દ્રવ્યનયનું ભાવનયનું સ્વરૂપ	૪૧૩	૨૭૭
૫	નયની માર્મિક વિગત	૪૧૪	૨૭૭–૨૭૮
૬	૨૮ ઉપનયનું સ્વરૂપ	૪૧૫	૨૭૮–૨૮૦
૭	નિશ્ચય–વ્યવહાર નયનું મહત્ત્વ	૪૧૬	૨૮૦
૮	વ્યવહાર નયના છ ભેદોનું સ્વરૂપ	૪૧૭–૪૨૩	૨૮૧–૨૮૮

૯ શુદ્ધ નિશ્ચયનયનું સ્વરૂપ ૪૨૪ ૨૮૮–૨૮૯

૨૫ સાતનયથી દ્રવ્ય ભાવનું
સ્વરૂપ ૪૨૫–૪૨૬ ૨૮૯–૨૯૨

૨૬ નિશ્ચય વ્યવહારથી નવ
તત્ત્વનું સ્વરૂપ ૪૨૭–૪૨૯ ૨૯૩–૨૯૩

૨૭ નિશ્ચય–વ્યવહારથી ષડ્દ્રવ્યનું
સ્વરૂપ ૪૩૨ ૨૯૩–૨૯૪

૨૮ જિનદાસશેઠ અને શ્રાવક પુત્રની અતિ ગંભીર
તાત્ત્વિક પ્રશ્નોત્તરી ૪૩૨–૪૬૦ ૨૯૫–૩૪૭

૧ ષડ્ દ્રવ્યની નયસાપેક્ષ વ્યાખ્યા ૪૩૨–૪૫૮ ૨૯૫–૩૦૬

(ક) ધર્માસ્તિકાયની નૈગમાદિ ૪ નયથી વ્યાખ્યા
૪૩૨–૪૩૫ ૨૯૫–૨૯૬

(ખ) અધર્માસ્તિકાયની ,, ,, ,, ૪૩૬–૪૩૯ ૨૯૬–૨૯૭

(ગ) આકાશાસ્તિકાયની ,, ,, ,, ૪૪૦–૪૪૩ ૨૯૭–૨૯૮

(ઘ) કાળ દ્રવ્યની ,, ,, ,, ૪૪૪–૪૪૭ ૨૯૮–૨૯૯

(ક) પુદ્ગલાસ્તિકાયની ,, ,, ,, ૪૪૮–૪૫૧ ૨૯૯–૩૦૧

(ચ) જીવદ્રવ્યની સાત નયથી વ્યાખ્યા ૪૪૨–૪૫૮ ૨૦૧–૩૦૬

૨ નવતત્ત્વની નયસાપેક્ષ વ્યાખ્યા ૪૫૯–૪૬૩ ૩૦૬–૩૧૦

(અ) જીવ–અજીવની ૭ નયથી વ્યાખ્યા
(સંક્ષિપ્ત) ૪૫૯ ૩૦૬

(આ) પુણ્ય તત્ત્વની ,, ,, ૪૬૦ ૩૦૭

(ઇ) પાપ ,, ,, ,, ૪૬૧ ૩૦૭–૩૦૮

(ઈ) સંવર-નિર્જરાની ,, ,, ૪૬૨ ૩૦૮–૩૦૯

	(૩) મોક્ષ તત્ત્વની ,, ,,	૪૬૩	૩૦૯–૩૧૦
૩	નવતત્ત્વની પ્રકારાન્તરે નયસાપેક્ષ વ્યાખ્યા	૪૬૪	૩૧૦–૩૧૧
૪	દેવમાં સાત નયની ઘટના	૪૬૫	૩૧૧–૩૧૨
૫	નારકીમાં ,, ,, ,,	૪૬૬	૩૧૩
૬	રાજામાં ,, ,, ,,	૪૬૭	૩૧૪
૭	મનુષ્યમાં ,, ,, ,,	૪૬૮	૩૧૫–૩૧૬
૮	સામાયિકમાં ,, ,,	૪૬૯–૪૭૪	૩૧૬–૩૧૭
૯	એક (આકાશ) પ્રદેશમાં ષડ્દ્રવ્ય અને ૭ નય	૪૭૫	૩૧૮–૩૧૯
૧૦	તમે કયાં રહો છો ? એ પ્રશ્નના નૈગમનયથી ભિન્ન ભિન્ન જવાબો	૪૭૬	૩૨૦–૩૨૧
૧૧	સાત નયોથી જીવનું સ્વરુપ	૪૭૭	૩૨૧–૩૨૨
૧૨	,, ,, જ્ઞાનનું સ્વરુપ	૪૭૮	૩૨૩–૩૨૪
૧૩	,, ,, સાધર્મિકનું ,,	૪૭૯	૩૨૪–૩૨૫
૧૪	,, ,, ધર્મનું ,,	૪૮૦	૩૨૫–૩૨૬
૧૫	,, ,, સિદ્ધોનું ,,	૪૮૧	૩૨૭–૩૨૮
૧૬	,, ,, નવતત્ત્વનું સ્વરુપ	૪૮૨	૩૨૮–૩૨૯
૧૭	,, ,, ,, બીજી રીતે વર્ણન	૪૮૩	૩૩૦–૩૩૩
૧૮	**પ્રસ્થ** (પ્યાલા) ઉપર ઉત્સર્ગ–અપવાદ નયનું સ્વરૂપ	૪૮૪	૩૩૩–૩૩૫
૧૯	દહેરાસર ,, ,, ,, ,,	૪૮૫	૩૩૫–૩૩૭
૨૦	ઘડા ,, ,, ,, ,,	૪૮૬	૩૩૭–૩૩૯
૨૧	ઘર ,, ,, ,, ,,	૪૮૭	૩૩૯–૩૪૧
૨૨	રાજ્ય ,, ,, ,, ,,	૪૮૮	૩૪૧–૩૪૩

૨૩ જાણપણું વધારવા બાણના દૃષ્ટાંતે ૪૮૯ ૩૪૩–૩૪૬
સાત નયનું સ્વરૂપ
૨૪ ' જહા મતિ તહા ગતિ ' નું સાત નયથી વર્ણન ૪૯૦ ૩૪૬–૩૭૪

૨૯ અઠ્ઠાવીશ ઉપનયનું સ્વરૂપ (વિસ્તારથી)
૪૯૧-૪૯૯ ૩૪૮–૩૫૫

(અ) દ્રવ્યાસ્તિક નયના ૧૦ ભેદનું વર્ણન ૪૯૧ ૩૪૮/૩૪૯
(આ) પર્યાયાસ્તિક નયના ૬ ભેદનું વર્ણન ૪૯૨ ૩૪૯–૩૫૦
(ઇ) નૈગમ નયનું સ્વરૂપ અને તેના ૩ ભેદ ૪૯૩ ૩૫૦–૩૫૧
(ઈ) સંગ્રહ ,, ,, ,, ,, ૨ ભેદ ૪૯૪ ૩૫૧–૩૫૨
(ઉ) વ્યવહાર ,, ,, ,, ,, ૨ ,, ૪૯૫ ૩૫૨–૩૫૩
(ઊ) ઋજુસૂત્ર ,, ,, ,, ,, ૨ ,, ૪૯૬ ૩૫૩
(ઋ) શબ્દ ,, ,, ,, ,, ચાર ,, ૪૯૭ ૩૫૩–૩૫૪
(ૠ) સમભિરૂઢ ,, ,, ,, ,, એક ,, ૪૯૮ ૩૫૪–૩૫૫
(ઌ) એવંભુત ,, ,, ,, ,, ,, ,, ૪૯૯ ૩૫૫

૩૦ સાત નયના પ્રકારાન્તરે થતા બાવન ૫૦૦ ૩૫૫
અને ૭૦૦ ભેદોની ભલામણ

૩૧ નય-નયાભાસ અને સ્યાદ્વાદની સ્યાદ્વાદ
રત્નાકર આધારે વ્યાખ્યા ૫૦૦ ૩૫૬

૩૨ સ્યાદ્વાદ દૃષ્ટિએ નિત્યાનિત્યાદિ આઠ પક્ષની
વિવક્ષાએ જીવનું સ્વરૂપ ૫૦૧ ૩૫૭–૩૬૦

૩૩ સમકિતના નવ પ્રકારનું સ્વરૂપ
૫૦૨–૫૦૭ ૩૬૧–૩૬૭

૧	સમકિતના નવ પ્રકાર	૫૦૨	૩૬૧
૨	દ્રવ્યસમકિતનું સ્વરૂપ	૫૦૩	૩૬૧
૩	ભાવ ,, ,,	૫૦૩	૩૬૨
૪	વ્યવહાર ,, ,,	૫૦૪	૩૬૩
૫	નિશ્ચય ,, ,,	૫૦૪	૩૬૩–૩૬૪
૬	નિસર્ગ સમકિતનું સ્વરૂપ	૫૦૫	૩૬૪
૭	ઉપદેશ ,, ,,	૫૦૬	૩૬૫
૮	રોચક ,, ,,	૫૦૭	૩૬૬
૯	કારક ,, ,,	૫૦૮	૩૬૭
૧૦	દીપક ,, ,,	૫૦૯	૩૬૮

૩૪ નય નિક્ષેપ ગર્ભિત તાત્ત્વિક દશ પ્રશ્નો અને તેના ખુલાસા ૫૦૮–૫૧૪ ૩૬૭–૩૭૬

૧	તાત્ત્વિક દશ પ્રશ્નો	૫૦૮	૩૬૭–૩૬૮
૨	જીવ કર્મનો કર્તા અને ભોક્તા છે તેમાં ૭ નયની વિચારણા	૫૦૯	૩૬૮–૩૭૦
૩	જીવ સ્વરૂપનો કર્તા છે તેમાં કેટલા નય?	૫૧૦	૩૭૦–૩૭૧
૪	જીવ સ્વરૂપનો ભોક્તા છે તેમાં કેટલા નય?	૫૧૧	૩૭૧–૩૭૩
૫	જીવ કર્મનો અકર્તા કયા નયે?	૫૧૨	૩૭૩–૩૭૪
	,, ,, અભોક્તા ,, ,,		
	,, સ્વરૂપનો અકર્તા ,, ,,		
	,, ,, અભોક્તા ,, ,,		

૬ ઉત્સર્ગ-અપવાદે કયા નયમાં કેટલા નિક્ષેપા ? ૫૧૩ ૩૭૪–૩૭૮
૭ નયમાં ઉત્સર્ગ-અપવાદે ત્રણ નિક્ષેપાવાળા કયા? ૫૧૪ ૩૭૮–૩૭૯
સમ્યક્ત્વની મહત્તા, સમ્યક્ત્વ શી રીતે આવે ? ૫૧૫ ૩૭૯–૩૮૨

૩૫ ષડ્દ્રવ્યનું ભિન્ન ભિન્ન રીતે તાત્ત્વિક વર્ણન ૫૧૬–૫૩૪ ૩૮૨–૪૧૫

૧ ષડ્દ્રવ્યના નય સાપેક્ષ જ્ઞાનથી થતા નિશ્ચય જ્ઞાનની વ્યાખ્યા ૫૧૬ ૩૮૨
૨ ષડ્દ્રવ્યના નામ ૫૧૬ ૩૮૩
૩ ષડ્દ્રવ્યના ૨૪ ગુણ ,, ૩૮૩–૩૮૪
૪ ,, ,, પર્યાય ,, ૩૮૪
૫ ષડ્દ્રવ્યનું ગુણ પર્યાયે પરસ્પર સામર્થ્ય ,, ૩૮૫–૩૮૬
૬ ષડ્દ્રવ્યમાં પરિણામી કેટલા ? અપરિણામી કેટલા ? ૫૧૭ ૩૮૬ ૩૮૯
૭ ,, જીવ કેટલા ? અજીવ કેટલા ? ૫૧૮ ૩૮૯
૮ ,, મૂર્ત કેટલા ? અમૂર્ત કેટલા ? ૫૧૯ ૩૮૯–૩૯૦
૯ ,, સપ્રદેશી કેટલા ? અપ્રદેશી કેટલા ? ૫૨૦ ૩૯૦–૩૯૧
૧૦ ,, એક ,, અનેક ,, ૫૨૧ ૩૯૧–૩૯૨
૧૧ ષડ્દ્રવ્ય ક્ષેત્ર કેટલા ? ક્ષેત્રી કેટલા ? ૫૨૨ ૩૯૨–૩૯૭
(અ) નિગોદનું સ્વરૂપ ૩૯૨–૩૯૩
(આ) જીવ સહિત સ્કંધનું સ્વરૂપ ૩૯૪–૩૯૫
(ઇ) વર્ગણા વિચારણા ૩૯૫–૩૯૬
૧૨ ષડ્દ્રવ્યમાં સક્રિય કેટલા ? અક્રિય કેટલા ? ૫૨૩ ૩૯૭–૩૯૯

૧૩ ,, નિત્ય ,, અનિત્ય ,, ? ૫૨૪ ૩૯૯-૪૦૨
૧૪ ,, કારણ ,, અકારણ ,, ? ૫૨૫ ૪૦૨-૪૦૩
૧૫ ,, કર્તા ,, અકર્તા ,, ? ૫૨૬ ૪૦૩-૪૦૫
૧૬ ,, સર્વવ્યાપી ,, દેશવ્યાપી ,, ? ૫૨૭ ૪૦૬
૧૭ ,, અપ્રવેશીનું સ્વરૂપ ૫૨૮ ૪૦૬-૪૦૭
૧૮ ,, એકાનેકાદિ આઠ પક્ષના નામ ૫૨૯ ૪૦૭
૧૯ ,, એક-અનેક પક્ષનું સ્વરૂપ ૫૩૦ ૪૦૭-૨૦૯
૨૦ સર્વ જીવ સરખા તો અભવ્ય મોક્ષે કેમ ન જાય? ૫૩૧ ૪૦૯-૪૧૦
૨૧ પડ્દ્રવ્યમાં નિત્ય-અનિત્ય પક્ષનું સ્વરૂપ ૫૩૨ ૪૧૦-૪૧૧
૨૨ ,, સત્-અસત્ ,, ,, ૫૩૩ ૪૧૧-૪૧૩
૨૩ ,, વક્તવ્ય-અવ્યક્તવ્ય ,, ,, ૫૩૪ ૪૧૩-૪૧૪
૨૪ ઉપસંહાર રૂપે પડ્દ્રવ્યના તાત્ત્વિક જ્ઞાનની મહત્તા ૪૧૪-૪૧૫

૩૬ સમ્યક્ત્વના અંગભૂત તાત્ત્વિક રૂચિના દશ ભેદ ૫૩૫-૫૪૪ ૪૧૫-૪૧૯

(અ) નિસર્ગ રૂચિ સ્વરૂપ ૫૩૫ ૪૧૬
(આ) ઉપદેશ ,, ,, ૫૩૬ ૪૧૬
(ઇ) આજ્ઞા ,, ,, ૫૩૭ ૪૧૬
(ઈ) સૂત્ર ,, ,, ૫૩૮ ૪૧૭
(ઉ) શ્રદ્ધા ,, ,, ૫૩૯ ૪૧૭
(ઊ) અભિગમ ,, ,, ૫૪૦ ૪૧૭
(ઋ) વિસ્તાર ,, ,, ૫૪૧ ૪૧૭-૪૧૮
(ૠ) ક્રિયા ,, ,, ૫૪૨ ૪૧૮-૪૧૯

(ઙ) સંક્ષેપ ,, ,, ૫૪૩ ૪૧૯
(ઞ) ધર્મ ,, ,, ૫૪૪ ૪૧૯

૩૭ પ્રકારાંતરે ષડ્દ્રવ્યનું તાત્ત્વિક વર્ણન ૫૪૫થીપ૭૬ ૪૨૦થી૪૩૪

૧ ષડ્દ્રવ્યમાં છ સામાન્ય ગુણ સ્વરૂપ ૫૪૫થીપ૫૦ ૪૨૦થી૪૩૪
(ક) ષડ્દ્રવ્યમાં અસ્તિત્વ ધર્મ વર્ણન ૫૪૫ ૪૨૦
(ખ) ,, વાસ્તુત્વ ,, ,, ૫૪૬ ૪૨૦-૪૨૧
(ગ) ,, દ્રવ્યત્વ ,, ,, ૫૪૭ ૪૨૧-૪૨૨
(ઘ) ,, પ્રમેયત્વ ,, ,, ૫૪૮ ૪૨૨-૪૨૫
પ્રાસંગિક નિગોદનું સ્વરૂપ ૪૨૫-૪૨૯
(જ) ષડ્દ્રવ્યમાં સત્ત્વ ધર્મ વર્ણન ૫૪૯ ૪૩૦-૪૩૩
(ઝ) ,, અગુરૂલઘુ ધર્મ વર્ણન ૫૫૦ ૪૩૩-૪૩૪
,, ગુણની ભાવના ૪૩૪
,, ના તાત્ત્વિક સ્વરૂપનો ઉપસંહાર ૪૩૪-૪૩૫

૩૮ જીવનું વિશિષ્ટ સ્વરૂપ સમજવા ૫૫૧ ૪૩૫-૪૪૧

૭૩ વિશેષણોનું સુંદર માર્મિક વર્ણન

૩૯ પ્રકારાન્તરે ષડ્દ્રવ્યનું તાત્ત્વિક વર્ણન ૫૫૧થીપ૬૫ ૪૪૨થી૪૫૧

(અ) ષડ્દ્રવ્યમાં ૧૧ સામાન્ય સ્વભાવના નામો ૫૫૧ ૪૪૨

ષડ્દ્રવ્યમાં અસ્તિસ્વ ભાવ વર્ણન	૫૫૨	૪૪૨
,, નાસ્તિ ,, ,,	૫૫૩	૪૪૨
,, નિત્ય ,, ,,	૫૫૪	૪૪૨
,, અનિત્ય ,, ,,	૫૫૫	૪૪૨
,, એક ,, ,,	૫૫૬	૪૪૩
,, અનેક ,, ,,	૫૫૭	૪૪૩–૪૪૪
,, ભેદ ,, ,,	૫૫૮	૪૪૪
,, અભેદ ,, ,,	૫૫૯	૪૪૫
,, ભવ્ય ,, ,,	૫૬૦	૪૪૫
,, અભવ્ય ,, ,,	૫૬૦	૪૪૬
ભવ્ય જીવમાં નિશ્ચય વ્યવહારથી		
ભવ્ય-અભવ્ય સ્વભાવ વર્ણન	૫૬૧	૪૪૬
બીજી રીતે જીવમાં નિશ્ચય વ્યવહારથી		
ભવ્ય-અભવ્ય ,, ,,	૫૬૨	૪૪૭
પુદ્ગલ દ્રવ્યમાં ભવ્ય-અભવ્ય		
સ્વભાવ વર્ણન	૫૬૩	૪૪૭
ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં ભવ્ય-અભવ્ય		
સ્વભાવ વર્ણન	૫૬૪	૪૪૭
ષડ્દ્રવ્યમાં પરમ સ્વભાવ વર્ણન	૫૬૫	૪૪૭–૪૪૮
(આ) ષડ્દ્રવ્યમાં દશ વિશેષ સ્વભાવ વર્ણન	**૫૬૬થી૫૭૬**	**૪૪૮–૪૫૧**
દશ વિશેષ સ્વભાવના નામો	૫૬૬	૪૪૮
૧ ચેતન સ્વભાવ વર્ણન	૫૬૭	૪૪૯

૨ અચેતન	,,	૫૬૮	૪૪૯
૩ મૂર્ત	,,	૫૬૯	૪૪૯
૪ અમૂર્ત	,,	૫૭૦	૪૪૯
૫ એક પ્રદેશ	,,	૫૭૧	૪૪૯
૬ અનેક પ્રદેશ	,,	૫૭૨	૪૫૦
૭ વિભાવ	,,	૫૭૩	૪૫૦
૮ શુદ્ધ	,,	૫૭૪	૪૫૦
૯ અશુદ્ધ	,,	૫૭૫	૪૫૧
૧૦ ઉપચરિત	,,	૫૭૬	૪૫૧

૪૦ દ્રવ્ય ભાવની ચઉભંગીએ નવતત્ત્વ-ષડ્દ્રવ્યનું વર્ણન ૫૭૭થી૫૯૪ ૪૫૨થી૪૬૪

(અ) ષડ્દ્રવ્યમાં ચઉભંગી ૫૭૭થી૫૮૭ ૪૫૨થી૪૫૭

૧ દ્રવ્યભાવની ચઉભંગી ઉપક્રમ		૫૭૭	૪૫૨
૨ અશુદ્ધ જીવદ્રવ્યની દ્રવ્ય–ભાવની ચઉભંગી		૫૭૮	૪૫૨–૪૫૩
૩ અશુભ	,, ,, ચઉભંગી	૫૭૯	૪૫૩
૪ શુભ	,, ,, ,,	૫૮૦	૪૫૩–૪૫૪
૫ શુદ્ધ	,, ,, ,,	૫૮૧	૪૫૪
૬ નિશ્ચયથી	,, ,, ,,	૫૮૨	૪૫૫
૭ ધર્માસ્તિકાયમાં	,, ,,	૫૮૩	૪૫૬
૮ અધર્માસ્તિકાયમાં	,, ,,	૫૮૪	૪૫૬
૯ અકાશાસ્તિકાયમાં	,, ,,	૫૮૫	૪૫૬
૧૦ પુદ્ગલાસ્તિકાયમાં	,, ,,	૫૮૬	૪૫૬
૧૧ કાળદ્રવ્યમાં	,, ,,	૫૮૭	૪૫૭

(આ) નવતત્ત્વમાં દ્રવ્ય ભાવની
ચઉભંગી ૫૮૮–૫૯૨ ૪૫૭–૪૬૮
૧ પુણ્યતત્ત્વમાં દ્રવ્ય-ભાવની ચઉભંગી ૫૮૮ ૪૫૮–૪૫૯
૨ પાપતત્ત્વમાં ,, ,, ૫૮૯ ૪૫૯–૪૬૧
૩ આશ્રવતત્ત્વમાં ,, ,, ૫૯૦ ૪૬૧–૪૬૨
૪ સંવર ,, ,, ,, ૫૯૧ ૪૬૨
૫ નિર્જરા ,, ,, ,, ૫૯૨ ૪૬૩
૬ બંધ ,, ,, ,, ૫૯૩ ૪૬૩
૭ મોક્ષ ,, ,, ,, ૫૯૪ ૪૬૩

૪૨ નવતત્ત્વ ષડ્દ્રવ્યમાં
કર્ત્તા–કારણ–કાર્યની
ચઉભંગી ૫૯૫–૬૧૦ ૪૬૫–૪૭૧
(અ) અશુદ્ધ જીવમાં
કર્ત્તા–કારણ–કાર્ય શું ? ૫૯૫ ૪૬૫
(આ) અશુભ જીવમાં
કર્ત્તા–કારણ–કાર્ય ,, ૫૯૬ ૪૬૬
(ઇ) શુભ જીવમાં
કર્ત્તા–કારણ ,, ,, ૫૯૭ ૪૬૬
(ઈ) શુદ્ધ જીવમાં
કર્ત્તા–કારણ ,, ,, ૫૯૮ ૪૬૬
(ઉ) નિશ્ચયનયે જીવમાં
કર્ત્તા–કારણ ,, ,, ૫૯૯ ૪૬૬–૪૬૭
(ઊ) ધર્માસ્તિકાયમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૦ ૪૬૭
(ઋ) અધર્માસ્તિકાયમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૧ ૪૬૭

(ऋ) પુદ્ગલાસ્તિકાયમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૨ ૪૬૭–૪૬૮
(ऌ) કાળદ્રવ્યમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૩ ૪૬૮
(ॡ) આકાશાસ્તિકાયમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૪ ૪૬૮
(ए) પુણ્ય તત્ત્વમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૫ ૪૬૯
(ऐ) પાપ તત્ત્વમાં
કર્ત્તા કારણ ,, ,, ૬૦૬ ૪૬૯
(ओ) આશ્રવ તત્ત્વમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૭ ૪૬૯–૪૭૦
(औ) સંવર તત્ત્વમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૮ ૪૭૦
(अं) નિર્જરા તત્ત્વમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૦૯ ૪૭૦–૪૭૧
(अः) બંધ તત્ત્વમાં
કર્ત્તા–કારણ ,, ,, ૬૧૦ ૪૭૧

૪૨ પ્રાસંગિક સમકિતની મહત્તા ૪૭૧–૪૭૨

૪૩ સિદ્ધ ભગવંતોનું

તાત્ત્વિક સ્વરૂપ ૬૧૧થી ૪૭૨થી

૧ સિદ્ધ ભગવંતના ૧૫ ભેદ ૬૧૧ ૪૭૨–૪૭૪
૨ સિદ્ધ પરમાત્માનું નામ, ક્ષેત્ર, કાળ, ભાવ, દ્રવ્ય, પર્યાયથી ઉત્પાદ અને વ્યય તથા ધ્રુવતાનું વર્ણન ૬૧૨ ૪૭૪–૪૭૬

૩	સિદ્ધ પરમાત્માનું નિત્યાદિ આઠ પક્ષનું વર્ણન	§૧૩–§૧૬	૪૭૬–૪૭૮
	,, ,, નિત્યાનિત્ય પક્ષથી વર્ણન	§૧૩	૪૭૬
	,, ,, એક અનેક ,, ,,	§૧૪	૪૭૬
	,, ,, સત્ અસત્ ,, ,,	§૧૫	૪૭૭
	,, ,, વક્તવ્ય-અવ્યક્તવ્ય ,,	§૧૬	૪૭૭–૪૭૮
૪	,, ,, સપ્તભંગીથી સ્વરુપ ,,	§૧૭	૪૭૯–૪૮૦
૫	,, ,, નિત્યાનિત્યની સપ્તભંગી ,,	§૧૮	૪૮૦–૪૮૩
૬	,, ,, એક અનેકની ,, ,,	§૧૯	૪૮૩
૭	,, ,, સત્ય અસત્યત્વની ,,	§૨૦	૪૮૩
૮	,, ,, ભવ્યત્વ અભવ્યત્વની ,,	§૨૧	૪૮૩
૯	,, ,, ગુણ પર્યાયની ,,	§૨૨	૪૮૪
૧૦	,, ,, ના જ્ઞાનગુણમાં ષટ્કારક વર્ણન ,,	§૨૩	૪૮૪
૧૧	,, ,, દર્શન ગુણમાં ,,	§૨૪	૪૮૫
૧૨	,, ,, ચારિત્ર ગુણમાં ,,	§૨૫	૪૮૫–૪૮૬
૧૩	,, ,, વીર્ય ,, ,,	§૨૬	૪૮૬
૧૪	,, ,, માં વિશિષ્ટ પંચભંગી	§૨૭	૪૮૬–૪૮૭
૧૫	,, ,, માં ચાર નિક્ષેપા	§૨૮	૪૮૭–૪૮૮
૧૬	,, ,, માં વિશિષ્ટ ત્રિભંગી	§૨૯	૪૮૮–૪૮૯
૧૭	,, ,, માં નિત્ય-અનિત્ય સ્વભાવ વર્ણન	§૩૦	૪૮૯–૪૯૦
૧૮	,, ,, માં અસ્તિ નાસ્તિપણું શી રીતે ?	§૩૧	૪૯૦
૧૯	,, ,, માં યોગી-અયોગીપણું શી રીતે ?	§૩૨	૪૯૦
૨૦	,, ,, માં કર્તા-અકર્તા ,, ,, ,,	§૩૩	૪૯૦–૪૯૧
૨૧	,, ,, માં ભવ્યત્વ-અભવ્યત્વ ,, ,,	§૩૪	૪૯૧

૨૨	,, ,, માં લાભ-અલાભ ,, ,,	૬૩૫	૪૯૧-૪૯૨
૨૩	,, ,, માં ગ્રાહકત્વ-અગ્રાહકત્વ ,, ,,	૬૩૬	૪૯૨
૨૪	,, ,, માં સ્થિરત્વ-અસ્થિરત્વ ,, ,,	૬૩૭	૪૯૨
૨૫	,, ,, માં રક્ષક-અરક્ષક ,, ,,	૬૩૮	૪૯૩
૨૬	,, ,, માં ચલિત-અચલિત સ્વભાવ ,,	૬૩૯	૪૯૩
૨૭	,, ,, માં રમણિક-અરમણિક ,, ,,	૬૪૦	૪૯૩
૨૮	,, ,, માં વ્યાપક-અવ્યાપક ,, ,,	૬૪૧	૪૯૪
૨૯	,, ,, માં ૧૦ અન્વયી ગુણો	૬૪૨	૪૯૪
૩૦	સિદ્ધ પરમાત્મામાં એકત્રીસ વ્યતિરેકી ગુણો	૬૪૩	૪૯૫-૪૯૬
૩૧	સિદ્ધ પરમાત્મામાં અન્વયી વ્યતિરેકી ૭૮ ગુણો	૬૪૪	૪૯૬-૫૦૦
૩૨	સિદ્ધ પરમાત્મામાં દાનાદિ પાંચ લબ્ધિઓનું સ્વરૂપ	૬૪૫	૫૦૦-૫૦૧
૩૩	સિદ્ધનું સુખ કોણ મેળવી શકે ?	૬૪૬	૫૦૧-૫૦૨
	૪૪ નિશ્ચય સમ્યગ્જ્ઞાનીનું સ્વરૂપ	**૬૪૭**	**૫૦૨-૫૧૧**
૧	(અ) પાંચ જ્ઞાનનું રૂપી-અરૂપી સ્વરૂપ	૬૪૮	૫૦૫
	(આ) પાંચ જ્ઞાનનું નિશ્ચય-વ્યવહાર સ્વરૂપ	,,	૫૦૬
	(ઇ) ષડ્દ્રવ્યનું રૂપી-અરૂપી સ્વરૂપ	,,	,,
	(ઈ) ષડ્દ્રવ્યનું નિશ્ચય-વ્યવહાર સ્વરૂપ	,,	,,
૨	(અ) પાંચ જ્ઞાનનું ઉત્સર્ગ-અપવાદ સ્વરૂપ	૬૪૯	૫૦૭
	(આ) ષડ્દ્રવ્યનું ,, ,, ,, ,,		,,
	(ઇ) જીવનું ,, ,, ,, ,,		,,
૩	(અ) પાંચજ્ઞાનમાં દેશ-સર્વવ્યાપીપણું	૬૫૦	૫૦૮
	(આ) ષડ્દ્રવ્યમાં ,, ,, ,,		,,
૪	પાંચ જ્ઞાન અને ષડ્દ્રવ્યમાં પ્રત્યક્ષ પરોક્ષપણું	૬૫૧	૫૦૯
૫	(અ) પાંચજ્ઞાનમાં કર્ત્તા-કાર્ય-કારણની ત્રિભંગી	૬૫૨	૫૦૯
	(આ) ષડ્દ્રવ્યમાં ,, ,, ,, ,, ,,		૫૧૦-૫૧૧

	૪૫ જાણવા- આદરવા- પાળવાની ચઉભંગી	૬૫૩	૫૧૧-૫૧૪
	૪૬ ન જાણે ન આદરે ન પાળેની ચઉભંગી	૬૫૪	૫૧૪-૫૧૭
	૪૭ ઉપસંહાર	૧થી૭ છુટા	૫૧૭-૫૧૮
	૪૮ પ્રશસ્તિ	૮થી૧૧ છુટા	૫૧૮
	૪૯ પ્રથમાવૃત્તિપ્રકાશકની ક્ષમાપના		૫૧૮
	૫૦ અધ્યાત્મ માર્ગની કુંચી		૫૧૯
૧૧	છ આવશ્યકમાં તત્વની ઘટના		૫૨૭
૧૨	જીવના વિશિષ્ટ પ્રકારો		૫૨૭ થી ૫૨૯
૧૩	તીર્થંકરોના કલ્યાણક વખતે ૭ નરકમાં કેટલું અજવાળું ?		૫૨૯
૧૪	ઉપ્રહારના ઓશીંગણ ત્રણ રીતે થવાય		૫૨૯-૫૩૦
૧૫	નરકાયુના ચાર કારણો		૫૩૧
૧૬	તિર્યંચાયુના ,, ,,		,,
૧૭	મનુષ્યાયુના ,, ,,		,,
૧૮	દેવાયુના ,, ,,		,,
૧૯	ચાર પ્રકારના પુષ્પ જેવા પુરુષો		,,
૨૦	,, ,, ઉપરા ઉપરી અનંતા		૫૩૨
૨૧	અંતિમ ચતુર્વિધ સંઘના નામ		,,
૨૨	પાત્રના ચાર પ્રકાર		,,
૨૪	અણાહારકના ચાર પ્રકાર		૫૩૨
૨૫	મનુષ્યની ચાર અવસ્થા		૫૩૨
૨૬	ચાર પ્રકારે કુંભ		૫૩૨-૫૩૩
૨૭	પચ્ચક્ખાણની ચઉભંગી		૫૩૩-૫૩૪
૨૮	સાધુ છ કારણે આહાર લે		,,
૨૯	,, ,, ,, ન લે.		,,

સુધારીને વાંચો

પા. પં.

૧૧ ૯ णो

૨૯ ૧૭ ૫૩૦

૭૬ ૧૭ પુણ્ય

૯૭ ૨૧–૨૨ મી થી –

૯૯ ૫ મી લીટી સુધીનું લખાણ પા. ૧૫ ઉપર ૯૮મી લીટીના પુણ્ય શબ્દ ઉપરનું ટિપ્પણ છે. શરતચૂકથી ૯૮ મા પાને આવી ગયું છે તે સુધારી વાંચવા ખાસ ભલામણ છે.

૧૮૯ ૧૮ સાધુપણાસહિત

૧૯૨ ૧૦ ૨૪૨ થી ૨૪૫

૨૧૩ ૨ વ્યવહારનયને

૨૪૬ ૧૯ ૩૬૮ હવે શ્રીસંમતિ૦

૨૫૪ ૪ ૩૮૩ હવે શ્રી નવપદજીની૦

૨૫૪ ૨૩ ૩૮૪ તેમાં પ્રથમ ભાંગે૦

૨૬૦ ૨૦ ચાર નિક્ષેપા૦

૨૯૯ ૧૫ નૈગમ૦

૩૪૩ ૧૨ ૪૮૯ હવે ધર્મી૦

૩૪૭ ૨૨ ૪૯૧–હવે અઠ્ઠાવીશ ઉપનયનું સ્વરૂપ દેખાડે છે” મા શીર્ષક પા. ૨૭૮ ઉપર ૪૧૫ મા પ્રશ્ન સાથે વધુ સંગત લાગે છે.

૩૭૫ ૨૩ પછીથી સંગ્રહનય જાણવ્યો છે.

૪૨૨ ૧૩ ૫૪૮ હવે એ છદ્રવ્યમાં૦

૪૩૪ ૨૨ નયસાપેક્ષ જાણવા૦

૪૪૭ ૧ ૫૬૩ હવે પુદ્ગલદ્રવ્યમાં૦

૪૪૭ ૧૧ ૫૬૪ હવે ધર્માસ્તિકાય૦

૪૫૭ ૪ ૫૮૫ પ્રશ્ન છે તેને સુધારીને ૫૮૭ જાણવો અહીંથી ઠેઠ પા૦ ૫૦૮ પ્રશ્ન ૬૪૮ સુધી દરેકમાં એકેનો વધારો સુધારા તરીકે જાણવો.

એટલે ૬૪૮ મા પ્રશ્નને ૬૫૦ તરીકે જાણવો.

૪૯૩ પછી ૨૯૪ પાના નંબરને સુધારી ૪૯૪ જાણવો.

૫૦૮ ૧૧ ૬૪૯ પ્રશ્ન ક્રમાંક ૨૬ જાણવો.

૬૪૮ મો સળંગ ચાલુ છે.
(તે પાનાની સમાપ્તિ સુધી)

૫૦૯ ૨ ૬૫૦ ના બદલે ૬૫૧ જાણવો.

૫૦૯ ૨૩ ૬૫૧ ના બદલે ૬૫૨

૫૧૧ ૭ ૬૫૨ ના બદલે ૬૫૩

૫૧૪ ૧૧ ૬૫૩ ના બદલે ૬૫૪

૫૧૮ ૨૦ પંડિતશ્રી૦

॥ श्री महावीर-वर्द्धमानस्वामिने नमः ॥

॥ श्री गौतमस्वामिने नमः ॥

તત્ત્વરૂચિ જીવોને ખૂબ જ ઉપયોગી

સરળભાષામાં નવતત્ત્વનું

સુંદર વિવેચનરૂપ

શ્રી અધ્યાત્મસાર

(પ્રશ્નોત્તર ગ્રંથ)



॥ શ્રી જિનાય નમઃ ॥

શ્રી અધ્યાત્મસાર પ્રશ્નોત્તર ગ્રંથ

ચેતઃકૈરવકૌમુદીસહચરઃ સ્યાદ્વાદવિદ્યાકરઃ,
કૈવલ્યદ્રુમમંજરીમધુકરઃ સંપલ્લતાંભોધરઃ ॥
મુક્તિસ્ત્રીકમનીયભાલતિલકઃ સદ્ધર્મદઃ શર્મકૃત્,
શ્રીમદ્વીરજિનેશ્વરસ્ત્રિભુવને ક્ષેમંકરઃ પાતુ વઃ ॥ ૧ ॥

ખિમાવિજય જિન ઉત્તમ પદ,
તેહને સેવે સુરનર વૃંદ ।
નિજ રુપ પ્રગટે અમી વરસંત,
કુંવર કહે પ્રશ્નોત્તર વૃત્તંત ॥ ૨ ॥

॥ દોહા ॥

હિતોપદેશ કરવા ભણી, એ પ્રશ્નોત્તર ગ્રંથ ॥
ભણશે ગુણશે જે ભવિક, લહેશે તે શિવપંથ ॥ ૩ ॥

તિહાં પ્રથમ શ્રી જિનસ્તુત લખિયે છીએ.

જય ભગવાન ત્રૈલોકય તારણ,
અશરણ શરણ, પરમાત્મા, પરમેશ્વર,
જગત્રયાધાર, કૃપાવતાર,
મહિમાનિધાન, જ્ઞાપિતસકલનિધાન,
સમગ્ર જંતુના કરુણા બંધુ,
ભવ્ય જીવોને ધર્મ પમાડતા,
ભવસિંધુમાં અનાથનાથ, શિવપુર સાથ,

પરમદયાલ, વચન રસાલ,
જગઉપકારી, વંદે નરનારી,
તથા જે સુધા સંયમી, નિર્ગ્રંથપંથ પાલતા,
ચારિત્ર દૂષણ ટાલતા,
સર્વ જીવને હિત કરતા, આપ્યાને ઉદ્ધરતા
એવા ચૌદ હજાર મુનિવરોથી પરિવર્યા અલંકર્યા,
ક્રોડો દેવતાએ સેવિત,
અનંતજ્ઞાનમય, અનંતદર્શનમય, અનંતચારિત્રમય,
અનંતતપોમય, અનંતદાનમય, અનંતવીર્યમય,
અનંતલાભમય, અનંતભોગમય, અનંતઉપભોગમય,
ક્રોધરહિત, માનરહિત, માયારહિત, લોભરહિત,
હાસ્યરહિત, રતિરહિત, અરતિરહિત,
ભયરહિત, શોકરહિત, દુગંચ્છારહિત,
રાગરહિત, દ્વેષરહિત, મોહરહિત,
મિથ્યાત્વરહિત, નિદ્રારહિત, કામરહિત,
અજ્ઞાનરહિત, કંદર્પરહિત, રોગરહિત,
નિરાલંબી, નિરાશી, નિરૂપાધિ, નિર્વિકારી, અનંતચતુષ્ટયી,
અક્ષય, અચલ, અકલ,
અમલ, અગમ, અનામી,
અકર્મા, અબંધક, અનુદય,
અભેદ્દી, અવેદ્દી, અછેદ્દી,
અખેદ્દી, અસખાયી, અલેશી, અનવગાહી,
અવ્યાપી, અનાશ્રયી, અકંપ,
અસ્ખલિત, અવિરોધ, અનાશ્રવ,

અલક્ષ, અશોક, અલોક, લોકાલોક–જ્ઞાયક,
શુદ્ધ, બુદ્ધ, સ્વભાવરમણી, સહજાનંદી,
એક, અસંખ્ય, અનંત ગુણે કરી વિરાજમાન,
એવા અનંત સુખના ભોગી,
ત્રૈલોકયના રાજા, ત્રૈલોકયના પતિ,
ત્રૈલોકયસ્વામી, ત્રૈલોકયનાથ, ત્રૈલોકયતિલક,
ત્રૈલોકયને વિષે મુકુટ–મુદ્રાસમાન,
ત્રૈલોકયને વિષે છત્ર સમાન,
ત્રૈલોકયને વિષે સૂર્યસમાન ઉદ્યોતના કરનાર,
મિથ્યાત્વરુપ અંધકારના ટાલનાર,
ચંદ્રમાની પેરે શીતલતાના કરનાર,
વિષય કષાયરૂપ બળતરાના ટાલનાર,
ભક્તવત્સલ, જગત્ત્રયના હિતકારી,
જગત્ત્રયના પ્રીતિકારી, જગત્ત્રય ઉપકારી,
કરુણાસાગર, ભવસમુદ્રથી પાર ઉતારનાર,

તથા ઉક્તં ચ

अशोकवृक्षः सुरपुष्पवृष्टि–
दिव्यध्वनिश्चामरमासनं च ।
भामंडलं दुंदुभिरातपत्रं,
सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥ १ ॥

એ આઠ પ્રતિહાર્યની સંપદાયે કરી વિરાજમાન

તથા પૂજાતિશય, વચનાતિશય, જ્ઞાનાતિશય અને અપાયાપગમાતિશય, એ ચાર અતિશય પૂર્વોક્ત આઠ પ્રાતિહાર્ય સાથે મેલવીયે તેવારે બાર થાય,

તે બાર ગુણે કરી શોભિત.

તેમજ ચાર અતિશય સહજના જન્મથકી હોય, અને કર્મક્ષય થકી અગીઆર, તથા દેવતાના કરેલા ઓગણીશ મળીને ચોત્રીસ અતિશયે કરી બિરાજમાન એવા **શ્રી વીર ભગવાન** ચોવીસમા તીર્થંકર ભવ્ય પ્રાણીઓને હિતોપદેશ કરવા મિથ્યાત્વરૂપ અંધકારને ચૂરવા શ્રી **રાજગૃહી નગરી**ના ઉદ્યાનને વિષે સમોસર્યા.

તે વખતે હર્ષ—ભક્તિએ ભાવિક થયેલ, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક, એ ચાર નિકાયના દેવતાએ મળીને, રૂપ્ય, સુવર્ણ તથા રત્નમય ત્રણ ગઢની રચના કરી, તેના મધ્યમાં રત્ન જડિત સિંહાસનને વિષે **શ્રી વીર ભગવાન** બેઠા.

મસ્તકે ત્રણ છત્ર શોભે છે, ચાર ચામર વીંજાય છે, સુર અસુર, મનુષ્ય, સ્ત્રી, પુરૂષ, વિદ્યાધર, કિન્નર, ગંધર્વ, ઇત્યાદિક સર્વ પર્ષદા મલી, તે વખતે **શ્રી શ્રેણિકરાજા** પણ અંતઃપુર સહિત ચતુરંગિણી સેના લઈને અતિ પ્રમોદ સહિત શ્રીસમવસરણને વિષે આવી પ્રભુને વાંદીને યથોચિત સ્થાનકે બેઠા.

પ્રભુએ પણ વાણીના પાંત્રીશ ગુણે કરી દિવ્યધ્વનિએ દેશના પ્રારંભી, તે વાણી કેવી છે?

સર્વશક્તિમંત અર્ધ માગધી ભાષામાં હોય,
સ્વર—
ઉદાત્તપણે હોય,
મેઘધ્વનિની પરે હોય,
સર્વ વાજિંત્રમાં મેલ,
ઉચિત પ્રમુખ
ગુણ સહિત હોય,
અતિવિસ્તારપણે હોય,
ત્રણ કાળ મલતી હોય,
પદ સાપેક્ષપણે હોય,
પ્રશસ્તિ વિશેષે હોય,
અક્ષર પદની ચાતુરી હોય,
માલકોશ રાગમાં હોય,
શ્રોતાના મનને રાજી કરનારી હોય,
સૂત્ર થોડું અને અર્થ ઘણો હોય,
વિવિધપ્રકારે શ્રોતાને બોધદાયક હોય,
નય ભંગ પ્રમાણ સહિત હોય,
ચિત્તને તથા શ્રોત્રેંદ્રિયને સુખકારી હોય,
યથાર્થપણે સુબોધકારી હોય,
કારક પ્રમુખ સહિત હોય,
ષદ્રવ્યાદિકથી વિશુદ્ધપણે હોય,
શ્રવણથી શ્રોતાના રોગ નાશ પામે,
પરછંદાનુસારી,
પરસ્પર વિરોધ નહીં,
વચનમાંહે સંદેહ નહીં,
વાદી દૂષણ આપી શકે નહીં,

શ્રોતાના સંદેહ ટલે,
બાલ ગોપાલ સર્વે સમજે,
કોઈના મર્મ ભાંખે નહી,
જેમાં પોતાની સ્તુતિ તથા પારકી નિંદા નહીં,
લોક પ્રશંસા કરે,
શ્રોતાને આશ્ચર્ય ઉપજે,
અતિ વલ્લભ,
ઉદ્વેગ નહી,
વચમાં અંતરાય પડે નહીં,
શ્રોતાના દુઃખ ટાલે,
જેમાં ગ્રામિક (હલકી ભાષા) વચન ન હોય,
એક યોજનમાં સરખી સંભળાય,
જેનો કલવિચ્છેદ નહી,
સહુ કોઈ પોતપોતાની ભાષામાં સમજી જાય,
આષાઢી મેઘની પરે ગંભીર,
સહુને સરખે પરિણમે,
સંશયચ્છેદકારિણી,
ચતુર્વિધસંઘમનોહારિણી,
ચતુર્વિધધર્મપ્રકાશિની,
ભવિજનકર્ણામૃતસ્રવણી,
સકલકુમતિવિદ્રાવિણી,
સંસારસમુદ્રતારિણી,
સર્વ સંશય નિવારિણી,
સુખકારિણી,

બહુલ મિથ્યાત્વ તિમિરપડલ દિનકર અનુકારિણી
એવી તે—
નિત્ય, અનિત્ય,
એક, અનેક,
સત્ય, અસત્ય,
વક્તવ્ય, અવક્તવ્ય,
નામ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ,
ગુણ, પર્યાય,
ઉત્પાદ, વ્યય, ધ્રુવ,
નય, નિક્ષેપા,
કારક, પ્રમાણ, સમવાય,
દ્રવ્યાસ્તિક નય, પર્યાયાસ્તિકનય,
કર્ત્તા, કારણ, કાર્ય,
નિશ્ચય–વ્યવહાર,
ઉત્સર્ગ અપવાદ,
હેય, જ્ઞેય, ઉપાદેય,
ચૌભંગી, ત્રિભંગી, સપ્તભંગી, અનેકભંગી,
જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર,
નિર્જરા, બંધ, મોક્ષ,
ધર્મ, અધર્મ,
આશ્રવ, પરઆશ્રવ,
અતિચાર, અનાચાર, અતિક્રમ, વ્યતિક્રમ,
ઈત્યાદિક સર્વ ગુણ ઉપદેશિની
સર્વ ભાષાવર્ગોપિની, ભગવાન્ દેશના દેતા હવા, તે કહીએ છીએ.

जीवा ऽजीवा पुण्णं,
पावासव संवरो य णिज्जरणा ।
बंधो मुक्खो य तहा,
णव तत्ता हुंत्ति णायव्वा ॥ १ ॥

શ્રીવીતરાગ દેવે ત્રણ ગઢને વિષે બેસીને બાર પર્ષદામાં એ રીતે ઉપદેશ કહ્યો કેઃ—

જીવાદિક નવ તત્ત્વને જે નિપુણ બુદ્ધિએ કરી જાણે તેને જ્ઞાની કહીયે,
અંતરંગ સદ્દહે, તેને સમકિતી કહીયે,

"अणुवओगो दव्वं" એ શ્રીઅનુયોગદ્વાર સૂત્રનું વચન છે,

વલી કહ્યું છે કે પદ–અક્ષર–માત્રા સહિત શુદ્ધ સિદ્ધાંત વાંચતાં પૂછતાં અર્થ કરે છે, ગુરૂમુખે સદ્દહે, તે પણ શુદ્ધ નિશ્ચય નયની આત્મ સત્તા ઓલખ્યા વિના સર્વ દ્રવ્ય નિક્ષેપે છે,

કેમકે ભાવ વિના માત્ર એકલું દ્રવ્ય છે તે પુણ્યબંધનું કારણ છે, પરંતુ મોક્ષનું કારણ નથી. એટલે જે કરણીરૂપ કષ્ટ તપસ્યા કરે છે, પરંતુ જીવ–અજીવની સત્તા ઓલખી નથી, તેને ભગવતીસૂત્રમાં અવ્રતી–અપચ્ચક્ખાણી કહ્યા છે,

તથા જે જ્ઞાનીની આજ્ઞાથી નિરપેક્ષ રહી સ્વછંદપણે એકલી બાહ્ય કરણી કરે છે અને પોતાને સાધુ કહેવરાવે છે તે મૃષાવાદી છે "ण मुणी रण्णवासेण" ઇતિ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે.

તથા "**णाणेण य मुणी होइ**" એ વચને જે જ્ઞાની એટલે આજ્ઞાનુસારી છે તે મુનિ છે અને અજ્ઞાની સ્વચ્છંદી તે મિથ્યાત્વી છે.*

તથા ગણિતાનુયોગ જે નારકી દેવતા પ્રમુખના બોલ અથવા યતિ-શ્રાવકનો આચાર જાણીને કોઈક કહે જે અમે જ્ઞાની છીએ પરંતુ તે જ્ઞાની કહેવાય નહીં,

જે દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ જાણે તે જ્ઞાની કહેવાય. એમ શ્રીઉત્તરાધ્યનના મોક્ષમાર્ગાધ્યયનમાં કહ્યું છે,

તથા ચ તત્પાઠઃ

एयं पंचविहं णाणं, दव्वाण य गुणाण य ॥
पज्जवाण य सव्वेसिं, जं णाणीहि दंसियं ॥ १ ॥

એ વસ્તુ સત્તા જાણ્યા વિના જ્ઞાની નહી, પરંતુ

---

* અહીં ગ્રંથકર્ત્તા જિનશાસનની મર્યાદા પ્રમાણે જ્ઞાન-ક્રિયા ઉભય સંયોગે પરસ્પર સાપેક્ષ જ્ઞાન-ક્રિયાની પ્રધાનતાએ મોક્ષમાર્ગના પાયા સમાન નવતત્ત્વની સૂક્ષ્મ વિગતો રજુ કરવાના છે, તેથી "જ્ઞાનની શી જરૂર છે? ક્રિયાથી આપણું કલ્યાણ થવાનું છે ને!" આવી બેદરકારી રાખનારાઓને જ્ઞાન તરફ સાપેક્ષ બનાવવા આ બધું લખાણ છે.

વળી જ્ઞાન પદથી અહીં માત્ર શબ્દપંડિતાઈ પૂરતું જે અક્ષરજ્ઞાન તે નથી લીધું, પણ અક્ષરજ્ઞાન તો જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને આધીન છે, પણ તેનો ક્ષયોપશમ તો મોહનીયના ક્ષયોપશમ વિના સમ્યક્ ન થાય, એટલે જ્ઞાનીની નિશ્રામાં રહી આજ્ઞાકારીપણે જે ક્રિયા કરવાની વૃત્તિ ને યથાર્થ રૂપમાં જિનશાસન માન્ય મોક્ષમાર્ગ ઉપયોગી જ્ઞાન છે, તે જ્ઞાન મેળવવા પર અહીં સૂચન છે.

નવ તત્ત્વ, ષડ્દ્રવ્યનું સ્વરૂપ ઓલખે, તે સમકિતી કહેવાય. એવા જ્ઞાન-દર્શન, વિના જે કહે, કે અમે ચારિત્રી છીએ, તે પણ બરાબર નથી જે માટે શ્રી ઉત્તરાધ્યયનમાં "**णो दंसण णाणेण विणा ण हुंति चरण गुणा**' એ વચન છે,

તેથી આજ કેટલાક ×જ્ઞાનહીન થકા માત્ર ક્રિયાનો આડંબર દેખાડે છે, તે ઠગ છે, તેહનો સંગ કરવો નહિં. કેમ કે એ બાહ્યકરણી +અભવ્યને પણ આવે છે, માટે તે ઉપર રાચવું નહીં.

× અહીં જ્ઞાનહીનનો અર્થ નવતત્ત્વનું અક્ષરજ્ઞાન નથી એટલો જ માત્ર અર્થ નથી પણ પ્રધાનપણે મોહના ક્ષયોપશમથી થનાર જ્ઞાનીની નિશ્રાયે ક્રિયા કરવાની તત્પરતા રૂપ જ્ઞાનની હીનતા જાણવી, તો જ આગળ ઉપર જે **આડંબરી ઠગ** શબ્દો છે તે સંગત થાય.

શ્રી ભગવતીસૂત્રમાં મોક્ષમાર્ગે ચાલનારા બે જાતના જીવો બતાવ્યા છે ૧ જ્ઞાની તરે ૨ જ્ઞાનીની નિશ્રાયે રહેનારો તરે,

જ્ઞાની તો જગતમાં બહુ થોડા હોય, દુનિયામાંપણ રેલ્વે કે એરોપ્લેનનો ડ્રાઈવર (જાણકાર) એક જ હોય, બાકી બધા તેની નિશ્રાએ રહી તેના પર ભરોસો રાખી બેસનારા જ ઘણા હોય, તેમ બાલજીવો જ્ઞાનીની નિશ્રાયે ક્રિયા કરનારા જીવો ઘણા હોય તેથી અક્ષરજ્ઞાન કરતાં નિશ્રાની વધુ જરૂર છે.

+ અભવ્યને ક્રિયા હોય છે, તેને ૯॥ પૂર્વ સુધીનું જ્ઞાન પણ હોય છે, માટે જો નવતત્ત્વના અક્ષરજ્ઞાનની મુખ્યતા હોત તો અભવ્યનું કલ્યાણ થઈ જાત—પણ આ રીતે મોહના ક્ષયોપશમથી ઉપજતી જ્ઞાનીની નિશ્રાયે ક્રિયા કરવાની તત્પરતા અભવ્યને નથી હોતી, અભવ્યની ક્રિયા ઠગક્રિયા જેવી ગણાય,

અહીં મોહનીયનો અર્થ મોહનો ક્ષયોપશમ જાણવો, નવ-તત્ત્વની વાત હોત તો જાણકારી શબ્દ ગ્રંથકર્તાએ મુકયો હોત.

તથા આત્મસ્વરૂપ ઓળખ્યા વિના સામાયિક, પડિક્કમણું, પચ્ચક્ખાણ પ્રમુખ દ્રવ્ય નિક્ષેપાથી પુણ્યાશ્રવ થાય છે, પરંતુ સંવર નથી, શ્રીભગવતીસૂત્રમાં "**आया खलु सामाइयं**" એ આલાવાથી જાણવું.

તથા જીવનું સ્વરૂપ જાણ્યા વિના તપ—સંયમ તે પુણ્યપ્રકૃતિ અને દેવભવનું કારણ છે.

उक्तं च "**पुव्वतवेणं पुव्वसंजमेणं देवलोए उववज्जंति णा चेव णं आया भावतवयाए**" એ આલાવો શ્રી ભગવતીસૂત્રમાં કહ્યો છે,

એવું સાંભળીને શિષ્ય સ્તુતિ કરી પૂછે છે.

૧ હે **ભગવંત!** એટલે જ્ઞાનવંત, અર્થાત્ સર્વ પ્રકારે કરી લોકાલોકના સ્વરૂપના જાણુ છે તેને ભગવાન કહીએ.

૨ હે **જિનરાજ!** તિહાં જિન એટલે રાગ દ્વેષ રહિત એવા જે સામાન્ય કેવલી તેને વિષે રાજા સમાન તેને જિનરાજ કહીએ.

૩ હે **અલખ!** એટલે જેનું સ્વરૂપ કોઈ પ્રકારે ઓલખ્યામાં આવે નહી, તેને અલખ કહીએ.

૪ હે **ચિદ્‌ઘન!** એટલે ચિદ્ કહેતાં જ્ઞાન તેનો ઘન કહેતાં સમૂહ એવું જેનું સ્વરૂપ તેને ચિદ્‌ઘન કહીયે.

૫ હે **ચિદાનંદ!** તિહાં ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ એટલે ચારિત્ર, એટલે જ્ઞાન અને ચારિત્રમય જેનું સ્વરૂપ છે, તેને ચિદાનંદ કહીયે.

૬ હે **નિરંજન!** એટલે જેના આત્મપ્રદેશને વિષે કર્મરૂપ અંજન નથી તેને નિરંજન કહીયે.

૭ હે **વીતરાગ!** એટલે વીત કહેતાં વીત્યા છે રાગ અને દ્વેષ જેના તેને વીતરાગ કહીયે.

૮ હે **સચ્ચિદાનંદ!** એટલે સત્ કહેતાં દર્શન અને ચિદ્ કહેતાં જ્ઞાન તથા આનંદ કહેતાં ચારિત્ર, એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્રમય જેહનું સ્વરૂપ છે, તેને સચ્ચિદાનંદ કહીયે.

૯ હે **અરિહંત!** એટલે અરિ કહેતાં કર્મરૂપ વૈરી તેને દ્રવ્યથકી અને ભાવથકી જેણે હંત કહેતાં હણ્યા છે તેને અરિહંત કહીયે.

૧૦ હે **તીર્થંકર!** એટલે તીર્થ કહેતાં સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ, તેની સ્થાપનાના કર કહેતાં કરનાર તેને તીર્થંકર કહીયે.

૧૧ હે **પરમાત્મા!** એટલે પરમ કહેતાં ઉત્કૃષ્ટ ત્રણ જગત્ને પૂજવા યોગ્ય છે આત્મા જેનો તેને પરમાત્મા કહીયે.

૧૨ હે **પરમેશ્વર!** એટલે પરમ કહેતાં ઉત્કૃષ્ટી ઈશ્વર કહેતાં ઠકુરાઈ અર્થાત્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ જે લક્ષ્મી, તે જેમણે પ્રગટ કરી છે તેને પરમેશ્વર કહીયે. એ રીતે સ્તવન કરીને શિષ્ય પ્રશ્ન પૂછે છે.

૧ શિષ્યઃ–નવ તત્ત્વમાં જીવને તત્ત્વ કહી બોલાવ્યો તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ–જ્ઞાનાદિક ગુણે કરી ચેતના સહિત છે, નિશ્ચય નયે કરી સત્તાએ સિદ્ધસમાન અને વ્યવહાર નયે કરી શુભાશુભ કર્મનો ભોક્તા છે એ એનું તત્ત્વ જાણવું.

૨ શિષ્યઃ–અજીવને તત્ત્વ કહી બોલાવ્યો તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ–જ્ઞાનાદિક ચેતનારૂપ ગુણે કરી રહિત જડ સ્વભાવવાલો અને જેને સુખ–દુઃખનું જ્ઞાન નથી એ એનું તત્ત્વ જાણવું.

૩ શિષ્યઃ–પુણ્યને તત્ત્વ કહી બોલાવ્યું તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ–જેમ સાકરનું તત્ત્વ મીઠાશ છે તેમ એના મીઠા વિપાક જીવ ભોગવે છે તે પુણ્ય કહેવાય છે, એ એનું તત્ત્વ જાણવું.

૪ શિષ્યઃ–પાપને તત્ત્વ કહી બોલાવ્યું તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ–જેમ અફીણનું તત્ત્વ કડવાશ છે તેમ એના કડવા વિપાક જીવ ભોગવે છે એ એનું તત્ત્વ જાણવું.

૫ શિષ્યઃ–આશ્રવને તત્ત્વ કહી બોલાવ્યું તેનો શો પરમાર્થ !

ગુરૂઃ–પુણ્ય તથા પાપ એ બે તો કર્યાં આવે છે અને આશ્રવ તો કર્યાં પણ આવે અને અણકર્યાં પણ આવે, જે કારણે પુણ્ય–પાપનાં જે દલીયાં છે, તે આશ્રવરૂપ છે તે તો કર્યા આવે છે, અને અવ્રતીપણાના જે આશ્રવ છે, તે તો અણકર્યાં આવે છે, અહિં ફરી શિષ્યે પૂછયું કે અણકર્યાં આશ્રવ કેમ આવે? તે વારે ગુરૂએ કહ્યું જે એકેન્દ્રિયને પણ અવ્રતીપણે અઢારે પાપસ્થાનકનાં અણકર્યાં આશ્રવ આવે છે, એમ શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે, માટે આશ્રવ કર્યાં પણ આવે અને અણકર્યાં પણ આવે, એ આનું તત્ત્વ છે.

૬ શિષ્યઃ–સંવરને તત્ત્વ કહી બોલાવ્યો તેનો શો પરમાર્થ?

ગુરૂઃ–આવતા કર્મને રોકે એટલે શુભકર્મનાં દલીયાંને પણ રોકે અને અશુભકર્મનાં દલીયાંને પણ રોકે, તેથી આવતા કર્મને રોકે, એ એનું તત્ત્વ.

૭ શિષ્યઃ–નિર્જરાને તત્ત્વ કહી બોલાવ્યું તેનો શો પરમાર્થ?

ગુરૂઃ–સંવર તો માત્ર આવના કર્મને રોકે છે, પણ નિર્જરા તો અગ્નિરૂપ છે, એટલે અંતરમાં પેસીને શુભકર્મના દલીયાને પણ બાળી નાંખે, અને અશુભકર્મના દલીયાને પણ બાળી નાંખે, અર્થાત્ સત્તાએ શુભાશુભમાં દલીયાં રહ્યાં છે તેને નિર્જરાવે, એ એનું તત્ત્વ જાણવું.

૮ શિષ્યઃ—બંધને તત્ત્વ કહી બોલાવ્યું તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ—શુભના દલીયાં પણ બાંધે, અને અશુભના દલીયાં પણ બાંધે, એજ એનું તત્ત્વ જાણવું, જે એ શુભને પણ બાંધે અને અશુભને પણ બાંધે.

૯ શિષ્યઃ—મોક્ષને તત્ત્વ કહી બોલાવ્યું તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ—બારમે ગુણઠાણે રાગ, દ્વેષ અને મોહનો ક્ષય કર્યો અને તેરમે ગુણઠાણે કેવલજ્ઞાન, કેવલદર્શન અને યથાખ્યાતચારિત્રરૂપ જે લક્ષ્મી તે જેમણે પ્રગટ કરી, તેને દ્રવ્યમોક્ષ કહીયે અને જે સર્વ કર્મ થકી મૂકાણા તે ભાવમોક્ષ કહીયે. એ એનું તત્ત્વ જાણવું. એ રીતે શ્રી વીતરાગદેવે ત્રિગડાને વિષે બેસી બાર પર્ષદાને ઉપદેશ કર્યો, તે ઉપદેશમાં એ નવેને તત્ત્વ કરી બોલાવ્યાં.

૧૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાં હેય એટલે છાંડવા યોગ્ય કેટલા તત્ત્વ પામીએ ?

ગુરૂઃ—નિશ્ચયનયે કરી પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ, એ ચાર તત્ત્વ જીવને છાંડવા યોગ્ય છે, કેમકે એ ચારમાં પુણ્ય જે છે તે શુભપ્રકૃતિરૂપ કર્મનો ઉદય છે અને પાપ છે, તે અશુભપ્રકૃતિરૂપ કર્મનો ઉદય છે. માટે એ બે કર્મ છે અને તે કર્મ તો જીવને મોક્ષમાર્ગને વિષે વિઘ્નકર્તા છે, તેથી નિશ્ચયનયને મતે શુભાશુભ વિકારરૂપ જે

વેદનીયકર્મ તે જીવને છોડવા યોગ્ય છે અને વ્યવહારનયને મતે તો એક પુણ્ય આદરવા યોગ્ય છે, કેમકે મોક્ષનગરે જતાં જીવને વિઘ્ન કરનારા એવા જે ક્રોધ, માન, માયા, લોભ, આધિ, વ્યાધિ, જન્મ, જરા, મરણ, શોક, પીડા, વિષય, કષાય નિદ્રા, મમતા, મૂર્ચ્છા, અજ્ઞાન, મિથ્યાત્વ, અવ્રત, આદિ અનેક મોહરાજાના સુભટો ફરે છે, તે સર્વ જીવને મોક્ષમાર્ગે જતાં વિઘ્નકર્તા છે, માટે તિહાં પુણ્યરૂપ વલાવો ઢાવકો ભલો રૂડો હોય, તો જીવ નિર્વિઘ્નપણે મોક્ષનગરે પહોંચે તેથી વ્યવહારનયને મતે પુણ્ય આદરવા યોગ્ય છે કેમકે સમકિતીજીવ એને વોલાવારૂપ કરી જાણે છે, એટલે જિનરાજનાં વચનમાં બે નય પ્રમાણ છે, એમાં જો કોઈ એક નય ઉત્થાપે, તો તેનું વચન અપ્રમાણ જાણવું.

૧૧ શિષ્યઃ–એ નવ તત્ત્વમાં જ્ઞેય એટલે જાણવા યોગ્ય કેટલા તત્ત્વ પામીએ ?

ગુરૂઃ–જીવ અને અજીવ એ બે તત્ત્વનું સ્વરૂપ જાણવા યોગ્ય છે,

ફરી શિષ્યે પૂછયું કે જીવનું સ્વરૂપ શું છે ?

તે વારે ગુરૂ કહે છે. કે નૈગમ અને સંગ્રહનયે કરી સર્વજીવ સત્તાએ એકરૂપ છે,

કેમકે જ્ઞાનાદિક ચેતના ગુણે કરી સહિત સર્વજીવ એકરૂપ છે, સત્તાએ સરખા સિદ્ધસમાન છે, માટે એક ભેદે સર્વજીવ કહીયે. અને વ્યવહારનયે કરી તો જીવના

ચૌદ ભેદ, બત્રીશ ભેદ તથા પાંચસો ને ત્રેસઠ ભેદ થાય છે, તેનો વિચાર બાસઠ માર્ગણાથી ધારવો, તેની ગાથા લખીએ છીએ.

"गइ इंदिए काए, जोए वेए कसाय णाणे य ।
संजम दंसण लेसा, भव सम्मे सण्णी आहारे ॥ १ ॥

એ બાસઠ માર્ગણાનું યંત્ર આગળ છે, તે ઉપરથી પાંચસો ત્રેસઠ ભેદનું વિવરણ સમજી લેવું.

તિહાં પહેલા કોઠામાં બાસઠ માર્ગણાના નામ લખ્યા છે,

બીજા કોઠામાં નારકી જીવના ચૌદ ભેદ માંહેલા જે માર્ગણાને વિષે જેટલા ભેદ પામીયે તે દેખાડયા છે.

ત્રીજા કોઠામાં તિર્યંચના અડતાલીસ ભેદ માંહેલા જે માર્ગણાને વિષે જેટલા ભેદ પામીયે તે દેખાડયા છે.

ચોથા કોઠામાં મનુષ્યના ત્રણસો ત્રણ ભેદમાંથી જે માર્ગણામાં જેટલા ભેદ પામીયે તે દેખાડયા છે,

પાંચમા કોઠામાં દેવતાના એકસો અઠ્ઠાણુ ભેદમાંથી જે માર્ગણાને વિષે જેટલા ભેદ પામીયે તે દેખાડયા છે.

છઠ્ઠા કોઠામાં સરવાળે પાંચસો ત્રેસઠ ભેદમાંથી જે માર્ગણાએ જેટલા ભેદ પામીયે તેના સરવાળા દેખાડયા છે.

બાસઠ માર્ગણામાં પાંચસો ત્રેસઠ જીવભેદોનું યંત્ર

	બાસઠ માર્ગણા	નારકી	તિર્યંચ	મનુષ્ય	દેવતા	સર્વ સંખ્યા
	સ્થાનના નામ	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૧	દેવગતિ	૦	૦	૦	૧૯૮	૧૯૮
૨	મનુષ્યગતિ	૦	૦	૩૦૩	૦	૩૦૩
૩	તિર્યંચગતિ	૦	૪૮	૦	૦	૪૮
૪	નરકગતિ	૧૪	૦	૦	૦	૧૪
૫	એકેંદ્રિયજાતિ	૦	૨૨	૦	૦	૨૨
૬	બેઈંદ્રિયજાતિ	૦	૨	૦	૦	૨
૭	તેઈંદ્રિયજાતિ	૦	૨	૦	૦	૨
૮	ચઉરિંદ્રિયજાતિ	૦	૨	૦	૦	૨
૯	પંચેંદ્રિયજાતિ	૧૪	૨૦	૩૦૩	૧૯૮	૫૩૫
૧૦	પૃથ્વીકાય	૦	૪	૦	૦	૪
૧૧	અપ્કાય	૦	૪	૦	૦	૪
૧૨	તેઉકાય	૦	૪	૦	૦	૪
૧૩	વાયુકાય	૦	૪	૦	૦	૪
૧૪	વનસ્પતિકાય	૦	૪/૨	૦	૦	૪/૨
૧૫	ત્રસકાય	૧૪	૨૬	૩૦૩	૧૯૮	૫૪૧
૧૬	મનોયોગ	૭	૫	૧૦૧	૯૯	૨૧૨
૧૭	વચનયોગ	૭	૧૩	૧૦૧	૯૯	૨૨૦
૧૮	કાયયોગ	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૧૯	સ્ત્રીવેદ	૦	૧૦	૨૦૨	૧૨૮	૩૪૦
૨૦	પુરુષવેદ	૦	૧૦	૨૦૨	૧૯૮	૪૧૦
૨૧	નપુંસકવેદ	૧૪	૪૮	૧૩૧	૦	૧૯૩
૨૨	ક્રોધ	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૨૩	માન	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૨૪	માયા	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૨૫	લોભ	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૨૬	મતિજ્ઞાન	૧૩	૧૦	૨૦૨	૧૯૮	૪૨૩
૨૭	શ્રુતજ્ઞાન	૧૩	૧૦	૨૦૨	૧૯૮	૪૨૩
૨૮	અવધિજ્ઞાન	૧૩	૫/૧૦	૩૦	૧૯૮	૨૪૬/૨૫૧

	બાસઠ માર્ગણા	નારકી	તિર્યંચ	મનુષ્ય	દેવતા	સર્વ સંખ્યા
૨૯	મનઃપર્યવજ્ઞાન	૦	૦	૧૫	૦	૧૫
૩૦	કેવલજ્ઞાન	૦	૦	૧૫	૦	૧૫
૩૧	મતિઅજ્ઞાન	૧૪	૪૮	૩૦૩	૧૭૦	૫૩૫
૩૨	શ્રુતઅજ્ઞાન	૧૪	૪૮	૩૦૩	૧૭૦	૫૩૫
૩૩	વિભંગજ્ઞાન	૧૪	૧૦/૫	૩૦/૧૫	૧૭૦	૨૨૪/૨૦૪
૩૪	સામાયિક	૦	૦	૧૫	૦	૧૫
૩૫	છેદોપસ્થાપનીય	૦	૦	૧૦	૦	૧૦
૩૬	પરિહારવિશુદ્ધિ	૦	૦	૧૦	૦	૧૦
૩૭	યથાખ્યાત	૦	૦	૧૫	૦	૧૫
૩૮	સૂક્ષ્મસંપરાય	૦	૦	૧૫	૦	૧૫
૩૯	દેશવિરતિ	૦	૫	૧૫	૦	૨૦
૪૦	અવિરતિ	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૪૧	ચક્ષુર્દર્શન	૭	૧૧	૧૦૧	૯૯	૨૧૮
૪૨	અચક્ષુર્દર્શન	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૪૩	અવધિદર્શન	૧૩	૧૦/૫	૩૦	૧૯૮	૨૫૧/૨૪૬
૪૪	કેવલદર્શન	૦	૦	૧૫	૦	૧૫
૪૫	કૃષ્ણલેશ્યા	૬	૪૮	૩૦૩	૭૨	૪૨૯
૪૬	નીલલેશ્યા	૬	૪૮	૩૦૩	૭૨	૪૨૯
૪૭	કાપોતલેશ્યા	૬	૪૮	૩૦૩	૭૨	૪૨૯
૪૮	તેજોલેશ્યા	૦	૧૩	૨૦૨	૯૮/૧૨૮	૩૧૩/૩૪૨
૪૯	પદ્મલેશ્યા	૦	૧૦	૩૦	૨૬	૬૬
૫૦	શુકલલેશ્યા	૦	૧૦	૩૦	૪૪	૮૪
૫૧	ભવ્યજીવ	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૫૨	અભવ્યજીવ	૧૪	૪૮	૩૦૩/૧૩૧	૧૭૦/૧૪૦	૫૩૫/૩૩૩
૫૩	ઉપશમસમ૦	૭	૫	૧૦૧	૯૦	૨૦૩
૫૪	ક્ષાયિકસમ૦	૬	૨	૯૦	૯૦	૧૬૮
૫૫	ક્ષાયોપશમસમ૦	૧૩	૧૦	૨૦૨	૧૯૮	૪૨૩
૫૬	મિશ્રસમકિત	૭	૫	૧૦૧	૮૫	૧૯૮
૫૭	સાસ્વાદન	૭	૨૧	૨૦૨	૧૭૦	૪૦૦
૫૮	મિથ્યાત્વ	૧૪	૪૮	૩૦૩	૧૭૦	૫૩૫
૫૯	સંજ્ઞી	૧૪	૧૦	૨૦૨	૧૯૮	૪૨૪

	બાસઠ માર્ગણા	નારકી	તિર્યંચ	મનુષ્ય	દેવતા	સર્વ સંખ્યા
૬૦	અસંજ્ઞી	૦	૩૮	૧૦૧	૦	૧૩૯
૬૧	આહારી	૧૪	૪૮	૩૦૩	૧૯૮	૫૬૩
૬૨	અણાહારી	૭	૨૪	૯૯	૯૯	૩૪૯

આ પ્રમાણે ૬૨ માર્ગણામાં ૫૬૩ જીવભેદનું યંત્ર જાણવું.

[ઉપરના કોઠામાં બતાવેલા ૫૬૩ જીવભેદોની માહિતી જીવવિચાર આદિમાં આવે છે, પણ બાલજીવોના હિતાર્થે સંક્ષેપમાં જણાવાય છે.

૫૬૩ જીવભેદોની સમજુતી

નારકીના ૧૪ ભેદઃ—

પાપકર્મના વિપાક ભોગવવા માટે જીવ જ્યાં તીવ્ર અશાતા ભોગવે છે, તેનું નામ **નરક**, તેના નામ અને ગોત્ર નીચે પ્રમાણે છે.

	નામ	ગોત્ર
૧	ઘર્મા	રત્નપ્રભા
૨	વંશા	શર્કરાપ્રભા
૩	શૈલા	વાલુકાપ્રભા
૪	અંજના	પંકપ્રભા
૫	રિષ્ટા	ધૂમપ્રભા
૬	મઘા	તમઃપ્રભા
૭	માઘવતી	તમસ્તમઃપ્રભા

આ સાત નારકોમાં રહેનારા નારકીઓ અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે પ્રકારના હોય, તેથી ૭×૨=૧૪ ભેદ નારકીના થયા.

તિર્યંચના ૪૮ ભેદોઃ—

દેવ, નારકી અને મનુષ્ય સિવાયના બાકી બધા તિર્યંચ કહેવાય.

તેના મૂળભેદ ત્રણ. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય.

એકેન્દ્રિયના મૂળ ભેદ ૫ ઉત્તરભેદ ૨૨

૧ પૃથ્વીકાય
૨ અપ્કાય
૩ તેજસ્કાય
૪ વાયુકાય
૫ વનસ્પતિકાય

આમાં વનસ્પતિકાયના બે ભેદ. સાધારણ અને પ્રત્યેક, એટલે કુલ છ ભેદ, તેમાંથી પ્રત્યેક વનસ્પતિકાય સિવાય દરેકના પાંચના સૂક્ષ્મ અને બાદર ભેદ ગણતાં ૫×૨=૧૦ અને બાદર પ્રત્યેક વનસ્પતિકાય મળી કુલ ૧૧ ભેદ થાય,

તે દરેકના અપર્યાપ્તા–પર્યાપ્તા ભેદ ગણતાં ૧૧×૨=૨૨ ભેદ એકેન્દ્રિયના થાય.

વિકલેન્દ્રિયના મૂળભેદ ૩ ઉત્તરભેદ ૬

વિકલેન્દ્રિયના બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ત્રણ ભેદ છે,

સે દરેકના અપર્યાપ્તા અને પર્યાપ્તા ભેદ ગણતાં ૩×૨=૬ ભેદ વિકલેન્દ્રિયના થાય.

પંચેન્દ્રિય તિર્યંચના મૂળભેદ ૩ ઉત્તરભેદ ૨૦

૧ જલચર		આમાં સ્થલચરના ત્રણ ભેદ.
૨ સ્થલચર		૧ ચતુષ્પદ (ચાર પગવાળા)
		૨ ભુજપરિસર્પ (ભુજાના બળે ચાલનારા)
		૩ ઉરપરિસર્પ (છાતીના બળે ચાલનારા)
૩ ખેચર		

આ રીતે પંચેન્દ્રિય તિર્યંચના મૂળભેદ પાંચ થાય.

આ પાંચના દરેકના ગર્ભજ અને સંમૂર્ચ્છિમ ભેદ ગણતાં ૫×૨=૧૦ ભેદ થાય, અને તે દશ ભેદના દરેકના અપર્યાપ્તા અને પર્યાપ્તા ભેદ ગણતાં ૧૦×૨=૨૦ ભેદ પંચેન્દ્રિય-તિર્યંચના થાય.

એકેન્દ્રિયના	૨૨ ભેદ
વિકલેન્દ્રિયના	૬ ભેદ
પંચે૦તિર્યંચના	૨૦ ભેદ
કુલ	૪૮ ભેદ તિર્યંચના જાણવા.

મનુષ્યના ૩૦૩ ભેદઃ—

મનુષ્યના મૂળ ભેદ ત્રણ—

૧ કર્મભૂમિજ=૧૫ કર્મભૂમિમાં ઉત્પન્ન થનારા.

૨ અકર્મભૂમિજ=૩૦ અકર્મભૂમિમાં ઉત્પન્ન થનારા.

૩ અંતર્દ્વીપજ=૫૬ અંતર્દ્વીપમાં ઉત્પન્ન થનારા.

કર્મભૂમિના ભેદ=૧૫

ભરતક્ષેત્ર	ઐરવતક્ષેત્ર	મહાવિદેહક્ષેત્ર
૫	૫	૫

અકર્મભૂમિના ભેદ=૩૦

હિમવંતક્ષેત્ર	હરિવર્ષક્ષેત્ર	રમ્યકક્ષેત્ર
૫	૫	૫
હિરણ્યવંતક્ષેત્ર	દેવકુરૂક્ષેત્ર	ઉત્તરકુરૂક્ષેત્ર
૫	૫	૫

અંતર્દ્વીપના ભેદ–૫૬

ભરતક્ષેત્રની ઉત્તર સીમાએ રહેલ **લઘુહિમવંત** પર્વતના પૂર્વ અને પશ્ચિમ બાજુના ભાગમાં હાથીદાંતના આકારે બે છેડા (દાઢારૂપે) ગયા છે એટલે પૂર્વ બાજુ બે અને પશ્ચિમ બાજુ બે એમ કુલ ૪ દાઢાઓ જેવા છેડા છે, તે દરેક ઉપર સાત દ્વીપો છે, તે સમુદ્રમાં છે, માટે અંતર્દ્વીપ કહેવાય છે.

આ રીતે ૭×૪=૨૮ અંતર્દ્વીપો **લઘુહિમવંત** પર્વતની ૪ દાઢા પર છે.

આ રીતે **ઐરવત** ક્ષેત્રની ઉત્તર સીમાએ રહેલ **શિખરી** પર્વતના પણ પૂર્વ અને પશ્ચિમ બાજુના સમુદ્રમાં

ગયેલા હાથીદાંતના આકારના બન્ને છેડા (દાઢા) ઉપર ૭–૭ અંતર્દ્વીપો છે.

એટલે ૭×૪=૨૮ અંતર્દ્વીપો શિખરી પર્વતની ૪ દાઢા પર છે.

આ રીતે **લઘુહિમવંતપર્વતની** ૪ દાઢાના ૨૮ અંતર્દ્વીપો અને **શિખરીપર્વતની** ૪ દાઢાના ૨૮ અંતર્દ્વીપો મળી કુલ ૫૬ અંતર્દ્વીપો થાય છે.

આ રીતે—

૧૫ કર્મભૂમિજ મનુષ્યો
૩૦ અકર્મભૂમિજ ,,
૫૬ અંતર્દ્વીપજ ,,

૧૦૧ ભેદ થયા.

આવા ૧૦૧ અપર્યાપ્ત ગર્ભજ મનુષ્યો
૧૦૧ પર્યાપ્ત ,, ,,
૧૦૧ અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ ,,

કુલ ૩૦૩ ભેદ મનુષ્યના જાણવા.

ખાસ—

મનુષ્યમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે. તેથી પંચેન્દ્રિય તિર્યંચના જીવભેદોની જેમ

ગર્ભજ–સંમૂર્ચ્છિમના દરેકના અપર્યાપ્તા–પર્યાપ્તા ભેદ નથી થતા, તેમ થાય તો ૪૦૪ ભેદ મનુષ્યના થાય પણ **સંમૂર્ચ્છિમ મનુષ્યો પર્યાપ્તા હોતા જ નથી** તેથી ૩૦૩ ભેદ મનુષ્યના જાણવા.

આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

દેવના ૧૯૮ ભેદઃ—

દેવના મૂળ ભેદ ચાર—

૧ ભવનપતિ, ૨ વ્યંતર, ૩ જ્યોતિષી, ૪ વૈમાનિક આ ચાર મૂળભેદોના ઉત્તરભેદ ગણતાં—

ભવનપતિના—૨૫—(અસુરકુમારાદિ પરમાધામી)
૧૦ ૧૫

વ્યંતર—૨૬—(વ્યંતર વાણવ્યંતર તિર્યક્‌ર્જૃંભક)
૮ ૮ ૧૦

જ્યોતિષી—૧૦—(સૂર્યાદિ ૫—ચર અને સ્થિર)

વૈમાનિક—૩૮—(સૌધર્માદિ-ગ્રૈવેયક–અનુત્તર લોકાંતિક૯ કિલ્બિ૦)
૧૨ ૯ ૫ ૯ ૩

———

કુલ ૯૯ ભેદ દેવોના થાય છે.

તે ભેદોના દરેકના અપર્યાપ્ત–પર્યાપ્તા ભેદ ગણતાં ૯૯×૨=૧૯૮ ભેદ દેવના થાય.

આ રીતે—

નારકીના	૧૪
તિર્યંચના	૪૮
મનુષ્યના	૩૦૩
દેવના	૧૯૮
કુલ	૫૬૩ ભેદ જીવના જાણવા. સં.]

૧૨ શિષ્ય :–જીવ શાશ્વત કે અશાશ્વત ?

ગુરૂ :–નિશ્ચયનયને મતે જીવ શાશ્વત છે અને વ્યવહાર નયને મતે જીવ અશાશ્વત છે,

કેમ કે નિશ્ચયનયને મતે જીવ છેદ્યો છેદાય નહિ અને ભેદ્યો ભેદાય નહિ. સત્તાએ શાશ્વતો સિદ્ધસમાન છે,

વ્યવહારનયને મતે તો એકેંદ્રિય, બેઈંદ્રિય તેઈંદ્રિય, ચઉરિંદ્રિય, દેવતા, નારકી, મનુષ્ય, તિર્યંચ એમ અનેક પ્રકારે જીવ ગતિ સંબંધી ભવ કરે છે. વલી તિહાંથી મરણ પામે છે વળી તિહાંજ પાછો ફરે છે–જઈ ઉપજે છે. એમ અનેક પ્રકારે જન્મ–મરણનાં દુઃખ ભોગવે છે, માટે જીવ અનેકવિધ પર્યાયોને અનુભવે છે, તેથી વ્યવહારનયને મતે જીવ અશાશ્વત કહેવાય.

૧૩ શિષ્ય :–જીવનાં દ્રવ્યપ્રાણ તે શું ? અને ભાવપ્રાણ તે શું ?

ગુરૂ :–સંગ્રહનયને મતે તો જે ગતિનું આયુ ઇહાં બાંધ્યું છે તે ગતિના દ્રવ્યપ્રાણ કહેવાય.

જો દેવતાનું આયુ બાંધ્યું હોય તો તે દ્રવ્યદેવ હોવાથી તે દેવતાની ગતિના દ્રવ્યપ્રાણ કહેવાય અને જો નારકીનું આયુ બાંધ્યું હોય, તો તે દ્રવ્ય નારકી હોવાથી નરકગતિના દ્રવ્યપ્રાણ કહેવાય.

હવે ભાવપ્રાણ કહે છે :–

જે ગતિનું આયુ ઈહાં બાંધ્યું હતું તે ગતિમાં જઈ ઉપન્યો, એટલે વ્યવહારનયને મતે તિહાં ભાવપ્રાણ પ્રગટ થયા માટે તેને ભાવપ્રાણ કહીયે. અર્થાત્ આપણે આગળ મનુષ્યગતિનું આયુ બાંધ્યું હતું, તે વારે તિહાં મનુષ્યગતિના દ્રવ્યપ્રાણ હતા અને ઈહાં હમણાં મનુષ્યગતિપણે ભોગવીએ છીએ, તે ભાવપ્રાણ કહીયે.

એ રીતે દ્રવ્યપ્રાણ તથા ભાવપ્રાણનું સ્વરૂપ સંગ્રહનય અને વ્યવહારનયને મતે જાણવું.

વલી નિશ્ચય અને વ્યવહારનયને મતે દ્રવ્યપ્રાણ તથા ભાવપ્રાણનું સ્વરૂપ કહે છે :

એટલે હમણાં ઈહાંની ગતિ સંબંધી જે પ્રાણ ભોગવીએ છીએ તે દ્રવ્યપ્રાણ કહીયે, અને જે અંતરંગ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ જે સત્તાગતે જીવને રહ્યાં છે તે ભાવપ્રાણ કહીયે.

૧૪ શિષ્ય :–વાટે વહેતાં (પરલોકે જતાં) જીવને કેટલા પ્રાણ પામીયે ?

ગુરૂઃ–દ્રવ્યથકી તો જે ગતિનું આયુ બાંધ્યું છે, તે ગતિના જેટલા પ્રાણ હોય, તેટલાં પામીયે.

જો એકેંદ્રિયનું આયુ બાંધ્યું હોય, તો ચાર પ્રાણ પામીયે, જો બેઇંદ્રિય, તેઇંદ્રિયનું આયુ બાંધ્યું હોય તો છ–સાત પ્રાણ પામીયે, જો ચઉરિંદ્રિયનું આયુ બાંધ્યું હોય, તો આઠ પ્રાણ પામીયે, અને જો પંચેંદ્રિયનું આયુ બાંધ્યું હોય તો નવ–દસ પ્રાણ પામીયે.

એ રીતે દ્રવ્યથકી તો જે ગતિનું આયુ બાંધ્યુ હોય, તે ગતિના તેટલા પ્રાણ પામીયે અને ભાવથકી આગળનું આયુષ્ય જે સમયે પૂર્ણ થયું, તે સમયે આગળની ગતિનું દ્રવ્ય આયુષ્ય સત્તાયે બાંધ્યું હતું તે ભાવપણે ઉદયમાં આવ્યું એટલે વાટે વહેતાં (પરલોકમાં જતાં) એક સમય અથવા બે સમય લાગે, તે વેળાએ ભાવ આયુષ્ય ભોગવ્યું તે માટે વાટે વહેતાં ભાવપ્રાણ એકજ પામીયે.

૧૫ શિષ્યઃ–જીવને વ્યવહારથકી નિત્ય કહીયે છીએ તેમજ વ્યવહારથકી અનિત્ય પણ કહીયે છીએ તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ–જે ગતિમાં જીવ બેઠો છે તે ગતિમાં વ્યવહારથકી નિત્ય કહીયે અને સમયે સમયે આયુ ઘટે છે તેથી વ્યવહારથકી અનિત્ય પણ કહીયે છીએ.

૧૬ શિષ્યઃ–જીવને નિશ્ચયથકી નિત્ય કહીયે છીએ તેમજ નિશ્ચયથકી અનિત્ય પણ કહીયે છીએ તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ–દ્રવ્યથકી જીવ અસંખ્યાત પ્રદેશી શાશ્વતો નિત્ય છે, તેથી નિત્ય કહીયે અને પર્યાય થકી તો સમયે સમયે ઉત્પાદ–વ્યયરૂપ અગુરૂલઘુપર્યાયની હાનિ વૃદ્ધિ કરે છે, માટે અનિત્ય કહીયે,

એ રીતે નિશ્ચય થકી નિત્યાનિત્યનું સ્વરૂપ જાણવું.

એમ જીવનું સ્વરૂપ સામાન્ય પ્રકારે કહ્યું.

૧૭ શિષ્ય :–જીવનું સ્વરૂપ તો કહ્યું પણ અજીવનું સ્વરૂપ કેમ જાણીયે ?

ગુરૂઃ–અજીવનો મૂલ ભેદ તો એક છે અને ઉત્તરભેદ ચૌદ છે, તથા બીજી વિવક્ષાએ ભેદાંતરની દૃષ્ટિયે તો પાંચસો ને સાઈઠ છે, તેમાં પણ પાંચસો ને ત્રીસ ભેદ તો રૂપી છે અને ત્રીસ ભેદ અરૂપી છે, એનું વિશેષ સ્વરૂપ ગુરૂમુખથી જાણવું.

[અજીવતત્ત્વના ૫૬૦ ભેદો :–

અજીવતત્ત્વના મૂળ ભેદ પાંચ–

૧. ધર્માસ્તિકાય–જીવ–પુદ્ગલને ગતિમાં સહાયક.

૨. અધર્માસ્તિકાય– ,, ,, સ્થિતિમાં ,,

૩. આકાશાસ્તિકાય ,, ,, અવકાશ–જગ્યા દેનાર.

૪. પુદ્ગલાસ્તિકાય–પૂરણ–ગલન સ્વભાવવાળું દ્રવ્ય.

૫. કાળ વર્તનાસ્વરૂપ

આમાં પ્રથમના ત્રણ ભેદના દરેકના સ્કંધ, દેશ, પ્રદેશ ભેદ ગણતાં ૩×૩=૯ કાળનો ૧ ભેદ એકજ પ્રદેશ (સમયરૂપ) ગણતાં ૯×૧=૧૦ થાય.

પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ ગણતાં કુલ અજીવતત્ત્વના ૧૪ ભેદ થાય.

આ ચૌદ ભેદોમાં પુદ્ગલાસ્તિકાય સિવાયના બાકીના ચાર અરૂપી છે એટલે કુલ ૧૦ ભેદ અરૂપી અને એક પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદ રૂપી છે.

એટલે અરૂપી ચાર મૂળભેદના દરેકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ એ પાંચ પાંચ ભેદ ગણતાં ૫×૪=૨૦ ભેદ અરૂપીના થાય.

અને આ ૨૦ ભેદમાં ઉપરના ભેદ ૧૦ ઉમેરતાં કુલ અરૂપી અજીવના ૩૦ ભેદ થાય.

હવે રૂપી જે પુદ્ગલાસ્તિકાય છે, તેના પેટા ભેદ

વર્ણ	ગંધ	રસ	સ્પર્શ	અને	સંસ્થાન
૫	૨	૫	૮		૫

એમ ૨૫ થાય.

આમાં પાંચ વર્ણના પરસ્પર સંયોગી ભાંગા

વિચારતાં કૃષ્ણવર્ણના ૨૦ ભેદ થાય. તે રીતે બાકીના ચાર વર્ણના પણ ૨૦–૨૦ ભેદ થાય.

આ રીતે પાંચ વર્ણના પેટાભેદ ૧૦૦ થાય.

આ રીતે—

૨ ગંધના પરસ્પર સંયોગી ભાંગા ૪૬

૫ રસના ,, ,, ,, ૧૦૦

૮ સ્પર્શના વિરોધી સ્પર્શ બે બે હોવાથી તે બાદ કરતાં દરેક સ્પર્શના ૨૩–૨૩ ભેદ ગણતાં ૨૩×૮=૧૮૪ પરસ્પર સંયોગી ભાંગા થાય.

૫ સંસ્થાનના પરસ્પર સંયોગી ભાંગા ૧૦૦

આ રીતે પુદ્ગલાસ્તિકાય રૂપી અજીવના મૂળ ભેદ વર્ણાદિ પાંચના ૫૩૦ ભેદ થાય,

આ ૫૩૦માં અરૂપી અજીવના ૩૦ ભેદ ઉમેરતાં કુલ ૫૬૦ ભેદ અજીવના થાય.

૧૮ શિષ્ય :–પુદ્ગલ પુદ્ગલને નથી ગ્રહણ કરતા તે કયા નયે કરીને? તથા પુદ્ગલ, પુદ્ગલને ગ્રહણ કરે છે તે કયા નયે કરીને?

ગુરૂ:–નિશ્ચયનયે કરી પુદ્ગલ પરમાણુઓ મળી સ્કંધ થતા નથી. જો નિશ્ચયનયે કરી પરમાણુઓ મળી સ્કંધ થતા હોય, તો તે સ્કંધ કોઈવારે વિખરાય જ નહિ અને વ્યવહારનયે પુદ્ગલ પરમાણુઓ મળી સ્કંધ થાય છે તે પાછા વિખરાય છે, તે માટે વ્યવહારનયે કરી પુદ્ગલને ગ્રહે છે અને નિશ્ચયનયે કરી પુદ્ગલને ગ્રહણ કરતા નથી, એ પરમાર્થ જાણવો.

૧૯ શિષ્યઃ–જીવ પુદ્ગલને ગ્રહણ કરે છે, તે કયા નયે કરીને ગ્રહણ કરે છે? અને જીવ પુદ્ગલને ગ્રહણ નથી કરતો તે કયા નયે કરીને?

ગુરૂ :–વ્યવહાર નયને મતે જીવ રાગ–દ્વેષરૂપ અશુભ પરિણામે કરી સમયે સમયે અનંતા કર્મવર્ગણાના પુદ્ગલ ગ્રહે છે અને નિશ્ચયનયને મતે તો જીવ સ્વસત્તાને ધારણ કરે છે, પરંતુ જો નિશ્ચયનયને મતે જીવ કર્મપુદ્ગલને ગ્રહણ કરતો હોત તો કોઈ કાલે સિદ્ધિ પામત નહિ, તે માટે નિશ્ચયનયને મતે જીવ પોતાની સત્તાને ગ્રહણ કરે છે અને વ્યવહારનયને મતે જીવ, કર્મપુદ્ગલને ગ્રહણ કરે છે.

એ રીતે જીવ તથા અજીવ, એ બે તત્ત્વ જ્ઞેય એટલે જાણવા યોગ્ય છે. તેનો પરમાર્થ સંક્ષેપમાત્ર કહ્યો.

૨૦ શિષ્ય :–એ નવતત્ત્વમાંથી ઉપાદેય એટલે આદરવા યોગ્ય કેટલા તત્ત્વ છે?

ગુરૂઃ–નવતત્ત્વમાં ત્રણ તત્ત્વ આદરવા યોગ્ય છે, કેમકે જીવ પોતાના સ્વરૂપમાં રમે તે વારે સંવર કહીયે અને જે વારે જીવ સંસારમાં રહે તે વારે સમયે સમયે અનંતા કર્મની નિર્જરા કરે છે અને જે વારે નિર્જરા થાય તે વારે જીવ મોક્ષપદ પામે, માટે **સંવર, નિર્જરા અને મોક્ષ** એ ત્રણ તત્ત્વ ઉપાદેય છે.

૨૧ શિષ્યઃ–એ નવતત્ત્વમાંથી દ્રવ્યજીવમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ-" णोआगमओ दव्वं " એ અનુયોગદ્વાર સૂત્રનું વચન છે, એટલે શબ્દનયને મતે જેને સ્વ-પરની વહેંચણરૂપ ઉપયોગ વર્તતો નથી, તેને અનુપયોગ દ્રવ્યજીવ કહીયે, તેમાં છ તત્ત્વ પામીયે.

એક તો જીવતત્ત્વ અને સત્તાએ પુણ્ય-પાપના દળીયા અજીવરૂપ અનંતા લાગી રહ્યા છે, તે આશ્રવ-ભૂત જાણવા.

એટલે જીવ, અજીવ, પુણ્ય, પાપ અને આશ્રવ, એ પાંચ તત્ત્વ થયાં. અને એ દળીયે જીવ બંધાણો છે છે. માટે છઠું, બંધતત્ત્વ પણ છે, એ રીતે દ્રવ્યજીવમાં નવતત્ત્વ માંહેલા છ તત્ત્વ જાણવા.

૨૨ શિષ્યઃ-નવતત્ત્વ માંહેલા ભાવજીવમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ-ભાવજીવમાં આઠ તત્ત્વ પામીયે. તથા નવ તત્ત્વ પણ પામીયે. અને ત્રણ તત્ત્વ પણ પામીયે.

તેમાં પ્રથમ આઠ તત્ત્વ આવી રીતે પામીયેઃ-કે " उवओगो भावे " એ અનુયોગદ્વાર સૂત્રનું વચન છે. એટલે જે જીવને શબ્દનયને મતે સ્વ-પરની વહેંચણરૂપ સ્વરૂપોપયોગ ઉપયોગ વર્તે છે, તેને ઉપયોગી ભાવ જીવ કહીયે.

તેમાં આઠ તત્ત્વ પામીયે. તેના નામ કહે છે.

એક તો **જીવ** અને સત્તાએ **પુણ્ય-પાપના** દળીયા **અજીવરૂપ** અનંતા છે, તે **આશ્રવભૂત** જાણવા, એટલે **જીવ, અજીવ, પુણ્ય, પાપ** અને **આશ્રવ**, એ પાંચ તત્ત્વ થયાં, અને એ દળીયે જીવ બંધાણો છે, માટે છઠું **બંધતત્ત્વ** પણ થયું અને **સ્વ-પરની વહેંચણ કરી જીવ સ્વરૂપમાં** રહે, તે વારે તેને સાતમું **સંવરતત્ત્વ** કહીયે. તથા જીવ જ્યાંસુધી સંવરમાં રહે, ત્યાં સુધી સમયે સમયે અનંતા કર્મના દળીયા નિર્જરાવે, તે આઠમું **નિર્જરાતત્ત્વ** પામીયે. એમ આઠ તત્ત્વ પામીયે.

તથા **સમભિરૂઢનયને મતે કેવલીને ભાવજીવ** કહીયે, તેમાં નવે તત્ત્વ પામીયે. તે આવી રીતે :—

એક તો કેવલીનો **જીવ** અને સત્તાએ **પુણ્ય-પાપના** દળીયા **અજીવરૂપ** અનંતા રહ્યા છે, તે **આશ્રવપ્રાયઃ** જાણવા એટલે **જીવ, અજીવ પુણ્ય, પાપ** અને **આશ્રવ** એ પાંચ તત્ત્વ થયાં. એ દળીયાએ કેવલીને બાંધી રાખ્યા છે, તેથી મોક્ષપુરીમાં જતા રોકાણા છે, માટે એ છઠું **બંધતત્ત્વ** જાણવું. અને **સ્વસત્તા તથા પરસત્તાની વહેંચણ કરી શુકલધ્યાનના બીજા-ત્રીજા પાયા વચ્ચે રહ્યા થકા સ્વરૂપમાં** વર્તે છે, તે સાતમું **સંવર-તત્ત્વ** છે, અને સંવરમાં રહેતાં સમયે સમયે અનંતા કર્મ **નિર્જરાવે** છે, તે આઠમું **નિર્જરાતત્ત્વ** છે, અને નિર્જરા થઈ તે વારે બારમે ગુણઠાણે અજ્ઞાન, રાગ, દ્વેષ અને મોહનીય કર્મને ખપાવીને તેરમે ગુણઠાણે કેવલજ્ઞાન પામ્યા

એટલે એમને દ્રવ્યથી મોક્ષપદ કહીયે. એ નવમું મોક્ષતત્ત્વ થયું. **એ રીતે નવ તત્ત્વ પામીયે.**

તથા **એવંભૂતનયને મતે સિદ્ધને ભાવજીવ કહીયે,** તેમાં ત્રણ તત્ત્વ પામીયે, તે આવી રીતે :–

એક તો સિદ્ધનો જીવ પોતે **જીવતત્ત્વ** છે, તથા **યથાખ્યાત ચરિત્રરૂપ ગુણે કરી પોતાના સ્વરૂપમાં રમણ કરે છે** તે બીજું **સંવરતત્ત્વ** કહીયે. અને **ભાવમોક્ષપદ** પામ્યા છે, તે ત્રીજું **મોક્ષતત્ત્વ** કહીયે. એમ **એવંભૂતનયને મતે સિદ્ધભાવજીવમાં ત્રણ તત્ત્વ પામીયે. એ પરમાર્થ.**

૨૩ **શિષ્યઃ**–નવતત્ત્વ માંહેલા મિથ્યાત્વી જીવમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ–**મિથ્યાત્વીને દ્રવ્યજીવ કહીયે.** તેમાં આગળ કહ્યાં તે રીતે છ તત્ત્વ પામીયે.

૨૪ **શિષ્યઃ**–નવતત્ત્વ માંહેલા સમકિતી જીવમાં કેટલાં તત્ત્વ પામીએ ?

ગુરૂઃ–સમકિતી જીવમાં આઠ તત્ત્વ પામીયે, નવ તત્ત્વ પણ પામીયે, અને ત્રણ તત્ત્વ પણ પામીયે. તેમાં આઠ તત્ત્વ આવી રીતેઃ–**શબ્દનયને મતે સ્વ-પરની વહેંચણ કરી સત્તાગતના ઉપયોગમાં જેનો ભાવ વર્તે છે, તેને સમકિતી જીવ કહીયે.** તેમાં આગળ ભાવજીવમાં કહ્યા, તે જ રીતે આઠ તત્ત્વ પામીયે.

તથા **સમભિરૂઢનયને મતે કેવલી ભગવાન પણ ક્ષાયિક સમકિતવંત છે,** તેમાં આગળ ભાવજીવમાં કહ્યા તેજ રીતે નવ તત્ત્વ પામીયે.

તથા **એવંભૂતનયને મતે સિદ્ધ ભગવાન્ પણ ક્ષાયિક સમકિતી છે,** તેમાં આગળ કહ્યા તે રીતે અહિંઆ પણ ત્રણ તત્ત્વ જાણી લેવા.

એ રીતે નવ તત્ત્વમાંથી સમકિતી જીવમાં આઠ, નવ અને ત્રણ તત્ત્વનું સ્વરૂપ જાણવું.

૨૫ **શિષ્યઃ**–નવ તત્ત્વ માંહેલા અભવ્ય જીવમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ–અભવ્યજીવમાં આગળ દ્રવ્યજીવમાં કહ્યા તે રીતે છ તત્ત્વ પામીયે.

૨૬ **શિષ્યઃ**–એ નવ તત્ત્વ માંહેલા ભવ્ય જીવમાં કેટલા તત્ત્વ પામીએ ?

ગુરૂઃ–ભવ્ય જીવમાં છ તત્ત્વ, આઠ તત્ત્વ, નવ તત્ત્વ અને ત્રણ તત્ત્વ પણ પામીયે, તે આવી રીતે કે :—

જે ભવ્યજીવ મિથ્યાત્વી હોય, તેમાં આગળ દ્રવ્યજીવમાં કહ્યાં તે રીતે છ તત્ત્વ પામીયે અને **જે ભવ્ય-જીવ સમકિતી** હોય તેમાં આગળ કહ્યા પ્રમાણે આઠ તત્ત્વ પામીએ.

તથા **કેવલીભવ્યજીવમાં** આગળ કહ્યા પ્રમાણે નવ

તત્વ પામીયે અને સિદ્ધને પણ ભવ્યજીવ કહીયે, તેમાં આગળ કહ્યા પ્રમાણે ત્રણ તત્વ પામીયે.

એ રીતે દ્રવ્યજીવ, ભાવજીવ, મિથ્યાત્વીજીવ, સમકિતી જીવ, અભવ્યજીવ અને ભવ્યજીવ, એ છ પ્રકારે જીવનું સ્વરૂપ સામાન્યે કરી જાણવું.

૨૭ શિષ્યઃ–તમે કેવલી ભગવાન્ને તથા સિદ્ધ–ભગવાન્ને ભવ્યજીવ કહ્યા, તો હજી શું સંસારમાં ભવ કરવા બાકી રહ્યા છે?

ગુરૂઃ–એ વચન મૂર્ખપણાનું બોલે છે, જે કારણે **જેને પલટણ સ્વભાવ છે તેને ભવ્ય સ્વભાવ કહીયે, અને અપલટણ સ્વભાવને અભવ્ય સ્વભાવ કહીયે,** માટે કેવલીને તથા સિદ્ધને સમયે–સમયે અનંતા પર્યાયનો ઉત્પાદ–વ્યયરૂપ સ્વભાવ પલટાઈ રહ્યો છે, તેથી જ તેઓ અનંતું સુખ ભોગવે છે, તે માટે એમાં ભવ્ય સ્વભાવ જાણવો.

૨૮ શિષ્યઃ–એ નવ તત્વ માંહેલા રૂપી અજીવમાં કેટલાં તત્વ પામીયે?

ગુરૂઃ–કોઈ જીવને સત્તાએ પુણ્ય અને પાપના દળીયા આશ્રવરૂપ અનંતા લાગ્યાં છે, તે સર્વ દળીયા અજીવ છે, માટે પુણ્ય, પાપ, આશ્રવ અને અજીવ, એ ચાર તત્વ થયા અને એ દળીયાં મળી બંધાય છે, એટલે પાંચમું બંધતત્વ પણ થયું. એમ **રૂપી અજીવમાં પાંચ તત્ત્વ પામીએ.**

૨૯ શિષ્યઃ–એ નવ તત્વ માંહેલા પુણ્યમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ–કોઈ જીવ પુણ્ય બાંધે, તે વારે ચાર તત્ત્વ પામીયે, તે આવી રીતે :—

જે પુણ્યના દળીયા પોતે અજીવ છે, તે આશ્રવ રૂપ જાણવા, એટલે પુણ્ય, અજીવ અને આશ્રવ, એ ત્રણ તત્વ થયાં. તથા એ દળીયાં મળી બંધાય છે તે ચોથું બંધતત્વ થયું. એ રીતે પુણ્યમાં ચાર તત્ત્વ પામીયે.

૩૦ શિષ્યઃ–એ નવ તત્વ માંહેલા પાપમાં કેટલાં તત્વ પામીયે ?

ગુરૂઃ–કોઈ જીવ જે વારે પાપ બાંધે, તે વારે ચાર તત્ત્વ પામીયે, તે આવી રીતે :—

પાપના દળીયાં પોતે અજીવ રૂપ છે તે આશ્રવ રૂપ જાણવા એટલે પાપ, અજીવ અને આશ્રવ એ ત્રણ તત્વ થયાં, અને એ પાપના દળીયાં મળી બંધાય તે ચોથું બંધતત્વ થયું. એ રીતે પાપમાં ચાર તત્ત્વ જાણવા.

૩૧ શિષ્યઃ–નવ તત્વ માંહેલા આશ્રવમાં કેટલાં તત્વ પામીયે ?

ગુરૂઃ–જે વારે જીવ, આશ્રવનું ગ્રહણ કરે, તે વારે પાંચ તત્ત્વ પામીયે, તે આવી રીતે :—

પુણ્ય અને પાપના દળીયાં અજીવરૂપ છે તે પણ

આશ્રવપ્રાયઃ જાણવા. એટલે પુણ્ય, પાપ, અજીવ અને આશ્રવ, એ ચાર તત્વ થયાં અને એ ઢળીયાં મળી બંધાય છે, તે પાંચમું બંધતત્ત્વ જાણવું.

૩૨ શિષ્યઃ—નવ તત્વ માંહેલા સંવરમાં કેટલાં તત્વ પામીયે ?

ગુરૂઃ—જે વારે જીવ સ્વ-પરની વહેંચણરૂપ સ્વભાવમાં આવે, તે વારે સંવર કહેવાય, અને સંવરમાં જેટલી વાર જીવ રહે, તેટલી વાર નિર્જરા પણ અવશ્ય કરે, એટલે જીવ, સંવર અને નિર્જરા, એ ત્રણ તત્ત્વ સંવરમાં પામીયે.

૩૩ શિષ્યઃ—નવ તત્વ માંહેલા નિર્જરામાં કેટલાં તત્વ પામીયે ?

ગુરૂઃ—જે વારે જીવ તત્ત્વાતત્ત્વ વિચારરૂપ ઉપયોગમાં વર્તે, તે વારે સંવર કહીયે અને સંવરમાં જીવ રહે, તિહાં સુધી સમયે-સમયે અનંતા કર્મની નિર્જરા કરે, એટલે જીવ, સંવર અને નિર્જરા એ ત્રણ તત્ત્વ નિર્જરામાં પામીયે.

૩૪ શિષ્યઃ—નવ તત્વમાંથી બંધ તત્વમાં કેટલાં તત્વ પામીએ ?

ગુરૂઃ—કોઈ જીવ, કર્મ બાંધે તે વારે પુણ્ય, પાપ અને આશ્રવ તેના ઢળીયા હોય, તેને અજીવ કહીયે. તે ઢળીયા કર્મરૂપ મળી સર્વ બંધાય છે, એ રીતે પુણ્ય, પાપ, આશ્રવ, અજીવ અને બંધ, એ પાંચ તત્ત્વ બંધમાં પામીયે.

૩૫ શિષ્યઃ–નવ તત્વમાંથી દ્રવ્યમોક્ષપદમાં કેટલાં તત્વ પામીયે ?

ગુરૂ :–દ્રવ્યમોક્ષપદ તો અજ્ઞાન, રાગ, દ્વેષ અને મોહનીય કર્મનો બારમે ગુણઠાણે ક્ષય કર્યો અને તેરમે ગુણઠાણે કેવલજ્ઞાન પામ્યા એવા કેવલી ભગવાન્ તેને દ્રવ્યમોક્ષપદ કહીયે, તેમાં તો એ નવે તત્વ પામીયે. તે આવી રીતે :–

એક તો કેવલી ભગવાનનો જીવ તે પોતે જીવતત્ત્વ છે અને તેને સત્તાયે પુણ્ય–પાપના દળીયાં અજીવસ્વરૂપ અનંતા રહ્યા છે, તે આશ્રવરૂપ જાણવા. જીવ, અજીવ, પુણ્ય, પાપ, અને આશ્રવ, એ પાંચ તત્વ થયા, અને દળીયે કેવલીને બાંધી રાખ્યા છે, તેથી કરીને મોક્ષમાં જતાં રોકાણા છે, માટે છઠ્ઠું બંધતત્વ થયું અને સ્વ–સત્તા–પર–સત્તાની વહેંચણ કરી શુકલધ્યાનના ત્રીજા પાયા વચ્ચે રહ્યા થકા સ્વરૂપમાં વર્તે છે, તે સાતમું સંવર તત્વ થયું અને સંવરમાં રહેતાં સમયે સમયે અનંતા કર્મ નિર્જરાવે છે, તે આઠમું નિર્જરાતત્વ કહીયે, તથા અજ્ઞાન, રાગ, દ્વેષ અને મોહનીય કર્મ બારમે ગુણઠાણે ખપાવીને દ્રવ્યમોક્ષપદ પામ્યા છે, તે નવમું મોક્ષતત્વ કહીયે. એ રીતે દ્રવ્યમોક્ષપદમાં નવે તત્ત્વ પામીયે.

૩૬ શિષ્યઃ–નવતત્વમાંથી ભાવમોક્ષપદમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂ :–ભાવમોક્ષપદમાં ત્રણ તત્ત્વ પામીયે. કેમકે

જે સમસ્ત કર્મક્ષય કરીને લોકને અંતે વિરાજમાન વર્તે, તેને ભાવમોક્ષપદ કહીયે. તેમાં એક તો જીવતત્વ અને યથાખ્યાત ચારિત્રરૂપ ગુણે કરીને પોતાના સ્વરૂપમાં રમણ કરે છે તે બીજું સંવરતત્ત્વ કહીયે અને ભાવમોક્ષપદ પામ્યા છે તે ત્રીજું મોક્ષતત્વ જાણવું. એ ભાવમોક્ષપદમાં ત્રણ તત્વ જાણવા.

એ રીતે એ નવ તત્ત્વનું સ્વરૂપ જે જાણે, તેને જ્ઞાની કહીયે અને જે અંતરંગ પ્રતીતે સદ્દહે તેને સમકિતી કહીયે. એવા સમકિત સહિત જે જીવ છે, તેની સર્વ કરણી લેખે છે.*

૩૭ શિષ્યઃ—એ નવતત્વમાં મૂલ તત્વ કેટલાં પામીયે ?

ગુરૂઃ—મૂલ તત્વ તો એક જીવ અને બીજો અજીવ એ બે તત્વ પામીયે.

તિહાં જીવમાં ચાર તત્ત્વ થાય, તે આવી રીતે :—

જીવ જે વારે સ્વસત્તા અને પરસત્તાની વહેંચણ કરી સ્વરૂપમાં રમે, તે વારે સંવર કહીયે, અને સંવરમાં જીવ વર્તે, તે વારે સમયે-સમયે અનંતા કર્મ

---

* જ્ઞાન-નિરપેક્ષ ક્રિયા કરનારાઓ તથા જ્ઞાનીની નિશ્રા છોડી સ્વચ્છંદ ક્રિયા કરનારાઓની અપેક્ષાએ આ વાત જાણવી. તેવાઓની ક્રિયા નવતત્ત્વની આવી સમજણ વિના લેખે ન લાગે. બાકી જ્ઞાનાવરણીયના ઉદયથી શબ્દજ્ઞાન ન પામી શકે કદાચ તો પણ જ્ઞાનીની નિશ્રામાં રહી સાપેક્ષપણે જેઓ ક્રિયા કરે છે તેઓની ક્રિયા તો નિર્જરાનું અંગ છે, તેઓને ભાવસમ્યક્ત્વ સ્પર્શેલું હોય છે. વધુ આ વાત ગુરુગમથી ધારવી.

નિર્જરાવે, તેથી નિર્જરા તત્વ થાય. તે નિર્જરા થાય તે વારે મોક્ષ પામે, એ રીતે જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વ જીવમાં જાણવા.

અજીવમાં પાંચ તત્ત્વ આ પ્રમાણે જાણવા :–

પુણ્ય અને પાપરૂપ જે આશ્રવના દળીયા છે, તે અજીવ કહીયે, અને એ દળીયાં મળી બંધાય છે તે બંધ કહીયે, એટલે પુણ્ય, પાપ, આશ્રવ, અને બંધ એ રીતે અજીવમાં પાંચ તત્વ થાય.

એટલે જીવમાં ચાર અને અજીવમાં પાંચ મળી નવ તત્ત્વ છે, અને મૂલ તત્ત્વ બે જાણવા.

૩૮ શિષ્યઃ–પૂર્વે કહેલા મૂલ બે તત્વના ઉત્તર તત્વ કેટલાં પામીયે ?

ગુરૂઃ–ગાથા

જીવાજીવા પુણ્ણં, પાવાસવ સંવરો ય ણિજ્જરણા ॥
બંધો મુક્ખો ય તહા, णव तत्ता हुंति णायव्वा ॥ १ ॥

અર્થઃ–એક જીવજીવતત્વ, બીજું અજીવાઅજીવતત્વ, ત્રીજું પુણ્ણં પુણ્યતત્વ, ચોથું પાવ પાપતત્વ, પાંચમું આસવ આશ્રવતત્વ, છઠ્ઠું સંવરોસંવરતત્વ, વલી સાતમું ણિજ્જરણાનિર્જરાતત્વ, આઠમું બંધોબંધતત્વ, નવમું મુક્ખો મોક્ષતત્વ, એ નવતત્તાનવતત્વ, હુંતિહોય, તે णायव्वા નિપુણ બુદ્ધિએ કરી જાણવા.

એટલે એ નવતત્ત્વ નિપુણ બુદ્ધિયે કરી જાણે, તે જ્ઞાની જાણવા અને એ નવતત્ત્વ અંતરંગ પ્રતીતિ કરીને સદ્દહે તેને સમકિતી જાણવા.

એ નવતત્ત્વનું સ્વરૂપ અનેક રીતે ભિન્નભિન્ન પ્રકારે ગુરૂમુખથી ધારવું, કેમકે જે પ્રાણીને એ જીવાદિક નવ પદાર્થનું જાણપણું છે, તેને સમકિતી કહીયે અને સમકિત વિના અજ્ઞાન દશાએ કરી સર્વ કરણી આંક વિનાના મીંડા સરખી વ્યર્થ જાણવી, એટલે અજ્ઞાની જીવ જીવસ્વરૂપના ઉપયોગ વિના દ્રવ્યજીવ છે "अणुवओगो दव्वं" इति अनुयोगद्वारवचनात् ।

એટલે પૂજા, પ્રભાવના, દાન, શીલ, તપ, ક્રિયા, ધ્યાન, સ્મરણ, જ્ઞાન, એ સર્વ* ભાવનિક્ષેપે સમકિત સહિત લાભકારી છે.

અહિં કોઈ કહે છે જે મનઃ પરિણામ દૃઢ કરીને કરીયે તે ભાવ કહીયે એ વચન મૃષા છે. એ તો સુખની વાંછાએ મમત્વીપણે ઘણાય કરે છે; પરંતુ તે ભાવમાં ગણાય નહિ. ઈહાં તો જે સૂત્ર સાખે શ્રી વીતરાગની આજ્ઞાએ હેય-ઉપાદેયની પરીક્ષા કરી શુભાશુભ અજીવરુપ જે આશ્રવ બંધ તેના ઉપર હેય ત્યાગ-

* ભાવનિક્ષેપાનું સમકિત મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમાદિથી થાય છે, તેમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ નવતત્ત્વની વિગત જાણવા રૂપ તો જરૂરી નથી, તેથી નવતત્ત્વની આવી સ્પષ્ટ સમજણ વિના સમ્યક્ત્વ ભાવનિક્ષેપે ન હોય એમ કોઈએ અહીં ભ્રમણામાં ન પડવું.

બુદ્ધિ તથા જીવના સ્વગુણ, સંવર, નિર્જરા, અને મોક્ષ, તેને ઉપાદેય આદરવા યોગ્ય પરિણામ તે ભાવ કહીએ. એટલે શુભાશુભરૂપી ગુણ તે દ્રવ્ય છે, અને અરૂપી ગુણ તે ભાવ છે.

એટલે જે મન, વચન અને કાયાથી લેશ્યાદિકે એકચિત્તે કરે છે, પણ (વીતરાગ પ્રભુની આજ્ઞાની સાપેક્ષતા નથી સં.) તે સર્વ દ્રવ્યનિક્ષેપામાં છે માટે ભાવ વિનાનું દ્રવ્ય છે તે સર્વ અંક વિનાના મીંડા સરખું વૃથા જાણવું. એ શ્રી દેવચંદ્રજીકૃત આગમસારોદ્ધાર ગ્રંથથી પરમાર્થ જાણવો. અત્ર સૂત્રપાઠ :—

मेरुस्स सरिसवस्स य, जित्तियमित्तं तु अंतरं होई ।
दव्वत्थय-भावत्थय, अंतरमिह तत्तियं णेयं ॥ १ ॥

અર્થ—મેરુપર્વત અને સરસવના દાણાને જેટલું અંતર હોય, તેટલું દ્રવ્ય અને ભાવમાં જાણવું* માટે (જ્ઞાનીની નિશ્રાયે સાપેક્ષક્રિયાજન્ય સં.) સમકિતરૂપ ભાવ વિના સિદ્ધપદ ન પામે.

---

* [આ વાત પણ જરા ગંભીરતાથી, સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા જેવી છે દ્રવ્યસ્તવ ભાવસ્તવ એકબીજાના પૂરક છે, બંને એકબીજાને સાપેક્ષ છે, તો જે પરસ્પર સાપેક્ષતા ભૂલી જાય તેના માટેનું આ વાક્ય છે અહીં પ્રસ્તુત વિષયમાં આ ઉદ્ધારણ એકદેશીય રીતે સંગત કરેલું સં.]

શાર્દૂલવિક્રીડિત

ધ્યાનં દુઃખનિધાનમેવ તપસાં સંતાપમાત્રં ફલં,
સ્વાધ્યાયોપિ હિ બંધ એવ કુધિયા તેઽભિગ્રહાઃ કુગ્રહાઃ ।
અશ્લાઘ્યા ખલુ દાનશીલતુલના તીર્થાદિયાત્રા વૃથા,
સમ્યક્ત્વેન વિહીનમન્યદપિ યત્તત્સર્વમંતર્ગડુઃ ॥ ૧ ॥

અર્થઃ–(જ્ઞાનીઓની આજ્ઞા સાપેક્ષકિયા જન્ય સં.) સમ્યક્ત્વ વિના ધ્યાન તે દુઃખનો જ નિધાન એટલે ભંડાર છે, તથા તપ પણ સંતાપરૂપ માત્ર છે અર્થાત્ કષ્ટરૂપ છે. સજ્ઝાય ધ્યાન પણ નિશ્ચયનયે કરીને બંદીખાના રૂપ છે, માઠી બુદ્ધિએ (જ્ઞાની મર્યાદા વિરૂદ્ધ સં.) જે કોઈ અભિગ્રહ લેવા તે તો કુગ્રહ એટલે માઠા ગ્રહ બરોબર છે, તથા નિશ્ચે દાન, શીલ આદિ પરિણામની તુલના તે સર્વ અપ્રશંસનીય છે, વળી તીર્થ પ્રમુખની યાત્રા કરવી તે પણ વૃથા છે, (જ્ઞાનીઓની આજ્ઞા સાપેક્ષકિયા જન્ય) સમકિતે કરીને હીન થકો જે એટલા કામ કરે, તો તે સર્વ શરીરમાં ગડગૂંબડ તુલ્ય છે, એટલે દુઃખરૂપ છે એથી કાંઈ ગરજ સરે નહિ, કદાપિ નવગ્રૈવેયકે જાય, તો પણ ગરજ સરે નહિ. સમકિત વિના સિદ્ધિપદ ન પામે એ પરમાર્થ જાણવો.

૩૯ શિષ્યઃ–નવતત્વના ભેદાંતર તત્વ કેટલાં પામીએ ?

ગુરૂઃ–નવ તત્વના ભેદાંતર તત્વ (૨૭૬) પામીએ.

चउदस चउदस बाया–लीसा बासीय हुंति बायाला ।
सत्ताबण्णं बारस, चउ–णव भेया कमेणेसिं ॥ २ ॥

અર્થઃ–જીવ તત્વના ચૌદ (૧૪) ભેદ, અજીવના ચૌદ (૧૪), પુણ્યના બેંતાલીસ (૪૨), પાપના બ્યાસી (૮૨), આશ્રવના બેંતાલીસ (૪૨), સંવરના સત્તાવન(૫૭), નિર્જરાના બાર (૧૨), બંધના ચાર (૪) અને મોક્ષના નવ (૯) એવં સર્વ મળી ૨૭૬ ભેદ છે. તેને ભેદાંતર કહીયે. તેનો વિસ્તારથી પરમાર્થ ગુરૂમુખથી જાણવો.

૪૦ શિષ્યઃ–નવતત્વમાં અરૂપી તત્વ અને રૂપી તત્વ કેટલાં પામીએ ?

ગુરૂઃ–એક જીવતત્વ, બીજું સંવરતત્વ, ત્રીજું નિર્જરાતત્વ, ચોથું મોક્ષતત્વ, એ ચાર અરૂપી જાણવા અને એક પુણ્યતત્વ, બીજું પાપતત્વ, ત્રીજું આશ્રવતત્વ, ચોથું બંધતત્વ, એ ચાર રૂપી જાણવા અને એક અજીવતત્ત્વ મિશ્ર જાણવું. ઉક્તં ચ :

जीवो संवर णिज्जर, मुक्खो चत्तारि हुंति अरुवी ।
रुवे बंधासव पुण, पावा मिस्स हुंति अजीवा ॥ १ ॥

૪૧ શિષ્યઃ–એ નવતત્વના બસો ને છોંતેર ભેદ છે, તેમાં અરૂપીભેદ કેટલા પામીયે અને રૂપીભેદ કેટલા પામીયે ?

ગુરૂઃ–ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ, અને પ્રદેશ, આ ત્રણ ભેદ તથા અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ, આ ત્રણ ભેદ તથા આકાશાસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ, આ ત્રણ ભેદ અને કાળનો એક ભેદ; એ સર્વ મળી દસ ભેદ અજીવ તત્ત્વના અરૂપી જાણવા,

અને સંવરના સત્તાવન ભેદ, નિર્જરાના બાર ભેદ, મોક્ષના નવ ભેદ, એ સર્વ મળી અઠ્યાસી ભેદ અરૂપી જાણવા.

હવે રૂપી ભેદ દેખાડે છે. પુદ્ગલના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર ભેદ, જીવના ચૌદ ભેદ, પુણ્યના બેંતાલીસ ભેદ, પાપના બ્યાસી ભેદ, આશ્રવના બેંતાલીસ ભેદ, બંધના ચાર ભેદ, એ રીતે સર્વ મળી ૧૮૮ ભેદ રૂપી જાણવા.

એની સાથે પૂર્વોક્ત (૮૮) ભેદ અરૂપી મેલવીયે તે વારે સર્વ મળી નવે તત્વના (૨૭૬) ભેદ થાય.

એટલે આગલા પ્રશ્નમાં જીવને અરૂપી કહી બોલાવ્યો તે નિશ્ચયનયને મતે જાણવો અને આ ઠેકાણે નવ તત્વના (૨૭૬) ભેદમાં જીવના ચૌદ ભેદ રૂપીપણે ગણ્યા તે વ્યવહારનયને મતે જાણવું. ॥ ગાથા ॥

धम्माऽधम्मागासा, तिय तिय अद्धा अजीव दसगा य ।
सत्तावण्णं संवर, णिज्जर दुदस मुत्ति णवगा य ॥१॥
अट्ठासी य अरुवी, संपइ भणामि जे य रुवीणं ।
परमाणु खंध पएसा, खंधा चउ अजीव रुवीणं ॥२॥
जीवे दस चउ दु चउ, बासी बायाला हुंति चत्तारि ॥
सव्व अट्ठासी रूवी, दुसय छसत्तरीएव तत्ते ॥३॥

જે રીતે એ સૂત્રની ત્રણ ગાથા મધ્યે (૨૭૬) ભેદમાં રૂપી–અરૂપીનો વિચાર જાણી લેવો.

૪૨ શિષ્ય :—એ નવતત્ત્વમાંથી નિગોદના જીવ આશ્રી કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એક તો જીવ તત્ત્વ અને સત્તાએ પુણ્ય-પાપના દળીયાં તે અજીવરૂપ અનંતા લાગ્યા છે, તે આશ્રવભૂત જાણવા એટલે જીવ, અજીવ, પુણ્ય, પાપ અને આશ્રવ, એ પાંચ તત્ત્વ થયા અને એ દળીયે જીવ બંધાણો છે, તે છઠું બંધ તત્ત્વ જાણવું. એ રીતે નિગોદીયા જીવમાં છ તત્ત્વ જાણવા.

૪૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી નરકગતિના જીવમાં કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—નરકગતિમાં જે મિથ્યાત્વી જીવ તેને આશ્રયી તો છ તત્ત્વ પામીએ. એક જીવ અને સત્તાએ પુણ્ય-પાપરૂપ અજીવના અનંતા દળીયા આશ્રવભૂત થઈને લાગ્યા છે, એ પાંચ તત્ત્વ થયા અને એ દળીયે જીવ બંધાણો છે, તે છઠું બંધતત્ત્વ થયું,

એ રીતે મિથ્યાત્વી જીવ આશ્રયી છ તત્ત્વ જાણવા.

નરકગતિ મધ્યે જે સમકિતી જીવ છે, તે આશ્રયી આઠ તત્ત્વ પામીયે, એમાં છ તો પૂર્વોક્ત મિથ્યાત્વી જીવની પરે જાણવા અને સમકિતી જીવ તત્ત્વા-તત્ત્વવિચારરુપ સ્વ-પરની વહેંચણ કરી સ્વરુપમાં રહે એટલે સંવર કહીયે, તથા સંવરમાં જીવ રહે તિહાં સુધી સમયે સમયે અનંતી નિર્જરા કરે, તે નિર્જરા,

એ રીતે સમકિતી જીવ આશ્રયી આઠ તત્ત્વ પામીયે. એ પરમાર્થ જાણવો.

૪૪ શિષ્યઃ—નવતત્ત્વમાંથી ભરતક્ષેત્રે મનુષ્યગતિ આશ્રયી કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરુઃ—ભરતક્ષેત્રમાં સમકિતીજીવ આશ્રયી આઠ તત્ત્વ આગળ કહ્યા છે તે રીતે જાણવા, અને મિથ્યાત્વીજીવ આશ્રયી છ તત્ત્વ આગળ કહ્યા તે રીતે જાણવા.

૪૫ શિષ્યઃ—નવતત્ત્વમાંથી મહાવિદેહક્ષેત્રે મનુષ્ય આશ્રયી કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરુઃ—મહાવિદેહક્ષેત્રે મિથ્યાત્વી જીવ છે, તે આશ્રયી છ તત્ત્વ અને સમકિતીજીવ આશ્રયી આઠ તત્ત્વ આગળ કહ્યા તે રીતે જાણવા અને તિહાં કેવલી ભગવાન્ છે, તે આશ્રયી નવતત્ત્વ આગળ કહ્યા તે રીતે જાણવા.

૪૬ શિષ્યઃ—એ નવતત્ત્વમાંથી (પંચેન્દ્રિય) તિર્યંચગતિ આશ્રયી કેટલા તત્ત્વ પામીયે ?

ગુરુઃ—પંચેન્દ્રિય તિર્યંચજીવ એક રાજલોકમાં છે માટે સમકિતી તિર્યંચ જીવ આશ્રયી આઠ તત્ત્વ આગળ કહ્યા તે રીતે પામીયે અને મિથ્યાત્વીતિર્યંચ જીવ આશ્રયી છ તત્ત્વ આગળ કહ્યા તે રીતે પામીયે.

૪૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દેવગતિ આશ્રયી વ્યંતર, ભવનપતિ, જ્યોતિષી, વૈમાનિક અને નવગ્રૈવેયકના દેવોમાં કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—મિથ્યાત્વી દેવ આશ્રયી છ તત્ત્વ અને સમ-

કિતી દેવ આશ્રયી આઠ તત્ત્વ પામીયે. એનો પરમાર્થ આગળ કહ્યો તે રીતે જાણવો.

૪૮ શિષ્યઃ—નવતત્ત્વમાંથી પાંચ અનુત્તર દેવ આશ્રયી કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—પાંચ અનુત્તર વિમાનમાં તો સર્વ સમકિત દૃષ્ટિ દેવ જાણવા, માટે તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીએ.

૪૯ શિષ્યઃ—નવતત્ત્વમાંથી ઈષત્પ્રાગ્‌ભાર નામે પૃથ્વીના જીવો આશ્રયી કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—ઇષત્પ્રાગ્‌ભાર નામે પૃથિવી તે સિદ્ધશિલા જાણવી. તિહાં નિગોદીયા મિથ્યાત્વી જીવ છે, તે આશ્રયી આગળ કહ્યા તે રીતે છ તત્ત્વ પામીયે અને તિહાં સિદ્ધ પરમાત્મા રહ્યા છે તે આશ્રયી ત્રણ તત્ત્વ પામીયે.

૫૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યસમકિતી જીવમાં કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—દ્રવ્યસમકિતીજીવ પહેલે ગુણઠાણે કહીયે. માટે એમાં મિથ્યાત્વી જીવની પેઠે છ તત્ત્વ પામીએ. કારણકે દેવદર્શન, પૂજા, ઉત્સવ, ભક્તિ, સંઘયાત્રા, સાધર્મીવાત્સલ્ય આદિ અનેક કરણી સમકિતીની કરે છે, તથા દેવ તે અરિહંત, ગુરૂ તે સુસાધુ અને ધર્મ કેવલીનો ભાખ્યો આદરે છે, કુદેવ, કુગુરૂ અને કુધર્મને પરિહર્યા છે, (પણ જ્ઞાનીઓની મર્યાદા પ્રમાણે ચાલતા નથી, સ્વચ્છંદપણે ક્રિયા કરે છે.) તેથી તાદેશ આત્મા જીવ–અજીવની ઓળખાણ, સ્વસત્તા–પરસત્તાની પ્રતીતિ અને નવ તત્ત્વ અને

ષડ્દર્શનનું જાણપણું ગુરૂ મુખે કર્યું નથી માટે દ્રવ્ય-સમકિતીજીવ પહેલે ગુણઠાણે જાણવા.

પ૧ શિષ્યઃ—નવતત્ત્વમાંથી ભાવસમકિતીમાં કેટલાં તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—શ્રદ્ધનમને અંતે જેના પરિણામ વર્તતા હોય, તે ભાવસમકિતીજીવ ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ દશમા બારમા ગુણઠાણા પર્યંત જાણવા.

એટલે જેણે જીવ, અજીવ, નવતત્ત્વ અને ષડ્દ્રવ્યનું જાણપણું કરી સ્વસત્તા–પરસત્તાની પ્રતીતિ કરી છે અને સાધ્ય એક, સાધન અનેક, જે સમકિતની કરણીરૂપ યાત્રા, દર્શન, પ્રભાવના, પૂજા, ભક્તિ, સાધર્મીવાત્સલ્ય, સંઘયાત્રા, તીર્થયાત્રા પ્રમુખ કરે છે, તથા નિશ્ચયદેવ–વ્યવહારદેવ, નિશ્ચયગુરૂ–વ્યવહારગુરૂ, નિશ્ચયધર્મ–વ્યવહારધર્મ, એ રીતે જેણે સત્તાગતે ગુરૂમુખે પ્રતીતિ કરી છે, એવા ભાવ-સમકિતી જીવમાં આઠ તત્ત્વ પામીયે.

એક તો જીવને સત્તાએ પુણ્ય–પાપના ફળીયાં અજીવરૂપ અનંતા લાગ્યા છે, તે આશ્રવભૂત જાણવા, એટલે જીવ, અજીવ, પુણ્ય, પાપ અને આશ્રવ, એ પાંચ તત્ત્વ જાણવા અને એ ફળીયે જીવ બંધાણો છે, તે છઠું બંધતત્ત્વ તથા જીવ–અજીવરૂપ સ્વપરની વહેંચણી કરી સ્વરૂપમાં રહેવું તે સાતમું સંવરતત્ત્વ અને સંવરમાં રહે ત્યાં સુધી સમયે સમયે અનંતી નિર્જરા કરે, તે આઠમું નિર્જરા તત્ત્વ જાણવું.

શ્રી રાજેન્દ્ર સુબોધિની આગમ જ્ઞાન ભંડાર
શાસન સમ્રાટ ભવન
ક્રમાંક:

એ રીતે ભાવસમકિતી જીવમાં આઠતત્ત્વ પામીયે.

તથા **કેવલીને સમભિરૂઢ નયને મતે ભાવસમકિતી કહીયે.** તેમાં આગળ કહ્યા પ્રમાણે નવે તત્ત્વ પામીયે.

તથા **સિદ્ધપરમાત્માને એવંભૂત નયને મતે ભાવસમકિતી કહીયે.** તેમાં આગળ કહ્યા પ્રમાણે ત્રણ તત્ત્વ પામીયે.

એ રીતે ભાવસમકિતી જીવમાં આઠ, નવ અને ત્રણ તત્ત્વનું સ્વરુપ જાણવું.

૫૨ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યલિંગ શ્રાવકમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરુઃ—દ્રવ્યલિંગ શ્રાવક તો જે **ઋજુસૂત્રનયને** મતે પહેલે ગુણઠાણે હોય તે જાણવા. જો પણ તેના પરિણામ સંસાર ઉદાસી, વિષયસુખથી વિરક્તભાવે વર્તે છે, વૈરાગ્યભાવનાએ ચિત્ત વર્તે છે, અને શ્રાવકના બાર વ્રત રૂપ લિંગ અંગીકાર કર્યું છે, તો પણ જ્ઞાનીઓની આજ્ઞા–ગુરૂ નિશ્રા સાપેક્ષક્રિયા નથી, સ્વચ્છંદ પ્રવૃત્તિ કરે છે તેથી તાદેશ આત્મા જીવ–અજીવની ઓળખાણ, સ્વસત્તા–પરસત્તાનું ભાસનરૂપ જાણપણું ગુરૂમુખે મેળવ્યું નથી, માટે તે જીવ યથાપ્રવૃત્તિકરણમાં વર્તતા પહેલે ગુણઠાણે જાણવા. તેમાં આગળ કહ્યા તે રીતે છ તત્ત્વ પામીયે.

૫૩ **શિષ્યઃ**—એ નવતત્ત્વમાંથી દ્રવ્ય શ્રાવકમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરુઃ—દ્રવ્ય શ્રાવક તો સમકિતીને કહીયે એટલે શ્રાવકનું દ્રવ્ય તે સમકિતી ચોથે ગુણઠાણે જાણવો. તે મધ્યે આગળ કહ્યા પ્રમાણે આઠ તત્વ પામીયે.

૫૪ શિષ્યઃ—એ નવતત્વમાંથી ભાવ શ્રાવકમાં કેટલા તત્વ પામીયે ?

ગુરુઃ—શબ્દ નયને મતે એ સમકિત સહિત છે અને શ્રાવકના બાર વ્રત લેવાનો ભાવ ઉત્કૃષ્ટો વર્તે છે, એટલે ગુણઠાણું તો ચોથું છે, પણ પાંચમા ગુણઠાણાના ભાવ વર્તે છે તેને ભાવશ્રાવક કહીયે. તેમાં આઠ તત્વ પામીયે.

૫૫ શિષ્યઃ—એ નવતત્વમાંથી ભાવલિંગ શ્રાવકમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—ભાવલિંગ શ્રાવક પાંચમે ગુણઠાણે કહીયે એટલે આગળ સમકિત સહિત હતા, અને શ્રાવકના બાર વ્રત ઉચ્ચરી તે રૂપ લિંગ જેણે પહેર્યું છે, તેને ભાવલિંગ શ્રાવક પાંચમે ગુણઠાણે વર્તતા કહીએ. તેમાં આઠ તત્વ પામીયે.

૫૬ શિષ્યઃ—નવતત્વમાંથી દ્રવ્યજ્ઞાનમાં કેટલા તત્વ પામીયે ?

ગુરુઃ—દ્રવ્યજ્ઞાનનું જાણપણું પહેલે ગુણઠાણે કહીયે, કારણકે અન્યમતના સર્વ શાસ્ત્ર જાણે છે તથા જ્ઞાનીઓની આજ્ઞાના અંતરંગ ઉપયોગ વિના જૈન મતના સર્વ સૂત્ર વાંચે છે, અર્થ કરે છે, પદ–અક્ષર–માત્રા–શુદ્ધસિદ્ધાંત, ભાષ્ય, નિર્યુક્તિ, ટીકા વાંચતા. પૂછતા. અર્થ

કરતા ગુરૂમુખે સાંભળે છે, તો પણ શુદ્ધ નિશ્ચયનયને મતે જ્ઞાનીનિર્દિષ્ટ ક્રિયાની સાપેક્ષ વૃત્તિરૂપ આત્મસત્તા ઓળખ્યા વિના તત્ત્વાતત્ત્વસ્વરૂપ સ્વરૂપની પ્રતીતિ કર્યા વિના એ સર્વ દ્રવ્યજ્ઞાન પહેલે ગુણઠાણે કહીયે. તેમાં છ તત્વ પામીયે.

૫૭ શિષ્યઃ—એ નવતત્વમાંથી ભાવજ્ઞાનમાં કેટલા તત્વ પામીયે ?

ગુરુઃ—શબ્દનયને મતે સમકિતી જીવને ભાવજ્ઞાન કહીયે તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્વ પામીયે અને સમભિરુઢનયને મતે કેવલીને ભાવજ્ઞાન કહીયે તેમાં આગળ કહ્યા તે રીતે નવે તત્વ પામીયે અને એવંભૂતનયને મતે સિદ્ધના જીવ ભાવજ્ઞાની કહીયે. તેમાં ત્રણ તત્વ પામીયે.

૫૮ શિષ્યઃ—નવતત્વમાંથી ક્રોધ, માન, માયા અને લોભની ચોકડીમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ- પહેલા ગુણઠાણે ક્રોધાદિક ચારનો જે જીવને ઉદય છે, તેમાં છ તત્વ પામીયે અને ચોથા ગુણઠાણાથી માંડી છઠ્ઠા ગુણઠાણા લગે ક્રોધાદિક ચારનો જે જીવને ઉદય છે તેમાં આઠ તત્વ પામીયે.

૫૯ શિષ્યઃ—એ નવ તત્વમાંથી ભાવલિંગ આચાર્યમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ- ભાવલિંગ આચાર્ય છઠ્ઠે અને સાતમે ગુણઠાણે કહીયે.

જે કારણે (૧) છત્રીશ ગુણે કરી વિરાજમાન (૨) સર્વ ક્રિયામાં જ્ઞાનીની આજ્ઞાપ્રમાણે તત્પર, (૩) જિનમત-પરમતના જાણુ, (૪) સર્વ સમય સાવધાન, (૫) નિશ્ચય-વ્યવહારરૂપ તત્ત્વાતત્ત્વના જાણુ, (૬) ગચ્છનાયક, (૭) ગચ્છના ધોરી, (૮) પંચ પ્રસ્થાને સેવિત, (૯) સર્વ સિદ્ધાંતના જાણુ, (૧૦) શ્રુત જ્ઞાનના પારગામી, (૧૧) શ્રુત ઉપયોગી, (૧૨) ચરણાનંદી, (૧૩) પરમતના જીતનાર, (૧૪) સારણા-વારણાદિકે કરી શિક્ષાના દાતાર, (૧૫) ગચ્છની મર્યાદાના રાખનાર, (૧૬) આઠ પ્રમાદના તજનાર, (૧૭) સાત વિકથાના નિવારનાર, (૧૮) સ્વસત્તા રમણી, (૧૯) પરસત્તાથી વિરક્ત પરિણામ, (૨૦) યુગપ્રધાન સરખા, (૨૧) ભવ્યપ્રાણીને હિતોપદેશ કરતા, (૨૨) અનેક જીવને તારતા, (૨૩) પરવાદીના મદ ગાળવા ગંધહસ્તી સરખા, (૨૪) ભવ્યપ્રાણીના હૃદયરૂપ ભવનમાંથી મિથ્યાત્વરૂપ અંધકાર ટાળવાને વિષે દીપક સરખા ઉદ્યોતના કરનાર, (૨૫) આત્મસત્તાના રસીયા, (૨૬) અનુભવરૂપ અમૃત કુંડમાં ઝીલતા, (૨૭) સાધ્ય એક, સાધન અનેક એવા ઉપયોગ સહિત સાધન કરતા, (૨૮) અને ભવ્ય પ્રાણીને પણ એ રીતે ઉપદેશ દેતા, (૨૯) તીર્થે સાત રાત્રિ, નગરે પંચ રાત્રિ, ગ્રામે એક રાત્રિ એ રીતે ઉગ્રવિહારે વિચરતા, (૩૦) સ્વદયા પરદયાને વિષે તત્પર, (૩૧) છઠ્ઠે અને સાતમે ગુણઠાણે જેના પરિણામની તુલ્યતા વર્તે છે.

આવા અનેક ગુણસંપન્ન ભાવલિંગ આચાર્યમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

૬૦ શિષ્યઃ—નવતત્ત્વમાંથી દ્રવ્યલિંગ આચાર્યમાં

કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ દ્રવ્યલિંગ આચાર્ય પહેલે ગુણઠાણે જાણીયે.

કારણ કે, (૧) જેણે ગુણ વિના આચાર્યની પદવીનું લિંગ ધારણ કર્યું છે. (૨) આચાર્ય નામ ધરાવી અતિ આડંબરે કરીને શોભતા, (૩) મંત્ર, યંત્ર, ચૂર્ણ, ઔષધિયે કરી ભોળા લોકોનાં મન રીઝવતા, (૪) પત્રીબંધ ખોટા રૂપિયા સરખા, (૫) લોક પાસે આપણો મહિમા કરાવતા પૂજાય છે.

પણ યથાર્થપણે જીવ–અજીવનું શાસ્ત્રીય મર્યાદાનુસાર જાણપણું કર્યું નથી અને અંતરંગ નિશ્ચયનયે જ્ઞાનીયોની આજ્ઞાનુસાર આત્મસત્તા જેમણે ઓળખી નથી તેહને દ્રવ્યલિંગ આચાર્ય કહીયે.

તેમાં આગળ મિથ્યાત્ય ગુણઠાણે કહ્યા તે રીતે છ તત્ત્વ પામીયે.

૬૧ શિષ્યઃ—એ નવ તત્વમાંથી દ્રવ્ય આચાર્યમાં કેટલા તત્વ પામીયે ?

ગુરુઃ—સાધુપણામાંથી આચાર્યપણું નિપજે છે તે કારણ માટે આચાર્યનું દ્રવ્ય તે સાધુ કહીયે અને સાધુ તો છટ્ઠે–સાતમે ગુણઠાણે વર્તતા હોય તેમાં આગળ સમકિતી જીવમાં કહ્યા, તે રીતે આઠ તત્વ પામીયે.

૬૨ શિષ્યઃ—એ નવ તત્વમાંથી ભાવ આચાર્યમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—આચાર્યનું દ્રવ્ય તે સાધુ હોય, પરંતુ તે ગુણે કરી આચાર્ય પદવીને યોગ્ય, વૈરાગી ત્યાગી હોય, યદ્યપિ આચાર્ય તો નથી, તથાપિ આચાર્યના ગુણે કરી શોભે છે, અને આચાર્ય પદવી લેવાની યોગ્યતા વર્તે છે તેને ભાવ આચાર્ય કહીયે. તે છટ્ઠે–સાતમે ગુણઠાણે વર્તતા હોય, તેમાં આઠ તત્વ પામીયે.

૬૩ શિષ્યઃ—એ નવ તત્વમાંથી દ્રવ્ય અરિહંતમાં કેટલા તત્વ પામીયે?

ગુરૂઃ—જે અરિહંતનો જીવ આગળ ત્રીજે ભવે એકાગ્રચિત્તે કરીને વીશ સ્થાનકમાંથી ગમે તે એક પદ આરાધે, અથવા વીશસ્થાનક પદ આરાધે તથા એવી ભાવના ભાવે—

જે સર્વ જગતના જીવને શાસનના રસીયા ઠરી ધર્મ પમાડી કર્મ થકી મુકાવું અને સર્વ જીવને સુખીયા કરી મોક્ષનગરે પહોંચાડું!

એવા પ્રકારની ઉત્તમ ભાવના ભાવી શ્રેણિકાદિ પ્રમુખે જિનનામકર્મ પુણ્ય ઉપાર્જ્યું, ત્યાં થકી માંડીને જ્યાં લગે કેવળજ્ઞાન ન ઉપન્યું હોય, ત્યાં લગે છદ્મસ્થ અવસ્થાએ દ્રવ્ય અરિહંત કહીયે, તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્વ પામીયે.

૬૪ શિષ્યઃ—એ નવ તત્વમાંથી ભાવ અરિહંતમાં કેટલા તત્વ પામીયે?

ગુરૂઃ—ભાવ અરિહંતમાં નવતત્વ પામીયે, તે કહે છેઃ

જે દેવલોકથી અથવા નરકથકી ચ્યવી ત્રણ જ્ઞાન સહિત માતાની કુખને વિષે ઉપજે,

પછી જન્માવસરે છપ્પન દિગ્-કુમારિકા મહોત્સવ કરે,

તે વાર પછી સૌધર્મેંદ્ર માતા પાસેથી માંગી પાંચ રુપે કરી અતિ આડંબરે મેરુ ઉપર લઈ જાય, તિહાં સિંહાસન ઉપર ખોળામાં બેસાડી ચોસઠ ઇંદ્ર મળી મહોત્સવ કરી પોતાનો આત્મા નિર્મલ કરે, પછી પાછા લઈ આવી માતાજીને આપે.

બાલ્યાવસ્થાએ ક્રીડા કરતાં પછી યૌવનાવસ્થાએ માતા-પિતા પરણાવે. તથાપિ ઉદાસી ભાવે સંસારના સુખ વિલસે.

પછી સમય અવસરે લોકાંતિક દેવતાને વચને વૈરાગ્ય ભાવનાએ સંસાર ઉદાસી વિષય-કષાય થકી વિરક્તભાવે દીક્ષા લેવાને મનોરથે દિનપ્રત્યે એક કોડ અને આઠ લાખ સોનૈયાનું દાન એક વર્ષ પર્યંત આપી અતિ આડંબરે દીક્ષા અવસરે સ્વયમેવ પોતાને હાથે લોચ કરે, તે વેળાએ ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉપજે.

પછી એકલમલ્લ પડિમા આદરી જગતમાં વિહાર કરતા,

ગ્રામ, નગર, અટવીમાં ફરતા,
ઘોર ઉપસર્ગને સહન કરતા,
ઘોર તપે કરી કર્મને ચૂરતા,
શુકલધ્યાનના પાયાને ધ્યાવતા,

શુદ્ધ નિશ્ચય નયે કરી
આત્મસત્તાને ગવેષતા,
આત્મસત્તાના રસીયા,
અનુભવ રૂપ અમૃત કુંડમાં ઝીલતા,

શુદ્ધ શુકલધ્યાન રૂપાતીત પરિણામે કરી, ઘાતીકર્મને ચૂરી, કેવળજ્ઞાનરૂપ અનંત ચતુષ્ટય લક્ષ્મી જે વારે પ્રગટ થાય,

તે વારે ત્રણ ભવનને વિષે ઉદ્યોત થાય, તે વખતે નારકીના જીવને પણ એક મુહૂર્ત (?) શાતા થાય.

પછી ત્રિગડાને વિષે બેસીને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી,

બાર પર્ષદાને ધર્મદેશના દેતા,
અનેક જીવને તારતા,
પાંત્રીશ વાણીરૂપ મધુરધ્વનિએ કરી
ભવ્યપ્રાણીના મન હરતા,
કોડી ગમે દેવતાએ સેવિત,
ચોત્રીશ અતિશયે કરી વિરાજમાન,
આઠ મહા પ્રાતિહાર્યે કરી શોભતા,
અનેક જીવોને સંસાર સમુદ્રથકી તારીને
મોક્ષનગરે પહોંચાડતા,

સુખના દાતાર,
દયાના ભંડાર,
કરુણાના સમુદ્ર,

ભૂમંડલને વિષે અજ્ઞાનરૂપ અંધકાર ચૂરવાને સૂર્ય સમાન જાણવા.

એવા અરિહંત દેવ શુકલધ્યાનના બીજા–ત્રીજા પાયા વચ્ચે રહ્યા તેરમે ગુણઠાણે વર્તતા કહીયે. તેમાં આગળ કહ્યા તે રીતે નવ તત્ત્વ પામીયે.

૬૫ શિષ્યઃ–એ નવ તત્ત્વમાંથી દ્રવ્ય સિદ્ધમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ–સિદ્ધનું દ્રવ્ય તે કેવલી કહીયે, કેમકે કેવલી-માંથી સિદ્ધપણું નિપજે છે, માટે કેવલીમાં આગળ કહ્યા તે રીતે નવ તત્ત્વ પામીયે.

૬૬ શિષ્યઃ–એ નવ તત્ત્વમાંથી ભાવ સિદ્ધમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ– ભાવ સિદ્ધમાં ત્રણ તત્ત્વ પામીયે.

કેમકે શુદ્ધ શુકલધ્યાન રૂપાતીત પરિણામરૂપ ક્ષપક શ્રેણીએ કરી આત્મપ્રદેશ થકી કર્માવરણને ચૂરી જેણે સ્વસત્તા નિરાવરણ કરી—

લોકોને અગ્રભાગે વિરાજમાન,
અનંત જ્ઞાનમય,
અનંત દર્શનમય,
અનંત ચારિત્રમય,
અનંત વીર્યમય,
અનંત દાનમય,
અનંત લાભમય,
અનંત ભોગમય,
અનંત ઉપભોગમય,

સહજાનંદી,
પૂર્ણાનંદી,
અજર, અમર,
અવિનાશી,
અચલિત,
અસ્ખલિત,
અયોગી, અવેદી,
અમોહી, અલેશી,
અણાહારી,
અશરીરી,
અરક્ષક,
અવ્યાપક,
એક, અસંખ્ય,
અનંતગુણે કરી વિરાજમાન,
પરમાનંદ સુખના વિલાસી,
એવા ભાવસિદ્ધ પ્રભુ
તેહમાં ત્રણ તત્ત્વ પામીયે.

એક તો સિદ્ધનો જીવ તે જીવતત્ત્વ, અને યથાખ્યાત ચારિત્રરૂપ ગુણે કરી પોતાના સ્વરૂપમાં રમણ કરે છે તે બીજું સંવરતત્ત્વ કહીયે, અને ભાવમોક્ષ પદવી પામ્યા છે, તે ત્રીજું મોક્ષતત્ત્વ જાણવું.

૬૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્ય ચારિત્રમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ– દ્રવ્યચારિત્રી જીવ પહેલે ગુણઠાણે હોય તેમાં છ તત્ત્વ પામીયે,

કેમકે સંસાર થકી ઉદાસી ભાવે જેણે પાંચ મહાવ્રતરૂપ ચારિત્ર અંગીકાર કર્યું છે.

છકાયની રક્ષા કરે છે,

સૂઝતો આહાર લે છે,

સાધુની ક્રિયા, પ્રતિક્રમણ, પડિલેહણ આદિ કરે છે,

નિરંતર વૈરાગ્ય ભાવનાએ પરિણામ વર્તે છે,

પણ યથાર્થપણે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે

જીવ–અજીવની ઓળખાણ કરી નથી,

અને શુદ્ધ નિશ્ચય નયે જ્ઞાનીની નિશ્રામાં રહેવા સાથે અંતરંગ સિદ્ધ સમાન આત્મસત્તા ઓળખી નથી,

અને નરક–નિગોદનાં દુઃખથી બ્હીતો થકો

અંતરંગ પુણ્યાદિકની વાંછાએ નિરતિચારપણે ચારિત્ર પાળે છે,

પણ યથાર્થ સાધ્ય–સાધન પણાની ઓળખાણ જ્ઞાનીની નિશ્રામાં મેળવી નથી; તેને દ્રવ્ય ચારિત્ર પહેલે ગુણઠાણે જાણવું, તેમાં આગળ કહ્યા તે રીતે છ તત્ત્વ પામીયે.

૬૮ શિષ્યઃ– એ નવ તત્ત્વમાંથી ભાવચારિત્રમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ– શબ્દનયને મતે ભાવ ચારિત્રવંત જીવમાં આઠ તત્વ પામીયે.

જે કારણે કોઈ જીવે ઘર, કુટુંબ, પરિવાર, પુત્ર, કલત્ર, ધન, માલ, છતી ઋદ્ધિને ત્યાગી, ચારિત્ર અંગીકાર કર્યું છે,

પાંચ સમિતિએ સમિતો,
ત્રણ ગુપ્તિએ ગુપ્તો,
આઠ પ્રવચન માતાને પાલે છે,
સત્તર ભેદે સંયમ આરાધે છે.
સૂઝતો આહાર લે છે,
માંડલીના પાંચ દોષ ટાળી આહાર લે છે, (કરે છે)
સાંજ–સવાર પ્રતિક્રમણ, પડિલેહણાદિક ક્રિયા કરે છે,
સંગ્રહ નયને મતે સર્વ જીવને પોતાની આત્મસત્તા બરોબર શાસ્ત્રીય મર્યાદાને ભાવે સરખી કરી જાણી તેની દયા પાલે છે,
સંસાર ઉદાસી, વૈરાગી,
ત્યાગી ભાવનાએ પરિણામ વર્તે છે
અને
જીવ, અજીવ,
નવતત્વ,
ષડ્ દ્રવ્યના ગુણ પર્યાય,
નિત્ય–અનિત્યાદિકનું
જ્ઞાનીની નિશ્રાએ ગુરૂગમથી જાણપણું કર્યું છે,
તથા નય નિક્ષેપા,
પ્રમાણ,
દ્રવ્ય, ભાવ,
નિશ્ચય–વ્યવહાર,
ઉત્સર્ગ–અપવાદનું
સ્વરૂપ જાણી, જીવસત્તાને ધ્યાવે છે, અને અજીવ-સત્તાનો ત્યાગ કરે છે,

એ રીતે જેણે સ્વસત્તા–પરસત્તાની પ્રતીતિ કરી છે,

શુદ્ધ નિશ્ચયનયે કરી જેણે સિદ્ધ–સમાન પોતાના આત્માની પ્રતીતિ કરી છે,

સાધ્ય એક, સાધન અનેક, એ રીતે પોતાના આત્માને સાધતા છટ્ઠે–સાતમે ગુણઠાણે જે જીવ વર્તે છે,

તેને **શબ્દનયને** મતે ભાવચારિત્રી કહીયે.

તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

અને સમભિરૂઢનયને મતે કેવલીને પણ ભાવ ચારિત્ર કહીએ. તેમાં આગળ કહ્યા તે રીતે નવ તત્ત્વ પામીયે.

તથા **એવંભૂતનયને** મતે સિદ્ધના જીવને પણ ભાવ-ચારિત્ર કહીયે. તેમાં આગળ કહ્યા તે રીતે ત્રણ તત્ત્વ પામીયે.

૬૯ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી દ્રવ્ય સાધુમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—સાધુનું દ્રવ્ય તે શ્રાવક પાંચમે ગુણઠાણે જાણવો, એટલે શ્રાવકમાંથી સાધુપણું નિપજે છે, માટે દ્રવ્ય સાધુ તે પાંચમે ગુણઠાણે શ્રાવકને કહીયે. તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

૭૦ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી ભાવસાધુમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—ભાવસાધુમાં આઠ તત્ત્વ પામીયે,

કારણ કે જે જીવે સમકિત સહિત શ્રાવકના બાર વ્રત ઉચ્ચર્યા છે,

અને સંસારથકી ઉદાસી, વૈરાગ્યરૂપ પરિણામે વર્તે છે

અને નિરંતર સાધુપણું લેવાની ભાવનામાં ચિત્ત રમે છે.

તથા એવું ચિંતવે છે—

"જે સંસારરૂપ બંદીખાનાથી કેવારે હું છૂટીશ?

અને નિર્વિકારી પદનું આપનાર એવું સાધુપણું કેવારે હું અંગીકાર કરીશ?"

"એકાકીપણે વિહાર કરી ડાંસ, મચ્છર આદિના તથા દેવ-મનુષ્યોના કરેલા ઘોર ઉપસર્ગો કેવારે સહન કરીશ?"

"મહાન્ તપના સાધનથી ઈંદ્રિયરૂપ શત્રુને દમન કરી સર્વ કર્મને ચૂરી મારા આત્માને કેવારે નિરાવરણ કરીશ?"

"જ્ઞાનરૂપ અનંત ચતુષ્ટય લક્ષ્મી કેવારે પ્રગટ કરીશ?"

"જ્ઞાનીની આજ્ઞાનુસાર સાધુપણું મને કેવારે પ્રાપ્ત થશે?"

"આ સંસારરૂપ હડમાંહેથી નીકળી વનમાં એકાકીપણે નિર્ભયથકો સિંહની પેરે કેવારે હું વિચરીશ?"

આવી વિશુદ્ધ ભાવનાવાળો જીવ ગૃહસ્થપણે રહ્યો થકો પણ ઋજુસૂત્રનયને મતે ભાવસાધુ જાણવો,

અને શબ્દનયને મતે અંતરંગ સ્વસત્તા-પરસત્તારૂપ પ્રતીતિ કરી છે એટલે ગૃહસ્થપણે પાંચમે ગુણઠાણે છે, પણ

મનોરથ છઠ્ઠા-સાતમા ગુણઠાણાના વર્તે છે માટે એને ભાવ સાધુ કહીયે. તેમાં આઠ તત્ત્વ પામીયે.

૭૧ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યલિંગ સાધુમાંહે કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—દ્રવ્યલિંગ સાધુ પહેલે ગુણઠાણે હોય, તેમાં આગળ કહ્યા તે રીતે છ તત્ત્વ પામીયે.

કારણ કે કોઈ જીવે નરક-નિગોદના દુઃખ થકી ભય પામીને અથવા દેવેન્દ્ર-નરેન્દ્રની ઋદ્ધિ દેખીને તેની વાંછાએ મોહગૃહીત વૈરાગ્યે અથવા આ ભવે ઇંદ્રિયસુખની વાંછાએ-

ચારિત્રરૂપ લિંગ અંગીકાર કર્યું છે,
પાંચ મહાવ્રત સૂધા પાળે છે,
ઇંદ્રિય દમે છે,
પરિષહ તથા ઉપસર્ગને સહન કરે છે,
પડિલેહણાદિ ક્રિયા શુદ્ધ કરે છે,
છતા ભોગ તજ્યા છે,
વૈરાગ્યભાવે ચિત્ત વર્તે છે,

પણ જીવ-અજીવનું સાચું જાણુપણું જયણા ફલરૂપે ગુરૂમુખથી કર્યું નથી, અને અંતરંગ પુણ્યાદિકની વાંછારૂપ પરિણામ વર્તે છે,

તથા નિશ્ચયનયે સત્તાગતની ઓળખાણ જ્ઞાનીની નિશ્રાએ જોણે કરી નથી તેને દ્રવ્યલિંગ સાધુ વ્યવહારનયને મતે કહીયે. ને તે સંસારી જાણવા.

૭૨ શિષ્યઃ—એ નવતત્ત્વમાંથી ભાવલિંગ સાધુમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—કોઈ જીવે
સંસાર થકી ઉદાસીભાવે
રાજઋદ્ધિ, ધન, માલ છાંડી,
કુટુંબ–પરિવારનો મોહ મૂકી,
સંસારરૂપ ચારગતિ થકી ઉદાસી પરિણામે ચારિત્રરૂપ લિંગ અંગીકાર કર્યું છે,

તેહને **નિવૃત્તિ ચારિત્ર** કહીયે. કેમકે તે જીવ સંસાર થકી નિવર્ત્યો છે. અને **પ્રવૃત્તિ ચારિત્ર** તે જે સાધુની ક્રિયા, પ્રતિક્રમણ, પડિલેહણ આદિ શુદ્ધ રીતે કરે છે તેને **પ્રવૃત્તિ ચારિત્ર** કહીયે,

પાંચ મહાવ્રત સૂધા પાલે છે,

આ ભવે તથા પરભવે ઇંદ્ર–નરેન્દ્રના સુખની વાંછા રહિત એક પોતાનો આત્મા નિરાવરણ કરવાને વાસ્તે—

તથા પોતાને જન્મ–મરણના દુઃખ થકી મૂકાવવા નિમિત્તે એક પોતાના આત્માનું જ સાધન જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે કરે છે તે **પ્રવૃત્તિ ચારિત્ર** કહીયે,

અને જીવ, અજીવ,
નવતત્ત્વ, ષડ્દ્રવ્ય,
નય, નિક્ષેપા,
દ્રવ્ય, ભાવ,
નિશ્ચય, વ્યવહાર,
ઉત્સર્ગ, અપવાદનું સ્વરૂપ જાણી,
સ્વસત્તા–પરસત્તાની જેણે ગુરૂમુખે પ્રતીતિ કરી છે,
શુદ્ધ નિશ્ચયનયે કરી શાસ્ત્રીય મર્યાદા અને નય સાપેક્ષ

રીતે પોતાના આત્માની સત્તા જેણે ઓળખી છે,

સાધ્ય એક તે એ કે–કર્મથકી રહિત નિરાવરણ કરવાના સાધન અનેક કરણીરૂપ,

એ રીતે પોતાના આત્મસ્વરૂપને શાસ્ત્રીય મર્યાદાનુસાર સાધે, તેને શબ્દનયને મતે છઠ્ઠે–સાતમે ગુણઠાણે વર્તતા ભાવલિંગ સાધુ કહીયે.

તેમાં આઠ તત્ત્વ પામીયે. તે આવી રીતેઃ–

એક તો તેનો જીવ પોતે **જીવતત્ત્વ** છે અને સત્તાએ **પુણ્ય–પાપના** દળીયાં **અજીવ** રૂપ અનંતા લાગ્યા છે, તે **આશ્રવ** ભૂત જાણવા.

એટલે **જીવ, અજીવ, પુણ્ય, પાપ** અને **આશ્રવ,** એ પાંચ તત્ત્વ થયા અને એ દળીયે જીવ **બંધાણો** છે તે છટ્ઠું **બંધ** તત્ત્વ થયું

અને તત્ત્વાતત્ત્વ સ્વરૂપ સ્વ–પરની વહેંચણ કરી સ્વરૂપમાં રહે, એટલીવાર **સંવર** કહીયે. તે સાતમું સંવર-તત્ત્વ તથા સંવરમાં જીવ રહે ત્યાં સુધી સમયે સમયે અનંતી નિર્જરા કરે, તે આઠમું **નિર્જરા** તત્ત્વ જાણવું.

એ રીતે ભાવલિંગ સાધુમાં આઠ તત્ત્વ જાણવા.

એ રીતે નવ તત્ત્વનું સ્વરૂપ શાસ્ત્રીય મર્યાદા મુજબ જાણે, તેને જ્ઞાની કહીયે, અને ગુરૂનિશ્રાએ પરિણતિની નિર્મળતાથી અંતરંગ સદ્દહે તેને સમકિતી કહીયે ॥

ઇતિશ્રી બાલબુદ્ધ્યવબોધાર્થં નવતત્ત્વમય–પ્રશ્નોત્તરાણિ સમાપ્તાનિ ॥

હવે નવ તત્ત્વના સ્વરૂપમાં આંહોમાંહે સંબંધનો વિચાર જાણવારૂપ પ્રશ્નોત્તર લખીયે છીએ.

૭૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી જીવને શત્રુરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી જીવને શત્રુરૂપ પાંચ તત્ત્વ જાણવા.

કારણ કે જીવને એકેક પ્રદેશે પુણ્ય–પાપના દળીયા અજીવરૂપ અનંતા લાગ્યા છે તે આશ્રવભૂત જાણવા; એટલે પુણ્ય, પાપ, અજીવ અને આશ્રવ, એ ચાર તત્ત્વ થયા અને એ દળીયે જીવ બંધાણો થકો ચાર ગતિરૂપ સંસારમાં અનંતા કાલથી રખડે છે માટે પાંચમું બંધતત્ત્વ જાણવું.

એ રીતે એ પાંચ તત્ત્વ જીવને શત્રુભૂત થઈને અનાદિ કાલથી લાગ્યા છે,

તેણે કરી જીવ ચારગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે,

માટે એ નવતત્ત્વમાં જીવને પાંચ તત્ત્વ શત્રુરૂપ જાણવા.

૭૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી જીવને વેલાવારૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—પુણ્ય પ્રમુખરૂપ ચાર તત્ત્વ જીવને વેલાવા સમાન જાણવા તે દેખાડે છે.

એક તો પુણ્ય તત્ત્વ છે તે વ્યવહારનયને મતે આદરવા યોગ્ય છે,

કેમકે એ પુણ્ય છે તે જીવને મોક્ષ નગરે જાતાં વોલાવા રૂપ છે,

કારણ કે ભવરૂપ અટવીમાં ચોરાશીલાખ જીવયોનિરૂપ ઝાડીને વિષે જન્મ, જરા, મરણ, ભય, શોક, પીડા, આધિ, વ્યાધિ, માયા, મોહ, મૂર્ચ્છા, મિથ્યાત્વ, અવ્રત, કષાય આદિ અનેક મોહરાજાના મૂકેલા સુભટ તે જીવને મોક્ષ-નગરે જાતાં વિઘ્ન કરે છે,

માટે તિહાં પુણ્ય રૂપ વોલાવો જીવને ઠાવકો (હોંશિયાર) સહાયકારી હોય તો જીવ નિર્વિઘ્નપણે મોક્ષનગરે પહોંચે,

તેથી પુણ્યતત્ત્વ વ્યવહારનયને મતે જીવને આદરવા યોગ્ય છે, એટલે સમકિતી જીવ છે તે પુણ્ય તત્ત્વને વોલાવા રૂપ કરી જાણે છે,

પણ અંતરંગ નિશ્ચયે પુણ્યને આત્માના ગુણરૂપ નથી જાણતો.

જેમ કોઈ નગરે જવું હોય અને માર્ગમાં ભય ઘણો હોય, તેવારે વાટમાં વોલાવો લેવો જોઈએ. કેમકે વોલાવો લીધા વિના નિર્વિઘ્નપણે પહોંચાય નહિ પણ જેવારે વાંછિતપુર નગરે પહોંચે તેવારે વોલાવાને શીખ આપે.

આ દૃષ્ટાંતે અહિંયા જીવને મોક્ષનગરે જવું છે અને માર્ગમાં મોહરાજાના સુભટોનો ભય ઘણો છે, જેથી પુણ્યરૂપ

વેલાવો જો સાચો ઠાવકો (હોંશિયાર) હોય, તો નિર્વિઘ્નપણે જીવ, મોક્ષનગરે પહોંચે, એ પરમાર્થ જાણવો.

માટે કોઈ જીવ પુણ્ય બાંધે, તેવારે ચાર તત્ત્વ ભેળા આવે, તે આવી રીતે:-

જે પુણ્યના દળીયા **અજીવ** છે, તે **આશ્રવ રૂપ** છે, અને એ દળીયા બંધાય છે, એટલે **પુણ્ય, અજીવ, આશ્રવ** અને **બંધ**, એ ચાર તત્ત્વ થયા.

એ રીતે એ નવ તત્ત્વમાં વ્યવહારનયને મતે પુણ્યતત્ત્વ જીવને વેલાવારૂપ આદરવા યોગ્ય છે.

૭૫ **શિષ્ય:**—એ નવ તત્ત્વમાંથી જીવને વાણોતર રૂપ કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂ:—એ નવ તત્ત્વમાંથી એક નિર્જરા તત્ત્વ જીવને વાણોતર રૂપ જાણવું.

જેમકે કોઈ એક શાહુકાર ઘણા કરજે વીંટાણો હોય તેણે કરી દુઃખી થયો હોય, પણ તેને વાણોતર ઠાવકો (ભલો) મળ્યો હોય તો શેઠને કરજથકી છોડાવે અને નવી કમાણી કરી આપે,

તેમ ઈહાં જીવ ઘણા કાળથી કર્મરૂપ કરજે વીંટાણો મહા દુઃખ ભોગવતો થકો સંસારમાં ફરે છે, એમ ફરતાં ફરતાં ભવસ્થિતિને યોગે કરી સકામ નિર્જરા રૂપ વાણોતર જીવને મળે, તેવારે સર્વ કર્મરૂપ કરજથકી જીવને છોડાવે, અને જ્ઞાનાદિક ગુણરૂપ અનંતી લક્ષ્મી જીવને પ્રગટ કરી આપે.

૭૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી જીવને મિત્રરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી એક સંવરતત્ત્વ જીવને મિત્રરૂપ જાણવું,

કારણ કે ઘણા કાળ થયા સંસારમાં જીવ દુઃખ ભોગવે છે, તે દુઃખ ભોગવતાં ભોગવતાં, રખડતાં રખડતાં પુણ્યરૂપ વેલાવો જીવને સહાયકારી થયો, તે વારે નિર્વિઘ્ન-પણે જીવને **સંવરરૂપ મિત્રને** ઘરે પહોંચાડયો,

તે સંવરરૂપ મિત્રને ઘરે જીવ પહોંચ્યો તેવારે સંવરરૂપ મિત્રે પુણ્ય-પાપરૂપ જે દળીયા નવા કર્મના આશ્રવ આવતા હતા તે સર્વ રોકયા, એ રીતે એક અંતર્મુહૂર્ત પર્યંત સંવરરૂપ મિત્રના ઘરમાં રહેતા ઘાતીકર્મ ક્ષય કરી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-ચારિત્ર, અનંત વીર્ય આદિ દેઈ અનંત ગુણરૂપ લક્ષ્મી જીવને સંવરરૂપ મિત્રની સહાયથી પ્રગટ થાય, **માટે સંવરતત્ત્વ જીવને મિત્રરૂપ જાણવું,**

૭૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી જીવને ઘરરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી જીવને એક મોક્ષ તત્ત્વ ઘરરૂપ જાણવું.

કારણ કે પુણ્ય-પાપરૂપ અજીવના દળીયા અનંતા સત્તાયે આશ્રવભૂત થઈને લાગ્યા છે, તેણે કરી સંસાર બંધાણો છે, તેથી સંસારરૂપ ચાર ગતિમાં ફરે છે,

એટલે પુણ્ય, પાપ, અજીવ, આશ્રવ અને બંધ, એ પાંચ તત્વ જીવને અનાદિ કાળના શત્રુરૂપ થઈ લાગ્યા છે, તેણે કરી જીવ અનેક પ્રકારે વિટંબના ભોગવે છે,

એમ સંસારમાં ફરતાં ફરતાં પુણ્યરૂપ વોલાવાની સહાયથી ભવસ્થિતિને યોગે જીવ સંવરરૂપ મિત્રને ઘરે પહોંચ્યો, ને વારે સંવરરૂપ મિત્ર બારણું રોકી બેઠો,

એટલે પુણ્ય–પાપરૂપ નવા કર્મોના આશ્રવ જીવને સમયે સમયે અનંતા દળીયા આવતા હતા, તે દળીયા સર્વે રોકાણા અને તેથી આગળ જીવને એકેક પ્રદેશે અનંતી કર્મની વર્ગણાના થોકડા લાગ્યા હતા, તેને નિર્જરારૂપ વાણોતરે અંતરમાં પેસી બાળવા માંડ્યા.

એ રીતે એક અંતર્મુહૂર્ત આત્મસ્વરૂપના ધ્યાનમાં રહેતા ઘાતીકર્મ ક્ષય કરી જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી,

પછી અનેક જીવને ધર્મદેશના દઈ સંસાર થકી નિસ્તારી ઘાતીકર્મ ખપાવી, જીવ અને સંવરરૂપ મિત્ર એ બે તત્ત્વ મોક્ષપુરીયે પહોંચે, માટે જીવને મોક્ષતત્ત્વ ઘરરૂપ જાણવું.

૭૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી રૂપી અજીવને મિત્રરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—અજીવને મિત્રરૂપ પાંચ તત્ત્વ જાણવા,

કેમકે પુણ્ય–પાપના દળીયા આશ્રવરૂપ તે અજીવ છે, અને એ દળીયા મળી બંધાય છે, માટે પુણ્ય, પાપ,

આશ્રવ, અજીવ અને બંધ એ પાંચ તત્ત્વ રૂપી અજીવને મિત્રરૂપ છે.

૭૯ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી અજીવને શત્રુરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી અજીવને શત્રુરૂપ એક નિર્જરા તત્ત્વ જાણવું.

કારણ કે સકામ નિર્જરા ગુણ જે વારે જીવને આવે તે વારે અજીવરૂપ પાંચ તત્ત્વના દળીયા સત્તાયે અનંતા રહ્યા છે, તેને બાળીને ક્ષય કરી નાખે માટે.

૮૦ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી અજીવને રોકવા રૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી અજીવને રોકવારૂપ એક સંવરતત્ત્વ જાણવું,

કારણ કે શબ્દ અને સમભિરૂઢનયને મતે સંવરગુણ જીવને આવે, ત્યારે પુણ્ય–પાપ, અજીવરૂપ આશ્રવના દળીયા આવતા રોકાય છે, માટે.

૮૧ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી અજીવ, કેટલા તત્ત્વને રોકી શકે ?

ગુરૂઃ—અજીવ એક જ જીવતત્ત્વને રોકી શકે,

કારણકે જીવને એકેક પ્રદેશે અનંતા કર્મરૂપ દળીયા અજીવના લાગ્યા છે, તેણે કરી જીવ, મોક્ષનગરે જતાં રોકાણેા છે, **માટે અજીવ એક જીવતત્ત્વને રોકી શકે છે.**

૮૨ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી અજીવે કેટલા તત્ત્વનું ઘર દીઠું નથી ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાં અજીવે મોક્ષતત્ત્વનું ઘર દીઠું નથી,

કારણકે જીવ, જે વારે મોક્ષનગરે પધારે, તે વારે કર્મરૂપ અજીવના દળીયા સત્તાયે અનંતા લાગ્યા હતા, તે સર્વ શુકલધ્યાન રૂપ અગ્નિએ કરી બાળી ક્ષય કરીને મોક્ષનગરે પધારે છે, માટે **અજીવે એક મોક્ષતત્ત્વનું ઘર દીઠું નથી.**

૮૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પુણ્યને મિત્રરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી પુણ્યને મિત્રરૂપ ચાર તત્ત્વ પામીયે તે કહે છે,

પુણ્યના દળીયા અજીવ છે, તે આશ્રવરૂપ જાણવા અને એ દળીયા મળી બંધાય છે, એટલે બંધ થયો માટે **પુણ્ય, અજીવ, આશ્રવ અને બંધ, એ ચાર તત્ત્વ થયા, એટલે કોઈ જીવ પુણ્ય બાંધે તે વારે એ ચાર તત્ત્વ મિત્રરૂપ સાથે આવે માટે.**

૮૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પુણ્યને શત્રુરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી પુણ્યને શત્રુરૂપ એક નિર્જરા તત્ત્વ જાણવું,

કારણકે જે વારે સકામનિર્જરાગુણ જીવને આવે તે

વારે પુણ્યના દળીયા જે સત્તાએ બાંધ્યા છે, તે ખપાવીને જીવ મોક્ષનગરે પહોંચે, માટે.

૮૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પુણ્યના પ્રતિપક્ષી-રૂપ કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—**પુણ્યનું પ્રતિપક્ષી એક પાપતત્ત્વ જાણવું,**

કારણકે જે સમયે શુભ પરિણામે જીવ પુણ્યના દળીયાનું ગ્રહણ કરે છે, તે સમયે પાપના દળીયાનું ગ્રહણ નથી, કારણકે એક સમયે બે ક્રિયા ન હોય એ પરમાર્થ છે.

૮૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પુણ્યને રોકવારૂપ કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—**નવ તત્ત્વમાંથી પુણ્યના દળીયા રોકવા-રૂપ સંવરતત્ત્વ જાણવું,**

કારણકે શબ્દનયને મતે જે સમયે જીવ સ્વરૂપ ચિંતનરૂપ સંવરમાં આવે, તે સમયે નવા કર્મરૂપ દળીયાનું ગ્રહણ નથી, માટે પુણ્યને સંવર રોકે છે.

૮૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પુણ્યે કેટલા તત્ત્વોને રોકી શકે છે?

ગુરૂઃ—**એ નવ તત્ત્વમાંથી મોક્ષનગરે જતા એક જીવતત્ત્વને પુણ્ય રોકી શકે છે,**

કેમકે પુણ્યના દળીયા સત્તાએ નિકાચિત બાંધ્યા હોય, તે સંપૂર્ણ ભોગવ્યા વિના કેવલી ભગવાન્ પણ મોક્ષનગરે જઈ શકે નહિ, માટે.

૮૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પુણ્યે કેટલા તત્ત્વનું ઘર દીઠું નથી ?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી પુણ્યે એક મોક્ષનગરનું ઘર દીઠું નથી,

કેમકે મોક્ષનગરે જતાં જીવને પુણ્યના દળીયા સાથે જતા નથી, જે વારે પુણ્યના દળીયા સર્વ ખપાવી રહે, તે વારે જ જીવ, મોક્ષનગરે પહોંચે છે, માટે.

૮૯ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પાપને મિત્રરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી પાપને મિત્રરૂપ ચાર તત્ત્વ જાણવા,

કારણકે પાપના દળીયા અજીવ છે, તે આશ્રવરૂપ જાણવા, અને એ દળીયા મળી બંધાય છે એટલે બંધ કહીયે, માટે **પાપ, અજીવ, આશ્રવ અને બંધ,** એ ચાર તત્ત્વ થયા, **એટલે કોઈ જીવ પાપ બાંધે, તે વારે એ ચાર તત્ત્વ ભેળા આવે.**

૯૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પાપને શત્રુરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી પાપને શત્રુરૂપ એક નિર્જરા તત્ત્વ જાણવું,

કારણકે જે વારે સકામનિર્જરા ગુણ જીવને આવે તે વારે પાપના દળીયા જે સત્તાએ અનંતા લાગ્યા છે, તેને બાળીને ક્ષય કરે, **માટે પાપનું શત્રુ નિર્જરા છે.**

૯૧ શિષ્યઃ—નવ તત્ત્વમાથી પાપના પ્રતિપક્ષીરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી પાપનું પ્રતિપક્ષીરૂપ એક પુણ્યતત્ત્વ જાણવું,

કારણકે જીવ જે સમયે અશુભ પરિણામે પાપના દળીયાનું ગ્રહણ કરે છે, તે સમયે પુણ્યના દળીયાનું ગ્રહણ નથી, કેમકે એક સમયે બે ક્રિયા ન હોય, માટે નવ તત્ત્વમાં પાપનું પ્રતિપક્ષીરૂપ એક પુણ્યતત્ત્વ જાણવું.

૯૨ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પાપને રોકવારૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી પાપના દળીયા રોકવારૂપ એક સંવરતત્ત્વ જાણવું,

કારણકે શબ્દનયને મતે જે સમયે જીવ સ્વરૂપના ચિંતનરૂપ સંવરમાં આવે, તે સમયે નવા કર્મરૂપ દળીયાનું ગ્રહણ નથી, માટે.

૯૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વને પાપ રોકી શકે છે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી મોક્ષનગરે જતાં એક જીવતત્ત્વને રોકી શકે છે,

કારણકે પાપના દળીયા નિકાચિતપણે સત્તાએ બાંધ્યા હોય, તે ખપાવ્યા વિના કોઈ જીવ મોક્ષનગરે પહોંચે નહિ.

૯૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી પાપે કેટલા તત્ત્વનું ઘર દીઠું નથી ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી પાપે એક મોક્ષ-તત્ત્વનું ઘર દીઠું નથી,

કારણકે મોક્ષનગરે જતા જીવને પાપના દળીયા સાથે આવતા નથી, કેમકે શુભાશુભ પુણ્ય પાપના દળીયા સત્તાએ રહ્યા છે, તે ખપાવ્યા વિના કોઈ જીવ મોક્ષનગરે પહોંચી શકે નહિ.

૯૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી આશ્રવને મિત્રરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી આશ્રવને મિત્રરૂપ પાંચ તત્ત્વ પામીયે,

કારણકે પુણ્ય–પાપના દળીયાં અજીવ છે, તે આશ્રવ-રૂપ જાણવા. અને એ દળીયા મળી બંધાય છે, તે બંધ કહીયે.

એટલે પુણ્ય, પાપ, અજીવ, આશ્રવ અને બંધ એ પાંચ તત્ત્વ આશ્રવને મિત્રરૂપ જાણવા.

૯૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી આશ્રવને શત્રુરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી આશ્રવને શત્રુરૂપ એક નિર્જરા તત્ત્વ પામીયે.

કારણકે જે વારે સકામનિર્જરા ગુણ જીવને આવે, તે વારે આશ્રવના દળીયા સત્તાએ અનંતા રહ્યા છે, તેને બાળીને ક્ષય કરે, માટે તે શત્રુરૂપ જાણવું.

૯૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી આશ્રવને રોકવારૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી આશ્રવને રોકવારૂપ એક સંવરતત્ત્વ જાણવું.

કેમકે શબ્દનયને મતે જે સમયે જીવ સત્તાગતના ચિંતનરૂપ સંવરમાં આવે, તે સમયે શુભાશુભ વિકારરૂપ આશ્રવના દળીયાને આવતા રોકે માટે.

૯૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વને આશ્રવ રોકી શકે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી એક જીવતત્ત્વને આશ્રવ રોકી શકે,

કારણકે આશ્રવના દળીયા શત્રુરૂપ થઈને જીવને સત્તાએ લાગ્યા છે, તેણે કરી જીવ, મોક્ષનગરે જતાં રોકાણો છે, માટે **એક જીવતત્ત્વને આશ્રવ રોકે છે.**

૯૯ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી આશ્રવે કેટલા તત્ત્વનું ઘર દીઠું નથી ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી આશ્રવે એક મોક્ષ તત્ત્વનું ઘર દીઠું નથી,

કારણકે મોક્ષનગરે જતા જીવને શુભાશુભ વિકારરૂપ આશ્રવના દળીયા સાથે આવતા નથી, માટે નવ તત્ત્વમાં એક મોક્ષ તત્ત્વનું ઘર આશ્રવે દીઠું નથી.

૧૦૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી સંવરને મિત્રરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ--સંવરને મિત્રરૂપ એક જીવતત્ત્વ જાણવું,

કારણકે જીવ મોક્ષનગરે જાય, તે વારે સંવરતત્ત્વ મિત્રરૂપ છે, તેને સાથે લેતું જાય. કેમકે મોક્ષમાં જીવને યથાખ્યાત ચારિત્રરૂપ સંવર તત્ત્વ સદાકાલ સાથે વર્તે છે, માટે.

૧૦૧ શિષ્યઃ--નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વને સંવર રોકી શકે છે?

ગુરૂઃ--નવ તત્ત્વમાંથી પાંચ તત્ત્વને સંવર રોકી શકે છે,

કારણકે શબ્દ અને સમભિરૂઢ નયને મતે જે વારે જીવને શુકલધ્યાનરૂપ સંવરગુણ આવે, તે વારે શુભાશુભ નવા કર્મરૂપ પાંચે તત્ત્વના આશ્રવ રોકાય, એટલે સંવર તત્ત્વનું એ લક્ષણ છે જે આવતા કર્મને રોકે, માટે **એ નવ તત્ત્વમાંથી પુણ્ય, પાપ, અજીવ, આશ્રવ અને બંધ એ પાંચ તત્ત્વને સંવર રોકે છે.**

૧૦૨ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વની સાથે સંવરને પ્રીતિ છે?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી એક નિર્જરા તત્ત્વની સાથે સંવરને પ્રીતિ જાણવી.

કારણ કે જીવ ઘણા કર્મે કરી વિટાણો થકો અનેક પ્રકારની પીડા પામતો પામતો દુઃખ વિટંબના સહેતો, રખડતો-રખડતો પુણ્યરૂપ વોલાવાની સહાયે ભવસ્થિતિને યોગે કરી સંવરરૂપ મિત્રને ઘરે પહોંચ્યો.

એટલે સંવર અને નિર્જરા, એ બે તત્ત્વે સાથે મળી જીવને કર્મથકી છોડાવ્યો, અને જ્ઞાનાદિ અનંત ગુણરૂપ લક્ષ્મી પ્રગટ કરી આપી. પછી જીવ અને સંવર, એ બે તત્ત્વ મિત્રરૂપ છે, માટે મોક્ષપુરીમાં સાથે ગયા, અને સંવરને નિર્જરાતત્ત્વની સાથે પ્રીતિ હતી, તો પણ નિર્જરાને મૂકી અને જીવતત્ત્વને લઈ મોક્ષપુરીમાં ગયો, **તેથી નિર્જરા તત્ત્વની સાથે સંવરને પ્રીતિ છે.**

૧૦૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી સંવરને ઘરરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી સંવરને એક મોક્ષ તત્ત્વ ઘરરૂપ જાણવું.

કારણકે મોક્ષપુરીમાં સિદ્ધના જીવને યથાખ્યાત ચારિત્રરૂપ સંવરતત્ત્વ સદાકાલ સાથે વર્તે છે, માટે એ નવતત્ત્વમાં સંવરને ઘરરૂપ એક મોક્ષતત્ત્વ છે.

૧૦૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વને નિર્જરા બાળે છે ?

ગુરૂઃ—નવતત્ત્વમાંથી આશ્રવરૂપ પાંચ તત્ત્વના દળીયા જીવને સત્તાયે લાગ્યા છે, તેહને નિર્જરા બાળીને ક્ષય કરે છે.

કારણ કે જે વારે સકામ નિર્જરારૂપ ગુણ જીવને આવે, તેવારે શુભાશુભકર્મરૂપ પાંચ તત્ત્વના દળીયા જીવને સત્તાએ અનંતા રહેલા છે, તેને નિર્જરાવે માટે પાંચ તત્ત્વને બાળે છે.

૧૦૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વ નિર્જરાના સ્વામીરૂપ પામીયે ?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી એક જીવતત્ત્વ નિર્જરાના સ્વામીરૂપ જાણવું.

એટલે જે કારણે જીવને એક એક પ્રદેશે અનંતા કર્મરૂપ વર્ગણાના થોકડા લાગ્યા હતા, એ રીતે કર્મરૂપ કરજથી જીવ વીંટાણેા થકેા દુઃખી હતેા, પણ સકામ નિર્જરારૂપ વાણેાતર મલ્યેા, તે વારે જીવને સર્વ કર્મરૂપ કરજથકી છેાડાવે અને જ્ઞાનાદિ અનંત ગુણરૂપ લક્ષ્મી પ્રગટ કરી આપી, જીવને સુખીયેા કરી મેાક્ષનગરે પહેાંચાડે, **માટે નિર્જરાનું સ્વામી એક જીવતત્ત્વ છે.**

૧૦૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વની સાથે નિર્જરાને પ્રીતિ છે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી એક સંવરતત્ત્વ સાથે નિર્જરાને પ્રીતિ છે.

કારણ કે જીવ કર્મરૂપ કરજથી વીંટાણેા થકેા દુઃખ પામતેા પામતેા પુણ્યરૂપ વેાલાવાની સહાયે કરી સંવરરૂપ મિત્રને ઘેર પહેાંચ્યેા, તે વારે સંવરરૂપ મિત્રે નિર્જરાને તેડી પેાતાનેા મિત્ર જાણી જીવને કર્મરૂપ કરજથકી છેાડાવ્યેા, પછી નિર્જરાને ઈહાં મૂકી સંવર તત્ત્વ જીવને લઈ મેાક્ષપુરીમાં ગયું.

૧૦૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વનું ઘર નિર્જરાએ દીઠું નથી ?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી એક મોક્ષતત્ત્વનું ઘર નિર્જરાએ દીઠું નથી ?

કારણ કે મોક્ષનગરમાં જીવને આત્મપ્રદેશે કર્મની એક પરમાણુ માત્ર રજ રહી નથી, તે કારણ માટે મોક્ષપુરીમાં નિર્જરા તત્ત્વનો ખપ નથી.

૧૦૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી બંધને મિત્રરૂપ કેટલા તત્ત્વ પામીએ ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી પાંચ તત્ત્વ બંધને મિત્રરૂપ જાણવા.

કારણકે કોઈ જીવ કર્મ બાંધે, તે વારે પુણ્ય, પાપ, આશ્રવરૂપ તેના દળીયા અજીવરૂપ છે, તે સર્વ બંધાય છે, માટે **એ નવમાંથી પુણ્ય, પાપ, આશ્રવ, અજીવ અને બંધ એ પાંચ તત્ત્વ બંધને મિત્રરૂપ જાણવા.**

૧૦૯ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી બંધને શત્રુરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—બંધને શત્રુરૂપ એક નિર્જરા તત્ત્વ જાણવું.

કારણકે જેવારે સકામ નિર્જરારૂપ ગુણ જીવને આવે, તેવારે એ પાંચ તત્ત્વ આશ્રવભૂત તેના દળીયા બંધાણા છે, તેને બાળીને ક્ષય કરે, માટે બંધની શત્રુ નિર્જરા છે.

૧૨૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વને બંધ રોકી શકે છે ?

ગુરૂઃ—એક જીવતત્ત્વને બંધ રોકી શકે છે.

કારણકે શુભાશુભ કર્મરૂપ દળીયે કરી જીવ બંધાણો થકો સંસારમાં અનેક પ્રકારે કરી પીડા પામે છે, માટે કર્મરૂપ બંધે બંધાણો તેણે કરી મોક્ષનગરે જતા રોકાણો છે.

૧૧૧ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી બંધ તત્ત્વને કયું તત્ત્વ રોકે છે ?

ગુરૂઃ—એ બંધ તત્ત્વને રોકનાર એક સંવર તત્ત્વ જાણવું.

કારણકે શબ્દનયને મતે જે વારે જીવને સંવર ગુણ આવે, તે વારે આવતા કર્મરૂપ જે દળીયા તે સર્વે બંધાતા રોકાય, માટે **એ નવતત્ત્વમાં બંધને રોકવારૂપ એક સંવર છે.**

૧૧૨ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી બંધે કેટલા તત્ત્વનું ઘર દીઠું નથી ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી બંધે એક મોક્ષ-તત્ત્વનું ઘર દીઠું નથી.

કેમકે જેવારે મોક્ષનગરે જીવ જાય, તે વારે સર્વ કર્મના બંધરૂપ જે દળીયા સત્તાએ રહ્યા છે, તે સર્વ તોડી, બાળી ક્ષય કરી જાય છે. તે કારણે જીવને મોક્ષ-પુરીમાં બંધ નથી, માટે **એ નવ તત્ત્વમાં બંધે એક મોક્ષતત્ત્વનું ઘર દીઠું નથી.**

૧૧૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યસિદ્ધ પરમા-ત્માને શત્રુરૂપ કેટલા તત્ત્વ છે ?

ગુરૂઃ—દ્રવ્યસિદ્ધ પરમાત્માને શત્રુરૂપ પાંચ તત્ત્વ પામીયે.

ઇહાં સિદ્ધનું દ્રવ્ય તે કેવલી છે, કેમકે કેવલીમાંથી સિદ્ધપણું નિપજે છે, માટે દ્રવ્યસિદ્ધ પરમાત્મા તે કેવલી જાણવા.

તે કેવલી ભગવાનને પુણ્ય–પાપના દળીયા અજીવરૂપ અનંતા સત્તાએ રહ્યા છે, તે આશ્રવરૂપ જાણવા, એટલે પુણ્ય, પાપ, અજીવ અને આશ્રવ એ ચાર તત્ત્વ થયા, અને એ દળીયે કેવલીને બાંધી રાખ્યા છે, તે પાંચમો બંધ થયો, તેણે કરી કેવલી મોક્ષપુરીમાં જતા રોકાણા છે, એ રીતે દ્રવ્યસિદ્ધ પરમાત્માને પાંચ-તત્ત્વ શત્રુરૂપ જાણવા.

૧૧૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યસિદ્ધ પરમાત્માને મિત્રરૂપ કેટલા તત્ત્વ છે?

ગુરૂઃ—દ્રવ્યસિદ્ધ પરમાત્માને મિત્રરૂપ એક સંવરતત્ત્વ જાણવું,

જે કારણે દ્રવ્યસિદ્ધ પરમાત્મા શુકલ ધ્યાનના બીજા–ત્રીજા પાયા વચ્ચે રહ્યા, સંવરરૂપ મિત્રને ઘરે વર્તે છે,

એટલે સંવરરૂપ મિત્રે પાંચ તત્ત્વના દળીયા અજીવરૂપ નવા કર્મના આશ્રવ આવતા રોકયા, એટલે સમભિરૂઢનયને મતે શુકલધ્યાનરૂપ સંવરને ઘરે વર્તે છે, તેણે કરી નવા કર્મરૂપ આશ્રવના દળીયા આવતા રોકાણા છે,

એ પરમાર્થ જાણવો. માટે દ્રવ્ય સિદ્ધને એક સંવર-તત્ત્વ મિશ્રરૂપ કહીયે.

૧૧૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યસિદ્ધ પરમાત્માને વાણોતરરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—દ્રવ્યસિદ્ધ પરમાત્માને વાણોતરરૂપ એક નિર્જરા તત્ત્વ જાણીયે,

કેમકે જીવને સંસારમાં ભમતાં ભમતાં અનંતા પુદ્ગલ પરાવર્તન કાલ ગયો, તેણે કરી ઘણી આશાતનાએ કર્મ બાંધ્યા, માટે કર્મે વીંટાણો થકો દુઃખ પામતો પામતો સકામ નિર્જરારૂપ વાણોતર મળ્યો,

તે વારે જીવને કર્મરૂપ કરજ થકી છોડાવ્યો, અને અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી આપી, અને હજી શુકલધ્યાનના બીજા-ત્રીજા પાયા વચ્ચે રહ્યા, સમયે સમયે અનંતા કર્મના થોકડા ખપાવે છે,

એટલે અંતે નિર્જરારૂપ વાણોતર, સર્વ કર્મરૂપ કરજથકી છોડાવી અને દ્રવ્યસિદ્ધ પરમાત્માને ભાવમોક્ષ-પદે પહોંચાડશે.

૧૧૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યસિદ્ધ પરમાત્માને ઘરરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવતત્ત્વમાંથી દ્રવ્યસિદ્ધ પરમાત્માને ઘર રૂપ એક ભાવમોક્ષ તત્ત્વ જાણીયે, તેનું દ્રષ્ટાંત બતાવીએ છીએઃ—

જેમ કોઈ એક પ્રાણી કરજથી વીંટાણો હોય, ઘણો દુઃખી થતો હોય, તેવારે પરદેશ કમાવા નીકળે, પછી અનેક દેશાવર ફરતો ફરતો ધન કમાઈ, ઉપાર્જન કરી કરજ ઉતારી ધન લઈ સુખીયો થઈ પોતાને ઘરે જઈ બેસે,

તેમ ઈહાં જીવ અનંતા કર્મરૂપ કરજથી વીંટાણો થકો દુઃખ ભોગવતો ભોગવતો કાલ સ્થિતિને યોગે કરી નિગોદ થકી બહાર નિકળ્યો,

પછી ચોરાશી લાખ જીવયોનિરૂપ ગ્રામ તથા ભવપાટણરૂપ નગરમાં ભમતો ભમતો કોઈ એક અવસરે ભવસ્થિતિને યોગે કરી પુણ્યરૂપ વોલાવો સાચો સહાયકારી થયો, તેવારે તેણે સંવરરૂપ મિત્રને ઘરે જીવને પહોંચાડયો,

એટલે સંવરે પોતાનો મિત્ર જાણી હિત આણીને નિર્જરારૂપ વાણોતર જીવને રાખી આપ્યો, તેણે સર્વ કર્મરૂપ કરજ થકી જીવને છોડાવવા માંડયો, અને પોતે બારણું બાંધી રોકી બેઠો, તેવારે પાંચે તત્ત્વના દળીયા અજીવરૂપ નવા કર્મના આશ્રવ આવતા રૂંધ્યા,

એ રીતે અનેક પ્રકારે મહેનત કરી જીવને કર્મરૂપ કરજ થકી છોડાવ્યો તેથી અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતચારિત્ર, અનંતવીર્ય, અવ્યાબાધ, અમૂર્ત્તિ, સહજાનંદી, પૂર્ણાનંદી, અજર, અમર, અવિનાશી આદિ અનંત ગુણરૂપ લક્ષ્મીને પ્રગટ કરી, પરમાનંદસુખનો વિલાસી થઈ ભાવમોક્ષપદ પ્રત્યે જીવ પામે, માટે **એ નવ તત્ત્વમાં દ્રવ્યસિદ્ધ પરમાત્માને ઘરરૂપ એક ભાવમોક્ષ તત્ત્વ જાણવું.**

૧૧૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી ભાવસિદ્ધ પરમાત્માને ઘરરૂપ કેટલા તત્ત્વ છે ?

ગુરૂઃ—**ભાવસિદ્ધ પરમાત્માને ઘર રૂપ એક ભાવમોક્ષપુરીરૂપ તત્ત્વ જાણવું.**

કારણકે ભાવ મોક્ષપુરી લોકને અંતે કહીયે.

તિહાં

જન્મ નહિ,
જરા નહિ,
મરણ નહિ,
ભય નહિ,
શોક નહિ,
રોગ નહિ,
પીડા નહિ,
નિદ્રા નહિ,
આહાર નહિ,
નિહાર નહિ,
શત્રુ નહિ,
મિત્ર નહિ,
રાજા નહિ,
ચાકર નહિ,
શેઠ નહિ,
સેનાપતિ નહિ,
વાણોતર નહિ,
ખાવું નહિ,

પીવું નહિ,
ઓઢવું નહિ,
પહેરવું નહિ,
લેવું નહિ,
દેવું નહિ,
હસવું નહિ,
બોલવું નહિ,
રમવું નહિ,
ભમવું નહિ,
બોલવું નહિ,
ચાલવું નહિ,

નાડી નહિ, ન્યાય નહિ,
રાત નહિ, દિવસ નહિ,
માયા નહિ, મમતા નહિ,
રાગ નહિ, દ્વેષ નહિ,

કલેશ નહિ, કજીયો નહિ,
વાદ નહિ, વિવાદ નહિ,
ભણવું નહિ, ગણવું નહિ,
અર્થ નહિ, વિચાર નહિ,
વ્રત નહિ, પચ્ચક્ખાણ નહિ,
ગુરૂ નહિ, ચેલો, નહિ
આધિ નહિ, વ્યાધિ નહિ,

એવા અજરામર સ્થાનકે અનંત પરમાનંદ સુખનો

જે વિલાસ ભોગવતા અનંત ભાવસિદ્ધ પરમાત્મા જ્યોતિઃ સ્વરૂપે આપ આપને સ્વભાવે અનંતુ સુખ ભોગવે છે.

એવું સાંભળીને શિષ્ય બોલ્યો કે જે તે સુખ તે શું કહીયે ?

ગુરૂઃ—સુખનું વર્ણન કરતા કેવળીના આઉખા અનંત પુરા થઇ જાય તો પણ વર્ણવ્યું જાય નહિ એટલું છે તોપણ દ્રષ્ટાંતે કરી લેશમાત્ર બતાવું છું.

ગાથા

સુરગણ સુખ ત્રિહું કાલના, અનંતગુણા તે કીધા ।
અનંતવર્ગે વર્ગિત કર્યા, તો પણ સુખ સમીધ ।। ૧ ।।

અર્થઃ—સુર=દેવતા તે ભવનપતિ, જ્યોતિષી, વ્યંતર, વૈમાનિક, નવગ્રૈવેયક, અનુત્તરવિમાન, સર્વાર્થસિદ્ધ, એ રીતે જે સર્વ દેવતાના સુખ તેના ગણ=સમૂહ તે ત્રિહું કાલના=

આગળ આદિરહિત અનંતો કાળ ગયો તે કાળમાં થઇ ગયેલા સર્વ ચાર નિકાયના અનંતા દેવતાના સુખ—

તથા વર્તમાનકાલે અસંખ્યાતા દેવતા વર્તે છે, તેના સુખ.

તથા અનાગતકાળ તે આવતો છેડા રહિત કાલ, તેમાં થનારા અનંતા દેવતાના સુખ,

એ રીતે ત્રણે કાળના દેવતાના સુખ લઈને ભેળા કરીયે,

તેને વળી અનંત ગુણા કરીયે,

તેના પાછા અનંતા વર્ગ કરીયે,
વળી અનંત વર્ગિત કરીયે,
એ રીતે અતીતાદિ કાળ છેડા રહિત છે તેના સર્વે દેવતાના સુખ વર્ગવર્ગિત કરીને ભેળા કરીયે તો પણ સિદ્ધશિલાએ અજરામર સ્થાનકે ભાવસિદ્ધ પરમાત્મા જે સુખ ભોગવે છે, તેના એક સમયમાત્રના સુખને તોલે તે દેવતાના સુખ ન આવે, એ પરમાર્થ જાણવો.

૧૧૮ શિષ્યઃ–સિદ્ધના જીવ ચૌદમે ગુણઠાણે કર્મથકી મૂકાણા, તે વારે ક્રિયા રહિત એટલે અક્રિય થયા, તેમ છતાં સાતરાજ લોક ઉંચા લોકને અગ્રભાગે જઇ રહ્યા, તે ક્રિયા કેમ કરી ?

ગુરૂઃ–જેમ તુંબડાને કચરાના પટ લાગ્યા, એટલે તુંબડું કચરે કરી લેપાણું થકું ભારે થઈને પાણીમાં હેઠું જઈ બેસે, અને જ્યારે પાણીએ કરી કચરો ધોવાઇ જાય, તેવારે તરત ઉંચુ ચડી આવે, એટલે કચરો ધોવાણો તેવારે આડું–અવળું–હેઠું જઇ શકે નહિ, એને ઉંચે આવવાનો સ્વભાવ છે, માટે ઉંચુ આવે,

તેમ જીવને પણ આઠ કર્મરૂપ કચરાના પટ લાગ્યા છે, એટલે કર્મરૂપ કચરે કરી લેપાણો, તે વારે ભારે થઇને સંસારરૂપ સમુદ્રમાં હેઠો બેઠો, તે જે વારે કર્મરૂપ કચરો અનુભવ જ્ઞાનના આધારે ક્રિયારૂપ અમૃત કુંડમાં ધોવાય, તે વારે તુંબડાની પરે તરત જીવ ઉંચો જઈ લોકને અગ્રભાગે બેસે, પણ આડો–અવળો નીચો જઇ ન શકે, તુંબડાની પરે તરત ઉંચો આવે.

શિષ્યઃ—સિદ્ધના જીવને કર્મ કેમ લાગતા નથી?

ગુરૂઃ—" ये चलांति ते बध्नन्ति " એટલે જે જીવનો ચલિત સ્વભાવ છે, તે જ જીવ કર્મે કરી બંધાય છે, તેમાં જે જીવનો શુભચિંતવનરૂપ ચલિત સ્વભાવ છે, તે જીવ, પુણ્યને દળીયે કરી બંધાય છે, અને જે જીવનો અશુભચિંતવનરૂપ ચલિત સ્વભાવ છે, તે જીવ, પાપને દળીયે કરી બંધાય છે,

એટલે શુભાશુભ પરિણામની ચીકાશે જીવને કર્મની ધૂળ ચોટે, પણ **સિદ્ધભગવાને શુકલધ્યાનરૂપ અગ્નિએ કરી શુભાશુભ પરિણામની ચીકાશ બાળી નાખી, તેથી તેને ચીકાશ વિના કર્મરૂપ ધૂલ ચોટી ન શકે.**

૧૨૦ શિષ્યઃ—સિદ્ધના સુખનો સ્વાદ કેવો હશે?

ગુરૂઃ—જેમાં ઘૃતનો સ્વાદ ખાટો નહિ, ખારો નહિ, મોળો નહિ, તીખો નહિ, તમતમો નહિ, કડવો નહિ, કષાયેલો નહિ, ગળ્યો નહિ, મધુરો નહિ, એ રીતે ઘૃતનો સ્વાદ તો જે ખાય તે જાણે, પણ મોઢે કહ્યો ન જાય, અને એ ઘૃત વિના સર્વે વસ્તુ અટકે, એટલે ઘૃત વિના સર્વે ખોટું જાણવું, તેમ સિદ્ધના સુખને પણ જે ભોગવે તે જ જાણે, પરંતુ કેવલી ભગવાનથી પણ મુખે કહેવાય નહિ, અને એ સુખ વિના સર્વે સુખ ખોટા, એટલે વ્યર્થ જાણવા.

૧૨૧ શિષ્યઃ—લોકો સિદ્ધિ-સિદ્ધિ કરે છે, તે કયાં છે?

ગુરૂઃ—જે વારે આત્માનું સ્વરૂપ સાધવા ઉઠ્યા, તે વારે સાધુ કહેવાણા, અને ક્રિયારૂપ* સાધને કરી જે વારે આત્મિક સ્વરૂપ સાધી રહ્યા એટલે સંપૂર્ણ કાર્ય નિપન્યું તે વારે સિદ્ધ કહેવાયા,

માટે કાર્યની સિદ્ધિ તેા ઇહાં થઇ તેથી સિદ્ધિ ઇહાં કહીયે અને સિદ્ધ તેા ઉંચા લેાકને અગ્રભાગે છે.

૧૨૨ શિષ્યઃ—લેાકેા મુક્તિ-મુક્તિ કરે છે તે મુક્તિ કયાં છે?

ગુરૂઃ—ગતિ થકી જે મુકાણેા તેને મુક્તિ કહીયે, એટલે ચાર ગતિરૂપ સંસારથી જીવ મૂકાણેા, તેને મુક્તિ કહીયે, તે ચાર ગતિને ઉપજાવનાર કર્મથકી તેા જીવ ઇહાં મૂકાય છે, તેથી મુક્તિપદ ઇહાં જાણવું, અને અહીંથી સાત રજજુ દૂર ઉંચે સિદ્ધશિલા ઉપર તેા જીવને રહેવાનું ઠેકાણું છે, કારણકે જે વારે જીવ, કર્મથકી હળવેા થાય, તે વારે ઉંચેા જાય, તેમજ કર્મે કરીને ભારે થાય તેવારે નીચેા જાય, એ જીવનેા સ્વભાવ જ છે, પણ મુક્તિપદ તેા ઇહાં જાણવું.

૧૨૩ શિષ્યઃ—ઇહાંથી ઉંચેા જતા જીવ, સિદ્ધશિલા

---

* અહીં ગ્રંથકારે સાધુદશામાંથી સિદ્ધદશાએ પહેાંચવા માટે ક્રિયારૂપ સાધનની મદદ ખૂબ જ સમજી વિચારીને જણાવી છે. એકાંત જ્ઞાનવાદીએા, શુષ્ક અધ્યાત્મવાદીએા કે જ્ઞાનીની નિશ્રા વિના નિશ્ચયનયની વાતેા કરનારાએા માટે ગ્રંથકારનું આ વિધાન ખૂબ જ મધ્યસ્થપણે સમજવા-વિચારવાની જરૂર છે.

ઉપર જ રોકાઈ રહ્યો પણ તેથી આગળ ઉંચો કેમ ગયો નહિ ?

ગુરૂઃ—આગળ અલોકમાં ધર્માસ્તિકાયનું સહાય નથી, તેથી સિદ્ધશિલાએ જ રોકાણો, પણ ઉંચો ગયો નહિં, એ પરમાર્થ જાણવો.

૧૨૪ શિષ્યઃ—લોકો મોક્ષ–મોક્ષ કરે છે તે મોક્ષ-પદ કયાં છે ?

ગુરૂઃ—રાગ–દ્વેષ અને મોહનો ક્ષય કર્યો તેનું નામ દ્રવ્યમોક્ષ કહીયે, કેમકે રાગ, દ્વેષ અને મોહનો ક્ષય તો બારમે ગુણઠાણે કર્યો અને તેરમે ગુણઠાણે દ્રવ્ય મોક્ષપદ પામી ચૂકયો, માટે બારમે ગુણઠાણે મોહનીય કર્મરૂપ રાગ–દ્વેષ–અજ્ઞાન ખપાવી, તેરમે ગુણઠાણે દેશે ઉણી પૂર્વકોટિ સુધી વિચરે તે દ્રવ્યમોક્ષ જાણવો, અને **સકલ કર્મથકી મુકાણા તે ભાવમોક્ષ જાણવો,** અને તે સકલ કર્મથકી જીવ ઇહાં મુકાય છે, માટે ભાવમોક્ષપદ તો ઈહાં છે અને ભાવમોક્ષપદને પામેલા આત્માઓને રહેવાનું સ્થલ મોક્ષપુરી તો લોકને અંતે છે એ પરમાર્થ જાણવો.

૧૨૫ શિષ્યઃ—સિદ્ધને મોક્ષપુરીમાં ધર્મ છે કે ધર્મ નથી ?

ગુરૂઃ—સિદ્ધ ભગવાન્ વ્યવહાર ધર્મકરણીરૂપ જે ધર્મ છે તે તો ઇહાં મૂકી ગયા, એટલે વ્યવહાર ધર્મકરણીરૂપ ધર્મથકી તો સિદ્ધ રહિત છે, અને સત્તાગતે જ્ઞાન–દર્શન–

ચારિત્ર–વીર્ય–અવ્યાબાધ–અમૂર્તિ–અગુરૂલઘુ આદિ અનંતો ધર્મ સિદ્ધને પ્રગટ થયો છે, તેણે કરી સિદ્ધ પરમાત્મા અનંતું સુખ ભોગવે છે, માટે **નિશ્ચયથકી સિદ્ધ ધર્મ સહિત છે, અને વ્યવહાર કરણીથી રહિત છે, એ પરમાર્થ છે.**

એ રીતે નવ તત્ત્વ સંબંધી સ્વરૂપ સામાન્ય પ્રકારે જાણવું.

૧૨૬ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી લિપ્ત સ્વભાવમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—લિપ્ત સ્વભાવ પહેલે ગુણઠાણે મિથ્યાત્વી જીવને જાણવો. તેમાં છ તત્ત્વ પામીએ.

કારણકે ઋજુસૂત્રનયને મતે શુભાશુભ વિકારરૂપ ચિંતનમાં જે વારે કોઇ જીવનું મન પ્રવર્તે, તે વારે શુભાશુભ એટલે પુણ્ય–પાપ ઉપાર્જે એટલે પુણ્ય–પાપમાં જીવ લેપાણો, તેને પહેલે ગુણઠાણે લિપ્ત સ્વભાવ જાણવો. તેમાં છ તત્ત્વ પામીયે,

એક તો સ્વભાવ તે જીવનો પોતાનો જાણવો, માટે એક તો **જીવતત્ત્વ** અને શુભાશુભ **પુણ્ય–પાપ** એ ત્રણ તત્ત્વ થયા, તે પુણ્ય–પાપના દળીયા તે ચોથું **અજીવતત્ત્વ**, એ **આશ્રવરૂપ** જાણવા, તે પાંચમું આશ્રવતત્ત્વ તથા એ દળીયે જીવ બંધાય છે તે છઠું **બંધ** તત્ત્વ જાણવું.

૧૨૭ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી અશુભ પ્રકારે લિપ્ત સ્વભાવમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—ઋજુસૂત્ર નયને મતે અશુભ પ્રકારે લિપ્ત સ્વભાવ પહેલે ગુણઠાણે મિથ્યાત્વી જીવને જાણવો, તેમાં પાંચ તત્ત્વ પામીયે.

એક તો સ્વભાવ જીવનો તે **જીવ** તત્ત્વ, બીજું અશુભ **પાપ** તત્ત્વ, એ પાપના દળીયા તે ત્રીજું **અજીવ** તત્ત્વ, અને એ દળીયા આશ્રવરૂપ જાણવા તે ચોથું **આશ્રવ** તત્ત્વ, અને એ દળીયે જીવ બંધાણો, એટલે પાંચમું **બંધ** તત્ત્વ, જાણવું.

૧૨૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી શુભ પ્રકારે લિપ્ત સ્વભાવમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—ઋજુસૂત્રનયને મતે શુભ પ્રકારે લિપ્ત સ્વભાવ પહેલે ગુણઠાણે મિથ્યાત્વી જીવને જાણવો, તેમાં પાંચ તત્ત્વ પામીયે,

એક તો જીવનો સ્વભાવ તે **જીવતત્ત્વ**, બીજું શુભપ્રકાર તે **પુણ્યતત્ત્વ**, ત્રીજું પુણ્યના દળીયા તે **અજીવરૂપ** છે માટે ત્રીજું **અજીવ** તત્ત્વ, એ આશ્રવરૂપ જાણવા, માટે ચોથું **આશ્રવ** તત્ત્વ અને એ દળીયે જીવ બંધાણો છે, તે પાંચમું **બંધતત્ત્વ** જાણવું.

૧૨૯ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી અલિપ્ત સ્વભાવમાં કેટલા તત્ત્વ પામીયે?

પુણ્ય બાંધવાની ઇચ્છાથી અહીં પુણ્યને હેય કોટિમાં ગણાવ્યું છે, તે પાપાનુબંધી પુણ્ય જાણવું, પણ નિર્જરા

બુદ્ધિએ કરાતી ક્રિયાથી બંધાતા (પુણ્યાનુબંધી) પુણ્ય તો વાંછનીય બને છે, સહજભાવે જ્ઞાનીની નિશ્રાએ નિષ્ઠા-પૂર્વક કરાતી ક્રિયાથી નિર્જરાયોગ્ય ભૂમિકા ન જાણી હોય ત્યાં સુધી પુણ્ય બંધાઈ જાય તો તે અનિચ્છાપણાથી. વિશેષ આ વાત ગુરુગમથી સમજવી.

ગુરૂઃ—જે પ્રાણી પુણ્ય-પાપરૂપ કર્મની અંતરંગ વાંછા થકી રહિત એક મોહમદની વાંછાયે અનેક પ્રકારની ક્રિયા કરે છે, તે જીવનો અલિપ્ત સ્વભાવ જાણવો.

તે શબ્દ નયને મતે તો ચોથે ગુણઠાણે સમકિતીથી માંડી પાંચમે ગુણઠાણે દેશવિરતિ જીવ, તથા છઠ્ઠું-સાતમે ગુણઠાણે સાધુ મુનિરાજ અથવા **સમભિરૂઢનયે** યાવત્ છદ્મસ્થ અવસ્થા જ્યાં સુધી કેવળજ્ઞાન નથી ઉપન્યું તિહાં સુધી અલિપ્ત સ્વભાવ જાણવો, તેમાં આઠ તત્ત્વ પામીયે.

એક તો **જીવ** તથા સત્તાએ **પુણ્ય-પાપ**ના દળીયા **અજીવ** રૂપ અનંતા રહ્યા છે, તે **આશ્રવ** રૂપ જાણવા, એટલે પાંચ તત્ત્વ થયા, અને એ દળીયે જીવ બંધાણો છે, તે છઠું **બંધ** તત્ત્વ, તથા જીવ-અજીવરૂપ સ્વસત્તા-પરસત્તાની વહેંચણ કરી જીવ સ્વભાવમાં રહે, એટલીવાર **સંવર** કહીયે, અને સંવરમાં જીવ રહે, એટલીવાર સમયે સમયે અનંતા કર્મોની નિર્જરા કરે,

એ રીતે શબ્દ અને સમભિરૂઢ નયને મતે અલિપ્ત સ્વભાવમાં આઠ તત્ત્વ જાણવા,

એકલા સમભિરૂઢનયને મતે તો કેવલી ભગવાનને અલિપ્ત સ્વભાવ કહીયે, તેમાં આગળ કહ્યા તે રીતે નવે તત્ત્વ પામીએ,

તથા એવંભૂત નયને મતે સિદ્ધ ભગવાન્ લોકને અંતે વિરાજમાન છે, તેને અલિપ્ત સ્વભાવ કહીએ, તેમાં આગળ કહ્યા તે રીતે ત્રણ તત્ત્વ પામીએ.

૧૩૦ શિષ્યઃ—દ્રવ્યથકી ષડાવશ્યકનું સ્વરૂપ શું ?

ગુરૂઃ—આત્મજાગૃતિના ઉપયોગ કે જ્ઞાનીની નિશ્રા વિના કુલાચારે પુણ્યરૂપ ફળની વાંછારૂપ પરિણામે, ૧ સામાયિક ૨ ચતુર્વિંશતિસ્તવ, ૩ વંદનક, ૪ પ્રતિક્રમણ, ૫ કાયોત્સર્ગ, ૬ પ્રત્યાખ્યાન, એ ષડાવશ્યકરૂપ જે કરણી કરવી તે દ્રવ્યથકી ષડ્ આવશ્યક રૂપ કરણી જાણવી.

૧૩૧ શિષ્યઃ—નવ તત્ત્વમાંથી દ્રવ્ય સામાયિકમાં કેટલા તત્ત્વ પામીએ ?

ગુરૂઃ—ઋજુસૂત્ર નયને મતે દ્રવ્ય સામાયિક પહેલે ગુણઠાણે જીવને કહીયે, તેમાં પાંચ તત્ત્વ પામીયે.

જે કારણે મન, વચન, કાયાએ કરી એકચિત્તે વૈરાગ્ય ભાવના સહિત સામાયિક કરે છે, પણ અંતરંગ આત્મ-જાગૃતિ રૂપ જ્ઞાનીની આજ્ઞા સાપેક્ષ રીતે કે જ્ઞાનીની નિશ્રામાં રહેવારૂપે વર્તતો નથી અને પુણ્યરૂપ ફળની વાંછાએ તેના પરિણામ વર્તે છે, માટે એ જીવને દ્રવ્ય સામાયિક, પુણ્યરૂપ શુભકર્મનું હેતુ જાણવું, તેમાં પાંચ તત્ત્વ, પામીયે, એક

તો તેનો જીવ, છે **જીવ** તત્ત્વ, બીજું શુભકર્મ તે **પુણ્ય** તત્ત્વ, ત્રીજું પુણ્યના દળીયા તે **અજીવ** તત્ત્વ, એ આશ્રવ-રૂપ છે તે **આશ્રવ**તત્ત્વ, પાંચમું એ દળીયે જીવ બંધાણો તે **બંધ** તત્ત્વ,

એ રીતે નવ તત્ત્વમાંથી દ્રવ્ય સામાયિકમાં પાંચ તત્ત્વ પામીયે.

૧૩૨ શિષ્યઃ—એ નવ તિત્ત્વમાંથી દ્રવ્યચતુર્વિંશ-સ્તવમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—**દ્રવ્ય ચતુર્વિંશતિસ્તવમાં આઠ તત્ત્વ પામીયે.**

જે કારણે આવતે કાળે ચોવીશ જિન થશે, તે વીતરાગ દેવે કહ્યા છે, તેના ભવ શરીર આશ્રયી દ્રવ્ય ચઉવિસત્થો કહીએ, એટલે કોઈ જીવ સમકિત ભાવે વર્તતા હશે, પરંતુ હમણાં તેમની સેવા, સ્તુતિ, ભક્તિ, પૂજા પ્રમુખ જે કરીએ તે નૈગમનયને મતે વર્તમાને પોતાના ભાવથી આવતા કાળની દ્રવ્યની ગવેષણા જાણવી, માટે તેમાં સમકિતી જીવની પેઠે આઠ તત્ત્વ કહીયે.

૧૩૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યવંદનમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—**વ્યવહારનયને મતે જો વીરા શાલવીની પરે વંદના કરે તો એક તત્ત્વ પામીયે, અને ઋજુ-સૂત્ર નયને મતે દ્રવ્યવંદન કરે તો પાંચ તત્ત્વ પામીયે.**

કારણ કે વંદન એટલે કૃતિકર્માદિ ગુરૂવંદન જાણવું, તિહાં જે **વીરા શાલવીએ** વંદના કરી, તેને અંતરમાં પુણ્ય–પાપરૂપ ફલની વાંછા ન હતી, એક ફક્ત કૃષ્ણ **વાસુદેવનું** મન રીઝવવા સારૂ વંદના કરી હતી, માટે તેણે પુણ્યરૂપ ફળ ઉપાર્જ્યું નથી તેથી તેમાં તો એક **જીવ**તત્ત્વ પામીયે.

તથા **વ્યવહારનયને** મતે અંતરંગ રાગ સહિત, ભક્તિ સહિત વિધિપૂર્વક વંદના કરે છે, પણ અંતરંગ ઉપયોગની જાગૃતિ કે જ્ઞાનીની નિશ્રા વિના સ્વચ્છંદ રીતે તથા કર્મનિર્જરાના ધ્યેય વિના મ્હોં જોઈ ટીલું કરવાની જેમ અથવા કુલાચારે અંતરંગ પુણ્યરૂપ ઈંદ્રિય સુખની વાંછાએ વાંદે છે, તેમાં પાંચ તત્ત્વ પામીયે.

એક તો તેનો **જીવ** અને ઋજુસૂત્રનયને મતે દ્રવ્યવંદન કરતાં શુભ ફળ ઉપાર્જ્યું તે બીજું શુભ પુણ્ય, ત્રીજું પુણ્યનાં ફળીયા તે **અજીવ**, એ આશ્રવરૂપ જાણવા. તે ચોથું **આશ્રવ** તથા એ ફળીયે જીવ બંધાણો; તે પાંચમો **બંધ**.

એ રીતે દ્રવ્યવંદનમાં પાંચ તત્ત્વ છે.

૧૩૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી **દ્રવ્ય પ્રતિક્રમણ**માં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—એ **દ્રવ્ય પ્રતિક્રમણ** નામે **આવશ્યક** છે, તે **ઋજુસૂત્ર નયને** મતે પહેલે ગુણઠાણે કહીયે, **તેમાં પાંચ તત્ત્વ પામીયે.**

એટલે જે પાપ થકી નિવર્તવું તેનું નામ પ્રતિક્રમણ છે, તિહાં મન, વચન અને કાયાએ એકાગ્રચિત્તે પ્રતિક્રમણ કરે છે, પણ જ્ઞાનીની આજ્ઞાસાપેક્ષપણે આત્મ જાગૃતિના ઉપયોગ વિના કે કર્મક્ષયના લક્ષ્ય વિના કોઈ જીવ પાપ થકી નિવર્તે માટે દ્રવ્ય પ્રતિક્રમણ તે શુભ ફલાદિ પુણ્ય હેતુ જાણવું, તેમાં આગળ કહ્યા તે રીતે પાંચ તત્ત્વ જાણવા.

૧૩૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યથકી કાયોત્સર્ગ રુપ આવશ્યકમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—ઋજુસૂત્રનયને મતે દ્રવ્ય કાયોત્સર્ગ પહેલે ગુણઠાણે મિથ્યાત્વદશાએ હોય, કારણ કે તત્ત્વ–અતત્ત્વની જ્ઞાનીની આજ્ઞાસાપેક્ષ પ્રતીતિ કર્યા વિના કઠિનપણું આદરી અનેક ડાંશ, મશક, વાઘ, સિંહ, રીંછ, શિયાલ, સર્પ આદિક તિર્યંચ જીવના તથા મનુષ્યના અને દેવતાના કરેલા ઉપસર્ગ સહન કરે છે, આત્મજ્ઞાન વિના એક ચિત્તે ધૈર્યપણું આદરીને કાયોત્સર્ગ કરે છે, તથાપિ તે કષ્ટ પુણ્યબંધ રૂપ શુભફળનું હેતુ જાણવું, પણ જ્ઞાનીની આજ્ઞાના લક્ષ્ય વિના આત્મપ્રદેશ થકી કર્મ આવરણ ટળે નહિ, માત્ર શુભ એટલે પુણ્યફળ ઉપાજે, માટે **તેમાં જીવ, પુણ્ય, અજીવ, આશ્રવ અને બંધ એ પાંચ તત્ત્વ પામીયે.**

૧૩૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્ય પ્રત્યાખ્યાનરૂપ આવશ્યકમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—દ્રવ્ય પ્રત્યાખ્યાન પહેલે ગુણઠાણે મિથ્યાત્વ દશાયે જાણીયે, કારણકે જ્ઞાનીની મર્યાદા પ્રમાણે ઇચ્છાનો રોધ કર્યા

વિના જે જીવ, વ્રત પચ્ચક્ખાણ કરે છે, તે નિયમથી અવ્રતી જાણવા. એટલે એ સર્વે પૂર્વભવના અંતરાય કર્મનો ઉદય જાણવો. માટે એ કષ્ટરૂપ પુણ્ય ફલહેતુ જાણવું, પણ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે નિર્જરાનું હેતુ નહિ, માટે એમાં પણ આગળ કહયા તે રીતે પાંચ તત્ત્વ જાણવા.

હવે દ્રવ્ય થકી એ છ આવશ્યક રૂપ કરણી કરવી, તેનું ફલ વિશેષ રીતે નયની યુક્તિયે કરી થોડામાં સમજાવે છે.

તિહાં વ્યવહારનયને મતે ઉપરથકી ષડાવશ્યકરૂપ કરણી વિધિ સહિત ભલી રીતે કરે છે, અને ઋજુસૂત્રનયને મતે અંતરંગ પરિણામ લોક દેખાડવારૂપ યશઃ કીર્તિની વાંછાયે અથવા કોઇનું મન રીઝવવા રૂપ ભલું મનાવવાની વાંછાયે કરે, તે જીવની મહેનત વીરા શાલવીની પરે નિર્જરાર્થે જાણવી, એટલે ઋજુસૂત્ર નયને મતે જેના અંતરંગ પરિણામ વીરા શાલવીની પરે કોઈનું મન મનાવવાદિક ફળની વાંછારૂપ છે, તે જ ફલ પ્રત્યે તે તે વખતે પામે, પરંતુ એવો પરિણામ પરભવે પુણ્યરુપ ફલ હેતુ પણ નહિ જાણવો.

વળી કોઇ જીવ વ્યવહારનયને મતે ઉપરથકી ષડાવશ્યક રુપ કરણી વિધિ સહિત ભલી કરે છે, અને ઋજુસૂત્રનયને મતે લોકોને ઠગવારૂપ, ધન હરવારૂપ અથવા ઘાત, દગો કરવા રુપ ઉદાઇ રાજાને મારનારાની પરે અંતરંગ પરિણામ વર્તે છે, અથવા સ્ત્રી આદિકને પોતાની ચતુરાઇ દેખાડી વિષય સુખના પરિણામ વર્તે છે, એટલે વ્યવહાર

નયને મતે ક્રિયા તો ઘણી રુડી કરે છે, પણ ઋજુસૂત્રનયને મતે અંતરંગ પરિણામ માઠા વર્તે છે તે માટે તે જીવ, પાપકર્મરુપ ફલ પ્રત્યે ઉપાજે છે એ પરમાર્થ જાણવો.

વળી કોઇ જીવ વ્યવહારનયને મતે ઉપરથી ષડાવશ્યક રુપ કરણી વિધિ સહિત ભલી રીતે કરે છે, અને ઋજુસૂત્ર નયને મતે અંતરંગ વૈરાગ્ય સહિત ઉદાસી પરિણામે નરક નિગોદના દુઃખથકી બીતો સુખની લાલચે પરભવે પુણ્ય રૂપ ફળની વાંછારુપ પરિણામ વર્તે છે, તે જીવ ઋજુસૂત્રનયને મતે શુભ ફળરૂપ પુણ્યના દળીયા ઉપાજે છે, અને કર્મરૂપ નિર્જરા તો જે વારે શબ્દનયને મતે કરણી કરે તે વારે થાય, તેનું સ્વરુપ આગળ દેખાડશું, માટે વિવેકી પુરુષે સર્વ ઠેકાણે નયનું સ્વરુપ વિચારી ચિત્તમાં સમજણ ઉતારી પછી કામ કરવું.

૧૩૭ શિષ્યઃ– ભાવથકી ષડાવશ્યકનું સ્વરૂપ શું કહીયે ?

ગુરૂઃ– શબ્દનયને મતે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે આત્મ-જાગૃતિના ઉપયોગરૂપ પરિણામે કર્મ નિર્જરાના લક્ષ્ય સહિત આ ભવની તથા પરભવની વાંછા રહિત તથા યશઃકીર્તિ, માન, શોભા અને પૂજાની વાંછા તજીને એક પોતાના આત્માને નિરાવરણ કરવારૂપ પરિણામે સામાયિક, ચઉવિસત્થો, વંદનક, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણરૂપ કરણી કરે, તેને ભાવથકી ષડાવશ્યકરૂપ કરણી જાણવી.

૧૩૮ શિષ્યઃ—ભાવથકી ષડાવશ્યકરૂપ કરણી કરવી, તેનો હેતુ શું કહીયે ?

ગુરૂઃ—પ્રથમ સામાયિક લેવું પછી ષડાવશ્યકરૂપ કરણી કરવી,

જેમ મલિન કપડા ઉપર રંગ ચઢાવવાથી તે કપડાની કિંમત ઘટે, માટે મેલ ટાળી, કપડું ઉજળું કરી પછી રંગ ચડાવે, તો તેની કિંમત ઘણી વધે,

તેમ ઈહાં જીવ પણ સંસારમાં આર્ત્ત-રૌદ્રરૂપ પરિણામો કરી તથા ગમનાગમન કરતાં અનેક પ્રકારે જીવની વિરાધનારૂપ પાપે કરી મલિન થયો, માટે તે પાપ આલોયા વિના મલિનપણે વ્રતરૂપ રંગ લગાવે, તો તે ન શોભે, તે કારણે પ્રથમ ઇરિયાવહિ પડિક્કમે.

એટલે એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, અને પંચેંદ્રિય પ્રમુખ જીવના (૫૬૩) ભેદ થાય. તે આવી રીતે :—

એકેન્દ્રિયના બાવીશ, બેઇંદ્રિયના બે, તેઇંદ્રિયના બે, ચઉરિંદ્રિયના બે, મળી અઠ્ઠાવીશ થયા,

તથા પંચેંદ્રિયમાં નારકીના સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા મળી ચૌદ ભેદ,

તથા દેવતાના નવાણું પર્યાપ્તા અને નવાણું અપર્યાપ્તા મળી એકસો ને અઠ્ઠાણુ ભેદ,

તથા તિર્યંચના વીશ ભેદ,

તથા મનુષ્યના એકસોએક ગર્ભજ પર્યાપ્તા, એકસોએક ગર્ભજ અપર્યાપ્તા, અને એકસોએક સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા મળી ત્રણસો ને ત્રણ ભેદ,

એ સર્વ મળી એકઠા કરીયે તેવારે (૫૬૩) થાય.

તેને **અભિહયા વત્તિયા** પ્રમુખ દશ ગુણા કરીયે, તેવારે (૫૬૩×૧૦=૫૬૩૦) થાય,

તેમાં કેટલાએક રાગે કરી હણ્યા, કેટલાએક દ્વેષે કરી હણ્યા એટલે રાગ–દ્વેષે બમણા કરતા (૫૬૩૦×૨=૧૧૨૬૦) થાય,

તે વળી મન, વચન અને કાયાયે કરી ત્રિગુણા કરતાં (૧૧૨૬૦×૩=૩૩૭૮૦) થાય,

વળી કરતાં, કરાવતાં અને અનુમોદતાં પાપ લાગ્યું હોય તેથી ત્રણ ગુણા કરતાં (૩૩૭૮૦×૩=૧૦૧૩૪૦) ભેદ થાય,

વળી અતીત, અનાગત અને વર્તમાન કાળે જે પાપ લાગ્યું હોય, માટે ત્રણ ગુણા કરતાં (૧૦૧૩૪૦×૩=૩૦૪૦૨૦) થાય,

તે **અરિહંત**ની સાખે, **સિદ્ધ**ની સાખે, **સાધુ**ની સાખે, **દેવ**ની સાખે, **ગુરૂ**ની સાખે અને **પોતાના આત્મા**ની સાખે, એ રીતે છની સાખે **મિચ્છા મિ દુક્કડં** દેતાં થકાં છ ગુણા કરીયે તે વારે (૩૦૪૦૨૦×૬=૧૮૨૪૧૨૦) થાય,

એ રીતે મિચ્છા મિ દુક્કડં દેતાં **અઇમુત્તા** મુનિને કેવળજ્ઞાન ઉપન્યું.

તે માટે મનશુદ્ધે પ્રથમ **ઇરિયાવહી** પડિક્કમવી, તેનો અર્થ વિચારી અઢાર લાખ ચોવીશ હજાર એકસોવીશ ભેદના લક્ષ્યપૂર્વક **મિચ્છા મિ દુક્કડં** દેવા.

પછી તેની આલોયણાનો એક લોગસ્સ૦ (ચંદેસુ નિમ્મલયરા) સુધીનો કાઉસ્સગ્ગ કરવો ઉપર એક લોગસ્સ૦ (સંપૂર્ણ) પ્રગટ કહેવો.

એ રીતે પાપથકી રહિત શુદ્ધ, નિર્મળ થઈ પછી સામાયિક મુહપત્તી પડિલેહી બે આદેશ માંગી નવ૦ ગણી ઈચ્છકારી ભગવન્૦ બોલી ' કરેમિભંતે ' ઉચ્ચરવું તે વ્રતરુપ રંગ લગાડવો.

આ રીતે પાપરુપ મલ ટાળ્યા વિના વ્રતરૂપ રંગ શોભે નહિ, તે કારણે પ્રથમ ઈરિયાવહિ૦ પડિક્કમવી, પછી ચાર થોયથી દેવ વાંદવા, પછી ગુરુનો આદેશ માગી પડિક્કમણું ઠાવવું, તે વાર પછી ષડાવશ્યકરૂપ કરણી કરવી તે આવી રીતે :–

તિહાં પ્રથમ **સામાયિક** આવશ્યક કરવું, તેનો અર્થ કહે છે. **સમ**=સમતા, તેનો આય=લાભ તેને **સામાયિક** કહીયે. તે અવશ્ય કરવું. માટે તે **આવશ્યક** કહીયે.

એ પછી તે સમતા જે પરમસુખના નિધાન તેનો લાભ શ્રીઋષભાદિક ચોવીશ તીર્થંકરને થયો, તેથી સમતાના નિધાન, પરમોપકારી, જગદ્‌ગુરુ, જગત્ત્રયના જીવને ઉપકાર કરનાર, પરમ સુખના દાતાર, એવા ચોવીશ તીર્થંકરનું ધ્યાન કરીયે, જે થકી સંસારનો પાર પામીયે, એ બીજું **ચઉવિસત્થો** નામે આવશ્યક.

તે વાર પછી એ ચોવીશ તીર્થંકરના ઓળખાવનાર **ગુણાદિક શ્રી આચાર્ય** ભગવાન છત્રીશ ગુણે કરી વિરાજમાન,

પરમોપકારી તેનો ઉપકાર સંભારીને વિધિપૂર્વક હર્ષ સહિત તેને વંદના કરવી, તે ત્રીજું **વંદન** આવશ્યક જાણવું,

એ વંદન શા માટે કરવું? તે કહે છેઃ—આગળ પાપ આલોચીને પાપ થકી નિવર્તવું છે માટે વિનીતપણે નરભાશ ગુણ વિના કોઈ જીવ પાપ થકી નિવર્તી શકે નહિ, તે માટે વંદના કરવી.

પછી ગુર્વાદિક પાસેથી **પ્રતિક્રમણ** નામક આવશ્યક કરવાનો આદેશ માગવો, એટલે પાપથી નિવર્તવું, તેનું નામ **પ્રતિક્રમણ** છે. તે પાપ થકી નિવર્તવાને અર્થે સાધુ તો આદેશ માગી **પગામ સિજ્જાએ.** (**શ્રમણસૂત્ર**) કહી પાપ આલોવે, અને શ્રાવક વ્રતરૂપ અતિચારને **વંદિત્તુ૦** સૂત્ર બોલી આલોવે.

એ રીતે પાપ આલોચી પાપ થકી રહિત શુદ્ધ, નિર્મળ ભાજનની પરે થયો થકો વળી કાંઈ થોડુંએક પણ પાપ રહ્યું હોય તે માટે '**આયરિઅ ઉવજ્ઝાએ**' પ્રમુખ ત્રણ ગાથા કહી સર્વ જીવને ખમાવે. એ ચોથું પ્રતિક્રમણ આવશ્યક.

એ રીતે પાપ થકી રહિત જે વારે આત્મરૂપ ભાજન ખાલી થાય, તે વારે તેને જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણે કરી પૂરવું (ભરવું) જોઈયે, તેને માટે પાંચમું આવશ્યક કરવું. તે આવી રીતેઃ—

પ્રથમ ચારિત્રનું આરાધન કરવા સારું "**કરેમિભંતે**" કહી પછી બે **લોગસ્સ૦**નો (**ચંદેસુ નિમ્મલયરા**) કાઉસ્સગ્ગ

કરવો, પછી ઉપર એક પ્રગટ **લોગસ્સ૦** કહેવો, એટલે એ ચારિત્રનું આરાધન જાણવું.

પછી દર્શનનું આરાધન કરવા નિમિત્તે "**સવ્વલોએ અરિહંત ચેઇયાણં**" એટલે સર્વલોકને વિષે જેટલા શ્રી અરિહંતના ચૈત્ય છે, તેને વાંદવા-પૂજવાના લક્ષ્યથી એક **લોગસ્સ૦**નો કાઉસ્સગ્ગ કરવો, એટલે એ દર્શનનું આરાધન જાણવું.

પછી જ્ઞાનનું આરાધન કરવા નિમિત્તે "**પુક્ખરવર-દીવડ્ઢે**" કહી એક **લોગસ્સ૦**નો કાઉસ્સગ્ગ કરવો એટલે જ્ઞાનનું આરાધન જાણવું.

એ રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્રના આરાધનરૂપ કાઉસ્સગ્ગ કરી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણે કરી આત્મરૂપ ભાજનને પૂરવું.

કારણ કે આગળ પાપની આલોચના કરી પાપ થકી રહિત આત્મરૂપ ભાજન ખાલી થયું છે, માટે ઇહાં પાંચમા આવશ્યકમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણે કરી પૂરવું, તથા ઉત્તમ કાર્યમાં સદા વિઘ્નનો સંભવ રહે છે, તેથી નિર્વિઘ્નપણે આરાધન થાય, તે માટે સમ્યગ્દૃષ્ટિ દેવોના સ્મરણરૂપે **શ્રુતદેવતાનો** કાઉસ્સગ્ગ કરવો.

પછી જે ક્ષેત્ર દેવતાના આશ્રયતળે ધર્મારાધન થઇ રહ્યું છે, આસર્યા છે તે ક્ષેત્રદેવના સ્મરણરૂપ કાઉસ્સગ્ગ.

આ રીતે જ્ઞાન, દર્શન ચારિત્રનું સાધન અને તે નિર્વિઘ્નપણે થાય એ માટે સમ્ય૦દેવોનું સ્મરણ એ રીતે એ પાંચમુ કાઉસ્સગ્ગ નામે આવશ્યક જાણવું.

એ રીતે આત્મરૂપ ભાજન તે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણે કરી સંપૂર્ણ ભરાણું એટલે હવે ફરી પાછું પાપ ન કરવાના નિયમ સારૂ છઠ્ઠા આવશ્યકને વિષે ચાર પ્રકારના આહારના પચ્ચક્ખાણ કરવા માટે નોકારસી, પોરિસિ, એકાસણું, આયંબિલ, ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, માસખમણ, પાસખમણ, છમાસી, વરસી અથવા યાવજ્જીવ, ઈત્યાદિક પોતાની શક્તિ માફક ચાર આહાર રૂપ પાપ ન કરવાના પચ્ચક્ખાણ કરવા, એ છઠ્ઠું **પચ્ચક્ખાણ** આવશ્યક જાણવું.

એ રીતે એ છ આવશ્યકનું સ્વરૂપ જાણી વિવેકી પુરૂષ, હૃદયમાં ધારી, નિત્ય પ્રત્યે ઉભય ટંક કરતાં થકા જીવ અલ્પકાળમાં કર્મ રહિત થઈ સિદ્ધિપદ વરે પામે.

એમ શબ્દનયને મતે એ સામાન્ય પ્રકારે ભાવથકી ષડાવશ્યકનું સ્વરૂપ જાણવું.

૧૩૯ **શિષ્યઃ**—એ નવ તત્વમાંથી ભાવસામાયિકમાં કેટલા તત્વ પામીયે?

ગુરૂઃ—**શ્રીભગવતીસૂત્રમાં "આયા ખલુ સામાઇયં"** એ આલાવે સામાયિકનો અર્થ સ્વરૂપ રમણતાનો કર્યો છે, એટલે જેટલીવાર જે સ્વરૂપમાં રહેવું, તેટલીવાર સામાયિકનો લાભ જાણવો.

તેથી શબ્દનયને મતે ચોથા ગુણઠાણાવાળા સમકિતી અને પાંચમા ગુણઠાણાવાળા દેશવિરતિશ્રાવક, તથા છઠ્ઠા–સાતમા ગુણઠાણાવાળા મુનિરાજને સામાયિક જાણવું. તેમાં આઠ તત્વ પામીયે.

સમભિરૂઢ નયને મતે કેવલી ભગવાનને સામાયિક જાણવું, તેમાં નવ તત્ત્વ પામીયે.

તથા એવંભૂતનયને મતે સિદ્ધ ભગવાનને સામાયિક જાણવું- તેમાં ત્રણ તત્ત્વ પામીયે.

એ રીતે ભાવ સામાયિકના સ્વરૂપનો પરમાર્થ જાણવો.

૧૪૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી ભાવ ચતુર્વિંશતિસ્તવમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—એવંભૂતનયને મતે હમણાં ઋષભાદિ ચોવીશ તીર્થંકર ભાવનિક્ષેપે સિદ્ધક્ષેત્રમાં વિરાજમાન વર્તે છે, તેને ભાવ ચતુર્વિંશતિસ્તવ કહીયે. એટલે હમણાં એમની સેવા, ભક્તિ, સ્તુતિ, પૂજાદિ કરીયે છીએ. તે નૈગમનયને મતે વર્તમાને પોતાના ભાવથી ગયા કાળના ભાવની, ગવેષણા જાણવી, એ સિદ્ધમાં વર્તે છે, માટે તેમાં આગળ કહ્યા તે રીતે ત્રણ તત્ત્વ પામીયે.

૧૪૧ શિષ્યઃ- એ નવતત્ત્વમાંથી ભાવવંદન આવશ્યકમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ- શ્રીવીતરાગની આજ્ઞા પાળનાર, શુદ્ધમાર્ગના પ્રરૂપક, આત્મતત્ત્વના રસીયા, મોક્ષાભિલાષીપણે પોતાના આત્માનું સાધન કરે છે, એવા ગુરૂ આદિક આચાર્ય ભગવાન્ને કૃતિકર્માદિક એટલે દ્વાદશાવર્ત વંદન, વિધિપૂર્વક કરવું, પરંતુ આ ભવ તથા પરભવની વાંછારહિત; માન-

અહંકાર ગાળી, યશઃકીર્તિની વાંછા રહિત, એક પોતાના આત્માને કર્મથકી મૂકાવવા નિમિત્તે કરે, તો મોટો લાભ ઉપાર્જન કરે

ઉક્તં ચ

તિત્થયરત્તં સમ્મત્તં, ખાઇયં સત્તમી એતઇયા॥
વંદણુએણુ વિહિણા, બદ્ધં ચ દસારસીહેણું ॥૧॥

અર્થઃ—શ્રી કૃષ્ણ વાસુદેવે વિધિપૂર્વક એક સાધ્યે અંતરંગ રાગ સહિત વંદના કરતાં તીર્થંકર ગોત્ર ઉપાર્જ્યું અને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા, તથા સાતમી નરકને યોગ્ય અશાતાના દળીયા એકઠા મેળવ્યા હતા, તેમાંથી ચાર નરકની અશાતાના દળીયા દૂર કર્યા માટે ભાવવંદન આવશ્યકમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ જાણવા.

૧૪૨ શિષ્યઃ—એ નવતત્ત્વમાંથી ભાવપ્રતિક્રમણમાં કેટલા તત્ત્વ પામી છે?

ગુરૂઃ—શબ્દનયને મતે પાપથકી નિવર્તવું તેને પ્રતિક્રમણ કહીયે.

તિહાં દિવસનું પાપ લાગ્યું હોય તે સાંજના પ્રતિક્રમણથી નિવર્તે, અને રાત્રિનું પાપ લાગ્યું હોય, તે પ્રભાતના પ્રતિક્રમણથી નિવર્તે તથા પંદર દિવસનું પાપ લાગ્યું હોય, તે પાક્ષિક પ્રતિક્રમણથી નિવર્તે, અને ચાર માસનું પાપ લાગ્યું હોય, તે ચૌમાસી પ્રતિક્રમણથી નિવર્તે, તથા બાર માસનું પાપ લાગ્યું હોય, તે સંવચ્છરીના પ્રતિક્રમણથી નિવર્તે.

એ રીતે પ્રતિક્રમણ કરવા થકી પાપ નિવર્તે ખરૂં, પરંતુ તે કોને નિવર્તે? કે જે અંતરંગ સત્તાગતે રહેલ વસ્તુધર્મને નિરાવરણપણે પ્રગટ કરવાને અર્થે પ્રતિક્રમણ કરે છે, તે પ્રાણી પાપથકી નિવર્તે છે, પરંતુ જ્ઞાનીની નિશ્રા વિના પાપ ટળે નહિ,

માટે એવી આલોયણા સહિત જે પ્રતિક્રમણ કરવું, તો તો દેશવિરતિ પાંચમા ગુણઠાણાવાળા શ્રાવક તથા છઠ્ઠે –સાતમે ગુણઠાણે વર્તનારા સાધુ મુનિરાજ તેને ઉદયે આવ્યું છે, માટે તેમાં પૂર્વે કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

૧૪૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી ભાવ કાયોત્સર્ગમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—જે શબ્દ નયને મતે જાતે જાણપણા સહિત બાહ્ય થકી તો મેરૂની પરે નિશ્ચલપણે થઈને દુષ્ટ જીવ જે વાઘ, સિંહ, શિયાળ, રીંછ અને સર્પાદિક તિર્યંચના કરેલા ઉપસર્ગ તથા દેવતા અને મનુષ્યના કરેલા ઉપસર્ગ જેવા કે છેદન, ભેદન, તાડન, તર્જનાદિક તથા ક્રૂરવચન, કડવા વચનરૂપ અનેક પ્રકારના ઉપસર્ગ થાય, પણ સમતા રસે ભીનો એવો જે મુનિરાજ, તે નિશ્ચલિતપણે વર્તે, પરંતુ કોપ કરે નહિ, અને અંતરંગ થકી તો જ્ઞાનીની વચનોની જાગૃતિ વર્તે સ્વ–પરની વહેંચણ સાથે અડોલપણે લક્ષ્યની જાગૃતિમાં ભળે તે પ્રાણી–મોટી નિર્જરા કરે. તેને ભાવ કાયોત્સર્ગ કહીયે, તેમાં આઠ તત્ત્વ પામીયે.

૧૪૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી ભાવ પ્રત્યાખ્યાન આવશ્યકમાં કેટલા તત્ત્વ પામીયે.

ગુરૂઃ—શબ્દનયને મતે પ્રાણી ઇચ્છા નિરોધપણે જે જે વસ્તુના ભાવ પ્રત્યાખ્યાન કરે છે, તે પ્રાણી મોક્ષ-નગર નજીક જાય છે.

એટલે આ ભવને વિશે યશઃકીર્તિ, માન, શોભા, તથા ઇંદ્રિયસુખની લાલચથકી રહિત નિરીહપણે તેમજ પરભવની ઇચ્છા જે દેવતા, ચક્રવર્તી, વાસુદેવ તથા ઇંદ્રાદિકની ઋદ્ધિની વાંછા થકી રહિત થકો જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ગુરૂનિશ્રાએ પોતાના આત્માને નિરાવરણ કરવાના એક લક્ષ્યથી જે જે પચ્ચક્ખાણ કરે છે તે **ભાવપચ્ચક્ખાણ આવશ્યક** કહીયે. તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

એ રીતે ભાવ થકી ષડાવશ્યકનું સ્વરૂપ સંક્ષેપમાત્ર કહ્યું.

૧૪૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી રમણિક તત્ત્વ કેટલા પામીયે?'

ગુરૂઃ—એ નવ તત્ત્વમાં અનેક નયની અપેક્ષાએ કરી એક જીવતત્ત્વ રમણિક જાણવું.

કેમકે નૈગમ અને સંગ્રહ એ બે નયને મતે પારિણામિક ભાવે કરી સર્વ જીવ પોતના સ્વરૂપમાં રમણિક જાણવા.

વ્યવહારનયે કરી તો જીવને અજીવરૂપ પુદ્ગલમાં રમણિકપણું જાણવું,

તથા **ઋજુસૂત્ર નયને** મતે જીવને શુભાશુભરૂપ પરિણામે કરી પુણ્ય અને પાપરૂપ આશ્રવમાં રમણિકપણું જાણવું.

તથા **શબ્દ** અને **સમભિરૂઢ** એ બે નયને મતે તો જીવને સંવર અને નિર્જરા એ બે તત્ત્વમાં રમણિકપણું જાણવું.

તથા એકલા **સમભિરૂઢનયને** મતે જે વારે જીવે ઘાતીકર્મ ખપાવી, જ્ઞાનાદિ અનંત ચતુષ્ટય લક્ષ્મી પ્રગટ કરી, તે વારે એને દ્રવ્યમોક્ષપદમાં રમણિકપણું જાણવું.

એ રીતે એ નવ તત્ત્વમાં રમણિકપણું એક જીવતત્ત્વને જાણવું, પણ જે પ્રાણીને ઈષ્ટદેવ તથા ગુરુકૃપા થકી જ્ઞાનીઓની આજ્ઞાનુસાર સાપેક્ષપણે નય–નિક્ષેપાની કળા પ્રાપ્ત થઈ હશે, તે પ્રાણીને એ પ્રશ્નોનો અર્થ વિચારતાં ઘણી રીઝ ઉપજશે, માટે નય, નિક્ષેપા, દ્રવ્ય, ભાવ, નિશ્ચય,–વ્યવહારનું જાણપણું ગુરૂગમથી નય સાપેક્ષપણે વિશેષ રીતે કરવું, એટલે સમકિતરૂપ રત્નની પ્રતીતિ થાય.

૧૪૬ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી અશુભ પ્રકારે રમણિક સ્વભાવમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂ :—**ઋજુસૂત્રનયને** મતે અશુભ પ્રકારે રમણિક સ્વભાવમાં પાંચ તત્ત્વ પામીયે, તે કહે છે :—

એક તો રમણિક તે જીવ અને અશુભ તે પાપ. તથા એ પાપના દળીયા અજીવ તે આશ્રવભૂત જાણવા અને એ દળીયે જીવ બંધાય છે.

માટે જીવ, પાપ, અજીવ, આશ્રવ અને બંધ એ પાંચ અશુભ રમણિક તત્ત્વ પામીયે.

૧૪૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી શુભ પ્રકારે રમણિક સ્વભાવમાં કેટલા તત્ત્વ પામીયે.

ગુરૂઃ—ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે શુભ રમણિક સ્વભાવ હોય, તેમાં પાંચ તત્ત્વ પામીયે.

એક તો રમણિક જીવ પોતે, બીજું શુભપુણ્ય, તે પુણ્યના દળીયાં અજીવ છે, તે આશ્રવરૂપ જાણવા; અને એ દળીયે જીવ બંધાય છે, તે બંધતત્ત્વ થયું.

એટલે જીવ, પુણ્ય, અજીવ, આશ્રવ અને બંધ એ પાંચ શુભ રમણિક તત્ત્વ થયા.

૧૪૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી શુદ્ધ પ્રકારે રમણિક સ્વભાવમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—શબ્દ અને સમભિરૂઢનયને મતે ચોથા ગુણઠાણાથી યાવત્ તેરમા અને ચૌદમા ગુણઠાણા પર્યંત જીવને શુદ્ધ પ્રકારે રમણિક દશા જાણવી. તેમાં આઠ તત્ત્વ અને નવ તત્ત્વ પામીયે.

એટલે શુભ પુણ્યના દળીયા અને અશુભ પાપના દળીયા તે માંહે જીવ લેપાણો છે, અર્થાત્ એ શુભાશુભ

કર્મરૂપ કચરામાં જીવ લેપાણો છે, પણ તિહાં થકી શુદ્ધિના કરનારા એક **સંવર** અને **નિર્જરા** એ બે તત્ત્વ જાણવા.

એટલે શબ્દ અને સમભિરૂઢ નયને મતે સમકિતભાવે ચોથા ગુણઠાણા થકી માંડીને યાવત્ અગ્યારમા અને બારમા ગુણઠાણા લગે જે જીવ વર્તે છે. તેમાં પૂર્વે કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

એક તો જીવ અને સત્તાએ પુણ્ય-પાપના દળીયા અજીવરૂપ અનંતા રહ્યા છે, તે **આશ્રવરૂપ** જાણવા, તથા એ દળીયે જીવ બંધાણો છે.

એટલે જીવ, પુણ્ય, પાપ, અજીવ, આશ્રવ, અને બંધ એ છ તત્ત્વ થયા તથા જીવ—અજીવરૂપ સ્વ-પરની વહેંચણ કરી જિહાં સુધી જીવ સ્વરૂપમાં રહે, તિહાં સુધી **સંવર** કહીએ અને જિહાં સુધી સંવરમાં જીવ રહે, તિહાં સુધી સમયે સમયે અનંતી **નિર્જરા** કરે, એ રીતે પૂર્વોક્ત છ તત્ત્વમાં **સંવર** તથા **નિર્જરા** ભેળવીએ, તે વારે આઠ આઠ તત્ત્વ પામીયે.

સમભિરૂઢ નયને મતે તેરમે ગુણઠાણે શુદ્ધ પ્રકારે રમણિકપણું કેવલી ભગવાનને જાણવું, તેમાં પૂર્વોક્ત આઠ આઠ તત્ત્વની સાથે કેવળજ્ઞાન પામ્યા, એટલે દ્રવ્ય મોક્ષપદ પામ્યા તે નવમું કહેવું.

૧૪૯ **શિષ્ય**:—એ નવ તત્ત્વમાંથી નિશ્ચયથકી રમણિક સ્વભાવમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—એવંભૂત નયને મતે નિશ્ચય થકી રમણિક સ્વભાવમાં ત્રણ તત્ત્વ પામીએ,

કેમકે નિશ્ચય થકી રમણિકપણું તો મોક્ષપુરીમાં સિદ્ધના જીવને છે, તેમાં તો એક સિદ્ધનો જીવ તે **જીવતત્ત્વ** અને યથાખ્યાત ચારિત્રરૂપ ગુણે કરી પોતાના સ્વભાવમાં રમણ કરે છે, તે બીજું **સંવરતત્ત્વ** જાણવું. તથા ત્રીજું ભાવ મોક્ષપદ પામ્યા છે, તે ત્રીજું **મોક્ષતત્ત્વ** જાણવું.

૧૫૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી ધ્યાતારૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી ધ્યાતારૂપ એક જીવતત્ત્વ જાણવું,

કારણકે કોઈ જીવ ઋજુસૂત્રનયને મતે ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય, નિદ્રા, વિકથા, હાસ્ય, વિનોદ, નિંદા અને ઇર્ષ્યા, એ આદિ અનેક પ્રકારે અશુભ પરિણામો કરી નરક અને તિર્યંચ ગતિના દુઃખને ધ્યાવે છે,

વળી કોઈ એક જીવ તો ઋજુસૂત્રનયને મતે દાન, શીલ, તપ, ભાવના, પૂજા, પ્રભાવના, સંઘભક્તિ, ગુરૂભક્તિ, ઉપકારબુદ્ધિ, એ આદિ અનેક પ્રકારે શુભ પરિણામે કરી મનુષ્યગતિ તથા દેવગતિના સુખને ધ્યાવે છે.

તથા કોઈ જીવ તો વળી સમભિરૂઢનયને મતે શુદ્ધ પરિણામે કરી મોક્ષગતિને ધ્યાવે છે.

એ રીતે નવ તત્ત્વમાંથી ધ્યાતારૂપ એક જીવતત્ત્વ જાણવું.

૧૫૧ **શિષ્ય**:—એ નવ તત્ત્વમાંથી અશુભ પ્રકારે ધ્યાતારૂપમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂ:—અશુભ પ્રકારે ધ્યાતારૂપમાં પાંચ તત્ત્વ જાણવા. તેમાં એક તો ધ્યાતા–**જીવ**, બીજું અશુભ–**પાપ**, ત્રીજું પાપના દળીયા તે **અજીવ** છે, ચોથું એ **આશ્રવ** રૂપ જાણવું, અને પાંચમું **બંધ** તત્ત્વ જાણવું.

૧૫૨ **શિષ્ય**:—એ નવ તત્ત્વમાંથી શુભ પ્રકારે ધ્યાતારૂપમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂ:—એ નવ તત્ત્વમાંથી શુભ પ્રકારે ધ્યાતારૂપમાં પાંચ તત્ત્વ પામીયે.

એક તો ધ્યાતારૂપ **જીવ** તત્ત્વ, અને બીજું શુભ–પુણ્ય, તે પુણ્યના દળીયા **અજીવ** છે, તે **આશ્રવ** રૂપ જાણવા, અને એ દળીયે જીવ બંધાણો છે,

એટલે જીવ, પુણ્ય, અજીવ અને બંધ એ પાંચ તત્ત્વ શુભ ધ્યાતા રૂપમાં પામીયે.

૧૫૩ **શિષ્ય**:—એ નવ તત્ત્વમાંથી શુદ્ધ પ્રકારે ધ્યાતા-રૂપમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂ:—એ નવ તત્ત્વમાંથી શુદ્ધ પ્રકારે ધ્યાતારૂપમાં આઠ તથા નવ તત્ત્વ પામીયે,

કારણકે શુભાશુભ વિકારરૂપ જે કર્મ, તિહાં થકી જીવને શુદ્ધ કરનાર, એક સંવર અને બીજું નિર્જરા, એ બે તત્ત્વ છે,

કેમ કે શબ્દ અને સમભિરૂઢ નયને મતે ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ છદ્મસ્થ અવસ્થા લગે જીવને શુદ્ધ પ્રકારે ધ્યાતારૂપમાં પૂર્વે કહ્યા, તે રીતે આઠ તત્ત્વ પામીયે.

સમભિરૂઢનયને મતે તેરમે ગુણઠાણે શુદ્ધ પ્રકારે ધ્યાતા કેવલી ભગવાન્ કહીયે, તેમાં આગળ કહ્યા, તે રીતે નવ તત્ત્વ પામીયે.

૧૫૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી બહિરાત્મામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ— બહિરાત્મા જીવ, પહેલે મિથ્યાત્વ ગુણઠાણે હોય, જે માટે પૌદ્ગલિક ભાવમાં રક્ત હોય, તેને બહિરાત્મા કહીયે.

ગાથા

પુદ્ગલસે રાતો રહે, જાણે એહ નિધાન;

તસ લાભે લોભ્યો રહે, બહિરાતમ અભિધાન ॥૧॥

અર્થઃ—શુભાશુભ કર્મવિપાક ફળને ઉદયે કરી રાજ્ય ઋદ્ધિ, ભંડાર, હુકમ, દાસ–દાસી, સુભટ–સિપાઈ, આભરૂ–ઈજ્જત, શોભા, પુત્ર–કલત્ર, કુટુંબ–પરિવાર, રાગ–રંગ,

કળા–વિકળા, ડહાપણ–ચતુરાઈ, હાવ–ભાવ, નાટક–કૌતુક, પોતાના શરીરની કાંતિ, બળ–જુવાની, મદ–અંહકાર, એ આદિ દેહ અનેક પ્રકારે પોતાની શોભા દેખી તેના ઉપર એકાગ્રચિત્તે રીઝ માને મનમાં એમ જાણે જે સંસારમાં સુખ એક હું જ ભોગવું છું, એ રીતે પોતાના સ્વરૂપથકી જે બાહ્યભાવ છે, તેને આદરી તેના સુખ વિલસે તેને બહિરાત્મા કહીયે, તેમાં આગળ મિથ્યાત્વ ગુણઠાણે કહ્યા તે રીતે છ તત્ત્વ પામીયે.

૧૫૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી અંતરાત્મામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—

દોહા

પુદ્ગલભાવ રાચે નહિ, તાથેં રહે ઉદાસ ।
સોહી અંતર આતમા, પરમાનંદ પ્રકાશ ॥ ૧ ॥
પુદ્ગલ બલ સંગીપરે, સેવે અવસર દેખ ।
તનુ શક્તિ જ્યું લાકડી, જ્ઞાન ભેદ પદ લેખ ॥ ૨ ॥
બહિરાતમ તજ આતમા, અંતર આતમરૂપ ।
પરમાતમને ધ્યાવતા, પ્રગટે સિદ્ધસ્વરૂપ ॥ ૩ ॥

એટલે કે બાહ્ય સંપદા થકી જેનો વિરક્તભાવ વર્તે છે અને પોતાના આત્મ–સ્વભાવમાં રક્તભાવ વર્તે છે, તથા પોતાના સહજ સમાધિપદને વિરહે દુઃખે કરી અસમર્થ થકો ઝૂરે છે. એવો જીવ ચોથા ગુણઠાણાથી માંડીને બારમા ગુણઠાણા લગે અંતરાત્મા કહીયે.

એ અંતરાત્મા જીવ તે સમ્યગ્દૃષ્ટિ જાગ્યો થકો વિવેકરૂપ લોચને કરી સહિત કોઇ પરભાવ થકી ઉદાસી હોય, તે વારે નય સાપેક્ષપણે દેખતાં એનું આ જગતમાં શત્રુ–મિત્ર કોઈ નથી, એને કોઈ જીવથી વૈર–વિરોધ પણ નથી, એ સર્વ જીવને પોતા સરખા જાણી, તેની દયા પાળે, રક્ષા કરે, ઉપકાર કરે, તે પરદયા જાણવી.

અને પોતાનો આત્મા કર્મને વશે કરી દુઃખી છે, અનેક પ્રકારે પીડા પામે છે, જન્મ, જરા, મરણના દુઃખ ભોગવે છે, તેને કર્મરૂપ દુઃખ થકી મૂકાવવાના પરિણામ તે સ્વદયા જાણવી.

એટલે જે કારણે આત્માને જ્ઞાનભાવે કરી સમજાવે. કે: "રે જીવ! તું અનાદિકાળનો ભમતો થકો, જે તેં ભોગ ભોગવીને છોડયા, તે મહા વિકારરૂપ અનંત દુઃખના દાતાર, તેહની ફરીથી તું વાંછા કરે છે. તેથી તુજને લાજ કેમ નથી ઉપજતી?

જે આહાર લઈને છોડયા, તે વળી પાછા આહારપણે કરે છે? આવું આચરણ ઉત્તમ વિવેકી આદરે નહિ, કેમકે વમ્યા આહારની ઇચ્છા તો શ્વાન હોય, તે કરે!"

એ રીતે મનઃપશ્ચાત્તાપે કરી પોતાના બોધિબીજ સુખ સહજ રસને ચાખે, એટલે સમકિતરૂપ જ્ઞાનદૃષ્ટિએ કરી સ્વસ્વરુપ પ્રકાશ, ચિદાનંદ, વિભુ, વિનાશરહિત, એક,

શાશ્વતો, સર્વ જગતના ભાવ પ્રપંચ જાણવાને શક્તિમંત, એવું તારું સ્વરૂપ અસંખ્યાત પ્રદેશે કરી સહિત છે, પણ એક એક પ્રદેશે અનંત કર્મ પરમાણું રાગદ્વેષની ચિકાશે અતિ સ્નિગ્ધપણે નિબિડભૂત લાગ્યા છે, તેણે કરી જ્ઞાનસ્વરૂપ દબાઈ ગયું છે, તે પ્રગટ કરવાને અર્થે સંસાર ઉદાસી ત્યાગરૂપ વૈરાગ્યભાવના ભાવતો જ્ઞાનીની નિશ્રાયે સ્વ–પરની વહેંચણમાં લક્ષ્યપૂર્વક વિવિધ અનુષ્ઠાનોના આસેવનથી સ્વ–સ્વરૂપનું ગ્રહણ કરે, અને પરસ્વરૂપને વિભાવરૂપ જાણી ત્યાગ કરે.

એ રીતે અનુભવરસમાં ઝીલતો ધ્યાનરૂપ અગ્નિએ કરી કર્મ આવરણને ભસ્મ કરતો થકો, થોડા કાળમાં પરમાનંદ પ્રત્યે પામે, તેને અંતરાત્મા કહીયે. તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

૧૫૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્ય પરમાત્મામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—સમભિરૂઢનયને મતે તેરમે ગુણઠાણે કેવળીને દ્રવ્ય પરમાત્મા કહીયે, તેમાં આગળ કહ્યા તે રીતે નવ તત્ત્વ પામીયે.

૧૫૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી ભાવ પરમાત્મામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એવંભૂતનયને મતે જે લોકને અંતે વિરાજમાન સાદિ અનંતમે ભાંગે વર્તે છે, એવા સિદ્ધ ભગવાનને

ભાવપરમાત્મા કહીયે, તેમાં આગળ કહ્યા તે રીતે ત્રણ તત્ત્વ પામીયે.

૧૫૮ શિષ્યઃ—સિદ્ધ પરમાત્માના સ્વરૂપમાં જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય, એ ત્રિભંગી ઉપજે છે, તેનો શો પરમાર્થ ?

ગુરૂઃ—જ્ઞાન–જાણપણું તે જીવનો ગુણ છે, તે જ્ઞાન ગુણે કરીને ત્રણ કાળનું સ્વરૂપ પ્રત્યક્ષપણે એક સમયમાં સિદ્ધ પરમાત્મા જાણે છે, તેથી સિદ્ધનો જીવ જ્ઞાતા છે, અને જેને જ્ઞાનગુણે કરી જાણે છે, એવા સર્વ દ્રવ્ય તે જ્ઞેય છે, એ સિદ્ધ પરમાત્માને વિશે ત્રિભંગીનું સ્વરૂપ જાણવું.

૧૫૯ શિષ્યઃ—સિદ્ધ ભગવાનના સ્વરૂપમાં કર્તા, કારણ અને કાર્ય એ ત્રિભંગી ઉપજે છે, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂઃ—કર્તા સિદ્ધનો પોતાનો જીવ જાણવો, અને જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્યરૂપ અનંતા ગુણ જે છે તે કારણ જાણવા. તથા કાર્યપર્યાયનું ઉત્પાદ વ્યયરૂપ નવા જ્ઞેયની સમયે સમયે અનંતી અનંતી વર્તનારૂપ જે સુખ, તે સુખનું આસ્વાદન તે કાર્ય જાણવું.

૧૬૦ શિષ્યઃ—સિદ્ધ ભગવાનના સ્વરૂપમાં ધ્યાન, ધ્યાતા અને ધ્યેય એ ત્રિભંગી ઉપજે છે. તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂઃ—ધ્યાન તે સિદ્ધના જીવોને પોતાના સ્વરૂપનું છે, તે ચાર ધ્યાનથકી ઉત્તર જાણવું, અને તેનો ધ્યાતા તે સિદ્ધનો પોતાનો જીવ તથા ધ્યેય તે આત્મિક સ્વરૂપ જાણવું.

એ રીતે જે જીવ, સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ જાણે,

તે વારે તેને સિદ્ધના સુખ પ્રગટ કરવાનો ભાવ ઉપજે, અને સિદ્ધના સુખ પ્રગટ કરવાની વાંછાએ જે વિવિધ અનુષ્ઠાનો જ્ઞાનીની નિશ્રાએ સેવે છે, તેને સમકિતની પ્રાપ્તિ જાણવી.

૧૬૧ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી અશુભ ધ્યાનમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે અશુભ ધ્યાન હોય, તેમાં પાંચ તત્ત્વ જાણવા.

કારણકે એક તો અશુભ ધ્યાનનો કર્ત્તા જીવતત્ત્વ અને અશુભ ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય, નિદ્રા, વિકથા, નિંદા, ઈર્ષ્યા, કલેશ, કજીયો, વાદ, વિવાદ, એ આદિ અનેક પ્રકારનું અશુભ ધ્યાન છે, તે સર્વ બીજું પાપતત્ત્વ જાણવું, અને તે પાપના દળીયા અજીવ છે, તે આશ્રવરૂપ જાણવા, માટે ત્રીજું અજીવ અને ચોથું આશ્રવ-તત્ત્વ તથા તથા તે દળીયે જીવ બંધાણો છે, તે પાંચમું બંધતત્ત્વ જાણવું.

૧૬૨ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી શુભ પ્રકારે ધ્યાનમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે શુભ ધ્યાનમાં પાંચ તત્ત્વ જાણવા,

તેમાં એક તો ધ્યાનનો કર્ત્તા જીવતત્ત્વ પોતે જાણવું. અને શુભદાન, શીલ, તપ, ભાવના, પરોપકાર, કરૂણા,

દયા, ચૈત્યભક્તિ, પૂજા, પ્રભાવના, એ આદિક અનેક પ્રકારનું શુભ ધ્યાન જાણવું, એવા અનેક પ્રકારના શુભ ધ્યાનમાં જીવ વર્તે છે, તથાપિ અંતરમાં ઇંદ્રિયરૂપ સુખની લાલચના પરિણામ છે, તેણે કરી શુભપુણ્ય ઉપાર્જન કરે છે, તે બીજું પુણ્યતત્ત્વ થયું, અને તે પુણ્યના દળીયા અજીવ છે, તે આશ્રવરૂપ જાણવા, એટલે ત્રીજું **અજીવ**તત્ત્વ અને ચોથું **આશ્રવ**તત્ત્વ થયું અને એ દળીયે જીવ બંધાય છે, તે પાંચમું **બંધ**તત્ત્વ થયું.

૧૬૩ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી શુદ્ધ ધ્યાનરૂપમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—**શબ્દ,-સમભિરૂઢ** નયને મતે સમકિત ભાવે ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ તેરમા-ચૌદમા ગુણઠાણા લગે શુદ્ધ ધ્યાન જાણવું.

તે મધ્યે **શબ્દનયને** મતે સમકિત ભાવે છઠ્ઠે-સાતમે ગુણઠાણે જે જીવ શુદ્ધ ધ્યાનમાં વર્તે છે, તેમાં આગળ કહ્યા, તે રીતે આઠ તત્ત્વ પામીયે,

સમભિરૂઢ નયને મતે તેરમે-ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાન્ શુકલ ધ્યાનના બીજા-ત્રીજા પાયા વચ્ચે શુદ્ધ ધ્યાને વર્તે છે, તેમાં આગળ કહ્યા, તે રીતે નવ તત્ત્વ પામીયે.

૧૬૪ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી કર્મફલ ચેતનામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—જે જીવ, કર્મના ફળ ભોગવે છે, તેને કર્મફલ ચેતના કહીયે. તે પહેલાં ગુણઠાણાથી માંડીને ચૌદમા ગુણઠાણા લગે જાણવી.

તિહાં જે પહેલે ગુણઠાણે મિથ્યાત્વી જીવ કર્મના ફળ ભોગવે છે, તેમાં આગળ કહ્યા, તે રીતે છ તત્ત્વ પામીયે.

સમકિતભાવે ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ અગીયારમા–બારમા ગુણઠાણા પર્યંત જે જીવ, કર્મના ફળ ભોગવે છે, તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

તથા **સમભિરૂઢનયને** મતે તેરમે ચૌદમે ગુણઠાણે વર્તતા કેવલી ભગવાન્ પણ કર્મના ફળ ભોગવે છે, તેમાં આગળ કહ્યા તે રીતે નવ તત્ત્વ પામીયે.

૧૬૫ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી જ્ઞાન ચેતનામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—**શબ્દનયને** મતે ચોથે ગુણઠાણે સમકિતી જીવને જ્ઞાન ચેતના જાણવી, અને પાંચમે ગુણઠાણે દેશવિરતિ શ્રાવકને પણ જ્ઞાનચેતના જાણવી, તથા છઠ્ઠે, સાતમે યાવત અગ્યારમે, બારમે ગુણઠાણે વર્તતા સાધુ મુનિરાજને પણ જ્ઞાનચેતના જાણવી,

કારણકે એક રૂપિયાની પૂંજીવાળો પણ રૂપિયાનો ધણી કહેવાય, અને દસ રૂપિયાવાળો પણ રૂપિયાનો ધણી

કહેવાય, અને સેા રૂપિયાવાળેા પણ રૂપિયાનેા ધણી કહેવાય તથા હજાર રૂપિયાવાળેા પણ રૂપિયાનેા ધણી કહેવાય, એમ યાવત્ લાખ રૂપિયા અને ક્રોડ રૂપિયાવાળેા પણ રૂપિયાનેા ધણી કહેવાય, તેમ ઈહાં ચેાથા ગુણઠાણાથી યાવત્ ચૌદમા ગુણઠાણા પર્યંત તથા મેાક્ષ પર્યંતના સર્વ જીવ જ્ઞાની કહીયે,

તિહાં **શબ્દ–સમભિરૂઢ** નયને મતે સમકિત ભાવથી માંડી યાવત્અગીયારમા–બારમા ગુણઠાણા લગે જે સાધુ, મુનિરાજપણે વિચરે છે, તેમાં આઠ તત્ત્વ પામીયે

સમભિરૂઢનયને મતે તેરમે – ચૌદમે ગુણઠાણે કેવળી ભગવાન્ વિચરે છે, તેમાં આગળ કહ્યા, તે રીતે નવ તત્ત્વ પામીયે,

તથા **એવંભૂતનયને મતે** સકલ કર્મ ક્ષય કરી લેાકને અંતે વિરાજમાન અનંત સુખને વિલાસે કરી સાદિ અનંતમે ભાગે સિદ્ધ પરમાત્મા વર્તે છે, તેમાં આગળ કહ્યા તે રીતે ત્રણ તત્ત્વ પામીયે.

૧૬૬ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી અશુભ પ્રકારે કર્મચેતનામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ––ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે અશુભ પ્રકારે કર્મ ચેતનામાં પાંચ તત્ત્વ પામીયે. તે આવી રીતેઃ––

કેાઈ જીવની ચેતના પાપરૂપ પરિણામે વર્તે છે, તેને અશુભ પ્રકારે કર્મચેતના કહીયે.

તેમાં એક તો જીવની ચેતના તે જીવતત્ત્વ, બીજું અશુભ એટલે પાપતત્ત્વ, ત્રીજું પાપના દળીયા તે અજીવ-તત્ત્વ, ચોથું એ આશ્રવરૂપ છે, માટે આશ્રવતત્ત્વ અને પાંચમું એ દળીયે જીવ બંધાય છે. માટે બંધતત્ત્વ જાણવું.

૧૬૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાં શુભ પ્રકારે કર્મ ચેતનામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે શુભ પ્રકારે કર્મચેતનામાં પાંચ તત્ત્વ પામીયે.

તિહાં કોઈ જીવની ચેતના પુણ્યરૂપ પરિણામે વર્તે છે, તેને શુભ પ્રકારે કર્મચેતના કહિયે, તેમાં એક જીવની ચેતના અને બીજું શુભપુણ્ય, ત્રીજું પુણ્યના દળીયા તે અજીવતત્ત્વ, ચોથું એ આશ્રવરૂપ છે, માટે આશ્રવતત્ત્વ, પાંચમું એ દળીયે જીવ બંધાય છે, માટે બંધતત્ત્વ જાણવું.

૧૬૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી આર્ત્ત–રૌદ્રધ્યાનની ભાવનામાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—આર્ત–રૌદ્રધ્યાન પહેલે ગુણઠાણે મિથ્યાત્વી જીવને હોય, તેમાં આગળ કહ્યા તે રીતે છ તત્ત્વ પામીયે.

અને ચોથે ગુણઠાણે સમકિતી જીવ તથા પાંચમે ગુણઠાણે દેશવિરતિ જીવને પણ આર્ત–રૌદ્રધ્યાન હોય.

એ પરમાર્થ શ્રીદેવચંદ્રજીકૃત આગમસાર થકી જાણવો તેમાં આઠ તત્ત્વ પામીયે.

૧૬૯ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી ધર્મધ્યાન શુકલ ધ્યાનની ભાવનામાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—**શબ્દ-સમભિરૂઢનયને** મતે ધર્મધ્યાન તથા શુકલધ્યાનનની ભાવનામાં આઠ તથા નવ તત્ત્વ પામીયે.

તિહાં શબ્દનયને મતે ધર્મધ્યાનની ભાવનાએ ચોથે ગુણઠાણે સમકિતી જીવ અને પાંચમે ગુણઠાણે દેશવિરતિ જીવ, તથા છટ્ઠે-સાતમે ગુણઠાણે મુનિરાજ હોય તેમાં આગળ કહ્યા, તે રીતે આઠ તત્ત્વ પામીયે.

તથા શુકલધ્યાનની ભાવનાવાળા જીવ, નવમા ગુણઠાણાથી યાવત્ અગ્યારમા-બારમા ગુણઠાણા લગે છદ્મસ્થ મુનિરાજ હોય, તેમાં પણ આઠ તત્ત્વ પામીયે, અને તેરમે ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાન્ શુકલધ્યાન ધ્યાવે છે, તેમાં નવ તત્ત્વ પામીયે.

૧૭૦ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી અશુભ પ્રકારે જીવને બાધક કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—**ઋજુસૂત્ર** નયને મતે પહેલે ગુણઠાણે અશુભ પ્રકારે જીવને બાધકરૂપ પાંચ તત્ત્વ પામીયે,

તેમાં એક તો **જીવ** તત્ત્વ, બીજું અશુભ પ્રકારે બાધક તે **પાપ**, તથા એ પાપના દળીયા અજીવ છે, તે આશ્રવરૂપ જાણવા, એટલે ત્રીજું **અજીવ**, ચોથું **આશ્રવ** અને પાંચમું એ દળીયે જીવ બંધાય છે, તે **બંધ**.

૧૭૧ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી શુભ પ્રકારે જીવને બાધકરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—**ઋજુસૂત્ર** નયને મતે પહેલે ગુણઠાણે જીવને શુભ પ્રકારે બાધકરૂપ પાંચ તત્ત્વ જાણવા, તેમાં એક તો **જીવ**, બીજું શુભ પ્રકારે બાધક તે **પુણ્ય**, ત્રીજું એ દળીયા **અજીવ** છે. ચોથું એ **આશ્રવરૂપ** છે. અને પાંચમું **બંધ**-તત્ત્વ.

૧૭૨ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી જીવને શુભ પ્રકારે સાધકરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—ચોથે ગુણઠાણે સમકિતી જીવ, પાંચમે ગુણઠાણે દેશવિરતિ, અને છઠ્ઠે-સાતમે ગુણઠાણે સાધુ મુનિરાજ અને યાવત્ અગીયારમા-બારમા ગુણઠાણા પર્યંત **શબ્દ-સમભિરૂઢ** નયને મતે શુદ્ધ પ્રકારે સાધકદશા જાણવી, તેમાં આગળ કહ્યા, તે રીતે આઠ તત્ત્વ પામીયે. અને **સમભિરૂઢ**-નયને મતે તેરમે-ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાન્‌ને શુદ્ધ પ્રકારે સાધકદશા જાણવી, તેમાં આગળ કહ્યા, તે રીતે નવ તત્ત્વ પામીયે.

૧૭૩ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાં કર્ત્તારૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાં અનેક નયની અપેક્ષાએ કરી કર્ત્તારૂપ એક જીવતત્ત્વ જાણવું, તે આવી રીતેઃ—

નૈગમ અને **સંગ્રહ** નયને મતે સર્વ જીવ, પોતાના સ્વરૂપમાં પારિણામિક ભાવે વર્તે છે,

વ્યવહારનયે કરી જીવ શુભાશુભરૂપ કરણીનો કર્ત્તા કહીયે, એટલે કોઈ જીવ વ્યવહારથકી શુભાશુભરૂપ કરણી કરે છે,

ઋજુસૂત્રનયને મતે અંતરંગ ભાવની ચિકાશરૂપ પરિણામ વર્તતા નથી, તે માટે જીવ–પુણ્ય પાપરૂપ ફળ પ્રત્યે ન પામે,

કેમકે **ઋજુસૂત્રનયને** મતે અંતરંગભાવની ચિકાશ રૂપ પરિણામ વિના ઉપરથકી **વ્યવહારનયને** મતે શુભ-કરણીરૂપ **વીરા શાલવીયે** અઢાર હજાર સાધુ પ્રત્યે વાંદ્યા, તથાપિ પુણ્યરૂપ ફળને ન ઉપાર્જ્યું, તે માટે અંતરંગ ભાવની ચિકાશ વિના પુણ્યરૂપ ફળીયા ચોટે નહિ,

ગાથા

આતમ સાખેં ધર્મ જે, ત્યાં જનનું શું કામ
જનમનરંજન ધર્મનું, મૂલ્ય ન એક બદામ

અર્થ:—અંતરંગ આત્માની સાખે જે ધર્મ કરવો તે ધર્મ પ્રમાણ છે, એટલે આત્માને નિરાવરણ કરવા સારૂ જ્ઞાનીની નિશ્રાએ ધર્મ કરવો તે પ્રમાણ છે. અને જનલોક તેમાં મન રીઝવવારૂપ અથવા યશઃકીર્તિ શોભાની વાંછારૂપ પરિણામે જે ધર્મ કરવો તે ધર્મનું મૂલ્ય એક બદામ માત્ર પણ નથી, એટલે **વીરા શાલવીની** પેરે **કૃષ્ણ વાસુદેવનું** મન રીઝવવારૂપ વ્યવહારથકી તો શુભકરણી જ્ઞાનીની આજ્ઞાના લક્ષ્યવિના સ્વચ્છંદ રીતે ઘણીએ કરી, પણ બદામ માત્ર ફળને ન પામ્યો, એ પરમાર્થ જાણવો.

ઋજુસૂત્રનયને મતે અંતરંગભાવની ચિકાશ વિના ઉપર થકી વ્યવહારનયને મતે સમકિતીજીવ, કર્મને વશે કરી ભોગાદિક અશુભ કરણી અનેક પ્રકારે કરે છે, પરંતુ અંતરંગ ભાવની ચિકાશ વિના તેને પાપરૂપ દળીયા તીવ્રપણે ચોંટતા નથી.

માટે સમકિતી જીવ, કર્મને વશે કરી ચારિત્ર મોહના ઉદયથી સંસારમાં વ્યવહારનયે કરી ઉપર થકી વિષયાદિક અશુભકરણી કરે છે, પણ **ઋજુસૂત્રનયને** મતે અંતરંગ પરિણામરૂપ ભાવની ચિકાશ વિના કર્મરૂપ દળીયા લાગતા નથી. એ પરમાર્થ જાણવો.

એમ **વ્યવહારનયને મતે** જીવ અશુભ પ્રકારે કરણીનો કર્તા છે, તેનું સ્વરૂપ સામાન્ય પ્રકારે કહ્યું.

વળી **ઋજુસૂત્રનયને મતે** ભાવના ચિકાશરૂપ પરિણામે કરી જીવ પુણ્યરુપ ફળને પામે.

કારણકે જીરણ શેઠે વ્યવહારનયને મતે ઉપર થકી તો દાન આપ્યું નથી, પરંતુ **ઋજુસૂત્રનયને** મતે અંતરંગ દાન દેવાના ચિકાશરૂપ પરિણામ હતા, તેણે કરી ભાવચિકાશે બારમા દેવલોકના દળીયા લાગ્યા.

તેમજ શ્રીતીર્થંકર ભગવાને પણ આગળ ત્રીજે ભવે **ઋજુસૂત્રનયને** મતે અંતરંગ ભાવની ચિકાશરૂપ પરિણામે કરી સર્વ જીવને ધર્મ પમાડી દુઃખ થકી મૂકાવી સુખિયા કરું ? એવી ભાવના ભાવી, તે ભાવના ચિકાશરૂપ પરિણામે તીર્થંકર નામ ગોત્રના દળીયા બાંધ્યા.

પણ વ્યવહારનયને મતે તો એક જીવને પણ ધર્મ પમાડી દુઃખ થકી મૂકાવીને સુખિયો કર્યો નથી, તથાપિ પર દયારૂપ ભાવથકી જિનનામ કર્મ ઉપાર્જ્યું, એ પરમાર્થ છે.

એટલે **ઋજુસૂત્રનયને** મતે જીવ શુભ પ્રકારે કર્મનો કર્તા તેનો એ પરમાર્થ જાણવો.

વળી **ઋજુસૂત્રનયને** મતે અંતરંગ અશુભ ભાવના ચિકાશરૂપ પરિણામ તે થકી જીવ જે છે, તે પાપરૂપ ફળને ઉપાર્જે, જેમ **કાલક સૂરિયો** ખાટકી તે **રાજગૃહી** નગરી મધ્યે દિન પ્રત્યે પાંચસો પાડા મારતો હતો, તે સારુ તેને **શ્રેણિક** રાજાએ કૂવામાં ટાંગ્યો અને પાડા મૂકાવ્યા.

એટલે **વ્યવહારનયને** મતે તે ખાટકી હિંસા નથી કરતો, પણ **ઋજુસૂત્રનયને** મતે અંતરંગ પાડા મારવાના ભાવરૂપ પરિણામની ચિકાશ વર્તે છે. તેથી **શ્રી વીરપ્રભુએ** કહ્યું કે હજી પાડા મારે છે અને પાપરૂપ ફળીયા ઉપાર્જે છે,

એટલે **વ્યવહારનયને** તો પાડા નથી મારતો, પરંતુ **ઋજુસૂત્રનયને** મતે અંતરંગ હિંસારૂપ ભાવની ચિકાશ વર્તે છે, માટે હજી પાડા મારે છે, એમ કહ્યું.

મતલબ કે ચિકાશે પાપના ફળીયા લાગે છે, એમ **ઋજુસૂત્રનયને** મતે જીવ અશુભ પ્રકારે કર્તા તેનું સ્વરૂપ કહ્યું.

એ પ્રમાણે વ્યવહારનયનો અને ઋજુસૂત્રનયનો એ પરમાર્થ જાણવો.

સમ્યગ્દૃષ્ટિ જીવને એ બે નય પ્રમાણે છે.

એટલે વ્યવહારનયે કરણી કરવી અને ઋજુસૂત્રનય મનમાં ધારવો તે થકી જીવને કાર્યની સિદ્ધિ નિપજે.

હવે શબ્દ–સમભિરૂઢનયને મતે જીવ જ્ઞાનદૃષ્ટિએ કરી ધર્મધ્યાન–શુકલધ્યાનરૂપ શુદ્ધ પરિણામે કરી સ્વરૂપના ચિંતનરૂપ સંવરમાં રહેતા સમયે સમયે અનંતા કર્મની નિર્જરા કરે.

અત્ર ગાથા :

છઠ્ઠ, અટ્ઠમ, દુવાલસેહિં–માસદ્ધ માસખમણેહિં ।
એત્તોઉ અણેગગુણો, સોહિંજિમયસ્સ ણાણિસ્સા૧૨।।

જં અણણાણી કમ્મં, ખવેઈ બહુઆઈ વાસકોડિહિં
તં ણાણી તિહિંગુત્તો, ખવેઈ ઉસ્સાસમિત્તેણ.

અર્થ:—જ્ઞાનીની નિશ્રા વિના સ્વચ્છંદ રીતે ચાલનાર અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ, તે છઠ્ઠ, અટ્ઠમ, દશમ, દુવાલસ, પાસખમણ, માસખમણ, પ્રમુખ અનેક પ્રકારે તપશ્ચર્યા કરતો, તથા એ તપશ્ચર્યા આદિથી અનેક ગુણે કરી શોભતો ઘણા વર્ષની કોડીગમે તપશ્ચર્યા વડે જેટલા કર્મ ખપાવે તેટલા કર્મ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે સંવર નિર્જરાની ક્રિયામાં

તત્પર જ્ઞાની એને તેની નિશ્રાએ આજ્ઞાસાપેક્ષપણે વર્તનારો જીવ, મન, વચન, કાયાએ કરી એકચિત્તે જ્ઞાનીની કર્મનિર્જરાની આજ્ઞામાં તલ્લીન રહેતો થકો એ શ્વાસોચ્છ્વાસમાં ખપાવે, એટલે સ્વચ્છંદભાવે મનમરજીથી ચાલનારો અજ્ઞાની જીવ, ઘણા વર્ષની કોડીગમે તપશ્ચર્યા કરી જે કામ કાઢે, તે કામ જ્ઞાનીની આજ્ઞા કે નિશ્રામાં રહેનાર સમકિત દૃષ્ટિ જીવ, એક શ્વાસોચ્છ્વાસમાં કાઢે.

એ રીતે શબ્દ-સમભિરૂઢનયને મતે જીવ, સંવર, નિર્જરારૂપ કાર્યનો કર્તા તેનો પરમાર્થ જાણવો.

હવે એવંભૂતનયને મતે જીવ સર્વ કર્મ ખપાવી, મોક્ષપદ પામી, લોકને અંતે વિરાજમાન સાદિ અનંતમે ભાંગે પરમાનંદ સુખને વિલાસે, આધારહિત અનંતા સિદ્ધ પરમાત્મા વર્તે છે.

એ રીતે એ નયની અપેક્ષાએ કરી નવતત્ત્વમાં જીવનું કર્તાપણું દેખાડયું.

તે માટે એ પંડિતજીવ ચિત્તમાં ઉતારી, નયની અપેક્ષા વિચારી ગુરૂગમથી સર્વનય પ્રમાણ કરે, તે પ્રાણી સમ્યગ્દૃષ્ટિ જીવ જાણવો, અને જે એમાં ગુરૂગમ છોડી મનમરજીથી એક નય પકડે તે જીવ મિથ્યાદૃષ્ટિ જાણવો.

૧૭૪ શિષ્યઃ--એ નવ તત્ત્વમાંથી અશુભ પ્રકારે કર્તારૂપ કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂ--ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે અશુભ પ્રકારે કર્તારૂપમાં પાંચ તત્ત્વ જાણવા.

એક તો કર્તા જીવ પોતે, બીજું અશુભ પાપ, ત્રીજું પાપના દળીયા તે અજીવ, ચોથું એ આશ્રવરૂપ જાણવા તે આશ્રવ, પાંચમું એ દળીયે જીવ બંધાય છે, તે બંધતત્વ જાણવું.

૧૭૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી શુભ પ્રકારે કર્ત્તારૂપમાં કેટલા તત્ત્વ પામીયે?

ગુરૂઃ—ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે શુભ પ્રકારે કર્ત્તારૂપમાં પાંચ તત્ત્વ જાણવા.

જેમ કોઈ જીવ શુભ કરણી કરે છે, અને તેના અંતરંગથી પુણ્યના ફળરૂપ ઇંદ્રિય સુખની વાંછાએ પરિણામ વર્તે છે, તેને શુભ પ્રકારે કર્ત્તા કહીયે.

તિહાં કર્તા જીવ તત્ત્વ, અને બીજું શુભ પુણ્ય, ત્રીજું પુણ્યના દળીયા તે અજીવ, ચોથું એ આશ્રવ રૂપ છે અને પાંચમું તેનાથી જીવ બંધાય છે, તે બંધ તત્ત્વ જાણવું.

૧૭૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી શુદ્ધ પ્રકારે કર્ત્તા રૂપમાં કેટલા તત્ત્વ પામીયે?

નવ તત્ત્વમાંથી શુદ્ધ પ્રકારે કર્ત્તા રૂપમાં આઠ તથા નવ તત્ત્વ પામીયે.

જે કારણે શબ્દ-સમભિરૂઢ નયને મતે સમકિત ભાવે ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ અગીયારમા-બારમા ગુણઠાણા લગે છદ્મસ્થ અવસ્થાએ શુદ્ધ પ્રકારે કર્ત્તારૂપ કહીયે, તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

તથા **સમભિરૂઢ** નયને મતે તેરમે–ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાન્‌ને શુભ પ્રકારે કર્ત્તા કહીયે, તેમાં આગળ કહ્યા તે રીતે નવ તત્ત્વ પામીયે.

૧૭૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી અશુભ કારણરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી અશુભ કારણરૂપ એક પાપ તત્ત્વ જાણવું,

કારણકે અશુભ એટલે પાપ, તે પાપના કામ તો હિંસાદિ પરિણામ તે આશ્રવરૂપ જાણવા,

એટલે કારણ તો જીવને અશુભ મળ્યા, પણ જીવ તે માંહે ભળે તો બંધાય

જો જીવ તેમાં ભળીને બંધાય તો જીવ, પાપ, આશ્રવ, અજીવ અને બંધ, એ પાંચ તત્ત્વ પામીયે, અને જો જીવ ન ભળે, તો નવ તત્ત્વમાંથી એક પાપ તત્ત્વ પામીયે.

તેથી અશુભ કારણરૂપ જીવને એક તત્ત્વ છે.

૧૭૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી જીવને શુભ કારણરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—જીવને શુભ કારણરૂપ એક પુણ્યતત્ત્વ જાણવું,

એટલે શુભ કારણ તે દાન, દયા, પરોપકાર, કરૂણા, સેવા, ભક્તિ, ઉત્તમ ગુણવાન્ જીવના બહુમાન કરવા એ આદિ અનેક પ્રકારે શુભ કારણ જાણવા,

એટલે શુભપુણ્યરૂપ ફળની વાંછાએ પરિણામ વર્તે છે, માટે તે આશ્રવરૂપ જાણવા,

એટલે જીવને કારણ તો શુભ મળ્યા, પણ તે માંહે જીવનો ઉપયોગ ભળે તો પુણ્યરૂપ દળીયા બાંધે, તેવારે જીવ, પુણ્ય, અજીવ, આશ્રવ અને બંધ, એ પાંચ તત્ત્વ પામીયે, નહિતો શુભકારણરૂપ જીવને એક પુણ્ય તત્ત્વ જાણવું.

૧૭૯ શિષ્યઃ—એ નવતત્ત્વમાંથી જીવને શુદ્ધ કારણરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ— જીવ, શુભાશુભ કર્મરૂપ કચરે લેપાણો, તેણે કરી ચાર ગતિરૂપ સંસારમાં અનેક પ્રકારની વિટંબના ભોગવે છે, પરંતુ જો સંવર અને નિર્જરારૂપ બે શુદ્ધ કારણ જીવને મળે, તો કર્મ થકી છોડાવી મોક્ષનગરે પહોંચાડે.

એ રીતે શુદ્ધ પ્રકારે કારણરૂપ જીવને સંવર અને નિર્જરા એ બે તત્ત્વ જાણવા.

૧૮૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી નિશ્ચયથકી કાર્યરૂપ કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એવંભૂતનયને મતે નિશ્ચયથકી કાર્યરૂપ એક મોક્ષતત્ત્વ જાણવું.

તે મોક્ષપુરીમાં તો આગળ કહ્યા તે રીતે ત્રણ તત્ત્વ પામીયે.

૧૮૧ શિષ્યઃ—એ નવ તત્વમાંથી લૌકિક માર્ગમાંહે કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—લૌકિકમાર્ગ=સંસાર હેતુમાર્ગ એટલે શુભાશુભ વિકારરૂપ જ્ઞાનીની આજ્ઞાનિરપેક્ષપણે સંસાર વૃદ્ધિના કારણ સેવવા, તેને લૌકિકમાર્ગ કહીયે, તેમાં છ તત્વ પામીયે,

જે કારણે રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય–કષાય, નિદ્રા, વિકથા, હાંસી, કુતૂહલ, અહંકાર, મમકારરૂપ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરવી, તે સર્વ સંસાર વૃદ્ધિના કારણ જાણવા. તેને લૌકિકમાર્ગ કહીયે.

અથવા તપ, સંયમ, પૂજા, પ્રભાવના, ભક્તિ, ઈંદ્રિય-દમન, વૈરાગ્ય ભાવના, એ આદિ અનેક પ્રકારની કષ્ટક્રિયા જ્ઞાનીની આજ્ઞાનિરપેક્ષપણે કરે છે, તેથી આ ભવમાં યશઃ કીર્તિ, લક્ષ્મી, પુત્ર, કલત્ર, પરિવાર, ઋદ્ધિની વાંછાયે અથવા પરભવે શેઠ, સેનાપતિ, શાહુકાર, દેવતા, ઇંદ્ર, વાસુદેવ, ચક્રવર્તીની પદવી પામવારૂપ વાંછાયે પરિણામ વર્તે છે, એટલે છે તો લોકોત્તર માર્ગ, પણ અજ્ઞાન દશાએ કરી સંસાર વૃદ્ધિ હેતુમાં ગયો, માટે લૌકિકમાં ભળ્યો, તેમાં છ તત્વ પામીયે.

એક તો જીવ અને શુભાશુભ વિકારરૂપ પુણ્ય-પાપના દળીયા અજીવરુપ અનંતા સત્તાયે લાગ્યા, તે આશ્રવભૂત છે, એ દળીયે જીવ બંધાણો છે, તે છકું બંધતત્વ છે.

૧૮૨ શિષ્યઃ—એ નવ તત્વમાંથી લોકોત્તર માર્ગમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—એ લોકોત્તર એટલે લોકથકી ઉત્તર ચારગતિરૂપ સંસારની વાંછા થકી રહિત એક મોક્ષમાર્ગને સાધે, તેને લોકોત્તર માર્ગ કહીએ.

એટલે સમકિતી, દેશવિરતિ તથા છઠ્ઠે—સાતમે ગુણઠાણે વર્તતા જે સાધુ મુનિરાજ, એમ યાવત્ છદ્મસ્થ અવસ્થા લગે સર્વે જીવ લોકોત્તર માર્ગમાં જાણવા. તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્વ પામીયે.

તથા તેરમે–ચૌદમે ગુણઠાણે શુકલધ્યાનમાં વર્તતા કેવલી ભગવાન પણ લોકોત્તર માર્ગમાં જાણવા. તેમાં આગળ કહ્યા તે રીતે નવ તત્વ પામીયે.

૧૮૩ શિષ્યઃ—એ નવ તત્વમાંથી જીવને બાધકદશા કેટલા તત્વની સાથે છે ?

ગુરૂઃ—એ નવ તત્વમાંથી જીવને બાધકદશા છ તત્વની સાથે છે, કેમકે જીવને અનાદિ કાળના સત્તાએ ભાવકર્મરૂપ રાગ અને દ્વેષ, શત્રુ થઈ લાગ્યા છે, તેની ચિકાશે જ્ઞાનીની આજ્ઞાઅનુસાર ન ચાલવાથી શુભાશુભ વિકારરૂપ આઠ કર્મના દળીયા લાગે છે, તે દળીયાને દ્રવ્યકર્મ કહીયે, તે આઠ કર્મ થકી ઉત્તર કર્મરૂપ એકસો ને અઠ્ઠાવન પ્રકૃતિ જાણવી, તે પ્રકૃતિરૂપ કર્મે જીવ બંધાણો, તેણે કરી ચાર ગતિરૂપ સંસારમાં ફરે છે, એ રીતે જીવને બાધકદશા કહીયે, તેમાં આગળ મિથ્યાત્વ ગુણઠાણે કહ્યા તે રીતે છ તત્વ પામીયે.

૧૮૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી જીવને સાધકદશા કેટલા તત્ત્વની સાથે છે?

ગુરૂઃ—નવ તત્ત્વમાંથી જીવને સાધકદશા બે તત્ત્વની સાથે જાણવી.

કારણ કે નિગોદમાં કર્મે કરી જીવની ચેતના દબાણી પણ અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો હતો. તેણે કરી જીવિતપણું હતું, તિહાં થકી અકામ નિર્જરાએ કાલ-સ્થિતિને યોગે કરી જીવ ઊંચો આવ્યો, ત્રસપણું પામ્યો, અને પુણ્યના ઉદયે શ્રાવકકુલ, દેવ–ગુરૂની જોગવાઇ મળી.

પરંતુ **શબ્દ–સમભિરૂઢનયને** મતે સમકિત ભાવરૂપ સંવર, નિર્જરા એ બે તત્ત્વ જો જીવને સહાયકારી થાય, તો સકલ કર્મ થકી છોડાવી જીવને મોક્ષનગરે પહોંચાડે.

માટે સાધક દશારૂપ જીવને સંવર અને નિર્જરા એ બે તત્ત્વ જાણવા.

૧૮૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી જીવને સિદ્ધદશા કેટલા તત્ત્વની સાથે છે?

ગુરૂઃ—એ નવ તત્ત્વમાંથી જીવને સિદ્ધદશા એક મોક્ષતત્ત્વની સાથે જાણવી.

કારણ કે એવંભૂતનયને મતે સકલ કર્મ ક્ષય કરી શુદ્ધ સત્તા, નિર્મળ, પરમ જ્યોતિ, લોકાલોક પ્રકાશક, અનંત ગુણ સંપન્ન હોય તેને સિદ્ધદશા કહીયે, તે તો મોક્ષમાં હોય, માટે મોક્ષતત્ત્વની સાથે સિદ્ધદશા છે.

૧૮૬ શિષ્યઃ—એ નવ તત્વમાંથી સંસારવ્યાપી કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—વ્યવહારનયને મતે 'संसरतीति संसारः' એટલે ચાર ગતિરૂપ સંસારમાં સંસરવું તેને સંસાર કહીયે.

તિહાં પહેલે ગુણઠાણે મિથ્યાદૃષ્ટિ જીવ ચારગતિરૂપ સંસારમાં સંસરે છે, તેમાં આગળ કહ્યા, તે રીતે છ તત્વ પામીયે.

વળી સમકિતભાવે ચોથા ગુણઠાણાથી માંડી યાવત્ અગ્યારમે–બારમે ગુણઠાણે છદ્મસ્થ અવસ્થાએ સાધુ મુનિરાજ પણ વર્તે છે, તે પણ ચારગતિરૂપ સંસારમાં વ્યવહારનયને મતે સંસરે છે, માટે તેને સંસારી કહીયે. તેમાં આગળ કહ્યા, તે રીતે આઠ તત્વ પામીયે.

તથા સમભિરૂઢનયને મતે તેરમે, ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાન વર્તે છે, તેને વ્યવહારનયને મતે સંસારી કહી બોલાવ્યા છે, તેમાં આગળ કહ્યા, તે રીતે નવ તત્વ પામીયે.

૧૮૭ શિષ્યઃ—એ નવ તત્વમાં સિદ્ધવ્યાપી કેટલા તત્વ પામીએ ?

ગુરૂઃ—શુકલધ્યાનરૂપ અગ્નિએ કરી, અષ્ટકર્મ બાળી, અષ્ટગુણ સંપન્ન, લોકને અંતે વિરાજમાન, અનંતસુખ ભોગી, સાદિ અનંત ભાંગે વર્તે છે; તેને સિદ્ધ ભગવાન્ કહીયે, તેમાં આગળ કહ્યા, તે રીતે નવ તત્વ પામીયે.

૧૮૮ **શિષ્ય**:—એ નવ તત્વને સાત નયે કરી જીવનું ગુણીપણું કેમ જાણીયે ?

ગુરૂ:—એ નવ તત્વમાંથી એક જીવતત્વને ગુણી કહીયે.

કારણ કે **નૈગમ** અને **સંગ્રહનયને** મતે પારિણામિક ભાવે કરી સર્વ જીવ પોતાના સ્વભાવે કરી સર્વ જીવ, પોતાના સ્વભાવરૂપ ગુણમાં રહ્યા વર્તે છે, માટે એ બન્ને નયને મતે સર્વ જીવ સત્તાએ એક સમાન છે, તેથી એક ભેદે કહીયે.

તેમ **વ્યવહારનયને** મતે જીવના ચૌદ ભેદ, બત્રીશ ભેદ, તથા પાંચસો ને ત્રેસઠ ભેદપણે સર્વે કર્મરૂપ જડની સાથે અનંતો કાળ ભેળા રહ્યા, માટે જડરૂપપણે કરી જડ કહેવાણા.

વળી **ઋજુસૂત્રનયને** મતે અંતરંગ પરિણામની ચીકાશે શુભાશુભ કર્મના હેતુએ જીવ, પુણ્ય–પાપ, અજીવ-રૂપ આશ્રવમાં બંધાણો, તેણે કરી ચાર ગતિરૂપ સંસારમાં પડયો, માટે સંસારી કહેવાણો.

તેમજ **શબ્દ** અને **સમભિરૂઢનયને** મતે સંવર–નિર્જરારૂપપણે કરી ઘાતિકર્મ ક્ષય કર્યા, તે વારે તેરમે ગુણઠાણે કેવલી કહેવાણો.

તથા **એવંભૂતનયને** મતે કર્મ ક્ષય કરી મોક્ષપણું પામી લોકને અંતે વિરાજમાન વર્ત્યો. તે વારે સિદ્ધ કહેવાણો.

એમ અનેક નયની અપેક્ષાએ પંડિતલોકને એ નવ તત્વમાં જીવનું ગુણીપણું. જાણવું.

૧૮૯ શિષ્યઃ—એ નવ તત્વમાં જીવને અશુભ ગુણરૂપ કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—અશુભ ગુણ તે પાપ કહીયે, અને તે પાપના દળીયા **અજીવ**, તે **આશ્રવરૂપ** જાણવા, અને એ દળીયે જીવ બંધાણો છે.

એ રીતે પાપ, અજીવ, આશ્રવ, અને બંધ એ ચાર તત્ત્વ જીવને અશુભ ગુણરૂપ જાણવા.

૧૯૦ શિષ્યઃ—એ નવ તત્વમાં જીવને શુભ ગુણરૂપ કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—શુભગુણ તે પુણ્યને કહીયે, તે પુણ્યના દળીયા **અજીવ છે**, તે **આશ્રવરૂપ** જાણવા, અને એ દળીયે જીવ બંધાણો છે.

એ રીતે પુણ્ય, અજીવ, આશ્રવ, અને બંધ એ ચાર તત્ત્વ જીવને શુભગુણરૂપ જાણવા.

૧૯૧ શિષ્યઃ—એ નવ તત્વમાંથી જીવને શુદ્ધ ગુણરૂપ કેટલા તત્વ પામીયે ?

ગુરૂઃ—જીવ, શુભાશુભ વિકારરૂપ કર્મે કરી લેપાણો, તેથી ચાર ગતિરૂપ સંસારમાં અનેક પ્રકારે પીડા ભોગવે છે, પણ જો **શબ્દ-સમભિરૂઢનયને** મતે સંવર નિર્જરારૂપ

બે ગુણ સહાયકારી થાય તો, જીવને સર્વ કર્મ થકી છોડાવી, શુદ્ધ કરે, અને અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી આપે.

આટે સંવર અને નિર્જરારૂપ બે તત્ત્વ જીવને શુદ્ધ ગુણરૂપ જાણવા.

૧૯૨ શિષ્યઃ—એ નવ તત્વમાંથી જીવને નિશ્ચય ગુણરૂપ કેટલા તત્ત્વ છે?

ગુરૂઃ—એવંભૂતનયને મતે નિશ્ચય ગુણરૂપ એક મોક્ષતત્વ જાણવું.

જે કારણે

જિહાં

જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ,

રોગ નહિ, શોક નહિ,

પીડા નહિ, સંતાપ નહિ,

કર્મ નહિ,

આધિ નહિ, વ્યાધિ નહિ,

હર્ષ નહિ, હેત નહિ,

પ્રીતિ નહિ, ક્રોધ નહિ,

વાદ નહિ, વિવાદ નહિ,

શત્રુ નહિ, મિત્ર નહિ,

એવું શિવ=નિરુપદ્રવ, અચલિત, અક્ષયપદની સ્થિતિ અનંત સુખના વાસરૂપ તે મોક્ષપદ કહીયે.

તે જીવને ગુણરૂપ જાણવું.

૧૯૩ શિષ્ય :— એ નવ તત્વમાંથી પ્રત્યક્ષ જ્ઞાનમાં કેટલા તત્વ પામીયે ?

ગુરૂ:—પ્રત્યક્ષ જ્ઞાનના બે ભેદ છે, એક સર્વપ્રત્યક્ષ અને બીજું દેશપ્રત્યક્ષ.

તેમાં સર્વ પ્રત્યક્ષ તો કેવળજ્ઞાન છે. તિહાં કેવલી ભગવાન્ લોકાલોકનું સ્વરૂપ કેવળજ્ઞાને કરી પ્રત્યક્ષપણે જાણે છે, તેમાં નવે તત્વ પામીયે, અને સિદ્ધના જીવ પણ કેવળજ્ઞાને કરી સર્વભાવ પ્રત્યક્ષપણે જાણે છે. તેમાં ત્રણ તત્વ પામીયે. એ રીતે સર્વ પ્રત્યક્ષનું સ્વરૂપ કહ્યું.

હવે દેશ પ્રત્યક્ષ જ્ઞાનના વળી બે ભેદ છે. એક તો મનઃપર્યવજ્ઞાન, તે મનોવર્ગણાને પ્રત્યક્ષપણે જાણે, અને બીજું અવધિજ્ઞાન, તે પુદ્ગલ વર્ગણાને પ્રત્યક્ષપણે જાણે, એ દેશપ્રત્યક્ષના બે ભેદ જાણવા. તેમાં આઠ તત્વ પામીયે.

એ રીતે પ્રત્યક્ષ જ્ઞાનના સ્વરૂપમાં આઠ, નવ તથા ત્રણ તત્ત્વ જાણવા.

૧૯૪ શિષ્ય:—એ નવ તત્ત્વમાંથી પરોક્ષજ્ઞાનમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂ:—પરોક્ષજ્ઞાનના ત્રણ ભેદ છે, એક આગમ પ્રમાણ, બીજું અનુમાનપ્રમાણ, ત્રીજું, ઉપમાપ્રમાણ.

તિહાં જે દેવતાના સુખ, નરકનિગોદના દુઃખ; ઉર્ધ્વ-

લોકના ભાવ, અધોલોકના ભાવ, તિર્ચ્છાલોકના ભાવ એ સર્વે શ્રી જિનઆગમ થકી પ્રમાણ કરે, તે પ્રથમ **આગમ પ્રમાણ** જાણવું

તથા કોઈ જીવ–અજીવરૂપ વસ્તુને અનેક પ્રકારની ઉપમા આપી બોલાવીયે, જેમ તીર્થંકરને ગંધ હસ્તીની ઉપમા, ચિંતામણિ રત્નની ઉપમા, એ રીતે તે વસ્તુના ગુણ પ્રમાણે જીવ–અજીવ વસ્તુને ઉપમા દેવી, તે ત્રીજું **ઉપમાપ્રમાણ** જાણવું

તથા કોઈના ઘરમાં ધૂમાડો દેખી. અગ્નિનું પ્રમાણ (જ્ઞાન) થાય, તેમજ કોઈકિનું મુખ દેખી, હર્ષ, શોક અથવા રોગ, ચિંતાનું પ્રમાણ (જ્ઞાન) થાય, એવું અનેક પ્રકારનું જે જાણપણું તેને **અનુમાનપ્રમાણ** કહીયે.

એ રીતે સમ્યગ્જ્ઞાનના ધણીને એ ત્રણ પ્રકારે પરોક્ષ જ્ઞાનનું જાણપણું હોય, તેમાં આગળ કહ્યા, તે રીતે આઠ તત્ત્વ પામીયે, અને જે મિથ્યાત્વીજીવને એ ત્રણ પ્રકારે પરોક્ષજ્ઞાનનું જાણપણું હોય, તેમાં છ તત્ત્વ પામીયે.

૧૯૫ **શિષ્યઃ**—એ નવ તત્ત્વમાંથી સ્વાભાવિક તત્ત્વ કેટલા પામીયે ?

ગુરૂઃ—જીવ, જે વારે પોતાના સ્વભાવમાં રહે, તેવારે સંવર કહીયે, અને જ્યાંસુધી સંવરમાં જીવ રહે, ત્યાંસુધી સમયે સમયે અનંતા કર્મ નિર્જરાવે, અને સંપૂર્ણ નિર્જરા થાય, તેવારે જીવ મોક્ષપદ પામે, કારણકે–

ક્ષણ અર્દ્ધ જે અઘ ટળે, ન ટળે ભવની કોડ ।
અજ્ઞાનતપ કરતાં થકાં,
પણ નાવે જ્ઞાન ક્રિયાની જોડ ॥ ૧ ॥

અર્થ:—એક ઘડીમાં છ ક્ષણ થાય, તેવું અર્દ્ધ ક્ષણ એટલે એક ઘડીનો બારમો ભાગ થયો, એટલીવાર જ્ઞાની નિર્દિષ્ટક્રિયાના સેવનપૂર્વક નયસાપેક્ષ આત્મસ્વરૂપનું ગુરૂગમથી ચિંતનરૂપ સંવરમાં જીવ રહેતો થકો જેટલા કર્મ ખપાવે, તેટલા કર્મ કોડિભવ સુધી આજ્ઞાનિરપેક્ષ બની સ્વચ્છંદપણે છઠ્ઠ, અઠ્ઠમ, માસખમણ, આદિ તપસ્યા કરતાં પણ ન ખપે. એ પરમાર્થ જાણવો.

એ રીતે એક અંતર્મુહૂર્ત જ્ઞાનીની આજ્ઞાનુસાર નયસાપેક્ષ આત્મસ્વરૂપચિંતનસહિત ક્રિયાના સેવનમાં રહેતો થકો જીવ, ઘાતીકર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પામે, અને પછી અઘાતીકર્મ ખપાવી મોક્ષપદ પામે,

એમ એ નવ તત્ત્વમાંથી જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર તત્ત્વ સ્વાભાવિક જાણવા.

૧૯૬ શિષ્ય:—એ નવ તત્ત્વમાંથી વિભાવિક તત્ત્વ કેટલા પામીયે ?

ગુરૂ:—કોઈ જીવ શુભાશુભ વિભાવ દશારૂપ પરિણામે કરી પુણ્ય–પાપના દળીયા અજીવરૂપ બાંધે, તે આશ્રવભૂત જાણવા.

માટે જીવ, પુણ્ય, પાપ, અજીવ, બંધ અને આશ્રવ આ છ તત્ત્વ વિભાવિક જાણવા.

૧૯૭ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી સમકિતીને સાધ્ય–સાધનરૂપ કેટલા તત્ત્વ છે?

ગુરૂઃ—નવતત્ત્વમાંથી સમકિતીને સાધ્યરૂપ એક તત્ત્વ અને સાધનરૂપ બે તત્ત્વ પામીયે, તે આવી રીતે:—

શબ્દનયને મતે સમકિતભાવે જે જીવ વર્તે છે; તે એવું ચિંતવન કરે છે, જે મારા જીવે કર્મવશે કરી સંસારમાં ફરતાં અનંતા પુદ્ગલપરાવર્તન કર્યા; તેણે કરી અજ્ઞાનપણે ઘણી વિરાધનાઓ કરી, એટલે કેવલી, છદ્મસ્થ મુનિરાજ, તીર્થયાત્રા, કેવલી પ્રરૂપિત ધર્મ, સમકિતી, દેશવિરતિ, બ્રહ્મચારી, એ આદિ દેઈને અનેક પ્રકારના ગુણી જીવો તેના અવર્ણવાદ બોલીને વિરાધનાઓ કરી.

એમ સંસારમાં ફરતાં અજ્ઞાનને વશે કરી મેં એવા ઉત્તમ ગુણીજીવોની નિંદા કરી, ઈર્ષ્યા કરી, તે કર્મે વીંટાણો થકો અનેક પ્રકારે વિટંબના ભોગવી.

તથા મેં દુષ્ટ પાપી જીવે અજ્ઞાનપણે એક ઇંદ્રિય સુખના જ સ્વાદ માટે અનેક પ્રકારે જીવને છેદના, ભેદના, તાડના, તર્જના પ્રમુખ, દુઃખ પીડા ઉપજાવી, એટલે એક સમકિત ગુણ વિના મારે જીવે મિથ્યાત્વભાવે કરી મહા આકરા નિબિડ કર્મના બંધ બાંધ્યા. તેણે કરી ભારે થઈને મારે જીવે નરક–નિગોદમાં અનંતા દુઃખ ભોગવ્યા.

એમ દુઃખ ભોગવતાં ભોગવતાં ભવસ્થિતિને યોગે કરી જે વારે પુણ્યરૂપ વેળાવાની સહાયે ત્રસપણું; પંચેંદ્રિય સંપૂર્ણતા મનુષ્યનો અવતાર, દેવ–ગુરૂની જોગવાઈ મળી,

એ ચારે મોટે પુણ્યે કરી તત્ત્વમયી; તત્ત્વ પ્રકાશિની, તત્ત્વ-સ્વરૂપ ભાસિની દેશના, ગુરુમુખે સાંભળી, તેથી મારી મિથ્યાત્વ-ની બુદ્ધિ વિલય થઈ, અને હું બોધિબીજના લાભને પામ્યો.

આવી ભાવનાવાળો સમકિતદૃષ્ટિ જીવ, તત્ત્વસ્વરૂપની નિર્મળ પ્રતીતિ કરવા સારૂ જીવાદિક નવ પદાર્થનું જાણુ-પણું ગુરૂમુખે કરે, તે આવી રીતે :—

નૈગમાદિ સાતનય, દ્રવ્યાસ્તિક, દશ નય, પર્યાયાસ્તિક છ નય, કારણ પાંચ, કારક છ, હેય, જ્ઞેય, ઉપાદેય, નિશ્ચય, વ્યવહાર, દ્રવ્ય, ભાવ, ઉત્સર્ગ, અપવાદ, ઉત્પાદ, વ્યય, ધ્રુવ, નિક્ષેપ, પ્રમાણ, તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એ દ્રવ્યાદિ ચાર ભાંગે કરી તથા નિત્ય, અનિત્ય, સત્, અસત્, એક, અનેક, વક્તવ્ય, અવક્તવ્ય, એ નિત્યાદિ આઠ પક્ષે કરી, ષડ્દ્રવ્યનું તથા નવ તત્ત્વનું સ્વરૂપ, ગુરૂમુખે જાણે, અથવા ત્રિભંગી, સપ્તભંગી, અનેકભંગી, એ રીતે અનેક પ્રકારે નવતત્ત્વ, ષડ્દ્રવ્યનું જાણુપણું કરી સ્વસત્તા —પરસત્તાની ભાસનરૂપ જેણે પ્રતીતિ જ્ઞાનીની નિશ્રાએ ગુરૂ-મુખે વિવિધ ક્રિયાઓના બળે મોહનીયનો ઘટાડો થયેથી કરી છે.

તિહાં સ્વસત્તા તે એક નિશ્ચયનયે કરી શુદ્ધ, નિર્મળ, પરમજ્યોતિ, કર્મકલંકથકી રહિત, શુદ્ધ, ચિદાનંદ, વસ્તુગતે, સત્તાએ સિદ્ધસમાન, અખંડ, અલિપ્ત, શાશ્વત, એવું પોતાના આત્માનું સ્વરૂપ તેની જેણે અંતરંગ ભાસનરૂપ જાણુપણાની પ્રતીતિ કરી છે, તે જીવ સ્વસત્તાએ રક્ત કહીયે,

અને પરસત્તા તે શુભાશુભ વિકારરૂપ કર્મનું ગ્રહણ કરવું અને પછી તે થકી ઉપના જે ફળરૂપ વિકાર, ઈંદ્રિયના સ્વાદ, તેને વિષે મગ્નપણે, એકાગ્રચિત્તે વર્તવું, એવા પરિણામ જે જીવના વર્તે છે, તે જીવ પરસત્તાએ રક્ત કહીયે.

એ સ્વસત્તા અને પરસત્તાનો અર્થ જાણવો.

હવે સમકિતી જીવ, અજ્ઞાનદશાથી રહિત થકો ઉદાસી પરિણામરૂપ વિરક્તભાવે ઈંન્દ્રિયરૂપ વિકારથકી રહિત, એક પોતાના આત્માની સિદ્ધસમાન જેણે પ્રતીતિ કરી છે.

यः परमात्मा परंज्योतिः, परमः परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः, परस्तादामनंति यं ॥१॥
सर्वे येनोद्मूल्यन्त, समूलाः क्लेशपादपाः ।
मूर्ध्ना यस्मै नमस्यंति, सुरासुरनरेश्वराः ॥२॥

આ બે શ્લોક શ્રી હેમાચાર્યકૃત વીતરાગસ્તોત્રના છે, પણ તેનો નયસાપેક્ષ અહિં અર્થ એવો સમજવો કે :—

જીવ છે તે પરમાત્મા છે, પરમજ્યોતિ છે, પંચ પરમેષ્ઠિથી પણ અધિકો પૂજ્ય છે, કેમકે પંચ પરમેષ્ટી તો મોક્ષમાર્ગના દેખાડનાર છે, પણ મોક્ષમાં જવાવાળો તો આપણો જીવ છે, અજ્ઞાનનો મટાડનાર, જ્ઞાનદૃષ્ટિએ કરી પોતાના સ્વરૂપનો જાણનાર, સર્વ કર્મ-કલેશનો ખપાવનાર, એવો પોતાનો આત્મા ધ્યાવો, તે જ પરમ શ્રેયનું કારણ છે, શુદ્ધ છે, પરમનિર્મળ છે. એવા

આત્મા ઉપાદેય જાણી સદ્દહે. અને તદનુરૂપ હેયત્યાગ ઉપાદેય સ્વીકારરૂપ વિવિધ ઉપાયો જ્ઞાનીનીનિશ્રાયે કરે અને જેવું પોતાથી નિર્વહે, તેવો ત્યાગ વૈરાગ્યમાં પ્રવર્તે.

એટલે ધનને પરવસ્તુ જાણી, સુપાત્રને દાન આપે, ઈન્દ્રિયના વિકારને કર્મબંધના કારણ જાણી, તેને પરિહરી શિયલ પાળે, આહાર પુદ્ગલ પરવસ્તુનો છે, તે શરીર-પુષ્ટિનું કારણ છે, અને શરીર પુષ્ટ કીધે ઈન્દ્રિયના વિષયની પુષ્ટિ થાય, તે સર્વ પરસ્વભાવ જાણવો.

માટે તિહાં થકી સમકિતી જીવ, વિરક્ત ભાવે, સંસાર ઉદાસી, ત્યાગરૂપ વૈરાગ્ય ભાવનાએ વર્તતા, એક પોતાની સત્તાએ વસ્તુધર્મની જ્ઞાનીના ચરણોમાં બેસી ગુણસ્થા નાનુરૂપ પ્રવૃત્તિ કરવા સાથે જેણે પ્રતીતિ કરી છે, અને પોતાની આત્મસત્તા સાધવાને વિષે જેનું ચિત્ત ઉજમાળપણે જ્ઞાનીનિર્દિષ્ટક્રિયાઓનું વિધિપૂર્વક આસે-વન કરવારૂપ ઉદ્યમમાં પ્રવર્તે છે, એવી રીતે સાધ્ય જેનું એક ચોકખું છે, અને સાધન જે સંવર–નિર્જરારૂપ વ્રત, પચ્ચક્ખાણ, પોસહ, સામાયિક, પ્રતિક્રમણ, તીર્થયાત્રા, પૂજા, પ્રભાવના, મહોત્સવ, ધ્યાન, સ્મરણ, ઇત્યાદિ અનેક પ્રકારે સાધના છે, તે બધું કરતી વખતે સાધ્ય પોતાના આત્માને કર્મથકી રહિત નિરાવરણ કરવારૂપ લક્ષ્યરૂપે રાખે.

એમ સ્વસત્તા–પરસત્તાની વહેંચણ કરી પોતાના સ્વરૂપમાં રહે, તેટલી વાર જીવને સંવર કહીયે, અને એ સંવરમાં જીવ રહે, તિહાં સુધી સમયે સમયે અનંતા કર્મના ચોકડા નિર્જરાવે, એટલે નિર્જરાતત્વ કહીયે.

માટે એ નવ તત્ત્વમાં સમકિતીજીવને સાધ્યરૂપ એક મોક્ષતત્ત્વ જાણવું. અને સાધનરૂપ સંવર અને નિર્જરા એ બે તત્ત્વ જાણવા.

૧૯૮ શિષ્યઃ—એ નવતત્ત્વમાંથી મિથ્યાત્વીને સાધ્ય સાધનરૂપ કેટલા તત્ત્વ પામીએ ?

ગુરૂઃ—મિથ્યાદૃષ્ટિ જીવ પહેલે ગુણઠાણે ઈન્દ્રિય-સુખની લાલચે અનેક પ્રકારે કષ્ટક્રિયા, વ્રત, પચ્ચખ્ખાણ, તપ જપ કરે છે, પણ અંતરંગ પરિણામ સંસારી સુખ મેળવવા માટે જરૂરી પુણ્યરૂપ ફળની વાંછાએ વર્તે છે.

એટલે એક કર્તા જીવતત્ત્વ, અને પુણ્યની વાંછા તે બીજું પુણ્યતત્ત્વ તથા પુણ્યના ફળીયા અજીવ છે તે આશ્રવરૂપ જાણવા, એટલે ત્રીજું અજીવતત્ત્વ, ચોથું આશ્રવતત્ત્વ અને એ ફળીયે જીવ બંધાણો તે પાંચમું બંધતત્ત્વ થયું.

એ રીતે નવ તત્ત્વમાંથી મિથ્યાદૃષ્ટિ જીવને સાધ્ય-સાધનરૂપ પાંચ તત્ત્વ જાણવા.

૧૯૯ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી દ્રવ્યનયમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—નૈગમ, સંગ્રહ, વ્યવહાર, અને ઋજુસૂત્ર, એ ચાર દ્રવ્યનય કહીયે.

એ ચાર નયનું જાણપણું પ્રથમ ગુણઠાણે જાણવું. માટે એ દ્રવ્યનયને મતે જે જીવના પરિણામ વર્તે છે, તે જીવ શુભાશુભ કર્મરૂપ પુણ્ય-પાપના ફળને ઉપાર્જે છે.

માટે કર્તા જીવ, અને પુણ્ય–પાપના હળીયા અજીવ તે આશ્રવરૂપ જાણવા. અને એ હળીયે મળી જીવ બંધાણો.

એ રીતે જીવ, પુણ્ય, પાપ, અજીવ, આશ્રવ અને બંધ, એ છ તત્ત્વ દ્રવ્યનયે જે જીવના પરિણામ વર્તતા હોય, તેમાં જાણવા.

૨૦૦ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી ભાવનયમાં કેટલા તત્ત્વ પામીએ ?

ગુરૂઃ—શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ ભાવનય જાણવા,

એટલે જે જીવના શબ્દ અને સમભિરૂઢ નયને મતે છદ્મસ્થ અવસ્થા પર્યંત પરિણામ વર્તે છે, તેમાં આઠ તત્ત્વ પામીયે,

વળી સમભિરૂઢ નયને મતે તેરમે ગુણઠાણે કેવલી ભગવાન્ વર્તે છે, તેમાં નવ તત્ત્વ પામીએ.

તથા એવંભૂત નયને મતે સિદ્ધ ભગવાન્ વર્તે છે, તેમાં ત્રણ તત્ત્વ પામીયે.

એ રીતે ભાવનયે જે જીવ વર્તતા હોય, તેમાં આઠ, નવ અને ત્રણ તત્ત્વ જાણવા.

૨૦૧ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી અઢીદ્વીપ વ્યાપી કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—અઢીદ્વીપમાં મિથ્યાત્વી જીવ રહ્યા છે, તે આશ્રયી છ તત્ત્વ પામીયે, અને સમકિતભાવે છદ્મસ્થ અવસ્થા પર્યંત જે જીવ વર્તે છે, તે નિર્જરાને કરે છે,

તેમાં આઠ તત્ત્વ પામીયે. અને તેરમે ગુણઠાણે કેવલી ભગવાન્ વર્તે છે, તેમાં નવ તત્ત્વ પામીયે.

૨૦૨ શિષ્યઃ— એ નવતત્ત્વમાંથી અઢીદ્વીપથી બહારના લોકમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—અઢીદ્વીપથી બહાર તિર્યંચ જીવ રહ્યા છે, અને દેવતા, વિદ્યાધર તથા મુનિરાજનું અઢીદ્વીપ બહાર આવાગમન છે, માટે તિહાં મિથ્યાત્વી જીવમાં છ તત્ત્વ પામીયે, અને સમકિતભાવે જે જીવ વર્તે છે, તેમાં આઠ તત્ત્વ પામીયે.

૨૦૩ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી ઉર્ધ્વલોકમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવ રહ્યા છે, સિદ્ધના જીવ રહ્યા છે, પાંચ સ્થાવરના જીવ રહ્યા છે, અને નિગોદીયા જીવ રહ્યા છે,

તેમાં સિદ્ધના જીવ આશ્રયી ત્રણ તત્ત્વ પામીયે, અને મિથ્યાત્વી જીવ આશ્રયી છ તત્ત્વ પામીયે, તથા સમકિતી જીવ આશ્રયી આઠ તત્ત્વ પામીયે.

૨૦૪ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી તિર્ચ્છાલોકમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—તિર્ચ્છાલોકમાં જે મિથ્યાત્વી જીવ છે, તે આશ્રયી છ તત્ત્વ અને સમકિત ભાવે છદ્મસ્થ અવસ્થા પર્યંત જે જીવ વર્તે છે, તેમાં આઠ તત્ત્વ, તથા તેરમે ગુણઠાણે કેવલી ભગવાન્ વર્તે છે, તેમાં નવ તત્ત્વ પામીયે.

૨૦૫ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી અધોલોકમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—અધોલોકમાં ભવનપતિ, દેવ તથા નારકીના જીવ અને પાંચ સ્થાવરના જીવ, તથા નિગોદીયા જીવ રહ્યા છે,

તેમાં સમકિતી જીવ આશ્રયી આઠ તત્ત્વ પામીયે, અને મિથ્યાત્વી જીવ આશ્રયી છ તત્ત્વ પામીયે.

૨૦૬ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી વ્યવહારનયમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—વ્યવહાર નયનો મૂળભેદ તો એક છે, અને વિસ્તારથી છ ભેદ જાણવા, તે આવી રીતે

એક તો **અશુદ્ધ વ્યવહારનય છે,**

તે અશુદ્ધ વ્યવહારનયે કરી જીવમાં અજ્ઞાન, રાગ, દ્વેષ એ અનાદિકાળના શત્રુભૂત થઈ લાગ્યા છે, તેણે કરી જીવમાં અશુદ્ધપણું જાણવું, માટે એ અશુદ્ધતાની ચીકાશે કરી જીવને સમયે સમયે અનંતા કર્મરૂપ દળીયા સત્તાયે લાગે છે, **એ અશુદ્ધતા જીવને અનાદિની જાણવી,**

એ રીતે એ અશુદ્ધ વ્યવહારનયે જીવ કર્તા જાણવો, તેનું સ્વરૂપ સંક્ષેપમાત્ર કહ્યું.

હવે બીજો **શુભ વ્યવહારનય છે,**

તેણે કરી જીવ દાન, શીયલ, તપ, ભાવના, પૂજા, પ્રભાવના, સેવા, ભક્તિ, સાહમ્મિવાત્સલ્ય, અને વિનય,

વૈયાવચ્ચ, ઉપકાર, કરૂણા, દયા, યત્ના, મનોહર વચન બોલવું, સર્વ જીવનું રૂડું ચિંતવવું, એ આદિ દેઈ, અનેક પ્રકારે જીવ શુભ વ્યવહારનયે કર્ત્તા જાણવો.

હવે ત્રીજો અશુભ વ્યવહારનય,

તેણે કરી જીવ, ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય, નિદ્રા, વિકથા, હાંસી, વિનોદ, નિંદા, ઈર્ષ્યા, ચાડી, મૂર્ચ્છા, મમતા, હિંસા, મૃષા, અદત્ત, મૈથુન, એ આદિ દેઈને અનેક પ્રકારે જીવ, અશુભ વ્યવહારનયે કર્ત્તા જાણવો.

હવે ચોથો ઉપચરિત વ્યવહારનય.

તેણે કરી જીવ, ધન, કુટુંબ, પરિવાર, હાટ, ઘર, વખાર, ગામ, ગરાસ, દેશ, ચાકરરૂપ દાસ, દાસી, વાણોતર, રાજઋદ્ધિ, ક્ષેત્ર, ખલાં, વાડી, વન, આરામ, કૂવા, વાવ, સરોવર, નવાણ, એ આદિ અનેક પ્રકારની જે વસ્તુ પોતાથકી પ્રત્યક્ષ જુદી છે, તેને જીવ અજ્ઞાનપણે પોતાની કરી જાણે છે, તેને 'મારૂં, મારૂં' કરતો ફરે છે, તેથી તેના પણનો અધિકારી થાય છે,

એ ઉપચરિત વ્યવહારનયે જીવ, કર્ત્તા જાણવો.

હવે પાંચમો અનુપચરિત વ્યવહારનય.

તેણે કરી જીવ, શરીરાદિક પર વસ્તુ જે પોતાના આત્મસ્વરૂપથકી પ્રત્યક્ષપણે જુદી છે, પરતું પારિણામિક ભાવે લોલીભૂતપણે એકઠી જીવની સાથે મળી રહી છે, તેને જીવ, પોતાની કરી જાણે છે, જો પણ જીવે જોના

શરીર તો સંસારમાં અનંતીવાર કર્યાં, અને અનંતીવાર મૂક્યા, તો પણ અજ્ઞાનપણે જીવ પોતાની કરી જાણે છે, તેથી તેને વાસ્તે અનેક પ્રકારના હિંસાદિક પાપે કરી જીવને પુષ્ટ કરે છે,

એ અનુપચરિત વ્યવહારનયે જીવને કર્તા જાણવો.

એ પાંચ પ્રકારે વ્યવહારનયમાં જે જીવના પરિણામ વર્તે છે, તે જીવ શુભાશુભરૂપ ફળને પામે.

એ પાંચ વ્યવહાર તે ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે જાણવા, એમાં વર્તનારો જીવ મિથ્યાદિષ્ટ હોય, તેમાં છ તત્ત્વ પામીયે.

હવે છઠ્ઠો **શુદ્ધ વ્યવહારનય**, એટલે શુભાશુભ કર્મરૂપ કચરામાં જીવ લેપાણો છે, તિહાંથકી શુભનિર્મળતાનો કરનાર તે છઠ્ઠો શુદ્ધ વ્યવહારનય કહીએ.

એટલે જ્ઞાનીઓની આજ્ઞાનુસાર તે તે શુભ ક્રિયાઓ મોક્ષના લક્ષ્યથી કરીને નીચેના ગુણઠાણાનું છોડવું અને ઉપરલા ગુણઠાણાનું લેવું, તેને શુદ્ધ વ્યવહારનય જાણવો.

માટે પહેલે ગુણઠાણે મોહનીય કર્મની સાત પ્રકૃતિ ખપાવી, ચોથે ગુણઠાણે આવ્યો, તે વારે આત્માના અનંતા ગુણમાંહેથી એક સમકિત ગુણ પ્રગટયો, એટલી જીવને શુદ્ધતા થઈ, એમજ ચોથેથી પાંચમે, પાંચમેથી છઠ્ઠે, છઠ્ઠેથી સાતમે, એમ યાવત્ અગીયારમે–બારમે ગુણઠાણે છદ્મસ્થ અવસ્થા પર્યંત જે જીવ વર્તે છે, તેમાં આઠ તત્ત્વ પામીયે.

તથા **સમભિરૂઢ નયને** મતે તેરમે-ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાન્ શુદ્ધ વ્યવહારમાં વર્તે છે, તેમાં નવ તત્ત્વ પામીયે, એટલે ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાન્ને પણ પાંચ લઘુ અક્ષરરૂપ કાર્ય કરવું બાકી છે, તેથી એટલી જીવને અશુદ્ધતા જાણવી. તે અશુદ્ધતાને ટાળે અને શુદ્ધતા નિપજાવે, તેને **શુદ્ધ વ્યવહારનય** કહીએ.

એટલે જેમ જેમ જ્ઞાની નિર્દિષ્ટ વિવિધ ક્રિયાઓની મોક્ષના લક્ષ્યથી આચરણાના બળે આગળના ગુણઠાણાનું છોડવું, અને ઉપરલા ગુણઠાણાનું લેવું, તેને શુદ્ધ વ્યવહારનય જાણવો.

એ રીતે છ પ્રકારે વ્યવહાર નયના સ્વરૂપમાં છ, આઠ તથા નવ તત્ત્વ જાણવા.

૨૦૭ **શિષ્યઃ**— એ નવતત્ત્વમાંથી નિશ્ચયનયમાં કેટલા તત્ત્વ પામીયે ?

ગુરૂઃ—એવંભૂત નયને મતે—

૧ **જ્ઞાનાવરણીયકર્મની** પાંચ પ્રકૃતિ ક્ષય કરી અનંતજ્ઞાન પ્રગટ કર્યું,

૨ **દર્શનાવરણીય કર્મની** નવ પ્રકૃતિ ક્ષય કરી અનંત દર્શન પ્રગટ કર્યું,

૩ **વેદનીય કર્મની** બે પ્રકૃતિ ક્ષય કરી અવ્યાબાધ સુખ પ્રગટ કર્યું,

૪ મોહનીય કર્મની અઠ્ઠાવીશ પ્રકૃતિ ખપાવી ક્ષાયક સમકિત અને યથાખ્યાત ચારિત્ર પ્રગટ કર્યું,

૫ આયુઃકર્મની ચાર પ્રકૃતિ ખપાવી અક્ષયસ્થિતિ ગુણ પ્રગટ કર્યો,

૬ નામકર્મની એકસો ત્રણ પ્રકૃતિ ખપાવી અરૂપી ગુણ પ્રગટ કર્યો,

૭ ગોત્રકર્મની બે પ્રકૃતિ ખપાવી, અગુરૂલઘુગુણ પ્રગટ કર્યો,

૮ અંતરાયકર્મની પાંચ પ્રકૃતિ ખપાવીને અનંત વીર્યશક્તિરૂપ ગુણ પ્રગટ કર્યો.

એ રીતે આ આઠ કર્મ અનાદિકાળના આત્મગુણને ઘાતક હતા, આત્મગુણને રોધક હતા, આત્મગુણને આવર્યા હતા, તેને શુકલધ્યાનરૂપ અગ્નિએ કરી આત્મપ્રદેશ થકી અષ્ટ કર્મ બાળી અષ્ટગુણ સંપન્ન લોકને અંતે વિરાજમાન સાદિ અનંતમે ભાંગે અનંતા સિદ્ધ પરમાત્મા એવંભૂત-નયને મતે થયા છે.

તેમાં આગળ કહ્યા, તે રીતે ત્રણ તત્ત્વ પામીયે.

એ રીતે નવ તત્વમાંથી નિશ્ચયનયમાં ત્રણ તત્ત્વ જાણવા.

૨૦૮ શિષ્યઃ—એ નવ તત્ત્વમાંથી જીવના વ્યવહાર પ્રાણ તે કયા? અને નિશ્ચયપ્રાણ તે કયા?

ગુરૂઃ—વ્યવહારનયના મતવાળો તો બાહ્યથકી જેનું જેવું સ્વરૂપ દેખે, તેને તેવું કહી બોલાવે.

એટલે ચાર ગતિરૂપ સંસારમાં જીવ નવ–નવા ભાવે કરી એકેંદ્રિયથી માંડી પંચેંદ્રિય પર્યંત દેવતા, નારકી, તિર્યંચ અને મનુષ્ય નામ ધરાવી, ચવવું–ઉપજવું કરે છે, માટે જે ગતિમાં ઉપજે, તે ગતિના જે પ્રાણ જીવ ધરે છે, તે વ્યવહારનયે પ્રાણ જાણવા.

તથા નિશ્ચય પ્રાણ તો જીવને સત્તાગતે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગરૂપ છે. એ જીવના નિશ્ચય–પ્રાણ તે સદાકાળ શાશ્વતા છે, એનો કોઈ કાળે વિનાશ થતો નથી.

એટલે વ્યવહારપ્રાણની તો ઘટ–વધ થાય. ગતિએ ગતિએ વિનાશ થાય, પરંતુ નિશ્ચયપ્રાણ તો શાશ્વતા જાણવા.

૨૦૯ શિષ્યઃ—એક મુઠીમાં જીવ કેટલા પામીયે?

ગુરૂ :—નિગોદીયાના ગોળા લોકાકાશ પ્રમાણે અસંખ્યાતા છે, એટલે ચૌદરાજ લોક જીવે કરી, કાજળની કૂપી પ્રમાણે ભર્યો છે, તેથી એક મુઠીમાં પણ નિગોદના ગોળા અસંખ્યાતા સંભવે છે, તેથી તેમાં અનંતા જીવ પામીયે.

૨૧૦ શિષ્યઃ—ષડ્દ્રવ્ય માંહેલા એક મુઠીમાં કેટલા દ્રવ્ય પામીયે?

ગુરૂઃ—એક મુઠીમાં છએ દ્રવ્ય પામીયે, કેમકે લોકમાં ધર્માસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશ છે, અધર્માસ્તિકાયના પણ અસંખ્યાતા પ્રદેશ છે, અને આકાશાસ્તિકાયના પણ અસંખ્યાતા પ્રદેશ છે, તેમ નિગોદીયા ગોળા પણ તે પ્રમાણે અસંખ્યાતા છે, અને તે અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે, તેથી એક મુઠીમાં પણ ધર્મ, અધર્મ અને આકાશના અસંખ્યાતા અસંખ્યાતા પ્રદેશ જાણવા. તેમ જીવ પણ અનંતા જાણવા.

જેમ કોઈ એક વૈદ્યે પૈસાભાર–પૈસાભાર લાખ ઔષધિ ખાંડીને ભેળી કરી તેમાંથી એક ચપટી ભરીને આપે, તેને લક્ષ ઔષધિ કહીયે, અને મોટો ઢગલો પડયો છે, તેને પણ લક્ષ ઔષધિ કહીયે.

એ દૃષ્ટાંતે ચૌદ રાજલોકમાં પણ એકેક દ્રવ્યના અસંખ્યાતા અસંખ્યાતા પ્રદેશ જાણવા, અને એક મુઠીમાં પણ અસંખ્યાતા અસંખ્યાતા પ્રદેશ જાણવા. એટલે એક મુઠીમાં ધર્મ, અધર્મ, આકાશ અને નિગોદીયા જીવના ગોળા પણ અસંખ્યાતા આવ્યા.

માટે એક ધર્માસ્તિકાય, બીજું અધર્માસ્તિકાય, ત્રીજું આકાશાસ્તિકાય અને ચોથું જીવાસ્તિકાય, એ ચાર દ્રવ્ય થયા.

હવે તે નિગોદમાંહેલો એક ગોળો લહીયે, તેમાં અસંખ્યાતી નિગોદ છે, તે અસંખ્યાતામાંથી એક નિગોદ લહીયે, તેમાં અનંતા જીવ છે, તે માંહેલો એક જીવ લહીયે, તેના અસંખ્યાતા પ્રદેશ છે અને જીવના એકેકા

પ્રદેશે કર્મની અનંતી વર્ગણાઓ લાગી છે, અને એકેક વર્ગણામાં અનંતા પુદ્ગલ પરમાણુઓ રહેલા છે, એ પાંચમું પુદ્ગલદ્રવ્ય થયું, અને એ પરમાણુઓ સદાકાલ શાશ્વતા છે, માટે એકેકા પરમાણુઓમાં અનંતો ઉત્પાદ–વ્યયરૂપ કાળ વહી ગયો, માટે છઠ્ઠું કાળદ્રવ્ય પણ અનંતું કહીયે, અને પરમાણુઓ તો એના એ શાશ્વતા છે, એ રીતે એક મુઠ્ઠીમાં છ દ્રવ્ય જાણવા.

૨૧૧ શિષ્ય—જીવના પાંચસો ત્રેસઠ ભેદ છે, તેમાંથી કેટલા ભેદના જીવ મરણ પામે અને કેટલા ભેદના જીવ મરણ ન પામે ?

ગુરૂઃ—જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી દેવતાના અપર્યાપ્તાવસ્થાના નવાણું ભેદ ન મરે, તથા નારકીના અપર્યાપ્તાવસ્થાના સાત ભેદ ન મરે, તથા યુગલીયા મનુષ્યના અપર્યાપ્તાવસ્થાના છયાસી ભેદ ન મરે, એ રીતે સર્વ મળી (૧૯૨) ભેદ ન મરે, બાકીના (૩૭૧) ભેદવાળા મરે.

એ રીતે નવતત્ત્વનું સ્વરૂપ સમકિતદૃષ્ટિ જીવના હિતને અર્થે સમકિતરૂપરત્ન નિર્મળ કરવાને વાસ્તે પરસત્તાની પ્રતીતિ કરવાને દીપક સમાન આત્માર્થી જીવને આભરણસમાન નવતત્ત્વ વિચાર કહ્યો.



॥ હવે અધ્યાત્મસ્વરૂપભાવની કહીયે છીએ. ॥

॥ દોહા ॥

માયા જાલ મૂકી કરી, શ્રુત ચારિત્ર વિચાર।
ભવજલ તારણ પોત સમ, ધર્મ હિયામાં ધાર ॥ ૧ ॥
ધર્મથકી ધન સંપજે, ધર્મે સુખીયા હોય।
ધર્મે ધન વધે ઘણું, ધર્મ કરે જગ કોય ॥ ૨ ॥
ધર્મ કરે જે પ્રાણીયા, તે સુખીયા ભવમાંય।
જગમાં સહુ જીજી કરે, આવી લાગે પાય ॥ ૩ ॥
ધર્મ ધર્મ સહુ કો કરે, ધર્મ ન જાણે કોય।
ધર્મ શબ્દ જગમાં વડો, વિરલા બૂઝે સોય ॥ ૪ ॥
આતમ સાખે ધર્મ જે, ત્યાં જનનું શું કામ।
જન મન રંજન ધર્મનું, મૂલ્ય ન એક બદામ ॥ ૫ ॥
પોચેગા તબ કહેગા, તબ લગ કહ્યો ન જાય।
મનમેં રોષ નહિ કરો, ભડકે ભાગી જાય ॥ ૬ ॥
માણુસ હોના મુશકિલ્લ હૈ, તો સાધ્ય કહાંસે હોત।
સાધ્ય હુવા તબ સિદ્ધ ભયા, કેની ન રહી જ્યોત ॥ ૭ ॥
સાધુ ભયા તો કયા હુવા, ન ગયા મનકા દ્વેષ।
સમતાસું ચિત્ત લાય કર, અંતરદૃષ્ટિ દેખ ॥ ૮ ॥
*ચેતન તેં પરખ્યો નહિ, કયા હુવા વ્રત ધાર?।
શાલિ વિહૂણા ખેતમેં, વૃથા બનાઈ વાડ ॥ ૯ ॥
આતમ અનુભવ વાસકી, કોઈકિ નવલી રીત।
નાક ન પકરે વાસના, કાન ગ્રહે પરતીત ॥૧૦॥

---

* અહીં જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે યથાયોગ્ય સંવર નિર્જરાના પ્રયત્નથી આત્માના પ્રયત્નની વાત મુખ્ય જાણવી.

શ્રી જિનવાણી સ્યું નમી, કીજે આતમ શુદ્ધ।
ચિદાનંદ સુખ પામીયે, મિટે અનાદિ અશુદ્ધ ॥૧૧॥

શુદ્ધાતમ દર્શન વિના, કર્મ ન તૂટે કોય।
તે કારણ શુદ્ધાતમા, દર્શન કરો થિર હોય ॥૧૨॥

આતમ અનુભવ રમણથેં, મટે મોહ અંધાર।
આપ સ્વરૂપમેં ઝલહલે, નહિ તસ અંત અપાર ॥૧૩॥

તિહાં આતમ ત્રિવિધા કહ્યો, બાહિર અંતર નામ।
પરમાતમ તિહાં તીસરો, સો અનંત ગુણધામ ॥૧૪॥

પ્રથમ બહિરાત્મ લક્ષણ।

પુદ્ગલસે રાતો રહે, જાને એહ નિધાન।
તસ લાભેં લોભ્યો રહે, બહિરાતમ અભિધાન ॥૧૫॥

દ્વિતીય અંતરાત્મલક્ષણ

પુદ્ગલ ખલ સંગીપરેં, સેવે અવસર દેખ।
તનુ શક્તિ જ્યું લક્કડી, જ્ઞાનભેદ પદ લેખ ॥૧૬॥

બહિરાતમ તજ આતમા, અંતર આતમ રૂપ।
પરમાતમને ધ્યાવતાં, પ્રગટે સિદ્ધ સ્વરૂપ ॥૧૭॥

પુદ્ગલભાવ રૂચે નહિ, તાથેં રહે ઉદાસ।
સો અંતર આતમ લહે, પરમાતમ પરકાશ ॥૧૮॥

સિદ્ધ અરૂપી જો કહું, પણ કછુ દેખું ન રૂપ।
અંતરદૃષ્ટિ વિચારતાં, ઐસે ન સિદ્ધ અનૂપ ॥૧૯॥

અનુભવ ગોચર વસ્તુકા, જાણે એહિ અલાદ।
કહન સુનનમેં કિસું નહિ, પામે પરમ આલ્હાદ ॥૨૦॥

આતમ પરમાતમ હુઈ, અનુભવ રસ સગતે ।
દ્વૈતભાવ મલ નિસરે, ભગવંતની ભગતેં ।।૨૧।।

આતમ સંગેં વિલસતાં, પ્રગટે વચનાતીત ।
મહાનંદ રસ મોકલો, સકલ ઉપાધિ રહિત ।।૨૨।।

સિદ્ધ સ્વરૂપી આતમા, સમતા રસ ભરપૂર ।
અંતરદૃષ્ટિ વિચારતાં, પ્રગટે આતમ નૂર ।।૨૩।।

આપેં આપ વિચારતાં, મન પામે વિશરામ ।
રસ સ્વાદિત સુખ ઉપજે, અનુભવ તાકો નામ ।।૨૪।।

અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હૈ રસકૂપ ।
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ શુદ્ધ સ્વરૂપ ।।૨૫।।

ચિદાનંદ ચિન્મય સદા, અવિચલ ભાવ અનંત ।
નિર્મલ જ્યોતિ નિરંજનો, નિરાલંબ ભગવંત ।।૨૬।।

કતકમલ પર પંથકો, નિઃસંગી નિર્લેપ ।
જિહાં વિભાવ દુર્ભાવનો, નહિ લવલેશેં ખેપ ।।૨૭।।

જ્યું નવનીતકો જલ બલે, તબ પ્રગટે ઘૃત ખાસ ।
તિમ અંતર આતમ થકી, પરમાતમ પરકાશ ।।૨૮।।

શુદ્ધાતમ ભાવે રહે, પ્રગટે નિર્મલ જ્યોતિ ।
તે ત્રિભુવનશિર મુકુટ મણિ, ગઈ પાપ સવિ છોતિ ।।૨૯।।

નિજસ્વરૂપ રહેતાં થકાં, પરસ્વરૂપકો નાશ ।
સહજભાવથી સંપજે, ઓર તે વચન વિલાસ ।।૩૦।।

અંતરદૃષ્ટિ દેખીયે, પુદ્ગલ ચેતન રૂપ ।
પરપરિણતિ હોય વેગલી, ન પડે તે ભવકૂપ ।।૩૧।।

જ્ઞાનીની નિશ્રા વિના, જે પહેરે મુનિવેશ।
શુદ્ધ ક્રિયા તસ નવિ હુવે, ઈમ જાણો ધરો નેહ ॥૩૨॥

અંતર્ગતની વાતડી, નવિ જાણે સ્વચ્છંદ।
કેવલ લિંગધારી તણો, ન કરો તેહ પ્રસંગ ॥૩૩॥

અંતર આતમ સ્વભાવ છે, તે જાણે મુનિરાય।
કર્મમલ દૂરે કરે, એમ જાણો મનમાંય ॥૩૪॥

આતમ વસ્તુ સ્વભાવ છે, તે જાણે ઋષિરાય।
અધ્યાતમ વેદી કહે, ઈમ જાણો ચિત્તમાંય ॥૩૫॥

આતમ ધ્યાને ધૂર્ણતા, રમતા આત્મસ્વભાવ।
અષ્ટકર્મ દૂરે કરે, પ્રગટે શુદ્ધ સ્વભાવ ॥૩૬॥

*લાખ કોડ વરસો લગે, ક્રિયાએ કરી કર્મ।
જ્ઞાની શ્વાસોછ્વાસમાં, ઈમ જાણે તે મર્મ ॥૩૭॥

અંતર મેલ સવિ ઉપશમે, પ્રગટે શુદ્ધ સ્વભાવ।
અવ્યાબાધ સુખ ભોગવે, કરી કર્મ અભાવ ॥૩૮॥

અક્ષયઋદ્ધિ લેવા ભણી, અષ્ટ કર્મ કરો દૂર ॥
અષ્ટ કર્મના નાશથી, સુખ પામે ભરપૂર ॥૩૯॥

સંતોષી તે સદા સુખી, સદા સુધારસ લીન।
ઇંદ્રાદિક જસ આગલે, દીસે દુઃખીયા દીન ॥૪૦॥

---

*અહીં જ્ઞાનીની નિશ્રા વિનાની કર્મ નિર્જરાના લક્ષ્ય વિનાની ક્રિયા જાણવી, તથા જ્ઞાની એટલે નયસાપેક્ષ રીતે આત્માના શુદ્ધસ્વરૂપને ગુરૂગમથી ઓળખી ગુણસ્થાનક્રાનુસાર યોગ્ય આચરણામાં રહેલ પરિણતિ જ્ઞાની જાણવો.

જે સુખ નહિ સુરરાયને, નહિ રાણા નહિ રાય।
આતમ સુખને અનુભવે, તે સંતોષ પસાય ॥૪૧॥

સુરગણ સુખ ત્રિહું લોકના, અનંતગુણા તે કીધ।
અનંતવર્ગે વર્ગિત કર્યા, તોપણ સુખ સમીધ ॥૪૨॥

તે સુખની ઇચ્છા કરો, મુકો પુદ્ગલ સંગ।
અલ્પ સુખને કારણે, દુઃખ ભોગવો પરસંગ ॥૪૩॥

અથ તૃતીય પરમાત્મ લક્ષણ

॥ દોહા ॥

ન્યારો આપ સ્વરૂપમાં, ન્યારો પુદ્ગલ ખેલ।
સો પરમાતમ જાણીયે, નહિ જસ ભવકો મેલ ॥૪૪॥

નામાતમ બહિરાતમા, થાપના કારણ જેહ।
સો અંતર દ્રવ્યાતમા, પરમાતમ ગુણગેહ ॥૪૫॥

ભાવાતમ સો દેખીયે, કર્મ મર્મકો નાશ।
સો કરૂણા ભગવંતકી, ભાવે ભાવ ઉલ્લાસ ॥૪૬॥

પરમ અધ્યાતમને લખે, સદ્ગુરૂ કેરે સંગ।
તિનકો ભવ સફલો હુવે, અવિહડ પ્રગટે રંગ ॥૪૭॥

આર્તધ્યાનકો હેતુ હૈ, શિવ સાધનકો ખેલ।
ઐસો અવસર કબ મિલે? ચેત સકે તો ચેત ॥૪૮॥

વક્તા શ્રોતા સબ મિલે, પ્રગટે નિજ ગુણ રૂપ।
અખય ખજાનો જ્ઞાનકો, તીન ભવનકો ભૂપ ॥૪૯॥

અષ્ટકર્મ વન દાહકે, તપ સિદ્ધ જિનચંદ।
તા સમ જો અપ્પા ગણે, તાકું વંદે ઇંદ ॥૫૦॥

કર્મરોગ ઔષધ સમી, જ્ઞાન સુધાકર વૃષ્ટિ ।
શિવસુખ અમૃત સરોવરૈ, જય જય સમ્યગ્દૃષ્ટિ ॥૫૧॥

જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂલ ।
અજર અગમ ફલ પદ લહો, જિનવર પદવી ફૂલ ॥૫૨॥

એ રીતે બહિરાત્માદિક ત્રણ આત્માનું સ્વરૂપ અધ્યાત્મ ભાવનીયે કરી જાણવું.

હવે જીવસ્વરૂપનું ધ્યાન કરવાને ગાથા કહે છેઃ—

अहमिक्को खलु सुद्धो, णिम्ममओ णाण-दंसणसमग्गो ।
णिमम णिउत्तचित्तो, सव्वे एए खयं णेमि ॥ १ ॥

અર્થઃ—જ્ઞાની જીવ એવી રીતે ધ્યાન કરે જે હું એક છું, પરપુદ્ગલથી ન્યારો છું, નિશ્ચયનયે કરી શુદ્ધ છું. મારૂં જ્ઞાન કર્મમલથી ન્યારૂં છે, નિર્મમ એટલે મમતાથી રહિત છું, જ્ઞાન-દર્શનથી ભર્યો છું, હું મારા જ્ઞાનભાવ સહિત છું હું મારા ગુણમાં રહ્યો છું, તે ચેતના ગુણ મારી સત્તા છે, એવું પોતાનું આત્મસ્વરૂપ તેને ગુરૂગમથી જ્ઞાનીની નિશ્રાએ ધ્યાવતો સર્વકર્મને ક્ષય કરે છે.

હવે સમકિતની શુદ્ધિ કરવા સારૂ નિશ્ચય-વ્યવહારરૂપ ચૌભંગીએ કરી દેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ દેખાડે છે.

૨૧૨ નિશ્ચયથકી શુદ્ધ દેવ તે આપણો જીવ, નિષ્પન્ન સ્વરૂપી, તત્ત્વરમણી, આપણા, આત્માનું તરણ તારણ જહાજ તે આપણો આત્મા છે, સર્વ કર્મ કલેશનો

ખપાવનાર અને અનંત ગુણરૂપ લક્ષ્મીનો પ્રગટ કરવાવાળો આપણો જીવ છે, માટે પોતાના આત્માનું ધ્યાન એકાગ્ર-ચિત્તે કરતો આરાધના કરતો થકો જીવ, સંસાર સમુદ્રના તીર = કાંઠાને પામે.

૨૧૩ તથા **વ્યવહારથકી સુદેવ** તે શ્રી અરિહંત ભગવાન્ બાર ગુણે કરી સહિત, ચોત્રીશ અતિશયે કરી વિરાજમાન, પાંત્રીશ વાણીરૂપ ગુણે કરી ભવ્ય જીવોને હિતોપદેશ કરતા આરિસાની પેરે નિમિત્ત કારણરૂપ જાણવા.

૨૧૪ તથા **નિશ્ચયથકી કુદેવ** તે પોતાના આત્માનું સ્વરૂપ ન ઓળખ્યું અને જ્ઞાનદશાએ કરી જડરૂપ વિભાવ-દશામાં જેનું ચિત્ત સદાકાળ લાગી રહ્યું છે, એ રીતે પોતાના આત્માની વિરાધના કરતો થકો પ્રાણી સંસારરૂપ સમુદ્રમાં ડૂબે.

૨૧૫ **વ્યવહારથકી કુદેવ** તે કૃષ્ણ, મહાદેવ, ક્ષેત્રપાલ, બ્રહ્મા, પિતૃ પ્રમુખ જાણવા.

એ રીતે નિશ્ચય-વ્યવહારરૂપ દેવનું સ્વરૂપ જાણી સમકિત શુદ્ધ કરવું.

હવે નિશ્ચય-વ્યવહારથી ગુરૂ ઓળખવારૂપ ચૌભંગી કહે છે.

૨૧૬ પ્રથમ **નિશ્ચયથકી સુગુરૂ** તે આપણા જીવને એકાંતે બેસાડી રૂડી શિખામણ આપી, મિથ્યાત્વરૂપ કુમાર્ગથી નિવારી, અને સમકિતરૂપ શુદ્ધ માર્ગે ચઢાવે,

એવી રીતે આત્માને માર્ગે આણે, તો તુરત આવે, માટે નિશ્ચય સુગુરૂ તે આપણો આત્મા જાણવો.

૨૧૭ વ્યવહારથકી સુગુરૂ તે જે સાધુમુનિરાજ સત્તાવીશ ગુણે કરી સહિત આચાર–વ્યવહાર સહિત, કૃપાપાત્ર, શુદ્ધમાર્ગના પ્રરૂપક, ભવ્ય પ્રાણીને પ્રતિબોધવા ઉદ્યમવંત, તે વ્યવહાર સુગુરૂ કારણરૂપ જાણવા.

૨૧૮ નિશ્ચયથકી કુગુરૂ તે જે જિન વચનના ખોટા અર્થ કરે અને અજ્ઞાનને વશે ખોટી પ્રરૂપણા કરી સંસાર વૃદ્ધિના કારણ સેવી પોતે ડૂબે અને પરને ડૂબાવે.

૨૧૯ વ્યવહારથકી કુગુરૂ તે યોગી, સંન્યાસી, બ્રાહ્મણ, કુલિંગ પ્રમુખ તેમજ સ્વલિંગી જે આચાર રહિત ભેખધારી એવા યતિપ્રમુખ જાણવા.

હવે ધર્મનું સ્વરૂપ નિશ્ચય–વ્યવહારરૂપ ચૌભંગીએ કરી દેખાડે છે.

૨૨૦ નિશ્ચયથકી સુધર્મ તે જીવને અંતરંગ સત્તાગતે અનંત–ચતુષ્ટયરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્ય રૂપ અનંતો ધર્મ રહ્યો છે, તે કર્મે કરી આવરાણો છે, જેમ આડા વાદળા આવ્યાથી સૂર્યની કાંતિ દબાઈ જાય, પણ અંતરમાં દેદીપ્યમાન કાંતિ છે, તેમ આત્માને કર્મરૂપ વાદળાં આડાં આવ્યાં, તેણે કરી આત્માની કાંતિ દબાણી પણ અંતરંગ આત્માની કાંતિ સૂર્યની પરે દેદીપ્યમાન છે, તે નિશ્ચયધર્મ કહીયે.

૨૨૧ તે પૂર્વોક્ત ધર્મ નિરાવરણ પ્રગટ કરવાને વાસ્તે સાધ્ય એક ચોખ્ખું નિર્મળ રાખીને જે બાહ્ય વ્યવહાર ક્રિયારૂપ વ્રત–પચ્ચખ્ખાણ આદિ જે કરણી જ્ઞાનીની નિશ્રાએ કરવી તે વ્યવહારથકી સુધર્મ જાણવો.

૨૨૨ નિશ્ચયથકી કુધર્મ, તે જે એકાંત માર્ગ બાહ્યકરણી તે ઉપર રાચ્યો, પરંતુ અંતરંગ જ્ઞાન હીન કર્મનિર્જરાના લક્ષ્યવિના સ્વચ્છંદપણે આત્મધર્મની ઓળખાણ વિનાની પ્રવૃત્તિ તે નિશ્ચયકુધર્મ જાણવો.

૨૨૩ વ્યવહારથકી કુધર્મ, તે પારકા પર દર્શનીના મતને અનુયાયી જે ધર્મકરણી કરવી, તે વ્યવહારથકી કુધર્મ જાણવો.

એ રીતે નિશ્ચય–વ્યવહારરૂપ ચોભંગીએ કરી દેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ જાણે, અને ગુરૂગમથી અંતરંગ પ્રતીતે નિર્મળપણે સદ્દહે, તે નિશ્ચય-સમકિતના ધણી જાણવા.

હવે નિશ્ચય–વ્યવહારરૂપ પાંચ મહાવ્રતનું સ્વરૂપ જે નયસાપેક્ષ ગુરૂનિશ્રાએ જાણે તેને જ્ઞાની કહીયે, અને જાણીને પાળે, તેને સાધુમુનિરાજ કહીયે.

૨૨૪ શિષ્યઃ—એ પાંચ મહાવ્રતનું સ્વરૂપ કેવી રીતે જાણીયે ?

ગુરૂઃ—એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય પર્યંત ત્રસ અને સ્થાવર જીવ તે સહુને પોતાના જીવ સરખા જાણી,

તે જીવોની યતના કરે, રક્ષા કરે, દયા પાળે, કોઈ જીવને મનથકી, વચનથકી અને કાયાથકી પોતે દુહવે નહિ, અને બીજાને પણ એ જ રીતે ઉપદેશ આપે, તે જીવને વ્યવહાર પ્રાણાતિપાત થકી વિરમ્યો કહીયે.

એ વ્યવહાર પ્રાણાતિપાત વિરમણનું સ્વરૂપ કહ્યું.

૨૨૫ હવે નિશ્ચય પ્રાણાતિપાતવિરમણનું સ્વરૂપ કહે છે.

આપણો જીવ અજ્ઞાનને વશે કરી દુઃખી છે, જન્મ, જરા, મરણ, ભય, શોક, આધિ, વ્યાધિ, રૂપ પીડાએ કરી સંસારમાં અનંતા કાલ થયા દુઃખ ભોગવે છે, તેથી આત્મજ્ઞાનરૂપ લોચને કરી અજ્ઞાનરૂપ મિથ્યાત્વને ખપાવી, જ્ઞાન, દર્શનરૂપ ગુણ પ્રગટ કરી, આપણા જીવને કર્મથકી છોડાવવો તે વારે જન્મ, જરારૂપ સર્વ દુઃખ મટે, અને આત્મજ્ઞાનને બળે કરી આત્મપ્રદેશે નવા કર્મની રજ લાગવા ન આપે, એવા જેના શબ્દનયને મતે પરિણામ વર્તે છે, તે જીવ, નિશ્ચયપ્રાણાતિપાત થકી વિરમ્યા કહીયે.

૨૨૬ હવે વ્યવહારથકી મૃષાવાદનું સ્વરૂપ કહે છે.

કડવું વચન બોલવું, પરજીવને વિશ્વાસ પ્રતીતિ ઉપજાવી અસત્ય વચન બોલવું, તેથી જે વિરમ્યા છે અને મુખથકી સત્યવચન બોલે છે, તે વ્યવહાર મૃષાવાદથકી વિરમ્યા કહીયે.

૨૨૭ હવે નિશ્ચયથકી મૃષાવાદ વિરમણ વ્રતનું સ્વરૂપ કહે છે.

પૌદ્ગલિક પર વસ્તુને આપણી કહેવી, તે નિશ્ચય મૃષાવાદ જાણવો, કારણ કે પુદ્ગલ પરમાણુઓ છે તે શાશ્વતા છે, તે એકેક જીવે અનંતીવાર આહારપણે લઈને નિહારપણે કરી અનંતા જીવ સિદ્ધિ વર્યા અને હજી પણ સર્વે જીવ આહારપણે લઈ નિહારપણે કરે છે, તેમ આપણા જીવે પણ અનંતીવાર આહારપણે લઈ નિહારપણે કર્યા, તે કારણે એ સાધારણ વસ્તુ કહીયે.

માટે તે પૌદ્ગલિક વસ્તુને જીવ આપણી કરી માને તે નિશ્ચયમૃષાવાદ કહીયે. તેમજ જીવને અજીવ કરી જાણે, ઈત્યાદિક અજ્ઞાનપણું તેને નિશ્ચયમૃષાવાદ જાણવો. અથવા સિદ્ધાન્તના અર્થ ખોટા કહે, તે પણ મૃષાવાદમાં છે, એ મૃષાવાદ જેણે ત્યાગ્યો તે નિશ્ચયમૃષાવાદ થકી વિરમ્યો કહીયે.

એટલે બીજા સર્વે વ્રત ભાંગે તેથી પણ ચારિત્રભંગ થાય, પરંતુ જ્ઞાન, દર્શનનો ભંગ ન થાય, અને જેણે નિશ્ચયમૃષાવાદ ભાંગ્યો, તેણે દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે ભાંગ્યા.

જે કારણે આગમમાં એમ કહ્યું છે કે એક સાધુએ ચોથું વ્રત ભાંગ્યું અને એક સાધુએ બીજું મૃષાવાદવ્રત ભાંગ્યું, તેમાં જેણે ચોથું વ્રત ભાંગ્યું તે આલોચના લીધે શુદ્ધ થાય, પરંતુ જેણે સિદ્ધાંતના ખોટા અર્થ કહી મૃષાવાદ ઉપદેશ દીધો, તે આલોચના લીધે પણ શુદ્ધ ન

ન થાય. એ **નિશ્ચયથકી બીજા મૃષાવાદ વિરમણવ્રતનું સ્વરૂપ કહ્યું.**

૨૨૮ હવે વ્યવહારથકી **અદત્તાદાન વિરમણ** વ્રતનું સ્વરૂપ કહે છે.

જે પારકું ધન, વસ્તુ પ્રમુખ છુપાવે, ચોરાવે, ઠગી લે, તેને ચોર કહીયે, એટલે અણદીધી પારકી વસ્તુ લેવી તેને અદત્તાદાન કહીયે. તેથી જે વિરમ્યો છે, તે **વ્યવહાર અદત્તાદાનથી** વિરમ્યો કહીયે.

૨૨૯ હવે નિશ્ચય અદત્તાદાન વિરમણ વ્રતનું સ્વરૂપ કહે છે.

જીવ પાંચ ઈંદ્રિયના ત્રેવીશ વિષયરૂપ સુખ, તેની વાંછાએ આઠ કર્મની વર્ગણાને ગ્રહણ કરે છે, ઇત્યાદિક પર વસ્તુને લેવા વાંછે, તે **નિશ્ચય અદત્તાદાન** જાણવું.

ઈહાં શિષ્ય પૂછે છે કે વિષયની અને કર્મની વાંછા કોણ કરે છે? તે વારે ગુરૂ કહે છે. પુણ્યપ્રકૃતિના જે બેંતાલીશ ભેદ છે, તે ચાર કર્મની શુભ પ્રકૃતિ છે, તેને યોગે જીવ, આગળ જતાં ઈંદ્રિય સુખ પામે છે, તે માટે જે જીવ પુણ્યને આગળ ભેળું લેવા યોગ્ય કહે છે, તે જીવ, કર્મની અને વિષયની વાંછા કરે છે, એટલે કોઈક જીવ વ્યવહારથકી તો અદત્તાદાન એક તૃણમાત્ર પણ લેતો નથી તો પણ તેને જો અંતરંગ પુણ્યાદિકની વાંછા છે, તો તેણે કરી તેને **નિશ્ચય અદત્તાદાન** લાગે છે.

૨૩૦ હવે વ્યવહારથકી **મૈથુન** વ્રતનું સ્વરૂપ કહે છે.

જે પુરૂષ પરસ્ત્રીનો પરિહાર કરે, તેને વ્યવહારથકી મૈથુનવિરમણ વ્રત કહીયે, એટલે સાધુને સર્વથા સ્ત્રીનો ત્યાગ છે, તથા ગૃહસ્થને હાથે પરણેલી સ્ત્રી મોકળી છે, અને પરસ્ત્રીના પચ્ચક્ખાણ છે, તે સર્વ વ્યવહાર મૈથુન વિરમણવ્રત જાણવું.

૨૩૧ હવે નિશ્ચય મૈથુન–વિરમણવ્રત કહે છે.

જે જીવ, અંતરંગ વિષય અભિલાષનો ત્યાગ અને મનની તૃષ્ણાનો ત્યાગ કરી પોતાની આત્મ પરિણતિને વિષે રમણ કરે છે, પણ પરમરિણતિમાંહે પેસતો નથી, પોતાના ગુણનું ચિંતન કરે છે, પણ પરનું ચિંતન કરતો નથી, એટલે પોતાના સ્વભાવરૂપ ઘર મૂકી વિભાવરૂપ પરઘરમાં પેસી કુશીલીયો થતો નથી, તે જીવ નિશ્ચય મૈથુન થકી વિરમ્યો છે.

૨૩૨ હવે વ્યવહાર થકી પરિગ્રહ વ્રતનું સ્વરૂપ કહે છે.

જે ધન, ધાન્ય, દાસ, દાસી, ચતુષ્પદ, ઘર, ધરતી, વસ્ત્ર, આભરણાદિકનો ત્યાગ, તે વ્યવહારથકી પરિગ્રહ ત્યાગવ્રત જાણવું.

એટલે સાધુને સર્વથા પરિગ્રહનો ત્યાગ છે, અને ગૃહસ્થને ઈચ્છા પરિમાણ પરિગ્રહ છે, તે ખાસ જરૂર હોય, એટલો પરિગ્રહ મોકળો રખે, અને ઉપરાંત પરિગ્રહની નિવૃત્તિ કરે, તે વ્યવહારથકી પાંચમું વ્રત કહીયે.

૨૩૩ હવે નિશ્ચયથકી પરિગ્રહ વિરમણ વ્રતનું સ્વરૂપ કહે છે :—

જે ભાવકર્મરૂપ રાગ–દ્વેષ–અજ્ઞાન તેની ચીકાશે દ્રવ્ય કર્મરૂપ જ્ઞાનાવરણાદિ આઠ કર્મ નિપન્યા તેને મૂકે, શરીર ઇંદ્રિયનો પરિહાર એટલે શરીર અને ઇંદ્રિય ઉપરથી મૂર્ચ્છા મૂકી અને શુભાશુભ વિકારરૂપ જે કર્મ, તેને પર જાણીને છાંડે, તે **નિશ્ચય પરિગ્રહનો** ત્યાગ કહીયે,

એટલે આ ભવસંબંધી અને પરભવસંબંધી શરીરાદિ પરવસ્તુની મૂર્ચ્છા છોડી તે જીવે નિશ્ચય પરિગ્રહ છોડયો, એમ જાણવું.

એ રીતે નિશ્ચય–વ્યવહારથકી પાંચ મહાવ્રતનું સ્વરૂપ સંક્ષેપમાત્ર જાણવું.

એ રીતે પાંચ મહાવ્રત પાળે પણ જ્ઞાનીની નિશ્રાએ ગુરૂગમથી જ્ઞાનદૃષ્ટિથી પાંચ મહાવ્રત પાળે, માટે જ્ઞાનનું જાણપણું કરવા સારૂ જીવનું સ્વરૂપ ચૌભંગીયે કરી ઓળખાવે છે,

એટલે એક જીવ હિંસા કરતા નથી. પણ હિંસાના ફળ ભોગવે છે,

અને બીજો જીવ હિંસા કરે છે પણ હિંસાના ફળ ભોગવતા નથી,

તથા ત્રીજો જીવ હિંસા કરે છે અને હિંસાનાં ફળ પણ ભોગવે છે,

ચોથો જીવ હિંસા કરતા નથી, અને હિંસાના ફળ પણ ભોગવતા નથી,

એવી રીતે એ ચાર પ્રકારના જીવ ઓળખવા જોઇએ.

૨૩૪ શિષ્યઃ—પહેલા જીવ જે હિંસા કરતા નથી અને હિંસાના ફળ ભોગવે છે, તે કયા જીવ જાણવા? અને તેમાં ગુણઠાણા કેટલા પામીયે? તથા તેમાં સાત નય માંહેલા કેટલા નય પામીયે? તથા તેમાં નવ તત્ત્વમાંથી કેટલા તત્ત્વ પામીયે? તથા તેના ચાર નિક્ષેપા કેમ જાણીયે? એ ચાર પ્રશ્નોની પૃચ્છા છે.

ગુરૂઃ—સમુદ્રને વિષે હજાર-હજાર યોજનના શરીરવાળા મોટા મત્સ્ય છે, તેની આંખની પાંપણમાં તંદુલીયો મત્સ્ય ગર્ભજ પર્યાપ્તો ઉપજે છે, તેનું આયુષ્ય એક અંતર્મુહૂર્તનું હોય છે, તથાપિ એટલા આયુષ્યમાં તે એવું ચિંતવન કરે છે, જે આ મત્સ્યના મુખમાંહે ક્રોડોગમે જીવ આવે છે અને જાય છે, પણ હું જો એટલું મોટું શરીર પામ્યો હોત તો એક પણ જીવને જીવતો જવા દેત નહિ! એ રીતે યદ્યપિ એ મત્સ્ય વ્યવહારનયને મતે એક જીવને પણ હણતો નથી, તથાપિ ઋજુસૂત્રનયને મતે જીવહિંસારૂપ અશુભ પરિણામે કરી પાપ બાંધી મરીને સાતમી નરકે જાય છે,

એ જીવ મિથ્યાત્વી જાણવા. એનું ગુણઠાણું પહેલું જાણવું. તથા એ જીવમાં નવતત્વ માંહેલા છ તત્વ પામીયે.

હવે એ મિથ્યાત્વી જીવમાં ચાર નિક્ષેપા આવી રીતે લગાડવા. પ્રથમ તો જેનું મિથ્યાત્વ એવું નામ હોય તે **નામમિથ્યાત્વી** કહેવો.

અને બીજો **સ્થાપનામિથ્યાત્વી** તે મિથ્યાત્વ એવા અક્ષર લખી સ્થાપવા અથવા મૂર્તિ સ્થાપવી.

તથા ત્રીજો દ્રવ્યમિથ્યાત્વી તે જીવને સત્તાએ દ્રવ્યમિથ્યાત્વરૂપ દળીયા રહ્યા છે, ઉદયરૂપ ભાવે ભોગવે છે.

ચોથો ભાવમિથ્યાત્વી, તે મિથ્યાત્વના દળીયા

વળી પ્રકારાંતરે ચાર નિક્ષેપા કહે છે

પ્રથમ નામ મિથ્યાત્વી, એટલે જે કોઈનું મિથ્યાત્વી એવું નામ હોય તે, તથા સ્થાપનામિથ્યાત્વી તે તેની મૂર્તિ સ્થાપવી, તથા ત્રીજો દ્રવ્યમિથ્યાત્વી, તે બ્રાહ્મણ, અતીત, વૈરાગી પ્રમુખ કૃષ્ણ મહાદેવને માને તેને દ્રવ્ય મિથ્યાત્વી કહીયે, અને ચોથા ભાવ મિથ્યાત્વી તે ઢુંઢીયા પ્રમુખ જિનશાસનના દ્વેષી–શત્રુરૂપ જાણવા.

૨૩૫ શિષ્યઃ—બીજો જીવ જે હિંસા કરે છે, અને હિંસાના ફળ ભોગવતા નથી તે જીવ કયા? અને તેમાં ચૌદ ગુણઠાણા માંહેલા કેટલા ગુણઠાણા પામીયે? અને નવ તત્ત્વ માંહેલા કેટલા તત્ત્વ પામીયે? તથા સાત નય માંહેલા કેટલા નય પામીયે? અને તેના ચાર નિક્ષેપા કેમ જાણીયે?

ગુરૂઃ—એ જીવ સમકિતી જાણવા. એનું ગુણઠાણું ચોથું જાણવું.

શબ્દનયને મતે અંતરંગ સત્તાગતના ભાસનરૂપ સાધ્ય એક, સાધન અનેક, એ રીતે શ્રીવીતરાગની આજ્ઞા પ્રમાણે જેણે પ્રતીતિ કરી છે, પણ પૂર્વકૃત કર્મને યોગે કરી સંસારમાં વ્યવહારનયને મતે અરૂચિપણે વિષયાદિક આશ્રવરૂપ હિંસાના કામ કરે છે, અને આરંભના કામના આદેશ–ઉપદેશ આપે છે, એટલે શબ્દ નયનેમતે શંકિત

ભાવે વર્તતા જે પોતાના પૂર્વકૃત કર્મ છે, તેને નિર્જરાવે છે, પણ તેને અશુભરૂપ નવા કર્મનો બંધ પડતો નથી,

એ જીવમાં નવ તત્ત્વ માંહેલા આઠ તત્ત્વ પામીયે.

હવે એના ઉપર ચાર નિક્ષેપા લગાવે છે.

પ્રથમ કોઈનું સમકિત એવું નામ તે **નામસમકિત**, બીજું સમકિતની મૂર્ત્તિ પ્રમુખ સ્થાપીયે, તે **સ્થાપનાસમકિત**, ત્રીજું યાત્રા, દર્શન, સેવા, ભક્તિ, સંઘ, સ્વામીવાત્સલ્ય ઇત્યાદિ સમકિતની કરણી કરે પણ અંતરંગ જીવ–અજીવની વહેંચણ રૂપ પ્રતીતિ ગુરૂગમથી જ્ઞાનીની નિશ્રાએ કરી નથી, તેને **દ્રવ્ય સમકિત** કહીયે, ચોથું આગળ કહ્યા પ્રમાણે સર્વ કરે, અને અજીવરૂપ નવ તત્ત્વ, ષડ્દ્રવ્યનું જાણુપણું કરી અતરંગ સ્વસત્તા–પરસત્તાની પ્રતીતિ પણ જ્ઞાની નિશ્રાએ ગુરુગમથી યથાર્થપણે કરી છે, તેને **ભાવસમકિત** કહીએ.

૨૩૬ **શિષ્યઃ**—ત્રીજા જીવ જે હિંસા કરે છે અને હિંસાના ફળ પણ ભોગવે છે તે જીવ કયા ? તેમાં ગુણઠાણા કેટલા પામીયે ? અને નવ તત્ત્વ માંહેલા તત્ત્વ કેટલા પામીયે ? તથા સાત નય માંહેલા નય કેટલા પામીયે ? અને એમાં ચાર નિક્ષેપા શી રીતે જાણવા ?

ગુરૂઃ—એ જીવ, મિથ્યાદૃષ્ટિ પહેલે ગુણઠાણે જાણવા. **ઋજુસૂત્રનયને** મતે તેના પરિણામ મહા આરંભ પરિગ્રહરૂપ હિંસાભાવે વર્તે છે, તથા **વ્યવહારનયને** મતે

ઉપરથી પણ હિંસારૂપ આશ્રવના કામ કરે છે, એમાં છ તત્ત્વ પામીયે. એના ચાર નિક્ષેપા આગળ પ્રશ્ને લગાવ્યા છે, તે રીતે જાણવા.

૨૩૭ **શિષ્યઃ**—ચોથા જીવ જે હિંસા કરતા નથી, અને હિંસાના ફળ પણ ભોગવતા નથી તે કયા ? તેમાં ગુણઠાણા કેટલા પામીયે ? અને નવ તત્ત્વ માંહેલા તત્ત્વ કેટલા પામીયે ? તથા સાત નય માંહેલા કેટલા નય પામીયે ? અને એના ચાર નિક્ષેપા કેમ જાણીયે ?

ગુરૂઃ—એ જીવ સાધુ મુનિરાજ જાણવા.

તે **સંગ્રહનયને** મતે સર્વ જીવને પોતાના જીવ સમાન જાણી **ઋજુસૂત્ર** નયને મતે તેવા જ મનઃપરિણામ વર્તે છે,

વ્યવહારનયને મતે ઉપરથકી છકાયની દયા પાળે છે, અને **શબ્દ-સમભિરૂઢ** નયને મતે છઠ્ઠા-સાતમા ગુણઠાણા પર્યંત છદ્મસ્થ મુનિરાજ આત્મસ્વરૂપમાં રમણ કરતા કર્મરૂપ લેપને લાગવા દેતા નથી,

એ રીતે ભાવદયામાં વર્તતા પોતાના આત્માની રક્ષા કરે છે, તેમાં આઠ તત્ત્વ પામીયે.

એના ચાર નિક્ષેપા આવી રીતે કહેવા. તે કોઇનું સાધુ એવું નામ તે **નામસાધુ**, સાધુની મૂર્તિ સ્થાપીયે, તે **સ્થાપના સાધુ**, સાધુની ક્રિયા પાળે, સત્તર ભેદે સંયમ આરાધે, સૂઝતો આહાર લે, પડિલેહણ, પ્રતિક્રમણ કરે,

પાંચ મહાવ્રત પાળે, પણ અંતરંગ ઉપયોગની જાગૃતિ જ્ઞાનીની આજ્ઞામાં ન હોય તેથી જ્ઞાન–ધ્યાનનો જાગૃત ઉપયોગ વર્તતો નથી, તે માટે તે દ્રવ્યસાધુ કહીયે, તથા આગળ જે રીતે સાધુની ક્રિયા કહી, તે પ્રમાણે સર્વ ક્રિયા પણ કરે છે, અને અંતરંગ જીવ–અજીવરૂપ સ્વસત્તા–પરસત્તાની વહેંચણ જ્ઞાનીગુરૂની નિશ્રાએ કરી સાધ્ય એક, સાધન અનેક, એ રીતે સત્તાગતના ધર્મને સાધે, તે **ભાવસાધુ છે.**

વળી હિંસા કરતા નથી અને હિંસાના ફળ ભોગવતા નથી, એ ભાંગામાં અરિહંત કેવલી પણ જાણવા,

એ અરિહંત **વ્યવહારનયે** કરી દ્રવ્યદયારૂપ છ કાયના પ્રતિપાલક છે, **સમભિરૂઢનયને** મતે તેરમે–ચૌદમે ગુણઠાણે શુકલધ્યાનના બીજા, ત્રીજા પાયા વચ્ચે રહેલા છે, તેમાં આગળ કહ્યા, તે રીતે નવે તત્ત્વ પામીયે.

એના ચાર નિક્ષેપા કહે છે. અરિહંત એવું નામ, તે **નામ અરિહંત,** એની મૂર્તિ પ્રમુખ કરી સ્થાપવી તે **સ્થાપના અરિહંત,** અને જ્યાં સુધી કેવળજ્ઞાન નથી ઉપન્યું તિહાં સુધી છદ્મસ્થાવસ્થા પર્યંત અરિહંતનો જીવ, તે **દ્રવ્ય અરિહંત** જાણવો તથા અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી, લોકાલોકનું સ્વરૂપ એક સમયમાં જાણે, અને ત્રિગડાને વિષે બેસી ભવ્ય પ્રાણીને હિતોપદેશ આપે તેને **ભાવ અરિહંત** કહીયે.

વળી હિંસા કરતા નથી અને હિંસાના ફળ ભોગવતા

નથી, એ ભાંગામાં સિદ્ધ પરમાત્માના જીવ પણ જાણવા. એ જીવ ગુણઠાણા વર્જિત છે, એવંભૂતનયને મતે સકલ કર્મ ક્ષય કરી, લોકને અંતે વિરાજમાન વર્તે છે, એમાં આગળ કહ્યા, તે રીતે ત્રણ તત્ત્વ પામીયે.

હવે એના ચાર નિક્ષેપા કહે છેઃ—પ્રથમ સિદ્ધ એવું નામ તે **નામસિદ્ધ**, બીજે જિનપ્રતિમા સ્થાપીયે, તે **સ્થાપના સિદ્ધ**, ત્રીજે કેવલી ભગવાનને **દ્રવ્ય સિદ્ધ** કહીયે, ચોથા સકલ કર્મનો ક્ષય કરી અનંત ગુણરૂપ લક્ષ્મી પ્રગટ કરી લોકને અંતે વિરાજમાન વર્તે, તે **ભાવસિદ્ધ** કહીયે.

એ રીતે ચોભંગીનું સ્વરૂપ જાણવું.

એ રીતે રત્નત્રયીનું સ્વરૂપ જાણી, જે ચારિત્ર પાળે, તેને સાધુ મુનિરાજ કહીયે.

એ સાધુ મુનિરાજનું સ્વરૂપ જાણવારૂપ ચોભંગી લખીયે છીએ :—

એક જીવ ઉપરથી તો સાધુપણા સહિત છે, અને અંતરંગ થકી સાધુપણા રહિત છે, તથા બીજો જીવ, અંતરથકી સાધુપણા સહિત છે, અને ઉપરથી સાધુપણા રહિત છે. તથા ત્રીજો જીવ, અંતરથકી સાધુપણા રહિત છે અને ઉપરથકી પણ સાધુપણા રહિત છે, ચોથો જીવ, અંતરથકી પણ સાધુપણા સહિત છે અને ઉપરથકી પણ સાધુપણા સહિત છે.

૨૩૮ શિષ્ય :—પહેલા જીવ જે ઉપરથકી સાધુપણા સહિત અને અંતરથકી સાધુપણા રહિત તે કયા જીવ ? તેમાં ગુણઠાણા કેટલા પામીયે ? તથા સાત નય માંહેલા નય કેટલા પામીયે ? તથા તેમાં નવ તત્ત્વ માંહેલા તત્ત્વ કેટલા પામીયે ? અને એના ચાર નિક્ષેપા કેમ જાણીયે ?

ગુરૂ :—તે જીવ સાધુલિંગધારક પહેલે ગુણઠાણે હોય, તેમાં નયનું સ્વરૂપ બતાવે છે :—

તે જીવને નરકનિગોદના દુઃખથકી બ્હીને સુખની લાલચે પુણ્યરૂપ વાંછાએ સાધુપણું લેવાનો મનમાં અંશ ઉપન્યો એટલે નૈગમનયના મતવાળો તેને સાધુ કહી બોલાવે, કારણ કે એ નયના મતવાળો એક અંશ ગ્રહીને સર્વવસ્તુનું પ્રમાણ કરે છે તે માટે.

તથા સંગ્રહનયના મતવાળો સત્તાને ગ્રહણ કરે છે, માટે સાધુપણાના ઉપકરણ જે ઓઘો, મુહપત્તી, કપડાં, પાત્રા પ્રમુખ એ સર્વ સાધુપણાની સત્તા છે તેને ગ્રહે, તે વારે સંગ્રહનયના મતવાળો તેને સાધુ કહી બોલાવે.

તથા વ્યવહારનયને મતે જે ઉપરથી આચાર–વ્યવહાર ક્રિયા પ્રમુખ પાંચ મહાવ્રત પાળે છે, સૂઝતો આહાર લે છે, બે ટંકના આવશ્યક સાચવે છે, એ રીતે ઉપરથકી પ્રવર્તતો દેખીને વ્યવહારનયના મતવાળો તેને સાધુ કહી બોલાવે,

તથા ઋજુસૂત્રનયને મતે જે અંતરંગ વૈરાગ્યભાવરૂપ

સંસારના દુઃખ દેખી ઉદાસીભાવે વર્તે, તો શુભફલ ઉપાર્જન કરે, અને કોઈ જીવના મનના પરિણામ લોકને ઠગવારૂપ અથવા ઉદરપૂર્તિ માટે કપટરૂપે વર્તતા હોય, તે જીવ અશુભફલ ઉપાર્જન કરે, એ **ઋજુસૂત્રનયના** મતે સાધુ કહેવાય.

એ રીતે દ્રવ્યલિંગી જીવમાં ચાર નય જાણવા.

હવે ચાર નિક્ષેપા બતાવે છે.

પ્રથમ કોઈનું સાધુ એવું નામ હોય, તે **નામસાધુ**, બીજો સાધુની મૂર્તિ પ્રમુખ સ્થાપીયે તે **સ્થાપનાસાધુ**, ત્રીજો જે સાધુની ક્રિયા, આચાર, વ્યવહાર પ્રમુખ કરે છે, પાંચ મહાવ્રત પાળે છે, સૂઝતો આહાર લે છે, પણ અંતરંગ સત્તાગતના જાણપણા વિના જ્ઞાન–ધ્યાનનો તેવો ઉપયોગ વર્તતો નથી, અને પુણ્યાદિકની વાંછાએ અનેક રીતે સાધન તો કરે છે, તો પણ તે વ્યવહારનયને મતે **દ્રવ્યસાધુ** જાણવા. એ ત્રણ નિક્ષેપા દ્રવ્યલિંગી સાધુમાં કહીએ.

હવે એમાં નવ તત્ત્વનું સ્વરૂપ બતાવે છે.

એ લિંગી જીવની સત્તાએ પુણ્ય–પાપરૂપ અજીવના દળીયા અનંતા લાગ્યા છે, તે આશ્રવરૂપ જાણવા અને એ દળીયે એ જીવ બંધાણો થકો ચારગતિરૂપ સંસારમાં ફરે છે, માટે જીવ, પુણ્ય, પાપ, અજીવ આશ્રવ અને બંધ એ છ તત્ત્વ જાણવા.

૨૩૯ શિષ્ય :—બીજા જીવ જે અંતરથકી સાધુપણા સહિત છે અને ઉપરથકી સાધુપણા રહિત છે તે જીવ કયા? તેમાં ગુણઠાણા કેટલા પામીએ? તથા તેમાં સાત નય માંહેલા નય કેટલા પામીએ? અને એના ચાર નિક્ષેપા કેમ જાણીએ?

ગુરૂ :—તે જીવ ચોથા ગુણઠાણાવાળા સમકિતી તથા પાંચમા ગુણઠાણાવાળા દેશવિરતિ શ્રાવક જાણવા.

એટલે તે જીવ વ્યવહારનયને મતે ઉપરથકી તો સાધુપણા રહિત છે, પણ અંતરંગ વૈરાગ્ય સહિત ઉદાસીભાવે વિષય–કષાયથકી વિરક્ત ત્યાગ–વૈરાગ્યરૂપ સાધુ સમાન એવા **ઋજુસૂત્રનયને** મતે અંતરમાં પરિણામ વર્તે છે, અને **શબ્દનયને** મતે સ્વસત્તા–પરસત્તારૂપ જીવ–અજીવની વહેંચણ કરતા સ્વરૂપના ચિંતનમાં વર્તે છે, તેણે કરી મહાનિર્જરાને કરે છે. એમાં નવ તત્ત્વ માંહેલા આઠ તત્ત્વ આગળ કહ્યા, તે રીતે જાણવા.

હવે એમાં ચાર નિક્ષેપા કહે છે. તે જીવ, વ્યવહારનયને મતે તો સંસારી ગૃહસ્થ કહીએ, પણ અંતરંગ ભાવસાધુ સમાન પરિણામ વર્તે છે, માટે તેમાં એક ભાવ નિક્ષેપો જ પામીએ.

૨૪૦ શિષ્ય :—ત્રીજા જીવ જે ઉપરથકી સાધુપણા રહિત છે, અને અંતરથકી પણ સાધુપણા રહિત છે, તે જીવ કયા? તથા તેમાં ગુણઠાણા કેટલા? અને સાત નય

માંહેલા નય કેટલા? તથા નવ તત્ત્વ માંહેલા તત્ત્વ કેટલા? તથા તેના ચાર નિક્ષેપા કેમ જાણીએ?

ગુરૂ :—તે જીવ મિથ્યાદૃષ્ટિ પહેલે ગુણઠાણે જાણવા, તેમાં નયનું સ્વરૂપ આવી રીતે છે :—

નૈગમનયને મતે આગળ ગયા કાળમાં મિથ્યાત્વી હતો, અને આવતા કાળમાં મિથ્યાત્વરૂપ ગુણે કરી મિથ્યાત્વભાવે વર્તશે, તથા વર્તમાનકાળે પણ મિથ્યાત્વ-ભાવે વર્તે છે, એ રીતે તેને નૈગમનયના મતવાળો મિથ્યાત્વી કરી બોલાવે,

સંગ્રહનયના મતવાળો તો સત્તાનું ગ્રહણ કરે છે, માટે જે જીવને મિથ્યાત્વરૂપ દળીયા સત્તાએ અનંતા રહ્યા છે, તેથી તે જીવને સંગ્રહનયના મતવાળો પણ મિથ્યાત્વી કહી બોલાવે,

વ્યવહારનયના મતવાળો બાહ્યથકી ઉપરથી મિથ્યા-ત્વરૂપ આચરણ કરતો દેખે છે. માટે એ પણ મિથ્યાત્વી કહી બોલાવે,

તથા ઋજુસૂત્રનયના મતવાળો પણ એને અંતરંગ પરિણામે મિથ્યાત્વરૂપ કાર્યનું ચિંતન કરતો દેખી મિથ્યાત્વી કહી બોલાવે, એ રીતે એ મિથ્યાત્વી જીવમાં ચાર નય જાણવા.

તથા એમાં આગળ કહેલી રીતે નવ તત્ત્વ માંહેલા છ તત્ત્વ પામીએ.

હવે એમાં ચાર નિક્ષેપા કહે છે :—

જે કોઈનું નામ મિથ્યાત્વી હોય તે **નામમિથ્યાત્વ** જાણવો. અને અક્ષર લખવા અથવા તેની મૂર્તિ સ્થાપવી તે **સ્થાપનામિથ્યાત્વ**. તથા તે જીવને સત્તાએ મિથ્યાત્વરૂપ દળીયા રહ્યા છે, તે **દ્રવ્યમિથ્યાત્વ** જાણવું, તથા તે દળીયા ઉદયરૂપ ભાવપણે ભોગવે છે તે **ભાવમિથ્યાત્વ** જાણવું.

વળી બીજી રીતે ચાર નિક્ષેપા કહે છે :—

જે કોઈનું મિથ્યાત્વ એવું નામ, તે **નામમિથ્યાત્વ**, તથા મિથ્યાત્વીની મૂર્ત્તિ પ્રમુખ સ્થાપવી તે **સ્થાપનામિથ્યાત્વ**, તથા અન્યદર્શની જે અતીત, વૈરાગી, બ્રાહ્મણ પ્રમુખ તે પણ **દ્રવ્યમિથ્યાત્વી** જાણવા. તથા જે જિનશાસનના દ્વેષી, અવળા, વિપરીત માર્ગના દેખાડનારા, ઢુંઢીયા પ્રમુખ તે **ભાવમિથ્યાત્વી** જાણવા. એ મિથ્યાત્વીના ચાર નિક્ષેપા છે. તેમાં નવ તત્ત્વ માંહેલા છ તત્ત્વ આગળ કહ્યા, તે પ્રમાણે જાણવા.

૨૪૧ શિષ્યઃ—ચોથા જીવ ઉપરથકી સાધુપણા સહિત છે, અને અંતરથકી સાધુપણા રહિત છે, તે જીવ કયા? તથા તેમાં ગુણઠાણા કેટલા? અને સાત નય માંહેલા નય કેટલા? તથા નવ તત્ત્વ માંહેલા તત્ત્વ કેટલા? તથા તેમાં ચાર નિક્ષેપા કેવી રીતે જાણવા?

ગુરૂઃ—તે જીવ સાધુમુનિરાજ છઠ્ઠા–સાતમા ગુણ-ઠાણાથી માંડીને યાવત્ અગીયારમા–બારમા ગુણઠાણા પર્યંત છદ્મસ્થ મુનિરાજ જાણવા.

હવે તેમાં નયનું સ્વરૂપ બતાવે છે :—

કોઈ જીવ સંસારથકી ઉભગ્યો સાચા ધર્મની પરીક્ષા કરતો મોક્ષસુખની લાલચે સાધુપણું લેવાનો તેના મનમાં અંશ ઉત્પન્ન થયો, એટલે **નૈગમનયના** મતવાળો એક અંશ ગ્રહીને તે જીવને સાધુ કહી બોલાવે,

તથા તે જીવ જેવારે સાધુપણું લેવાને અર્થે ઉપકરણાદિ –ઓઘો, મુહપત્તી, કપડા, કાંબળી, પાત્રા પ્રમુખ સાધુપણાની સત્તાને ગ્રહે, તે વારે **સંગ્રહનયના** મતવાળો તેને સાધુ કહી બોલાવે,

તથા જે પાંચ મહાવ્રત સૂધા પાળે અને સાધુની ક્રિયા આચાર–વ્યવહાર પ્રમુખ સુધી રીતે કરે, ઉભયટંકના આવશ્યક સાચવે, સાંજ–સવાર પડિલેહણ, પોરિસી ભણાવે, એ રીતે ઉપરથી આચરણારૂપ ક્રિયા દેખે, તેને **વ્યવહાર**-નયના મતવાળો સાધુ કહી બોલાવે,

તથા **ઋજુસૂત્રનયના** મતવાળો પારિણામિક ભાવ ગ્રહણ કરે છે, માટે સંસાર ઉદાસી, વિષય–કષાયથકી વિરકત-ભાવ ત્યાગ–વૈરાગ્યરૂપ પરિણામ જેના વર્તે છે. તેને ઋજુસૂત્ર નયના મતવાળો સાધુ કહે,

તથા **શબ્દનયને** મતે તો જે જીવ–અજીવરૂપ નવ તત્ત્વ ષડ્દ્રવ્યની ઓળખાણ કરી જીવ સત્તાને ધ્યાવે, અજીવ-સત્તાનો ત્યાગ કરે, તેવા શુદ્ધ નિશ્ચય નયરૂપ પરિણામ હોય અને સાધુની ક્રિયા પણ જે આગળ કહી, તે રીતે

સર્વ કરે, તથા સાધ્ય એક, સાધન અનેક, એ રીતે સત્તાગતના ધર્મને જ્ઞાનીની આજ્ઞાપ્રમાણે નયસાપેક્ષ રીતે સમજીને સાધે, તેને **શબ્દનયના** મતવાળો સાધુ કહી બોલાવે,

તથા **સમભિરૂઢનયના** મતવાળો શ્રેણિભાવને ગ્રહે છે, માટે કોઇ જીવ નવમા–દશમા ગુણઠાણાથી માંડી યાવત્ અગીયારમા–બારમા ગુણઠાણા પર્યંત શુદ્ધ શુકલધ્યાન રૂપાતીત પરિણામ ક્ષપકશ્રેણિરૂપ ધ્યાને વર્તે છે, તેને **સમભિરૂઢનયના** મતવાળો સાધુ કહી બોલાવે,

એ રીતે સાધુનું સ્વરૂપ છ નયે કરી કહ્યું.

હવે ચાર નિક્ષેપે કરી સાધુનું સ્વરૂપ બોળખાવે છે. તિહાં જે કોઇનું સાધુ એવું નામ છે, તે **નામસાધુ**, તથા જે સાધુ એવા અક્ષર લખવા તે **અસદ્ભાવસ્થાપના** જાણવી. અને જે સાધુની મૂર્તિ પ્રમુખ સ્થાપવી તે **સદ્ભાવસ્થાપના** જાણવી, તથા જે સાધુની ક્રિયા, પ્રતિક્રમણ, પડિલેહણ શુદ્ધ રીતે કરે, સૂઝતો આહાર લે, પણ તેહવો જ્ઞાન–ધ્યાન–મોક્ષરૂપ સાધનનો ઉપયોગ વર્તતો નથી સ્વછંદપણે પાળે છે માટે તેને **દ્રવ્યસાધુ** કહીયે. તથા **ભાવસાધુ** કહેતા જે આગળના ત્રણ નિક્ષેપામાંહે સાધુની ક્રિયા કહી, તે રીતે સર્વ ક્રિયા કરે, અને સાધ્ય એક, સાધન અનેક, એ રીતે સત્તાગતના ધર્મને ગુરૂગમથી જ્ઞાનીની નિશ્રાએ સાધે, તેને **ભાવસાધુ** કહીયે.

આ ચાર નિક્ષેપા સાધુમાં કહ્યા,

એમાં આગળ એટલે આ પછીના પ્રશ્નમાં કહેશે તે પ્રમાણે નવ તત્ત્વ માંહેલા આઠ તત્ત્વ પામીયે.

એ રીતે ચોભંગીયે કરી સાધુપણાનું સ્વરૂપ જાણીને જે પાળે, તે પ્રાણી ગણ્યા દિવસમાં પરમાનંદ પદને પામે.

હવે સમકિતની શુદ્ધિ કરવા વાસ્તે ષડ્દ્રવ્ય, નવ તત્ત્વનું સ્વરૂપ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની ચોભંગીયે કરી દેખાડે છે, એમાં દરેકમાં ચાર–ચાર પ્રશ્ન છે.

૨૪૨ થી ૨૪૯ શિષ્યઃ—તિહાં પ્રથમ જીવદ્રવ્યનું સ્વરૂપ કહે છેઃ–

દ્રવ્યથકી જીવદ્રવ્ય, નિશ્ચયનયને મતે જ્ઞાનાદિ ગુણે કરી સર્વ એક સરખા છે, અને વ્યવહારનયે કરી દેવતા, નારકી, મનુષ્ય, તિર્યંચરૂપ જીવની અનેક જાતિ જાણવી.

તથા ક્ષેત્રથકી સર્વ જીવ, અસંખ્યાત પ્રદેશી લોકવ્યાપી જાણવા.

તથા કાળથકી નિશ્ચયનયે કરી સર્વ જીવ, અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને વ્યવહારનયે કરી સંસારમાં ઉત્પાદ–વ્યયરૂપ પલટાતા સ્વભાવે કરી સાદિ સાંત ભાંગે વર્તે છે,

તથા ભાવથકી જોતાં તો સર્વજીવ પારિણામિકભાવે પોતાના સ્વભાવમાં વર્તે છે, અને વ્યવહારનયે કરી સંસારી જીવ શુભાશુભભાવમાં વર્તે છે.

૨૪૬ થી ૨૪૯ હવે ધર્માસ્તિકાય દ્રવ્યનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્યથકી ધર્માસ્તિકાય દ્રવ્યનો ચલનસહાયક ગુણ જાણવો,

તથા ક્ષેત્રથકી એના અસંખ્યાતા પ્રદેશ લોકવ્યાપી જાણવા,

તથા કાળથકી ધર્માસ્તિકાય દ્રવ્ય, અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને એના દેશ, પ્રદેશ તથા અગુરૂલઘુ સાદિ સાંત ભાંગે જાણવા,

તથા ભાવથકી ધર્માસ્તિકાય દ્રવ્ય, અવર્ણે, અરસે, અગંધે, અસ્પર્શે, જાણવું.

૨૫૦ થી ૨૫૩ હવે અધર્માસ્તિકાય દ્રવ્યનું સ્વરૂપ કહે છે :—દ્રવ્યનો સ્થિર સહાયકગુણ દ્રવ્યથકી અધર્માસ્તિકાય

તથા ક્ષેત્રથકી એના અસંખ્યાતા પ્રદેશ લોકવ્યાપી જાણવા,

તથા કાળથકી અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને દેશ, પ્રદેશ તથા અગુરૂલઘુ, સાદિ સાંત ભાંગે જાણવા.

તથા ભાવ થકી અધર્માસ્તિકાય, અવર્ણે, અગંધે, અરસે અને અસ્પર્શે જાણવું.

૨૫૪ થી ૨૫૭ હવે આકાશાસ્તિકાય દ્રવ્યનું સ્વરૂપ કહે છે:—

દ્રવ્ય થકી આકાશાસ્તિકાય દ્રવ્યનો અવગાહના ગુણ જાણવો.

તથા ક્ષેત્રથી અનંત પ્રદેશી લોકાલોકવ્યાપી જાણવો.

તથા કાળથકી અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને દેશ, પ્રદેશ તથા અગુરૂલઘુ, સાદિ સાંત ભાંગે જાણવા.

તથા ભાવથકી આકાશાસ્તિકાય અવર્ણે, અગંધે, અરસે, અસ્પર્શે જાણવો.

૨૫૮ થી ૨૬૧ હવે કાલદ્રવ્યનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્ય થકી કાલ દ્રવ્યનો નવા પુરાણા વર્ત્તનાલક્ષણ ગુણ જાણવો.

તથા ક્ષેત્રથકી કાલદ્રવ્ય, અઢી દ્વીપ વ્યાપી જાણવું.

તથા કાલથકી અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને ઉત્પાદ–વ્યયરૂપ પલટાતા કાળ સાદિ સાંત ભાંગે જાણવું.

તથા ભાવથકી કાલ દ્રવ્ય અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ જાણવું.

૨૬૨ થી ૨૬૫ હવે પુદ્ગલ દ્રવ્યનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્ય થકી પુદ્ગલદ્રવ્યનો મિલન–વિખરણ પૂર્ણગલન ગુણ જાણવો.

તથા ક્ષેત્રથકી પુદ્ગલ પરમાણુઓ લોકવ્યાપી જાણવા.

તથા કાલથકી પુદ્ગલ દ્રવ્યના અનંતા પરમાણુઓ નિશ્ચયનયે કરી અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને

વ્યવહારનયે કરી પુદ્ગલના સ્કંધ સર્વે સાદિ સાંત ભાંગે જાણવા,

તથા ભાવથકી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સહિત છે, એ રીતે જીવ–અજીવરૂપ ષડ્–દ્રવ્યના સ્વરૂપમાં ચોભંગી જાણવી.

એટલે એ ષડ્દ્રવ્યના સ્વરૂપમાં નવ તત્ત્વ માંહેલા જીવ અને અજીવ, એ બે તત્ત્વનું સ્વરૂપ કહેવાણું.

હવે શેષ પુણ્યાદિક સાત તત્ત્વનું સ્વરૂપ કહે છે.

૨૬૬ થી ૨૬૯ પુણ્યતત્ત્વ—

દ્રવ્યથકી બેંતાલીશ ભેદે કહીએ.

તથા ક્ષેત્રથકી પુણ્યતત્ત્વ લોકવ્યાપી જાણવું.

તથા કાળથકી પુણ્યતત્ત્વ અભવ્ય જીવ આશ્રયી સંતતિભાવે અનાદિ અનંત ભાંગે જાણવું, અને ભવ્યજીવ આશ્રયી અનાદિ સાંત ભાંગે જાણવું.

તથા ભાવથકી પુણ્યતત્ત્વને ઉપાર્જન કરવાના નવ પ્રકાર જાણવા.

૨૭૦ થી ૨૭૩ પાપતત્ત્વ—

દ્રવ્યથકી બ્યાશી ભેદે કહીએ,

તથા ક્ષેત્રથકી પાપતત્ત્વ લોકવ્યાપી જાણવું.

તથા કાલથકી અભવ્યજીવ આશ્રયી સંતતિભાવે અનાદિ અનંત ભાંગે જાણવું, અને ભવ્યજીવ આશ્રયી અનાદિ સાંત ભાંગે જાણવું.

તથા ભાવથકી પાપ ઉપાર્જન કરવાના અઢાર ભેદ જાણવા.

૨૭૪ થી ૨૭૭ આશ્રવતત્ત્વના—

દ્રવ્યથકી પુણ્યપાપરૂપ દળીયાં તે દ્રવ્યાશ્રવ કહીએ,

તથા ક્ષેત્રથકી આશ્રવતત્ત્વ લોકવ્યાપી જાણવું.

તથા કાલથકી આશ્રવતત્ત્વ અભવ્યજીવ આશ્રયી સંતતિભાવે અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને ભવ્યજીવ આશ્રયી અનાદિ સાંત ભાંગે વર્તે છે,

તથા ભાવથકી આશ્રવતત્ત્વ તે પુણ્યપાપરૂપ દળીયા ઉપાર્જન કરવા બેંતાલીશ ભેદ જાણવા.

૨૭૮ થી ૨૮૧ દ્રવ્યથકી સંવરતત્ત્વના ભેદ કહીયે.

તથા ક્ષેત્રથકી સંવરતત્ત્વ ચૌદ રાજ લોકની ત્રસનાડી પ્રમાણે જાણવું,

તથા કાલથકી સંવરતત્ત્વ ક્ષાયિકભાવ આશ્રયી તો સાદિ અનંત ભાંગે વર્તે છે, અને ક્ષયોપશમભાવ આશ્રયી સાદિ સાંત ભાંગે વર્તે છે,

તથા ભાવથકી પોતાના સ્વરૂપમાં રમણ કરવું તે સંવરતત્ત્વ કહીએ.

૨૮૨ થી ૨૮૫ દ્રવ્યથકી નિર્જરાતત્ત્વ બાર ભેદે કહીએ.

તથા ક્ષેત્રથકી ચૌદરાજલોક ત્રસનાડી પ્રમાણે જાણવું.

તથા કાલથકી સાદિ સાંત ભાંગે વર્તે છે,

તથા ભાવથકી સર્વ પ્રકારે ઇચ્છાનો રોધ કરી સમતાભાવે વર્તવું, તે નિર્જરા.

૨૮૬ થી ૨૮૯ બંધ તત્ત્વના દ્રવ્યથકી ચાર ભેદ કહીએ.

તથા ક્ષેત્રથકી લોકવ્યાપી જાણવું,

કાલથકી બંધતત્ત્વ સાદિ સાંત ભાંગે વર્તે છે;

તથા ભાવથકી જે અજ્ઞાનરૂપ રાગ–દ્વેષની ચિકાશ તે ભાવબંધ જાણવો.

૨૯૦ થી ૨૯૩ મોક્ષતત્ત્વ, દ્રવ્યથકી તેરમે–ચૌદમે ગુણઠાણે કેવળીને કહીએ.

તથા ક્ષેત્રથકી અઢીદ્વીપવ્યાપી જાણવું,

તથા કાળથકી સર્વે સિદ્ધ આશ્રયી અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને એક સિદ્ધ આશ્રયી સાદિ અનંત ભાંગે જાણવું.

તથા ભાવથકી મોક્ષતત્ત્વ તે સકલ કર્મ ક્ષય કરી લોકને અંતે વિરાજમાન એવા સિદ્ધ પરમાત્માને કહીએ.

એ રીતે નવતત્ત્વના સ્વરૂપમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવરૂપ ચોભંગીનું સ્વરૂપ જાણવું.

૨૬૪. શિષ્ય :—દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવ, એ ચારમાંથી કોણ કોણથી સૂક્ષ્મ અને કોણ કોણથી બાદર છે? આ ચાર પ્રશ્ન છે.

ગુરૂ :—એક આંખના મીંચકારામાંહિ અસંખ્યાતા સમય થાય. માટે એ સમયરૂપ કાલ સૂક્ષ્મ છે, અને તે થકી વળી ક્ષેત્ર ઘણું જ સૂક્ષ્મ છે, કેમકે એક અંગુલ શ્રેણિ પ્રમાણ જે ક્ષેત્ર તેમાંથી આકાશરૂપ દ્રવ્યના જે પ્રદેશ, તેને સમયે સમયે એકેકો અપહરતા અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ વ્યતીત થઈ જાય, માટે કાલથકી ક્ષેત્ર ઘણું સૂક્ષ્મ છે,

તથા ક્ષેત્રથકી દ્રવ્ય સૂક્ષ્મ છે જે માટે એકેક આકાશ પ્રદેશરૂપ ક્ષેત્રમાં અનંતાનંત પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓ અવગાહી રહ્યા છે, માટે ક્ષેત્રથકી દ્રવ્ય સૂક્ષ્મ જાણવું.

તથા દ્રવ્યથકી ભાવ સૂક્ષ્મ છે, કેમકે એકેકા પુદ્ગલ પરમાણુઓમાં વળી અનંતા ગુણ પર્યાય રહ્યાં છે, માટે દ્રવ્યથકી ભાવ સૂક્ષ્મ જાણવો.

એ વિચાર આચારાંગ નિર્યુક્તિની ટીકામાં તથા આવશ્યકમાં જાણવો.

હવે નિક્ષેપાનું સ્વરૂપ શ્રી અનુયોગ દ્વાર સૂત્રના પાઠથી કહે છે :—

॥ ગાથા ॥

जत्थ य जं जाणिज्जा, णिक्खेवं णिक्खिवे णिरवसेसं ॥
जत्थ य णो जाणिज्जा, चउक्कयं णिक्खिवे तत्थ ॥ १ ॥

અર્થ :—હે શિષ્ય! જો જાણપણું હોય તો એકેક વસ્તુમાં અનેક પ્રકારે નિક્ષેપા ઉતારજે અને તેનું જાણપણું જો ન હોય, તો પણ જે વસ્તુનું નામ પડયું, તેમાં ચાર નિક્ષેપા તો જરૂર ઉતારવા.

૨૯પશિષ્ય :— પૂર્વોક્ત જીવ–અજીવરૂપ નવ તત્ત્વ–ષડ્દ્રવ્યનું સ્વરૂપ ચાર ચાર નિક્ષેપે કરી કેમ જાણીએ?

ગુરૂ :—પ્રથમ નામજીવ જીવ એવું નામ તે ગયે કાલે જીવતો હતો અને આવતા કાલે પણ જીવતો હશે, તથા વર્તમાન કાલે પણ જીવે છે, એ રીતે નૈગમનયને મતે ત્રણે કાલ એકરૂપપણે વર્તે તેને નામજીવ કહીએ,

તથા જેમાં ચૈનેવાણુમાં (?) જીવ એ સદ્ભાવ સ્થાપના અને જીવ એવા અક્ષર લખવા, તે અસદ્ભાવસ્થાપના એટલે એ સંગ્રહનયને મતે સ્થાપનારૂપ જીવ જાણવો.

તથા ઋજુસૂત્ર અને વ્યવહારનયને મતે એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય પર્યંત જે જીવ પહેલે ગુણઠાણે અનુપયોગે મિથ્યાત્વભાવે વર્તે, તેને "अणुवओगो दव्वं" એ વચનથકી દ્રવ્યજીવ કહીએ.

તથા શબ્દનયને મતે સમકિતભાવે ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ છઠ્ઠા–સાતમા ગુણઠાણા પર્યંત જીવ, અજીવ-રૂપ સ્વપરની વહેંચણ કરી જીવસ્વરૂપના ઉપયોગમાં વર્તે, તેને "उवओगो भावे" એ વચનથકી ભાવજીવ કહીએ.

એ રીતે જીવનું સ્વરૂપ પાંચ નયે કરી ચાર નિક્ષેપે જાણવું.

૨૯૬ નામથકી ધર્માસ્તિકાય એવું નામ તે નામ ધર્માસ્તિકાય જાણવું.

તથા સ્થાપના થકી ધર્માસ્તિકાય એવા અક્ષર લખવા તે સ્થાપના ધર્માસ્તિકાય.

તથા દ્રવ્યથકી ધર્માસ્તિકાય દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી જાણવું.

ભાવથકી ધર્માસ્તિકાય દ્રવ્ય ચલનસહાયરૂપ જાણવું.

૨૯૭ નામથકી અધર્માસ્તિકાય એવું નામ, તે નામ અધર્માસ્તિકાય.

તથા અધર્માસ્તિકાય એવા અક્ષર લખવા તે સ્થાપના અધર્માસ્તિકાય.

તથા દ્રવ્યથકી અધર્માસ્તિકાય દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી જાણવું.

ભાવથકી અધર્માસ્તિકાય દ્રવ્ય સ્થિરસહાયરૂપ જાણવું.

૨૯૮ નામથકી આકાશાસ્તિકાય એવું નામ, તે નામ આકાશાસ્તિકાય જાણવું.

તથા આકાશાસ્તિકાય એવા અક્ષર લખવા તે સ્થાપના આકાશાસ્તિકાય જાણવું.

તથા દ્રવ્યથકી આકાશાસ્તિકાય અનંત પ્રદેશી જાણવું

ભાવથકી આકાશાસ્તિકાયદ્રવ્ય અવગાહનારૂપ જાણવું.

૨૯૯ નામથકી કાલદ્રવ્ય એવું નામ તે નામકાલદ્રવ્ય.

તથા કાલદ્રવ્ય એવા અક્ષર લખવા તે સ્થાપનાકાલદ્રવ્ય જાણવું.

તથા દ્રવ્યથકી તો કાલનો એક સમય લોકમાં સદાકાલ શાશ્વતો વર્તે છે, તે કાલદ્રવ્ય જાણવું.

ભાવથકી કાલદ્રવ્ય નવી પુરાણી વર્તનારૂપ જાણવું.

૩૦૦ નામથકી પુદ્ગલાસ્તિકાય એવું નામ, તે નામ પુદ્ગલાસ્તિકાય જાણવું.

તથા પુદ્ગલાસ્તિકાય એવા અક્ષર લખવા તે સ્થાપનારુપ પુદ્ગલાસ્તિકાય જાણવું.

તથા દ્રવ્યથકી પુદ્ગલદ્રવ્યના અનંતા પરમાણુઓ લોકમાં સદાકાલ શાશ્વતા વર્તે છે.

તથા ભાવથકી પુદ્ગલદ્રવ્ય ગલન–પૂરણ–મિલન–વિખરણ રુપ જાણવું.

એ રીતે જીવ–અજીવરૂપ ષડ્દ્રવ્યમાં ચાર નિક્ષેપા જાણવા.

૩૦૧ પુણ્યતત્વમાં નિક્ષેપા કહે છે :—

એટલે પ્રથમ નામથકી પુણ્ય કહેતાં જે પુણ્ય એવું નામ તે નૈગમનયને મતે ત્રણે કાલ એકરૂપપણે વર્તે છે,

સ્થાપનાપુણ્ય જે પુણ્ય એવા અક્ષર લખીને સ્થાપવા.

દ્રવ્ય પુણ્ય = જે કોઇ જીવની સત્તાએ પુણ્યના દળીયા પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તે સંગ્રહનયને મતે કર્મ સત્તારૂપ દ્રવ્યપુણ્ય જાણવું,

ભાવપુણ્ય કહેતા જે તે દળીયાંનો ઉદય થયો, તે વ્યવહારનયને મતે ઉદયભાવરૂપ ભાવપુણ્ય જાણવું.

એ રીતે ઉદયભાવરૂપપુણ્યને વિષે ત્રણ નયમાં ચાર નિક્ષેપા જાણવા.

૩૦૨—પુણ્ય એવું નામ તે નૈગમનયને મતે ત્રણે કાલ એકરૂપપણે જાણવું

તથા જે કોઈ જીવની સત્તાએ પુણ્યના દળીયા પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તે સંગ્રહનયને મતે જાણવા.

તે દળીયાનો ઉદય થયો તે વ્યવહારનયને મતે ન્યારા રહી ઉપરથકી લૂખે પરિણામે ભોગવે છે માટે એને દ્રવ્યપુણ્ય કહીયે.

તથા જે કોઈ જીવ, ઋજુસૂત્રનયને મતે મન, વચન, કાયાએ કરી એક ચિત્તે પુણ્યના દળીયા વ્યવહારનયને મતે ઉદયરૂપ ભાવે ભોગવે છે, તેને ભાવપુણ્ય કહીયે.

એ રીતે ચાર નયમાં ચાર નિક્ષેપા પુણ્ય ભોગવવા ઉપર જાણવા.

૩૦૩—નામપુણ્ય કહેતા પુણ્ય એવું નામ તે નૈગમનયને મતે ત્રણે કાલ એકરૂપ જાણવું,

પુણ્ય એવા અક્ષર લખીને સ્થાપવા તે **સંગ્રહનયને મતે સ્થાપનારૂપ પુણ્ય** જાણવું.

તથા **દ્રવ્યપુણ્ય** એટલે જે કોઈ જીવ, દાન, શીયલ, તપ, ભાવ, દયા, જયણા ઇત્યાદિક કષ્ટક્રિયારૂપ કરણી લોકને દેખાડવારૂપ વીરાશાલવીની પરે કૃષ્ણવાસુદેવનું મન રીઝવવારૂપ અથવા પૂર્ણશેઠની પરે કરે, અથવા જ્ઞાનીની આજ્ઞાવિના સ્વચ્છંદપણે ધર્મકરણી કરે તે **વ્યવહારનયને** મતે કરણીરૂપ **દ્રવ્યપુણ્ય** જાણવું.

તથા **ભાવપુણ્ય** તે આગળ દ્રવ્યનિક્ષેપામાં જે વ્યવહારનયને મતે પુણ્યની કરણી કહી, તે કરણી સર્વ કરે, પણ અંતરંગ **ઋજુસૂત્રનયને** મતે મન, વચન, કાયાયે કરી એકચિત્તે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે જીર્ણશેઠની પરે કરે, તે **ભાવપુણ્ય** જાણવું.

એ રીતે ચાર નયમાં ચાર નિક્ષેપા પુણ્ય કરવા ઉપર જાણવા.

૩૦૪—હવે પાપ ઉપર નિક્ષેપા ઉતારે છે :—

પ્રથમ નામથકી પાપ એવું નામ, તે **નૈગમનયને** મતે ત્રણે કાલ એકરૂપપણે વર્તે છે, તે **નામપાપ** જાણવું,

તથા પાપ એવા અક્ષર લખવા તે **સ્થાપનારૂપ પાપ** જાણવું.

તથા કોઈ જીવની સત્તાએ પાપના દળીયા પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તે **સંગ્રહનયને** મતે કર્મસત્તારૂપ **દ્રવ્યપાપ** જાણવું.

તથા તે દળીયાનો ઉદય થયો, તે **વ્યવહારનયને** મતે ઉદયભાવરૂપ **ભાવપાપ** જાણવું.

એ રીતે એ ઉદયભાવરૂપ પાપમાંહે ત્રણ નયમાં ચાર નિક્ષેપા જાણવા.

૩૦૫ પાપ એવું નામ તે **નૈગમનયને** મતે ત્રણે કાલ એકરૂપપણે વર્તે છે, તે **નામપાપ** જાણવું.

તથા પાપ એવા અક્ષર લખવા તે **સ્થાપના રૂપ પાપ** જાણવું.

તથા જે કોઈ જીવની સત્તાએ પાપના દળીયા પ્રકૃતિરૂપ સત્તાપણે **સંગ્રહ નયને** મતે બાંધ્યા છે, તેનો ઉદય થયો, તે વારે વ્યવહારનયને મતે પણ જુદા રહી ઉપરથકી લૂખે પરિણામે ભોગવે છે, તેને **દ્રવ્ય પાપ** કહીયે.

તથા જે કોઈ જીવ ઋજુસૂત્રનયને મતે મન, વચન, કાયાયે કરી દુઃખરૂપ વિપાકે પાપના દળીયા વ્યવહારનયને મતે ઉદયરૂપ ભાવે ભોગવે છે, તેને **ભાવપાપ** કહીયે.

એ રીતે ચાર નયમાં ચાર નિક્ષેપા પાપ ભોગવવા ઉપર જાણવા.

૩૦૬ પાપ એવું **નામ** તે **નૈગમનયને** મતે ત્રણે કાલ એકરૂપ પણે વર્તે છે, તથા પાપ એવા અક્ષર લખવા તે **સંગ્રહનયને** મતે **સ્થાપનારૂપ** પાપ જાણવું.

તથા કોઈ જીવ, હિંસા, મૃષા આદિક કજીયા –ઝગડારૂપ અનેક પ્રકારે ઉદયરૂપ ભાવને યોગે કરી ચેડા રાજાની પરે કરે, તે વ્યવહારનયને મતે **દ્રવ્ય પાપ** કરણીરૂપ જાણવું.

તથા જે આગળ ત્રીજા નિક્ષેપામાં વ્યવહારનયને મતે કરણી કહી, તે સર્વ કરે, પણ અંતરંગ ઋજુસૂત્રનયને મતે મન, વચન, કાયાયે કરી એકચિત્તે કાલકસૂરિયા આટકીની પરે કરે તે **ભાવપાપ** જાણવું.

એ રીતે ચાર નિક્ષેપા પાપકરવારૂપે જાણવા.

૩૦૭ આશ્રવમાં ચાર નિક્ષેપા ઉતારે છેઃ—

પ્રથમ આશ્રવ એવું નામ તે **નૈગમનયને** મતે ત્રણે કાલ એકરૂપપણે જાણવું તે **નામ આશ્રવ.**

તથા આશ્રવ એવા અક્ષર લખવા તે **સ્થાપના રૂપ આશ્રવ** જાણવું.

તથા બેંતાલીશ પ્રકારના આશ્રવને ગરનાલે કરી **વ્યવહારનયને** મતે શુભાશુભ આશ્રવરૂપ દળીયાનું ગ્રહણ કરવું તે **દ્રવ્ય આશ્રવ** જાણવું.

તથા **ઋજુસૂત્ર** અને **વ્યવહારનયને** મતે મન, વચન, કાયાયે કરી ઉદયભાવને યોગે તે દળીયાનું ભોગવવું તે ઉદય ભાવરૂપ **ભાવ આશ્રવ** જાણવું.

૩૦૮ સંવરમાં ચાર નિક્ષેપા ઉતારે છેઃ—

પ્રથમ સંવર એવું નામ તે **નૈગમનયને** મતે ત્રણે કાલ એક રૂપપણે જાણવું તે **નામસંવર,**

તથા સંવર એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા સંવરરૂપ મૂર્તિ સ્થાપવી, તે **સંગ્રહનયને** મતે **સ્થાપના રૂપ સંવર** જાણવું.

તથા વ્યવહારનયને મતે જ્ઞાનીની નિશ્રા વિના મનમરજીમમાણે સગવડિયા ધર્મરૂપે સ્વચ્છંદ ભાવથી અગર અરુચિભાવે, લોકને દેખાડવારૂપ પોસહ, પ્રતિક્રમણ, સામાયિક આદિ અનેક પ્રકારે સંવરની કરણી જાણવી, તે દ્રવ્યસંવર જાણવું.

તથા ઋજુસૂત્રનયને મતે મન, વચન, કાયાએ કરી યથાપ્રવૃત્તિરૂપ કરણના પરિણામે પોસહ, પ્રતિક્રમણ, વ્રત, પચ્ચખ્ખાણ આદિ વ્યવહારનયને મતે ઉપર થકી સંવર રૂપ કરણીનું કરવું, તે ભાવસંવર જાણવું.

એટલે ચાર નયમાં ચાર નિક્ષેપે યથાપ્રવૃત્તિકરણરૂપ સંવર જાણવું.

૩૦૯ નામથકી સંવર એવું નામ તે નામસંવર નૈગમનયને મતે જાણવો.

તથા સંવર એવા અક્ષર લખીને સ્થાપવા, તે સ્થાપના સંવર અથવા સંવરરૂપ મૂર્તિ સ્થાપવી તે સંગ્રહનયને મતે સ્થાપનારૂપ સંવર જાણવો.

તથા ઋજુસૂત્રનયને મતે મન, વચન, કાયાએ કરી વ્રત, પચ્ચખ્ખાણરૂપ જ્ઞાનીની આજ્ઞા નિરપેક્ષ સ્વચ્છંદપણે વ્યવહારનયને મતે સંવરરૂપ કરણીનું કરવું તે દ્રવ્યસંવર જાણવું.

તથા શબ્દનયને મતે જીવ, અજીવરૂપ સ્વસત્તા–પરસત્તાની વહેંચણ કરી સ્થિરતારૂપ પરિણામે જ્ઞાનીની

આજ્ઞા પ્રમાણે ગુણસ્થાનકની મર્યાદાનુરૂપ આગળ દ્રવ્ય નિક્ષેપા મધ્યે જે **ઋજુસૂત્ર** અને વ્યવહારનયને મતે **સંવરરૂપ** કરણી કહી તે કરણી કરતા થકા મહાનિર્જરાને કરે તે **ભાવસંવર** જાણવો.

એ રીતે સંવર વિષે પાંચ નયમાં ચાર નિક્ષેપા જાણવા.

૩૧૦—નિર્જરામાં નિક્ષેપા ઉતારે છેઃ—

નિર્જરા એવું નામ તે **નૈગમનયને** મતે **નામનિર્જરા** જાણવી,

તથા નિર્જરા એવા અક્ષર લખવા, તે **સંગ્રહનયને** મતે **સ્થાપનારૂપ નિર્જરા** જાણવી,

તથા જે **વ્યવહારનયને** મતે **ઋજુસૂત્રના** ઉપયોગ સહિત મિથ્યાત્વભાવે અકામ નિર્જરા કરવી તે સર્વ **દ્રવ્યનિર્જરા** જાણવી.

તથા **શબ્દનયને** મતે જીવ–અજીવરૂપ, ષડ્દ્રવ્ય, નવ તત્ત્વનું જાણપણું પ્રતીત કરી **ઋજુસૂત્રનયના** ઉપયોગ સહિત જ્ઞાનીની નિશ્રાયે આજ્ઞાસાપેક્ષ **વ્યવહારનયને** મતે બારભેદે તપશ્ચર્યારૂપ કરણીનું કરવું, તે **ભાવનિર્જરા** જાણવી.

એ રીતે પાંચ નયમાં ચાર નિક્ષેપા નિર્જરાને વિષે જાણવા.

૩૧૧—બંધમાં ચાર નિક્ષેપા ઉતારે છેઃ—

પ્રથમ બંધ એવું નામ તે **નૈગમનયને** મતે **નામ-બંધ** જાણવો.

તથા બંધ એવા અક્ષર લખીને સ્થાપવા તે **સ્થાપનારૂપ બંધ** જાણવો,

તથા વળી જે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશ બંધ, એ ચાર પ્રકારે બંધરૂપ દળીયા જીવની સત્તાયે બાંધ્યા છે તે **સંગ્રહનયને** મતે કર્મસત્તારૂપ **દ્રવ્યબંધ** જાણવો.

તથા જે વ્યવહારનયને મતે તે દળીયાનો ઉદય થયો તે ઉદયભાવરૂપ **ભાવબંધ** જાણવો.

એ રીતે ઉદયભાવરૂપ બંધને ત્રણ નયમાં ચાર નિક્ષેપા જાણવા.

૩૧૨—તથા વળી નામથકી બંધ એવું નામ તે **નૈગમ** નયને મતે **નામબંધ** જાણવો.

તથા બંધ એવા અક્ષર લખવા અથવા બંધરૂપ મૂર્તિ સ્થાપવી તે **સ્થાપનારૂપ બંધ** જાણવો.

તથા આગળ કહ્યા જે ચાર પ્રકાર તે ચાર પ્રકારે બંધરૂપ દળીયા તે **સંગ્રહનયને** મતે જીવની સત્તાએ રહ્યા છે, તેનો સ્થિતિપરિપાકે **વ્યવહારનયને** મતે ઉદય થયો, તે **દ્રવ્યબંધ** જાણવો.

તથા **ઋજુસૂત્રનયને** મતે મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગરૂપ સત્તાવન બંધહેતુ પ્રમુખ જીવના પરિણામ

એટલે તેની ચિકાશે વળી પાછો કર્મરૂપ દળીયાનો બંધ પાડે માટે **ઋજુસૂત્રનયને** મતે તેને **ભાવબંધ** કહીયે.

એ રીતે બંધ બાંધવાને વિષે ચાર નયમાં ચાર નિક્ષેપા જાણવા.

૩૧૩—મોક્ષતત્ત્વ નિઃકર્માવસ્થામાં ચાર નિક્ષેપા ઉતારે છે :–

પ્રથમ નામથકી મોક્ષ એવું નામ તે **નામનિક્ષેપો,**

તથા જે મોક્ષરૂપે મૂર્તિ સ્થાપવી, અથવા મોક્ષ એવા અક્ષર લખવા તે **સ્થાપનામોક્ષ** જાણવો.

તથા **સમભિરૂઢનયને** મતે શુદ્ધ શુકલધ્યાન રૂપાતીત પરિણામરૂપ એટલે ક્ષપકશ્રેણિએ અજ્ઞાનરૂપ રાગ, દ્વેષ અને મોહનીયકર્મનો બારમે ગુણઠાણે ક્ષય કર્યો અને તેરમે ગુણઠાણે કેવળજ્ઞાન પામ્યા, એવા કેવલી ભગવાનને ભવ્ય-શરીર આશ્રયી **દ્રવ્યમોક્ષપદ** કહીયે, તે ત્રીજો દ્રવ્યનિક્ષેપો જાણવો,

તથા **એવંભૂતનયને** મતે અષ્ટ કર્મને ક્ષયે અષ્ટ-ગુણસંપન્ન લોકને અંતે વિરાજમાન એવા સિદ્ધ પરમાત્માને **ભાવમોક્ષપદ** જાણવું.

એ રીતે જીવ, અજીવરૂપ ષડ્દ્રવ્ય, નવ તત્ત્વમાં નયસંયુક્ત ચાર નિક્ષેપા જાણવા.

૩૧૪—વ્રતમાં નિક્ષેપા ઉતારતાં પ્રથમ પ્રાણાતિપાત વિરમણવ્રતે નિક્ષેપા કહે છે :–

તિહાં પ્રથમ દયા એવું નામ, તે **નામદયા** જાણવી,

તથા દયા એવા અક્ષર લખવા, તે **અસદ્ભાવ-સ્થાપના** અને દયાળુમૂર્તિ સ્થાપવી, તે **સદ્ભાવસ્થાપના**

તથા **વ્યવહારનયને** મતે સ્વચ્છંદપણે જ્ઞાનીની નિશ્રા વિના કે લોકને દેખાડવારૂપ દયા પાળવી, તે **દ્રવ્યદયા** જાણવી,

તથા **ઋજુસૂત્રનયને** મતે મન, વચન, કાયાએ કરી એકચિત્તે પરજીવના પ્રાણ હણે નહિ, હણાવે નહિ, તથા હણતાંને અનુમોદે નહિ તે **ભાવદયા** જાણવી.

એ ચાર નિક્ષેપા **ઋજુસૂત્રનયને** મતે યથાપ્રવૃત્તિ-કરણરૂપ પહેલે ગુણઠાણે જાણવા.

૩૧૫—તથા વળી દયા એવું નામ, તે **નામદયા,**

તથા દયા એવા અક્ષર લખવા અથવા દયાળુમૂર્તિ સ્થાપવી, તે **સ્થાપના દયા,**

તથા **ઋજુસૂત્રનયને** મતે એક ચિત્તે કરી **વ્યવહાર-નયને** મતે આજ્ઞાનાબંધારણવિના મન, વચન અને કાયાએ કરી પરજીવના પ્રાણ હણે નહિ, હણાવે નહિ, હણતાંને અનુમોદે નહિ, તે **દ્રવ્યદયા** જાણવી.

તથા **શબ્દનયને** મતે જીવ, અજીવરૂપ સ્વસત્તા-પરસત્તાની વહેંચણ કરી, જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રમુખ ભાવપ્રાણ પોતાના અને પરના તેને કર્મરૂપ આવરણપણે

હણે નહિ, હણાવે નહિ, હણતાંને અનુમોદે નહિ, તે સ્વદયા, તથા પોતાનો આત્મા કર્મરૂપ આવરણથી વીંટાણો થકો જન્મ–મરણના દુઃખ ભોગવે છે, તેને સ્વહિંસા કહીયે, તે માટે તે પોતાના જીવને કર્મરૂપ આવરણથકી મૂકાવવા નિમિત્તે સાધ્ય ચોકખું રાખી ઋજુસૂત્ર તથા વ્યવહારનયના મતે જે રીતે આગળ દ્રવ્યદયારૂપ આચરણ કહ્યું, તે રીતે કરતાં થકા સર્વે લેખે જાણવી. એ ચોથી ભાવદયા.

૩૧૬—બીજા વ્રત ઉપર નિક્ષેપા ઉતારે છે :—

પ્રથમ અમૃષાવાદ એવું નામ, તે **નામઅમૃષાવાદ** જાણવો.

બીજે જે અમૃષા એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપનાઅમૃષાવાદ** જાણવો.

ત્રીજે વ્યવહારનયને મતે શાબ્દિક મર્યાદા નિરપેક્ષ સ્વદર્શની–અન્યદર્શનો મિથ્યાદૃષ્ટિ જીવને સહેજે સત્યવચન બોલવારૂપ ઢાલ પડી ગયો છે, તે **વ્યવહારનયને** મતે **દ્રવ્ય અમૃષાવાદ** જાણવો.

ચોથો જે **ઋજુસૂત્રનયને** મતે મન, વચન અને કાયાએ કરી એકચિત્ત વ્યવહારનયને મતે આજ્ઞાનિરપેક્ષ સત્યવચન બોલે છે, તે જીવ યથાપ્રવૃત્તિકરણરૂપ પહેલે ગુણઠાણે જાણવા, તે **ભાવથકી અમૃષાવાદ** જાણવો.

૩૧૭—અમૃષાવાદ એવું નામ તે **નામ અમૃષાવાદ**, તથા અમૃષાવાદ એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપના**

અમૃષાવાદ, તથા **ઋજુસૂત્રનયને** મતે ક્રોધે કરી, માને કરી, ભયે કરી, લોભે કરી, સૂક્ષ્મ તથા બાદર લૌકિક તથા લોકોત્તર મન, વચન, કાયાએ કરી જાણું પોતે બોલે નહિ, બીજાને બોલાવે નહિ, બોલતાંને અનુમોદે નહિ, તે **દ્રવ્યથકી અમૃષાવાદ** જાણવો.

તથા ભાવ અમૃષાવાદ તે સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય નયનિક્ષેપા, નિશ્ચય-વ્યવહારરૂપ, દ્રવ્ય-ભાવરૂપનું ગુરૂગમથી યથાર્થ જાણપણું સત્યભાસનરૂપ જ્ઞાયકતા શક્તિ સાધે, જ્ઞાનસત્યપણું પાળે, તથા શ્રીવીતરાગના આગમ પ્રમાણે જે અર્થભાવ છે, તેની સજ્ઝાય કરે, જે થકી પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ગુણ નિર્મળ થાય, તેવી જ્ઞાની-ઓના વચનને અનુરૂપ ભાષા બોલે, તે **ભાવ અમૃષાવાદ** જાણવો.

૩૧૮—ત્રીજા વ્રત ઉપર નિક્ષેપા ઉતારે છે :-

અદત્ત રહિત એવું નામ, તે **નામ અદત્ત**,

તથા અદત્ત રહિત એવા અક્ષર લખીને સ્થાપવા **તે સ્થાપના અદત્ત**,

તથા વ્યવહારનયને મતે શાસ્ત્રીય પદ્ધતિના લક્ષ્ય વિના કોઈની અણદીધી વસ્તુ લેવાનો સહજથકી ઢાલ નથી, તે **દ્રવ્યથકી અદત્તરહિત** જાણવો,

તથા **ઋજુસૂત્રનયને** મતે મન, વચન અને કાયાએ કરી અદત્ત ત્યાગ કરે, એટલે નરક-નિગોદના

દુઃખ થકી બ્હીતો થકો સુખની લાલચે **વ્યવહારનયને** મતે આજ્ઞા સાપેક્ષપણે કોઈની અણદીધી વસ્તુ કાંઇ પણ લેતો નથી, તે જીવ, યથાપ્રવૃત્તિકરણરૂપ પહેલે ગુણઠાણે **ભાવથકી અદત્તરહિત** જાણવો.

૩૧૯—વળી નિક્ષેપા કહે છે :—

અદત્ત રહિત એવું નામ, તે **નામ અદત્તરહિત.**

બીજું અદત્તરહિત એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપના અદત્તરહિત.**

તથા ત્રીજું **ઋજુસૂત્રનયને** મતે મન, વચન કાયાએ કરી તૃણ–તુષમાત્ર પણ કોઇની અણદીધી વસ્તુ લે નહિ, જે લે, તે કહીને લે, એટલે સંસારી જીવની વસ્તુ ચોરી લેવી, તેને **લૌકિક ચોરી** કહીયે, તે ન કરે.

તથા શ્રીતીર્થંકરની આજ્ઞામાં જે ન લેવાનું કહ્યું છે તે ન લે, તેને **લોકોત્તર ચોરીથી** રહિત કહીયે, એ **દ્રવ્યઅદત્તરહિત** કહીયે.

તથા વળી ચોથું **શબ્દનયને** મતે આત્માની ગ્રાહકતારૂપ જે શક્તિ, તે સ્વરૂપ ગ્રહણરૂપ કાર્યની કર્તા છે, તે અનાદિની પરભાવગ્રાહકતા કરી રહી છે, તેને જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ગુણસ્થાનકાનુરૂપ ક્રિયાએ મોહને ઘટાડવાના લક્ષ્ય થકી કરીને પરભાવગ્રાહકપણાથકી નિવારીને સ્વભાવગ્રાહકપણે પરિણમાવે, તે **ભાવઅદત્તરહિત** કહીયે.

૩૨૦—હવે અદત્તના ચાર ભેદ છે; તે કહે છે :—

જે શ્રી તીર્થંકરની આજ્ઞામાં ન લેવાનું કહ્યું, તે સર્વ પરસ્વભાવ લેવાની વાંછા, તેને પ્રથમ **તીર્થંકર અદત્ત** લાગે.

તથા જે ગુરૂ આણા પરંપરા વિના મનમરજીથી સ્વચ્છંદપણે સૂત્રના અર્થ કહેવા તેને બીજું **ગુરૂઅદત્ત** લાગે.

તથા જે વસ્તુનો ધણી હોય, તેની અણદીધી વસ્તુ લે, તેને ત્રીજું **સ્વામી અદત્ત** લાગે, એટલે **સંગ્રહનયને** મતે સર્વ જીવ સત્તાએ સ્વામીરૂપ જાણવા, અને **વ્યવહાર-નયને** મતે ક્રિયા–આચાર પ્રવૃત્તિરૂપ એક સામાચારી સરખો હોય, તે આપણા સ્વામી, તેની અણદીધી વસ્તુ લે, તેને ત્રીજું **સ્વામી અદત્ત** લાગે.

તથા જે કોઈ જીવે એમ કહ્યું નથી જે મારા પ્રાણ તમે હણો, તેમ છતાં પોતાના ઇંદ્રિયના સ્વાદ માટે જે પરજીવનાં પ્રાણ હણે, તેને ચોથું **જીવ અદત્ત** લાગે.

અહીં ખાસ એ વાત ગુરૂગમથી ધારવી કે આજ્ઞા મુજબ પ્રશસ્ત કામ કરતાં જીવવિરાધના થાય, તેને ભગવંતે હિંસા કહી નથી, શ્રી ભગવતીસૂત્રે '**सुभजोगं पडुच्च अणारंभा**' એ પાઠ છે, એટલે શુભ કાર્યમાં મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિ આજ્ઞાસાપેક્ષ કરતાં થકા હિંસા લાગે નહિ, એને અનારંભ કહ્યો છે.

એ રીતે ચાર પ્રકારના અદત્તનો પરમાર્થ જાણવો.

૩૨૧—ચોથા મહાવ્રત ઉપર ચાર નિક્ષેપા ઉતારે છે :—

પ્રથમ સુશીલ એવું નામ, તે **નામસુશીલ.**

બીજું સુશીલ એવા અક્ષર લખીને સ્થાપવા અથવા સુશીલરૂપ મૂર્તિ સ્થાપવી તે **સ્થાપના સુશીલ.**

ત્રીજું **વ્યવહારનયને** મતે ઉપરથકી વ્રતનો ઉચ્ચાર કરે, અથવા લોકલાજથી કુલમર્યાદાએ યશઃકીર્તિરૂપ શોભાને અર્થે અથવા પરવશપણે રાજાદિકના ભયથકી શીયલ પાળે, પણ અંતરંગ પરિણામની આતુરતારૂપ ચપલતા મટી નથી. તે **વ્યવહારનયને** મતે દ્રવ્ય થકી **સુશીલ** જાણવું.

તથા **ઋજુસૂત્રનયને** મતે મન, વચન અને કાયાએ કરી નવવાડે અઢાર ભેદ સહિત જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શીયલ પાળે, તે **ભાવ સુશીલ** છે.

૩૨૨—વળી પ્રકારાંતરે સુશીલ ઉપર ચાર નિક્ષેપા કહે છે :—

એક સુશીલ એવું નામ, તે **નામસુશીલ.**

તથા સુશીલ એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા મૂર્તિ સ્થાપવી, તે **સ્થાપના સુશીલ.**

તથા **ઋજુસૂત્રનયને** મતે મન, વચન અને કાયાએ કરી પાંચે ઇંદ્રિયોના ત્રેવીશ વિષય સેવે નહિ, સેવરાવે નહિં,

સેવતાંને અનુમોદે નહિ. તથા મનુષ્ય, તિર્યંચ અને દેવતા સંબંધી વિષયની વાંછા કરે નહિ, કરાવે નહિ, અનુમોદે નહિ, તે ઋજુસૂત્ર તથા વ્યવહારનયને મતે કરી દ્રવ્ય **સુશીલ** જાણવું.

તથા **શબ્દનયને** મતે જોતાં તો પોતાનો આત્મા પોતાના જ્ઞાનાદિ અનંત ગુણનો ભોગી છે, તે પરભાવને ભોગવે, માટે તેને **ભાવમૈથુન** કહીયે, તે સર્વ પરભાવ-ભોગીપણે ભોગવવું નહિ. અને પોતાનો આત્મા નિઃકર્મા કરવા માટે જ્ઞાનીની આજ્ઞાને આધીન રહી, પરભાવને કદાચ સાધનપણે ગ્રહે, અગર કર્મપરવશતાથી પૌદ્ગલિક પદાર્થો ગ્રહે પણ અગ્રાહ્યપણે-અરમણિકપણે માને અને એવું ચિતવે જે આત્માની ભૂલ છે. એ રીતે આત્માને નિંદતો એ પરભાવને અનંત જીવે અનંતીવાર લઈ ભોગવીને વમ્યું તે મુજને ગ્રહવું, ભોગવવું ઘટે નહિ, એમ સર્વ પરભાવ ભોગીપણું જ્ઞાનીની આજ્ઞાનુસારી ને તે ક્રિયાઓ વિધિપૂર્વક કરવાના મતે તજીને સ્વભાવ ભોક્તા પણે રહે, તે જીવ, **શબ્દનયને** મતે **ભાવસુશીલ** જાણવો.

૩૨૩—દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવે કરી મૈથુનનું સ્વરૂપ દેખાડે છે :—

પ્રથમ **દ્રવ્યથકી મૈથુન** તે કરણીરૂપ સેવવું,

તથા **ક્ષેત્રથકી મૈથુન** તે ત્રણ લોકને વિષે ઈંદ્રિયના સાવદ્યની ઇચ્છા,

તથા **કાલથકી મથુન** તે દિવસ તથા રાત્રિ, **ભાવથકી મૈથુન** તે રાગથી તથા દ્વેષથી એ ચારે સર્વથા સેવવા નહિ.

૩૨૪—પાંચમાં વ્રત ઉપર ચાર નિક્ષેપા ઉતારે છે :—

પ્રથમ અપરિગ્રહી એવું નામ, તે **નામઅપરિગ્રહી,**

બીજું અપરિગ્રહી એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા અપરિગ્રહીરૂપ મૂર્ત્તિ સ્થાપવી, તે **સ્થાપના અપરિગ્રહી,**

ત્રીજો **દ્રવ્યથકી અપરિગ્રહી** તે વ્યવહાર નયને મતે અતીત, વૈરાગી, સંન્યાસી, મિથ્યાદૃષ્ટિ લિંગી પ્રમુખ બાલજીવ જાણવા,

ચોથો **ભાવઅપરિગ્રહી** તે **વ્યવહારનયને** મતે સોનું ચાંદિ આદિ સાત ધાતુ માંહેલી એકે ધાતુ માત્ર **ઋજુસૂત્રનયને** મતે મન, વચન અને કાયાએ કરી પાસે રાખતા નથી, રખાવતા નથી, તે જીવ, યથાપ્રવૃત્તિ કરણે કરી પહેલે ગુણઠાણે ભાવ અપરિગ્રહી જાણવા.

૩૨૫—નિક્ષેપા કહે છે :—

એક અપરિગ્રહી એવું નામ, તે **નામ અપરિગ્રહી,**

બીજો અપરિગ્રહી એવા અક્ષર લખીને સ્થાપવા અથવા અપરિગ્રહીરૂપ મૂર્ત્તિ સ્થાપવી, તે **સ્થાપના અપરિગ્રહી** જાણવો.

ત્રીજો વ્યવહાર તથા ઋજુસૂત્રનયને મતે પરિગ્રહરૂપ જે ધન, ધાન્ય, દાસ, દાસી, ચતુષ્પદ, ઘર, ધરતી, વસ્ત્ર, આભરણરૂપ, નવપ્રકારના પરિગ્રહનો મન, વચન, કાયાએ કરી ત્યાગ કરે, સૂક્ષ્મ–બાદર પરિગ્રહ રાખે નહિ, રખાવે નહિ, રાખે તેને અનુમોદે નહિ, તે જીવ, **દ્રવ્યથકી અપરિગ્રહી** જાણવા.

તથા ભાવ અપરિગ્રહી તે નિશ્ચય ભાવકર્મ જે રાગદ્વેષરૂપ અજ્ઞાનદશા તે જીવને અનાદિની છે, તેને શાસ્ત્રીય મર્યાદા મુજબ છાંડવી, અને તેની ચીકાશે દ્રવ્યકર્મ જ્ઞાનાવરણીય પ્રમુખ આઠકર્મ અને તેનાથી આવતા શરીર ઇંદ્રિયનો જ્ઞાનીની આજ્ઞા મુજબ પરિહાર, એટલે કર્મને પરભાવ જાણીને તેને ગુરૂગમથી વિવિધ ક્રિયાઓના બળે છાંડવારૂપ પરિણામ, તે **નિશ્ચય પરિગ્રહનો ત્યાગ** જાણવો, એટલે જે પરવસ્તુ જ્ઞાનીની આજ્ઞાનુસાર આત્મશુદ્ધિમાં ઉપયોગી નથી માત્ર પૌદ્ગલિક ભાવ વધારે છે, તેને પોતાના સ્વરૂપથકી જુદી માની તેની મૂર્ચ્છા છોડવી, તે જીવને **ભાવથકી પરિગ્રહનો ત્યાગ** જાણવો.

એ રીતે એ પાંચ મહાવ્રતનું સ્વરૂપ ચાર નિક્ષેપે કરી દેખાડયું, તે સાધુ મુનિરાજને જાણવું. અને એમાંથી શ્રાવકને તો દેશરૂપ ધારવું, એ પાંચ મહાવ્રતમાં સર્વે વ્રત આવ્યા.

હવે શ્રાવકના બાર વ્રત કહે છે :—

તેમાં પાંચ વ્રતના નિક્ષેપા તો લખાઈ ગયા, હવે શેષ વ્રતના નિક્ષેપા કહે છે.

૩૨૬—પ્રથમ છઠ્ઠા વ્રત ઉપર નિક્ષેપા લગાવે છે :—

પ્રથમ દિશિવ્રત એવું નામ, તે **નામથી દિશિવ્રત** જાણવું.

બીજું દિશિવ્રત એવા અક્ષર લખી સ્થાપવા, તે **સ્થાપના દિશિવ્રત.**

ત્રીજું ચાર દિશિ, ચાર વિદિશિ, અધોદિશિ, અને ઉર્ધ્વદિશિ, એ રીતે દશ દિશિરૂપ ક્ષેત્રનું માન કરી **વ્યવહારનયને** મતે પચ્ચખ્ખાણ કરે, અને **ઋજુસૂત્ર-નયને** મતે મન, વચન, કાયાએ કરી પોતાની શક્તિ અનુસારે પાળવું, તે **દ્રવ્યથકી દિશિવ્રત** જાણવું.

ભાવથકી દિશિવ્રત, તે જે ચાર ગતિને દુઃખરૂપ જાણીને તિહાંથકી ઉદાસીપણું ગુરૂગમથી મેળવી જ્ઞાનીની નિશ્રામાં રહી તેના ત્યાગરૂપ જે પરિણામ અને સિદ્ધ અવસ્થા સાથે ઉપાદેયપણું તે **ભાવથી દિશિવ્રત** જાણવું.

૩૨૭—સાતમા વ્રત ઉપર નિક્ષેપા લગાવે છે :—

પ્રથમ ભોગ-ઉપભોગ એવું નામ, તે **નામ ભોગ-ઉપભોગ** જાણવું,

બીજું ભોગ-ઉપભોગ એવા અક્ષર લખીને સ્થાપના તે **સ્થાપના ભોગ ઉપભોગ** જાણવું.

ત્રીજું જે એકવાર ભોગવીયે તે **ભોગ**, અને વારંવાર ભોગવીયે તે **ઉપભોગ**; તેનું જેણે પચ્ચખ્ખાણ કરી

વ્યવહારનયને મતે આજ્ઞાનિરપેક્ષ પરિણામ કરી, ઋજુસૂત્ર નયને મતે મન, વચન, કાયાએ કરી એકચિત્તે પાળે છે, તે **દ્રવ્યથકી ભોગ ઉપભોગવ્રત** જાણવું.

તથા **ભાવથકી** તો અનાદિ કાળથી જીવે પરસ્વભાવ વિભાવરૂપ પુદ્ગલના ભોગ-ઉપભોગને વિષે સુખ કરી માન્યું છે, તિહાંથકી મન પલટાવીને **શબ્દનયને** મતે જીવ, અજીવરૂપ સ્વસત્તા-પરસત્તાની ગુરૂગમથી નયસાપેક્ષ વહેંચણ કરી પૌદ્ગલિક પરસત્તા ઉપર ત્યાગબુદ્ધિ અને સ્વસત્તારૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિક અનંતા ગુણ છે, તેને પ્રગટ કરવારૂપ બુદ્ધિ, એટલે એ ગુણનું ઉપભોગપણું જે વારંવાર તેના તેજ ભોગવવામાં આવે, માટે ઉપભોગ કહીયે. અને તેના પર્યાય અનંતા છે, તે સમયે સમયે પલટાઈ રહ્યા છે, તેનું ભોગીપણું કહીયે, એવી વાંછારૂપ જે જ્ઞાનીની ક્રિયાઓની આચરણાથી ઉપજતા પરિણામ વર્તે, તે **ભાવથકી ભોગ ઉપભોગ** વ્રત છે.

૩૨૮—આઠમા વ્રતમાં નિક્ષેપા લગાવે છે :—

પ્રથમ અનર્થદંડવિરમણવ્રત, એવું નામ, તે **નામ અનર્થદંડવિરમણ વ્રત** જાણવું,

બીજું અનર્થદંડવિરમણવ્રત એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપના અનર્થદંડ વિરમણ વ્રત** જાણવું,

ત્રીજું જે અનર્થને કામે જીવને પાપરૂપ આરંભ લગાડવા, તથા પારેક કામે આજ્ઞા પ્રમુખ આપવી, તેનાથી જે વિરમ્યા છે, તે **દ્રવ્યઅનર્થદંડથી** રહિત જાણવા.

ચોથું જે જીવને અનાદિ કાળની મિથ્યાત્વદશાએ કરી પૌદ્ગલિકપદાર્થની વાંછાના પરિણામ વર્તે તેને નિવારી આત્મધર્મ નિરાવરણરૂપ પ્રગટ કરવાની રૂચિ, તે **ભાવથી અનર્થદંડરહિત** જાણવા.

૩૨૯—નવમા વ્રત ઉપર નિક્ષેપા ઉતારે છે :—

પ્રથમ સામાયિક એવું નામ, તે **નામસામાયિક** જાણવું.

બીજું સામાયિક એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપના સામાયિક** જાણવું.

ત્રીજું **વ્યવહારનયને** મતે આજ્ઞાનિરપેક્ષપણે વ્રતરૂપ ઉચ્ચાર કરી બે ઘડી પર્યંત સંયમમાં રહેવું, તે **દ્રવ્યસામાયિક વ્યવહારનયને** મતે જાણવું.

ચોથું **ભાવથકી સામાયિક** તે જે **વ્યવહારનયને** મતે દ્રવ્યથી **કરેમિ ભંતે** ૦ નો ઉચ્ચાર કરી **ઋજુસૂત્રનયને** મતે મન, વચન, કાયાએ કરી એક ચિત્તે સાવદ્યને છોડી બે ઘડી પર્યંત જ્ઞાનીની આજ્ઞાનુસાર યોગ્ય મર્યાદાઓનું પાલન કરવા પૂર્વક શુભ ધ્યાનમાં વર્તવું તે જીવ, યથાપ્રવૃત્તિકરણરૂપ પહેલે ગુણઠાણે **ભાવસામાયિકી** જાણવો.

૩૩૦— વળી ચાર નિક્ષેપા કહે છે :—

એક સામાયિક એવું નામ, તે **નામ સામાયિક** જાણવું,

બીજું સામાયિક એવા અક્ષર લખીને સ્થાપવા તે **અસદ્ભાવસ્થાપના**, અને સામાયિકરૂપે મૂર્ત્તિ સ્થાપવી, તે **સદ્ભાવ સ્થાપના**, એ સ્થાપનાથકી **સામાયિક** જાણવું.

ત્રીજું જે ઋજુસૂત્રનયને મતે "करेमि भंते" રૂપ વ્રતનો ઉચ્ચાર કરી મન, વચન, કાયાએ કરી સાવદ્યને છોડી એકચિત્તે બત્રીશ દૂષણ ટાળી સ્વાધ્યાયધ્યાનરૂપ શુભ-પરિણામે વર્તવું, તે **દ્રવ્યથકી સામાયિક વ્રત** જાણવું.

તથા ચોથું **ભાવથકી સામાયિક** તે **શબ્દનયને** મતે સમજે સમતા, તેનો આય લાભ તેનું નામ **સામાયિક** છે, એટલે જેટલીવાર જીવ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે કર્મ નિર્જરાના ધ્યેયની પ્રબળતા સાથે ધ્યાનરૂપ સંવરભાવમાં વર્તે તેટલીવાર સામાયિકનો લાભ જાણવો. માટે એક અંતર્મુહૂર્ત પર્યંત જીવ, પોતાના સ્વરૂપના ધ્યાનરૂપ ચિંતવનમાં વર્તતો, ઘાતિકર્મ ખપાવીને કેવળજ્ઞાન પામે, એ **ભાવસામાયિક** જાણવું.

૩૩૧—દશમા વ્રત ઉપર ચાર નિક્ષેપા લગાડે છે :

દેશાવકાશિક એવું નામ, તે **નામદેશાવકાશિક** જાણવું, તથા ઋજુસૂત્રનયને મતે જે મન, વચન, કાયાના યોગને એકત્ર કરી, એક સ્થાનકે ચાર પહોર જેસી ધર્મ-ધ્યાન કરવું, તે **દ્રવ્યથી દેશાવકાશિક** જાણવું.

તથા **શબ્દનયને** મતે શ્રુતજ્ઞાને કરી જ દ્રવ્યનું સ્વરૂપ ગુરુગમથી ઓળખીને પાંચ દ્રવ્યના વિપાકમાંથી નયસાપેક્ષ પણે એક જ્ઞાનવંત જીવ દ્રવ્યનું લક્ષ્ય રાખવું, તે **ભાવદેશાવકાશિક** વ્રત જાણવું.

૩૩૨–અગીયારમા વ્રત ઉપર ચાર નિક્ષેપા લગાડે છેઃ

પ્રથમ પોસહ એવું નામ તે **નામ પોસહ** જાણવું,

બીજું પોસહ એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપના પોસહ** જાણવું.

ત્રીજું **ઋજુસૂત્ર** અને **વ્યવહાર નયને** મતે ચાર પહોર અથવા આઠ પહોર પર્યંત એક ચિત્તે ગુરૂ નિશ્રાએ વ્રત ઉચ્ચરી શાસ્ત્રીય મર્યાદામાં રહેવાના પ્રયત્નથી ઉપજતા સમતાના પરિણામે નિરારંભ સાવદ્ય છોડી જ્ઞાનીની આજ્ઞા ને વફાદાર રહી સ્વાધ્યાય–ધ્યાનમાં પ્રવર્તવું, તે **દ્રવ્ય પોસહ** જાણવું,

ચોથું શબ્દનયને મતે આપણા જીવને જ્ઞાન–ધ્યાનથી પોષીને પુષ્ટ કરવું, એટલે 'પોષે ધર્મને શોષે કર્મ, **અગ્યારમું વ્રત તે પોષો મર્મ**' એ રીતે આપણા જીવમાં જ્ઞાનીની ક્રિયાઓનું યથાવત્ સેવન કરવાથી સ્વગુણનું પોષણ કરવું તે **ભાવપોસહ** જાણવું.

૩૩૩–બારમા વ્રત ઉપર ચાર નિક્ષેપા લગાડે છેઃ–

પ્રથમ અતિથિ સંવિભાગ એવું નામ, તે **નામ અતિથિ સંવિભાગ** જાણવું,

બીજું અતિથિ સંવિભાગ એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપના અતિથિ સંવિભાગ** વ્રત જાણવું.

ત્રીજું પૌષધને પારણે અથવા સદાકાલ સાધુને તથા જિનધર્મી શ્રાવકને પોતાની શક્તિ પ્રમાણે દાન દેવું, તે **દ્રવ્ય થકી અતિથિસંવિભાગ** વ્રત જાણવું,

ચોથું **શબ્દનયને** મતે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે યથાર્થ ઓળખાણ સહિત જ્ઞાન ભણવું, ભણાવવું સાંભળવું સંભળાવવું. જે રીતે પોતાના તથા પરના જ્ઞાનાદિક ગુણ વૃદ્ધિ પામે, તે રીતે કરવું, તે **ભાવથકી અતિથિ સંવિભાગ** વ્રત જાણવું

એ રીતે પાંચ મહાવ્રત રૂપ બાર વ્રતમાં નિક્ષેપાનું સ્વરૂપ જાણી પ્રતીતિ કરીને ભલી રીતે ગુરૂ નિશ્રાએ આજ્ઞા સાપેક્ષપણે પાળવા.

૩૩૪–હવે ક્રોધ, માન, માયા અને લોભ ઉપર ચાર નિક્ષેપા લગાડે છેઃ–

તિહાં પ્રથમ ક્રોધ એવું નામ, તે **નામથકી ક્રોધ** જાણવો,

તથા ક્રોધ એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા ક્રોધ રૂપ મૂર્ત્તિ સ્થાપવી, તે સ્થાપના ક્રોધ જાણવો,

તથા **સંગ્રહનયને** મતે જીવને સત્તાએ ક્રોધરૂપ દળીયા, તે પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તે **દ્રવ્યથકી ક્રોધ** જાણવો,

તથા **વ્યવહારનયને** મતે તે દળીયાનો ઉદય થયો, **અને ઋજુસૂત્રનયને** મતે ક્રોધરૂપ પરિણામે કરી વિવિધ

ક્રિયાઓમાં પ્રવર્તવું, જે થકી જીવ મહા પાપ રૂપ કર્મને બાંધે, તે ભાવથકી ક્રોધ જાણવો,

૩૩૫–માન ઉપર ચાર નિક્ષેપા લગાડે છેઃ–

પ્રથમ માન એવું નામ, તે નામથકી માન જાણવું,

બીજું માન એવા અક્ષર લખીને સ્થાપવા અથવા માન રૂપ મૂર્ત્તિ સ્થાપવી, તે સ્થાપના માન જાણવું.

ત્રીજું સંગ્રહનયને મતે જીવને સત્તાએ માનરૂપ દળીયાં પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તે દ્રવ્યથકી માન જાણવું,

ચોથું વ્યવહારનયને મતે તે દળીયાંનો ઉદય થયો, અને ઋજુસૂત્રનયને મતે એકચિત્તે માનરૂપ પરિણામે વિવિધ ક્રિયાઓમાં પ્રવર્તવું, જે થકી જીવ મહાપાપ રૂપ કર્મને બાંધે છે, તે ભાવથકી માન છે.

૩૩૬–માયા ઉપર ચાર નિક્ષેપા લગાવે છેઃ–

પ્રથમ માયા એવું નામ, તે નામ થકી માયા જાણવી,

બીજે માયા એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા માયારૂપ મૂર્ત્તિ સ્થાપવી, તે સ્થાપના થકી માયા જાણવી,

ત્રીજે સંગ્રહનયને મતે જીવની સત્તાએ માયા એટલે કપટરૂપ દળીયાં પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તે દ્રવ્યથકી માયા જાણવી,

ચોથો જે **ઋજુસૂત્ર** અને **વ્યવહારનયને** મતે માયાના ઉદયરૂપ ભાવે કરી લૌકિક માર્ગ એટલે સંસારી કાર્યમાં માયારૂપ કપટનું કરવું, તથા લોકોત્તર માર્ગ જે સામાયિક, પ્રતિક્રમણ, પોસહ, વ્રત, પચ્ચખ્ખાણરૂપ ધર્મ કરણીમાં માયા કપટ કરીને ઠગવા તથા કર્મનિજરાના લક્ષ્યને ચૂકે આ ભવ અને પરભવની વાંછારૂપ માયા કપટના પરિણામ વર્તે, તે થકી જીવ મહાપાપ બાંધે, તે **ભાવથકી માયા કપટ** જાણવું.

૩૩૭—લોભ ઉપર ચાર નિક્ષેપા લગાડે છેઃ-

પ્રથમ લોભ એવું નામ, તે **નામલોભ,**

બીજો લોભ એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા લોભરૂપ મૂર્ત્તિ સ્થાપવી, તે **સ્થાપનાલોભ,**

ત્રીજો **સંગ્રહનયને** મતે જીવની સત્તાએ લોભરૂપ દળીયાં પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તે **દ્રવ્યથકી લોભ** જાણવો.

ચોથો **ઋજુસૂત્ર** તથા **વ્યવહારનયને** મતે ઉદયરૂપ ભાવે કરી લૌકિકમાર્ગમાં ધન–માલ–રાજ–ઋદ્ધિ, સ્ત્રી–કુટુંબ, પુત્ર–પરિવારની લાલચરૂપ તીવ્ર લોભના પરિણામ અને લોકોત્તરમાર્ગમાં જે ધર્મરૂપ કરણી છે, તેમાં જ્ઞાનીની આજ્ઞાને વફાદાર રહી આ ભવને વિષે યશઃકીર્ત્તિ, શોભા, વસ્ત્ર, પાત્ર, આહારપાણીની વાંછારૂપ તીવ્ર લોભના પરિણામ, તે **ભાવથકી લોભ** જાણવો.

એ રીતે ક્રોધાદિકની ચોકડીમાં નિક્ષેપા છે.

૩૩૮—દાન ઉપર ચાર નિક્ષેપા લગાવે છે:—

પ્રથમ દાન: એવું નામ, તે **નામથકી દાન** જાણવું,

બીજું દાન એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપના-દાન** જાણવું,

ત્રીજું વ્યવહારનયને મતે આજ્ઞા નિરપેક્ષપણે અરૂચિપણે લાજ થકી, શરમ થકી, ભય પ્રમુખથકી દાન દેવું, તે સર્વ **દ્રવ્યથકી દાન** જાણવું.

ચોથું **ઋજુસૂત્ર** તથા **વ્યવહારનયને** મતે મન, વચન, કાયાએ કરી એકચિત્તે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા પ્રમુખને પોતાની શક્તિને અનુસારે દાન આપવું તે સર્વે **ભાવથકી દાન** જાણવું.

૩૩૯—વળી નિક્ષેપા કહે છે:—

દાન એવું નામ તે **નામદાન**, તથા દાન એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપનાદાન** તથા, **ઋજુસૂત્ર** અને **વ્યવહારનયને** મતે મન, વચન, કાયાએ કરી એકચિત્તે અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન, કીર્ત્તિદાનરૂપ પાંચ પ્રકારે દાન દેવું, તે **સદ્દ્રવ્યદાન** જાણવું.

તથા **શબ્દનયને** મતે જીવ, અજીવરૂપ ષડ્દ્રવ્ય, નવતત્ત્વનું જાણપણું તથા પોતાના જીવને અને શિષ્યને પ્રતીતિ કરાવીને સમકિતરૂપ રત્નનું દાન દેવું, તે સર્વ **ભાવદાન** જાણવું.

૩૪૦–લાભ ઉપર ચાર નિક્ષેપા લગાડે છે :–

પ્રથમ લાભ એવું નામ, તે **નામલાભ,**

બીજો લાભ એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપના લાભ,**

ત્રીજો **સંગ્રહનયને** મતે જીવને સત્તાએ લાભરૂપ ઢળીયાં પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તે **દ્રવ્યલાભ** જાણવો.

ચોથો **ઋજુસૂત્ર** અને **વ્યવહારનયને** મતે તે ઢળીયાં ઉદયરૂપ ભાવે પ્રગટયા, તેવારે ધન–ધાન્ય, રાજ–ઋદ્ધિ, પુત્ર–કલત્ર–પરિવાર, દ્વિપદ–ચતુષ્પદરૂપ એમ અનેક પ્રકારે વસ્તુનો લાભ થાય, તે **સર્વ ભાવથી લાભ** જાણવો.

૩૪૧—વળી પ્રકારાંતરે લાભ ઉપર ચાર નિક્ષેપા કહે છે :–

પ્રથમ લાભ એવું નામ, તે **નામલાભ,**

બીજો લાભ એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપનાલાભ,**

ત્રીજો જે સાંસારિક વસ્તુનો લાભ તે ઉદયભાવને યોગે કરી ઇંદ્રિયરૂપ સુખના કારણ મળે, તે સર્વ **દ્રવ્યલાભ** જાણવો,

ચોથો જે સંસારમાં ભમતા જીવને અનંત પુદ્ગલ-પરાવર્તન થયા, તેમાં સર્વ વસ્તુનો લાભ પામ્યો. પરંતુ જ્યાં સુધી એક સમકિતરૂપ રત્ન ન મેળવ્યું તો સર્વ મળ્યું શા

ખપનું? તેથી સમકિતરૂપ રત્નનો લાભ પામવો, તે ભાવલાભ જાણવો.

૩૪૨—ભાવમાં ચાર નિક્ષેપા ઉતારે છે:—

પ્રથમ ભાવ એવું નામ, તે **નામભાવ,**

બીજો ભાવ એવા અક્ષર લખીને સ્થાપવા, તે **સ્થાપનાભાવ**

ત્રીજો જે **ઋજુસૂત્રનયને** મતે દાન, શીલ, તપ, વિનય, વૈયાવચ્ચરૂપ જે જીવના પરિણામનું તલ્લીનપણું તે **શુભ-ભાવ** જાણવો.

અને ક્રોધ, માન, માયા, લોભ, વિષય–કષાય, નિદ્રા–વિકથારૂપ જીવના પરિણામનું તલ્લીનપણું તે અશુભભાવ જાણવો,

એ રીતે શુભાશુભભાવ તે **દ્રવ્યથકી ભાવ** જાણવો.

તથા વળી ચોથો **શબ્દ** અને **સમભિરૂઢનયને** મતે સ્વસત્તા–પરસત્તારૂપ સ્વભાવ–પરભાવની વહેંચણરૂપ પ્રતીતિ યોગ્ય રીતે ગુરૂગમથી કરી, અજીવરૂપ પરભાવને ત્યાગે, અને જીવ સ્વરૂપના ધ્યાનમાં જ્ઞાનીની આજ્ઞાનુસાર રહેવું, તે **શુભભાવ** જાણવો,

એ ચોથો **ભાવથકી ભાવ** છે.

૩૪૩–રૂપમાં નિક્ષેપા બતાવે છે :–

પ્રથમ રૂપ એવું નામ, તે **નામરૂપ,**

બીજું રૂપ એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા રૂપવંત મૂર્ત્તિ સ્થાપવી, તે **સ્થાપનારૂપ,**

ત્રીજું **સંગ્રહનયને** મતે જીવે સત્તાએ રૂપના ઢળીયાં પ્રકૃતિરૂપ સત્તાપણે લીધા છે, તે **દ્રવ્યરૂપ** જાણવું.

ચોથું તે ઢળીયાં વ્યવહારનયને મતે ઉદયરૂપ ભાવે પ્રગટયા, એટલે ચાર ગતિમાં જીવ, કાળા, ધોળા, રાતા, લીલા, પીળા રૂપે કરી અનેક પ્રકારે શોભા પામે, તે **ભાવ થકી** રૂપ જાણવું.

૩૪૪–તથા વળી પ્રકારાંતરે રૂપના ચાર નિક્ષેપા કહે છે :–

પ્રથમ રૂપ એવું નામ, તે **નામરૂપ,**

બીજું રૂપ એવા અક્ષર લખવા અથવા રુપવંત મૂર્ત્તિ સ્થાપવી તે **સ્થાપનારૂપ,**

ત્રીજું રૂપવંત પુરૂષ જે મંડલિક રાજા, બલદેવ, વાસુદેવ, ચક્રવર્તી, દેવતા, ઇંદ્ર, ગણધર તથા તીર્થંકરના રૂપ તે સર્વે **દ્રવ્યથી રૂપ** જાણવા.

ચોથો શબ્દનયને મતે જીવ, શુભાશુભ વિભાવ રૂપ અશુદ્ધતા થકી રહિત શુદ્ધ નિશ્ચયનયને મતે અંતર્દૃષ્ટિએ કરી એક પોતાના આત્માનું રૂપ શાસ્ત્રવચનોના આધારે જોવું, પ્રતીતિ કરવી, તે **ભાવરૂપ** જાણવું.

૩૪૫–અનુભવ ઉપર ચાર નિક્ષેપા બતાવે છે :–

પ્રથમ અનુભવ એવું નામ તે **નામથકી અનુભવ** જાણવો,

બીજો અનુભવ એવા અક્ષર લખીને સ્થાપવા તે **સ્થાપના અનુભવ** જાણવો.

ત્રીજો **ઋજુસૂત્રનયને** મતે જીવને શુભાશુભ રૂપ પરિણામ,

તેમાં શુભ અનુભવરૂપ પરિણામ તે સેવા, સ્તુતિ, ભક્તિ, પૂજા, પ્રતિક્રમણ, સામાયિક, પોસહરુપ વ્રત ઉચ્ચરી શુભ પરિણામે તલ્લીન મનનું એકાગ્રપણું તે **શુભઅનુભવ** જાણવો,

અને અશુભ અનુભવ તે વિષય–કષાય, નિદ્રા–વિકથારૂપ પ્રમાદને વિષે જીવના અશુભ પરિણામે તલ્લીનપણું–મનનું એકાગ્રપણું તે અશુભ અનુભવ જાણવો.

એ રીતે શુભાશુભ પરિણામને વિષે જીવને તલ્લીનપણું તે ત્રીજો **દ્રવ્ય અનુભવ** જાણવો.

તથા ચોથો જે **શબ્દ** અને **સમભિરૂઢનયને** મતે શુદ્ધનિશ્ચયનયે આત્મ સ્વરૂપની પ્રતીતિ કરી, એકાગ્રચિત્તે તલ્લીનપણે મન, વચન, કાયાના યોગ રુંધી અયોગી અવસ્થાએ પોતાના સ્વરૂપમાં રમવું, તે **ભાવ અનુભવ** જાણવો.

૩૪૬–મનુષ્યગતિ આશ્રયી ચાર નિક્ષેપા બતાવે છે :–

એક તો પુરૂષ એવું નામ તે **નામથકી પુરૂષ** જાણવો.

બીજો પુરૂષ એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા પુરુષરુપે મનુષ્યની મૂર્ત્તિ ચિત્રીને સ્થાપવી તે **સ્થાપના પુરૂષ.**

ત્રીજો **સંગ્રહનયને** મતે જીવે સત્તાએ પુરુષવેદના દળીયાં પ્રકૃતિરુપ સત્તાપણે બાંધ્યા છે તે **દ્રવ્યપુરૂષ** જાણવો.

ચોથો તે દળીયાંનો ઉદય થયો, એટલે ઉદયભાવરૂપ **વ્યવહારનયને** મતે કરી **ભાવથકી પુરૂષ** જાણવો.

૩૪૭–વળી પ્રકારાંતરે પુરૂષ ઉપર ચાર નિક્ષેપા કહે છેઃ–

પ્રથમ પુરૂષ એવું નામ તે **નામપુરૂષ.**

બીજો પુરુષ એવા અક્ષર લખીને સ્થાપવા અથવા પુરુષ એવી મૂર્ત્તિ સ્થાપવી, તે **સ્થાપના પુરૂષ.**

ત્રીજો ઉદયભાવરૂપ **વ્યવહારનયને** મતે પુરૂષપણાના દળીયાં ભોગવે છે, તે **દ્રવ્યપુરૂષ** જાણવો.

ચોથો **ઋજુસૂત્રનયને** મતે ભદ્રિકપણું સરળ સ્વભાવે દયા, યતના, કરૂણા, વિનીતપણું, સેવા—ભક્તિ રૂપ કરણી કરે છે, તે જીવ **ભાવપુરૂષ** કહીયે.

૩૪૮—મનુષ્યરૂપ સ્ત્રીમાં ચાર નિક્ષેપા બતાવે છે :–

પ્રથમ સ્ત્રી એવું નામ તે **નામસ્ત્રી** જાણવી.

બીજો સ્ત્રી એવા અક્ષર લખીને સ્થાપવા, અથવા સ્ત્રીરૂપે મૂર્ત્તિ ચિત્રીને સ્થાપવી, તે **સ્થાપનાસ્ત્રી** જાણવી,

ત્રીજો સંગ્રહ નયને મતે જીવે સત્તાએ સ્ત્રીવેદના દળીયાં પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા છે, તેને **દ્રવ્યસ્ત્રી** કહીયે.

ચોથો તે દળીયાંનો ઉદય થયો, એટલે ઉદયભાવરૂપ **વ્યવહારનયને** મતે કરી **ભાવસ્ત્રી** જાણવી.

૩૪૯--વળી પ્રકારાંતરે સ્ત્રી ઉપર નિક્ષેપા કહે છે :-

પ્રથમ સ્ત્રી એવું નામ તે **નામસ્ત્રી** જાણવી.

બીજું સ્ત્રી એવા અક્ષર લખવા અથવા મૂર્ત્તિ ચિત્રીને સ્થાપવી તે **સ્થાપનાસ્ત્રી** જાણવી.

ત્રીજો ઉદયભાવને યોગે સ્ત્રીપણાનો ભવ પામી વ્યવહારનયને મતે સ્ત્રીપણાના દળીયાં ભોગવે તેને **દ્રવ્યસ્ત્રી** કહીયે.

ચોથો માયારૂપ કૂડ, કપટ, છલ, ભેદ, "મુખે મિષ્ટા, હૃદયે દુષ્ટા" એ રીતે ઠગવિદ્યારૂપ જે જીવના પરિણામ વર્તે, તે જીવ **ભાવસ્ત્રીરૂપ** જાણવો.

એ રીતે ચાર ગતિમાં નિક્ષેપાનું સ્વરૂપ જાણવું.

૩૫૦-- હવે **જીવ—અજીવરૂપ ષડ્દ્રવ્ય, નવ તત્ત્વનું સ્વરૂપ ચાર ભાંગે કરી ઓળખાવે છે :—**

તિહાં પ્રથમ જેની આદિ નથી અને અંત એટલે છેડો પણ નથી, તે નિશ્ચયનયને મતે અનાદિ અનંત નામે પ્રથમ ભાંગે જાણવો, તથા ત્રીજો જેની આદિ છે અને અંત પણ છે, તે વ્યવહારનયને મતે સાદિસાંત નામે બીજો ભાંગો જાણવો. તથા ત્રીજો જેની આદિ નથી, પણ અંત છે, તે વ્યવહારનયને મતે અનાદિ સાંત નામે ત્રીજો ભાંગો જાણવો. તથા ચોથો જેની આદિ છે. પણ અંત નથી, તે નિશ્ચયનયને મતે સાદિ અનંત નામે ચોથો ભાંગો જાણવો.

આ ચાર ભાંગે કરી પ્રથમ ષડ્દ્રવ્યનું સ્વરૂપ ઓળખાવે છે.

૩૫૧—તિહાં જીવદ્રવ્યમાં ચાર ભાંગા બતાવે છે :–

તિહાં જીવમાં જે જ્ઞાનાદિક ગુણ છે, તેની આદિ નથી, અને અંત પણ નથી, માટે નિશ્ચયનયને મતે અનાદિ અનંત નામે પ્રથમ ભાંગો જાણવો.

તથા ભવ્યજીવને કર્મ સાથે તથા શરીરની સાથે અનાદિનો સંબંધ છે, તે સંબંધનો જે વારે સિદ્ધિ વરશે તે વારે અંત આવશે માટે વ્યવહારનયને મતે એ અનાદિ-સાંત નામે બીજો ભાંગો જાણવો.

તથા જે જીવ દેવતા, નારકી, તિર્યંચ અને મનુષ્ય રૂપ નાના (ઘણા) ભવ કરી ચવવું–ઉપજવું કરે છે, એટલે તે તે ભવની આદિ પણ થાય છે, અને અંત પણ થાય છે, માટે વ્યવહાર નયને મતે એ સાદિ સાંત નામે ત્રીજો ભાંગો જાણવો.

તથા જે જીવ કર્મ ખપાવી મોક્ષે ગયા, તિહાં મોક્ષમાં સિદ્ધપણે કરી તેની આદિ છે, પણ તે જીવોને વળી પાછું ફરીને સંસારમાં આવવું નથી, માટે **નિશ્ચયનયને** મતે એ સાદિ અનંત નામે ચોથો ભાંગો છે.

૩૫૨–અજીવનું સ્વરૂપ ચાર ભાંગે કરી ઓળખાવે છેઃ–

તિહાં પ્રથમ ધર્માસ્તિકાયમાં ગુણ ચાર, અને તેના પર્યાયમાં સ્કંધ પણું તે **નિશ્ચયનયને** મતે અનાદિ અનંત નામે પહેલે ભાંગે છે, એટલે તેની આદિ નથી અને અંત પણ નથી.

તથા અનાદિસાંત નામે બીજો ભાંગો ધર્માસ્તિકાયમાં લાગતો નથી.

તથા ધર્માસ્તિકાયના દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ તે **વ્યવહારનયને** મતે સાદિસાંત નામે ત્રીજે ભાંગે જાણવા.

તથા સિદ્ધના જીવે જે ધર્માસ્તિકાયના પ્રદેશ સ્પર્શ્યા છે, તે પ્રદેશ મુકીને બીજે પ્રદેશે સિદ્ધના જીવને જવું નથી માટે તે **નિશ્ચયનયને** મતે સાદિ અનંત નામે ચોથો ભાંગો જાણવો.

કેમકે જે સિદ્ધનો જીવ મોક્ષે પહોંચે છે, તે વખતે ધર્માસ્તિકાયના પ્રદેશને સ્પર્શે, માટે તેની આદિ છે, પરંતુ પછી તે પ્રદેશથકી બીજે પ્રદેશે જાય નહિ, માટે અંત નથી,

એ ધર્માસ્તિકાયમાં ચોભંગી કહી, તે જ રીતે અધર્માસ્તિકાયમાં પણ ચોભંગી છે.

૩૫૩–આકાશાસ્તિકાયમાં ચોભંગી કહે છે :–

આકાશાસ્તિકાયમાં ગુણ ચાર, અને પર્યાયમાં સ્કંધપણું તે નિશ્ચયનયને મતે અનાદિ અનંત પહેલે ભાંગે જાણવું, એટલે તેની આદિ નથી અને અંત પણ નથી.

તથા અનાદિ સાંત નામે બીજો ભાંગો આકાશાસ્તિકાયમાં હોતો નથી.

તથા આકાશાસ્તિકાયના દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ તે વ્યવહારનયને મતે સાદિ સાંત નામે ત્રીજે ભાંગે જાણવા. એટલે તેની આદિ છે, અને છેડો પણ છે.

તથા જે સિદ્ધના જીવ મોક્ષે ગયા છે, તે આકાશાસ્તિકાયના જે પ્રદેશ સ્પર્શીને લોકને અંતે રહ્યા છે, તે પ્રદેશ મૂકીને બીજે પ્રદેશે જતા નથી, માટે નિશ્ચયનયને મતે સાદિ અનંત નામે ચોથો ભાંગો જાણવો.

૩૫૪–પુદ્ગલાસ્તિકાયમાં ચાર ભાંગા બતાવે છે :—

પુદ્ગલમાં ગુણ ચાર છે, તે તો નિશ્ચયનયે મતે અનાદિ અનંત નામે પહેલે ભાંગે જાણવા, એટલે તેની આદિ નથી અને અંત પણ નથી.

તથા જીવ–પુદ્ગલનો સંબંધ ભવ્ય જીવને તો વ્યવહારનયને મતે અનાદિસાંત નામે બીજે ભાંગે જાણવો, કેમકે ભવ્ય જીવ કયારેક કર્મરૂપ પુદ્ગલને છાંડીને મોક્ષે જશે.

તથા અભવ્ય જીવને પુદ્ગલ સાથે સંબંધ અનાદિઅનંત નામે પહેલે ભાંગે છે, એ સંતતિપણે જાણવો. કયારે પણ ટળશે નહિ માટે અભવ્ય જીવને કર્મરૂપ પુદ્ગલ સાથે તે નિશ્ચયનયને મતે સંતતિપણે જાણવો.

તથા પુદ્ગલ સ્કંધ સાદિ સાંત છે, કેમકે જે બંધાય છે તે સ્થિતિ પ્રમાણે રહી વળી પાછા વિખરે છે, વળી નવા સ્કંધ થાય છે, માટે પુદ્ગલના સ્કંધ તે વ્યવહારનયને મતે સાદિ સાંત નામે ત્રીજે ભાંગે જાણવા.

ચોથો સાદિ અનંત નામે ભાંગો પુદ્ગલમાં લાભતો હોતો નથી.

૩૫૫–કાલદ્રવ્યમાં ચાર ભાંગા બતાવે છે :—

તિહાં કાલદ્રવ્યના ગુણ ચાર તે નિશ્ચયનયના મતે અનાદિઅનંત પહેલે ભાંગે જાણવા, અને પર્યાયમાં અતીતકાલ તો અનાદિ સાંત નામે બીજે ભાંગે છે, તથા વર્તમાનકાલ સાદિ સાંત નામે ત્રીજે ભાંગે છે, તથા અનાગતકાલ તે સાદિ અનંત નામે ચોથે ભાંગે છે.

એ કાલનું સ્વરૂપ તે સર્વ ઉપચાર માત્ર છે.

એ રીતે એ છ દ્રવ્યનું સ્વરૂપ ચાર ભાંગે કરી ઓળખવું.

ઈહાં ષડ્દ્રવ્યમાં નવતત્ત્વ માંહેલા જીવ અને અજીવ, એ બે તત્ત્વ ઉપર ચાર ભાંગા બતાવ્યા.

૩૫૬–હવે પુણ્ય તત્ત્વમાં ચાર ભાંગા બતાવે છે :—

તિહાં અભવ્ય જીવ આશ્રયી પુણ્યમાં અનાદિ અનંત નામે પહેલો ભાંગો જાણવો, કેમકે અભવ્ય જીવને પુણ્યની સાથે સંબંધ અનાદિ અનંત ભાંગે છે, કારણકે અભવ્ય જીવ પુણ્યના દળીયાં ક્ષય કરીને કયારે પણ સિદ્ધિ વરશે નહિ માટે અનાદિ અનંત સંબંધ જાણવો.

તથા ભવ્ય જીવને પુણ્યની સાથે સંબંધ અનાદિ સાંત નામે બીજે ભાંગે છે, કેમકે વ્યવહાર રાશિમાં ભવ્યજીવ, સ્થિતિ પાકયે એક દિવસ પુણ્યના દળીયાં છોડી સિદ્ધિ વરશે, ત્યારે અંત આવશે. માટે અનાદિ સાંત બીજો ભાંગો જાણવો.

તથા જીવ પુણ્યના દળીયાં સમને સમયે અનંતા લે છે, અને સમયે સમયે અનંતા ખપાવે છે, તે સાદિ સાંત ત્રીજે ભાંગે જાણવા.

તથા સાદિ અનંત નામે ચોથો ભાંગો પુણ્યમાં લાગતો નથી.

૩૫૭–પાપ તત્ત્વના ચાર ભાંગા બતાવે છે :—

પ્રથમ પાપમાં અનાદિ અનંત નામે પહેલો ભાંગો અભવ્ય જીવ આશ્રયી જાણવો, કેમકે અભવ્ય જીવ પાપના દળીયાં છોડી કયારે પણ સિદ્ધિ વરશે નહિ, માટે અભવ્ય જીવને પાપની સાથે સંબંધ તે અનાદિ અનંત પહેલે ભાંગે જાણવો.

તથા ભવ્ય જીવને પાપની સાથે સંબંધ અનાદિ સાંત નામે બીજે ભાંગે જાણવો. કેમકે વ્યવહાર રાશિગત ભવ્ય જીવ સ્થિતિ પાકે એક દિવસ પાપનાં દળીયાં છોડી સિદ્ધિ વરશે, તે વારે પાપનો છેડો આવશે માટે અનાદિસાંત બીજો ભાંગો જાણવો.

તથા જે જીવ સમયે સમયે પાપના અનંતા દળીયાં લે છે, અને સમયે સમયે અનંતા ખપાવે છે, તે આશ્રયી સાદિ સાંત નામે ત્રીજો ભાંગો જાણવો.

તથા સાદિ અનંત ચોથો ભાંગો પાપમાં લાગતો નથી.

૩૫૮–આશ્રવમાં ચાર ભાંગા બતાવે છે :—

આશ્રવને અભવ્ય જીવ સાથે સંબંધ તે અનાદિ અનંત પહેલે ભાગે જાણવો. કેમકે અભવ્ય જીવને શુભાશુભ આશ્રવનું આવવું કયારે પણ મટશે નહિ,

તથા આશ્રવને ભવ્ય જીવની સાથે સંબધ તે અનાદિ સાંત નામે બીજે ભાંગે જાણવો. એટલે વ્યવહાર રાશિ ભવ્ય જીવને આશ્રવના અનંતા દળીયાં સમયે સમયે આવે છે, તે એક દિવસે યથાખ્યાતરૂપ સંવરભાવે કરી આશ્રવનું આવવું રૂંધશે, માટે અનાદિ સાંત બીજો ભાંગો જાણવો.

તથા જે જીવ આશ્રવના દળીયાં સમયે સમયે અનંતા લે છે, અને સમયે સમયે અનંતા ખેરવે છે, તે સાદિ સાંત ત્રીજો ભાંગો જાણવો.

તથા સાદિ અનંત ચોથો ભાંગો આશ્રવમાં લાગતો નથી.

૩૫૯–સંવરનું સ્વરૂપ ચાર ભાંગે કરી ઓળખાવે છે :–

પ્રથમ સર્વ સિદ્ધના જીવ આશ્રયી સંવરભાવ જોતાં તો અનાદિ અનંત પહેલે ભાંગે જાણવો. એટલે સિદ્ધના જીવ સદા સંવરભાવમાં વર્તે છે, તેની આદિ પણ નથી અને અંત પણ નથી.

તથા અનાદિ સાંત નામે બીજો ભાંગો સંવરમાં લાગતો નથી.

તથા ક્ષયોપશમ ભાવ આશ્રયી જે જીવ સંવરભાવે વર્તે છે, તે સાદિ સાંત ત્રીજો ભાંગો જાણવો.

ક્ષાયિક ભાવ આશ્રયી જે જીવને સંવરગુણ પ્રગટયો છે, તે સાદિ અનંત ચોથો ભાંગો જાણવો.

૩૬૦—નિર્જરાનું સ્વરૂપ ચાર ભાંગે કરી દેખાડે છે :—

પ્રથમ અભવ્ય જીવ આશ્રયી અકામ નિર્જરા તો અનાદિ અનંત પહેલે ભાંગે જાણવી. કેમકે અભવ્ય જીવ સદાકાલ અકામ નિર્જરા કરતા જ ફરશે, પણ સકામ નિર્જરા અભવ્યને કોઈ પણ વખતે થશે નહિ, માટે અનાદિ અનંત પહેલો ભાંગો જાણવો.

તથા અનાદિ સાંત બીજો ભાંગો વ્યવહારરાશિયા ભવ્યજીવ આશ્રયી જાણવો. કેમકે ભવ્યજીવ અકામ નિર્જરા

અનાદિ કાલની કરે છે, પરંતુ જે વારે સમકિત ગુણરૂપ ધર્મધ્યાનમાં આવશે, તે વારે અકામ નિર્જરાને છોડશે, માટે અનાદિ સાંત બીજો ભાંગો જાણવો એ બે ભાંગા અકામ નિર્જરામાં બતાવ્યા, પણ તે સર્વ આત્મશુદ્ધિ અર્થે અનુપયોગી જાણવા.

તથા સાદિ સાંત ત્રીજો ભાંગો તે સમકિતી જીવ આશ્રયી ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ તેરમે–ચૌદમે ગુણઠાણે કેવલીપર્યંત સર્વ જીવને સકામ નિર્જરા જાણવી. તે સકામ નિર્જરા સાદિ સાંત ભાંગે છે,

તથા સાદિ અનંત ચોથો ભાંગો નિર્જરામાં લાગતો નથી.

૩૬૧—બંધતત્ત્વનું સ્વરૂપ ચાર ભાંગે કરી ઓળખાવે છે :—

પ્રથમ અનાદિ અનંત પહેલો ભાંગો બંધમાં અભવ્ય જીવ આશ્રયી જાણવો. કેમકે અભવ્ય જીવને જ્ઞાનાવરણીય પ્રમુખ કર્મના દળીયાં સત્તામાં રહયા છે, તે કોઈ દિવસે છૂટશે નહિ, તે આશ્રયી અનાદિ અનંત પહેલો ભાંગો જાણવો.

તથા ભવ્ય જીવને કર્મરૂપ દળીયાં સત્તાએ બાંધ્યા છે, તે જે વારે સિદ્ધિ વરશે તે વારે સર્વ છૂટશે, તે આશ્રયી અનાદિ સાંત બીજો ભાંગો જાણવો.

તથા જે જીવ કર્મરૂપ દળીયાં બાંધે છે, અને વળી પાછાં સ્થિતિપાકે છોડે છે, તે જીવ આશ્રયી સાદિ સાંત ત્રીજો ભાંગો જાણવો.

તથા અનાદિ અનંત ચોથો ભાંગો બંધ તત્ત્વમાં લાગતો નથી.

૩૬૨—મોક્ષ નિઃકર્માવસ્થાનું સ્વરૂપ ચાર ભાંગે કરી ઓળખાવે છેઃ—

પ્રથમ સર્વ સિદ્ધ આશ્રયી અનાદિ અનંત પહેલો ભાંગો જાણવો, કેમકે સિદ્ધિ વર્યા તેની આદિ પણ નથી અને અમુક દિવસે સિદ્ધિ વરશે, હવે કોઈ સિદ્ધિ વરશે જ નહિ એવો અંત પણ નથી માટે.

તથા અનાદિ સાંત નામે બીજો ભાંગો સિદ્ધિમાં લાગતો નથી.

તથા સિદ્ધના અનંતા ગુણને વિષે પર્યાયની હાનિ–વૃદ્ધિરૂપ ઉપજવું—વિણસવું સમયે સમયે થઈ રહ્યું છે, તે સાદિ સાંત ત્રીજો ભાંગો જાણવો.

તથા શ્રી ઋષભાદિ એવું નામ લેતાં એક સિદ્ધ આશ્રયી સાદિ અનંત ચોથો ભાંગો જાણવો.

એ રીતે ષડ્દ્રવ્ય—નવતત્ત્વનું સ્વરૂપ ચાર ભાંગે કરી જાણવું.

૩૬૩—નિગોદીયા જીવ આશ્રયી ચાર ભાંગા કહે છે :—

પ્રથમ અનાદિ અનંત પહેલે ભાંગે નિગોદમાં અનંતા જીવ રહયા છે, કેમકે તે જીવ કોઈ કાળે નિગોદમાંથી નિકળવા પામશે જ નહિ, માટે તે આશ્રયી અનાદિ અનંત પહેલેા ભાંગેા જાણુવેા.

તથા જે જીવ નિગોદમાંથી નીકળી નીકળીને સિદ્ધિ વરે છે, પણ ફરી પાછા નિગોદમાં જતા નથી, તે જીવ આશ્રયી અનાદિ સાંત બીજો ભાંગેા જાણુવેા.

તથા જે જીવ નિગોદમાંથી નીકળી ફરી પાછા નિગોદમાં જઈ પડે છે, વળી પાછા નીકળે છે, તે જીવ આશ્રયી સાદિ સાંત ત્રીજો ભાંગેા જાણુવેા.

તથા સાદિ અનંત ચેાથેા ભાંગેા નિગોદમાં લાગતેા નથી.

૩૬૪–દેવલેાકના જીવ ઉપર ચાર ભાંગા બતાવે છે :—

પ્રથમ દેવગતિ આશ્રયી જોતાં તેા અનાદિ અનંત પહેલેા ભાંગેા જાણુવેા, કેમકે દેવગતિની આદિ પણ નથી અને અંત પણ નથી,

તથા અનાદિ સાંત નામે બીજો ભાંગેા દેવગતિમાં લાગતેા નથી.

દેવગતિમાં જીવ સમયે સમયે અસંખ્યાતા ચ્યવે છે અને અસંખ્યાતા ઉપજે છે, માટે તે સાદિ સાંત ત્રીજો ભાંગેા જાણુવેા.

તથા સાદિ અનંત નામે ચોથો ભાંગો દેવગતિમાં લાગે નહિ.

એવી રીતે મનુષ્યાદિ ચારે ગતિમાં ભાંગા જાણવા.

૩૬૫–શાશ્વતી–અશાશ્વતી વસ્તુમાં ચાર ભાંગા બતાવે છેઃ—

શાશ્વતી વસ્તુ સર્વે અનાદિ અનંત પહેલે ભાંગે જાણવી, અનાદિ સાંત બીજો ભાંગો શાશ્વતી વસ્તુમાં લાગતો નથી.

તથા ત્રીજો શાશ્વતી વસ્તુમાં પુદ્ગલ પરમાણુઓ સમયે સમયે અનંતા પેસે છે અને નિકળે છે, માટે સાદિ સાંત ત્રીજો ભાંગો જાણવો. અને અશાશ્વતી વસ્તુ પણ સર્વે સાદિ સાંત ત્રીજે ભાંગે જાણવી. કેમકે અશાશ્વતી વસ્તુ નિપજી તેની આદિ છે અને વળી ક્ષય થશે તે વારે અંત પણ આવશે.

તથા સાદિ અનંત ચોથો ભાંગો એમાં લાગતો નથી.

એ રીતે સર્વ વસ્તુનું ચાર ભાંગે કરી પ્રમાણ કરવું.

૩૬૬–હવે છ દ્રવ્યના પરસ્પર સંબંધની ચોભંગી કહે છેઃ—

તેમાં પ્રથમ આકાશ દ્રવ્ય છે, તે લોકાલોક વ્યાપી છે, અને શેષ પાંચ દ્રવ્ય તો લોક વ્યાપી જાણવા.

તેમાં વળી લોકમાં એક આકાશ દ્રવ્ય, બીજું ધર્માસ્તિકાય દ્રવ્ય, ત્રીજું અધર્માસ્તિકાય દ્રવ્ય, એ ત્રણે દ્રવ્યોનો એક એક પ્રદેશ ભેળો રહ્યો છે, તે પણ કોઈ કાળે વિછડશે નહિ માટે એ નિશ્ચયનયને મતે અનાદિ અનંત પહેલો ભાંગો સંબંધરૂપ જાણવો.

તથા લોકમાં આકાશરૂપ ક્ષેત્રની સાથે સર્વ જીવ દ્રવ્યને સંબંધ તે નિશ્ચયનયને મતે અનાદિ અનંત છે,

તથા સંસારી જીવ કર્મ સહિતને આકાશ પ્રદેશની સાથે સંબંધ તે સાદિસાંત છે, કારણ કે સંસારી જીવે જેટલા આકાશ દ્રવ્યના પ્રદેશ છે, તે એકેક જીવે સર્વે સ્પર્શ્યા છે અને વળી સ્પર્શશે માટે વ્યવહારનયને મતે સાદિ સાંત સંબંધ જાણવો.

તથા લોકાકાશ અને પુદ્ગલને માંહોમાંહે સંબંધ તે નિશ્ચયનયને મતે અનાદિ અનંત પહેલે ભાંગે જાણવો.

તથા આકાશ પ્રદેશની સાથે પુદ્ગલપરમાણુઓને સંબંધ તે વ્યવહારનયને મતે સાદિ સાંત ત્રીજે ભાંગે છે, કારણ કે એક પુદ્ગલપરમાણુ તે સર્વે આકાશ પ્રદેશને સ્પર્શ્યો છે, માટે સાદિ સાંત સંબંધ કહીયે.

એ રીતે આકાશ દ્રવ્યની પેરે ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયનો પણ માંહોમાંહે સંબંધ જાણવો.

૩૬૭–હવે જીવ–પુદ્ગલનો સંબંધ કહે છેઃ—

અભવ્યજીવને પુદ્ગલની સાથે સંબંધ તે નિશ્ચયનયને મતે અનાદિ અનંત પહેલે ભાંગે છે, કેમકે અભવ્યજીવના કર્મ કયારે પણ ખપશે નહિ,

ભવ્યજીવને કર્મરૂપ પુદ્ગલની સાથે સંબંધ તે અનાદિનો છે, પણ કારણ સામગ્રી મળે, ત્યારે કયારેક છૂટશે, માટે વ્યવહારનયને મતે અનાદિ સાંત જાણવો.

નિશ્ચયનયને મતે કરી છએ દ્રવ્ય સ્વભાવરૂપ પરિણામે કરીને પરિણામી છે, માટે પરિણામીપણું સદા શાશ્વતું છે, તેથી અનાદિ અનંત જાણવો.

તથા જીવ અને પુદ્ગલ, એ બે દ્રવ્ય મળી સ્કંધભાવ પામે છે, તેણે કરી પારિણામિક જાણવા. તે પારિણામિકપણું અભવ્યજીવને નિશ્ચયનયને મતે અનાદિ અનંત છે અને ભવ્યજીવને વ્યવહારનયને મતે અનાદિ સાંત છે.

વળી પુદ્ગલદ્રવ્યનું પારિણામિકપણું તો નિશ્ચયનયે કરી અનાદિ અનંત છે, અને પુદ્ગલ પરમાણુઓનું મળવું, વિખરવું, તે વ્યવહારનયને મતે સાદિ સાંત છે, એટલે જીવ, પુદ્ગલ સાથે મલ્યા સકિય છે.

હવે શ્રી સમ્મતિસૂત્રમાં કહ્યું છે જે પાંચ સમવાય મળવાથી સર્વ કાર્ય નિપજે છે, તેની વ્યાખ્યા કરીએ છીએઃ—

॥ ગાથા ॥

कालो सहाव णियइ, पुव्वकयं पुरिस कारणे पंच।
समवाओ सम्मत्तं, एगंते होइ मिच्छत्तं ॥ १ ॥

અર્થઃ- કાલ, સ્વભાવ, નિયતિ કહેતાં ભાવી, કર્મ અને ઉદ્યમ, એ પાંચના સમવાયને માને, તે સમકિતી જાણવા. અને એ માંહેલો એક પણ સમવાય ઉત્થાપે તે મિથ્યાત્વી જાણવો. એ સમ્મતિસૂત્રનું વચન છે.

એવું સાંભળી એ પાંચ સમવાય આશ્રયી શિષ્ય પૂછે છેઃ-

૩૬૯-શિષ્યઃ—જીવ સમકિત કેવારે પામશે ?

ગુરૂઃ—જે વારે કાળલબ્ધિ પાકશે, તે વારે જીવ સમકિત પામશે, પણ કાળ પાકયા વિના કોઈ જીવ, સમકિત પામે નહિ, કેમકે કાળ સર્વનું કારણ છે જે કાળે જે કાર્ય થનાર હોય, તે વેળાયે તે કાર્ય થાય.

૩૬૯-શિષ્યઃ—અભવ્યજીવને તો કાળ ઘણો ગયો, પણ તે સમકિત કેમ નથી પામતા ?

ગુરૂઃ—અભવ્યમાં ભવ્ય સ્વભાવ નથી, જેને ભવ્ય સ્વભાવ હોય, તે જીવ સમકિત પામે.

૩૭૦-શિષ્યઃ—ભવ્યજીવ સર્વે સમકિત પામશે ?

ગુરૂઃ—સર્વજીવ સમકિત નહિ પામશે. જેને ભાવિ કારણરૂપ દેવ, ગુરૂ, ધર્મની જોગવાઈ મળશે, તે જીવ સમકિત પામશે. બીજા નહિ પામે.

૩૭૧-શિષ્યઃ—દેવ, ગુરૂ, ધર્મરૂપ ભાવિ કારણની જોગવાઈ તો ઘણા જીવને મળી છે, તે કેમ સમકિત નથી પામતા ?

ગુરૂઃ—દેવ, ગુરૂ, ધર્મરૂપ કારણની જોગવાઈ તો મળી, પણ તે જીવ ઉદ્યમ નથી કરતા, પરંતુ જો ઉદ્યમ કરે, તો સમકિત પામે.

૩૭૨ શિષ્ય :—વખાણ સાંભળે છે, પચ્ચખ્ખાણ કરે છે, યાત્રા, દર્શન, પૂજા, ભક્તિ આદિ ઉદ્યમ તો ઘણા જીવ કરે છે, તો પણ કેમ સમકિત પામતા નથી ?

ગુરૂ :—તે જીવને પૂર્વકૃત કર્મ ઘણા છે, એટલે સાત કર્મની બસેં ને ત્રીસ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે, તે વિવર આપે, તો જીવ સમકિત પામે.

૩૭૩-શિષ્ય :—યથાપ્રવૃત્તિકરણરૂપ પરિણામે કરી જીવે બસેં ને ત્રીસ કોડાકોડી સાગરોપમરૂપ કર્મની સ્થિતિ ખપાવી, એટલે કર્મે તો વિવર દીધું તો પણ હજી કેમ સમકિત નથી પામતા ?

ગુરૂ :—હજી તેઓનો ઉદ્યમ કાચો છે, પરંતુ અપૂર્વ કરણના પરિણામરૂપ ઉદ્યમ કરશે, તે વારે જીવ સમકિત પામશે, એટલે એ પૂર્વોક્ત પાંચ સમવાય ભળે, તે વારે સમકિતરૂપ કાર્ય નિપજે.

૩૭૪-શિષ્ય :—મોક્ષરૂપ કાર્ય જીવને કેમ સિદ્ધ થાય ?

ગુરૂ :—જે વારે કાળલબ્ધિ પાકશે, તે વારે જીવને મોક્ષરૂપ કાર્ય નિપજશે, પણ કાળ પાક્યા વિના કોઈ જીવ મોક્ષે જાય નહિ. એટલે કાળ સર્વનું કારણ છે, જે કાળે જે કાર્ય થનાર હોય તે કાળે તે કાર્ય તે વેળાએ નિપજે.

૩૭૫-શિષ્ય :—અભવ્ય જીવને તો કાલ ઘણો ગયો તો પણ કેમ મોક્ષ રૂપ કાર્ય સિદ્ધ ન થયું ?

ગુરૂ :—અભવ્યમાં દ્રવ્ય સ્વભાવ નહિ, ભવ્ય સ્વભાવ હોય તો, સિદ્ધરૂપ કાર્ય નિપજે.

૩૭૬-શિષ્ય :—તો ભવ્યજીવ સર્વે મોક્ષે કેમ જાય નહિ ?

ગુરૂ :—નિશ્ચય સમકિત ગુણરૂપ કારણ મળ્યા વિના કોઈ જીવ, મોક્ષ પામે નહિ.

૩૭૭-શિષ્ય :—નિશ્ચય સમકિતરૂપ કારણ તો શ્રેણિકાદિક પામ્યા હતા, તો પણ તેઓને મોક્ષરૂપ કાર્ય કેમ ન થયું ?

ગુરૂ :—તેને પૂર્વકૃત કર્મ ઘણા હતા અથવા પુરૂષાકાર ઉદ્યમ ન કર્યો.

૩૭૮-શિષ્ય :—ઉદ્યમ તો શાલિભદ્ર પ્રમુખે ઘણો કર્યો, પણ મોક્ષરૂપ કાર્ય તો ન નિપન્યું ?

ગુરૂ :—એને પૂર્વકૃત કર્મ ઘણા હતા, તેણે રોકી રાખ્યા.

૩૭૯–શિષ્ય :—કર્મ તો પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાતમી નરકના દળીયાં મેળવ્યા હતા, તો તેને મોક્ષરૂપ કાર્ય કેમ નિપન્યું ?

ગુરૂ :—એણે શુકલ ધ્યાનરૂપ શ્રેણિનો ઉદ્યમ ઘણો કીધો,

તેથી પાંચે કારણ મલે, સર્વ કાર્ય નિપજે છે, એમાં જે કોઈ એક કારણ ઉત્થાપે, તે મિથ્યાદ્રષ્ટિ જાણવા અને પાંચે સમવાય મળવાથી કાર્ય માને, તે સમકિત દ્રષ્ટિ જીવ જાણવા.

૩૮૦—સમકિતનું સ્વરૂપ ષટ્ કારકે કરી દેખાડે છે :—

તિહાં પ્રથમ ષટ્ કારકના નામ કહે છે :—

૧ કર્તા, ૨ કરણ, ૩ કાર્ય, ૪ સંપ્રદાન, ૫ અપાદાન, ૬ આધાર, એ ષટ્કારકના નામ જાણવા.

તિહાં પ્રથમ કર્ત્તા તે જીવ, બીજું કરણ તે દેવ, ગુરૂ ધર્મ. ત્રીજું કાર્ય તે જીવને સમકિતરૂપ કાર્ય કરવું છે, ચોથું જે આત્મપ્રદેશે જીવને નિર્મળતા સંપજતી જાય તે સંપ્રદાન, પાંચમું કર્મરૂપ આવરણ ટલતું જાય તે અપાદાન, છઠ્ઠું એ છએ સમકિતરૂપ કાર્યમાં ભળ્યા આધારભૂત જાણવા. માટે છઠ્ઠું આધાર નામા કારક જાણવું.

૩૮૧—મોક્ષ નિઃકર્મા અવસ્થાનું સ્વરૂપ, એ ષટ્‌કારક મળે નિપજે, તે કહે છે :—

તિહાં પ્રથમ કર્ત્તા તે જીવ જાણવો અને બીજું કારણ તે જીવને સમકિતરૂપ મળે, તે વારે ત્રીજું મોક્ષરૂપ કાર્ય નીપજે, તથા ચોથું સંપ્રદાન તે ગુણશ્રેણિરૂપ નિર્મળતા જીવને સંપજતી જાય અને પાંચમું અપાદાન તે કર્મરૂપ આવરણ ટળતા જાય અને છઠું આધાર, તે એ છએ મોક્ષરૂપ કાર્યમાં મળ્યા આધારભૂત જાણવા.

એ રીતે ષટ્‌કારકરૂપ ચક્ર કરી મોક્ષ નિઃકર્મા અવસ્થાનું સ્વરૂપ જે પ્રાણી જાણે, તે પ્રાણી ગણ્યા દિવસમાં પરમાનંદ પદ પામે.

૩૮૨—શ્રી જિનમાર્ગ મધ્યે નવ પ્રકારના નિયાણા કરવા તે નિષેધ્યા છે, તેનો વિચાર લખીએ છીએ :—

પ્રથમ કોઈ જીવ એવું ચિંતવે જે બીજે ભવે મને રાજ્યની પ્રાપ્તિ હોજો એવી જે ઈચ્છા તે પહેલું નિયાણું જાણવું.

વળી કોઈ એવું ચિંતવે કે રાજ્યમાં તો મહેનત ઘણી માટે તેથી સર્યું ! પણ મુજને ઋદ્ધિમંત ગૃહસ્થપણાની પ્રાપ્તિ હોજો ! એવી જે ઈચ્છા તે બીજું નિયાણું જાણવું.

વળી કોઈ એમ ચિંતવે તે પુરૂષને તો ધન કમાવવા-ધમાવવારૂપ ઘણું કષ્ટ પડે છે, માટે મને સ્ત્રીપણાની પ્રાપ્તિ હોજો! એવી વાંછા, તે ત્રીજું નિયાણું જાણવું.

વળી કોઈ એમ ચિંતવે જે સ્ત્રીને તો પરવશપણા પ્રમુખ મહા કષ્ટ છે, માટે હું પુરુષ હોજો! એવી જે ઇચ્છા તે ચોથું નિયાણું જાણવું.

વળી કોઈ એમ ચિંતવે જે મનુષ્ય સંબંધી વિષય-ભોગ તો ઘણા અશુચિ છે માટે મને દેવતાપણું પ્રાપ્ત હોજો! એવી ઇચ્છા, તે પાંચમુ નિયાણું જાણવું.

વળી કોઈ દેવતા અને અન્ય બીજો કોઈ દેવતા તે માંહોમાંહે દેવ-દેવીના રૂપ વિકૂર્વીને ભોગ ભોગવ્યાની તથા કોઈ દેવતા પોતેજ દેવ-દેવીરૂપ વિકૂર્વીને ભોગ ભોગવવાની વાંછા, તે બહુરત્તા દેવ કહીએ, એવી વાંછારૂપ પરિણામ એટલે એવું સામર્થ્ય હું પામું! એવી ઇચ્છા, તે છઠ્ઠું નિયાણું જાણવું.

એ છ નિયાણાના કરવાવાળા જીવ પરભવે દુર્લભબોધિ થાય, એટલે તેને બોધિબીજરૂપ સમ-કિતની પ્રાપ્તિ ન થાય.

વળી કોઈ જીવ એવું ચિંતવે કે જે દેવતાઓને સંભોગ નથી, તે દેવોને અરત્તા દેવ કહીયે, તે અરત્તાદેવ થવાની વાંછા, તે સાતમું નિયાણું જાણવું.

વળી કોઈ એક જીવ, એમ ચિંતવે જે મુજને સાધુને પડિલાભણવાળું રૂડું શ્રાવકપણું પ્રાપ્ત થજો, એટલે હું ઘણા સાધુ—સાધ્વીને આહાર-પાણી પ્રમુખ વહોરાવું ! એવી ઈચ્છા કરવી, તે આઠમું નિયાણું જાણવું.

વળી કોઈ એવું ચિંતવે જે મુજને દરિદ્રી શ્રાવક-કુળની પ્રાપ્તિ હોજો, કે જે થકી મુજને ચારિત્રની પ્રાપ્તિ તરત થઈ શકે એવી પ્રાર્થના કરવી, તે નવમું નિયાણું જાણવું.

એ પાછલ્લા ત્રણ નિયાણાનું ફળ અનુક્રમે પૂર્વના ભવે સમકિત, દેશવિરતિ અને સર્વવિરતિને કદાચ મેળવી શકે પણ મોક્ષની પ્રાપ્તિ ન થાય.

એ સર્વ અર્થ **પાક્ષિકસૂત્રની** ટીકામધ્યે છે.

તથા **બૃહત્કલ્પવૃત્તિમાં** એમ કહ્યું છે જે તીર્થંકરપણું તથા ચરમ શરીરીપણું પ્રમુખ પણ સાધુને પ્રાર્થવું યુક્ત નથી, અપવાદે પણ એ નિયાણું સાધુએ નહિ કરવું.

તથા **આવશ્યકવૃત્તિમાં** ધ્યાનશતકને અધિકારે કહ્યું છે, જે સર્વ કર્મના ક્ષય થકી મુજને મોક્ષ હોજો ! એ પણ નિયાણું જ છે, એને પણ નિશ્ચયનયથી નિષેધ્યું છે, પરંતુ ભાવનામાં જે જીવ કાચા છે, તેને આશ્રયી વ્યવહારનયે નિર્દોષ છે. એમ **યોગશાસ્ત્રવૃત્તિમાં** પણ કહ્યું છે, અને '**જયવીયરાય**' ઈત્યાદિક પ્રણિધાન છે, તે છઠ્ઠા ગુણઠાણાથી ઉપર નથી હોતું ઈત્યાદિ.

વળી એનો વિસ્તારે અધિકાર, પૂજાપંચાશક-વૃત્તિમાં છે.

હવે શ્રી નવપદજીની પૂજા ખરતરગચ્છમાં થયેલા શ્રી દેવચંદ્રજી કૃત છે, તેમાં કહ્યું છે

॥ ગાથા ॥

ઇમ નવ પદ ગુણ મંડલી,
ચઉ નિક્ષેપ પ્રમાણો જી ॥
સાત નયે જે આદરે,
સમ્યગ્ જ્ઞાની જાણોજી ॥૧॥

અર્થ :—શ્રી સિદ્ધચક્રજીના યંત્રનું સ્વરૂપ તે નૈગમાદિક સાત નયે કરી જાણવું. (૧) તથા નામાદિક ચાર નિક્ષેપે કરી જાણવું. (૨) તથા પ્રત્યક્ષ અને પરોક્ષ, એ બે પ્રમાણે કરી જાણવું. (૩) તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની ચોભંગીયે કરી જાણવું. (૪) તથા ચૌદ ગુણઠાણે કરી જાણવું. (૫) તથા ગુણે કરી જાણવું. (૬) તથા નવ તત્ત્વે કરી જાણવું. (૭) તથા ગુણિગુણે કરી જાણવું. (૮) પંચવર્ણે કરી જાણવું (૯) તથા દેવ, ગુરૂ, ધર્મના ઓળખાણે કરી જાણવું (૧૦) એ દશ ભાંગે કરી શ્રી સિદ્ધચક્રજીના યંત્રનું સ્વરૂપ જે જાણે, સદ્દહે, તેને સમ્યગ્જ્ઞાની જાણવા.

તેમાં પ્રથમ ભાંગે સાત નયે કરી યંત્રનું સ્વરૂપ દેખાડે છે :—

તિહાં પ્રથમ **નૈગમનયને** મતે અતીતકાલે શ્રી સિદ્ધચક્રજીનું યંત્ર એવું નામ વર્તતું હતું, અને અનાગતકાલે પણ તે નામ વર્તશે, તથા હમણાં વર્તમાન કાલે પણ તે નામ વર્તે છે, એ રીતે ત્રણેકાલ એકરૂપપણે વર્તે, તે **નૈગમનય** જાણવો.

હવે સંગ્રહનયના મતવાળો સર્વનો સંગ્રહ કરીને બોલ્યો, જે આ શ્રીસિદ્ધચક્રજીનો યંત્ર છે,

પછી **વ્યવહારનયના** મતવાલે વહેંચણ કરીને જુદા જુદા ભેદ દેખાડયા, તે આવી રીતે કે પ્રથમ પદે **અરિહંત**, બીજે પદે **સિદ્ધ**, ત્રીજે પદે **આચાર્ય**, ચોથે પદે **ઉપાધ્યાય**, પાંચમે પદે **સાધુ**, છઠ્ઠે પદે **દર્શન**, સાતમે પદે **જ્ઞાન**, આઠમે પદે **ચારિત્ર**, અને નવમે પદે **તપ** એ રીતે જેવા દીઠા, તેવા ભેદ વહેંચ્યા, તે સર્વ **વ્યવહારનય** જાણવો.

પછી **વ્યવહારનયના** મતવાળો **ઋજુસૂત્રનયનો** ઉપયોગ લઇને બોલ્યો, જે એ શ્રીસિદ્ધચક્રજીના યંત્રની સ્થાપનામાં **મધ્યભાગે અરિહંતદેવ**, તે છઠ્ઠે **સમભિરૂઢ** નયે વર્તે છે, અને ઉપર **સિદ્ધ પરમાત્મા** તે **સાતમે એવંભૂતનયે** વર્તે છે, તથા **દર્શન, જ્ઞાન, ચારિત્ર** અને **તપ** તે પાંચમે **શબ્દનયે** અંશ–અંશ માત્ર પ્રગટયા, અને છઠ્ઠે **સમભિરૂઢનયે** સંપૂર્ણ પ્રગટયા, તથા સાતમે **એવંભૂતનયે** સકલ કર્મ ખપાવી પરમાત્માપણું જીવ ભોગવે છે.

એ સાત નયે યંત્રનું સ્વરૂપ જાણવું.

૩૮૫–બીજે ભાંગે ચાર નિક્ષેપે કરી શ્રી સિદ્ધચક્રજીના યંત્રનું સ્વરૂપ દેખાડે છે :—

તિહાં પ્રથમ શ્રી **અરિહંતજી** ઉપર ચાર નિક્ષેપા ઉતારે છે.

પ્રથમ જે અરિહંત એવું નામ લઈ સ્મરણ કરવું, તે **નામ અરિહંત**. તથા શ્રી અરિહંતજીની મૂર્ત્તિ પ્રમુખ પ્રતિમા સ્થાપીએ, **તે સદ્‌ભાવ સ્થાપના**. તથા શ્રી અરિહંત એવા અક્ષર લખવા, તે **અસદ્‌ભાવ સ્થાપના**. એ બીજો સ્થાપના નિક્ષેપો જાણવો. તથા ત્રીજો શ્રી અરિહંતનો જીવ શ્રેણિકાદિ પ્રમુખ તે **ભવ્ય શરીરનું દ્રવ્ય** જાણવું અને જિહાં લગે તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન ન ઉપન્યું હોય, ત્યાં લગે છદ્મસ્થ અવસ્થાયે **વ્યતિરિક્ત** શરીરનું દ્રવ્ય જાણવું. તથા શ્રી અરિહંતજી મુક્તિ પામ્યા પછી તેના શરીરની ભક્તિ ઇંદ્રાદિક દેવતા તથા મનુષ્ય કરે છે, તે **જ્ઞશરીરનું** દ્રવ્ય જાણવું. એવી રીતે **ભવ્ય શરીર, તદ્વ્યતિરિક્ત** શરીર અને **જ્ઞશરીર**, એ ત્રણ પ્રકારે ત્રીજો દ્રવ્યનિક્ષેપો જાણવો.

હવે ચોથો ભાવનિક્ષેપો તે શ્રીઅરિહંતને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ત્રિગડાને વિષે બેસીને બાર પર્ષદાને દેશના આપે, તેને **ભાવઅરિહંત** કહીયે,

૩૮૬—એ ચાર નિક્ષેપે શ્રીસિદ્ધનું સ્વરૂપ કહે છે :—

પ્રથમ શ્રીસિદ્ધ એવું નામ ત્રણે કાળ એકરૂપે શાશ્વતું વર્તે છે, તે નામથકી સિદ્ધ જાણવા. તથા શ્રીસિદ્ધજીની પ્રતિમા પ્રમુખ સ્થાપવી, તે **સદ્ભાવસ્થાપના** અને સિદ્ધ એવા અક્ષર લખવા, તે **અસદ્ભાવ સ્થાપના**. એ રીતે સ્થાપના-નિક્ષેપો બે ભેદે જાણવો. તથા ત્રીજો દ્રવ્યનિક્ષેપો તે તેરમે અને ચૌદમે ગુણઠાણે વર્તતા કેવલી ભગવાનને **ભવ્યશરીર** આશ્રયી દ્રવ્ય કહીયે અને જે સિદ્ધિ વર્યા તેના શરીરની ભકિત કરીયે, તે **જ્ઞશરીરનું** દ્રવ્ય જાણવું. એ ત્રીજો દ્રવ્ય-નિક્ષેપો જાણવો. તથા **ભાવસિદ્ધ** જે સકલકર્મ ક્ષય કરી લોકને અંતે વિરાજમાન અવ્યાબાધ સુખના ભોગવે તેને **ભાવસિદ્ધ** કહીયે.

૩૮૭—હવે સિદ્ધ ભગવાનમાં **તદ્વ્યતિરિકતશરીર** આશ્રયી ચાર નિક્ષેપા કહે છે :—

પ્રથમ સિદ્ધ એવું નામ, તે ત્રણેકાલ એકરૂપે શાશ્વતું વર્તે છે, તે **નામસિદ્ધ** જાણવા તથા જે દેહમાન મધ્યેથી ત્રીજો ભાગ ઘટાડી બે ભાગના શરીર પ્રમાણે આત્મ—પ્રદેશનો ઘન કરી સ્થાપનારૂપ ક્ષેત્ર અવગાહી રહ્યો છે, તે બીજો **સ્થાપનાસિદ્ધ** જાણવો. તથા દ્રવ્યસિદ્ધ તે શુદ્ધ, નિર્મળ, અસંખ્યાત પ્રદેશને વિષે જ્ઞાનાદિક અનંતગુણરૂપ છતી પર્યાય પ્રત્યે વસ્તુરૂપ પ્રગટ્યા છે, તે સિદ્ધનો **તદ્વ્યતિરિકત-શરીર** આશ્રયી દ્રવ્યનિક્ષેપો જાણવો. તથા ભાવથકી સિદ્ધનું સ્વરૂપ તો સામર્થ્યપર્યાયપ્રવર્તનારૂપ અનંતો ધર્મ પ્રગટ્યો

છે, તેને વિષે સદાકાલ નવા નવા જ્ઞેયની વર્તનારૂપ પર્યાયનો ઉત્પાદ, વ્યય, સમયે સમયે અનંતો થઈ રહ્યો છે, તેણે કરી સિદ્ધ પરમાત્મા અનંતું સુખ ભોગવે છે, તે ચોથો ભાવ-નિક્ષેપો જાણવો.

૩૮૮—આચાર્યનું સ્વરૂપ ચાર નિક્ષેપે કરી કહે છે :—

પ્રથમ આચાર્ય એવું નામ, તે **નામઆચાર્ય**, બીજું આચાર્યજીની મૂર્ત્તિ પ્રમુખ સ્થાપવી, અથવા આચાર્ય એવા અક્ષર લખી સ્થાપવા, તે **સ્થાપનાઆચાર્ય**, ત્રીજો જે આચાર્યપદવીને યોગ્ય છે, પણ હજી આચાર્યપદવી પામ્યા નથી, પરંતુ આગળ પામશે, તે **તદ્ગતિરિક્તશરીરનું** દ્રવ્ય જાણવું, તથા જે કોઈ ગતિમાં જીવ છે, પરંતુ ત્યાં થકી આવી આચાર્યપદવીને પામશે, તેને **ભવ્યશરીરનું** દ્રવ્ય કહીયે. તથા જે કોઈ આચાર્ય કાલગત થયા પછી તેના શરીરની ભક્તિ, મહોત્સવ કરીયે, તે **જ્ઞશરીરનું** દ્રવ્ય જાણવું, એ ત્રીજો દ્રવ્યનિક્ષેપો કહ્યો. હવે ચોથો ભાવનિક્ષેપો તે જે **ભાવાચાર્ય** છત્રીશ ગુણે કરી વિરાજમાન પાંચ પ્રસ્થાને કરી સેવિત, ભવ્યપ્રાણીને હિતોપદેશ કર્ત્તા ગચ્છના નાયક થકા વિચરે, તેને **ભાવથકી આચાર્ય** કહીયે.

એજ રીતે ચાર નિક્ષેપા ઉપાધ્યાયને વિષે પણ જાણી લેવા.

૩૮૯—સાધુજીનું સ્વરૂપ ચાર નિક્ષેપે કરી કહે છે :—

પ્રથમ સાધુ એવું નામ, તે **નામસાધુ**, તથા બીજો સાધુજીની મૂર્ત્તિ પ્રમુખ સ્થાપીયે, અથવા અક્ષર લખીયે, તે **સ્થાપના સાધુ**, તથા જે શ્રાવકમાંથી આગળ સાધુપણું નીપજશે, તેને **દ્રવ્યસાધુ** કહીયે. એ **ભવ્યશરીરનું દ્રવ્ય** જાણવું. તથા જે સાધુ પાંચ મહાવ્રત સૂધા પાલે, સાધુની ક્રિયા કરે, સૂઝતો આહાર લે, પણ તેવો જ્ઞાન-ધ્યાનનો ઉપયોગ વર્તતો નથી તે **તદ્વ્યતિરિક્ત શરીર** આશ્રયી **દ્રવ્ય** જાણવું. તથા જે કોઇ સાધુને દેવગતિ થયા પછી તેના શરીરની મહોત્સવ ભક્તિ કરવી, તે **જ્ઞશરીરનું દ્રવ્ય** જાણવું, એ ત્રણ પ્રકારે સાધુનો **દ્રવ્યનિક્ષેપો** કહ્યો.

હવે **ભાવનિક્ષેપો** કહે છે. જે સાધુના ગુણે કરી સહિત અને આગળ જે સાધુનો આચાર, વ્યવહાર કહ્યો તે પ્રમાણે સર્વ કરે અને જ્ઞાન-ધ્યાનમાં વર્તતો સાધ્ય એક પ્રભુની માતાનું પાલન, સાધન અનેક, એ રીતે આજ્ઞાપાલનરૂપ ધર્મથી મોક્ષને સાધે, તે **ભાવનિક્ષેપે સાધુ** જાણવો.

૩૯૦—દર્શન ઉપર ચાર નિક્ષેપા બતાવે છે :-

તિહાં પ્રથમ દર્શન એવું નામ, તે **નામદર્શન** કહીયે, બીજું મૂર્ત્તિ પ્રમુખ સ્થાપવી, તે **સદ્ભાવસ્થાપના**, અને દર્શન એવા અક્ષર લખી સ્થાપના, તે **અસદ્ભાવ સ્થાપના**. એ **સ્થાપના નિક્ષેપો** જાણવો. ત્રીજો જે અંતરંગ કર્મનિર્જરાના ઉપયોગ વિના જ્ઞાનીની નિશ્રા વિના કુલાચારે અતિ આડંબરે સ્વચ્છંદે વિધિ સહિત દર્શનની કરણી કરે છે, તે સર્વ **દ્રવ્ય દર્શન** જાણવું

॥ ગાથા ॥

દર્શન દર્શન ભટકિયો, શિર પટકયું સો વાર।
પણ જે દર્શનદર્શન વિના, તે ફરિયો અનંત સંસાર ॥૧॥

એ પરમાર્થ જાણવો.

હવે ચોથે ભાવનિક્ષેપે દર્શન કહે છે. તિહાં જે કાર્ય-કારણની ગુરૂનિશ્રાએ યથાર્થ નય સાપેક્ષ ઓળખાણ સહિત દર્શન કરવું એટલે ઉપરથી શ્રી વીતરાગના દર્શનની આચરણારૂપ કરણી સેવા સ્તુતિ, ભક્તિ, પૂજાવિધિ સહિત મન, વચન, અને કાયાએ કરી એકચિત્તે કરે છે, તે સર્વ **દ્રવ્યદર્શન કારણરૂપ** જાણવું અને **ભાવદર્શન** એટલે જે અંતરંગ આત્મદર્શનરૂપ લક્ષ્ય ધારીને આત્માને નિરાવરણ કરવારૂપ સાધ્ય ચોકખું રાખીને દ્રવ્યદર્શનની વિધિસહિત કરણી જ્ઞાની ગુરૂની નિશ્રાએ કરવી, તે સર્વ નિર્જરારૂપ જાણવી.

॥ ગાથા ॥

જે દર્શન દર્શન વિના, તે દર્શન પ્રતિપક્ષ।
જે દર્શન દર્શન હુવે, તે દર્શન સાપેક્ષ ॥ ૧ ॥

એ પરમાર્થ જાણવો. એ ભાવનિક્ષેપે દર્શન કહ્યું.

૩૯૧—જ્ઞાન ઉપર ચા નિક્ષેપા બતાવે છે :—

વીતરાગપ્રભુની આજ્ઞા પ્રમાણે કર્મનિર્જરાના લક્ષ્યથી થતી દર્શનની પ્રવૃત્તિ તે અહીં જાણવી.

પ્રથમ જ્ઞાન એવું નામ, તે **નામજ્ઞાન** જાણવું,

બીજું પુસ્તકમાં લખ્યું તે **સ્થાપનાજ્ઞાન** જાણવું, ત્રીજું અન્યમતના સર્વ શાસ્ત્ર, તેના તથા જિનમતના સૂત્ર, સિદ્ધાન્ત, ટીકા, ચૂર્ણિ પ્રમુખના જ્ઞાનીની મર્યાદાએ નિરપેક્ષપણે અને અંતરંગ આત્મ ઉપયોગ વિના તથા નિશ્ચય-વ્યવહારરૂપ કાર્ય–કારણના યોગ્ય ગુરૂગમથી જાણપણું મેળવ્યા વિના જે અર્થ કરવા, તે સર્વે **દ્રવ્યજ્ઞાન** જાણવું.

તથા **ભાવજ્ઞાન** તે ષડ્દ્રવ્ય નવ તત્ત્વનું નયસાપેક્ષ જાણપણું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, નય, નિક્ષેપા અને પ્રમાણે કરી ગુરૂનિશ્રાએ જાણપણું અને અંતરંગ નિશ્ચયનયે આત્મ-સત્તાનું શાસ્ત્રીમર્યાદાઓને વફાદાર રહી સદ્દહવું તે **ભાવજ્ઞાન** જાણવું.

॥ ગાથા ॥

ક્ષણ અર્ધે જે અઘ ટલે, તે ન ટલે ભવની કોડો
તપસ્યા કરતાં અતિ ઘણી, પણ નાવે જ્ઞાન તણી કોઈ હોડે ॥૧॥

(અહીં જ્ઞાન એટલે ભાવજ્ઞાન સમજવું)

૩૯૨—ચારિત્ર ઉપર ચાર નિક્ષેપા બતાવે છે :—

પ્રથમ ચારિત્ર એવું નામ તે **નામચારિત્ર** જાણવું, તથા જે પુસ્તકમાં ચારિત્રના વિધિ પ્રથમ લખીને સ્થાપવું, તે **સ્થાપનાચારિત્ર** જાણવું, તથા જે પાંચ મહાવ્રત સૂધી રીતે મન, વચન, કાયાએ કરી નિવૃત્તિ—પ્રવૃત્તિરૂપ આચાર-વ્યવહાર પ્રમુખ સહિત સૂધી રીતે કરણી કરે પણ જ્ઞાનીની આજ્ઞાને વફાદાર ન રહે તે સર્વ **દ્રવ્યચારિત્ર** જાણવું.

॥ ગાથા ॥

विरया सावज्जाओ, कसायहीणा महावयधरावि ।
सम्मद्दिट्ठिविहूणा, कयावि मुक्कं ण पावंति ॥ १ ॥

એ પરમાર્થ જાણવો.

હવે ભાવચારિત્ર કહે છે. જે કર્મને ચૂરે, તેને ચારિત્ર કહીયે. એટલે જીવ-અજીવરૂપ સ્વ-પરની વહેંચણ ગુરૂનિશ્રાએ યોગ્યરીતે કરી સ્વરૂપનું ચિંતવવું, એકાગ્રતા તન્મયરૂપ પરિણામ જ્ઞાનીની આજ્ઞાનુસાર હોય એટલીવાર નવા કર્મરૂપ આશ્રવનું રોકવું તેને ભાવચારિત્ર કહીયે.

॥ ગાથા ॥

चय ते आठ कर्मनो संचय, रिक्त करे जे तेह ॥
चारित्र नाम निरुक्ते भाख्युं, ते वंदो गुण गेह ॥१॥

એ પરમાર્થ જાણવો. ચને એ ભાવચારિત્ર જાણવું.

૩૯૩—તપ ઉપર ચાર નિક્ષેપા બતાવે છે :—

પ્રથમ તપ એવું નામ, તે **નામતપ** નિક્ષેપો જાણવો, બીજું પુસ્તકમાં તપની વિધિ પ્રમુખનું લખવું, તે **સ્થાપનાતપ** જાણવું, ત્રીજું છઠ્ઠ-અઠ્ઠમાદિ પ્રમુખ પાસખમણ, માસખમણ આદિ અનેક પ્રકારનું તપ જે આ ભવ પરભવે પુણ્યરૂપ ઇંદ્રિય સુખની વાંછારૂપ પરિણામે કરવું, અગર મન મરજીથી જ્ઞાનીની આજ્ઞાનિરપેક્ષપણે જે તપ કરવું. તે સર્વે **દ્રવ્યતપ** જાણવું. ચોથું **ભાવતપ**, ઇહભવ-પરભવે ઇંદ્રિય સુખની

વાંછા રહિત સર્વ પ્રકારે ઇચ્છાનો રોધ કરવાના લક્ષ્યથી અને એક પોતાનો આત્મા કર્મરૂપ આવરણથકી રહિત કરવાને અર્થે જે આગળ દ્રવ્યતપ કહ્યું, તે સર્વ કરતાં થકાં નિજરારૂપ જાણવું.

॥ ગાથા ॥

ઇચ્છા રોધે સંવરી, પરિણતિ સમતા જોગે રે ।
તપ તેહીજ આતમા, વર્તે નિજગુણ ભોગે રે ॥૧॥

એ ભાવતપનો પરમાર્થ જાણવો.

એ રીતે ચાર નિક્ષેપે કરી શ્રી સિદ્ધચક્રના યંત્રનું સ્વરૂપ જાણવું.

૩૯૪—ત્રીજે ભાંગે એ યંત્રનું સ્વરૂપ, પ્રત્યક્ષાદિ પ્રમાણે કરી ઓળખાવે છે :—

તિહાં પ્રથમ પ્રમાણના બે ભેદ છે, એક પ્રત્યક્ષ-પ્રમાણ અને બીજું પરોક્ષ પ્રમાણ,

તેમાં પ્રત્યક્ષ પ્રમાણના વળી બે ભેદ છે.

તિહાં અરિહંત તથા સિદ્ધ ભગવાન્ કેવલજ્ઞાને કરી લોકાલોકનું સ્વરૂપ જાણે છે, તે સર્વે પ્રત્યક્ષ પ્રમાણે કરી જાણે છે. માટે એને સર્વપ્રત્યક્ષ કહીયે.

તથા જે મનઃપર્યવજ્ઞાન અને અવધિજ્ઞાન તે બીજું દેશપ્રત્યક્ષ કહીયે. તિહાં કોઇક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, મનઃપર્યવજ્ઞાનવાળા છે, તે મનોવર્ગણાને પ્રત્યક્ષપણે

જાણે છે અને કોઇક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ અવધિજ્ઞાનવાળા છે, તે પુદ્ગલવર્ગણાને પ્રત્યક્ષપણે જાણે છે, તે દેશ પ્રત્યક્ષ જાણવું.

એટલે અરિહંત અને સિદ્ધ, એ બે સર્વપ્રત્યક્ષ પ્રમાણવાળા તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, એ ત્રણ દેશપ્રત્યક્ષવાળા છે,

એ રીતે નવપદ માંહેલા પાંચ પદમાં પ્રત્યક્ષ પ્રમાણનું સ્વરૂપ કહ્યું.

હવે શેષ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, એ ચાર પદમાં પ્રત્યક્ષ પ્રમાણનું સ્વરૂપ કહે છે :—

તિહાં પ્રથમ દર્શન—સમકિત જાણવું અને એ સમકિત વિનાનું જે જ્ઞાન તે નવપૂર્વ સુધી ભણ્યા છે, તો પણ તે અજ્ઞાનરૂપ છે. માટે સમકિત સહિત તે બીજું જ્ઞાન જાણવું. અને તે જ્ઞાનની તીક્ષ્ણતા એટલે ઉપયોગનું એકાગ્રપણું, તે ત્રીજું ચારિત્ર જાણવું અને ચારિત્ર એટલે પોતાના સ્વરૂપમાં રમણ કરવું, તે પોતાના સ્વરૂપમાં રમણ કરતાં સર્વપ્રકારે ઇચ્છાનું રોધપણું તેહીજ તપ જાણવું.

એટલે પાંચમે શબ્દનયને મતે જે જીવને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ પ્રગટયાં છે તેમાં કોઇ જીવને અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન હોય, તેમાં દેશ પ્રત્યક્ષપણું જાણવું. અને છઠ્ઠે સમભિરૂઢનયે તથા સાતમે એવંભૂતનયે જે જીવને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ પ્રગટયા છે, તેમાં સર્વ પ્રત્યક્ષપણું જાણવું.

હવે પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ કહે છે :—

તે પરોક્ષ પ્રમાણના ત્રણ ભેદ છે. એક આગમપ્રમાણ, બીજું અનુમાન પ્રમાણ, ત્રીજું ઉપમા પ્રમાણ.

તિહાં કોઈક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે આગમે કરી સર્વ વસ્તુનું પ્રમાણ કરે છે, તથા કોઈક ઉપાધ્યાય અને સાધુ, ઉપમાએ કરી વસ્તુનું પ્રમાણ કરે છે. તથા કોઈક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ અનુમાને કરી વસ્તુનું પ્રમાણ કરે છે.

હવે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, એ પાંચમે શબ્દનયે જે જીવને પ્રગટયાં છે, તેમાં પણ આગમ, અનુમાન અને ઉપમા પ્રમાણે જાણપણું જાણવું. એ પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ કહયું.

એ રીતે પ્રત્યક્ષ અને પરોક્ષ, એ બે પ્રમાણે કરી સિદ્ધચક્રના યંત્રનું સ્વરૂપ જાણવું.

ઉપ—ચોથે ભાંગે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ તેણે કરી સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ દેખાડે છે.

તિહાં પ્રથમપદે શ્રી અરિહંતનું સ્વરૂપ દેખાડે છે :—

તેમાં દ્રવ્યથકી અરિહંત, તે ચોત્રીશ અતિશયે કરી વિરાજમાન પાંત્રીશ વચન-વાણીને ગુણે કરી સંપૂર્ણ આઠ મહાપ્રતિહાર્યરૂપ બાર ગુણે કરી સહિત હોય,

તથા ક્ષેત્ર થકી શ્રી અરિહંત દેવ તે અઢીદ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં જાણવા.

તથા કાલથકી અરિહંત દેવ સંતતિભાવે અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને એક અરિહંત આશ્રયી સાદિ સાંત ભાંગો જાણવો.

તથા ભાવથકી અરિહંત દેવ તે જે જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મના ક્ષયે અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી, શુકલ ધ્યાનના બીજા-ત્રીજા પાયા વચ્ચે વર્તી રહ્યા છે.

૩૯૬—સિદ્ધ પરમાત્મા ઉપર દ્રવ્યાદિ ચાર ભાંગા કહે છે :—

દ્રવ્યથકી સર્વે સિદ્ધ પરમાત્મા અસંખ્યાત પ્રદેશી જાણવા,

તથા ક્ષેત્રથકી સિદ્ધ પરમાત્મા, લોકને અંતે પીસ્તાલીસ લાખ યોજન સિદ્ધશિલા પ્રમાણ વિરાજમાન જાણવા.

કાલથકી સિદ્ધ પરમાત્મા સર્વ સિદ્ધ આશ્રયી અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને એક સિદ્ધ આશ્રયી સાદિ સાંત ભાંગો જાણવો.

તથા ભાવથકી સિદ્ધ પરમાત્મા તે સકલ કર્મને ક્ષયે અનંત ગુણરૂપ લક્ષ્મી પ્રગટ કરી લોકને અંતે વિરાજમાન વર્તે છે, તે જાણવા.

૩૯૭—આચાર્ય ભગવાનનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્યથકી આચાર્ય ભગવાન્ છત્રીસગુણે કરી વિરાજમાન જાણવા.

તથા **ક્ષેત્રથકી** આચાર્ય ભગવાન્ અઢી દ્વીપ પ્રમાણે જાણવા.

તથા **કાલથકી** આચાર્ય ભગવાન્ સંતતિભાવે અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને એક આચાર્ય આશ્રયી સાદિ સાંત ભાંગો જાણવો.

તથા **ભાવથકી** આચાર્ય ભગવાન્ સદાકાલ સત્તાગતના ભાસનરૂપ જ્ઞાન સ્વરૂપના ઉપયોગમાં જેનું ચિત્ત વર્તે છે તે જાણવા.

૩૯૮—ઉપાધ્યાયજીનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્યથકી ઉપાધ્યાયજી પચ્ચીશ ગુણે કરી વિરાજમાન કહીયે.

તથા **ક્ષેત્રથકી** ઉપાધ્યાયજી અઢી દ્વીપ વ્યાપી જાણવા.

તથા **કાલથકી** ઉપાધ્યાયજી સંતતિભાવે અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને એક ઉપાધ્યાયજી આશ્રયી સાદિસાંત ભાંગો જાણવો.

તથા **ભાવથકી** ઉપાધ્યાયજી જીવ–અજીવરૂપ નવતત્ત્વ, ષડ્દ્રવ્યનું શાસ્ત્રીયમર્યાદાનુસારે જાણપણું કરી જ્ઞાનીની

આજ્ઞા પ્રમાણે આત્મસ્વરૂપના ચિંતનરૂપ સ્વભાવમાં જેનું ચિત્ત વર્તે છે તે જાણવા.

૩૯૯—સાધુનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્યથકી સાધુ સત્તાવીશ ગુણે કરી વિરાજમાન કહીયે.

તથા ક્ષેત્રથકી સાધુ અઢી દ્વીપ વ્યાપી જાણવા.

તથા કાલથકી સાધુ સંતતિભાવે અનાદિ અનંત ભાંગે વર્તે છે, અને એક સાધુ આશ્રયી સાદિ સાંત ભાંગો જાણવો.

તથા ભાવથકી સાધુ જે આત્મશુદ્ધિનું સાધ્ય એક, અને જ્ઞાનીની આજ્ઞાનુસાર સાધન અનેક, એ રીતે આજ્ઞામય ધર્મને સાધે, તે ભાવસાધુ જાણવા.

૪૦૦—દર્શનનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્યથકી દર્શન તે ઇંદ્રિયના બલથી વસ્તુનું દેખવું તથા ભાસનપણું તે સર્વ દ્રવ્યદર્શન કહીયે.

તથા ક્ષેત્રથકી દર્શન ચૌદરાજ લોક ત્રસનાડી પ્રમાણે જાણવું.

તથા કાલથકી દર્શન ક્ષાયિકભાવ આશ્રયી જે જીવને પ્રગટયું છે, તે સાદિ અનંત ભાંગે જાણવું, અને ક્ષયોપશમભાવ આશ્રયી સાદિ સાંત ભાંગે વર્તે છે

તથા ભાવથકી દર્શન, તે લોકાલોકનું સ્વરૂપ એક સમયમાં દેખવું તેને કહીયે.

૪૦૧—જ્ઞાનનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્યથકી જ્ઞાન જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન ઇત્યાદિ ઇંદ્રિયને અનુયાયી જે જાણુપણું તે સર્વ દ્રવ્યજ્ઞાન કહીયે.

તથા ક્ષેત્રથકી જ્ઞાન તે ચૌદરાજ લોક ત્રસનાડી પ્રમાણે જાણવું,

તથા કાલથકી જ્ઞાન તે ક્ષાયિકભાવ આશ્રયી જે જીવને જ્ઞાન પ્રગટયું છે, તે સાદિ અનંત ભાંગે જાણવું અને ક્ષયોપશમભાવ આશ્રયી સાદિ સાંત ભાંગો જાણવો.

તથા ભાવથકી જ્ઞાન તે જે લોકાલોકનું સ્વરૂપ એક સમયમાં જાણવું.

૪૦૨—ચારિત્રનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્યથકી ચારિત્ર તે ચરણસિત્તરી–કરણસિત્તરીને ગુણે કરી વિરાજમાન.

તથા ક્ષેત્રથકી ચારિત્ર તે ચૌદરાજ લોક ત્રસનાડી પ્રમાણે જાણવું.

તથા કાલથકી ચારિત્ર તે ક્ષાયિકભાવ આશ્રયી સાદિ અનંત ભાંગે વર્તે છે, અને ક્ષયોપશમભાવ આશ્રયી સાદિ સાંત ભાંગો જાણવો.

તથા ભાવથકી ચારિત્ર તે યથાખ્યાત ચારિત્રરૂપ ગુણે પોતાના સ્વભાવમાં રમણ કરવું તે જાણવું.

૪૦૩—તપનું સ્વરૂપ કહે છે :—

દ્રવ્યથકી તપના બાર ભેદ કહીયે,

તથા ક્ષેત્રથકી તપ તે ચૌદરાજ લોક ત્રસનાડી પ્રમાણ જાણવું,

તથા કાલથકી તપ તે ક્ષાયિકભાવ આશ્રયી સાદિ અનંત ભાંગે વર્તે છે અને ક્ષયોપશમભાવ આશ્રયી સાદિ સાંત ભાંગે જાણવું.

તથા ભાવથકી તપ તે સર્વ પ્રકારે ઈચ્છાનો રોધ કરી સમતા ભાવમાં વર્તવુ.

એ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની ચોભંગીયે કરી સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ જાણવું.

૪૦૪—પાંચમે ભાંગે ચૌદ ગુણઠાણે કરી યંત્રનું સ્વરૂપ ઓળખાવે છે :—

તિહાં પ્રથમપદે શ્રી અરિહંતદેવ તેરમે ગુણઠાણે જાણવા.

બીજે પદે સિદ્ધ પરમાત્મા તે ગુણઠાણા વર્જિત જાણવા.

ત્રીજે પદે આચાર્યપ્રભુ,

તથા ચોથે પદે ઉપાધ્યાય અને પાંચમે પદે સાધુ મુનિરાજ, તે છઠ્ઠે–સાતમે ગુણઠાણે અને શ્રેણી પ્રતિપન્ન છદ્મસ્થ મુનિ તે અગીયારમે–બારમે ગુણઠાણે જાણવા.

હવે છઠું **દર્શનપદ**, સાતમું **જ્ઞાનપદ**, આઠમું **ચારિત્રપદ** અને નવમું **તપ પદ**, એ ચારે પદ ચોથા ગુણઠાણાથી માંડી યાવત્ તેરમા–ચૌદમા ગુણઠાણા લગે જાણવા.

એ રીતે ચૌદ ગુણઠાણે કરી સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ જાણવું.

૪૦૫—છઠ્ઠે ભાંગે ગુણે કરી સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ દેખાડે છે :—

તિહાં પ્રથમ પદે શ્રી અરિહંતદેવ તે બાર ગુણે સહિત જાણવા.

બીજે પદે સિદ્ધ પરમાત્મા તે આઠ ગુણે તથા એકત્રીશ ગુણે કરી સહિત જાણવા.

ત્રીજે પદે આચાર્ય ભગવાન તે પાંચ ગુણે તથા છત્રીશ ગુણે કરી જાણવા.

ચોથે પદે ઉપાધ્યાયજી તે પચ્ચીશ ગુણે કરી જાણવા.

પાંચમે પદે સાધુજી તે સત્તાવીશ ગુણે કરી જાણવા.

છઠ્ઠે પદે દર્શન તે સડસઠ ગુણે કરી જાણવું.

સાતમે પદે જ્ઞાન તે પાંચ ગુણે તથા એકાવન ગુણે કરી જાણવું.

આઠમે પદે ચારિત્ર તે સત્તર તથા સિત્તેર ગુણે કરી જાણવું.

નવમે પદે તપ તે બાર ગુણે તથા પચ્ચાસ ગુણે કરી જાણવું

એ રીતે સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ ગુણે કરી જાણવું.

૪૦૬—સાતમે ભાંગે સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ નવ તત્ત્વે કરી ઓળખાવે છે :—

પ્રથમપદે શ્રી અરિહંતદેવ તેરમે ગુણઠાણે વર્તતા તેમાં નવે તત્ત્વ પામીયે.

તથા બીજે પદે શ્રી સિદ્ધપરમાત્મા તેમાં આગળ કહ્યા તે રીતે ત્રણ તત્ત્વ પામીયે.

તથા ત્રીજે પદે શ્રી આચાર્યજી, ચોથે પદે શ્રી ઉપાધ્યાયજી અને પાંચમે પદે શ્રી સાધુ, એ ત્રણ પદમાં પૂર્વે સમકિતમાં કહ્યા, તે રીતે આઠ આઠ તત્ત્વ પામીયે.

તથા દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર ગુણમાં શબ્દનયને મતે ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ છઠ્ઠા–સાતમા ગુણઠાણાં જે જીવને પ્રગટયા છે, તેમાં આગળ કહ્યા તે રીતે આઠ તત્ત્વ પામીયે.

સમભિરૂઢનયને મતે આઠમા ગુણઠાણાથી માંડી યાવત્ અગીયારમા-બારમા ગુણઠાણા પર્યંત શ્રેણિભાવે જે જીવ વર્તે છે, તેને એ દર્શનાદિક ચાર ગુણ પ્રગટ્યા છે, તેમાં આઠ તત્ત્વ પામીયે.

તેરમે ગુણઠાણે કેવલી ભગવાનને ચાર ગુણ પ્રગટ્યા છે, તેમાં નવે તત્ત્વ પામીયે.

ગુણઠાણા વર્જિત લોકને અંતે સિદ્ધ પરમાત્મા વર્તે છે, તેને એ ચાર ગુણ પ્રગટ્યા છે, તેમાં ત્રણ તત્ત્વ પામીયે.

એ રીતે સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ નવ તત્ત્વે કરી જાણવું.

૪૦૭—આઠમે ભાંગે ગુણી ગુણે કરી સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ ઓળખાવે છે :—

તિહાં પ્રથમ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, એ પાંચે ગુણી જાણવા. અને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, એ ચાર ગુણ જાણવા.

એટલે એ પૂર્વોક્ત પાંચ ગુણીમાં એ દર્શનાદિક ચાર ગુણ રહ્યા છે, માટે એ ગુણ જાણવા. અને એ અરિહંતાદિક પાંચ જે છે, તે દર્શનાદિક ચાર ગુણે કરી સહિત છે, માટે ગુણી જાણવા.

એ રીતે સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ ગુણી-ગુણે કરી ઓળખાવ્યું.

૪૦૯—નવમે ભાંગે સિદ્ધચક્રનું સ્વરૂપ પાંચ વર્ણે કરી દેખાડે છે :—

પ્રથમ ચંદ્રપ્રભ અને સુવિધિનાથ, એ બે તીર્થંકર ધોળે વર્ણે છે, માટે પ્રથમપદે અરિહંતનું ધ્યાન ધોળે વર્ણે કરવું.

તથા શ્રી પદ્મપ્રભ અને વાસુપૂજ્ય એ બે રાતે વર્ણે છે, માટે બીજે પદે શ્રી સિદ્ધનું ધ્યાન રક્તવર્ણે કરવું

તથા સોળ તીર્થંકર પીતવર્ણે છે, માટે ત્રીજે પદે શ્રી આચાર્યજીનું ધ્યાન પીળે વર્ણે કરવું.

તથા શ્રી મલ્લિનાથ અને શ્રી પાર્શ્વનાથ, એ બે પ્રભુ લીલે વર્ણે છે, માટે ચોથે પદે શ્રી ઉપાધ્યાયજીનું ધ્યાન લીલે વર્ણે કરવું,

તથા શ્રી મુનિસુવ્રત અને નેમનાથ, એ બે તીર્થંકર શ્યામ વર્ણે છે, માટે પાંચમે પદે સાધુજીનું ધ્યાન શ્યામવર્ણે કરવું,

તથા એ શ્રી શ્રી અરિહંતાદિક પાંચને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, એ ચાર ગુણ, કર્મરૂપ મેલને અભાવે કરી નિર્મળ પ્રગટ્યા છે, માટે શ્વેતવર્ણે એ ચારેનું ધ્યાન કરવું.

એ પાંચે વર્ણે શ્રી સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ જાણવું.

૪૦૯—દશમે ભાંગે દેવ, ગુરૂ અને ધર્મે કરી, શ્રી સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ ઓળખાવે છે :-

તિહાં એ નવપદમાં શ્રી અરિહંત અને સિદ્ધ, એ એ દેવ જાણવા.

તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, એ ત્રણે ગુરૂ જાણવા.

તથા દર્શન જ્ઞાન, ચારિત્ર અને તપ, એ ચારે ધર્મ જાણવા.

એ રીતે દેવ, ગુરૂ, ધર્મે કરીને શ્રી સિદ્ધચક્રયંત્રનું સ્વરૂપ ઓળખાવ્યું.

એ દશ ભાંગે કરી જે જીવ શ્રી સિદ્ધચક્રના યંત્રનું સ્વરૂપ અંતરંગ પ્રતીતિ સહિત ઓળખાણે ધ્યાવે, તે પરમાનંદ પદ પામે.

૪૧૦—શ્રી અનુયોગદ્વાર સૂત્ર મધ્યે નયનું સ્વરૂપ કહ્યું છે, તે ઈહાં શિષ્યને ઓળખાણ કરવા સારૂ વિસ્તારપણે વિશેષ વ્યાખ્યાએ લખીયે છીએ :—

॥ ગાથા ॥

णयभंग-पमाणेहिं, जो अप्पा सायवाय भावेणं।
जाणे ईमो सरुवं, सम्मद्दिट्ठीओ सो णेओ ॥-१ ॥

અર્થ :— નયભંગ-મૂલનય બે અને ઉત્તરનય સાત, તથા ઉપનય અઠ્ઠાવીશ અને તેના ભાંગા સાતશે

થાય. તથા **પમાણેહિં**–મૂલ પ્રમાણ બે અને ઉત્તરપ્રમાણ પાંચ, તેના પણ વળી અનેક ભેદ થાય, અને **અપ્પા**–આત્મા તેને **સાયન્નાય**–સ્યાદ્વાદાદિ આઠ પક્ષે ઓળખીને ભલી રીતિથી પોતાના સ્વરૂપને–**ભાવેણું**–ભાવવું. **જાણેઈ મો સરૂવં** એ રીતે જેણે આત્મ સ્વરૂપને ઓળખીને પ્રતીતિ કરી છે, **સમ્મ દિટ્ઠીઓ સો** જેણે તે જીવ નિશ્ચે સમકિતનો ધણી જાણવો.

૪૧૧—વિશેષાર્થ કહે છે :—

તિહાં એક નિશ્ચય અને બીજો વ્યવહાર, એ મૂલ બે નય જાણવા.

એક નૈગમ, બીજો સંગ્રહ, ત્રીજો વ્યવહાર, ચોથો ઋજુસૂત્ર, પાંચમો શબ્દ, છઠ્ઠો સમભિરૂઢ, સાતમો એવંભૂત એ સાત ઉત્તરભેદ જાણવા.

સાતમાંથી પહેલાં છ નય વ્યવહારમાં જાણવા અને સાતમો એક એવંભૂત, નય તે નિશ્ચયમાં જાણવો. તેનો પરમાર્થ આવી રીતે છે :—

છ નયે જે કાર્ય તે અપવાદે કારણરૂપ જાણવું. અને સાતમે એવંભૂત નયે જે કાર્ય તે ઉત્કૃષ્ટે ઉત્સર્ગે નિશ્ચય કાર્યરૂપ છે, માટે છ નય તે વ્યવહારમાં ગણ્યા, અને સાતમો એક એવંભૂત નય તે કાર્યરૂપ છે, તે માટે નિશ્ચયમાં ગણ્યો છે.

૪૧૨—શિષ્ય :—સિદ્ધમાં નય છે, કિંવા નથી?

ગુરૂ :— જે કારણરૂપ સાત નય છે, તે તો વ્યવહારરૂપ છે, તે માટે તે સિદ્ધમાં નથી. કેમકે સિદ્ધને તો કાર્ય સંપૂર્ણ નીપજ્યું છે, માટે તિહાં કારણનો ખપ નથી, તે નાસ્તે કારણરૂપ સાત નય તે સિદ્ધમાં ન પામીયે. અને જે જે નયે કાર્ય નિપન્યું તે કાર્ય સર્વે સિદ્ધમાં વર્તે છે, માટે કાર્યરૂપે જોતાં તો સિદ્ધમાં સાતે નય પામીયે. એનો વિસ્તારથી ખુલાસો આગળ બતાવશું.

૪૧૩—શિષ્ય :—એ સાત નયમાં દ્રવ્યનય કેટલા અને ભાવનય કેટલા?

ગુરૂ :—**શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી** તો એક નૈગમ, બીજો સંગ્રહ, ત્રીજો વ્યવહાર, અને ચોથો ઋજુસૂત્ર, એ ચાર નયમાં નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ત્રણ નિક્ષેપા તે દ્રવ્યાસ્તિકપણે માને છે તથા શબ્દાદિક ત્રણ નય તે ભાવનિક્ષેપે પર્યાયાસ્તિકપણે માને છે, અને **શ્રી સિદ્ધસેન દિવાકરજી** તો પ્રથમના ત્રણ નયમાં ત્રણ નિક્ષેપા તે દ્રવ્યાસ્તિકપણે માને છે અને ઋજુસૂત્રાદિક ચાર નય તે એકજ ભાવનિક્ષેપે પર્યાયાસ્તિકપણે માને છે,

ઈહાં સાપેક્ષપણે જોતાં બન્ને આચાર્યનું વચન પ્રમાણ છે, તે દેખાડે છે,

૪૧૪—વસ્તુની ત્રણ અવસ્થા છે. એક પ્રવૃત્તિ, બીજી સંકલ્પ અને ત્રીજી પરિણતિ.

તેમાં પ્રવૃત્તિ તે યોગવ્યાપારરૂપ ક્રિયા, અને સંકલ્પ તે ચેતનાના યોગ સહિત મનનો વિકલ્પ, માટે **શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ પ્રવૃત્તિધર્મ** તથા **સંકલ્પધર્મ** એ બેને ઔદયિક મિશ્રિતપણા માટે દ્રવ્યનિક્ષેપો કહેલો છે અને એક **પરિણતિધર્મ** તેને ભાવનિક્ષેપો કહે છે.

શ્રી સિદ્ધસેન દિવાકરજી તો વિકલ્પ તે જીવની ચેતના, માટે તેને ભાવનયમાં ગવેષે છે, અને પ્રવૃત્તિ તે વ્યવહારનય છે, તથા સંકલ્પ તે ઋજુસૂત્ર છે, અને પરિણતિ એક વચનપર્યાયરૂપ તે શબ્દનય અને સંકલ્પ વચનપર્યાયરૂપ તે સમભિરૂઢનય તથા વચનપર્યાય, અર્થપર્યાયરૂપ સંપૂર્ણ, તે એવંભૂતનય. એ ત્રણ નય શુદ્ધ છે અને ભાવધર્મમધ્યે મુખ્યભાવને ઉત્તરોત્તર સૂક્ષ્મતાના ગ્રાહક છે.

એ રીતે સંક્ષેપ અધિકારે નયનું સ્વરૂપ કહ્યું.

૪૧૫—હવે અઠ્ઠાવીશ ઉપનયનું સ્વરૂપ બતાવે છે:—

તિહાં પ્રથમ નૈગમનયના ત્રણ ભેદ કહે છે. એક વર્તમાને અતીતારોપણ નૈગમ, બીજો વર્તમાને અનાગતારોપણ નૈગમ, ત્રીજો વર્તમાન નૈગમ.

હવે સંગ્રહનયના બે ભેદ કહે છે:— એક સામાન્યસંગ્રહ અને બીજો વિશેષસંગ્રહ.

તથા વ્યવહારનયના બે ભેદ, એક શુદ્ધવ્યવહાર, બીજો અશુદ્ધવ્યવહાર.

તથા ઋજુસૂત્રનયના બે ભેદ, એક સૂક્ષ્મઋજુસૂત્ર, બીજો બાદર ઋજુસૂત્ર.

તથા શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત, એ ત્રણે નયનો એકેક ભેદ છે.

એ રીતે એ સાત નયના બાર ભેદ થયા.

હવે દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક એ બે નયના ભેદ કહે છે :—

તિહાં એક નિત્યદ્રવ્યાસ્તિક, બીજો એકદ્રવ્યાસ્તિક, ત્રીજો સત્ દ્રવ્યાસ્તિક, ચોથો વક્તવ્ય દ્રવ્યાસ્તિક, પાંચમો અશુદ્ધ–દ્રવ્યાસ્તિક, છટ્ઠો અન્વય દ્રવ્યાસ્તિક, સાતમો પરમ દ્રવ્યાસ્તિક, આઠમો શુદ્ધદ્રવ્યાસ્તિક, નવમો સત્તા દ્રવ્યાસ્તિક, અને દશમો પરમભાવગ્રાહક દ્રવ્યાસ્તિક.

એ રીતે દ્રવ્યાસ્તિકનયના દશ ભેદ છે, તે પૂર્વોક્ત બાર ભેદ સાથે મેળવતાં બાવીશ ભેદ થયા.

હવે જે પર્યાયને ગ્રહે, તે પર્યાયાસ્તિકનય, તેના છ ભેદ કહે છે.

એક દ્રવ્યપર્યાય, બીજો દ્રવ્યવ્યંજનપર્યાય, ત્રીજો ગુણપર્યાય, ચોથો ગુણવ્યંજનપર્યાય, પાંચમો સ્વભાવપર્યાય, છઠ્ઠો વિભાવપર્યાય, એ છ ભેદને પૂર્વોક્ત બાવીશ સાથે મેળવતાં અઠ્ઠાવીશ ઉપનય જાણવા.

એ સાત નય માંહેલા એકેક નયના સો–સો ભાંગા છે, તેથી સાતસે ભાંગા પણ જાણવા. એ સામાન્ય કથન કહયું.

૪૧૬—હવે શિષ્યને સમજાવવા વિશેષ અર્થ જૂદા જૂદા ભેદે કરી દેખાડે છે :—

તિહાં પ્રથમ મૂલનયથી પ્રારંભ કરે છે. તે મૂલ તો એક નિશ્ચય અને બીજો વ્યવહાર, એ બે નય છે. તેણે કરી સર્વ વસ્તુ પદાર્થનું જાણપણું કરવું. કેમકે :— **શ્રી ઉત્તરાધ્યયનમાં** ક્ષાયિક સમકિતી જીવને દશ જાતિની રૂચિનું જ્ઞાન પ્રગટે, તિહાં પ્રથમ નિસર્ગ રૂચિમાં કહયો છે, જે નિશ્ચય અને વ્યવહારનયે કરી તથા નૈગમાદિ સાત નયે કરી તથા ચાર નિક્ષેપે કરી જીવ–અજીવરૂપ નવ તત્ત્વ ષડ્દ્રવ્યનું સ્વરૂપ જ્ઞાનીની આજ્ઞા સાપેક્ષપણે જાણે, તેને નિશ્ચય સમકિતી જાણવા.

માટે પ્રથમ નિશ્ચય અને વ્યવહાર એ બે મૂલ નયનું સ્વરૂપ કહે છે :—

તિહાં પ્રથમ વ્યવહારનયના બે ભેદ છે. એક અશુદ્ધ-વ્યવહાર, અને બીજો શુદ્ધવ્યવહાર,

તેમાં અશુદ્ધ વ્યવહારના વળી પાંચ ભેદ છે, એક અશુદ્ધવ્યવહાર, બીજો ઉપચરિતવ્યવહાર ત્રીજો અશુભવ્યવ–હાર, ચોથો શુભવ્યવહાર, પાંચમો અનુપચરિત વ્યવહાર

અને છઠ્ઠો શુદ્ધવ્યવહાર એ છ ભેદે છે, તે વિસ્તારે કરી પ્રત્યેકે ઓળખાવે છે :—

૪૧૭— **પ્રથમ અશુદ્ધવ્યવહાર,** તે જે જીવને સત્તાએ રાગ,દ્વેષ અજ્ઞાનરૂપ અશુદ્ધતા ખાણના સુવર્ણની જેમ અનાદિકાલની લાગી છે, તે અશુદ્ધવ્યવહારનય જાણવો. અને એ અશુદ્ધતાની ચીકાશે કર્મરૂપ દળીયાં જીવને પ્રકૃતિ-રૂપ સત્તાપણે રહયા છે, તે સંગ્રહનયને મતે છે, તથાપિ વ્યવહારરૂપ જાણવા. અને નૈગમનયને મતે જીવે અતીત કાલે દળીયાં ગ્રહયા હતા, અને અનાગત કાલે ભોગવશે, તથા વર્તમાનકાલે સત્તાએ રહયા વર્તે છે, તથા તે દળીયાં સ્થિતિપાકે વ્યવહારનયે ઉદયરૂપલાવે અજ્ઞાનપણે અનુપયોગે એકેંદ્રિય, વિકલેંદ્રિયાદિ પ્રમુખ સંમૂર્ચ્છિમ જીવ ભોગવે છે, તે ઉદયભાવરૂપ વ્યવહારનય જાણવો,

એટલે એ અશુદ્ધવ્યવહારનયમાં એક નૈગમ, બીજો સંગ્રહ અને ત્રીજો વ્યવહાર, એ ત્રણ નય જાણવા.

૪૧૮—**બીજો ઉપચરિત વ્યવહારનય** કહે છે :

કોઈ જીવ ઘર–હાટ–વખાર–ભાઈ–પિતા–સ્ત્રી–કુટુંબ–પરિવાર–ગ્રામ–ગરાસ–નગર, દાસ–દાસી, વાણોતર, સિપાઈ, સુભટ આદિ અનેક પ્રકારની વસ્તુ તે પોતાથકી પ્રત્યક્ષપણે જૂદી છે, તેનો જીવ સ્વામીરૂપ કર્ત્તા થઈ, ઋજુસૂત્રના ઉપયોગ સહિત વર્તે તે ઉપચરિત વ્યવહારનય, કર્ત્તા જાણવો. ૧

તેની ચિકાશે કરી અશુભ કર્મરુપ દળીયાં જીવ ગ્રહણ કરે છે, તે દળીયાં ગ્રહવારૂપ વ્યવહારનય જાણવો. ૨

કોઇ જીવ દેરાસર, ઉપાશ્રય જ્ઞાનોપકરણ, પાટી, પોથી, નવકારવાલી, પ્રમુખ તથા દેવ, ગુરૂ, સાધર્મીપ્રમુખ ચારિત્રના ઉપકરણ તે સર્વ પોતાથી પ્રત્યક્ષપણે જૂદા છે, તેહનો જીવ કર્ત્તારૂપ થઈ ઋજુસૂત્રના ઉપયોગ સહિત વર્તે છે, તે પણ ઉપચરિત વ્યવહારનય જાણવો. ૩

તેની ચિકાશે શુભકર્મરૂપ દળીયાં ગ્રહણ કરે છે, તે ગ્રહવારૂપ વ્યવહારનય જાણવો. ૪

એટલે ઉપચરિતવ્યવહારનયે કરી શુભાશુભરૂપ બે પ્રકારે દળીયાંનું ગ્રહણ કરી તે દળીયાં જીવે પ્રકૃતિરૂપ સત્તા પણે બાંધ્યા, તે સંગ્રહનયને મતે છે, પણ વ્યવહારરૂપ જાણવા. ૫

તથા નૈગમનયને મતે અતીતકાલે દળીયાં ગ્રહ્યા હતા, અને આવતી કાલે ભોગવશે, તથા વર્તમાન કાલે પ્રકૃતિ સત્તાપણે રહયા છે, તે નૈગમનયે જાણવા. ૬

તે દળીયાં વ્યવહારનયને મતે ઉદયરૂપભાવે સમકિતી જીવ ઉલ્લાસપણે ન્યારા રહી ભોગવે છે, તે ભોગવવારૂપ [કારો] વ્યવહારનય જાણવો. ૭

મિથ્યાત્વી જીવ ઋજુસૂત્રના ઉપયોગ સહિત માંહે મળીને ભોગવે છે, તે બાધકરૂપ વ્યવહારનય જાણવો. ૮

એટલે ઉપચરિત વ્યવહારનયમાં નૈગમ, સંગ્રહ વ્યવહાર અને ઋજુસૂત્ર, એ ચાર નય જાણવા.

૪૧૯—ત્રીજો અશુભ વ્યવહારનય કહે છે :—

કોઇ જીવ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, વિનોદ નિંદા, ઈર્ષ્યા ચાડી, હિંસા, મૃષા, અદત્ત, મૈથુન ઈત્યાદિક અનેક પ્રકારે વિવાહ–વ્યાપાર–વાણિજ્ય કરણી, ઋજુસૂત્રના ઉપયોગ સહિત કરે તે, અશુભવ્યવહારનય જાણવો. ૧

તેની ચિકાશે અશુભકર્મરૂપ દળીયાંનું ગ્રહણ કરવું, ગ્રહવારૂપ વ્યવહારનય જાણવો. ૨

એ અશુભવ્યવહારનયે કરી જીવ કર્મરૂપ દળીયાંને ગ્રહણ કરીને પ્રકૃત્તિરૂપ સત્તાપણે બાંધે, તે સંગ્રહનયને મતે વ્યવહારરૂપ જાણવા. ૩

નૈગમનયને મતે જે અતીતકાલે દળીયાં ગ્રહયા હતા, અને અનાગતકાલે ભોગવશે, તથા વર્તમાનકાલે સત્તાએ રહયા છે, તે નૈગમનયે જાણવાં. ૪

તથા દળીયાં સ્થિતિપાકે વ્યવહારનયને મતે ઉદયરૂપભાવે સમકિતી જીવ ઉદાસપણે ન્યારા રહી ભોગવે છે, તે ભોગવાવારુપ [કોરો] વ્યવહારનય જાણવા. ૫

તથા મિથ્યાત્વી જીવ તો તે દળીયાંને ઋજુસૂત્રના ઉપયોગ સહિત, માંહે મળીને ભોગવે છે, તે બાધકરૂપ વ્યવહારનય જાણવો. ૬

એટલે અશુભ વ્યવહારનયમાં નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર, એ ચાર નય જાણવા.

૪૨૦—ચોથો શુભવ્યવહારનય કહે છે :—

કોઈ જીવ, દાન, શીયલ, તપ, ભાવ, કરૂણા, દયા, યતના, સેવા, ભક્તિ, પૂજા, પ્રભાવના, ઈત્યાદિ અનેક પ્રકારે ઋજુસૂત્રના ઉપયોગ સહિત કરણી કરે છે, તે શુભ-વ્યવહારનય જાણવો. ૧

તથા તેની ચિકાશે શુભકર્મરૂપ દળીયાંનું ગ્રહણ કરવું, તે ગ્રહવારૂપ વ્યવહારનય જાણવો. ૨

એ શુભવ્યવહારનયે કરી જીવે કર્મરૂપ દળીયાંને ગ્રહણ કરી પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા, તે સંગ્રહનયને મતે છે, પણ વ્યવહારરૂપ જાણવા. ૩

તથા નૈગમનયને મતે અતીતકાલે દળીયાંનું ગ્રહણ કર્યું હતું અને આવતી કાલે ભોગવશે તથા વર્તમાનકાલે સત્તાએ રહયા છે, તે નૈગમનયને મતે વ્યવહારરૂપ જાણવા. ૪

તથા તે દળીયાં સ્થિતિપાકે ઉદયરૂપભાવે સમકિતીજીવ, ઉદાસપણે ન્યારા રહી ભોગવે છે, તે ભોગવવારૂપ [કોરો] વ્યવહારનય જાણવો. ૫

અને મિથ્યાત્વીજીવ, ઋજુસૂત્રના ઉપયોગ સહિત, માંહે મળીને ભોગવે છે, તે બાંધકરૂપ વ્યવહારનય જાણવો. ૬

એટલે શુભ વ્યવહારનયમાં નૈગમ, સંગ્રહ, વ્યવહાર, અને ઋજુસૂત્ર, એ ચાર નય જાણવા.

૪૨૧—પાંચમા અનુપચરિત વ્યવહારનયનું સ્વરૂપ કહે છે :—

કોઈ જીવ ઋજુસૂત્રના ઉપયોગે અજાણપણે શરીરાદિ દ્રવ્યકર્મરૂપ પર વસ્તુ તે પોતાથી પ્રત્યક્ષપણે જુદી છે, તેને જીવ અજ્ઞાનને વશે કરી પોતાની કરી જાણે છે, તેને પોતાના શરીરને વિષે જીવબુદ્ધિ છે, તે અનુપચરિત વ્યવહાર નયે કર્તા જાણવો. ૧

તથા તે અશુભયોગે કરી વ્યવહારનયને મતે કર્મરૂપ દળીયાંનું ગ્રહણ કરી બાંધવું, તે ગ્રહવારૂપ વ્યવહારનય જાણવો ૨

તે દળીયાં પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા, તે સંગ્રહનયને મતે કર્મસત્તારૂપ છે, પણ વ્યવહારનયે જાણવા ૩

તથા નૈગમનયને મતે અતીતકાલે દળીયાં ગ્રહયાં હતા અને અનાગતકાલે ભોગવશે તથા વર્તમાનકાલે સત્તાએ બંધરૂપ રહયા છે, તે નૈગમનયને મતે વ્યવહારરૂપ જાણવા. ૪

તથા તે દળીયાં સ્થિતિપાકે વ્યવહારનયને મતે સમકિતી જીવ, ઉદયરુપભાવે ઉદાસપણે ન્યારા રહી ભોગવે છે, તે ભોગવવારુપ [કોરો] વ્યવહારનય જાણવો. ૫

વળી મિથ્યાત્વી જીવ, ઋજુસૂત્રના ઉપયોગ સહિત માંહે મળીને ભોગવે છે, તે બાધકરુપ વ્યવહારનય જાણવો. ૬

આ રીતે અનુપચરિત વ્યવહારનયમાં નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર, એ ચાર નય જાણવા.

એ રીતે અશુદ્ધવ્યવહારનયનો મૂલભેદ એક, તેના ઉત્તરભેદ પાંચ કહ્યા,

એ અશુદ્ધ વ્યવહારનયનો વિચાર સર્વ પ્રથમના નૈગમાદિક ચાર નયમાં જાણવો.

૪૨૨—હવે **શુદ્ધ વ્યવહારનયનું સ્વરૂપ** કહે છે :—

શબ્દનયને મતે સમકિતભાવથી માંડીને યાવત્ છઠ્ઠા સાતમા ગુણઠાણા પર્યંત સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ સર્વ શુદ્ધ વ્યવહારનયે વર્તે છે, તેમાં પાંચ નય પામીયે તે આવી રીતે :—

પ્રથમ **સંગ્રહનયને** મતે સિદ્ધ સમાન પોતાના આત્માની સત્તા અસંખ્યાત પ્રદેશરુપ છે. બીજે **નૈગમનયને** મતે આઠ રૂચક પ્રદેશ સદા કાલસિદ્ધ સમાન નિર્મલા છે. ત્રીજે **વ્યવહારનયને** મતે ઉપરથકી ગુણઠાણા માફક પોતાની કરણી કરે છે. ચોથે **ઋજુસૂત્રનયને** મતે સંસાર ઉદાસી વૈરાગ્યરૂપ પરિણામ વર્તે છે, પાંચમે **શબ્દનયને** મતે જીવ–અજીવરૂપ સ્વપરની વહેંચણ કરી જેવી હતી તેવીજ શુદ્ધિ નિર્મલ પોતાના આત્માની પ્રતીતિ કરી છે.

એ રીતે સમકિત ભાવથી માંડીને યાવત્ છઠ્ઠા–સાતમા ગુણઠાણા પર્યંત ઉપરથકી વ્યવહારદ્રષ્ટિએ જોતાં એક શબ્દ-નય કહીયે અને અંતરંગ નિશ્ચય દ્રષ્ટિયે પાંચ નય જાણવા.

એ શબ્દનયને મતે શુદ્ધવ્યવહારનું સ્વરૂપ કહ્યું.

૪૨૩—**સમભિરૂઢનયને** મતે શુદ્ધવ્યવહારનયનું સ્વરૂપ ઓળખાવે છે :–

એ સમભિરૂઢનયને મતે આઠમા–નવમા ગુણઠાણાથી માંડીને યાવત્ તેરમા–ચૌદમા ગુણઠાણા પર્યંત કેવલી ભગવાન્ તે શુદ્ધ વ્યવહારનયે વર્તે છે, તેમાં છ નય પામીયે. તે આવી રીતે :—

સંગ્રહનયને મતે સિદ્ધ સમાન પોતાના આત્માની સત્તા આગળ ઓળખી હતી, તેવી શુદ્ધ નિર્મલપણે પ્રગટ છે. ૧

નૈગમનયને મતે રૂચક પ્રદેશ આગલ નિરાવરણ હતા, તે તેવાને તેવાજ વર્તે છે. ૨

તથા વ્યવહારનયને મતે અંતરકરણીરૂપ સ્વરૂપમાં રમવારૂપ ક્રિયા કરે છે. અને બાહ્યકરણીરૂપ ક્રિયા પણ સાચવે છે. ૩

તથા ઋજુસૂત્રનયને મતે શુદ્ધ ઉપયોગમાં વર્તે છે. ૪

શબ્દનયને મતે ક્ષાયિક સમ્યક્ત્વરૂપ ગુણ પ્રગટયો છે, તે પણ પોતાની પાસે છે. ૫

તથા સમભિરૂઢનયને મતે શુકલ ધ્યાનરૂપ શ્રેણિ ભાવના બીજા–ત્રીજા પાયા અંતરાલે રહ્યા વર્તે છે. ૬

એ રીતે શ્રેણીભાવ પર્યંત કેવલી ભગવાનના સ્વરૂપમાં ઉપરથકી વ્યવહારદ્રષ્ટિએ જોતાં તો એક સમભિરૂઢ નય કહીયે અને અંતરંગ નિશ્ચયદ્રષ્ટિએ જોતાં તો છ નય જાણવા.

એ રીતે શબ્દ–સમભિરૂઢનયને મતે શુદ્ધ વ્યવહાર-નયનું સ્વરૂપ જાણવું.

૪૨૪—શુદ્ધ નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ કહે છે:–

શુદ્ધ નિશ્ચયનય કાર્ય તો જે એવંભૂતનયને મતે અષ્ટ કર્મને ક્ષયે અષ્ટગુણસંપન્ન લોકને અંતે વિરાજમાન સાદિ અનંતમે ભાંગે વર્તતા એવા સિદ્ધ પરમાત્મા તે શુદ્ધ નિશ્ચયનય જાણવા. તેમાં સાતે નય પામીયે.

તિહાં નૈગમનયને મતે સિદ્ધ પરમાત્માને આઠ રૂચક પ્રદેશ, અતીતકાલે નિરાવરણ હતા, તથા આવકાલે નિરાવરણ વર્તશે અને વર્તમાનકાલે પણ નિરાવરણ વર્તે છે.

બીજે સંગ્રહનયને મતે પોતાના આત્માની સત્તા અંતરંગ શુદ્ધ નિર્મલપણે જેવી હતી, તેવીજ નિરાવરણપણે પ્રગટ કરી છે.

ત્રીજે વ્યવહારનયને મતે પલટાતા સ્વભાવે સમયે સમયે નવનવા જ્ઞેયની વર્ત્તનારૂપ પર્યાયનો ઉત્પાદ–વ્યય થઇ રહ્યો છે.

ચોથે ઋજુસૂત્રનયને મતે સિદ્ધ પરમાત્મા પોતાના પારિણામિકભાવે રહ્યા સામાન્ય-વિશેષરૂપ ઉપયોગમાં સદાકાલ વર્તે છે.

પાંચમે શબ્દનયને મતે આગલ જીવ—અજીવની વહેંચણ કરી ક્ષાયિક સમકિતરૂપ ગુણ પ્રગટયો છે, તે પણ પોતા પાસે છે.

છઠ્ઠે સમભિરૂઢનયને મતે અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી છે, તે પણ પોતાની પાસે છે.

સાતમે એવંભૂતનયને મતે સિદ્ધ પરમાત્મા અષ્ટ કર્મને ક્ષયે અષ્ટગુણ પ્રગટ કરી લોકને અંતે વિરાજમાન વર્તે છે.

એ રીતે સિદ્ધના સ્વરૂપમાં અંતરંગદ્રષ્ટિએ જોતાં કાર્યરુપ સાતે નય પામીયે. અને ઉપરથકી વ્યવહારદ્રષ્ટિએ જોતાં તો એક એવંભૂતનય જાણવો.

એ રીતે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સામાન્ય પ્રકારે કરી જાણવું.

૪૨૫—હવે દ્રવ્ય-ભાવનું સ્વરુપ સાતે નયે ઓળખવારૂપ લખીયે છીએ :-

તિહાં પ્રથમ દ્રવ્યનું સ્વરુપ ઓળખવારુપ છે.

નૈગમ અને સંગ્રહનયે કરી સર્વ જીવદ્રવ્ય સત્તાએ એકરુપ છે, તેને પ્રથમ સત્તારૂપ દ્રવ્ય કહીએ.

હવે બીજું કર્મરુપદ્રવ્ય ઓળખાવે છે :—

જે જીવને પ્રકૃતિરુપ સત્તાએ શુભાશુભ કર્મના દળીયા બાંધ્યા છે, તેને પણ નૈગમ અને સંગ્રહનયને મતે કરી કર્મ સત્તારુપ દ્રવ્ય કહીએ.

ત્રીજું વ્યવહારનયને મતે તે દળીયાનો ઉદય થયો, તે ઉદયભાવરૂપદ્રવ્ય કહીએ, તે ભોગવવારુપદ્રવ્ય જાણવું.

ચોથું વ્યવહારનયને મતે અનુપયોગે સમ્મૂર્ચ્છિમ પ્રાયઃ શુભાશુભરુપ કરણી કરવી, તે ચોથું કરણીરૂપ દ્રવ્ય જાણવું.

પાંચમું ઋજુસૂત્રનયને મતે ઉપયોગ સહિત શુભાશુભ પરિણામે કરી કર્મના દળીયાનું ગ્રહણ કરવું, તે પાંચમું કર્મ ગ્રહવારૂપ દ્રવ્ય જાણવું.

છઠ્ઠું વળી પણ ઋજુસૂત્રનયને મતે શુભાશુભ પરિણામે કરી ઉપરથકી જે કરણી કરવી,તે કરણીરૂપ દ્રવ્ય જાણવું. તે પણ બાધકરૂપ દ્રવ્ય જાણવું.

સાતમું શબ્દનયને મતે ઋજુસૂત્રના ઉપયોગ સહિત ચોથા ગુણઠાણાથી માંડી યાવત્ છઠ્ઠા–સાતમા ગુણઠાણા પર્યંત ઉપરથકી કરણી કરવી, તે સાધકરૂપ દ્રવ્ય જાણવું.

આઠમું તે જીવને અંતર કરણીરૂપ ઉપયોગ વર્તે છે, ઉપરના નયની અપેક્ષાએ તેને સાધકરૂપ દ્રવ્ય કહીએ.

નવમું વળી સમભિરૂઢનયને મતે ઋજુસૂત્રના ઉપયોગ સહિત જે જીવ, શ્રેણીભાવે કેવલી પ્રમુખ વર્તે છે, તે ઉપરથકી કરણી કરે છે, તે પણ સાધકરૂપ દ્રવ્ય જાણવું.

દશમું અંતરંગ શ્રેણિરૂપ કરણી કરે છે, તે પણ ઉપરના નયની અપેક્ષાએ જોતાં સાધકરૂપદ્રવ્ય કહીયે.

અગીયારમું જે જીવ, એવંભૂતનયને મતે લોકને અંતે વર્તે છે એવા સિદ્ધ પરમાત્માને પર્યાયનો ઉત્પાદ, વ્યય સમયે સમયે થઇ રહ્યો છે, તે **અંતરકરણીરૂપ** દ્રવ્ય જાણવું.

એ સાત નયે કરી દ્રવ્યનું સ્વરૂપ કહ્યું.

૪૨૬—હવે સાત નયે કરી ભાવનું સ્વરૂપ કહે છે :—

પ્રથમ **નૈગમ** અને **સંગ્રહનયને** મતે જે જીવને સત્તાએ કર્મના દળીયા બાંધ્યા છે, તેનો ઉદય થયો તે **કર્મઉદયરૂપ ભાવ** જાણવો.

બીજો **ઋજુસૂત્રનયને** મતે શુભાશુભ પરિણામે કરી જે કર્મરૂપ દળીયાનું ગ્રહણ કરવું, તે **કર્મ ગ્રહવારૂપ ભાવ** જાણવો.

ત્રીજો **શબ્દનયને** મતે ઋજુસૂત્રના ઉપયોગ સહિત સ્વ–પરની વહેંચણ કરી જીવ–અજીવને જુદા જુદા વહેંચવા તે **સાધકરૂપ** ભાવ જાણવો.

ચોથો **સમભિરૂઢનયને** મતે શ્રેણિભાવે જે જીવ વર્તે છે, તે પણ હેઠલા નયની અપેક્ષાએ સાધકરુપ ભાવ જાણવો.

પાંચમો **એવંભૂત નયને** મતે જે જીવને અવ્યાબાધ સુખ પ્રગટયું, તે સ્વરુપભોગીરુપ ભાવ જાણવો.

હવે નિશ્ચય અને વ્યવહાર એ બે મૂલ નય છે, તેણે કરી જાણવારૂપ નવ તત્ત્વ, ષદ્રવ્યનું સ્વરૂપ લખીયે છીએ :—

૪૨૭—પ્રથમ જીવાદિ છ તત્ત્વનું સ્વરૂપ કહે છે :—

નિશ્ચયનયે કરી સર્વ જીવ સત્તાએ એકરૂપ સરખા સિદ્ધ સમાન શાશ્વતા છે, અને વ્યવહારનયે કરી જીવની અનેક ભાંતી દેવતા, નારકી, તિર્યંચ, મનુષ્યરૂપ જાણવી.

તથા કોઈ જીવ, શુભ પરિણામે કરી પુણ્યરૂપ આશ્રવના દળીયા બાંધે, તેને અજીવ કહીએ. તે નિશ્ચયનયે કરી છાંડવા યોગ્ય છે અને વ્યવહારનયે કરી આદરવા યોગ્ય છે.

વળી કોઈ જીવ અશુભ પરિણામે કરી પાપરૂપ આશ્રવના દળીયા બાંધે, તેને અજીવ કહીએ, તે નિશ્ચય નયે કરી છાંડવા યોગ્ય છે, અને વ્યવહારનયે કરી પણ છાંડવા યોગ્ય છે.

એટલે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ એ છ તત્ત્વમાં નિશ્ચય–વ્યવહાર કહેવાયા.

૪૨૮—**હવે સાતમા સંવર તત્ત્વનું સ્વરૂપ કહે છે :—**

વ્યવહાર નયે કરી સંવરનું સ્વરૂપ તે નિવૃત્તિ –પ્રવૃત્તિરૂપ ચારિત્ર જાણવું અને નિશ્ચયનયે કરી તો પોતાના સ્વરૂપમાં રમણ કરવું, તે સંવર જાણવો.

૪૨૯— હવે આઠમા નિર્જરા તત્ત્વનું સ્વરૂપ કહે છે :—

વ્યવહાર નયે કરી નિર્જરાના બાર ભેદ જાણવા, અને નિશ્ચયનયે કરી નિર્જરાનું સ્વરૂપ તો, સર્વ પ્રકારે ઇચ્છાનો રોધ કરી સમતા ભાવે પ્રવર્તવું તે જાણવું.

૪૩૦— હવે મોક્ષ નિઃકર્માવસ્થાનું સ્વરૂપ કહે છે :—

વ્યવહારનયે કરી મોક્ષ તો તેરમે, ચૌદમે ગુણઠાણે કેવલીને કહીયે અને નિશ્ચયનયે મોક્ષપદ તે સકલ કર્મ ક્ષય કરી લોકને અંતે વિરાજમાન એવા સિદ્ધ પરમાત્માને જાણવો.

એ રીતે નવ તત્ત્વનું સ્વરૂપ નિશ્ચય અને વ્યવહારનયે કરી ધારવું.

૪૩૧—ષડ્દ્રવ્યનું સ્વરૂપ નિશ્ચય-વ્યવહારરૂપનયે કરી ઓળખાવે છે :—

તેમાં પ્રથમ જીવ દ્રવ્યનું સ્વરૂપ તો આગળ કહયું, તે રીતે જાણવું.

તથા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, એ બે દ્રવ્યનું સ્વરુપ સાથે કહે છે :—

તિહાં નિશ્ચયનય થકી એ બે દ્રવ્ય લોકવ્યાપી સ્કંધ અસંખ્યાત પ્રદેશરૂપ શાશ્વતો છે અને વ્યવહારનયે કરી એ બે દ્રવ્યના દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ જાણવા.

હવે આકાશાસ્તિકાય દ્રવ્યનું સ્વરૂપ કહે છે.

તિહાં નિશ્ચયથકી તો આકાશાસ્તિકાયનો સ્કંધ લોકાલોકવ્યાપી અનંત પ્રદેશી શાશ્વતો છે, તથા વ્યવહારનયે કરી દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ જાણવા.

હવે કાલદ્રવ્યનું સ્વરૂપ કહે છે:-

નિશ્ચયથકી કાલદ્રવ્યનો એક સમય તે સદાકાલ લોકમાં શાશ્વતો વર્તે છે અને વ્યવહારનયે કરી કાલ તે ઉત્પાદ વ્યયરૂપ પલટાતા સ્વભાવવાળો જાણવો.

હવે પુદ્ગલદ્રવ્યનું સ્વરૂપ કહે છે.

નિશ્ચયનયે કરી પુદ્ગલ દ્રવ્યના અનંતા પરમાણુઓ લોકમાં સદાકાલ શાશ્વતા વર્તે છે અને વ્યવહારનયે કરી પુદ્ગલના સ્કંધ સર્વે અશાશ્વતા જાણવા.

એ રીતે નિશ્ચય અને વ્યવહારથકી ષડ્દ્રવ્ય, નવતત્ત્વનું સ્વરૂપ જાણવું.



હવે નૈગમાદિ સાત નયે કરી સર્વ વસ્તુનું જાણુપણું કરવાના લક્ષ્યથી **જિનદાસ** નામા શેઠ શ્રાવકપુત્ર પ્રત્યે પ્રશ્ન પૂછે અને શ્રાવકપુત્ર **જિનદાસ** શેઠને ઉત્તર આપે છે; એવી રીતના વ્યાખ્યાનરૂપે કહે છેઃ—

૪૩૨–**જિનદાસ** શેઠઃ—સાત નયમાં **નૈગમનયે** કરી ષડ્દ્રવ્યનું સ્વરૂપ જાણુવામાં પ્રથમ **નૈગમનયે** કરી **ધર્માસ્તિકાયનું** સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવક પુત્રઃ—**નૈગમનયને** મતે **ધર્માસ્તકાય** એવું નામ કહીયે. કેમકે **નૈગમનયના** મતવાળો ત્રણે કાલ વસ્તુને એકરૂપપણે માને છે, એટલે અતીતકાલે ધર્માસ્તિકાય એવું નામ હતું, અને અનાગતકાલે ધર્માસ્તિકાય એવું નામ રહેશે, તથા વર્તમાનકાલે પણ ધર્માસ્તિકાય એવું નામ વર્તે છે.

૪૩૩–**જિનદાસઃ**—સંગ્રહનયે કરી ધર્માસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો સત્તાનું ગ્રહણ કરે છે, માટે સંગ્રહનયને મતે અસંખ્યાત પ્રદેશરૂપ સત્તા સહિત તે ધર્માસ્તિકાય કહીયે.

૪૩૪–**જિનદાસઃ**—વ્યવહારનયે કરી ધર્માસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો જેવો ઉપરથકી દેખે, તેવો ભેદ વહેંચે, માટે વ્યવહારનયને મતે સ્કંધ, દેશ, પ્રદેશરૂપ ધર્માસ્તિકાય જાણુવો.

૪૩૫ **જિનદાસઃ**—ઋજુસૂત્ર નયને મતે ધર્માસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવક પુત્રઃ—એ નયના મતવાળો પારિણામિક ભાવ ગ્રહે છે, માટે ભાવથકી ધર્માસ્તિકાય અનેક જીવ પુદ્ગલને ચલન સહાયરૂપ ભાવપણે પરિણમે છે,

એ રીતે ધર્માસ્તિકાયમાં ચાર નય જાણવા.

૪૩૬–**જિનદાસઃ**—નૈગમનયને મતે અધર્માસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—નૈગમનયને મતે અધર્માસ્તિકાય એવું નામ કહીયે.

કેમકે નૈગમનયના મતવાળો ત્રણે કાલ વસ્તુને એક રૂપપણે માને છે, એટલે અતીતકાલે પણ અધર્માસ્તિકાય એવું નામ હતું, અને અનાગત કાલે પણ અધર્માસ્તિકાય એવું નામ વર્તશે, તથા વર્તમાનકાલે પણ એ નામ વર્તે છે.

૪૩૭–**જિનદાસઃ**—સંગ્રહનયને મતે અધર્માસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો સત્તાનું ગ્રહણ કરે છે, માટે સંગ્રહનયને મતે અધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશરૂપ સત્તા સહિત લોકમાં સદાકાલ શાશ્વતો વર્તે છે.

૪૩૮–**જિનદાસઃ**—વ્યવહારનયને મતે અધર્માસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો જેવો ઉપરથકી દેખે, તેવો ભેદ વહેંચે, માટે વ્યવહારનયને મતે સ્કંધ, દેશ, પ્રદેશરૂપ અધર્માસ્તિકાય જાણવો.

૪૩૯–**જિનદાસઃ**—ઋજુસૂત્રનયને મતે અધર્માસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો પારિણામિક ભાવ ગ્રહે છે, માટે ભાવથકી અધર્માસ્તિકાય અનેક જીવ પુદ્ગલને સ્થિરસહાયરૂપ ભાવપણે પરિણમે છે.

એ રીતે અધર્માસ્તિકાયમાં ચાર નય જાણવા.

૪૪૦–**જિનદાસઃ**—આકાશાસ્તિકાયમાં નૈગમનયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—નૈગમનયને મતે આકાશાસ્તિકાય એવું નામ કહીયે. કેમકે નૈગમનયના મતવાળો ત્રણે કાલ વસ્તુને એક રૂપપણે માને છે, એટલે અતીતકાલે આકાશાસ્તિકાય એવું નામ હતું, અને અનાગતકાલે આકાશાસ્તિકાય એવું નામ રહેશે, તથા વર્તમાનકાલે આકાશાસ્તિકાય એવું નામ વર્તે છે.

૪૪૧–**જિનદાસઃ**—સંગ્રહનયને મતે આકાશાસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો સત્તાનું ગ્રહણ કરે છે, માટે સંગ્રહનયને મતે અનંત પ્રદેશરૂપ સત્તા સહિત તે આકાશાસ્તિકાય દ્રવ્ય કહીયે.

૪૪૨–**જિનદાસઃ**––વ્યવહારનયને મતે આકાશાસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવક પુત્રઃ––એ નયના મતવાળો જેવો ઉપરથી દેખે, તેવો ભેદ વહેંચે, માટે વ્યવહારનયને મતે સ્કંધ, દેશ, પ્રદેશરૂપ આકાશાસ્તિકાય જાણવો.

૪૪૩–**જિનદાસઃ**––ઋજુસૂત્રનયને મતે આકાશાસ્તિકાયનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ––એ નયના મતવાળો પારિણામિક ભાવ ગ્રહે છે, માટે ભાવથકી આકાશાસ્તિકાય અનેક જીવ પુદ્ગલને અવગાહનારૂપ ભાવપણે પરિણમે છે.

એ રીતે આકાશાસ્તિકાયમાં ચાર નય જાણવા.

૨૪૪–**જિનદાસઃ** નૈગમનયને મતે કાલદ્રવ્યનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ––નૈગમનયને મતે કાલ એવું નામ કહીયે. કેમકે નૈગમનયના મતવાળો ત્રણે કાલ વસ્તુને એક રૂપપણે માને છે, એટલે અતીતકાલે કાલ એવું નામ હતું, તથા અનાગતકાલે પણ કાલ એવું નામ રહેશે અને વર્તમાન કાલે કાલ એવું નામ વર્તે છે.

૪૪૫–**જિનદાસઃ**––સંગ્રહનયને મતે કાલ દ્રવ્યનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ––એ નયના મતવાળો સત્તાને ગ્રહે છે, તે માટે સંગ્રહનયને મતે કાલનો એક સમય, સત્તારૂપ સદાકાલ લોકમાં શાશ્વતો વર્તે છે.

૪૪૬–જિનદાસઃ––વ્યવહારનયને મતે કાલદ્રવ્યનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ––વ્યવહારનયને મતે કાલના ત્રણ ભેદ કહીયે. તિહાં અતીતકાલ તે અનંતા સમય ગયા અને અનાગત કાલ તે અનંતા સમય આવશે, તથા વર્તમાન કાલ તે એક સમય વર્તે છે, એમ અનેક ભેદ જાણવા.

૪૪૭ જિનદાસઃ—ઋજુસૂત્રનયને મતે કાલનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો પારિણામિક ભાવ ગ્રહે છે, માટે એ નયને મતે કાલદ્રવ્ય જીવ, અજીવરૂપ સર્વ વસ્તુમાં નવી નવી પુરાણી વર્તનારૂપ ભાવપણે સદાકાલ પરિણમી રહ્યો છે.

એ રીતે કાલદ્રવ્યમાં ચાર નય જાણવા.

૪૪૮–જિનદાસઃ—નગમનયને મતે પુદ્ગલાસ્તિકાય-દ્રવ્યનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—નૈગમનયને થતે પુદ્ગલાસ્તિકાય એવું નામ કહીયે, કારણ નૈગમનયના મતવાળો ત્રણે કાલ વસ્તુને એકરૂપપણે માને છે, એટલે અતીતકાલે પુદ્ગલ દ્રવ્ય એવું નામ હતું તથા અનાગતકાલે પણ પુદ્ગલ દ્રવ્ય એવું નામ રહેશે અને વર્તમાન કાલે તે નામ વર્તે છે.

૪૪૯–જિનદાસઃ—સંગ્રહનયને મતે પુદ્ગલ દ્રવ્યનું સ્વરુપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્ર :—એ નયના મતવાળો સત્તાનું ગ્રહણ કરે છે, માટે સંગ્રહનયને મતે પુદ્ગલ દ્રવ્યનો સત્તા રૂપ એક પરમાણું, એવા અનંત પરમાણુઓ લોકમાં સદા-કાલ શાશ્વતા વર્તે છે.

૪૫૦–જિનદાસ:– વ્યવહાર નયને મતે પુદ્ગલ દ્રવ્ય નું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્ર :–એ નયના મતવાળો ગ્રાહ્યથકી જેવું સ્વરુપ દેખે, તેવા ભેદ વહેંચે, માટે વ્યવહાર નયને મતે પુદ્ગલના બે ભેદ કહીયે. એક સ્કંધ, બીજા પરમાણુઓ,

વળી તે સ્કંધના બે ભેદ, એક તો જીવને લાગ્યા તે જીવ સહિત સ્કંધ જાણવા, બીજા જીવ રહિત અજીવ સ્કંધ તે ઘડા પ્રમુખના જાણવા.

વળી જીવ સહિત સ્કંધના બે ભેદ, એક સૂક્ષ્મ અને બીજા બાદર,

તેમાં સૂક્ષ્મના ચાર ભેદ તે **ભાષા, ઉચ્છવાસ, મન અને કાર્મણ** એ ચાર, વર્ગણારૂપ જાણવા.

તથા બાદરના ચાર ભેદ તે **ઔદારિક વૈક્રિય, આહારક, તૈજસ** એ ચાર વર્ગણારુપ જાણવા.

તિહાં પ્રથમ જે ચાર વર્ગણા સૂક્ષ્મ કહી તેમાં ચાર સ્પર્શ, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, એ સોળ ગુણ જાણવા. તથા બાદર ચાર વર્ગણામાં પાંચ વર્ણ, પાંચ રસ, આઠ સ્પર્શ અને બે ગંધ, એ વીશ ગુણ જાણવા

અને એક પરમાણુમાં બે સ્પર્શ, એક વર્ણ, એક રસ, એક ગંધ, એ પાંચગુણ જાણવા.

એ રીતે વ્યવહારનય ઉપરથકી દેખે, તેવા ભેદ વહેંચે.

૪૫૧—જિનદાસ :—ઋજુસૂત્રનયને મતે પુદ્ગલ દ્રવ્યનું સ્વરુપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્ર :—એ નયના મતવાળો પારિણામિક ભાવ ગ્રહે છે, માટે એને મતે પુદ્ગલ પરમાણુઓને માંહોમાંહે અનાદિકાળનું મલવા-વિખરવારુપ, પૂરણ-ગલન ભાવરુપ પરિણામીપણું વર્તી રહ્યું છે.

એ પુદ્ગલ દ્રવ્યમાં ચાર નય જાણવા.

૪૫૨—જિનદાસ :—નૈગમનયને મતે જીવદ્રવ્યનું સ્વરુપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—નૈગમનયના મતવાળો એક અંશ ગ્રહીને સર્વ વસ્તુ સંપૂર્ણપણે માને, એટલે સર્વ જીવની ચૈતન્ય અક્ષરને અનંતમે ભાગે ઉઘાડી છે, તિહાં કર્મ આવરણ લાગતા નથી, માટે નૈગમનયને મતે સર્વ જીવ એકરુપ કહીયે.

૪૫૩—જિનદાસ :—સંગ્રહનયને મતે જીવનું સ્વરુપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્ર :—એ નયના મતવાળો સત્તાનું ગ્રહણ કરે છે, એટલે સર્વ જીવની સત્તા અસંખ્યાત પ્રદેશરૂપ એક સમાન (સરખી) છે, માટે સંગ્રહનયને મતે કરી સર્વ જીવ સત્તાયે એકરૂપ જાણવા.

જિનદાસ :—વ્યવહાર નયને મતે જીવનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્ર :—એ નયના મતવાળો બાહ્યથકી જેવું સ્વરૂપ દેખે, તેવા ભેદ વહેંચે, માટે વ્યવહારનયને મતે કરી જીવના બે ભેદ. તેમાં એક તો સકલ કર્મનો ક્ષય કરી લોકને અંતે વિરાજમાન થયેલા સિદ્ધ જીવ જાણવા, અને બીજા સંસારી જીવ જાણવા.

તે સંસારી જીવના વળી બે ભેદ. એક તો ચૌદમા ગુણઠાણાના જીવ અયોગી અને બાકી બીજા સર્વ સયોગી જાણવા.

તે સયોગીના બે ભેદ. એક તેરમા ગુણઠાણાના જીવ તે કેવલી ભગવાન્ અને બાકી બીજા સર્વ છદ્મસ્થ.

તે છદ્મસ્થના વળી બે ભેદ. એક બારમા ગુણઠાણાવાળા ક્ષીણમોહી અને બાકી બીજા ઉપશાંતમોહી.

તે ઉપશાંતમોહીના બે ભેદ, એક અગીયારમા ગુણઠાણાના જીવ તે અકષાયી અને બાકી બીજા સર્વે સકષાયી.

તે સકષાયીના બે ભેદ, એક દશમા ગુણઠાણાના જીવ તે **સૂક્ષ્મકષાયી** અને બીજા સર્વે **બાદરકષાયી.**

તે **બાદરકષાયી**ના બે ભેદ, એક આઠમા–નવમા ગુણઠાણાના જીવ તે **શ્રેણિપ્રતિપન્ન** અને બાકી બીજા **મિથ્યાત્વી.**

તે **શ્રેણિરહિત**ના વળી બે ભેદ, એક સાતમા ગુણઠાણાના જીવ તે **અપ્રમાદી** અને બાકી બીજા સર્વે **પ્રમાદી.**

તે પ્રમાદીના બે ભેદ એક **સર્વવિરતિ**, બીજા દેશ-વિરતિ.

તે **દેશવિરતિ**ના બે ભેદ એક **વિરતિ પરિણામ**-વાળા, બીજા **અવિરતિ પરિણામ**વાળા જીવ.

તે **અવિરતિ** ના બે ભેદ, એક **અવિરતિ સમકિતી**, બીજા **મિથ્યાત્વી.**

તે **મિથ્યાત્વી**ના બે ભેદ, એક **ભવ્ય**, બીજા **અભવ્ય.**

ભવ્યના બે ભેદ, એક **ગ્રંથિભેદી**, બીજા **ગ્રંથિ-અભેદી.**

એ રીતે વ્યવહારનયના મતવાળો જેવા દેખે, તેવા ભેદ વદેંચે.

વળી પ્રકારાંતરે જીવના બે ભેદ, એક ત્રસ અને બીજા સ્થાવર.

તેમાં પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને વનસ્પતિ, એ પાંચ પ્રકારના સ્થાવર જીવ તે પાંચ સૂક્ષ્મ અને પાંચ બાદર મળી દશ ભેદ થાય. તે વળી પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી વીશ ભેદ થાય. તથા તેની સાથે પ્રત્યેક વનસ્પતિનો એક ભેદ પર્યાપ્તો અને બીજો ભેદ અપર્યાપ્તો મેળવતા બાવીશ ભેદ સ્થાવરના થાય.

હવે ત્રસ જીવના ભેદ કહે છે. દેવતા, નારકી, તિર્યંચ અને મનુષ્ય, એ સર્વ જીવના મૂળ ચાર ભેદ છે. તેમાં દેવતાના નવાણુ ભેદ પર્યાપ્તા અને નવાણુ અપર્યાપ્તા મળી ૧૯૮ ભેદ છે,

તથા સાતે નારકીના સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા મળી ચૌદ ભેદ થાય.

તથા મનુષ્યના એકસો એક ક્ષેત્રના ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા, ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા અને ૧૦૧ સમ્મૂર્ચ્છિમ, અપર્યાપ્તા એ રીતે સર્વ મળી ૩૦૩ ભેદ થાય.

તથા બે ઇન્દ્રિય તે ઇઇન્દ્રિય અને ચ ઉરિંદ્રિય, એ ત્રણ વિકલેંદ્રિય તિર્યંચના પર્યાપ્તા તથા અપર્યાપ્તા કરતા છ ભેદ થાય.

તથા પંચેંદ્રિય તિર્યંચના એક જલચર, બીજા ચતુષ્પદ ત્રીજા ઉરઃપરિસર્પ. ચોથા ભુજપરિસર્પ અને પાંચમા

ખેચર, એ પાંચ સમ્મૂર્ચ્છિમ અને પાંચ ગર્ભજ મળી દશ ભેદ થાય. તે વળી દશ પર્યાપ્તા અને દશ અપર્યાપ્તા મળી (૨૦) વીશ ભેદ થાય.

એ રીતે ૨૨ ભેદ સ્થાવરના, ૧૯૮ દેવતાના, ૧૪ નારકીના, ૩૦૩ મનુષ્યના, ૬ વિકલેંદ્રિયના, ૨૦ પંચેંદ્રિય તિર્યંચના, મલી ૫૬૩ ભેદ વ્યવહારનયને મતે જાણવા.

૪૫૫–જિનદાસઃ—ઋજુસૂત્રનયને મતે જીવનું સ્વરૂપ કેમ જાણીએ ?

શ્રાવકપુત્ર :— એ નયના મતવાળો પારિણામિક ભાવ ગ્રહે છે, માટે જે સમયે જે ઉપયોગરૂપ પરિણામ વર્તે તે સમયે તે જીવને તેવો કહી બોલાવે, એટલે તેણે ઈન્દ્રિયાદિક ભેદ સર્વે ટાળ્યા, પણ જ્ઞાન–અજ્ઞાનનો ભેદ ન ટાળ્યો.

૪૫૬–જિનદાસઃ—શબ્દનયને મતે જીવનું સ્વરૂપ કેમ જાણીએ ?

શ્રાવકપુત્રઃ— એ નયના મતવાળો જીવનો સમકિતભાવ ગ્રહણ કરે છે, માટે જીવ–અજીવરૂપ સ્વરૂપનું જાણપણું કરી શદ્ધ નિર્મલપણે પોતાના આત્માની જેણે પ્રતીતિ કરી છે, તેને શબ્દનયના મતવાળો જીવ કહી બોલાવે.

૪૫૭–જિનદાસઃ—સમભિરૂઢનયને મતે જીવ કોને કહીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો શ્રેણિભાવ ગ્રહણ કરે છે, માટે જેણે શુકલધ્યાન રૂપાતીત પરિણામ ક્ષપક શ્રેણિયે ઘાતીકર્મને ચૂરી અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી, તેને સમભિરૂઢનયને મતે જીવ કહીયે. એટલે એ નયવાળો તેરમે—ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાનને જીવ કહી બોલાવે.

૪૫૮-**જિનદાસઃ**—એવંભૂતનયને મતે જીવનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—એ નયના મતવાળો સંપૂર્ણ ભાવ રૂપ વસ્તુ માને છે, માટે જે સકલ કર્મને ક્ષયે અનંત ગુણરૂપ લક્ષ્મી પ્રગટ કરી લોકને અંતે વિરાજમાન અવ્યાબાધ સુખના ભોગી થયા, તેને જીવ કહી બોલાવે, એટલે એ નયના મતવાળો સિદ્ધિ અવસ્થામાં જે ગુણ હતા, તે ઈહાં ગ્રહણ કર્યા.

એ રીતે ષડ્દ્રવ્યનું સ્વરૂપ સાત નયે કરી બતાવ્યું.

૪૫૯-**જિનદાસઃ**—સાતે નયે કરી નવતત્ત્વનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—આગળ ષડ્દ્રવ્યરૂપ જીવતત્ત્વ અને અજીવ તત્ત્વનું સ્વરૂપ તો બતાવ્યું, શેષ સાત તત્ત્વનું સ્વરૂપ સાત નયે કરી જાણવું રહ્યું.

૪૬૦–જિનદાસઃ—પુણ્યાદિક સાત તત્ત્વનું સ્વરૂપ સાત નયે કરી કેમ જાણીયે?

શ્રાવકપુત્રઃ—કોઇ જીવે ઋજુસૂત્રનયને મતે શુભ પરિણામે કરી વ્યવહારનયને મતે પુણ્યરૂપ આશ્રવના દળીયા ગ્રહણ કરી સંગ્રહનયને મતે પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા, તેને અજીવ કહીયે. અને તે દળીયા નૈગમનયને મતે કરી ત્રણે કાલ એક રૂપપણે જાણવા.

એ રીતે ઋજુસૂત્ર, વ્યવહાર, સંગ્રહ અને નૈગમ, એ ચાર નયે કરી જે જીવે દ્રવ્યપુણ્ય ઉપાજ્યું.

તેમાં પુણ્ય, અજીવ, આશ્રવ અને બંધ, એ ચાર તત્ત્વ જાણવા, અને ભાવપુણ્ય તો તે પુણ્યના દળીયા શબ્દ નયને મતે સ્થિતિપાકે ઉદયરૂપ ભાવે પ્રગટયા, તથા સમભિરૂઢનયને મતે સર્વપર્યાય પ્રવર્તના રૂપ વસ્તુને પામ્યો અને એવંભૂતનયને મતે તે પુણ્યપર્યાયરૂપ સર્વ વસ્તુ જીવે ભોગવવા માંડી,

એમ સાતે નયે કરી પુણ્યનું સ્વરૂપ જાણવું.

૪૬૧–હવે પાપનું સ્વરૂપ સાતે નયે કરી કહે છેઃ–

કોઇ જીવે ઋજુસૂત્રનયને મતે અશુભ પરિણામે કરી વ્યવહારનયને મતે પાપરૂપ આશ્રવના દળીયાને ગ્રહણ કરી સંગ્રહનયને મતે પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યાં તેને અજીવ કહીયે. અને તે દળીયા નૈગમનયને મતે ત્રણે કાલ એક રૂપપણે જાણવા. એણ ચાર નયે કરી જે જીવે દ્રવ્યપાપ

ઉપાજ્યું, તેમાં પાપ, આશ્રવ, અજીવ અને બંધ, એ ચાર તત્ત્વ જાણવા.

ભાવથકી પાપ તો તે દળીયા શબ્દનયને મતે સ્થિતિપાકે ઉદયરૂપભાવે પ્રગટયા અને સમભિરૂઢનયને મતે સર્વ પર્યાય પ્રવર્તનારૂપ વસ્તુને પામ્યો, તથા એવંભૂત નયને મતે કરી પાપ પર્યાયરૂપ સર્વ વસ્તુ જીવે ભોગવવા માંડી,

એમ સાતે નયે કરી પાપનું સ્વરૂપ જાણવું.

૪૬૨–હવે સાતે નયે કરી સંવર અને નિર્જરાનું સ્વરૂપ દેખાડે છે.

કોઈ જીવને સંવરરૂપ વ્રત લેવાનો મનમાં અંશ ઉપન્યો, તેને નૈગમનયના મતવાળો સંવર કરી માને અને સંગ્રહનયના મતવાળો સંવરરૂપ શ્રાવકના બાર વ્રત અથવા સાધુના પાંચ મહાવ્રતરૂપ સંવર અંગીકાર કરે, તે વારે તેને સંવર કરી માને અને વ્યવહારનયના મતવાળો સંવરરૂપ આચાર, વ્યવહાર, ક્રિયામાં પ્રવર્તતો દેખે, તેને સંવર કરી માને તથા ઋજુસૂત્રનયના મતવાળો મન, વચન, કાયાએ કરી એકચિત્તે ત્યાગ–વૈરાગ્યરૂપ પરિણામે વર્તે, તેને સંવર કહી માને, એટલે એ નયે કરી **દ્રવ્ય-સંવર** જાણવો.

ભાવસંવર તો શબ્દનયને મતે સ્વસત્તા–પરસત્તારૂપ જીવ, અજીવ, નવતત્ત્વ, ષડ્દ્રવ્યનું સ્વરૂપ જાણે, તે જીવ સમભિરૂઢનયને મતે શ્રેણિભાવે ચઢતા જીવસત્તાને ધ્યાવે,

અજીવસત્તાનો ત્યાગ કરે, શુદ્ધ, શુકલધ્યાન, રૂપાતીત પરિણામે કરી સ્વરૂપમાં રમે, તે વારે તેને સંવર કહીયે.

એવી રીતે સંવરમાં રહે ત્યાં સુધી સમયે સમયે અનંતી નિર્જરા કરે, એ રીતે નિર્જરા થઈ, તે વારે એવંભૂત નયને મતે સકલકર્મને ક્ષયે મોક્ષપદ પામ્યો,

એમ સાતે નયે કરી સંવર-નિર્જરાનું સ્વરૂપ જાણવું.

૪૬૩-હવે મોક્ષનિઃકર્મા અવસ્થા તે સિદ્ધિરૂપ કાર્ય, તેમાં સાત નય કાર્યરૂપે દેખાડે છે—

પ્રથમ નૈગમનયને મતે સિદ્ધ પરમાત્માના આઠ રુચક પ્રદેશ અતીતકાલે નિરાવરણ હતા, અને અનાગત કાલે પણ નિરાવરણ વર્તશે, તથા વર્તમાનકાલે પણ નિરાવરણ વર્તે છે, એ રીતે ત્રણે કાલ એકરૂપપણે જાણવા.

તથા સંગ્રહનયને મતે પોતાના આત્માની સત્તા અંતરંગ શુદ્ધ નિર્મળપણે જેવી હતી, તેવી જ નિરાવરણ પણે પ્રગટ કરી છે,

તથા વ્યવહારનયને મતે સિદ્ધને પલટાતા સ્વભાવે સમયે સમયે નવનવા જ્ઞેયની વર્તનારૂપ પર્યાયનો ઉત્પાદ વ્યય થઈ રહ્યો છે,

તથા ઋજુસૂત્રનયને મતે સિદ્ધ પરમાત્મા પોતાના પારિણામિક ભાવમાં રહ્યા, સામાન્ય વિશેષરૂપ ઉપયોગમાં સદાકાલ વર્તે છે,

તથા **શબ્દનયને** મતે આગળ જીવ, અજીવરૂપ સ્વસત્તા–પરસત્તાની વહેંચણ કરી ક્ષાયિક સમકિતરૂપ ગુણ પ્રગટયો, તે પણ પોતાની પાસે છે,

તથા **સમભિરૂઢનયને** મતે શુકલધ્યાનરૂપ શ્રેણિએ ચઢી અનંતચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી તે પણ પોતાની પાસે છે,

તથા **એવંભૂતનયને** મતે સિદ્ધપરમાત્મા અષ્ટ કર્મને ક્ષયે અષ્ટ ગુણ પ્રગટ કરી, લોકને અંતે વિરાજમાન વર્તે છે,

એ રીતે સિદ્ધના સ્વરૂપમાં અંતરદૃષ્ટિએ જોતાં કાર્યરૂપ સાતે નય પામીયે.

એ પ્રમાણે ષડ્દ્રવ્ય–નવતત્ત્વનું સ્વરૂપ સાતે નયે કરી બાલજીવને સમજણરૂપ જાણવું.

હવે એ નવતત્ત્વ ઉપર પ્રકારાન્તરે સાત નય ઉતારે છે.

૪૧૪–**જિનદાસ** :—સાત નયે કરી નવ તત્ત્વનું સ્વરૂપ કેમ જાણીએ ?

શ્રાવકપુત્ર :—**નૈગમ અને સંગ્રહનયના** મતવાળો અંશ તથા સત્તાને ગ્રહણ કરે છે, માટે એ નયના મતવાળો સર્વનો સંગ્રહ કરીને બોલ્યો–જે એક તત્ત્વ છે,

તે વારે **વ્યવહારનયવાળો** વહેંચણ કરીને બોલ્યો–જે એક જીવ તત્ત્વ, બીજું અજીવતત્ત્વ એ રીતે બે પ્રકારના તત્ત્વ જાણવા,

તે વારે ઋજુસૂત્રનયના મતવાળો ઉપયોગ દઈને બોલ્યો–જે કોઈ જીવ શુભાશુભ પરિણામે કરી પુણ્ય –પાપરૂપ આશ્રવના દળીયા બાંધે, તેને અજીવ કહીયે, એટલે જીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ અને અજીવ એ છ તત્ત્વ થયા.

હવે શબ્દ–સમભિરૂઢનયના મતવાળો બોલ્યો–જે ચોથા ગુણઠાણાથી માંડી યાવત્ તેરમા–ચૌદમા ગુણઠાણા પર્યંત જીવ સંવરભાવમાં વર્તતો મહાનિર્જરાને કરે છે. એમ સંવર તથા નિર્જરા એ બે તત્ત્વ કહ્યા, એટલે આઠ તત્ત્વ થયા.

વળી એવંભૂતનયને મતે જે જીવ સકલ કર્મક્ષય કરી લોકને અંતે વિરાજમાન યથાખ્યાત ચારિત્રરૂપ ગુણે કરી પોતાના સ્વરૂપમાં રમણ કરે છે, તેને ભાવમોક્ષપદ કહીયે.

એ રીતે નવ તત્ત્વનું સ્વરૂપ સાત નયે કરી જાણવું.

૪૬૫–**શિષ્યઃ**—દેવતામાં સાત નય કેમ જાણીયે ?

ગુરૂઃ—કોઈ જીવ ઋજુસૂત્રનયને મતે શુભ પરિણામે કરી વ્યવહારનયને મતે પુણ્યરૂપ દળીયાનું ગ્રહણ કરે, તે સંગ્રહનયને મતે પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યાં.

તથા નૈગમનયને મતે અતીતકાલે તે દળીયા ગ્રહ્યા હતા, અને અનાગતકાલે ભોગવશે તથા વર્તમાનકાલે

સત્તાએ રહ્યા વર્તે છે, એ રીતે નૈગમનયને મતે ત્રણ કાલ એકરૂપપણે જાણવા. એટલે જે જીવે દેવતાનું આયુ બાંધ્યું, તે પ્રાણી એ ચાર નયે કરી દ્રવ્યદેવ જાણવા.

અને તે જીવ, શબ્દનયને મતે દેવતાપણે ઉપન્યા, તેને ભાવદેવ કહીયે.

ઈહાં શિષ્ય પૂછે છે કે શબ્દનયના મતવાળો તો ચારે નિક્ષેપે વસ્તુનું પ્રમાણ કરે છે, માટે દેવતામાં ચાર નિક્ષેપા કેમ જાણીયે ?

ગુરૂઃ—દેવ એવું નામ તે **નામદેવ** જાણવો. તથા દેવ એવા અક્ષર લખવા, તે **અસદ્ભાવસ્થાપના** અને દેવરૂપે મૂર્ત્તિ સ્થાપવી, તે **સદ્ભાવસ્થાપના**. તથા આગળ અનાગતકાલે ચાર નયે કરી દેવતાનું આયું બાંધ્યું, તેને **દ્રવ્યદેવ** કહીયે. તથા જે શબ્દનયને મતે દેવતાપણે ઉપન્યો તે **ઉદયભાવરૂપ ભાવદેવ** જાણવો.

એ રીતે દેવમાં ચાર નિક્ષેપા કહ્યા.

હવે **સમભિરૂઢનયના** મતવાળો કહે કે જે દેવતાના ભાવના સર્વપર્યાય પ્રવર્તનારૂપ વસ્તુને પામે તેને દેવ કહીયે. તે વારે એવંભૂતનયના મતવાળો કહે કે તે સર્વ પર્યાયરૂપ વસ્તુને તખતે બેઠા ભોગવે તે દેવ જાણવા.

એ રીતે સાત નયે કરી દેવતાપણું જાણવું.

૪૬૬–**શિષ્યઃ**—નારકી જીવમાં સાત નય કેમ જાણીયે ?

ગુરૂઃ—કોઈ જીવ ઋજુસૂત્રનયને મતે અશુભ પરિણામે કરી વ્યવહારનયને મતે પાપરૂપ દળીયાનું ગ્રહણ કરે, તે દળીયા સંગ્રહનયને મતે પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા,

નૈગમનયને મતે તે દળીયા ત્રણે કાલ એકરૂપપણે જાણવા. એ રીતે જે જીવે નારકીનું આયુષ બાંધ્યું. તે પ્રાણી એ ચાર નયે કરી **દ્રવ્યનારકી** જાણવા.

પછી તે જીવ **શબ્દનયને** મતે નારકીપણે ઉપન્યો. તેને **ભાવનારકી** કહીયે.

ઈહાં શિષ્ય પૂછે છે કે શબ્દ નયના મતવાળો તો ચારે નિક્ષેપે વસ્તુનું પ્રમાણ કરે છે, માટે નારકીમાં ચાર નિક્ષેપા કેમ જાણીયે ?

તે વારે ગુરૂ કહે છે કે જે પ્રથમ નારકી એવું નામ, તે **નામનારકી**, બીજો નારકી એવા અક્ષર લખવા, તે **અસદ્‌ભાવસ્થાપના**, અને નારકીરૂપે મૂર્ત્તિ સ્થાપવી, તે **સદ્‌ભાવસ્થાપના**, એ બે પ્રકારે સ્થાપનાનારકી જાણવા. તથા ત્રીજો જેણે આગળ કહ્યા પ્રમાણે ચાર નયે કરી નારકીનું આયુષ બાંધ્યું છે, તેને **દ્રવ્યનારકી** કહીયે, તથા ચોથા **શબ્દનયને** મતે તે જીવ નારકીપણે જઇ ઉપન્યો, તે **ઉદયભાવરૂપ ભાવનારકી** જાણવો.

એ ચાર નિક્ષેપા નારકીને વિષે કહ્યા.

હવે **સમભિરૂઢનયના** મતવાળો કહે છે, કે નરક ભવના સર્વ પર્યાય પ્રવર્તનારૂપ વસ્તુને પામે તે નારકી જાણવો.

તે વારે **એવંભૂતનયના** મતવાળો કહે કે પાપ પર્યાયરૂપ સર્વે વસ્તુ દુઃખરૂપ વિપાકે કરી જીવે ભોગવવા માંડી તે વારે તે **નારકી** જાણવો.

એ રીતે સાતેનયે કરી નારકીપણું જાણવું.

૪૬૭-શિષ્યઃ—રાજામાં સાત નય કેમ જાણીયે?

ગુરૂઃ—નૈગમનયના મતવાળો હાથ પગમાં શુભલક્ષણ રેખા પ્રમુખ જોઈને બોલ્યો—જે આગળ જતાં આ પુરૂષ, રાજા થશે, તે વારે **સંગ્રહનયના** મતવાળો સર્વનો સંગ્રહ કરી બોલ્યો—જે એ રાજા ન કહેવાય, પરંતુ જે રાજાના કુળમાં ઉપન્યા, તે રાજા કહેવાય.

તે વારે **વ્યવહારનયના** મતવાળો બોલ્યો—જે રાજાના કુળમાં તો ઘણા ઉપન્યા, પણ જે યુવરાજ પદવી ભોગવે છે, તે રાજા જાણવો.

તે વારે **ઋજુસૂત્રનયના** મતવાળો ઉપયોગ દઈને બોલ્યો—કે એમ રાજા નહિ કહેવાય, પરંતુ રાજ્યકાર્યના ચિંતનરૂપ ઉપયોગમાં જેના પરિણામ વર્તે તે રાજા કહેવાય,

તે વારે **શબ્દનયના** મતવાળો બોલ્યો—જે રાજકાજના ચિંતનરૂપ ઉપયોગમાં પરિણામ વર્તે તેથી કાંઈ ગરજ સરે નહિ, પરંતુ રાજારૂપ તખતે બેઠા ચિંતન કરે, તે રાજા જાણવો.

તે વારે **સમભિરૂઢનયના** મતવાળો બોલ્યો—કે રાજારૂપ તખતે બેઠો, પણ રાજ્ય અવસ્થાના સર્વ પર્યાય પ્રવર્તનારૂપ કરણીની સમગ્રી સર્વ એકઠી કરી રાજ્યરૂપ

તખતે બેઠો, રાજ ભોગવે, હાલ–હુકમ ચલાવે, જે મુખથી વચન નીકળે, તે પ્રમાણે કામ થાય, સર્વ લોક આજ્ઞા માને, તે રાજા જાણવો.

એમ સાતે નયે કરી રાજ્યાવસ્થાનું સ્વરૂપ જાણવું.

૪૬૮–શિષ્યઃ—મનુષ્યમાં સાત નય કેમ જાણીયે?

ગુરૂઃ—કોઈ જીવ ઋજુસૂત્રનયને મતે ભદ્રક પરિણામ-રૂપ સરળ સ્વભાવે કરી વ્યવહારનયને મતે પુણ્યરૂપ ઢળીયાનું ગ્રહણ કરે, તે સંગ્રહનયને મતે પ્રકૃતિરૂપ સત્તાપણે બાંધ્યા, અને નૈગમનયને મતે તે ઢળીયા ત્રણે કાલ એકરૂપપણે જાણવા. એ રીતે જે જીવે મનુષ્યનું આયુષ બાંધ્યું, તે પ્રાણી એ ચાર નયે કરી દ્રવ્યમનુષ્ય જાણવા. અને જે વારે તે જીવ શબ્દનયને મતે મનુષ્યપણે ઉપન્યા, તે વારે તેને ભાવમનુષ્ય કહીયે. એવું સાંભળી શિષ્ય પૂછે છે કે શબ્દનયના મતવાળો તો ચાર નિક્ષેપે વસ્તુનું પ્રમાણ કરે છે, માટે મનુષ્યમાં ચાર નિક્ષેપા કેમ જાણીયે? તે વારે ગુરૂ કહે છે—

પ્રથમ જે મનુષ્ય એવું નામ, તે **નામ** નિક્ષેપે **મનુષ્ય** જાણવો. બીજો મનુષ્ય એવા અક્ષર લખવા, અથવા મનુષ્યરૂપે મૂર્ત્તિ સ્થાપવી, તે **સ્થાપના મનુષ્ય**, ત્રીજો જેણે આગળ કહ્યા પ્રમાણે ચાર નયે કરી મનુષ્યનું આયુષ બાંધ્યું છે, તેને **દ્રવ્યમનુષ્ય** કહીયે, અને ચોથો જે શબ્દનયને મતે મનુષ્યપણે ઉપન્યો, તે **ભાવમનુષ્ય** જાણવો. એટલે ઉદયભાવરૂપ મનુષ્યપણું તે ભાવમનુષ્ય જાણવો. એ ચાર નિક્ષેપા કહ્યા.

હવે સમભિરૂઢનયના મતવાળો બોલ્યો–જે મનુષ્ય ભવના સર્વ પર્યાયપ્રવર્તનારૂપ વસ્તુને પામે, તે મનુષ્ય જાણવા.

તે વારે એવંભૂતનયના મતવાળો બોલ્યો–જે મનુષ્ય ભવના સર્વ પર્યાયરૂપ વસ્તુને ભોગવવા માંડી, તે મનુષ્ય જાણવા.

૪૬૯–જિનદાસઃ––સાત નયમાંથી નૈગમનયે કરી સામાયિકનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ––નૈગમનયને મતે કરી સર્વજીવ અંશ થકી સંવર ભાવરૂપ સામાયિકમાં રહ્યા વર્તે છે, કારણકે સર્વ જીવના આઠ રૂચકપ્રદેશ ત્રણે કાલ નિરાવરણપણે વર્તે છે, તિહાં કર્મ આવરણ લાગતું નથી, માટે નૈગમનયે કરી સર્વે જીવ સદાકાલ અંશથકી સંવરભાવરૂપ સામાયિકમાં જાણવા.

૪૭૦–જિનદાસ શેઠઃ––સંગ્રહનયે કરી સામાયિકનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ––એ નયના મતવાળો સત્તાનું ગ્રહણ કરે છે. માટે સર્વ જીવ સત્તાએ પોતાના પારિણામિકભાવે કરી સંવરભાવરૂપ સામાયિકમાં રહ્યા વર્તે છે, જે કારણે અંતરંગ સર્વે જીવને સત્તાએ નિશ્ચયનયે કરી કર્મરૂપ લેપ લાગતો નથી. કર્મનો જે લેપ લાગે છે. તે માત્ર

વ્યવહારનયથી છે, માટે સંગ્રહનયને મતે કરી સત્તાએ સર્વ જીવ સંવરભાવરુપ સામાયિકમાં જાણવા.

૪૭૧–જિનદાસ શેઠઃ—વ્યવહારનયને મતે કરી સામાયિકનું સ્વરુપ કેમ જાણીએ?

શ્રાવકપુત્ર :—એ નયના મતવાળો બાહ્યથકી જેનું જેવું સ્વરુપ દેખે, તેને તેવું કહે, માટે જે જીવ, એકાંત નિરવદ્ય જગાયે જઈ 'करेमि भंते०' એમ પાઠ ઉચ્ચરી એ ઘડીથી માંડી યાવજ્જીવ લગે નિઃસર્ગપણે વર્તે છે, તેને વ્યવહારનયના મતવાંળો સામાયિકવંત કહે, એટલે એ નયને મતે બાહ્યથકી કરણી આચરણારૂપ દેખાતી ક્રિયા તે સામાયિક જાણવું.

૪૭૨–જિનદાસઃ—ઋજુસૂત્રનયને મતે સામાયિકનું સ્વરૂપ કેમ જાણીયે?

શ્રાવકપુત્ર :—એ નયના મતવાળો પારિણામિક ભાવ ગ્રહે છે, માટે કોઈ જીવ નરક–નિગોદના દુઃખથકી ભય પામતો સુખની લાલચે ઉદાસભાવે ત્યાગ–વૈરાગ્યરુપ પરિણામે કરી પોતાના ચિત્તને વર્તાવે, તે સમયે તે જીવ ઋજુસૂત્રનયે મતે કરી સામાયિકમાં જાણવો. એટલે તે તો યથાપ્રવૃત્તિકરણરુપ પરિણામ પ્રમુખ પહેલે ગુણઠાણે મિથ્યાત્વી જીવને પણ હોય.

૪૭૩–જિનદાસ :—શબ્દનયને મતે સામાયિકનું સ્વરુપ કેમ જાણીએ?

શ્રાવકપુત્ર :--આ નયને મતે કરી સામાયિકના ચાર પ્રકાર જાણવા.

એક શ્રુતસામાયિક, બીજું સમકિતસામાયિક, ત્રીજું દેશવિરતિસામાયિક અને ચોથું સર્વવિરતિ સામાયિક,

એ રીતે શબ્દનયને મતે કરી સામયિકના ચાર ભેદ છે.

૪૭૪-જિનદાસઃ- એવંભૂતનયને મતે સામાયિકનું સ્વરુપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્ર :—એ નયના મતવાળો સંપૂર્ણભાવ ગ્રહે છે, માટે અષ્ટ કર્મ ક્ષયે અષ્ટગુણ સંપન્ન લોકને અંતે વિરાજમાન સાદિ અનંતમે ભાંગે વર્તતા એવા સિદ્ધ ભગવાનને યથાખ્યાત ચારિત્રરૂપ સંવરભાવ જાણવો.

એ રીતે સાત નયે કરી સામાયિકનું સ્વરૂપ ધારવું.

૪૭૫-જિનદાસઃ—હવે એક આકાશપ્રદેશમાં ષડ્ દ્રવ્યનું તથા સાત નયનું સ્વરૂપ કહે છે :

એટલે જિનદાસ શેઠ એક આકાશપ્રદેશ માત્ર ક્ષેત્ર અંગીકાર કરીને શ્રાવકપુત્ર પ્રત્યે પ્રશ્ન પૂછે કે આ વિવક્ષિત એક આકાશપ્રદેશ કોનો કહીયે ?

શ્રાવકપુત્ર :-નૈગમનયને મતે એ પ્રદેશ છએ દ્રવ્યનો છે, કારણકે એક આકાશપ્રદેશમાં છએ દ્રવ્ય ભેળા છે,

તથા **સંગ્રહનયને** મતે એક કાલદ્રવ્ય અપ્રદેશી છે, કેમકે સર્વ લોકમાં એનો એક સમય વ્યાપી રહ્યો છે, માટે આકાશપ્રદેશમાં કાલ જુદો નથી. તેથી **સંગ્રહનયને** મતે એક કાલદ્રવ્ય વિના શેષ પાંચ દ્રવ્યનો એ પ્રદેશ કહીયે.

તથા **વ્યવહારનયને** મતે જે દ્રવ્ય એમાં મુખ્ય દેખાય છે, તે દ્રવ્યનો પ્રદેશ કહીયે.

તથા **ઋજુસૂત્રનયને** મતે જે સમયે જે દ્રવ્યનો ઉપયોગ દઈ પૂછીયે, તે સમયે તે પ્રદેશ, તેહીજ દ્રવ્યનો કહીયે.

એટલે જો ધર્માસ્તિકાયનો ઉપયોગ દઈ પૂછીયે તો ધર્માસ્તિકાયનો પ્રદેશ કહીયે, અને જો અધર્મ દ્રવ્યનો ઉપયોગ દઈ પૂછીયે તો અધર્માસ્તિકાયનો પ્રદેશ કહીયે. ઈત્યાદિ જે સમયે જે દ્રવ્યનો ઉપયોગ દઈ પૂછીયે તે સમયે તે પ્રદેશ તે દ્રવ્યનો કહીયે.

તથા **સમભિરૂઢનયને** મતે એક આકાશપ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ રહ્યો છે, તથા અધર્માસ્તિકાયનો એક પ્રદેશ રહ્યો છે, તથા જીવ અનંતાના અનંત પ્રદેશ રહ્યા છે, એમ પુદ્ગલ પરમાણુઓ પણ અનંતા જાણવા.

તથા **એવંભૂતનયને** મતે જે સમયે જે પ્રદેશ જે દ્રવ્યના ક્રિયા–ગુણને અંગીકાર કરતો દેખીયે તે સમયે તે પ્રદેશ, તે દ્રવ્યનો ગણીજે.

એ રીતે આકાશ પ્રદેશમાં ષડ્દ્રવ્યનું સ્વરૂપ સાત નયે કરી જાણવું.

૪૭૬—વળી જિનદાસ શેઠ શ્રાવકપુત્ર પ્રત્યે પ્રશ્ન પૂછે છે કે તમે કયાં વસો છો? ત્યારે અશુદ્ધ નૈગમનયને વચને શ્રાવકપુત્ર બોલ્યો. જે હું લોકમાં વસું છું.

તે વારે જિનદાસ શેઠે પૂછયું, જે લોકના તો અધોલોક, ઉર્ધ્વલોક અને તિર્ચ્છાલોક, એવા ત્રણ ભેદ છે, તેમાં તમે કયા લોકમાં વસો છો? તે વારે શુદ્ધ નૈગમનયને વચને શ્રાવકપુત્ર બોલ્યો કે હું તિર્ચ્છા લોકમાં વસું છું,

તે વારે શેઠ બોલ્યા કે તિર્ચ્છા લોકમાં તો અસંખ્યાતા દ્વીપ અને અસંખ્યાતા સમુદ્ર છે. તેમાં તમે કયા દ્વીપ સમુદ્રમાં વસો છો? ત્યારે શુદ્ધત્તર નૈગમનયને વચને શ્રાવકપુત્ર બોલ્યો કે હું જંબૂદ્વીપમાં વસું છું.

શેઠ બોલ્યા જંબૂદ્વીપમા તો ઘણા ક્ષેત્ર છે, તેમાં તમે કયા ક્ષેત્રમાં વસો છો? તે વારે અતિશુદ્ધ નૈગમનયને વચને શ્રાવકપુત્ર બોલ્યો, જે હું ભરત ક્ષેત્રમાં વસું છું.

શેઠ બોલ્યા, ભરતક્ષેત્રમાં બત્રીશ હજાર દેશ છે, તેમાં તમે કયા દેશમાં વસો છો? તે સમયે શ્રાવકપુત્ર બોલ્યો જે હું અમુક દેશમાં વસું છું.

શેઠ બોલ્યા, તે દેશમાં તો ઘણા નગર છે, તો તમે કયા નગરમાં વસો છો ? શ્રાવકપુત્ર બોલ્યો, કે અમુક નગરમાં વસું છું.

શેઠ બોલ્યા, તે નગરમાં ઘણા પાડા છે, તેમાં તુમે કયા પાડામાં વસો છો ? શ્રાવકપુત્ર બોલ્યો, અમુક પાડામાં વસું છું.

એમજ પાડામાં ઘરાદિક સહુ બતાવ્યા. એ નૈગમ નયનો મત જાણવો.

૪૭૭-જિનદાશ શેઠઃ—સાત નયે કરી જીવનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્ર :—નૈગમનયને મતે ગુણ-પર્યાયવંત શરીર સહિત તે જીવ જાણવો.

એટલે એ નયને મતવાળે શરીરમાંહે જીવપણું માન્યું, તેથી બીજા પુદ્ગલ તથા ધર્માસ્તિકાયાદિક દ્રવ્ય તે સર્વે જીવમાં ગણાયા,

તથા સંગ્રહનયને મતે અસંખ્યાત પ્રદેશી તે જીવ.

એટલે એ નયને મતવાળે એક આકાશ પ્રદેશ ટાળ્યો, પણ બીજા સર્વે દ્રવ્ય જીવમાં ગણ્યા.

વ્યવહારનયને મતે લેખ લઈ કામ ચિતારી જે તે જીવ,

એટલે એણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, તથા બીજા પુદ્ગલ સર્વે ટાળ્યા, પણ પંચેંદ્રિય, મન, લેશ્યાના પુદ્ગલ છે, તેને જીવમાં ગણ્યા, એટલે વિષયાદિક તો ઇંદ્રિયો લે છે, તે જીવથી ન્યારા છે, પણ એ નયને મતવાળે ઇહાં જીવની સાથે લીધા.

તથા **ઋજુસૂત્રનયને** મતે તો જે **ઉપયોગવંત તે જીવ.**

એટલે એ નયને મતવાળે ઇંદ્રિયાદિક તો સર્વ ટાળ્યા, પણ જ્ઞાન–અજ્ઞાનનો ભેદ ટાળ્યો નહિ.

તથા **શબ્દનયને** મતે તો **નામજીવ, સ્થાપનાજીવ દ્રવ્યજીવ, અને ભાવજીવ.**

એટલે એ નયને મતવાળે ચાર નિક્ષેપે જીવપણું કહ્યું, પણ ગુણી–નિર્ગુણીનો ભેદ પાડયો નહિ.

તથા **સમભિરૂઢનયને** મતે **જ્ઞાનાદિક ગુણવંત તે જીવ.**

એટલે એ નયને મતવાળે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ઇત્યાદિક સાધક–સિદ્ધરૂપ પરિણામ તે જીવ સ્વરૂપમાં ગણ્યા.

તથા **એવંભૂતનયને** મતે **અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતચારિત્ર, શુદ્ધસત્તામાત્ર તે જીવ જાણવો.**

એટલે એ નયને મતવાળે સિદ્ધિ અવસ્થાના જે ગુણ હતા, તે ઇહાં ગ્રહણ કર્યા.

એ રીતે જીવમાં સાત નય કહ્યા.

૪૭૮–જિનદાસ શેઠ :—નયની અપેક્ષાએ કરી જ્ઞાનનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—નૈગમનયના મતવાળો એક અંશ ગ્રહીને સર્વ વસ્તુનું પ્રમાણ કરે છે, માટે નૈગમનયને મતે સર્વે જીવ જ્ઞાની કહીયે. કારણકે સર્વજીવની ચેતના અક્ષરને અનંતમે ભાગે ઉઘાડી છે, તિહાં જ્ઞાનાવરણાદિ કર્મનું આવરણ લાગતું નથી. માટે નૈગમનયને મતે સર્વ જીવ અંશથકી જ્ઞાની જાણવા.

તથા સંગ્રહનયના મતવાળો સત્તાનું ગ્રહણ કરે છે, માટે સર્વજીવની સત્તા જ્ઞાનરૂપ છે; તેથી સંગ્રહનયને મતે સર્વ જીવ સત્તાએ જ્ઞાની જાણવા.

તથા વ્યવહારનયના મતવાળો તો બાહ્ય થકી જેનું જેવું સ્વરૂપ દેખે, તેને તેવું કહી બોલાવે, પણ અંતરંગ ઉપયોગ ન માને, માટે જે અન્યમતના સર્વશાસ્ત્રને વાંચે.

તથા જૈનમતના સર્વ સૂત્ર, સિદ્ધાન્ત, ભાષ્ય, નિર્યુક્તિ, ટીકા, ચૂર્ણિને વાંચે, ગુરુમુખે સદ્દહે, અર્થ કરે, તેને વ્યવહારનયના મતવાળો જ્ઞાની કહીને બોલાવે.

તથા ઋજુસૂત્રનયને મતે તો અંતરંગ પ્રતીતિ સહિત વસ્તુગતના ભાવનરૂપ જ્ઞાન સ્વરૂપના ઉપયોગમાં જેનું ચિત્ત જે સમયે વર્તે છે, તે સમયે તે જીવ જ્ઞાની જાણવા, એટલે એ નયને મતવાળે સમકિતી જીવને જ્ઞાની કહી બોલાવ્યા.

તથા શબ્દનયને મતે તો જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન ઇત્યાદિક શુદ્ધ શુકલધ્યાનરૂપ સાધક-સિદ્ધ પરિણામ તે જ્ઞાની જાણવા.

તથા સમભિરૂઢ અને એવંભૂતનયને મતે કરી તો જે જ્ઞાનાવરણાદિ ઘાતી-અઘાતી કર્મને ક્ષયે કરી અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી લોકાલોકનું સ્વરૂપ એક સમયમાં જાણે તેને જ્ઞાની જાણવા.

૪૭૯-જિનદાસ શેઠઃ—સાત નયે કરી સાધર્મિક પણાનું સ્વરૂપ કેમ જાણીયે?

શ્રાવકપુત્રઃ—નૈગમ અને સંગ્રહનયને મતે કરી સર્વ જીવ સત્તાએ એકરૂપ છે, એટલે સર્વ જીવનો ધર્મ સરખો કહીયે, માટે એ બે નયને મતે જીવ સત્તાએ સાધર્મી જાણવા.

તથા વ્યવહારનયના મતવાળો તો બાહ્ય થકી જેની જેવી આચરણા દેખે, તેને તેવો કહે, પણ અંતરંગ સત્તા ઉપયોગ ન માને, એટલે જે જીવની ક્રિયા પ્રવૃત્તિરૂપ એક સામાચારી સરખી હોય, તેને વ્યવહારનયના મતવાળો સાધર્મી કહી બોલાવે.

તથા ઋજુસૂત્રનયના મતે તો જે સમયે ઉપયોગ સહિત ત્યાગ-વૈરાગ્યરૂપ ઉદાસભાવે જેનું ચિત્ત વર્તે છે, તે સમયે તે જીવ સાધર્મી જાણવા.

એટલે એ નયને મતવાળે યથાપ્રવૃત્યાદિકરણના પરિણામ હતા, તે ઈહાં ગ્રહણ કર્યા. એ પરિણામ તો પહેલે ગુણઠાણે મિથ્યાત્વીને પણ થાય.

તથા શબ્દનયને મતે તો અંતરંગ ઉપયોગરૂપ સમકિત ભાવે સાધ્ય એક સાધન અનેક, એ રીતે જે જીવ સત્તાગતના ધર્મને સાધે, તે સાધર્મી જાણવા. એટલે એ નયને મતવાળે સમકિતી જીવને સાધર્મી કહી બોલાવ્યા.

તથા સમભિરૂઢનયના મતવાળો શ્રેણિભાવનું ગ્રહણ કરે છે, એટલે નવમા–દશમા ગુણઠાણાથી માંડી યાવત્ તેરમા–ચૌદમા ગુણઠાણા પર્યંત જે જીવ ઘાતીકર્મને ક્ષયે અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરી શુકલધ્યાનના બીજા –ત્રીજા પાયા વચ્ચે રહ્યા થકા સંવરભાવે વર્તે, એવા કેવલી ભગવાન્ તે સાધર્મી જાણવા.

તથા એવંભૂત નયને મતે તો જે અષ્ટ કર્મ ક્ષય કરી અષ્ટગુણ સંપન્ન, લોકને અંતે વિરાજમાન, અવ્યાબાધ સુખના ભોગી સાદિ અનંતમે ભાંગે વર્તે છે, એવા સિદ્ધ પરમાત્માને સાધર્મી જાણવા.

એ રીતે સાધર્મી ઉપર સાત નય કહ્યા.

૪૮૦–જિનદાસ શેઠઃ—સાત નયે કરી ધર્મનું સ્વરૂપ કેમ જાણીએ ?

શ્રાવકપુત્રઃ—નૈગમનયને મતે તો સર્વે ધર્મ છે, કેમકે સર્વે ધર્મને ચાહે છે. એટલે એ નયને મતવાળે સર્વધર્મને ધર્મનામ કહી બોલાવ્યા.

તથા **સંગ્રહનયને** મતે જે વડિલોએ આચર્યો તે ધર્મ. એટલે એ નયને મતવાળે અનાચાર તો છોડ્યો અને કુલાચારને ધર્મ કરી માન્યો, એટલે જે જેના કુલમાં કર્માગત આવ્યો તે ધર્મ જાણુવો.

॥ ગાથા ॥

લેખધારીકું ગુરુ કહે, પુણ્યવંતકું કહે દેવ।
કુલાચારકું ધર્મ કહે, એ કુકર્મકી ટેવ ॥ ૧ ॥

તથા વ્યવહારનયના મતે જે સુખનું કારણ તે ધર્મ કહીએ, એટલે એ નયને મતવાળે પુણ્યરૂપ કરણીને ધર્મ કરી માન્યો.

તથા **ઋજુસૂત્રનયને** મતે ઉપયોગ સહિત ઉદાસ ભાવે વૈરાગ્યરૂપ પરિણામ તે ધર્મ જાણુવો, એટલે એ નયને મતવાળે યથાપ્રવૃત્તિકરણરૂપ પરિણામ પ્રમુખને ધર્મ કરી માન્યો, તે તો પહેલે ગુણઠાણે મિથ્યાત્વીને પણ થાય.

તથા **શબ્દનયને** મતે જે અંતરંગ સત્તાગતના ભાસનરૂપ સમકિત તે ધર્મ જાણુવો. કેમકે સમકિત જે છે, તે ધર્મનું મૂલ છે.

તથા **સમભિરૂઢનયને** મતે જીવ-અજીવરૂપ નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, નય-નિક્ષેપા, પ્રમાણ, ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્ય-ભાવનું સ્વરૂપ જ્ઞાની ગુરૂની નિશ્રાએ જાણી, જીવસત્તાને ગુરૂગમથી નય સાપેક્ષ રીતે ધ્યાવે, અજીવ-

સત્તાનો ત્યાગ કરે, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ શુદ્ધ નિશ્ચય નય પરિણામ, તે ધર્મ કહીયે, એટલે એ નયને મતવાળે સાધક-સિદ્ધરૂપ પરિણામ તે ધર્મપણે કરી માન્યા.

તથા એવંભૂતનયને મતે જે શુદ્ધ શુકલ ધ્યાન રૂપાતીત પરિણામ ક્ષપકશ્રેણિ કર્મ ક્ષયના કારણ, તે સાધનધર્મ જાણવો. અને જીવનો મૂલ સ્વભાવ મોક્ષરૂપ કાર્ય નિષ્પત્તિ સિદ્ધિમાં રહે તે ધર્મ જાણવો.

૪૮૧-જિનદાસ શેઠઃ—સિદ્ધ ભગવાનનું સ્વરૂપ સાતે નયે કરી કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ-નૈગમ નયવાળો એક અંશ ગ્રહીને વસ્તુનું પ્રમાણ કરે છે, માટે નૈગમનયને મતે સર્વ જીવ સિદ્ધ છે, કારણકે સર્વ જીવના આઠ રુચક પ્રદેશ સદાકાલ સિદ્ધસમાન નિર્મલ છે. તિહાં કર્માવરણ લાગતા નથી, માટે નૈગમનયને મતે સર્વજીવ સિદ્ધસમાન જાણવા.

તથા સંગ્રહનયના મતવાળો સત્તાનું ગ્રહણ કરે છે, એટલે સર્વ જીવની સત્તા એક સમાન સરખી છે, માટે સંગ્રહનયને મતે કરી સર્વજીવ સત્તાએ સિદ્ધ સમાન જાણવા. એટલે એણે પર્યાયાસ્તિકનયે કરી કર્મ સહિત અવસ્થા ટાળી; પણ દ્રવ્યાસ્તિકનયની અવસ્થા અંગીકાર કરાવી.

તથા વ્યવહારનયને મતે જે વિદ્યાલબ્ધિ પ્રમુખ ગુણે કરીને સિદ્ધ થયા, તેને સિદ્ધપણું જાણવું. એટલે એ નયવાળે જે બાહ્યતપ પ્રમુખ ગુણ હતા, તે અંગીકાર કર્યા.

તથા **ઋજુસૂત્રનયને** મતે તો જે સમયે જે જીવે સિદ્ધસમાન આપણા આત્માની સત્તા ઓળખી છે, અને ધ્યાનનો ઉપયોગ પણ તેહીજ વર્તે છે, તે સમયે તે જીવ સિદ્ધસમાન છે. એટલે એ નયને મતવાળે સમકિતી જીવને સિદ્ધસમાન કહીને બોલાવ્યા.

તથા **શબ્દનયને** મતે તો જે શુદ્ધ શુકલધ્યાન પરિણામ નામાદિક ચાર નિક્ષેપે તે સિદ્ધ કહીયે.

તથા **સમભિરૂઢનયને** મતે જે કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાતચારિત્રરૂપ ગુણવંત હોય તે સિદ્ધ એટલે એ નયને મતવાળે તેરમે-ચૌદમે ગુણઠાણે વર્તતા કેવલી ભગવાનને સિદ્ધસમાન કહી બોલાવ્યા,

તથા **એવંભૂતનયને** મતે જે જ્ઞાનાવરણાદિ સકલ કર્મનો ક્ષય કરી અનંતગુણરૂપ લક્ષ્મી પ્રગટ કરી લોકને અંતે વિરાજમાન સાદિ અનંતમે ભાંગે વર્તે એવા જે સિદ્ધ ભગવાન્ તે સિદ્ધ કહીયે.

૪૮૨-**જિનદાસ શેઠ** :—વળી નયની અપેક્ષાએ કરી તત્ત્વનું સ્વરૂપ કેમ જાણીયે ?

શ્રાવકપુત્રઃ—

પ્રથમ જીવનું સ્વરૂપ :—

ઋજુસૂત્રનયને મતે પહેલે ગુણઠાણે એકેંદ્રિયથી પંચેંદ્રિય પર્યંતના જીવ અનુપયોગે મિથ્યાત્વભાવે વર્તે તેને **દ્રવ્યજીવ** કહીયે.

શબ્દનયને મતે ચોથે ગુણઠાણે આત્મસ્વરૂપમાં સમકિતીભાવે વર્તે તેને ભાવજીવ કહીયે.

હવે અજીવનું સ્વરૂપ કહીએ છીએ :—

કોઈક જીવ ઋજુસૂત્રનયને મતે શુભાશુભ પરિણામે કરી પુણ્ય–પાપરૂપ આશ્રવના દળીયા બાંધે, તેને અજીવ કહીયે.

વ્યવહારનયને મતે અવ્રતીપણે અણકર્યા આશ્રવ આવે, એવું શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે.

હવે સંવરનું સ્વરૂપ કહે છે :–

શબ્દનયને મતે ચોથે ગુણઠાણે સમકિતી જીવ અને પાંચમે ગુણઠાણે દેશવિરતિ જીવ તથા છઠ્ઠે, સાતમે ગુણઠાણે સર્વવિરતિજીવ, એ સંવરભાવમાં રહ્યા વર્તે છે,

તથા સમભિરૂઢનયને મતે શ્રેણિભાવે નવમા–દશમા ગુણઠાણાથી માંડી યાવત્ તેરમા–ચૌદમા ગુણઠાણા પર્યંત કેવલી ભગવાન્ પણ સંવરભાવે રહ્યા વર્તે છે;

એવંભૂતનયને મતે સકલ કર્મ ક્ષય કરી લોકને અંતે વિરાજમાન સાદિ અનંતમે ભાંગે સિદ્ધ પરમાત્મા પણ સંવરભાવમાં રહ્યા વર્તે છે,

હવે નિર્જરાનું સ્વરૂપ કહે છેઃ–

શબ્દ–સમભિરૂઢનયને મતે શ્રેણિભાવે નવમા–દશમા ગુણઠાણાથી માંડી તેરમા–ચૌદમા ગુણઠાણા પર્યંતના જીવ આત્મસ્વરૂપમાં વર્તતા મહાનિર્જરાને કરે છે.

હવે મોક્ષ નિઃકર્માવસ્થાનું સ્વરૂપ કહે છેઃ-

સમભિરૂઢનયને મતે શ્રેણિભાવે તેરમે-ચૌદમે ગુણઠાણે કેવલી ભગવાન્ વર્તે છે, તેને દ્રવ્યમોક્ષપદ કહીયે.

એવંભૂતનયને મતે સકલ કર્મ ક્ષય કરી લોકને અંતે વિરાજમાન સાદિઅનંતમે ભાંગે વર્તે છે, એવા સિદ્ધ પરમાત્માને ભાવમોક્ષપદ કહીયે.

એ નવ તત્ત્વમાં સાત નયનું સ્વરૂપ જાણવું.

૪૮૩-જિનદાસ શેઠઃ—સાતે નયે કરી નવ તત્ત્વનું સ્વરૂપ કેમ જાણીયે?

શ્રાવકપુત્રઃ—નૈગમનયને મતે સર્વે તત્ત્વ છે, જે કારણે સર્વ કોઈ તત્ત્વને ચાહે છે.

તથા **સંગ્રહનયના** મતવાળો સર્વનો સંગ્રહ કરીને બોલ્યો જે એકજ તત્ત્વ છે, એટલે જે જેહને મન માન્યું, તે તત્ત્વ બીજા સર્વે અતત્ત્વ જાણવા.

તથા **વ્યવહારનયના** મતવાળો બાહ્યસ્વરૂપ દેખીને ભેદ વહેંચે, એટલે જે દીસતા ગુણ દેખે, તે માને, માટે એક **જીવતત્ત્વ** અને બીજું **અજીવતત્ત્વ**, એ બે તત્ત્વ માને,

તેમાં વળી પ્રથમ જીવતત્ત્વના બે ભેદ, ઇત્યાદિ આગળ કહ્યા, તે રીતે યાવત્ ગ્રંથિભેદી તથા અગ્રંથિભેદી સુધી કહીને વળી પ્રકારાંતરે ૫૬૩ ભેદ કહે.

તથા અજીવતત્ત્વના ભેદની વહેચણ આવી રીતે કરે, પ્રથમ અજીવના બે ભેદ, એક રૂપી અજીવ અને બીજો અરૂપી અજીવ,

તેમાં ધર્માસ્તિકાયનો સ્કંધ, દેશ અને પ્રદેશ, તથા અધર્માસ્તિકાયનો સ્કંધ, દેશ અને પ્રદેશ, તથા આકાશાસ્તિકાયનો સ્કંધ, દેશ અને પ્રદેશ, તથા એક ભેદ કાલ દ્રવ્યનો મળી અરૂપી અજીવના દસ ભેદ થયા.

વળી ધર્માસ્તિકાય દ્રવ્યથકી, ક્ષેત્રથકી, કાલથકી, ભાવથકી અને ગુણથકી, એ પાંચ ભેદે છે. એ રીતે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, તથા કાલ, સર્વના પાંચ પાંચ ભેદ કરતા વીશ ભેદ થાય. તે પૂર્વોક્ત દસ સાથે મેળવતાં **ત્રીશ ભેદ અરૂપી અજીવના થયા.**

હવે રૂપી અજીવના પાંચસો ને ત્રીશ ભેદનું સ્વરૂપ કહે છેઃ–

સ્પર્શના આઠ, ગંધના બે, રસના પાંચ, વર્ણના પાંચ અને સંસ્થાનના પાંચ, એ રીતે મૂલ ભેદ પચ્ચીસ છે, તેના ઉત્તર ભેદ પાંચસો ને ત્રીશ, તે આવી રીતે થાયઃ–

પ્રથમ આઠ સ્પર્શ માંહેલા પ્રત્યેક સ્પર્શને પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, પાંચ સંસ્થાન અને છ સ્પર્શ એ રીતે ત્રેવીશ સાથે ગુણતા ૧૮૪ ભેદ થાય. સ્પર્શ તો આઠ છે. તેમાંથી છ સ્પર્શ સાથે ગણવાનું કારણ એ છે કે જો ભારે સ્પર્શના ભેદ સાથે ગણવો હોય, તો તે ભારે

સ્પર્શ, તથા તેનો પ્રતિપક્ષી બીજો હળવો સ્પર્શ એ બે સ્પર્શ મૂકી દેવા. બાકી છ સ્પર્શ લેવા. તેમજ જે લુખા સાથે ગણવો હોય, તો તેનો પ્રતિપક્ષી ચોપડયા સ્પર્શ પણ મૂકી દેવો. એ રીતે સર્વત્ર સમજી લેવું.

એ આઠ સ્પર્શના ૧૮૪ ભેદ થયા.

તેમજ પચ્ચીશ ભેદમાંથી બે ગંધ કાઢીને ત્રેવીશ ભેદને બે ગંધ સાથે ગુણીયે, તે વારે બે ગંધના છેંતાલીશ ભેદ થાય,

તથા પચ્ચીશ ભેદમાંથી પાંચ રસ બાદ કરતા બાકી વીશ ભેદને પાંચ રસ સાથે ગુણતા પાંચ રસના ૧૦૦ ભેદ થાય.

તથા તેવીજ રીતે પાંચ વર્ણના પણ ૧૦૦ ભેદ થાય અને તેમજ પાંચ સંસ્થાનના પણ ૧૦૦ ભેદ થાય

એ સરવાળે ૫૩૦ ભેદ પુદ્‌ગલદ્રવ્યરૂપી અજીવ છે તેના થયા. તેની સાથે પૂર્વોક્ત અરૂપી અજીવના ત્રીશ ભેદ મેળવતાં ૫૬૦ ભેદ થાય.

એ સર્વ વ્યવહારનયને મતે ભેદોની વહેંચણ છે.

૪૮૪–તથા ઋજુસૂત્ર નયને મતે જે જીવ શુભાશુભ પરિણામે કરી પુણ્ય–પાપરૂપ આશ્રવના દળીયા બાંધે, તેને અજીવ કહીયે. એ છ તત્ત્વ થયા,

તથા શબ્દનયને મતે તો ચોથે ગુણઠાણે સમકિતી જીવ, પાંચમે ગુણઠાણે દેશવિરતિ જીવ, છઠ્ઠે–સાતમે ગુણઠાણે

સર્વવિરતિ જીવ, આ ત્રણે સત્તાગતના ભાસનરૂપ સંવરભાવમાં જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે વર્તતા કોઈ સમયે સમયે અનંતા કર્મ નિર્જરાવે છે.

તથા **સમભિરૂઢનયના** મતવાળો શ્રેણિભાવને ગ્રહે છે, માટે નવમા–દશમા ગુણઠાણાથી માંડીને યાવત્ તેરમા–ચૌદમા ગુણઠાણા પર્યંત કેવલી ભગવાન્ પણ સંવરભાવમાં વર્તતા મહાનિર્જરાને કરે છે, તેને દ્રવ્યમોક્ષપદ કહીયે. એ નવે તત્ત્વ આવ્યા.

તથા **એવંભૂતનયને** મતે સકલ કર્મક્ષયે કરી લોકને અંતે વિરાજમાન સાદિ અનંતમે ભાંગે વર્તતા એવા સિદ્ધ પરમાત્મા, તેને ભાવમોક્ષપદ કહીયે.

એ રીતે સાત નયે કરી નવ તત્ત્વનું સ્વરૂપ છે.

૪૮૪—હવે પ્રસ્થ પાથા (પ્યાલા) ઉપર ઉત્સર્ગ–અપવાદ માર્ગે નય ઉતારે છે :–

કોઈ જીવ પાથાને અર્થે વનમાં કાષ્ટ લેવાને ચાલ્યો, તિહાં બીજો કોઈ સન્મુખ મળ્યો, તેણે પૂછયું કે તું ક્યાં જાય છે? તે વારે તે **અશુદ્ધ નૈગમનયને** મતે–વચને બોલ્યો, જે હું પાથો લેવા જાઉં છું.

હવે વનમાં જઈને કાષ્ટ છેદવા માંડયું. તે વારે વળી કોઈએ પૂછયું કે શું છેદે છે? તેવારે **શુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો, કે હું પાથો છેદું છું

હવે કાષ્ટ લઈને પાછો વળ્યો, તે વારે વળી કોઈએ પૂછયું કે તું શું લાવ્યો? તે વારે શુદ્ધતર નૈગમનયને વચને બોલ્યો, કે હું પાથો લાવ્યો.

હવે પાથો સરાણે ચડાવી ઉતારવા માંડયો, તે વારે વળી કોઈએ પૂછયું, જે તું શું ઉતારે છે? ત્યારે તે **અતિશુદ્ધ નગમનયને** વચને બોલ્યો, કે હું પાથો ઉતારું છું. એ રીતે **નૈગમનય** જાણવો,

હવે વ્યવહારનયના મતવાળો બોલ્યો, કે એવી રીતે પાથો હું માનું નહિ, પરંતુ હું તો સંપૂર્ણ દેખાતી વસ્તુમાં વસ્તુપણું માનું. એટલે પાથો ઉતારી તૈયાર કરી મેલ્યો, તે વારે **વ્યવહારનયના** મતવાળો કહે, જે હવે એને પાથો કહીયે.

હવે સંગ્રહનયના મતવાળો બોલ્યો, કે એમ પાથો નહિ, પાથાની સત્તારૂપમાંહે ધાન્ય ભર્યું, તે વારે **સંગ્રહ-**નયના મતવાળો કહે, કે હવે પાથો કહીયે.

હવે **ઋજુસૂત્રનયના** મતવાળો બોલ્યો. કે એવી રીતે પાથો નહિ, હું તો વસ્તુના ભાવને ગ્રહણ કરૂં, એટલે પાંચ-સાત પાથા ધાન્ય ભરીને એક બાજુ ઢગલો કર્યો, અને પાથારૂપ બોખું દૂર કાઢી નાખ્યું, તે વારે **ઋજુસૂત્ર-**નયના મતવાળો કહે, કે હવે એને પાથો કહીયે.

વળી કોઈએ પૂછયું, જે એ પાંચ-સાત પાથાનું જ્ઞાન કયાં રહ્યું છે? તે વારે **શબ્દનયના** મતવાળો વહેંચણ

કરીને બોલ્યો, જે આ શરીરરુપ પાથો છે, તેમાં જ્ઞાનાદિ અનંત ગુણરુપ ધાન્ય ભર્યું છે,

તે વારે **સમભિરૂઢનયના** મતવાળો બોલ્યો, કે એમ પાથો નહિ, એ શરીરરુપ પાથા માંહેથી ઉપયોગ કાઢી અને જ્ઞાનાદિક અનંતગુણરુપ ધાન્ય માંહે ભર્યું છે, તેમાં ઉપયોગ લગાવીને શ્રેણિભાવે ચડયો, એટલે એને પાથો કહીયે.

તે વારે **એવંભૂતનયવાળો** બોલ્યો, કે એમ પાથો નહિ, પરંતુ જ્ઞાનાદિ અનંતગુણરુપ ધાન્ય માંહે ભર્યું છે, તે સંપૂર્ણ પ્રગટ કરી પાથારુપ શરીરનું બોખું મૂકી જે લોકને અંતે શિવપુરીમાં વિરાજમાન થયા, તિહાં પાથો કહીયે.

એમાં આગળના ચાર નય અપવાદ માર્ગે અને પાછળના ત્રણ નય ઉત્સર્ગ માર્ગે જાણવા.

૪૮૫—હવે જિનમંદિરરુપ દેરાસર ઉપર સાત નય ઉત્સર્ગ અને અપવાદ માર્ગે બતાવે છે:—

કોઇ પુરુષ દેરાસર કરાવવા સારુ સામાન લેવા ચાલ્યો, તે વારે બીજો કોઇ સામો મળ્યો, તેણે પૂછયું તું કયાં જાય છે? તે સમયે તે **અશુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો, કે હું દેહરું લેવા જાઉં છું.

પછી દેહરાનો સામાન લેવા માંડયો, તે વખતે વળી કોઈએ પૂછયું, તું શું લે છે? ત્યારે **શુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો કે હું દેહરું લઉં છું.

હવે દેહરાનો સામાન લઈને પાછા આવતાં વળી કોઈએ પૂછયું કે શું લાવ્યો? ત્યારે **શુદ્ધતર** નૈગમનયને વચને બોલ્યો કે હું દેહરું લાવ્યો.

હવે ઘેર આવીને દેહરું ચણાવવા માંડયું, તે વારે વળી કોઈએ પૂછયું કે તું શું ચણાવે છે! ત્યારે **અતિશુદ્ધ** નૈગમનયને વચને બોલ્યો કે હું દેહરું ચણાવું છું ॥ **ઈતિ નૈગમનયઃ** ॥

હવે **વ્યવહાર** નયના મતવાળો બોલ્યો કે હું તો દેહરું ચણાઈને તૈયાર થાય ત્યારે એને દેહરું કહીયે.

હવે **સંગ્રહ** નયના મતવાળો બોલ્યો કે એમ દેહરૂ નહિ, પણ દેહરાની સત્તારૂપ માંહે દેવ વિરાજમાંન થાય, તેવારે દેહરું કહીયે. એટલે પ્રતિષ્ઠા મહોત્સવ વિધિ પ્રમુખ કરી માંહે દેવ બેસાડે, તેવારે સંગ્રહનયના મતવાળો કહે કે એને દેહરું કહીયે.

હવે **ઋજુસૂત્ર**નયના મતવાળો બોલ્યો કે એમ દેહરુ નહિ, હું તો ભાવને ગ્રહણ કરું છું; આપણે દેહરાનું શું કામ છે? પણ એમાં દેવ કોણ છે? ઋષભદેવ છે? કિંવા અજિતનાથ છે? કિંવા સંભવનાથ છે? ઇત્યાદિ જે દેવ માંહે બેઠા હોય તેનું પ્રયોજન છે. એટલે એ **ઋજુસૂત્ર**નયને મતવાળે દેહરા ઉપરથી ઉપયોગ ઉતારીને દેવ બિરાજ્યા છે, તેના ધ્યાનમાંહે ઉપયોગ લગાવ્યો.

તે વારે કોઈ બોલ્યો કે દેરાસરમાં દેવ બિરાજ્યા છે, તેની ઓળખાણરુપ જ્ઞાન કયાં રહ્યું છે? તે વારે **શબ્દનય**ના મતવાળો અંતરંગ ઉપયોગ દઇને બોલ્યો કે આ શરીરરુપ દેહરું તેમાં નિશ્ચયે દેવ, આત્મા પોતે જ છે, તેને વિષે એ જ્ઞાન રહ્યું છે.

હવે **સમભિરૂઢનય**ના મતવાળો બોલ્યો કે, એમ દેહરું નહિ, એ શરીરરુપ દેહરામાંથી ઉપયોગ કાઢી તે માંહે નિશ્ચય દેવ આત્મા બિરાજે છે, તેના સ્વરુપના ચિંતનરુપ ધ્યાનમાં ઉપયોગ લગાડી શ્રેણિભાવે ચડે, તે વારે દેહરું કહીયે.

ત્યારે **એવંભૂતનય**ના મતવાળો કહેવા લાગ્યો કે, એમ દેહરૂં નહિ, પરંતુ માંહે નિશ્ચયદેવ આત્મા બિરાજે છે, તેનું સ્વરૂપ સંપૂર્ણ પ્રગટ કરી અને દેહરારૂપ શરીરનું બોખું ઈહાં મૂકી લોકને અંતે સિદ્ધપુરીમાં વિરાજમાન થયા, ત્યાં દેહરૂં કહીયે.

૪૮૬—હવે ઉત્સર્ગ–અપવાદ માર્ગે ઘટ ઉપર સાત નય ઉતારે છેઃ–

કોઈક ઘટ લેવા ચાલ્યો, તે વારે માર્ગમાં તેને બીજો કોઈ સન્મુખ મળ્યો, તેણે પૂછયું તું શું લેવા જાય છે? તે વખતે તે **અશુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો, કે હું ઘટ લેવા જાઉં છું.

પછી તિહાં જઈને માટી ખાણવા માંડી, તે વારે કોઇએ પૂછયું, તું શું કરે છે? ત્યારે **શુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો, કે હું ઘટ લઉં છું.

હવે માટી લઈને પાછો વળ્યો તે વારે વળી કોઇએ પૂછ્યું, તું શું લાવ્યો? તે વખતે **શુદ્ધતરનૈગમનયને** વચમે બોલ્યો, હું ઘટ લાવ્યો;

હવે માટી ચાકડે ચડાવી ઘટ ઉતારવા માંડ્યો, તે વારે વળી કોઈ એ પૂછ્યું, તું શું ઉતારે છે? ત્યારે **અતિશુદ્ધ-નૈગમનયને** મતે બોલ્યો કે હું ઘટ ઉતારૂ છું. **ઇતિનૈગમ-નયઃ**

હવે **વ્યવહારનયના** મતવાળો બોલ્યો, કે એમ ઘટ ન થાય, હું તો સંપૂર્ણ વસ્તુ નજરે દેખું, તેમાં વસ્તુપણું માનું, એટલે ઘડો તૈયાર સંપૂર્ણ નિપજે, તે વારે એને ઘટ કહીયે.

હવે **સંગ્રહનયના** મતવાળો બોલ્યો, કે એમ ઘટ નહિ, પરંતુ ઘટની સત્તારૂપ જળ માંહે ભર્યું હોય, તે વારે ઘટ કહેવાય, એટલે ઘટની સત્તારૂપ જળે કરી સંપૂર્ણ ભરે, તે વારે એને ઘડો કહીયે.

હવે **ઋજુસૂત્રનયના** મતવાળો બોલ્યો, કે એમ ઘટ હું માનું નહિ, હું તો ભાવને ગ્રહણ કરૂં છું. એટલે પાંચ-સાત ઘટ ભરીને એક ઠામડામાં રેડ્યા, અને ઘડા-રૂપ બોખું એક બાજુ કાઢી નાખ્યું, ત્યારે તેને ઘટ કહીયે.

તે વારે કોઈક બોલ્યો, જે એ પાંચ-સાત ઘટ રૂપ જળનું જ્ઞાન કયાં રહ્યું છે? તે વખતે **શબ્દ નયના** મતવાળો વહેંચણ કરીને બોલ્યો, કે આ **શરીરરુપ** ઘટ અને જ્ઞાનાદિ અનંતગુણરૂપ માંહે જળ ભર્યું છે.

તે વારે **સમભિરૂઢનયના** મતવાળો બોલ્યો, કે એમ ઘટ નહિ, આ શરીરરૂપ ઘટમાંથી ઉપયોગ કાઢી, અને માંહે જ્ઞાનાદિ અનંતગુણરૂપ જે જળ ભર્યું છે, તેમાં ઉપયોગ લગાવી શ્રેણીભાવે ચઢે, તેવારે ઘટ કહીયે. એટલે એણે શરીરરૂપ ઘટમાંથી ઉપયોગ કાઢી અને જ્ઞાનાદિ અનંતગુણરુપ માંહે જળ ભર્યું છે, તેમાં ઉપયોગ લગાવીને શ્રેણીભાવે ચઢયો, તે વારે **સમભિરૂઢનયના** મતવાળો ઘટ કહે છે.

હવે **એવંભૂતનયના** મતવાળો બોલ્યો, જે એમ ઘટ નહિ, પરંતુ એમાં જે જ્ઞાનાદિ અનંતગુણરૂપ જળ ભર્યું છે, તે પ્રગટ કરી ઘટરૂપ શરીરનું બોળુ ઇહાં મૂકી લોકને અંતે સિદ્ધપુરીમાં વિરાજમાન થયા. તિહાં ઘટ કહીયે.

૪૮૭–હવે ઘર ઉપર ઉત્સર્ગ–અપવાદ માર્ગે સાત નય ઉતારે છેઃ—

કોઇ પુરુષ ઘરનો સામાન લેવા ચાલ્યો, તેને કોઈ બીજો પુરુષ માર્ગમાં સામો મળ્યો, તેણે પૂછયું કે તું કિહાં જાય છે? તે વારે તે **અશુદ્ધનૈગમનયને** મતે બોલ્યો, કે હું ઘર લેવા જાઉં છું

પછી જ્યારે ઘરનો સામાન લેવા માંડયો, તે વારે વળી કોઇએ પૂછયું, કે તું શું લે છે? તે સમયે **શુદ્ધ-નૈગમનયને** મતે બોલ્યો, કે હું ઘર લઉં છું.

હવે ઘરનો સામાન લઇને પાછો વળ્યો, તે વારે વળી કોઇએ પૂછ્યું, તું શું લાવ્યો ? ત્યારે **શુદ્ધતરનૈગમનયને** વચને બોલ્યો, કે હું ઘર લાવ્યો.

હવે ઘર કરાવવા માંડ્યું, તે વારે કોઇએ પૂછ્યું, તું શું કરાવે છે ? **અતિશુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો કે હું ઘર ચણાવું છું. ઇતિ **નૈગમનય** :

હવે **વ્યવહારનયના** મતવાળો બોલ્યો, કે એમ ઘર ન થાય, હું તો સંપૂર્ણ તૈયાર ઘર નજરે દેખું, તે વારે ઘર માનું, એટલે સંપૂર્ણ તૈયાર ઘર નિપન્યું, ત્યારે **વ્યવહારનયના** મતવાળો કહે–જે એ ઘર થયું.

હવે **વ્યવહારનયના** મતવાળો બોલ્યો, જે એમ ઘર નહિ, પરંતુ ઘરની સત્તાને ગ્રહણ કરે તે વારે ઘર કહેવાય. એટલે જેમ જેમ ખટપટ કરી પરણીને ઘરની સત્તારૂપ સ્ત્રી લાવી ઘરમાં બેસાડી, તે વારે સંગ્રહનયના મતવાળો કહે, હવે એને ઘર કહીયે.

તે વારે ઋજુસૂત્રનયના મતવાળો બોલ્યો, કે એમ ઘર ન થાય, હું તો ભાવને ગ્રહણ કરુ છું. ઘરનું શું પ્રયોજન છે ? માહારે તો માંહે ઘરની ધણીયાણી સ્ત્રી બેઠી છે, તેની સાથે કામ શું છે, ઘરનું કામ છે ? એટલે એ **ઋજુસૂત્રનયના** મતવાળો ઘરરૂપ બોબા ઉપરથી ઉપયોગ કાઢી અને માંહે ઘરની ધણીયાણી સ્ત્રી બેઠી છે, તેમાં ઉપયોગ લગાવ્યો.

વળી તે વારે કોઈ બોલ્યો, કે એ ઘરમાં સ્ત્રી બેઠી છે, તેનું જ્ઞાન કિહાં રહ્યું છે? તે વારે **શબ્દનયના** મતવાળો વહેંચણ કરીને બોલ્યો, કે આ શરીરરુપ ઘર અને માંહે ચેતનમહારાજરૂપ પુરુષ અને સમતારુપ સ્ત્રી બેઠી છે, તે મધ્યે એ જ્ઞાન રહ્યું છે,

તે વારે **સમભિરૂઢનયના** મતવાળો બોલ્યો, કે એમ ઘર નહિ, પરંતુ શરીરરૂપ ઘરમાંથી ઉપયોગ કાઢી અને સમતારૂપ સ્ત્રીમાં ઉપયોગ લગાવી, શ્રેણિભાવે ચઢે, તે વારે ઘર કહીયે.

હવે **એવંભૂતનયવાળો** બોલ્યો, એમ ઘર નહિ. પણ એ શરીરરૂપ ઘરનું બોખું ઈહાં મૂકી સમતારૂપ સ્ત્રીને લઈ લોકને અંતે મોક્ષપુરીમાં જઈ વસ્યા, તેને ઘર કહીયે.

૪૮૮—હવે રાજ્ય ઉપર ઉત્સર્ગ–અપવાદ માર્ગે સાત નય ઉતારે છે:–

કોઈ પુરુષ રાજ્ય લેવા ચાલ્યો, તેને માર્ગમાં કોઈ સામો મળ્યો, તેણે પૂછ્યું, તું કિહાં જાય છે? તે વારે તે **અશુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો, હું રાજ્ય લેવા જાઉં છું. હવે રાજ્ય લેવાની સામગ્રી માંડી, તે વારે વળી કોઈએ પૂછ્યું, તું શું લે છે? એટલે **શુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો–કે હું રાજ્ય લઉં છું.

હવે રાજ્ય લઈને પાછો વળ્યો, તે વારે વળી કોઈએ પૂછ્યું, કે તું શું લાવ્યો? તે વારે **શુદ્ધ નૈગમનયને** વચને બોલ્યો–કે હું રાજ્ય લાવ્યો.

હવે રાજ્ય પાળવા માંડ્યું, તે વારે કોઈએ પૂછ્યું, તું શું પાળે છે? એટલે અતિશુદ્ધ નૈગમનયને વચને બોલ્યો–કે હું રાજ્ય પાળું છું ॥ ઇતિ નૈગમનય : ॥

હવે વ્યવહારનયના મતવાળો બોલ્યો, કે એમ રાજ્ય કહેવાય નહિ, હું તો સંપૂર્ણ રાજ્ય ભોગવતાં નજરે દેખું, તે વારે રાજ્ય માનું,

તે વખતે સંગ્રહનયના મતવાળો બોલ્યો–એમ રાજ્ય કહેવાય નહિ, જે રાજ્યની સત્તાને ગ્રહે, તે રાજ્ય કહેવાય. એટલે રાજ્યની સત્તારૂપ પ્રધાન, કામદાર, શિરદાર, સુભટ, સીપાઈ, જમાદાર, ફોજદાર, કોટવાલ, હાલી, મુહાલી, હાથી, ઘોડા, રથ, પાયક આદિ રાજાની સત્તારુપ સામગ્રી મળે, ત્યારે રાજા કહીએ.

હવે ઋજુસૂત્રનયના મતવાળો બોલ્યો–એમ રાજ્ય કહેવાય નહિ, હું તો ભાવને ગ્રહણ કરું છું : એટલે રાજ્યરુપી સામગ્રી તો સર્વ મળી, પણ રાજ્ય કાર્યની ચિંતારુપ હાલ હુકમ, ન્યાય, ઈન્સાફ, વાત, વિચારરુપ રાજ્યકાર્યના ચિંતનમાં ઉપયોગના પરિણામ વર્તે, તે સમયે રાજ્ય કહેવાય, નહિ તો રાતના રાજાની પરે અર્ધું રાજ્ય જાણવું.

વળી કોઇ બોલ્યો, એ રાજ્યકાજના ઉપયોગરૂપ ચિંતનનું જ્ઞાન કયાં રહ્યું છે? તે વારે શબ્દનયના મતવાળો બોલ્યો, કે આ શરીરરુપ નગર નવ દ્વારે કરી શોભતું અને માંહે ચેતન-મહારાજારૂપ રાજા રાજ્ય કરે છે, તેમાંહે એ જ્ઞાન રહ્યું છે.

તે વારે સમભિરૂઢનયના મતવાળો બોલ્યો–કે એમ રાજ્ય કહેવાય નહિ, પણ એ શરીરરુપ નગરમાંથી ઉપયોગ કાઢી અને જે એ માંહે ચેતન મહારાજારુપ રાજા રાજ્ય કરે છે, તેના સ્વરુપમાં ઉપયોગ લગાવી, શ્રેણિભાવે ચઢે, તે વારે રાજા કહીયે.

હવે એવંભૂતનયના મતવાળો બોલ્યો–કે એમ રાજા કહેવાય નહિ, પણ માંહે ચેતનમહારાજારુપ રાજા રાજ્ય કરે છે, તેનું સ્વરુપ સંપૂર્ણ પ્રગટ કરી, એ શરીરરુપ નગરનું ખોખું ઈહાં મૂકી લોકને અંતે સિદ્ધપુરીમાં મોક્ષનગરનું રાજ્ય કરે, તેને રાજા કહીયે.

૪૮૮—હવે ધર્મીજીવને સમકિતની સ્થિરતા કરવા વાસ્તે જાણપણારુપ સાત નયનું સ્વરુપ લખીયે, છીએ.

કોઈ જીવને માર્ગે જાતાં બાણ લાગ્યું, એટલે નૈગમ નયને મતે બાણ હાથમાં લઈને લોકને કહેવા લાગ્યો, જે આ બાણ મુજને લાગ્યું, આ બાણથકી હું દુઃખ ભોગવું છું.

એટલે વળી સંગ્રહનયના મતવાળો બોલ્યો, કે એ બાણનો કાંઈ વાંક નથી, બાણ તો કોઈકનો નાખ્યો આવ્યો, પણ બાણનો મારનારો કોણ છે? તેને શોધી કાઢો, એટલે આપણું વૈર લઈયે! એમ સંગ્રહનયને મતે તેનો સંગ્રહ કરી ચિત્તમાં ધારી રાખ્યો,

હવે વ્યવહારનયના મતવાળો બોલ્યો, કે ભાઈ! એ બાણ મારનારનો કાંઈ વાંક નથી, પણ કોઈ પ્રકારે તારા ગ્રહનો વાંક છે, એટલે તારા ગ્રહ વાંકા આવ્યા દેખાય છે.

તે વારે એ ધણીને તને મારવાના પરિણામ થયા, તો એ બિચારો શું કરે? માટે કોઈ રીતે ગ્રહની પૂજા કરી, ગ્રહની શાંતિ કરો. એટલે સુખ થાય. માટે જ્યોતિષ, વૈદ્યક જોઈને ચાલવું, કામ કરવું, એ પ્રમાણે **વ્યવહારનયે** લૌકિક વચન છે.

હવે **ઋજુસૂત્રનય**ના મતવાળો ઉપયોગ દઈને બોલ્યો– કે હે ભાઈ! ગ્રહનો કાંઈ વાંક નથી, ગ્રહતો સર્વે સમ્યગ્દૃષ્ટિ છે, માટે તે તો કોઇને દુઃખ દેતા નથી, પણ તારા કર્મનો વાંક છે, જેવા કર્મરુપ દળીયા તારી સત્તાએ હતા, તેવા ગ્રહ પણ આવ્યા, મારે શુભાશુભરુપ કર્મ સર્વને સુખ–દુઃખ દે છે. એ વિપાક સર્વે કર્મના કર્યા ઉદય આવે છે, એમાં ગ્રહનો કાંઈ વાંક નથી.

ગાથા :–

કર્મ કરે તે ન કરે કોય, કર્મે કીડી કુંજર હોય।
કર્મે સુખ દુઃખ પામે સહુ, કર્મે જીવ ભમે તે બહુ ॥ ૧ ॥

માટે સર્વ જીવ કર્મને વશ છે. એ **ઋજુસૂત્ર**નું વચન છે. એ રીતે ચાર નયે જાણપણું કરી સંસારમાં જીવ પરિ-ભ્રમણપણું કરે છે.

હવે **શબ્દનય**ના મતવાળો બોલ્યો–કે એ કર્મ બિચારા શું કરે? એ તો જડ છે, કોઇને સુખ–દુઃખ દેતા નથી, પણ સુખ–દુઃખ પેદા કરવાવાળો તથા ભોગવવાવાળો આપણો જીવ છે, જેવા પરિણામે કરીને જીવે કર્મ બાંધ્યા હોય, તેવા વિપાક ઉદય આવે, માટે એમાં કર્મનો કાંઈ વાંક

નથી. જીવે પોતે ઉદ્યમે કરી કર્મ બાંધ્યા, તેવા વિપાક ભોગવે છે. માટે વાંક તારા જીવનો છે, પણ કર્મનો વાંક નથી. કર્મ તો જીવના કર્યા થાય છે, અને વળી જીવજ ઉદ્યમ કરીને ટાળતો જાય.

એ રીતે **શબ્દનયને** મતવાળે જીવ અને અજીવરૂપ જે કર્મ, તેની જુદી જુદી વહેંચણ કરીને દેખાડી.

હવે **સમભિરૂઢનયના** મતવાળો બોલ્યો–કે એમાં જીવનો કાંઈ વાંક નથી, જે વેળાએ, જે કાળે, જેવા કેવળી ભગવાને ભાવ દીઠા હોય, તે વેળાએ, તે કાળે, તેવાજ જીવના પરિણામ થાય, પણ તે ભાવ કોઈના ટાળ્યા ટળે નહિ, એટલે કેવલી ભગવાને જેવી રીતે આગળ આપણા ભવ દીઠા હોય, કે જે દેવતા, નારકી, તિર્યંચ, મનુષ્યના એટલા ભવ કરીને સિદ્ધિ વરશે, તે દિવસ, તે ઘડી, તે વેળા આવે, તે વારે જીવ તેવે પરિણામે કરી તેવા કર્મનું ગ્રહણ કરે, એમાં જીવનો કાંઈ વાંક નથી. કેવલી ભગવાને દીઠેલા ભાવ કોઇના ટાળ્યા ટળે નહિ, જે પ્રમાણે કેવલીયે દીઠું હોય, તે પ્રમાણે જ બને.

હવે **એવંભૂતનયના** મતવાળો બોલ્યો–કે એ તો સર્વે બાહ્ય વ્યવહારરૂપ વાત છે, પરંતું નિશ્ચયનયે કરી અંતર દ્રષ્ટિયે જોતાં તો

જીવને—

જન્મ નથી, મરણ નથી,
કર્મ નથી, ભર્મ નથી,

રોગ નથી, શોક નથી,
રાગ નથી, રોષ નથી,
શુદ્ધ ચિદાનંદ, નિર્મલ,
પરમ જ્યોતિ,
જ્ઞાન–દર્શન–ચારિત્રમય,
અક્ષત, અખંડ,
અલિપ્ત, શાશ્વતો,
પરમાનંદ સુખમય,
સત્તાએ સિદ્ધસમાન,
એવો તારો જીવ છે,
જેવો સિદ્ધક્ષેત્રે વસે, તેવો આ શરીરમાંહે,
અંતરદ્રષ્ટિએ વિચારતાં ભેદ નથી,
એ રીતે,
ભાંગે, લાગે,
ઇંટ લાગે, થાંભો લાગે, શસ્ત્ર લાગે,
કોઈ નિંદા કરે, ચાડી કરે, નુકશાન કરે,
રોગ ઉપજે, એ આદિ સર્વ ઠેકાણે,

એ રીતે સાતે નયે કરી અર્થ વિચારતા જીવ સંવરભાવમાં આવે, અને જે વારે સંવરભાવમાં આવે, તે વારે જીવ, નિર્જરા કરે, પણ નવા કર્મ ન બાંધે.

૪૯૦—કોઈ જીવ એમ કહે છે કે "જહાગતિ તહામતિ" એ વચન અન્યથા એકાંતવાદીનું છે. અને "જહામતિ, તહાગતિ" એ વચન, તે આગમ પ્રમાણે

શ્રી જિનવચન અનુસારે છે. માટે "જહામતિ તહાગતિ" એ વચનને અનુસારે સાત નય ઉતારે છે :—

કોઈ જીવના **ઋજુસૂત્રનયને** મતે શુભાશુભરૂપ પરિણામ થયા, તે શુભાશુભ પરિણામે કરી જીવે વ્યવહારનયને મતે પુણ્ય-પાપરૂપ કર્મના દળીયાનું ગ્રહણ કર્યું, તે કર્મના દળીયાનું ગ્રહણ કરીને **સંગ્રહનયને** મતે જીવે આયુષરૂપ સત્તાપણે બાંધ્યા, અને **નૈગમનયને** મતે તે દળીયા અતીતકાલે ગ્રહયા હતા, અને અનાગતકાલે ભોગવશે તથા વર્તમાનકાલે સત્તાએ રહયા વર્તે છે.

આ ચાર નયે કરી દ્રવ્ય કર્મરુપ આયુષનો બંધ જાણવો.

શબ્દનયને મતે ભાવપણે ચારે ગતિને વિષે જીવ ઉપન્યો.

સમભિરૂઢનયને મતે જે ગતિમાં જીવ ઉપજે, તે ગતિના સર્વ પર્યાયરુપ વસ્તુને પામે, તેને તેવો કહીયે,

તથા **એવંભૂતનયને** મતે તે પર્યાયરુપ વસ્તુ જીવે ભોગવવા માંડી, તેને તેવો કહીયે.

એ રીતે "જહામતિ, તહાગતિ" તેમાં સાત નય કહ્યા.

૪૯૧—હવે **અઠ્ઠાવીશ ઉપનયનું સ્વરૂપ** દેખાડે છે :—

તિહાં પ્રથમ દ્રવ્યાસ્તિક દશ નયનું સ્વરૂપ કહે છે :—

સર્વ દ્રવ્યમાં અનેક સ્વભાવ છે, તે એક વચનથી કહયા ન જાય, તેથી માંહોમાંહે સંક્ષેપપણે કહે છે. તિહાં જે ઉત્પાદ, વ્યય, પર્યાય ગુણપણે દ્રવ્યની ગુણસત્તાને ગ્રહે, તે દ્રવ્યાસ્તિકનય કહીયે. તે દ્રવ્યાસ્તિકનયના દશ ભેદ છે, તે કહે છે.

(૧) તિહાં પ્રથમ સર્વે દ્રવ્ય નિત્ય, માટે નિત્ય-દ્રવ્યાસ્તિક કહીયે.

(૨) બીજો જે અગુરૂલઘુ અને ક્ષેત્રની અપેક્ષા ન કરે, અને મૂલગુણને પિંડીપણે ગ્રહે, જેમ જ્ઞાનાદિક ગુણે કરી સર્વે જીવ એક સરિખા છે, માટે સર્વે જીવ એક કહીયે. તે એક દ્રવ્યાસ્તિક જાણવો.

(૩) ત્રીજો જે સ્વદ્રવ્યાદિકને ગ્રહે, તે **સત્યદ્રવ્યા-સ્તિકનય** ચાર પ્રકારે છે. તેમાં **પ્રથમ** સર્વે દ્રવ્ય પોત-પોતાના ગુણે કરી સત્ય છે, તે સ્વદ્રવ્ય **સત્યદ્રવ્યાસ્તિક** કહીયે, તથા જે સર્વે દ્રવ્ય પોતપોતાના પ્રદેશરૂપ ક્ષેત્રને માને કરીસહિત છે, તે **સ્વક્ષેત્રદ્રવ્યાસ્તિક** તથા **સ્વકાલ** દ્રવ્યાસ્તિક તે સર્વ દ્રવ્યમાં પોત પોતાનો અગુરૂલઘુ જાણવો તથા **સ્વભાવ** દ્રવ્યાસ્તિક તે સર્વે દ્રવ્ય પોત પોતાના ગુણ–પર્યાયરૂપ ભાવે કરી સહિત વર્તે છે.

એ રીતે સર્વદ્રવ્ય, આપ આપણે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવે કરી સત્ય છે, એ ત્રીજો **સત્યલક્ષણ દ્રવ્યાસ્તિક** કહીયે.

ચોથો તે સર્વે દ્રવ્યના કહેવા યોગ્ય ગુણ અંગીકાર કરે, તે **વક્તવ્યદ્રવ્યાસ્તિક** જાણવો.

(૫) પાંચમો જે આત્માને વિષે અજ્ઞાન રહ્યું છે, તે **અશુદ્ધ દ્રવ્યાસ્તિકનયને** મતે છે. માટે એને **અશુદ્ધ દ્રવ્યાસ્તિક** કહીયે.

(૬) છઠ્ઠો સર્વે દ્રવ્ય, ગુણપર્યાયરૂપ અવયવે કરીને સહિત છે, તે **અવયવ દ્રવ્યાસ્તિક** કહીયે.

(૭) તથા સાતમો સર્વે દ્રવ્ય મૂલસત્તાયે એક છે, તે **પરમ દ્રવ્યાસ્તિક** કહીયે.

(૮) આઠમો સર્વે જીવના આઠ રૂચક પ્રદેશ નિર્મળ છે, તે **શુદ્ધ દ્રવ્યાસ્તિક** કહીયે.

(૯) નવમો સર્વે જીવ સત્તાએ અસંખ્યાત પ્રદેશરૂપ એક સામાન્ય પણે સરખા છે, તે **સત્તા દ્રવ્યાસ્તિક** કહીયે.

(૧૦) તથા દશમો ગુણી, ગુણ અને દ્રવ્ય, તે એક છે, તે **પરમભાવગ્રાહક દ્રવ્યાસ્તિક** કહીયે.

એ રીતે દ્રવ્યાસ્તિક દશ નયનું સ્વરૂપ કહ્યું.

૪૯૨—હવે **પર્યાયાસ્તિકનયનું સ્વરૂપ** કહે છેઃ— જે પર્યાયને ગ્રહે, તે **પર્યાયાસ્તિકનય** કહીયે. તેના છ ભેદ છે, તે કહે છેઃ—

(૧) પ્રથમ દ્રવ્યપર્યાય તે સાધ્યપણું અથવા સિદ્ધપણું.

(૨) બીજો દ્રવ્યવ્યંજનપર્યાય, તે પોતપોતાના પ્રદેશનું માન,

(૩) ત્રીજો ગુણપર્યાય, તે એક ગુણ, અનેકતાપણે પરિણમે, જેમ ધર્માદિદ્રવ્ય પોતાના ચલન સહાય રૂપ એક ગુણથી પણ અનેક જીવ પુદ્ગલને સહાય કરે છે, તે રીતે સર્વત્ર જાણી લેવું.

(૪) ચોથો ગુણવ્યંજન પર્યાય, તે એક ગુણના ઘણા ભેદ છે.

(૫) પાંચમો સ્વભાવ પર્યાય, તે અગુરુલઘુપર્યાય દ્રવ્યમાં જાણવો. એ પાંચ પર્યાય સર્વ સર્વ દ્રવ્યમાં છે.

(૬) અને છઠ્ઠો વિભાવ પર્યાય, તે એક પુદ્ગલદ્રવ્યમાં છે, એટલે પુદ્ગલના જે સ્કંધ, તે સર્વે વિભાગ પર્યાય રૂપ જાણવા. એ છ પર્યાયાસ્તિકનય કહ્યા, અને આગળ દશ દ્રવ્યાસ્તિક કહ્યા, સર્વ મળી સોળ ભેદ થયા.

હવે નૈગમાદિ સાત નયના ભેદો સહિત સ્વરૂપ કહે છેઃ—

૪૯૩–તિહાં પ્રથમ નૈગમનયનું સ્વરૂપ કહે છેઃ—

નહિ છે એક ગમ જેને વિષે તે નૈગમએટલે એક અંશે જેમાં ગુણપણું નિપન્યુ હોય, તેમાં વસ્તુપણું માને

તેને **નૈગમનય** કહીયે. તેના ત્રણ ભેદ છે, તે આવી રીતેઃ— શ્રી મહાવીર સ્વામીનો આગળ જન્મ થયો હતો, તેને ઘણો કાળ વ્યતીત થઈ ગયો, પણ હમણાં પર્યુષણમાં જન્મકલ્યાણકનો મહોત્સવ કરીયે, અથવા દિવાળીને દિવસે નિર્વાણકલ્યાણદિનો મહોત્સવ કરીયે, તે સર્વે વર્તમાને અતીતારોપણનામે **નૈગમનયનો** પ્રથમ ભેદ જાણવો.

તથા અનાગતકાલે **શ્રીપદ્મનાભજી** તીર્થંકર થશે, તેનો આજ જન્મકલ્યાણકાદિક ભક્તિ મહોત્સવ કરીયે, તે સર્વે **વર્તમાન અનાગતારોપણ** નામે **નૈગમનયનો** બીજો ભેદ જાણવો.

તથા હમણાં વર્તમાને જે કામનો આદર કરી અંગીકાર કરીયે, તે **વર્તમાનનૈગમનયનો** ત્રીજો ભેદ જાણવો.

એ નૈગમનયના ત્રણ ભેદ કહ્યા.

૪૯૪—**હવે સંગ્રહનયનું સ્વરૂપ કહે છેઃ—**

જે સત્તાને ગ્રહે, તે સંગ્રહનય જાણવો.

જે કારણે એક નામ લીધાથી સર્વ ગુણ પર્યાય પરિવાર સહિત આવે, તે **સંગ્રહનય** જાણવો. તેના બે ભેદ છે. એક **સામાન્ય સંગ્રહ** અને બીજો **અશેષ સંગ્રહ**,

તિહાં દ્રવ્ય એવું નામ લેતાં થકાં જીવ–અજીવપણાનો કાંઈ ભેદ પડયો નહિ, તે **સામાન્ય સંગ્રહ** અને બીજો જે વિશેષતા અંગીકાર કરીયે, જેમકે જીવદ્રવ્ય એટલું કહ્યું, તે વારે અજીવ સર્વે ટળી ગયા, તેને **વિશેષ સંગ્રહ** કહીયે.

વળી પણ એનું સ્વરૂપ કહે છે. જેમકે માત્ર ઘટ એવું નામ લેતાં સામાન્ય સંગ્રહ કહીયે, અને વિશેષતા ગુણ અંગીકાર કરીને બોલીયે, જેમકે માટીનો ઘટ એવું નામ લીધા થકી ત્રાંબા, પિત્તળ, લોઢા, રૂપા, સોના પ્રમુખના ઘટ સર્વ ટળી ગયા, તે વિશેષ સંગ્રહ કહીયે. એ સંગ્રહનયના બે ભેદ કહ્યા.

૪૯૫—હવે વ્યવહારનયનું સ્વરૂપ કહે છેઃ—

જે બાહ્ય સ્વરૂપ દેખીને ભેદ વહેંચે, એટલે બાહ્ય દીસતા ગુણ દેખે તેવા માને, પણ અંતરંગ પરિણામ તથા સત્તાને ન માને, કેમકે એ નયમાં આચારક્રિયા પ્રમુખ છે, પણ અંતરંગ પરિણામનો ઉપયોગ નથી, એટલે જેમ નૈગમ અને સંગ્રહ એ બે નય જ્ઞાનરૂપ ધ્યાનના પરિણામ વિના અંશ તથા સત્તાગ્રાહી છે, તેમ એ નયમાં કરણી મુખ્ય છે,

એ વ્યવહારનયના બે ભેદ છેઃ—એક શુદ્ધ વ્યવહાર, બીજો અશુદ્ધ વ્યવહાર.

તે અશુદ્ધવ્યવહાર પહેલે ગુણઠાણે છે. તેના પાંચ ભેદ છેઃ—તે શિષ્યને સમજાવવા સારૂ જૂદા જૂદા દેખાડે છે. એક અશુદ્ધવ્યવહાર, બીજો શુભવ્યવહાર, ત્રીજો અશુભવ્યવહાર, ચોથો ઉપચરિતવ્યવહાર, પાંચમો અનુપચરિત વ્યવહાર, એ પાંચ ભેદ અશુદ્ધવ્યવહારના જાણવા. અને બીજો શુદ્ધવ્યવહારનય જે છે, તે ચોથા

ગુણઠાણાથી માંડીને યાવત્ તેરમા, ચૌદમા ગુણઠાણા પર્યંત જાણવો.

૪૯૬—હવે ઋજુસૂત્ર નયનું સ્વરૂપ કહે છેઃ—

ઋજુ=સરલ એટલે અતીતકાલ અને અનાગતકાલની અપેક્ષા ન કરે, પણ વર્તમાનકાલે જે વસ્તુ જેવે ગુણ-પરિણામે વર્તે, તે વસ્તુને તેવે ગુણ-પરિણામે માને, તેથી એ નય પરિણામગ્રાહી છે.

એટલે કોઈ જીવ ગૃહસ્થ છે, પણ તેના અંતરંગ પરિણામ સાધુ સમાન વર્તે છે, તે જીવને સાધુ કહે અને કોઇ જીવ સાધુને વેશે છે, તથાપિ તેના મનના પરિણામ વિષયાભિલાષ સહિત છે, તો તે જીવ અવ્રતીજ છે, એમ માને,

એ ઋજુસૂત્રનયના બે ભેદ છે. એક સૂક્ષ્મઋજુસૂત્ર અને બીજો સ્થૂલ એટલે બાદર ઋજુસૂત્ર.

તિહાં જે સદાકાલ સર્વે વસ્તુમાં એક વર્તમાન સમય વર્તે છે, એટલે કે જે જીવ અતીતકાલે અજ્ઞાની હતો, અને અનાગતકાલે જ્ઞાનીભાવે જ્ઞાની થશે, તે બેહુ કાળની અપેક્ષા ન કરે, પરંતુ એક વર્તમાન સમયે જે જેહવો હોય, તેને તેહવો કહે, એ સૂક્ષ્મઋજુસૂત્ર કહીયે. અને બાહ્ય મોટા પરિણામને ગ્રહણ કરે, તે સ્થૂલઋજુસૂત્ર કહીયે.

૪૯૭—હવે શબ્દનયનું સ્વરૂપ કહે છેઃ—

જે વસ્તુ સગુણ અથવા નિર્ગુણ હોય, તે વસ્તુને નામ કહી બોલાવીયે એટલે ભાષા વર્ગણાથી શબ્દપણે વચન ગોચર થાય, તે **શબ્દનય**, જે કારણે અરૂપીદ્રવ્યને વચનથી કહેવા તે **શબ્દનય** કહીયે. ઈહાં જે શબ્દનો અર્થ કહે છે, તે વસ્તુમાં વસ્તુપણું પામે, તે વારે તે વસ્તુ **શબ્દનયે** કહીયે. એટલે ચેષ્ટા કરતો તે ઘટ જાણવો. એ **શબ્દનયમાં** વ્યાકરણ નિપન્યા અને બીજા પણ સર્વ શબ્દ લીધા,

તે **શબ્દનયના** નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ, એ ચાર નિક્ષેપાને નામે ચાર ભેદ છે. શ્રી અનુયોગદ્વારમાં '**जत्थ य जं जाणिज्जा**' એ પૂર્વોકત ગાથાયે ચાર નિક્ષેપા જાણવા. ઈહાં પહેલો ભાવનિક્ષેપો તે ધુરલા ચાર નયમધ્યે તે દ્રવ્ય છે અને ભાવ નિક્ષેપાના તે શબ્દાદિક રૂપ છે, પણ તે નિક્ષેપાની પરિણતિરુપ વસ્તુ તે ત્રણ નિક્ષેપે વસ્તુ આદિ ચાર નયમાં છે અને **ભાવનિક્ષેપે** વસ્તુ તે શબ્દાદિ નય છે, એમ સદ્દહજો.

એ રીતે એ શબ્દનયનો એક ભેદ કહીયે, એ **શબ્દનય** કહ્યો.

૪૯૮—હવે છઠ્ઠા સમભિરૂઢનયનું સ્વરૂપ કહે છેઃ-

જે વસ્તુના કેટલાએક ગુણ પ્રગટયા છે, અને કેટલાએક ગુણ નથી પ્રગટયા, પરંતુ જે નથી પ્રગટયા તે પણ અવશ્ય પ્રગટશે એટલે એક અંશે ઓછી વસ્તુને

પણ પૂર્ણ કહે, જેમ તેરમે ગુણઠાણે કેવલી ભગવાન્‌ને સિદ્ધ કહે, તે સમભિરૂઢનય એક ભેદે જાણવો.

૪૯૯—હવે સાતમા એવંભૂતનયનું સ્વરૂપ કહે છે :-

જે વસ્તુ પોતાને ગુણ સંપૂર્ણ છે અને પોતાની ક્રિયા કરે છે, તેને વસ્તુ કહીયે, તે વસ્તુના નય ગુણપર્યાય તથા વસ્તુધર્મ સર્વે પ્રગટ પ્રવર્તતા હોય, તેને વસ્તુ કહીયે. જેમ મોક્ષ સ્થાનકે જે પહોતો હોય, તે જીવને સિદ્ધ કહે, તથા જેમ પાણીયે ભર્યો સ્ત્રીના માથા ઉપર આવતો જલધારણ ક્રિયા કરતો હોય તેને ઘડો કહે, તે એવંભૂત નય જાણવો. તેનો એક ભેદ છે.

એ સર્વ મળી નૈગમના ત્રણ, સંગ્રહના બે, વ્યવહારના બે, ઋજુસૂત્રના બે, તથા, શબ્દાદિક ત્રણેના ત્રણ, મળી બારભેદ થયા તે પૂર્વોક્ત સોળભેદ સાથે મેળવીયે, તે વારે અઠ્ઠાવીશ ઉપનય થાય.

૫૦૦—હવે એ સાત નયના શ્રીવિશેષાવશ્યકને અનુસારે ભેદ કહે છે :—

નૈગમના દશ, સંગ્રહના બાર, વ્યવહારના ચૌદ, ઋજુસૂત્રના છ, શબ્દના સાત, સમભિરૂઢના બે અને એવંભૂતનો એક, એમ સર્વ મળી બાવન ભેદ જાણવા.

વળી નયચક્રસારમધ્યે એ સાત નયના સાતસો ભેદ કહ્યા છે, તે પણ જાણવા.

* * *

હવે સ્યાદ્વાદરત્નાકરથી નયનું સ્વરૂપ લખીયે છીએ.

નય=પમાડીયે એટલે જેણે શ્રુતજ્ઞાને વિષયપ્રમાણ કીધો, જે પદાર્થનો અંશ, તેહથી ઇતર જે બીજો અંશ, તે અંશથી ઉદાસીપણું તેને જે પડિવજવાવાલાનો અભિપ્રાયવિશેષ તે નય કહીયે,

એટલે વસ્તુના અંશને ઉદાસીપણે ગ્રહે, તે નય કહીયે. અને એક અંશને મુખ્ય કરી બીજા અંશને ઉત્થાપે, તે નયાભાસ કહીયે.

તે નયના બે ભેદ છે. એક દ્રવ્યાર્થિક, બીજો પર્યાયાર્થિક, એ રીતે નયનું સ્વરૂપ કહ્યું, અને પમાણેહિં =પ્રત્યક્ષ અને પરોક્ષ, એ બે પ્રમાણનું સ્વરૂપ, આગળ શ્રીસિદ્ધચક્રજીના યંત્રમધ્યે કહ્યું છે, તે પ્રમાણે જાણવું.

અને જો "અપ્પા સાયવાયભાવેણં" એટલે અપ્પા=આત્મા, તેને સાયવાય=સ્યાદ્વાદરૂપ નિત્યાનિત્યાદિ આઠ પક્ષે કરી ભાવેણં=ઓળખીને જેણે પોતાના આત્માની પ્રતીતિ કરી છે.

ઇહાં શિષ્ય પૂછે છે કે સ્યાદ્વાદરૂપ નિત્યાનિત્યાદિ આઠ પક્ષે કરી પોતાના આત્માની પ્રતીતિ કેવી રીતે થાય? તે વારે ગુરૂ કહે છે, જે સ્યાદ્વાદમંજરીમાં કહ્યું છે કે

"नित्यानित्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगमत्वं स्याद्वादत्वं॥ १॥

૫૦૧–શિષ્ય :—એ નિત્ય અનિત્યાદિ આઠ પક્ષે કરી જીવનું સ્વરૂપ કેમ જાણીયે?

ગુરૂઃ—વ્યવહારનયને મતે ઉદયભાવને યોગે કરી જે ગતિમાં જીવ વર્તે છે, તે ગતિમાં નિત્ય છે, અને સમયે સમયે આયુષ ઘટે છે, માટે અનિત્ય કહીયે, પણ તે અનિત્યપણામાં પોતે નિત્યપણે વર્તે છે, એ રીતે નિત્યમાં અનિત્ય અને અનિત્યમાં નિત્યપક્ષનો વિચાર વ્યવહારનયને મતે જાણવો.

હવે નિશ્ચયનયને મતે નિત્ય–અનિત્ય પક્ષે કરી જીવનું સ્વરૂપ દેખાડે છે :—

નિશ્ચયનયને મતે જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય, એ ચાર ગુણ તથા અવ્યાબાધ, અમૂર્ત્ત અને અનવગાઢ, એ ત્રણ પર્યાય નિત્ય છે અને એક અગુરૂલઘુ-પર્યાય, જીવને સર્વે ગુણમાં હાનિવૃદ્ધિરૂપ ઉપજવું–વિણસવું કરે છે, તે અનિત્ય છે.

તેમાં એ જ્ઞાનાદિ ચાર ગુણ તે નિત્યપણે વર્તે છે, એટલે એ નિત્યમાં અનિત્ય અને અનિત્યમાં નિત્યપક્ષનો વિચાર નિશ્ચયનયને મતે જાણવો.

હવે વ્યવહારનયને મતે એક–અનેક પક્ષે કરી જીવનું સ્વરૂપ દેખાડે છે :—

વ્યવહારનયને મતે ઉદયભાવને યોગે કરી જે ગતિમાં જીવ વર્તે છે, તે ગતિમાં એક છે, પણ કોઈનો બેટો, કોઈનો બાપ, કોઈનો કાકો, કોઈનો મામો, કોઈનો ભાઈ, કોઈનો ભત્રીજો, એમ અનેક પ્રકારે જીવમાં બેટા–

બાપાદિકપણું રહ્યું છે, તેથી અનેક પણ કહીયે પરંતુ એ બેટા, બાપ, ભાઇ, ભત્રીજાપણામાં પોતાપણું તે એક વર્તે છે, એટલે એ એકમાં અનેક અને અનેકમાં એક પક્ષનો આચાર વ્યવહારનયને મતે જાણવો.

હવે નિશ્ચયનયને મતે જીવમાં એક–અનેક પક્ષ દેખાડે છે :—

નિશ્ચયે કરી સર્વ જીવનો ધર્મ સત્તાએ એકરૂપ-સરખો છે, માટે સર્વ જીવ એક કહીયે અને ગુણ, પર્યાય, તથા પ્રદેશ અનેક છે, એટલે ગુણ અનંતા છે, પર્યાય અનંતા છે અને પ્રદેશ અસંખ્યાતા છે, માટે અનેક પણ કહીયે.

તે માટે એ એકમાં અનેક છે અને એ ગુણપર્યાય તથા પ્રદેશ અનેક છે, પણ તેમાં જીવપણું એકસરખું છે, માટે અનેકમાં એક પણ કહીયે.

એ રીતે નિશ્ચયનયને મતે કરી એકમાં અનેક અને અનેકમાં એક પક્ષનો વિચાર જાણવો.

હવે વ્યવહારનયને મતે જીવમાં સત્–અસત્ પક્ષ દેખાડે છે :—

વ્યવહારનયને મતે જીવ પોતે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવપણે કરીને સત્ છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ, અને પરભાવપણે કરીને અસત્ છે.

એટલે વ્યવહારનયને મતે દ્રવ્યથકી જીવદ્રવ્ય, જે ગતિમાં પોતે વિરાજમાન થકો વર્તે છે, અને ક્ષેત્રથકી જેટલું ક્ષેત્ર પોતે અવગાહી એટલે મર્યાદારૂપ પોતાનું કરીને રોકયું છે, તે જાણવું, તથા કાલથકી સમયરૂપ પોતાના આયુષ પ્રમાણે કાલ વર્ત્યો જાય છે, તથા ભાવથકી સર્વે જીવ પોતપોતાના શુભાશુભરૂપ ભાવમાં રહ્યા વર્તે છે,

એવી રીતે વ્યવહારનયને મતે સર્વે જીવ પોતપોતાના સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવે કરીને સત્ છે, અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવપણે કરી અસત્ છે, પણ એ અસત્પણામાં પોતાનું સત્પણું વર્તે છે,

એટલે એ સત્માં અસત્ અને અસત્માં સત્ પક્ષનો વિચાર વ્યવહારનયને મતે કરી જાણવો.

હવે નિશ્ચયનયે કરી જીવમાં સત્ અસત્ પક્ષ દેખાડે છે :—

નિશ્ચયનયને મતે જીવ પોતાના સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવપણે કરીને સત્ છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવપણે કરીને અસત્ છે એટલે એ નિશ્ચયનયને મતે જીવમાં સ્વદ્રવ્ય તે જ્ઞાનાદિક ગુણ જાણવા અને સ્વક્ષેત્ર તે જીવ પોતે પોતાના અસંખ્યાત પ્રદેશરૂપ ક્ષેત્ર અવગાહી રહ્યો છે અને સ્વકાલ તે પોતાનો અગુરૂલઘુ પર્યાય સદાકાલ હાનિ-વૃદ્ધિરૂપ ઉપજવું-વિણસવું

કરે છે, તથા **સ્વભાવ** તે પોતાના ગુણપર્યાય તેણે કરીને જીવ સત્ છે, અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવપણે કરી જીવ અસત્ છે, પણ એ અસત્પણામાં પોતાનું સત્પણું વર્તે છે,

એટલે સત્માં અસત્ અને અસત્માં સત્ પક્ષનો વિચાર **નિશ્ચયનયને** મતે કરી જાણવો.

હવે **નિશ્ચય** અને **વ્યવહારનયને** મતે કરી વક્તવ્ય અવક્તવ્યરૂપ પક્ષે કરી જીવનું સ્વરૂપ દેખાડે છે :—

ઉદયભાવને યોગે કરી **વ્યવહારનયને** મતે જે જીવ પહેલા ગુણઠાણાથી માંડી યાવત્ તેરમા, ચૌદમા ગુણઠાણા પર્યંત વર્તે છે, તે જીવના જેટલા ગુણ કેવલી ભગવાનના પ્રરુપ્યામાં આવે છે, તે વક્તવ્ય જાણવા અને જે કેવલી ભગવાનના પ્રરુપ્યામાં ન આવે તે **અવક્તવ્ય** જાણવા.

તથા **નિશ્ચયનયને** મતે સિદ્ધપરમાત્મા ગુણઠાણા વર્જિત લોકને અંતે વિરાજમાન વર્તે છે, તેના જેટલા ગુણ કેવલી ભગવાનના પ્રરુપ્યામાં આવે તે વક્તવ્ય અને જે કેવલી ભગવાનના પ્રરુપ્યામાં ન આવે, તે અવક્તવ્ય જાણવા.

એ રીતે નિશ્ચયનયને મતે વક્તવ્ય-અવક્તવ્યરૂપ પક્ષે કરી જીવનું સ્વરૂપ જાણવું.

૫૦૨–**શિષ્ય** :—સમકિતના કેટલા પ્રકાર છે?

ગુરૂઃ—સમકિતના નવ પ્રકાર જાણવા.

તિહાં પ્રથમ **દ્રવ્યસમકિત**, બીજું **ભાવસમકિત**, ત્રીજું **વ્યવહારસમકિત**, ચોથું **નિશ્ચયસમકિત**, પાંચમું **નિસર્ગસમકિત**, છઠું **ઉપદેશસમકિત**, સાતમું **રોચકસમકિત**, આઠમું **કારકસમકિત**, અને નવમું **દીપકસમકિત**.

એ નવ પ્રકારે કરી સમકિતનું સ્વરૂપ જાણવું.

૫૦૩–**શિષ્ય** :—દ્રવ્યસમકિત અને ભાવ- સમકિત કોને કહીયે ?

ગુરૂ :— તીર્થંકરના વચન ઉપર આસ્થા–પ્રતીતિ હોય, જે શ્રી તીર્થંકરે વચન કહ્યા, તે તહત્તિ કરી માને, પણ પરમાર્થ ન જાણે અને જીવાદિક નવ પદાર્થના ભેદા-ભેદ ન જાણે,

તથા કુલાચારે દેવયાત્રા, સંઘ, સાહમ્મીવત્સલ, પૂજા, પ્રભાવનાદિ કરણી કરે અને કેવલીએ કહ્યું, તે વચન તહત્તિ કરી માને,

તથા દેવ તે અરિહંત, ગુરુ તે સુસાધુ, ધર્મ તે કેવલીનો પ્રરુપ્યો, એવી સદ્દહણા જેને હોય, તે જીવ, દ્રવ્યસમકતી જાણવા *

---

*અહીં દ્રવ્ય પદથી જેમાંથી જ્ઞાનીની નિશ્રાએ રહેવાના પરિણામે ભાવની ઉત્પત્તિની શક્યતા છે તે કારણ વાચી દ્રવ્યપદ જાણવું, પ્રધાનદ્રવ્ય નહીં. સં૦

ભાવસમકિતી તે આગળ દ્રવ્યસમકિતમાં જે ગુણ કહ્યા, તે ગુણે કરી સહિત હોવા ઉપરાંત જીવાદિક નવ તત્ત્વના પરમાર્થરૂપ ભેદાભેદ જ્ઞાનીની નિશ્રાએ જાણે,

એટલે—

નવ તત્ત્વનું સ્વરૂપ, સાધક, બાધક અને સિદ્ધરૂપ, એ ત્રણ દશાયે કરી નયસાપેક્ષ રીતે જાણે,

તથા વળી એ નવ તત્ત્વનું સ્વરૂપ, કર્તા, કારણ અને કાર્યરૂપ ત્રિભંગીએ કરી જાણે,

વળી એ નવ તત્ત્વનું સ્વરૂપ સ્વાભાવિક–વિભાવિકપણે, જાણે,

તથા વળી એ નવ તત્ત્વનું સ્વરૂપ ગુણી–ગુણપણે કરી જાણે,

વળી એ નવ તત્ત્વનું સ્વરૂપ, રુપી–અરુપીપણે જાણે.

જીવસત્તાને દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ જાણે.

અજીવસત્તાને ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ રૂપ પરમાર્થ જાણે.

એ રીતે અનેક પ્રકારે જીવ–અજીવરૂપ નવ તત્ત્વના ભેદાભેદરૂપ વિચાર છે, તેને યોગ્યગુરૂગમથી જાણે.

તથા ષડ્દ્રવ્યના અનંતા ગુણ અને પર્યાય તેનું સમયે સમયે ઉત્પાદ વ્યયરૂપ પલટણપણું થઈ રહ્યું છે, તેની અંતરંગ જાણપણા ભાસનરૂપ પ્રતીતિ કરે, અને

કાર્યધર્મ કારણધર્મરૂપ અંતરંગ પ્રતીતિ કરી સાધ્ય એક, સાધન અનેક, એ રીતે સાધન કરે, તે જીવ **ભાવસમકિતી** જાણવા.

૫૦૪–શિષ્ય :—વ્યવહાર સમકિત અને નિશ્ચય સમકિત કોને કહીયે ?

ગુરૂ :—**વ્યવહાર સમકિત** તે શુભલક્ષણરૂપ આચરણાએ કરી સહિત અને ઉપાદાનપણું જાણે, ઉપાદાન બાહ્ય કારણ પણે જાણે, ઉપાદાન અંતર કારણપણે જાણે, ઉપાદાન કાર્યપણે જાણે, તથા કર્મસત્તાને છતા અછતાપણે જાણે, જીવસત્તાને છતા અછતાપણે જાણે, અને સંવેગાદિક સમકિતના સડસઠ બોલ માંહેલાં એકસઠ બોલને ગુણે કરી ક્ષયોપશમસમકિત તથા ઉપશમ સમકિતવંત જે જીવ હોય, તેને વ્યવહારસમકિત જાણવું.

એટલે ઉપરથી શુભ આચરણારૂપ લક્ષણ દેખીયે, તે જીવને વ્યવહાર સમકિત જાણવું,

એ સમકિત આવ્યું થકું જાય, તે માટે એ વ્યવહાર સમકિત જાણવું, જો આવ્યું થકું ન જાય, તો તે નિશ્ચયનય સંબંધી નિશ્ચયસમ્યક્ત્વ કહેવાય.

અને **નિશ્ચયસમકિત** તે સમકિતના એકસઠ તથા ષટ્ બોલના જાણપણા ભાસનરૂપ ગુણે કરી સહિત સાત પ્રકૃતિને ક્ષયે ક્ષાયિક સમકિતવંત જીવને અંતરંગ ભાસનરૂપ

જ્ઞાન, દર્શન, ચારિત્રને વિષે શુદ્ધપરિણામ વર્તે, તે જીવને **નિશ્ચયસમકિત** જાણવું.

એટલે એ સમકિત આવ્યું થકું જાય નહિ. માટે એને **નિશ્ચયસમકિત** કહીયે. અને ક્ષાયોપશમ તથા ઉપશમ એ બે સમકિત આવીને પાછા જતા રહે છે, તેથી તે વ્યવહાર સમકિતમાં ગણ્યા અને ક્ષાયિકસમકિત જે જીવને આવ્યું તે ફરી પાછું જાય જ નહિ, તેથી એ સમકિત નિશ્ચયમાં ગણાય છે. ૪

૫૦૫–શિષ્ય :—નિસર્ગસમકિત અને ઉપદેશસમકિત કોને કહીયે ?

ગુરૂ:—**નિસર્ગ સમકિત** તે જે પોતાને ક્ષયોપશમે ગુરુના ઉપદેશ વિના નિશ્ચય–વ્યવહારનયે કરી નૈગમાદિ સાત નયે કરી તથા નામાદિ ચાર નિક્ષેપે કરી જીવ–અજીવરૂપ નવ તત્ત્વ, ષડ્દ્રવ્યનું સ્વરુપ જાણે અને નિશ્ચય–વ્યવહારનયે કરી જીવ સ્યાદ્વાદરૂપ નિત્ય–અનિત્યાદિ આઠપક્ષે કરી જીવ સ્વરૂપની પ્રતીત કરે, એવી રીતે જાણપણારૂપ નિશ્ચયે કરી નવ તત્ત્વમાં આશ્રવરૂપ પાંચ તત્ત્વ છે, તે ઉપર ત્યાગબુદ્ધિ અને સંવર–નિર્જરારૂપ શુદ્ધગુણ, તેનું આદરવું કરે,

તથા શ્રીવીતરાગના કહ્યા જે ભાવ નવતત્ત્વ, ષડ્દ્રવ્ય તેના સ્વરૂપને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી જાણે. તથા નામાદિ ચાર નિક્ષેપે કરી પોતાની બુદ્ધિથી સર્વે વસ્તુનું પ્રમાણ કરે, સાચું કરી સદ્દહે, તે **નિસર્ગ સમકિત** જાણવું,

એટલે જેમ આસોચ્ચા કેવલીને ગુરૂના ઉપદેશ વિના સમકિતની પ્રાપ્તિ થાય છે, તે **નિસર્ગ સમકિત** જાણવું. ૫

હવે **ઉપદેશ સમકિત** કહે છે. તિહાં આગળ નિશ્ચય સમકિતમાં જે ભાવ કહ્યા, તે સર્વ ભાવ ગુરૂના ઉપદેશથી જાણીને તેને સાચા કરી સદ્દહે, અંતરંગ પ્રતીતિ સહિત માને, તે જીવને ઉપદેશ સમકિતી જાણવો. ૬

૫૦૬—**શિષ્ય**—રોચક સમકિત તથા કારક સમકિત કોને કહીયે ?

ગુરૂ:—**રોચક સમકિત** તે શ્રીવીતરાગદેવની આજ્ઞાને રૂચિ સહિત તહત્તિ કરી સાચી સદ્દહે, એટલે જે ભગવંતે ષટ્દ્રવ્યનું સ્વરૂપ નય-નિક્ષેપા પ્રત્યક્ષાદિ પ્રમાણે કહ્યું છે, તેને તહત્તિ કરી માને તથા સાત નયમાં ચાર નિક્ષેપા ઉત્સર્ગ-અપવાદે કરી જાણે, લૌકિક ધર્મ જાણે, લોકોત્તર બાહ્ય કારણરૂપ ધર્મ જાણે, લોકોત્તર અંતર કારણરૂપ ધર્મ જાણે, લોકોત્તર અંતર કાર્યરૂપ ધર્મ જાણે, તથા સિદ્ધનું સ્વરૂપ, નિગોદનું સ્વરૂપ જેમ કહ્યું છે તેમ સદ્દહે,

એટલે શ્રીવીતરાગની આજ્ઞા પ્રમાણે યથાર્થ ઉપયોગે ભાસન થાય, તેને હર્ષે કરી તે ઉપયોગ મધ્યે નિરાધાર ભાસન રમણ અનુભવની એકતા યથાર્થ ઉપયોગથી જાણી આત્મધર્મ પ્રગટ કરવાની રૂચિ ઘણી ઉપજે, પણ ઉદય ભાવને યોગે કરી સંસાર અવસ્થામાં ખૂંતો થકો નીકળી

શકે નહિ, માટે અનેક પ્રકારે જૂરણા કરે, વિષય–કષાયના ફળ વિષ સમાન જાણી ધર્મ સાધવાને રૂચિ ઘણી કરે, પણ એ ઉપાય થકી છુટી શકે નહિ, તે જીવને ચોથે ગુણઠાણે રોચકસમકિત જાણવું. ૭

અને કારક સમકિત તો જે આગળ રોચક સમકિતમાં ભાવ કહ્યા, તેણે કરી સહિત તથા સંસારથકી નિવૃત્તિ કરી છે, અને પ્રવૃત્તિરૂપ જે સાધુની શુદ્ધક્રિયા છે, તે સાચવે છે, આચરે છે, તેને વિષે પ્રેમ સહિત ઉપયોગ વર્તે છે, સિદ્ધાંતને મતે શ્રીવીતરાગદેવની આજ્ઞા પ્રમાણે ચાલે છે. તે જીવ–છઠ્ઠે–સાતમે ગુણઠાણે વર્તતા કારક સમકિતના ધણી જાણવા. એટલે જેવું જાણે, તેવું જ અંગીકાર કરે, તેને કારક સમકિત કહીયે.

૫૦૭—શિષ્યઃ—દીપક સમકિત કોને કહીયે ?

ગુરૂઃ—દીપક=દીવો, એટલે જેમ દીવો આગળ ઉદ્યોત કરે અને પાછળ જોતાં દીવાને પોતાને અંધારૂં રહે, એ દૃષ્ટાંતે અહિંયા પણ અભવ્ય જીવ, લોકને ઉપદેશ રૂપ પ્રતિબોધ આપીને સમકિત ઉદ્યોત કરે, બીજાને ધર્મ પમાડી સંસાર થકી તારે, પણ પોતાને મિથ્યાત્વરૂપ અંધારૂં ટળે નહિ.

જેમ ત્રાંબું, લોઢું હોય તે રસકૂંપિકાદિક ઔષધિને યોગે કરી સોનાપણું પામે, પણ પીત્તળને અનેક ઔષધિ-યોના યોગ મળે, તો પણ પીત્તળપણું ટાલીને સોનાપણું

નિપજે નહિ, એટલે પિત્તળને જેમ જેમ અગ્નિમાં નાંખે તેમ તેમ કાળું થાય,

તેમ અભવ્યજીવ તે પિત્તળ સરખા જાણવા. કેમકે ભવ્ય જીવ તો કારણ સામગ્રી મલ્યે કોઇકે દિવસે સિદ્ધપણું પામે, પણ અભવ્ય ન પામે. એ દીપક સમકિત જાણવું.

એ રીતે નવ પ્રકારે સમકિતનું સ્વરૂપ વિચારવું

॥ ઇતિ સમકિતાધિકારઃ ॥

૫૦૮ શિષ્યઃ—હવે નૈગમાદિ સાત નયમધ્યે જીવ કર્મનો કર્તા કયા નયે કરી કહીએ? તથા જીવ કર્મનો ભોકતા કયા નયે કરી કહીએ? તથા જીવ સ્વરૂપનો કર્ત્તા કયા નયે કરી કહીએ? તથા જીવ સ્વરૂપનો ભોક્તા કયા નયે કરી કહીએ? એ ચાર પ્રશ્નાર્થ સાતે નયે કરી કહેવા.

વળી જીવ કર્મનો અકર્ત્તા કયા નયે કરી? તથા જીવ કર્મનો અભોકતા કયા નયે કરી? તથા જીવ સ્વરૂપનો અકર્ત્તા કયા નયે કરી? તથા જીવ સ્વરૂપનો અભોકતા કયા નયે કરી જાણવો? એ ચાર પ્રશ્નાર્થ પણ સાત નયે કરી જાણવા.

એટલે એ બે ચઉભંગીમાં આઠ પ્રશ્ન કહ્યા, તેનો પરમાર્થ નૈગમાદિ સાત નયે કરી જાણવો.

તથા નવમા ઉત્સર્ગ—અપવાદરૂપ માર્ગે કરી નય સંયુક્ત નિક્ષેપા કહેવા. તેનો પ્રશ્ન, એટલે નૈગમાદિ સાત

નય મધ્યે નામાદિ ચાર નિક્ષેપા તે ઉત્સર્ગ અને અપવાદે કરી કેમ જાણીએ ?

તથા દશમા નૈગમાદિ સાત નય મધ્યે ચોથા ભાવ નિક્ષેપા વિના શેષ નામાદિ ત્રણ નિક્ષેપા તે પણ ઉત્સર્ગ અને અપવાદે કરી કેમ જાણીએ ?

એ દશ પ્રશ્નનો અર્થ સાત નયે વિચારીને પાછો ઉત્તર વાળે, તે જૈનમતી પંડિત શિરોમણિ સર્વ શાસ્ત્રનોવેત્તા, સ્યાદ્વાદરૂપ અનેકતા નયે કરી સર્વ પદાર્થનો જાણુ; સર્વજ્ઞપુત્ર જાણુવો, અને એ પ્રશ્નનો અર્થ વિચારતા જે કોઈ જીવ મુંઝાશે, તે જ્ઞાનહીન અલ્પબુદ્ધિનો ધણી જ્ઞાનરૂપ લક્ષ્મીએ કરી રહિત પામર જન તેને સર્વજ્ઞપુત્ર ન કહેવો.

૫૦૯ શિષ્યઃ—જીવને કર્મના કર્ત્તાપણામાં અને ભોકતાપણામાં નૈગમાદિ સાત નય માંહેલા કેટલા નય પામીએ ?

ગુરૂઃ—જિનભદ્રગણિક્ષમાશ્રમણજી કહે છે કે જે ચાર દ્રવ્યનય છે અને ત્રણ ભાવનય છે, માટે જીવને દ્રવ્ય કર્મરૂપ કાર્યના કર્ત્તાપણામાં ચાર નય જાણવા અને તે દ્રવ્યકર્મ જે વારે સ્થિતિપાકે ઉદયરૂપ ભાવે જીવ ભોગવે, તેમાં ઉપરના ત્રણ નયની ગવેષણા જાણવી. એ રીતે જીવને કર્મના કર્ત્તા-ભોકતાપણામાં સાતે નય પામીએ. તેનું સ્વરૂપ કહે છે.

કોઈ જીવ **ઋજુસૂત્રનયને** મતે શુભ પરિણામે કરી **વ્યવહારનયને** મતે પુણ્યરૂપ દળીયાંને ગ્રહણ કરે, એ રીતે પુણ્યરૂપ દળીયાંને ગ્રહણ કરી તે જીવે **સંગ્રહનયને** મતે દેવભવના આઉખારૂપ પ્રકૃતિપણે દળીયાં સત્તાએ બાંધ્યા, અને તે **નૈગમનયને** મતે અતીતકાલે પણ હતા, તથા અનાગત કાળે સ્થિતિ પાકે ઉદયરૂપ ભાવે ભોગવશે અને વર્તમાનકાલે સત્તાએ રહ્યા વર્તે છે, તે **નૈગમનયને** મતે ત્રણેકાલ એકરૂપપણે કહીએ.

એ રીતે જીવે એ ચાર નયે કરી દ્રવ્યકર્મરૂપ દેવતાનું આઉખુ બાંધ્યુ, તે પ્રાણી **દ્રવ્યદેવ** જાણવા. અને **ભાવદેવ** તો જે વારે તે જીવ **શબ્દનયને** મતે દેવતાપણે ઉપન્યો, તે વારે ભાવદેવ કહીએ.

એવું સાંભળી શિષ્ય બોલ્યો કે **શબ્દનય**ના મતવાળો તો ચાર નિક્ષેપે કરી વસ્તુને પ્રમાણ કરે છે, માટે દેવતામાં ચાર નિક્ષેપા કેમ જાણીએ ? તે વારે ગુરૂ કહે છે :—પ્રથમ દેવ એવું નામ તે **નામથકી દેવ**, બીજો દેવ એવા અક્ષર લખવા, તે **અસદ્ભાવસ્થાપના** અને દેવ રૂપે મૂર્ત્તિ સ્થાપવી, તે **સદ્ભાવસ્થાપના** અને ચાર નયે કરી દેવતાનું આઉખુ બાંધે, તેને ભવ્યશરીર આશ્રયી **દ્રવ્યદેવ** કહીએ, તથા જે **શબ્દનયને** મતે દેવતાપણે ઉપન્યા, તેને ઉદયભાવરૂપ **ભાવદેવ** જાણવા. એ દેવતામાં ચાર નિક્ષેપા કહ્યા.

હવે **સમભિરૂઢનયને** મતે દેવભવના સર્વપર્યાય પ્રવર્તનારૂપ વસ્તુને પામે, તેને દેવ કહીએ. તથા **એવંભૂત**-

નયને મતે તે દેવભવના પર્યાયરૂપ વસ્તુ સર્વે તખતે બેઠા ભોગવે, તે દેવ કહીએ.

એ રીતે સાત નયે કરી જીવને કર્મનું કર્ત્તા-ભોક્તાપણું જાણવું.

૫૧૦ શિષ્યઃ—જીવને સ્વરૂપના કર્ત્તાપણામાં કેટલા નય પામીએ?

ગુરૂઃ—જે કાર્ય કરવું તે સાતે નયે મળી નીપજે છે, તે વારે તે વસ્તુ બરોબર પાકી પ્રમાણ જાણવી. એ જિનમત અનુસારે વચન છે, પણ એમાં એકે નયે અધૂરી વસ્તુમાં વસ્તુપણું માને, તે જિનમત વિરોધવાદીનું વચન જાણવું. માટે ઈહાં જીવને સ્વરૂપનો કર્ત્તા તે સિદ્ધિરૂપ કાર્યનો કર્તા જાણવો, તે સિદ્ધિરૂપ કાર્ય તો સાતે નયે મળીને નિપજે છે, માટે સાતે નયે કરી સિદ્ધિરૂપ કાર્ય દેખાડે છે.

તિહાં કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ જાગ્યો થકો વિવેકરૂપ નેત્રે કરીને અંતરદૃષ્ટિએ જોતો પોતાનું સ્વરૂપ નિપજાવે,

એટલે સંગ્રહનયને મતે સિદ્ધસમાન પોતાના આત્માની સત્તા અસંખ્યાત પ્રદેશરૂપ છે, તે ઓળખીને જેણે પ્રતીતિ કરી છે,

અને નૈગમનયને મતે આઠ રૂચકપ્રદેશ જીવને સદાકાલ સિદ્ધસમાન નિર્મલા વર્તે છે, તેણે કરી અંશથકી પોતાના આત્માને સિદ્ધસમાન કરી જાણે છે, તેની આચારાંગની ટીકામાં સાખ છે,

અને વ્યવહારનયને મતે ઉપરથકી ગુણઠાણા માફક સાધ્ય ચોકખું રાખીને પોતાની કરણી કરતો જાય છે,

તથા ઋજુસૂત્રનયને મતે સંસાર ઉદાસી ત્યાગ –વૈરાગ્યરૂપ ઉદાસભાવે પરિણામ વર્તે છે,

તથા શબ્દનયને મતે જીવ–અજીવરૂપ સ્વસત્તા–પરસત્તાની વહેંચણ કરી જેવી હતી, તેવી જ શુદ્ધ નિર્મલપણે જેણે પોતાના આત્માની અંતરંગ ભાસનરૂપ પ્રતીતિ કરી છે.

તથા સમભિરૂઢનયને મતે શુદ્ધ શુકલધ્યાન રૂપાતીત પરિણામરૂપ ક્ષપકશ્રેણીએ ચઢે, તે વારે ઘાતીકર્મને ક્ષયે જ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ કરે,

અને એવંભૂતનયને મતે તે જીવ જ્ઞાનાવરણાદિ કર્મને ક્ષયે અષ્ટગુણ સંપન્ન ઉત્કૃષ્ટ આનંદમય એવું પોતાના આત્માનું સિદ્ધિરૂપ કાર્ય કરવું, તેનો કર્તા જાણવો.

એ રીતે સાત નયે કરી જીવને સ્વરૂપનું કર્ત્તાપણું કહ્યું; પણ એમાં એકે નયે અધૂરે જે જીવમાં સ્વરૂપનું કર્ત્તાપણું માને, તેનું વચન અન્યથા અપ્રમાણ છે.

૫૨૧ શિષ્ય :—જીવને સ્વરૂપના ભોક્તાપણામાં કેટલા નય પામીએ ?

ગુરૂ :— કર્તા તેહીજ ભોક્તા એ ન્યાયમાર્ગ છે, એટલે જે કરે, તેહીજ ભોગવે, માટે પોતાના સ્વરૂપનો કર્ત્તા છે, તો ભોક્તાપણું પણ એને જ જોઈએ. તે માટે

આગળ જીવને સ્વરૂપના કર્ત્તાપણામાં સાતે નય દેખાડયા તેા સ્વરૂપના ભોક્તાપણામાં પણ સાતે નય જોઈએ.

એટલે ઈહાં જે કર્ત્તાપણામાં સાત નય લગાવ્યા, તે તેા કારણરૂપ જાણવા, અને કહ્યું છે કે ' **કાર્યે સિદ્ધે કારણતાવ્યયઃ** ' એ ભાવાર્થ જોતાં તેા કાર્યની સિદ્ધિ નિપજે, તે વારે કારણપણાનેા વ્યય=નાશ જાણવેા. અને સિદ્ધ પરમાત્માએ તેા કારણરૂપ સાતે નયે કરી પેાતાનું સંપૂર્ણ કાર્ય કર્યું છે, માટે કારણરુપ સાત નયનેા પણ સિદ્ધજીવમાં નાશ જાણવેા. એ પરમાર્થ છે.

હવે કાર્યરુપ સાતે નયે કરી સિદ્ધના જીવ અવ્યાબાધ રુપ પેાતાના સ્વરૂપને ભેાગવે છે, તે ભોક્તાપણામાં સાત નય દેખાડે છે.

તિહાં પ્રથમ **નૈગમનયને** મતે સિદ્ધપરમાત્માને આઠ રુચક પ્રદેશ અતીતકાલે નિરાવરણ હતા, અને અનાગત કાલે પણ નિરાવરણ વર્તશે તથા વર્તમાનકાલે પણ નિરાવરણ વર્તે છે, એ રીતે ત્રણે કાલ એકરૂપ જાણવા.

તથા **સંગ્રહનયને** મતે પેાતાના આત્માની સત્તા અંતરંગ શુદ્ધ નિર્મલપણે જેવી હતી, તેવી જ નિરાવરણપણે પ્રગટ કરી છે.

તથા **વ્યવહારનયને** મતે પલટણ સ્વભાવે નવનવા જ્ઞેયની વર્તનારૂપ પર્યાયનેા ઉત્પાદ, વ્યય, અનંત અનંતેા થઈ રહ્યો છે.

તથા **ઋજુસૂત્રનયને** મતે સિદ્ધપરમાત્મા પોતાના પારિણામિકભાવે સામાન્ય–વિશેષરુપ ઉપયોગમાં સદાકાલ વર્તે છે,

તથા **શબ્દનયને** મતે આગળ જીવ–અજીવરુપ નવ-તત્ત્વ–ષડ્દ્રવ્યના જાણપણા ભાસનરુપ અંતરંગ પ્રતીતિ કરી, ક્ષાયિક સમકિતરુપ ગુણ પ્રગટયો છે, તે પણ સિદ્ધના જીવને પોતાની પાસે છે,

તથા **સમભિરૂઢનયને** મતે શુદ્ધ શુકલધ્યાન રુપા-તીત પરિણામરુપ ક્ષપકશ્રેણિએ ઘાતીકર્મને ક્ષયે અનંત ચતુષ્ટયરુપ લક્ષ્મી પ્રગટ કરી, તે પોતાની પાસે છે,

તથા **એવંભૂતનયને** મતે સિદ્ધ પરમાત્માએ અષ્ટ કર્મને ક્ષયે અષ્ટ ગુણરૂપ લક્ષ્મી પ્રગટ કરી, તે લઇને લોકને અંતે જઈ વિરાજમાન થકા વર્તે છે,

એ રીતે જીવને સ્વરૂપના ભોક્તાપણામાં અંતરદૃષ્ટિએ જોતાં કાર્યરૂપ સાતે નય જાણવા.

૫૧૨ **શિષ્યઃ**—નૈગમાદિ સાત નયમાં જીવ, કર્મનો અકર્ત્તા કયા નયે કરી જાણવો ? તથા કર્મનો અભોક્તા કયા નયે કરી જાણવો ? તથા સ્વરૂપનો અકર્ત્તા કયા નયે કરી જાણવો ? તથા સ્વરૂપનો અભોકતા કયા નયે કરી જાણવો ?

ગુરૂઃ— શ્રી અધ્યાત્મગીતા મધ્યે **મુનિશ્રી દેવ-ચંદ્રજીએ** આવી રીતે કહ્યું છે.

॥ ગાથા ॥

આતમ સર્વ સમાન, નિધાન મહાસુખકંદ ॥
સિદ્ધ તણા સાધર્મી, સત્તાએ ગુણ વૃંદ ॥ ૧ ॥

અર્થઃ—**નૈગમ** તથા **સંગ્રહનયને** મતે સર્વ જીવ એકરૂપ સરખા સત્તાએ સિદ્ધસમાન, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ નિધાને કરી સહિત છે, અને મહાસુખકંદ–મૂલસ્વભાવે કરી જોતાં તો સર્વ જીવ, પોતપોતના પારિણામિકભાવે કરી સ્વભાવરૂપ સુખમાં રહ્યા સ્ફટિકરત્નની પરે સદાકાલ એકરૂપપણે વર્તે છે, માટે તેમાં કર્મનું કર્ત્તાપણું નથી, અને કર્મનું ભોકતાપણું પણ નથી, તથા સ્વરૂપનું કર્ત્તાપણું પણ નથી, અને સ્વરૂપનું ભોક્તાપણું પણ નથી.

એટલે **નૈગમ** અને **સંગ્રહ**, એ બે નયને મતે સર્વે જીવ સરખા પોતે પોતાના પારિણામિક ભાવમાં રહ્યા ત્રણે કાલ એકરૂપપણે વર્તે છે.

૫૧૩ **શિષ્યઃ**—આગળ નવમા પ્રશ્ન મધ્યે કહ્યું છે, તે પ્રમાણે નૈગમાદિ સાત નયમધ્યે નામાદિ ચાર નિક્ષેપા ઉત્સર્ગ અને અપવાદમાર્ગે કરી કેમ જાણીએ ?

ગુરૂઃ—મંજૂષા ઉપર સાત નયમાં ચાર નિક્ષેપા ઉત્સર્ગ અને અપવાદે કરી દેખાડુ છું :—કોઈ જીવ મંજૂષાને અર્થે વનમાં કષ્ટ લેવા ચાલ્યો, તેને રસ્તામાં કોઈ બીજો પુરૂષ સન્મુખ મળ્યો, તેણે પૂછ્યું તું શું લેવા જાય છે? તે વારે તે **અશુદ્ધનૈગમનયને** મતે બોલ્યો કે હું મંજૂષા લેવા જાઉ છું,

હવે વનમાં જઈને લાકડું કાપવા માંડ્યું, તેવારે વળી કોઈએ પૂછ્યું કે તું શું લે છે? તે વારે તે **શુદ્ધ નૈગમનયને** મતે બોલ્યો કે હું મંજૂષા લઉ છું.

હવે મંજૂષાને સારૂ લાકડું લઈને પાછો વળ્યો, તે વારે વળી કોઈએ પૂછ્યું તું શું લાવ્યો? તે વારે **શુદ્ધતર નૈગમનયને** મતે બોલ્યો કે હું મંજૂષા લાવ્યો,

હવે સુથારને તેડી મંજૂષા કરાવવા માંડી, તે વારે વળી કોઈએ પૂછ્યું તું શું કરાવે છે? એટલે **અતિશુદ્ધ નૈગમનયને** મતે બોલ્યો કે હું મંજૂષા કરાવું છું. ॥ **ઇતિ નૈગમનય :॥**

હવે **વ્યવહારનયના** મતવાળો બોલ્યો કે એમ મંજૂષા નહિ માનું, તો તૈયાર નજરે દેખું, તો મંજૂષાપણું માનું માટે જેવારે મંજૂષા તૈયાર સંપૂર્ણ **નિપની**, તે વારે **વ્યવહારનયના** મતવાળો કહે કે એને મંજૂષા કહીએ.

*હવે **સંગ્રહનયના** મતવાળો બોલ્યો, એમ મંજૂષા ન હોય, જે મંજૂષાની સત્તા પૂર્ણ ગ્રહણ કરે, તે મંજૂષા કહેવાય, પણ ઠાલી મંજૂષા કાંઈ કામની નહિ, પરંતુ મંજૂષાની સત્તારૂપ માણેક, મોતી, હીરા, જવાહિર, રત્ન, પરવાળા પ્રમુખ વસ્તુ માંહે ભરે,

તે વારે **સંગ્રહનયના** મતવાળો કહે કે હવે એને મંજૂષા કહીએ.

---

*અહીં પ્રથમ વ્યવહારનય પછીથી ગુરૂનય જણાવ્યો છે, અને ઘટના પણ બરાબર સંગત નથી લાગતી, ગીતાર્થ ગુરૂ પાસે યોગ્ય સમજવાની જરૂર છે. **સં૦**

હવે **ઋજુસૂત્ર**નયના મતવાળો બોલ્યો કે એમ મંજૂષા કહેવાય નહિ, હું તો ભાવને ગ્રહણ કરું, એટલે માંહે જે વસ્તુ ભરી છે, તેની સાથે કામ, પરંતુ મંજૂષારૂપ ખોખાનું કાંઈ પ્રયોજન નથી, એટલે એ નયને મતવાળે મંજૂષારૂપ ખોખા માંહેથી પોતાનો ઉપયોગ કાઢીને માણેક, મોતી, હીરા, જવાહિર પ્રમુખ જે એમાં વસ્તુ ભરી છે, તે માંહે ઉપયોગ લગાવ્યો,

એ રીતે ચાર નયે કરી મંજૂષાપણુ કહ્યું, તે અપવાદ-માર્ગે કરી જાણવું. પણ તેમાં નિક્ષેપા ત્રણ હોય, તે લગાવી દેખાડે છે.

પ્રથમ મંજૂષા એવું નામ, તે **નામમંજૂષા**, બીજું સ્થાપના મંજૂષાના બે ભેદ છે. એક મંજૂષા એવા અક્ષર લખવા, તે **અસદ્ભાવસ્થાપના**, અને મંજૂષારૂપે ચિત્રામણ કરો સ્થાપવું, તે બીજી **સદ્ભાવસ્થાપના**,

તથા દ્રવ્યથકી મંજૂષાના ત્રણ ભેદ છે, તે આવી રીતેઃ–

કોઈએ મંજૂષા કરાવી ઘરમાં રાખી તે ભવ્યશરીરનું દ્રવ્ય જાણવું, તથા કોઈના ઘરમાં મંજૂષા છે, પણ માંહેથી માલ લૂટાણો, અને ભાંગ્યો તુટ્યો પડયો છે, તે જ્ઞશરીરનું દ્રવ્ય જાણવું અને કોઈના ઘરમાં મંજૂષા છે, તે માણેક, મોતી, જવાહીર, અને રત્ન પ્રમુખે કરી ભરેલી છે, તેને તદ્વ્યતિરિકત શરીરનું દ્રવ્ય કહીએ. એ ત્રણ પ્રકારે દ્રવ્ય નિક્ષેપો કહ્યો,

એ રીતે એ ચાર નયમાં ત્રણ નિક્ષેપા તે અપવાદ-માર્ગ કરી જાણવા.

હવે ચોથા ભાવ નિક્ષેપામાં શબ્દાદિક ત્રણ નય તે ઉત્સર્ગમાર્ગે કરી દેખાડે છેઃ—

પૂર્વે ઋજુસૂત્રનયને મતવાળે મંજૂષારૂપ બોખા મધ્યેથી ઉપયોગ કાઢી અને માંહે માણેક, મોતી પ્રમુખ જે વસ્તુ ભરી હતી, તેમાં ઉપયોગ લગાવ્યો હતો, એટલે વળી કોઈ બોલ્યો કે માંહે માણેક, હીરા, મોતી, જવાહીર પ્રમુખ જે વસ્તુ ભરી છે, તેના જાણપણારૂપ જે જ્ઞાન તે કિહાં રહ્યું છે?

તે વારે **શબ્દનયના** મતવાળો અંતરંગ ઉપયોગરૂપ વહેંચણ કરી બોલ્યો કે આ શરીરરૂપ મંજૂષા અને તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, અવ્યાબાધ, અમૂર્ત્તિ આદિક અનંત ગુણરૂપ ભાવલક્ષ્મી ભરી છે, તેમાં એ જ્ઞાન રહ્યું છે.

તે વારે **સમભિરૂઢનયના** મતવાળો બોલ્યો કે એમ મંજૂષા કહેવાય નહિ, પણ એ શરીરરૂપ મંજૂષા ઉપરથી ઉપયોગ ઉતારી અને માંહે જે જ્ઞાન, દર્શન ચારિત્ર, અવ્યાબાધ, અમૂર્ત્તિ પ્રમુખ અનંત ગુણરૂપ લક્ષ્મી ભરી છે, તેમાં ઉપયોગ લગાવી શ્રેણિભાવે ચઢે, તે વારે એને મંજૂષા કહીએ.

હવે **એવંભૂતનયના** મતવાળો બોલ્યો કે એમ મંજૂષા કહેવાય નહિ, પરંતુ એ શરીરરૂપ મંજૂષાનું બોખું ઈહાં મૂકી અને માંહે જ્ઞાનાદિ અનંત ગુણરૂપ જે લક્ષ્મી ભરી છે, તેને લઈ લોકને અંતે સિદ્ધપુરીમાં વિરાજમાન થયા, તિહાં એને મંજૂષા કહીએ.

એટલે પૂર્વે ત્રણ નિક્ષેપામાં ચાર નય અપવાદ માર્ગે દેખાડયા, અને ઈહાં એક ભાવનિક્ષેપામાં શબ્દાદિક ત્રણ નય ઉત્સર્ગમાર્ગે દેખાડયા.

એ રીતે સાત નયમાં ચાર નિક્ષેપા ઉત્સર્ગ અપવાદ-માર્ગે કરી જાણવા.

એ મંજૂષાની રીતે સર્વ વસ્તુમાં પોતાની બુદ્ધિથી ઉત્સર્ગ–અપવાદમાર્ગે નય સહિત નિક્ષેપા જાણી લેવા.

૫૧૪ શિષ્યઃ—દશમા પ્રશ્નને વિષે સાત નયમાં ત્રણ નિક્ષેપા ઉત્સર્ગ અને અપવાદ માર્ગે કહ્યા, તે કેવી રીતે જાણીએ ?

ગુરૂઃ—કોઇ મિથ્યાદૃષ્ટિ જીવ, **ઋજુસૂત્ર** નયને મતે શુભ પરિણામે કરી, **વ્યવહારનયને** મતે પુણ્યરૂપ દળીયાંને ગ્રહણ કરે, તે પુણ્યરુપ દળીયાને ગ્રહણ કરી, તેને **સંગ્રહનયને** મતે મનુષ્યભવના આઉખારૂપ પ્રકૃતિપણે સત્તાએ બાંધ્યા, તે દળીયાં **નૈગમનયને** મતે અતીતકાલે ગ્રહણ કર્યા હતા, અને અનાગતકાલે સ્થિતિપાકે ઉદયરૂપભાવે ભોગવશે, તથા વર્તમાનકાલે સત્તાએ રહયા છે, એવી રીતે **નૈગમનયને** મતે ત્રણે કાલ એક રૂપપણે જાણવા.

એ પ્રકારે જે જીવે ચાર નયે કરી અપવાદમાર્ગે મણુનુષ્યપં ઉપાર્જ્યું તે પ્રાણી **દ્રવ્યમનુષ્ય** જાણવા.

અને જે વારે તે જીવ શબ્દનયને મતે મનુષ્યપણે ઉપન્યો તે વારે તેને **ભાવમનુષ્ય** કહીયે.

તથા **સમભિરૂઢનયના** મતે તો મનુષ્યભવના સર્વ પર્યાય પ્રવર્તનારૂપ વસ્તુને પ્રાયઃ પામે, તેને મનુષ્ય કહીએ.

તથા એવંભૂતનયને મતે તે મનુષ્યભવના સર્વ પર્યાયરૂપ વસ્તુને ભોગવવા માંડી, તે મનુષ્ય જાણવા.

ઇહાં પ્રથમ ચાર નયે અપવાદમાર્ગે કરી મનુષ્ય પણ દેખાડયું, તે દ્રવ્યમનુષ્ય જાણવા.

એ રીતે ઉત્સર્ગ તથા અપવાદે કરી સાત નયનું સ્વરૂપ કહયું, પણ એ જીવ મિથ્યાદૃષ્ટિ છે, કેમકે **'અણુવઓગો દવ્વં'** એ **શ્રી અનુયોગદ્વારનું** વચન છે, માટે જે અનુપયોગે મિથ્યાત્વભાવે વર્તે, તેને દ્રવ્યજીવ કહીયે, એટલે મિથ્યાત્વી મનુષ્યમાં સાત નય લગાડયા, તે મિથ્યાત્વીને તો સૂત્રમાં દ્રવ્યજીવ કહી બોલાવ્યા છે, માટે તેમાં એક ભાવ વિના શેષ આદ્યના ત્રણ નિક્ષેપા જાણવા.

॥ ઇતિ પ્રક્ષાર્થ : ॥

એ પ્રક્ષાર્થની રચના શ્રી જિનવચનને અનુસારે નયની અપેક્ષાએ કરી મેં મારી બુદ્ધિ માફક કરી છે, વળી એથી વિશેષાર્થ શ્રી જિનવચનને અનુસારે પંડિતજન મળીને જે કરે, તે પ્રમાણ છે.

એ રીતે ભવરૂપ અટવીમાં ફરતા જે જીવને એ પ્રકારે સમકિતરૂપ રત્નનો લાભ થયો, તે જીવ સર્વ પામ્યો.

ગાથા

सम्मत्तम्मि य लद्धे, विमाणवज्जं ण बद्धए आउ।
जइवि ण सम्मत्तं जढं अह वा ण बद्धाउओ पुव्विं ॥ १ ॥

અર્થ :—કોઈ ભવ્યજીવ સંસારમાં ફરતાં સમકિતરૂપ રત્નનો લાભ પામ્યો, તે જીવ વૈમાનિકદેવ વિના બીજી ગતિનું આયુ ન બાંધે, એટલે સમકિતથી પડે, તો બીજી ગતિએ જાય, પણ સમકિત સહિત હોય તે તો વૈમાનિકનુંજ આયુ બાંધે, એ પરમાર્થ.

ગાથા

लब्भइ सुरसामित्तं लब्भई पहुत्तणं ण संदेहो ॥
एगं णवरं ण लब्भइ, दुल्लहरयणं व सम्मत्तं ॥ २ ॥

અર્થ :—આપણો જીવ અનાદિકાળનો શાશ્વતો છે, માટે સંસારમાં ફરતાં સુર=દેવતાની પદવી ઘણીવાર પામ્યો, અથવા **पहुत्तणं**=પ્રભુતારૂપ રાજ ઋદ્ધિ લક્ષ્મી ઘણીવાર પામ્યો, એમાં સંદેહ ન જાણવો; પણ **एगं णवरं ण लब्भइ** =એક સમકિત રૂપ રત્નનો લાભ નથી પામ્યો, તેણે કરી દુઃખરૂપ દારિદ્રયથી જીવ પીડાય છે,

૫૧૫ શિષ્ય :—સમકિતરૂપ રત્ન જે મોક્ષસુખનું દાતાર છે, તેનો લાભ કેમ પામીયે ?

ગુરૂ :—સમકિતના લક્ષણ શ્રી **પન્નવણા** સૂત્રથી કહીએ છીએ.

॥ ગાથા ॥

परम-त्थसंथवो वा, सुदिट्ठिपरमत्थसेवणा वावि ।
वावण्ण-कुदंसणवज्जणा य तं सम्मत्त सद्दहणा ॥१॥

અર્થ :—પરમાર્થ જે છ દ્રવ્ય નવ તત્ત્વ, ગુણ પર્યાય સહિત મોક્ષ નિઃકર્મા અવસ્થાનું સ્વરૂપ જાણે એટલે

પરમાર્થ જે સૂક્ષ્મ અર્થ છે, તે જાણવા માટે જ્ઞાનીનો ઘણો પરિચય કરે, અથવા ગુરૂગમથી જાણવાની ઘણી ચાહ રાખે, તથા **સુદ્દિટ્ઠિ** = ભલી રીતે દીઠા છે, જાણ્યા છે છ દ્રવ્યના પરમાર્થ તથા મોક્ષ નિઃકર્મા અવસ્થાને જેણે એવા ગુરૂ તેની સેવા કરે, એટલે જ્ઞાની ગુરૂને ધારણ કરે અને **વાવણ્ણ**=જૈનમતી યતિનામ ધરાવી ક્ષેત્રપાલ પ્રમુખને માને, એવા જે સમકિત વિનાના હોય તેનો સંગ વર્જે તથા કુદર્શની–અન્યમતીનો સંગ ન કરે, એવા જે પરિણામ તે સમકિતની સદ્દહણા જાણવી.

ગાથા

विरया सावज्जाओ, कसायहीणा महव्वयधरावि।
सम्मद्दिट्ठिविहूणा, कयावि मोक्खं ण पावंति॥ १॥

અર્થ :—જે સાવદ્ય આરંભથી વિરમ્યા છે, જેણે ક્રોધાદિક ચાર કષાય જીત્યા છે, અને જે શુદ્ધ પંચ મહાવ્રત પાળે છે, ઇત્યાદિક ક્રિયા સ્વચ્છંદભાવે ગુરૂનિશ્રાવિના પાળે, પણ આજ્ઞારૂચિરૂપ સમકિત વિના તે જીવ કેવારે મોક્ષ પામે નહિ, માટે સમકિતનું સ્વરૂપ જાણવાને વળી ગાથા કહે છે.

णय-भंग-पमाणेहिं, जो अप्पा सायवायभावेणं।
जाणइ मोक्खसरुवं, सम्मद्दिट्ठिओ सो णेओ॥॥

અર્થ :—**નય**=દ્રવ્યાસ્તિક દશ નયે કરી અને પર્યાયાસ્તિક છ નયે કરી તથા નૈગમાદિ સાત નયે કરી

તથા **ભંગ**=ચોભંગી, ત્રિભંગી, સપ્તભંગીએ કરી તથા **પમાણેહિં**-પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણે કરી જે **અપ્પા**=પોતાના આત્માને યોગ્ય ગુરૂગમથી યથાર્થપણે જાણે, એળખે વળી **સાયવાય**=સ્યાદ્વાદરૂપ આઠ પક્ષ ગુરૂગમથી જાણે, એમજ સ્યાદ્વાદપણે મોક્ષનિઃકર્મા અવસ્થાને પણ ગુરૂગમથી જાણે, પરવસ્તુને હેય જાણે, જીવગુણ ઉપાદેય જાણે, તે સમકિતદૃષ્ટિ જાણવા. અને એવા સમકિત સહિત જે કરણી કરવી, તે સર્વ મોક્ષમાર્ગનું હેતુ જાણવું, એવું સાંભળીને :—

૫૧૬ **શિષ્યઃ**— ભવ્યજીવ મોક્ષાભિલાષીને સ્વરૂપની પ્રતીતિ કરવા વાસ્તે નવ તત્ત્વનું સ્વરૂપ કહયું, તે પ્રમાણ છે, પરંતુ આગળ **પન્નવણા સૂત્રના** પાઠ મધ્યે કહયું જે પરમાર્થ છ દ્રવ્યના ગુણ પર્યાયરૂપ સૂક્ષ્મ અર્થ છે, તે જાણવાનો ઘણો પરિચય કરવો, અભ્યાસ કરવો, એવી રીતે તમે કહ્યું, માટે બાલ જીવ ઉપર કૃપા કરી ષડ્દ્રવ્યનું સ્વરૂપ પ્રકાશ કરો. ?

ગુરૂ :—છ દ્રવ્ય જાણે, છ દ્રવ્યના ગુણ જાણે, છ દ્રવ્યના પર્યાય જાણે, તે છ દ્રવ્યમાંહેલા પાંચ અજીવદ્રવ્ય હેય જાણી અને એક જીવદ્રવ્ય નિશ્ચયનયે કરી સિદ્ધ સમાન મોક્ષમય મોક્ષનો જાણનાર, મોક્ષનો કારણ, મોક્ષમાં જાવાવાળો, મોક્ષમાં રહેનારો, એવો આપણો જીવ અનંત-ગુણી અરૂપી છે, તેને ધ્યાવે, તે **નિશ્ચયજ્ઞાન** કહીયે,

હવે એ છ દ્રવ્યના નામ કહે છે :—એક ધર્માસ્તિકાય, બીજું અધર્માસ્તિકાય, ત્રીજું આકાશાસ્તિકાય, ચોથું પુદ્ગલાસ્તિકાય, પાંચમું જીવાસ્તિકાય અને છઠ્ઠું કાલદ્રવ્ય. એ છ દ્રવ્ય શાશ્વતા છે, તેમાં પાંચ દ્રવ્ય અજીવ છે, તે છાંડવા યોગ્ય છે અને એક જીવદ્રવ્ય જ્ઞાનાદિ ચેતના ગુણે કરી સહિત છે, તે ઉપાદેય=આદરવા યોગ્ય છે.

હવે એ છ દ્રવ્યના ગુણ કહે છે :—ધર્માસ્તિકાયના એક અરૂપી, બીજો અચેતન, ત્રીજો અક્રિય અને ચોથો ચલણસહાય. એ ચાર ગુણ જાણવા.

તથા **અધર્માસ્તિકાયના** એક અરૂપી, બીજો અચેતન, ત્રીજો અક્રિય અને ચોથો સ્થિરતાસહાય, એ ચાર ગુણ જાણવા.

તથા **આકાશાસ્તિકાયના** એક અરૂપી, બીજો અચેતન, ત્રીજો અક્રિય અને ચોથો અવગાહના, એ ચાર ગુણ જાણવા.

તથા **કાલદ્રવ્યના** એક અરૂપી, બીજો અચેતન, ત્રીજો અક્રિય અને ચોથો નવા—પુરાણા વર્તના લક્ષણ, એ ચાર ગુણ જાણવા.

તથા **પુદ્ગલદ્રવ્યના** એક રૂપી, બીજો અચેતન, ત્રીજો સક્રિય અને ચોથો મિલન-વિખરણરૂપ પૂરણ-ગલન ગુણ એ ચાર ગુણ જાણવા.

તથા જીવદ્રવ્યના એક અનંતજ્ઞાન, બીજું અનંતદર્શન, ત્રીજું અનંતચારિત્ર, ચોથુ અનંતવીર્ય એ ચાર ગુણ જાણવા.

એ છ દ્રવ્યના ગુણ કહયા, તે સર્વ ગુણ નિત્ય ધ્રુવપણે હોય છે.

હવે છ દ્રવ્યના પર્યાય કહે છે :—

ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ, એ ચાર પર્યાય.

તથા અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ, એ ચાર પર્યાય.

તથા આકાશાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ, એ ચાર પર્યાય.

તથા કાલદ્રવ્યના અતીત, અનાગત, વર્તમાન અને અગુરૂલઘુ, એ ચાર પર્યાય.

તથા પુદ્ગલાસ્તિકાયના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ સહિત, એ ચાર પર્યાય,

તથા જીવાસ્તિકાયના અવ્યાબાધ, અનવગાહ, અમૌર્ત્તિક અને અગુરૂલઘુ, એ ચાર પર્યાય જાણવા. એ છ દ્રવ્યના પર્યાય કહ્યા.

હવે એ છ દ્રવ્યના ગુણપર્યાયે સાધર્મિકપણું કહે છેઃ—

તિહાં પ્રથમ **અગુરૂલઘુ પર્યાય** સર્વદ્રવ્યમાં સરખો છે.

વળી **અરૂપીગુણ** પાંચ દ્રવ્યમાં છે, એક પુદ્ગલ દ્રવ્યમાં નથી.

તથા **અચેતનપણું** પાંચ દ્રવ્યમાં છે, એક જીવદ્રવ્યમાં નથી ?

તથા **સક્રિય** ગુણ જીવ અને પુદ્ગલ, એ બે દ્રવ્યમાં છે, શેષ ચાર દ્રવ્યમાં નથી,

તથા **ચલન સહાયગુણ** એક ધર્માસ્તિકાયમાં છે, શેષ પાંચ દ્રવ્યમાં નથી.

તથા **સ્થિરતા સહાયગુણ** એક અધર્માસ્તિકાયમાં છે, શેષ પાંચ દ્રવ્યમાં નથી.

તથા અવગાહના ગુણ એક આકાશ દ્રવ્યમાં છે, શેષ પાંચ દ્રવ્યમાં નથી.

તથા વર્તના ગુણ એક કાલદ્રવ્યમાં છે, બીજા દ્રવ્યમાં નથી.

તથા મિલન-વિખરણગુણ એક પુદ્ગલમાં જ છે, બીજા દ્રવ્યમાં નથી.

તથા જ્ઞાનાદિક ચેતના ગુણ એક જીવ દ્રવ્યમાં જ છે, શેષ દ્રવ્યમાં નથી,

એ મૂલગુણ કોઈ દ્રવ્યના કોઇ દ્રવ્યમાં ભળે નહિ.

તથા ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યના ત્રણ ગુણ અને ચાર પર્યાય સરખા છે,

તથા ત્રણ ગુણે કરી કાલદ્રવ્ય પણ એ સમાન છે.

હવે એ છ દ્રવ્યના ગુણ પર્યાય રૂપ સ્વરૂપ જાણવાને માટે સૂત્રપાઠ ગાથા કહે છે.

परिणामि-जीव-मुत्ता, सपएसा-एग-खित्त-किरिआय।
णिच्चं कारण-कत्ता, सव्वगय-इयर-अपवेसा ॥ १ ॥

એ ગાથાનો અર્થ શિષ્ય અને ગુરુના પ્રશ્નોત્તરરૂપે લખીએ છીએ.

૫૧૭ શિષ્યઃ—એ છ દ્રવ્યમાં પરિણામી કેટલા અને અપરિણામી કેટલા ?

ગુરૂઃ—નિશ્ચય નયે કરી તો છએ દ્રવ્ય પરિણામી છે, કેમકે ધર્માસ્તિકાય દ્રવ્ય નિશ્ચયનયે કરી પોતાના સ્વરૂપમાં પરિણમી રહ્યું છે, પણ બીજા પાંચ દ્રવ્યમાં પરિણમતું નથી.

તથા અધર્માસ્તિકાય દ્રવ્ય પણ નિશ્ચયનયે કરી પોતાના સ્વરૂપમાં જ પરિણમે છે, પણ બીજા પાંચ દ્રવ્યમાં પરિણમતું નથી.

તથા આકાશાસ્તિકાય પણ નિશ્ચયનયે કરી પોતાના સ્વરૂપમાં જ પરિણમે છે, પણ બીજા પાંચ દ્રવ્યમાં પરિણમતું નથી.

તથા કાલદ્રવ્ય પણ નિશ્ચયનયે કરી પોતાના સ્વરૂપ માં જ પરિણમે છે, પણ બીજા પાંચ દ્રવ્યમાં પરિણમતું નથી,

તથા જીવદ્રવ્ય પણ સંગ્રહનયને મતે નિશ્ચયનયે કરી પારિણામિક ભાવે પોતાના સ્વરૂપમાં પરિણમી રહ્યું છે, પણ બીજા પાંચ દ્રવ્યમાં નથી પરિણમતું, કેમકે જો નિશ્ચય નયે કરી જીવ પર પુદ્ગલ દ્રવ્યમાં પરિણમે તો કોઈ કાલે પણ કર્મ થકી રહિત ન્યારો થઇ સિદ્ધિને ન પામે, માટે **નિશ્ચયનયે** કરી જીવ પોતાના સ્વરૂપમાંજ પરિણમે છે.

અને **વ્યવહારનયે** કરી જીવ, નાટકીયા, બજાણીયા, ભવાઈયાની પેરે અનેક પ્રકારે એકેંદ્રિય, બે ઇંદ્રિય. તે ઇંદ્રિય, ચૌરિંદ્રિય, પંચેંદ્રિય, પર્યંત દેવતા, નારકી, મનુષ્ય અને તિર્યંચરૂપ નવા નવા વેશ પહેરી, નવા નવા રૂપ કરી, નવા નવા નામ ધરાવી ચાર ગતિરૂપ સંસારમાં ચોરાશી લાખ ચઉટામાં ભમતો ફરે છે. એક વેશ ઉતારે છે, એક વેષ પહેરે છે, એ રીતે જીવ અનેક પ્રકારે સંસારમાં નાટક કરે છે, તે સર્વ વ્યવહારનયે કરી જાણવું. પરંતુ નિશ્ચયનયે કરી તો જીવ શાશ્વતો સત્તાએ સિદ્ધસમાન છે.

તથા પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય પણ નિશ્ચય નયે કરી પરમાણુઓ સર્વ પોતે પોતાને સ્વભાવે રહ્યા છે અને વ્યવહારનયે કરી પુદ્ગલ પરમાણુઓ મળી સ્કંધ થાય છે, પરંતુ જો નિશ્ચયનયે કરી સ્કંધ થાતો હોત તો કોઇ કાલે એ સ્કંધ વિખરાઈ જાત નહિ, સદાકાલ સ્કંધના સ્કંધ ભાવે જ રહેત, તેમ તો રહેતા નથી માટે વ્યવહારનયે પુદ્ગલના

પરમાણુઓ મળી સ્કંધ થાય છે. અને પાછા સ્કંધ વિખરે પણ છે અને નિશ્ચયનયે કરી તો પરમાણુઓ પોતપોતાને સ્વભાવે સદ્દાકાલ શાશ્વતા છે, પણ કોઈ કાલે ઘટશે-વધશે નહિ.

એ રીતે એ છએ દ્રવ્ય નિશ્ચયનયે કરી પોતપોતાને સ્વભાવે પારિણામિક જાણવા.

તથા વ્યવહારનયે કરી તો ધર્મ, અધર્મ, આકાશ અને કાલ, એ ચાર દ્રવ્ય અપરિણામી છે, અને જીવ તથા પુદ્ગલ એ બે દ્રવ્ય પરિણામી છે.

કેમકે વ્યવહારનયને મતે જીવ સમયે સમયે અનંતા કર્મ રૂપ વર્ગણાના દળીયાં લે છે, અને સમયે સમયે અનંતા કર્મરૂપ વર્ગણાના દળીયાં ખેરવે છે, પણ જો નિશ્ચયનયે કરી કર્મનું ગ્રહણ કરતો હોય, તો કોઈ કાલે કર્મથકી છૂટેજ નહિ, માટે જીવને અજ્ઞાન રાગ-દ્વેષરૂપ ચીકાશે કરી અશુદ્ધપણું છે, તેણે કરી પર દ્રવ્યમાં પરિણમે છે અને પુદ્ગલ દ્રવ્યને પરિણમનપણાનો સ્વભાવ છે, માટે જીવ રાગ-દ્વેષ અને અજ્ઞાનરૂપ અશુદ્ધતાએ કરી પુદ્ગલ પરમાણુઓને ગ્રહણ કરે છે અને મનુષ્ય, દેવતા, નારકી તથા તિર્યંચના શરીરરૂપ સ્કંધને નિપજાવે છે.

એમાં કેટલાએક પુદ્ગલ પરમાણુઓ આહાર પણે ગ્રહે છે, અને કેટલાએક પુદ્ગલ પરમાણુઓને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શપણે ગ્રહણ કરે છે. તથા કેટલાએક પુદ્ગલ પરમાણુઓને કર્મપણે ગ્રહણ કરે છે, વળી પાછા

ખેરવે છે, એમ અનાદિકાલની જીવ-પુદ્ગલને પરિણમનપણાની ઘટમાળ ચાલી જાય છે, અને અજ્ઞાન દશાએ કરી જો શુભ પુદ્ગલ જીવને મળે, તો રાજી થાય છે, તથા અશુભ પુદ્ગલ મળે, તો નારાજી થાય છે.

એ રીતે વ્યવહાર નયને મતે જીવ અને પુદ્ગલ, એ બે દ્રવ્ય પરિણામી છે, તેનું સ્વરૂપ કહ્યું.

૫૧૮ **શિષ્ય** :— છ દ્રવ્યમાં **જીવ**=જીવ કેટલા અને અજીવ કેટલા ?

ગુરૂ:—ષડ્દ્રવ્યમાં એક જીવદ્રવ્ય તે જીવ છે, અને શેષ પાંચ દ્રવ્ય અજીવ છે,

જે કારણે **સંગ્રહનયને** મતે પારિણામિક ભાવે **નિશ્ચયનયે** કરી એક જીવ દ્રવ્ય જ્ઞાનાદિ ચેતનારૂપ ગુણે કરી સહિત સત્તાએ સિદ્ધસમાન અનંત ઋદ્ધિનો ધણી છે, અને **વ્યવહારનયે** કરી શુભાશુભ કર્મરૂપ પુણ્ય-પાપનો ભોકતા જાણવો.

તથા શેષ ધર્માદિક પાંચ દ્રવ્ય તે અજીવરૂપ જડસ્વભાવવાળા જ્ઞાનાદિ ચેતના ગુણે રહિત સુખ-દુઃખને ન જાણનારા માટે અજીવ છે.

૫૧૯ **શિષ્ય** :— છ દ્રવ્યમાં **મુત્તા**= મૂર્ત્ત કેટલા અને અમૂર્ત્ત કેટલા ?

ગુરૂ:—એક પુદ્ગલદ્રવ્ય મૂર્ત્ત છે, અને શેષ પાંચ દ્રવ્ય અમૂર્ત્ત છે, તે આવી રીતે :-

જે ધર્મ, અધર્મ, આકાશ અને કાલ, એ ચાર દ્રવ્ય તો અમૂર્ત્ત છે, અને એક જીવ દ્રવ્ય તે મૂર્ત્ત-અમૂર્ત્ત જાણવો.

તેમાં નિશ્ચયનયે કરી તો જીવ અરૂપી માટે અમૂર્ત્ત કહીએ, અને વ્યવહારનયે કરી દેવ, નારકી, તિર્યંચ અને મનુષ્યરૂપ જીવના ૫૬૩ ભેદ છે, તે સર્વ મૂર્ત્તરૂપે જાણવા.

તથા છઠું પુદ્ગલદ્રવ્ય છે, તેનો વ્યવહારનયને મતે અનંતા પરમાણુઓ મળી સ્કંધ બને છે, તે વારે નજરે દીઠામાં આવે છે, માટે એને મૂર્ત્ત કહીએ.

એ રીતે છ દ્રવ્યના સ્વરૂપમાં મૂર્ત્ત-અમૂર્ત્તનો વિચાર કહ્યો.

૫૨૦ **શિષ્યઃ**— છ દ્રવ્યમાં **સપએસા** = સપ્રદેશી કેટલા અને અપ્રદેશી કેટલા ?

ગુરૂઃ—છ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય સપ્રદેશી અને એક કાલદ્રવ્ય અપ્રદેશી જાણવું,

કેમકે ધર્માસ્તિકાય દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી અને અધર્માસ્તિકાય પણ અસંખ્યાત પ્રદેશી, તથા એક આકાશાસ્તિકાય દ્રવ્ય અનંતપ્રદેશી તથા એક જીવદ્રવ્ય તે સત્તાગતે અસંખ્યાતપ્રદેશી છે, એવા અનંત જીવ જાણવા. તથા પુદ્ગલ પરમાણુઓ અનંત પ્રદેશી અને એક એક પરમાણુઓમાં અનંતા ગુણ-પર્યાય રહ્યા છે, તે આગળ બતાવશું.

એ રીતે એ પાંચ દ્રવ્ય સપ્રદેશી કહીએ, અને એક કાલદ્રવ્ય અપ્રદેશી છે.

કાલદ્રવ્ય લોકાલોકમાં એક સમય સદાકાલ વર્તે છે, અને ગણિતકાલ તો ઉત્પાદ–વ્યયરૂપ પલટણ સ્વભાવે અઢી દ્વીપ પ્રમાણે જાણવો.

એ રીતે ષડ્દ્રવ્યમાં સપ્રદેશી–અપ્રદેશીનો વિચાર જાણવો.

૫૨૧ **શિષ્યઃ**—એ છ દ્રવ્યમાં **એગ**=એક કેટલા અને અનેક કેટલા ?

ગુરૂઃ—ત્રણ દ્રવ્ય એક અને ત્રણ દ્રવ્ય અનેક જાણવા. કેમકે ધર્માસ્તિકાયદ્રવ્ય અસંખ્યાતપ્રદેશી લોકવ્યાપી એક જાણવું, તથા અધર્માસ્તિકાયદ્રવ્ય પણ અસંખ્યાતપ્રદેશી લોકવ્યાપી એક જાણવું, તથા આકાશાસ્તિકાય પણ અનંત પ્રદેશી લોકાલોકવ્યાપી એક જાણવું.

એટલે એ ત્રણ દ્રવ્ય તે એક કહીએ,

અને જીવદ્રવ્ય જે છે, તે લોકવ્યાપી અનંતા જાણવા. તે એકેક જીવના અસંખ્યાતા અસંખ્યાતા પ્રદેશ છે, તે એકેક પ્રદેશે અનંતી કર્મની વર્ગણાના થોકડા લાગ્યા છે, તથા જીવથકી રહિત ઘટ પ્રમુખ બીજા પુદ્ગલ પરમાણુઓ છટા પણ અનંતા છે, માટે જીવથકી પુદ્ગલદ્રવ્ય અનંતગુણા જાણવા. અને એકેકી કર્મવર્ગણામાં અનંત પુદ્ગલ પરમાણુઓ રહ્યા છે, તે પરમાણુઓ દ્રવ્યથકી સદાકાલ

શાશ્વતા છે, માટે એકેક પરમાણુઓમાં અનંતા ઉત્પાદ વ્યયરૂપ કાલના સમય અનાગતકાલે વ્યતીત થઈ ગયા, તથા હજી પણ અનંતા સમય આવતે કાલે વ્યતીત થશે, અને પરમાણુઓ તો તેના તે જ સદાકાલ શાશ્વતા છે, માટે પુદ્ગલદ્રવ્યથકી પણ કાલદ્રવ્યના સમય અનંતા જાણવા.

એ રીતે જીવ, પુદ્ગલ અને કાલ, એ ત્રણ દ્રવ્ય અનેક કહીએ.

એ રીતે ષડ્દ્રવ્યના સ્વરૂપમાં એક અનેકનો વિચાર જાણવો.

૫૨૨ (શિષ્યઃ—છ દ્રવ્યમાં **ક્ષેત્ત**=ક્ષેત્ર કેટલા અને ક્ષેત્રી કેટલા ?

ગુરૂઃ—છ દ્રવ્યમાં એક આકાશ તે ક્ષેત્ર કહીયે અને બીજા પાંચ દ્રવ્ય ક્ષેત્રી કહીએ.

કેમકે એક આકાશના ઘરમાં પાંચે દ્રવ્ય મળીને રહ્યા છે, તે આવી રીતે :—

જે આંખની પાંપણનો એક વાલ લઈને તેનો અગ્રભાગ એવો સૂક્ષ્મ કરીએ કે જેના એક ખંડના બે ખંડ ન થાય, એવા સૂક્ષ્મ ખંડ પ્રમાણે આકાશ ક્ષેત્ર લહીએ.

તેટલામાં આકાશરૂપ ક્ષેત્રના પોતાના અસંખ્યાતા પ્રદેશ રહ્યા છે, અને તેટલામાં ધર્માસ્તિકાયના અસંખ્યાતા

પ્રદેશ છે, તથા અધર્માસ્તિકાયના પણ અસંખ્યાતા પ્રદેશ છે અને નિગોદીયા ગોળા પણ અસંખ્યાતા રહ્યા છે,

તે સર્વે પડયા મૂકીને તે માંહેલો માત્ર એકજ ગોળો લહીયે.

તે એક ગોળામાં પણ અસંખ્યાતી નિગોદ રહી છે, તે અસંખ્યાતી નિગોદ પડતી મૂકીને તે માંહેથી એક નિગોદ લહીએ,

તે એક નિગોદમાં પણ અનંતા જીવ રહ્યા છે, તે જીવની ગણત્રી કહે છે :–

એક અતીતકાલ કે'તાં આગળ જે છેડા રહિત અનંતો કાલ ગયો તથા અનાગતકાલ તે પણ છેડા રહિત છે, તે સર્વેના જેટલા સમય થાય, તેની સાથે ત્રીજો વર્તમાનકાલનો એક સમય પણ લેવો, એટલે અતીતાદ્વિક ત્રણે કાલના અંત રહિત જેટલા સમય થાય, તે સર્વને અનંતગુણા કરીએ, એટલા જીવ એક નિગોદમાં છે. તે સર્વ જીવ પડયા મૂકીને તે માંહેથી માત્ર એક જીવ લહીએ,

તે જીવના અસંખ્યાતા પ્રદેશ છે, તે એકેકા પ્રદેશે અનંતી કર્મની વર્ગણાઓ લાગી છે, તે સર્વ વર્ગણાઓ પડતી મૂકીને તેમાંથી એક વર્ગણા લહીએ,

તે એક વર્ગણામાં અનંતા પુદ્ગલ પરમાણુઓ રહ્યા છે, તે આવી રીતે :—

પ્રથમ પરમાણુઓના બે ભેદ છે, એક છૂટા પરમાણુઓ અને બીજા સ્કંધ,

સ્કંધના વળી બે ભેદ, એક જીવ સહિત સ્કંધ, તે જીવને લાગેલા જાણવા, અને બીજા જીવરહિત સ્કંધ, તે ઘટ પ્રમુખ અજીવસ્કંધ જાણવા.

તિહાં પ્રથમ જીવસહિત સ્કંધનો વિચાર કહે છે :– બે પરમાણુઓ ભેળા થાય, તે વારે દ્વયણુક સ્કંધ કહેવાય, ત્રણ પરમાણુઓ ભેળા થાય, તે વારે ત્રયણુક સ્કંધ કહેવાય, એમ સંખ્યાતા પરમાણુઓ ભેળા થાય, તે વારે સંખ્યાતાણુક સ્કંધ કહેવાય, અસંખ્યાતા પરમાણુઓ ભેળા થાય, તે વારે અસંખ્યાતાણુક સ્કંધ કહેવાય, અને અનંતા પરમાણુઓ ભેળા થાય, તે વારે અનંતાણુક સ્કંધ કહેવાય, એટલા પરમાણુઓનો સ્કંધ થાય, તિહાં સુધીના સ્કંધ, તે સર્વે સ્કંધ જીવને અગ્રહણ યોગ્ય છે, એટલા પરમાણુઓના સ્કંધને કોઈ જીવ ગ્રહણ કરી શકે નહિ,

પરંતુ અભવ્યરાશિના જીવ *ચુમ્મોતેરમે બોલે છે, તે થકી અનંતગુણાધિક પરમાણુઓ જે વારે ભેળા થાય, તે વારે એક ઔદારિકશરીરને લેવા યોગ્ય વર્ગણા થાય.

અને તે ઔદારિકની વર્ગણાથી વળી અનંતગુણાધિક મય દળીયાં ભેળા થાય, તે વારે એક વૈક્રિયશરીરને લેવા યોગ્ય વર્ગણા થાય,

અને વૈક્રિયની વર્ગણાથી અનંતગુણાધિક દળીયા ભેળા થાય, તે વારે એક આહારકશરીરને લેવા યોગ્ય વર્ગણા થાય

---

*૯૮ બોલના અલ્પ બહુત્વમાંથી ૭૪મો બોલ જાણવો

અને આહારકની વર્ગણાથી અનંતગુણાધિક દળીયા ભેળા થાય, તે વારે એક તૈજસને લેવા યેાગ્ય વર્ગણા થાય.

અને તૈજસની વર્ગણાથી અનંતગુણાધિક દળીયા ભેળા થાય, તે વારે એક ભાષાને લેવા યેાગ્ય વર્ગણા થાય.

તથા ભાષાની વર્ગણાથી અનંતગુણાધિકમય દળીયા ભેળા થાય, તે વારે એક ઉચ્છવાસને લેવા યેાગ્ય વર્ગણા થાય.

તે ઉચ્છવાસની વર્ગણાથી અનંનગુણા અધિકમય દળીયા ભેળા થાય, તે વારે એક મનને લેવા યેાગ્ય વર્ગણા થાય.

એ સાતમી મનેાવર્ગણા થકી વળી આઠમી કર્મ-વર્ગણામાં અનંતગુણાધિક પરમાણુએા જાણવા.

એવી જીવને એકેક પ્રદેશે અનંતી કર્મની વર્ગણાએા રાગ-દ્વેષની ચિકાશે કરી લાગી છે, તેણે કરી જીવના જ્ઞાનાદિક ગુણ દબાઈ ગયા છે, માટે જીવથકી પુદ્ગલદ્રવ્ય અનંતગુણા જાણવા.

તે પુદ્ગલ રૂપી છે, અચેતન છે, સક્રિય છે, પૂરણ-ગલન છે, એ ચાર ગુણ એમાં સ્વાભાવિક જાણવા, એ પરમાર્થ છે.

હવે વર્ગણાનેા વિચાર કહે છેઃ—પૂર્વોક્ત આઠ વર્ગણા જીવને અનાદિકાલની લાગી છે, તેમાં એક ઔદારિક, બીજી વૈક્રિય, ત્રીજી આહારક, અને ચેાથી તૈજસ, એ ચાર વર્ગણા બાદર છે, પંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ, એ વીશ ગુણ જાણવા.

અને બાકીની ચાર વર્ગણા સૂક્ષ્મ છે, તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ મળી સોળ ગુણ છે,

તથા એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ, અને બે સ્પર્શ, મળી પાંચ ગુણ છે, તે પરમાણુઓ શાશ્વતા છે, બાળ્યા બળે નહિ, ગાળ્યા ગળે નહિ, છેદ્યા છેદાય નહિ, ભેદ્યા ભેદાય નહિ. સદાકાલ શાશ્વતા છે, તેટલાને તેટલા છે. પણ કોઇ કાલે એક પરમાણુ પણ વધશે-ઘટશે નહિ.

તે એકેક પરમાણુઓ આગળ અનાગતકાલે અનંતી અનંતીવાર એકેક વસ્તુમાં પરિણમી ચૂકેા, તિહાં જે વસ્તુપણે પરિણમીને ફરી જે વખતે તે વસ્તુથી છૂટેા પડયેા, તે વખતે તે વસ્તુના પર્યાયનેા વ્યય થયેા, અને બીજી વસ્તુમાં જઈ પરિણમ્યેા તેથી તે વસ્તુના પર્યાયનેા ઉત્પાદ થયેા, વળી ત્રીજી વસ્તુમાં પરિણમ્યેા, તે વારે વળી તે વસ્તુના પર્યાયનેા ઉત્પાદ થયેા, અને આગલી વસ્તુના પર્યાયનેા વ્યય થયેા, વળી ચેાથી વસ્તુમાં પરિણમ્યેા, તે વારે તે વસ્તુના પર્યાયનેા ઉત્પાદ થયેા, અને આગલી વસ્તુના પર્યાયનેા વ્યય થયેા, તથા વળી તે આગલી વસ્તુમાં પાછેા પરિણમ્યેા, એમ એકેક પરમાણુઓમાં અનંતી વસ્તુ ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયપણે પવટાણી, તેમાં અનંતેા કાલ વહી ગયેા, અને હજી અનંતેા કાલ જશે, પણ પરમાણુઓ તેના તેજ છે,

એ રીતે એકેક પુદ્ગલ પરમાણુ એકેકી વસ્તુમાં અનંતીવાર જૂદા જુદા ભાવે પરિણમ્યેા છે, તેથી અનંતીવાર

તે તે વસ્તુનો પર્યાય થયો, તે પુદ્ગલ પરમાણુઓ થકી વળી કાળના સમય અનંતગુણા જાણવા, એ પરમાર્થ છે.

એમ ષડ્દ્રવ્યમાં એક આકાશ તે ક્ષેત્ર અને પાંચ દ્રવ્ય, આકાશના ઘરમાં રહ્યા છે, માટે તે ક્ષેત્રી જાણવા. એ એક વાલાગ્રમાત્ર ક્ષેત્રનો લેશમાત્ર વિચાર જાણવો.

એ પ્રકારે જીવ-અજીવરૂપ વહેંચણ કરતાં, અંતરમાં ધારતાં-વિચારતાં-થકા જીવને સમકિતની પ્રાપ્તિ થાય.

૫૨૩ **શિષ્ય** :—એ છ દ્રવ્યમાં **ક્રિયા**=સક્રિય કેટલા અને અક્રિય કેટલા ?

ગુરૂ :—**નિશ્ચયનયે** કરી તો છએ દ્રવ્યને સક્રિય કહીયે, અને **વ્યવહારનયે** કરી તો ચાર દ્રવ્ય અક્રિય કહીએ. તથા બે દ્રવ્ય સક્રિય કહીએ, તે આવી રીતે :—

નિશ્ચયનયે કરી ધર્માસ્તિકાય દ્રવ્ય, તે જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યને પોતાની ચલનસહાયરૂપ ક્રિયા કરતો જાય છે.

તથા નિશ્ચયનયે કરી અધર્માસ્તિકાય પણ જીવપુદ્ગલને પોતાના સ્થિર સહાયરૂપ ક્રિયા કરતો જાય છે.

તથા નિશ્ચયનયે કરી આકાશાસ્તિકાય દ્રવ્ય પણ જીવ પુદ્ગલને પોતાની અવગાહનારૂપ ક્રિયા કરતો જાય છે.

તથા નિશ્ચયનયે કરી કાલદ્રવ્ય તે પણ જીવ-અજીવ-રૂપ સર્વ વસ્તુમાં પોતાની વર્તનારૂપ ક્રિયા કરતો જાય છે,

તથા નિશ્ચયનયે કરી તો જીવ દ્રવ્ય, પણ પોતાના સ્વરૂપમાં રમવારૂપ ક્રિયા કરતો જાય છે, કેમકે જો નિશ્ચયનયે કરી જીવ શુભાશુભરૂપ વિભાવદશામાં રમણ કરવારૂપ ક્રિયા કરતો હોય, તો કોઈ કાલે જીવ સિદ્ધિ વરેજ નહિ, માટે નિશ્ચયનયે કરી તો જીવ પોતાના સ્વરૂપમાં રમવારૂપજ ક્રિયા કરે છે,

તથા નિશ્ચયનયે કરી પુદ્ગલ પરમાણુઓ જે છે, તે પણ અનાદિકાલના પોતાની મલવા-વિખરવારૂપ ક્રિયા કરતા જાય છે.

એ રીતે છએ દ્રવ્ય નિશ્ચયનયે કરી પોતપોતાની ક્રિયા કરે છે, માટે સક્રિય છે.

વ્યવહારનયે કરી ધર્મ, અધર્મ, આકાશ અને કાલ, એ ચાર દ્રવ્ય અક્રિય જાણવા. તથા જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય સક્રિય જાણવા.

કારણ કે વ્યવહારનયને મતે જીવ અજ્ઞાન અને રાગ-દ્વેષની ચીકાશરૂપ અશુદ્ધતાએ કરી સમયે સમયે અનંતા પુદ્ગલ પરમાણુઓનું ગ્રહણ કરવારૂપ ક્રિયા કરે છે, અને પુદ્ગલ પરમાણુઓને વલગવાનો સ્વભાવ છે, માટે પુદ્ગલ પરમાણુઓ વળગવારૂપ ક્રિયા કરે છે.

એ રીતે વ્યવહારનયને મતે જીવ અને પુદ્ગલ, એ બે દ્રવ્ય મળવા-વિખરવારૂપ ક્રિયા કરે છે, માટે સક્રિય જાણવા.

જે કારણ માટે જીવ, સમયે સમયે અનંતા કર્મ રૂપ પુદ્ગલ પરમાણુઓનું ગ્રહણ કરે છે અને આગળ સત્તાએ અનંતા કર્મરૂપ દળીયા બાંધ્યા છે, તે સ્થિતિ પ્રમાણે જીવને ઉદય આવે છે, તેને ભોગવીને ખેરવે છે. તથા કેટલાએક પરમાણુઓ તો ઉદીરીને ઉદય આણી ભોગવીને ખેરવે છે, તથા કેટલાએક જ્ઞાનરૂપ દૃષ્ટિએ કરી બાળીને ખેરવે છે,

એમ અનેક પ્રકારે સમયે સમયે અનંતા કર્મરૂપ પરમાણુઓ ગ્રહણ કરે છે, અને સમયે સમયે અનંતા કર્મ-રૂપ પરમાણુઓ ખેરવે છે,

માટે અનાદિકાળના જીવ અને પુદ્ગલ, એ બે દ્રવ્ય, મલવા-વિખરવારુપ ક્રિયા કરે છે, તેથી સક્રિય જાણવા

૫૨૪-**શિષ્ય** :—એ છ દ્રવ્યમાં **ણિચ્ચં**=નિત્ય કેટલા અને અનિત્ય કેટલા ?

ગુરૂ :—**નિશ્ચયનયે** કરી છએ દ્રવ્ય નિત્ય છે, અને નિશ્ચયનયે કરી છએ દ્રવ્ય અનિત્ય છે, તથા **વ્યવહાર નયે** કરી તો ચાર દ્રવ્ય નિત્ય જાણવા, અને બે દ્રવ્ય અનિત્ય જાણવા. તે આવી રીતે :—

ધર્માસ્તિકાયના અરુપી, અચેતન, અક્રિય અને ચલનસહાય એ ચાર ગુણ અને પર્યાયમાં ધર્માસ્તિકાયનો એક સ્કંધ એ પાંચ નિત્ય જાણવા, તથા દેશ, પ્રદેશ અને અગુરુલઘુ, એ ત્રણ પર્યાય ધર્માસ્તિકાયના અનિત્ય જાણવા.

તથા અધર્માસ્તિકાયના પણ અરૂપી, અચેતન, અક્રિય અને સ્થિરસહાય, એ ચાર ગુણ તથા પર્યાયમાં અધર્માસ્તિકાયનો એક સ્કંધ, એ પાંચ નિત્ય જાણવા. અને દેશ, પ્રદેશ તથા અગુરૂલઘુ, એ ત્રણ પર્યાય અધર્માસ્તિકાયના અનિત્ય જાણવા.

હવે આકાશાસ્તિકાયના અરૂપી, અચેતન, અક્રિય અને અવગાહક, એ ચાર ગુણ અને પર્યાયમાં આકાશાસ્તિકાયનો સ્કંધ, એ પાંચ નિત્ય જાણવા. તથા દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ, એ ત્રણ પર્યાય આકાશાસ્તિકાયના અનિત્ય જાણવા.

હવે કાલ દ્રવ્યના અરૂપી, અચેતન, અક્રિય અને નવા પુરાણા વર્તના લક્ષણ, એ ચાર ગુણ નિત્ય જાણવા. તથા અતીત, અનાગત, વર્તમાન અને અગુરૂલઘુ, એ ચાર પર્યાય કાલ દ્રવ્યના અનિત્ય જાણવા.

હવે પુદ્ગલ દ્રવ્યના રૂપી, અચેતન, સક્રિય અને પૂરણગલન, મિલન, વિખરણ, એ ચાર ગુણ નિત્ય જાણવા. તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ સહિત એ ચાર પુદ્ગલાસ્તિકાયના અનિત્ય જાણવા.

હવે જીવદ્રવ્યના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય, એ ચાર ગુણ અને અવ્યાબાધ, અમૌર્ત્તિક, તથા અનવગાહ, એ ત્રણ પર્યાય જીવના નિત્ય જાણવા. અને એક અગુરૂલઘુ પર્યાય, જીવનો અનિત્ય જાણવો.

એ રીતે નિશ્ચયનયે કરી છ દ્રવ્ય નિત્ય પણ કહીએ અને અનિત્ય પણ કહીએ.

હવે વ્યવહારનયે કરી ધર્મ, અધર્મ, આકાશ અને કાલ, એ ચાર દ્રવ્ય નિત્ય કહીએ. તથા જીવ અને પુદ્ગલ, એ બે દ્રવ્ય, અનિત્ય જાણવા.

કારણ કે વ્યવહારનયને મતે જીવ, ચારગતિરૂપ સંસારમાં જન્મ-મરણરૂપ નવા નવા ભવ કરે છે, માટે અનિત્ય કહીએ.

તથા વ્યવહારનયે કરી પુદ્ગલદ્રવ્યના સ્કંધ પણ સર્વે અનિત્ય જાણવા. કારણકે પુદ્ગલના સ્કંધ બને છે, તે સ્થિતિપ્રમાણે રહે છે, વળી પાછા વિખરે છે, માટે અનિત્ય જાણવા.

તથા જે કારણે વળી દ્રવ્યાસ્તિકનયને મતે જીવ અસંખ્યાત પ્રદેશી નિત્ય-સદાકાલ શાશ્વતો છે, અને અશુદ્ધ, અનિત્ય પર્યાયે કરી જીવ અનિત્ય, અશાશ્વતો જાણવો. કેમકે અશુદ્ધ, અનિત્ય પર્યાયે કરી જીવ ચાર ગતિરૂપ સંસારમાં ઉત્પાદ, વ્યયરૂપ પલટણ સ્વભાવે વર્તે છે, તે આવી રીતે :—

મનુષ્ય ભવના પર્યાયનો વ્યય થયો, અને દેવતાના ભવના પર્યાયનો ઉત્પાદ થયો, વળી દેવ ભવના પર્યાયનો વ્યય થયો, અને તિર્યંચ ભવના પર્યાયનો ઉત્પાદ થયો, વળી તિર્યંચ ભવના પર્યાયનો વ્યય થયો, અને મનુષ્ય ભવના પર્યાયનો ઉત્પાદ થયો. એમ અશુદ્ધ, અનિત્ય

પર્યાયે કરી જીવ, અનેક પ્રકારે ઉત્પાદ–વ્યયરૂપ પલ્ટણ સ્વભાવે ચાર ગતિરૂપ સંસારમાં સદાકાલ વર્તે છે, અને જીવ એનો એ ધ્રુવપણે શાશ્વતો છે, તથા જન્મ–મરણ, થાય છે, તે સર્વ પર્યાયનો ઉત્પાદ વ્યય થાય છે, માટે દ્રવ્યાસ્તિકનયે કરી જીવને નિત્ય કહીએ, અને પર્યાયાસ્તિકનયે કરી જીવને અનિત્ય કહીએ, એ પરમાર્થ છે.

તથા પુદ્ગલ પરમાણુઓ પણ દ્રવ્યથકી નિત્ય શાશ્વતા છે, અને પર્યાયથકી ઘણા પરમાણુઓ મળી સ્કંધ બને છે, તે સ્થિતિ પ્રમાણે રહે છે, વળી પાછા વિખરે છે, તે સ્કંધને અનિત્ય પણ કહીએ.

એ રીતે ષડ્દ્રવ્યમાં નિશ્ચય–વ્યવહારનયે કરી નિત્ય–અનિત્યનું સ્વરૂપ જાણવું.

૫૨૫ **શિષ્યઃ**—એ છ દ્રવ્યમાં કારણ=કારણ કેટલા અને અકારણ કેટલા ?

ગુરૂઃ—છ દ્રવ્યમાં પાંચ દ્રવ્યને એક જીવ દ્રવ્ય તે અકારણ છે, અને જીવ દ્રવ્યને પાંચે દ્રવ્ય કારણરૂપ જાણવા.

જેમકે જીવ કર્ત્તા, અને તેને ધર્માસ્તિકાય કારણ મળ્યું, તે વારે જીવને ચાલવા–હાલવારૂપ કાર્ય થયું,

તેમજ જીવ કર્ત્તા, તેને અધર્માસ્તિકાય કારણ મળ્યું, તે વારે જીવને સ્થિર રહેવારૂપ કાર્ય નિપન્યું,

તેમજ જીવ કર્ત્તા, અને તેને આકાશાસ્તિકાય કારણ મળ્યુ, તે વારે જીવને અવગાહનારૂપ કાર્ય નિપન્યું,

તેમજ જીવ કર્ત્તા, તેને પુદ્ગલાસ્તિકાય કારણ મળ્યું, તે વારે જીવને સમયે સમયે અનંતા કર્મરૂપ પરમાણુઓ લેવા, અને સમયે સમયે અનંતા કર્મરૂપ પરમાણુઓ ખેરવવારૂપ કાર્ય નિપન્યું,

તેમજ જીવ કર્ત્તા, અને તેને કાલદ્રવ્ય કારણ મળ્યું, તે વારે જીવને નવા-પુરાણા વર્તનારૂપ કાર્ય નિપન્યું,

એ રીતે ષડ્દ્રવ્યમાં જીવને પાંચે દ્રવ્ય, કારણરૂપે જાણવા. અને જીવ પોતે અકારણ છે.

૫૨૬ શિષ્ય :—એ છ દ્રવ્યમાં કર્ત્તા=કર્તા કેટલા અને અકર્ત્તા કેટલા ?

ગુરૂ :-નિશ્ચયનયે કરી છએ દ્રવ્ય પોતે પોતાના સ્વરૂપના કર્ત્તા છે, અને વ્યવહારનયે કરી અનેક નયની અપેક્ષાએ જોતાં તો એક જીવદ્રવ્ય કર્ત્તા અને પાંચ દ્રવ્ય અકર્ત્તા જાણવા, તે આવી રીતે :—

જે વ્યવહારનયના છ ભેદ છે, તિહાં પ્રથમ શુદ્ધ વ્યવહારનયે કરી જીવ શુદ્ધ, નિર્મલ, કર્મથકી રહિત એવું પોતાનું સ્વરૂપ નિપજાવવું તેનો કર્ત્તા જાણવો, એટલે જે જે આગલા ગુણઠાણાનું છોડવું અને ઉપરના ગુણઠાણાનું લેવું તેને શુદ્ધ વ્યવહારનયે કર્ત્તા કહીએ.

એટલે પહેલે ગુણઠાણે અનંતાનુબંધીની ચોકડી હતી, તે ખપાવી અને ચોથે ગુણઠાણે આવ્યો, તે વારે જીવને એક સમકિત ગુણ નિરાવરણ થયો અને અપ્રત્યાખ્યાનીની ચોકડી ખપાવી, તે વારે પાંચમે ગુણઠાણે દેશવિરતિ ગુણ

પામ્યો, તથા પ્રત્યાખ્યાનીની ચોકડી ખપાવી, તે વારે છઠ્ઠે-સાતમે ગુણઠાણે સર્વવિરતિ ગુણ પામ્યો, તથા સર્વ કષાય ક્ષય થયા, તે વારે અગીયારમે, બારમે ગુણઠાણે પહોંચી રાગ-દ્વેષરૂપ મોહનીય કર્મ ખપાવી, બારમે ગુણઠાણે ઘાતીકર્મનો ક્ષય કરી તેરમે ગુણઠાણે કેવલજ્ઞાન પામ્યો,

એ રીતે જેમ જેમ પૂર્વના ગુણઠાણાનું છોડવું અને ઉપરના ગુણઠાણાનું લેવું, તેને **શુદ્ધવ્યવહારનય** કહીએ.

એટલે જીવ જેમ જેમ કર્મરૂપ અશુદ્ધતાને ટાળે, અને ગુણરૂપ શુદ્ધતાને નિપજાવે, તે શુદ્ધ વ્યવહારનય જાણવો.

હવે બીજા **અશુદ્ધવ્યવહારનયે** કરી જીવમાં અજ્ઞાન, રાગ, દ્વેષ, અનાદિકાળના શત્રુ થઈ લાગ્યા છે, તેણે કરી જીવમાં અશુદ્ધપણું જાણવું, એ અશુદ્ધતાની ચીકાશે કરી જીવને સમયે સમયે અનંતા કર્મરૂપ દળીયા સત્તાએ લાગે છે, એ અશુદ્ધતા અનાદિની જાણવી. એ અશુદ્ધ વ્યવહારનયે જીવ કર્ત્તા, તેનું સ્વરૂપ કહયું.

હવે ત્રીજા **શુભ વ્યવહારનયે** કરી જીવ, દાન, શીલ, તપ, ભાવના, પૂજા, પ્રભાવના, સેવા, ભક્તિ, સ્વામી વાત્સલ્ય, વિનય, વૈયાવચ્ચ, ઉપકાર, કરૂણા, દયા, જયણા, મીઠુ મનોહર વચન બોલવું, સર્વ જીવનું રૂડું ચિંતવવું, એ આદિ અનેક પ્રકારની જીવને શુભ કરણી જાણવી. એ શુભ વ્યવહારનયે જીવ કર્ત્તા કહીએ.

હવે ચોથા **અશુભવ્યવહારનયે** કરી જીવ ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય, નિદ્રા, વિકથા, હાસ્ય, વિનોદ, નિંદા, ઈર્ષ્યા, ચાડી, મૂર્છા, મમતા, હિંસા, મૃષા, અદત્ત,, મૈથુન, પરિગ્રહ, એ આદિ અનેક પ્રકારની જીવને અશુભકરણી કહીએ. એ અશુભ વ્યવહારનયે જીવ કર્ત્તા જાણવો.

હવે પાંચમા **ઉપચરિત વ્યવહારનયે** કરી જીવ ધન-કુટુંબ-પરિવાર, હાટ-ઘર-વખાર, ગામ-ગરાસ-દેશ, ચાકર-દાસ-દાસી, વાણોતર, રાજા, ઋદ્ધિ, ક્ષેત્ર-ખળા, વાડી-વન-આરામ, કૂવા-વાવ-સરોવર-નવાણ, એ આદિ અનેક પ્રકારની વસ્તુ તે પોતાથકી પ્રત્યક્ષપણે જુદી છે, તેને જીવ અજ્ઞાનપણે પોતાની કરી જાણે છે, તેને મારું મારું કરતો ફરે છે, એટલે તેના પાપનો અધિકારી થાય છે, એ રીતે ઉપચરિત વ્યવહારનયે જીવને કર્ત્તા જાણવો.

હવે છઠ્ઠા **અનુપચરિત વ્યવહારનયે** કરી જીવ, શરીરાદિક પરવસ્તુ જે પોતાના સ્વરૂપથકી પ્રત્યક્ષપણે જુદી છે, પણ પારિણામિક ભાવે લોલીભૂતપણે એકઠી મળી રહી છે, તેને જીવ પોતાની કરી જાણે છે, પણ એવા શરીર તો અનંતીવાર કર્યા, અને અનંતીવાર મૂકયા, તથાપિ અજ્ઞાનપણે તેને પોતાની કરી જાણે છે, તેને વાસ્તે અનેક પ્રકારે હિંસાદિ પાપ કરી પુષ્ટ કરે છે, એ રીતે અનુપચરિત વ્યવહારનયે કરી જીવ કર્ત્તા જાણવો.

એ છ પ્રકારે વ્યવહારનયને મતે જીવનું કર્ત્તાપણું દેખાડયું.

એમ છ દ્રવ્યમાં કર્ત્તા-અકર્ત્તાપણાનું સ્વરૂપ જાણવું.

૫૨૭ શિષ્ય :—એ છ દ્રવ્યમાં **સવ્વગય-ઇયર=** સર્વગત એટલે સર્વવ્યાપી દ્રવ્ય કેટલા અને તે થકી ઇતર એટલે દેશ વ્યાપી દ્રવ્ય કેટલા ?

ગુરૂ :—છ દ્રવ્યમાં એક આકાશદ્રવ્ય સર્વ લોકાલોકવ્યાપી છે, અને પાંચ દ્રવ્ય, દેશવ્યાપી જાણવા.

કારણકે **ધર્માસ્તિકાય** અસંખ્યાત પ્રદેશી લોક વ્યાપી જાણવું, તથા કાલદ્રવ્ય ગણિતકાલ તે અઢીદ્વીપ વ્યાપી જાણવું. તથા **જીવદ્રવ્ય** પણ લોકવ્યાપી જાણવુ, એટલે જેટલા લોકાકાશના પ્રદેશ છે, તેટલા નિગોદના ગોળા છે, અને એકેક ગોળામાં અસંખ્યાતી નિગોદ રહી છે, તે એકેકી નિગોદમાં અનંતા જીવ રહયા છે, માટે જીવ દ્રવ્ય લોકવ્યાપી જાણવું. તથા પુદ્ગલ દ્રવ્ય પણ એકેક જીવને સત્તાએ અનંતા કર્મરૂપ પુદ્ગલ પરમાણુઓ લાગ્યા છે, તથા તે થકી બીજા છૂટા લોકવ્યાપી પરમાણુઓ પણ અનંતા છે, તે સર્વ લોક વ્યાપી છે, એ રીતે એ પાંચ દ્રવ્ય દેશવ્યાપી જાણવા, અને એક આકાશાસ્તિકાય દ્રવ્ય લોકાલોક વ્યાપી અનંતપ્રદેશી તે સર્વ વ્યાપી જાણવું.

એ છ દ્રવ્યમાં સર્વ વ્યાપી તથા દેશ વ્યાપીનું સ્વરૂપ કહયું.

૫૨૮ શિષ્ય :—એ છ દ્રવ્ય **અપ્પવેસા=**અપ્રવેશી એટલે એક ક્ષેત્રે છ દ્રવ્ય ભેળા મળી રહયા છે, પણ

કોઈ એક બીજામાં પ્રવેશ કરી ભળી જતા નથી અને એક બીજાનું કોઈ કોઈનું કામ પણ કરતા નથી, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂ :—જેમ કોઈ એક દુકાનમાં પાંચ વાણોતર રહેતા હોય, તે સર્વે પોતપોતાના હવાલા પ્રમાણે કામ કરતા જાય, અને સહુ સહુની મર્યાદામાં ચાલે, તેમ ઈહાં એકક્ષેત્રે છ દ્રવ્ય ભેળા રહયા છે, પણ સહુ પોતપોતાનું કામ કરે છે, અને પોતપોતાની મર્યાદામાં વર્તે છે, પણ નિશ્ચયનયે કરી કોઈ એક બીજામાં માંહોમાંહે ભળતા નથી, માટે અપ્રવેશી જાણવા. એ પરમાર્થ છે.

એ રીતે ષડ્દ્રવ્યનું સ્વરૂપ બાર ભાંગે કરી સામાન્ય પ્રકારે ભવ્યજીવને જાણવું.

૫૨૯ શિષ્યઃ—આગળ પન્નવણાસૂત્રના પાઠમધ્યે તમે કહ્યું જે જીવ- અજીવરૂપ ષડ્દ્રવ્યનું સ્વરૂપ સ્યાદ્વાદાદિ આઠ પક્ષે કરી જાણવું, માટે તે આઠ પક્ષ કયા ? તેના નામ કહો ?

ગુરૂઃ—આઠ પક્ષ તે આ પ્રમાણે એક-અનેક, નિત્ય-અનિત્ય, સત્-અસત્, વક્તવ્ય-અવક્તવ્ય.

એ પ્રત્યેક દ્રવ્યના આઠ આઠ પક્ષ કરતાં છ દ્રવ્યના અડતાલીશ પક્ષ થયા.

૫૩૦ શિષ્યઃ—છ દ્રવ્યમાં એક-અનેક પક્ષ કેમ જાણીએ ?

ગુરૂઃ—એ ષડ્દ્રવ્યને એક પણ કહીએ અને અનેક પણ કહીએ.

કેમકે ધર્મ, અધર્મ, એ બે દ્રવ્ય સ્કંધરૂપ લોકાકાશ પ્રમાણ એક છે અને એના ગુણ, પર્યાય, પ્રદેશ અનેક છે, એટલે ગુણ અનંતા, પર્યાય અનંતા અને પ્રદેશ અસંખ્યાતા જાણવા.

હવે આકાશાસ્તિકાય દ્રવ્ય પણ સ્કંધરૂપ લોકાલોક પ્રમાણ એક છે, અને ગુણ, પર્યાય, પ્રદેશ અનેક છે, એટલે ગુણ અનંતા, પર્યાય અનંતા અને પ્રદેશ પણ અનંતા જાણવા.

એ રીતે ત્રણ દ્રવ્યમાં એક-અનેક પક્ષ કહ્યો, હવે શેષ ત્રણ દ્રવ્યમાં એક-અનેક પણું દેખાડે છેઃ—

તિહાં પ્રથમ કાલદ્રવ્યનો વર્તમાનરૂપ ગુણ એક જાણવો અને ગુણ-પર્યાય તથા સમય અનેક છે, એટલે ગુણ અનંતા છે, પર્યાય અનંતા છે, અને સમય પણ અનંતા જાણવા. કેમકે અતીતકાલે અનંતા સમય વહી ગયા અને અનાગત કાલે અનંતા સમય આગળ આવશે, તથા વર્તમાનકાલ એક સમય માત્ર જાણવો.

હવે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં એક-અનેક પક્ષ કહે છેઃ—

પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓ અનંતા છે, તે એકેક પરમાણુમાં અનંતા ગુણ પર્યાય રહ્યા છે, એ રીતે અનેક છે, પણ સર્વ પરમાણુમાં પુદ્ગલપણું એક સરખું છે, તેથી એક છે.

હવે જીવદ્રવ્યમાં એક-અનેક પણું કહે છેઃ— લોકમાં જીવ અનંતા છે, એકેક જીવના અસંખ્યાતા અસંખ્યાતા પ્રદેશ છે, અને એકેક પ્રદેશે અનંતા ગુણ રહ્યા છે, તથા એકેક ગુણમાં અનંતા અનંતા પર્યાય છે, અને પર્યાય-પર્યાયમાં ધર્મ અનંતો છે,

એ સર્વ બોલ અનેક પક્ષના દર્શાવનારા છે, અને સંગ્રહનયે કરી જીવપણું સર્વમાં એક સરખું છે, માટે એક પક્ષ છે.

ઇહાં શિષ્ય પૂછે છે કે જો એમ સર્વ જીવ એક સરખા છે, તો એક જીવ સિદ્ધસ્વરુપી પરમાનંદ સુખમય દેખાય છે, અને બીજા સંસારીજીવ કર્મવશે પડયા થકા દુઃખી દેખાય છે, તેણે કરી સર્વજીવ, જુદા જુદા લાગે છે, તેનો શ્યો પરમાર્થ ? તેવારે ગુરુ કહે છે, કે નિશ્ચયનયે કરી સર્વે જીવ સત્તાએ સિદ્ધ સમાન છે, તેથી જ સર્વજીવ કર્મ ખપાવી સિદ્ધિ વરે છે, તેણે કરી સર્વ જીવની સત્તા એક સરખી જાણવી, માટે તે સરખા છે.

૫૩૧ શિષ્યઃ—સર્વે જીવ સિદ્ધસમાન કહો છો તેવારે અભવ્ય જીવ પણ સિદ્ધસમાન થયા, તો અભવ્ય જીવ કેમ મોક્ષે જતા નથી ?

ગુરૂઃ—અભવ્યનો સ્વભાવ એવો જ છે, જે સંસારમાં ફરતાં કદાચિત્ કારણ સામગ્રી મળે, તો પણ અભવ્યને પરાવર્તન ધર્મ નથી, તેણે કરી સિદ્ધ થતા નથી, પણ ભવ્ય જીવને પરાવર્તન ધર્મ છે, માટે તેને કારણ સામગ્રી

મળવાથી પૂર્વભાવને પલટાવી ગુણશ્રેણી ચઢી સર્વ કર્મને ચૂર્ણ કરી સિદ્ધિપદ વરે છે, અને સર્વ જીવના આઠ રુચક પ્રદેશ મુખ્ય છે, તે **નિશ્ચયનયે** કરી ભવ્ય-અભવ્ય બેહુના સિદ્ધસમાન છે, તેણે કરી સર્વ જીવની સત્તા એક સરખી છે, કેમકે એ આઠ રુચક પ્રદેશને કર્મ લાગતા નથી, તેની **આચારાંગસૂત્રની** ટીકામાં સાખ છે.

એ રીતે ષડ્દ્રવ્યમાં એક-અનેક પક્ષનું સ્વરૂપ કહ્યું.

પ૩૨ **શિષ્યઃ**—ષડ્દ્રવ્યમાં નિત્ય-અનિત્ય પક્ષ કેમ જાણીએ?

ગુરૂઃ—છ દ્રવ્ય નિત્ય-પણ કહેવાય અને અનિત્ય પણ કહેવાય, તે આવી રીતેઃ—

ધર્માસ્તિકાયના અરુપી, અચેતન, અક્રિય અને ચલનસહાય, એ ચાર ગુણ તથા પર્યાયમાં ધર્માસ્તિકાયનો સ્કંધ, એ પાંચ નિત્ય જાણવા, અને દેશ, પ્રદેશ તથા અગુરુલઘુ, એ ત્રણ પર્યાય ધર્માસ્તિકાયના અનિત્ય જાણવા.

તથા **અધર્માસ્તિકાયના** અરુપી, અચેતન, અક્રિય અને સ્થિર સહાય, એ ચાર ગુણ તથા પર્યાયમાં અધર્માસ્તિકાયનો સ્કંધ, એ પાંચ નિત્ય જાણવા, અને દેશ, પ્રદેશ તથા અગુરુલઘુ, એ ત્રણ પર્યાય અનિત્ય જાણવા.

તથા **આકાશાસ્તિકાયના** અરુપી, અચેતન, અક્રિય અને અવગાહક, એ ચાર ગુણ તથા પર્યાયમાં આકાશાસ્તિકાયનો સ્કંધ, એ પાંચ નિત્ય જાણવા. અને દેશ, પ્રદેશ તથા અગુરુલઘુ, એ ત્રણ પર્યાય અનિત્ય જાણવા.

તેમજ કાલદ્રવ્યના અરુપી, અચેતન, અક્રિય, અને નવા પુરાણા વર્તના લક્ષણ એ ચાર ગુણ નિત્ય જાણવા તથા અતીત, અનાગત, વર્તમાન અને અગુરુલઘુ, એ ચાર પર્યાય અનિત્ય જાણવા.

તથા પુદ્ગલદ્રવ્યના રુપી, અચેતન, સક્રિય અને ગલન, પૂરણ, મિલન, વિખરણ, એ ચાર ગુણ નિત્ય જાણવા. તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ સહિત એ ચાર પર્યાય પુદ્ગલદ્રવ્યના અનિત્ય જાણવા.

તથા જીવદ્રવ્યના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એ ચાર ગુણ અને અવ્યાબાધ, અમૂર્તિક, તથા અનવગાહ, એ ત્રણ પર્યાય નિત્ય જાણવા. તથા એક અગુરુલઘુ પર્યાય જીવનો અનિત્ય જાણવો.

એ રીતે ષડ્દ્રવ્યમાં નિત્ય-અનિત્ય પક્ષનું સ્વરૂપ કહ્યું.

૫૩૩ શિષ્યઃ—ષડ્દ્રવ્યમાં સત્-અસત્ પક્ષનું સ્વરુપ કેમ જાણીએ?

ગુરૂ :—છ એ દ્રવ્ય, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવ પણે **સત્**=છતા છે, અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ તથા પરભાવપણે **અસત્**=અછતા છે.

હવે એ છ દ્રવ્યમાં સ્વદ્રવ્યાદિક ચાર દેખાડે છે :—

પ્રથમ **ધર્માસ્તિકાયનું** સ્વદ્રવ્ય તે ચલનસહાયગુણ તથા **અધર્માસ્તિકાયનું** સ્વદ્રવ્ય તે સ્થિરસહાયગુણ, તથા **આકાશાસ્તિકાયનું** સ્વદ્રવ્ય તે અવગાહક ગુણ, તથા **કાલનું** સ્વદ્રવ્ય તે નવા-પુરાણા વર્તનાલક્ષણ ગુણ, તથા **પુદ્ગલાસ્તિકાયનું** સ્વદ્રવ્ય તે પૂરણગલન ગુણ, અને **જીવનું** સ્વદ્રવ્ય તે જ્ઞાનાદિ ચેતના લક્ષણ ગુણ.

એ છ દ્રવ્યમાં સ્વદ્રવ્યપણું કહ્યું.

હવે **સ્વક્ષેત્રપણું** દેખાડે છે:— એટલે સ્વક્ષેત્રે પ્રદેશ ઘણા છે, માટે છએ દ્રવ્યમાં સ્વક્ષેત્રપણું કહે છે.

તિહાં પ્રથમ **ધર્મ** ને **અધર્મ**, એ બે દ્રવ્યના સ્વક્ષેત્રે અસંખ્યાતા પ્રદેશ જાણવા. તથા **આકાશદ્રવ્યના** સ્વક્ષેત્રે અનંતા પ્રદેશ જાણવા. તથા **કાલદ્રવ્યનો** સ્વક્ષેત્રે એક સમય જાણવો. તથા **પુદ્ગલ દ્રવ્યનો** સ્વક્ષેત્રે એક પરમાણુ, એવા અનંતા પરમાણુઓ જાણવા. તથા **જીવદ્રવ્યના** સ્વક્ષેત્રે એક જીવના અસંખ્યાતા પ્રદેશ જાણવા. **એ રીતે છ દ્રવ્યમાં સ્વક્ષેત્રપણાનો વિચાર જાણવો.**

હવે **છ દ્રવ્યમાં સ્વકાલપણું દેખાડે છે.** છએ દ્રવ્યમાં પોતપોતાનો સ્વકાલ તે **અગુરૂલઘુ** પર્યાયનોજ વર્તે છે,

હવે છએ દ્રવ્યમાં સ્વભાવપણું દેખાડે છે. **સ્વભાવ**=ગુણ પર્યાય, તે છએ દ્રવ્યમાં પોતપોતાને સ્વભાવે ગુણ પર્યાય રહ્યા છે, તે સ્વભાવપણું જાણવું.

એમ ધર્માસ્તિકાય દ્રવ્યમાં પોતાનું સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવપણાનો સંબંધ છે, પણ બીજા પાંચ દ્રવ્યના સ્વદ્રવ્યાદિક ચારનો તેમાં સંબંધ નથી.

તેમજ અધર્માસ્તિકાયદ્રવ્યમાં પોતાનો સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, અને સ્વભાવપણાનો સંબંધ છે, પણ બીજા પાંચ દ્રવ્યના સ્વદ્રવ્યાદિક ચારનો સંબંધ તેમાં નથી.

તેમજ આકાશાસ્તિકાયમાં કાલમાં, પુદ્ગલમાં અને જીવમાં એ સર્વમાં પોતપોતાનું સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવપણાનો સંબંધ છે, પણ બીજા પાંચ દ્રવ્યમાં સ્વદ્રવ્યાદિક ચારનો તેમાં સંબંધ નથી.

એમ છ દ્રવ્ય સ્વગુણે કરી સત્ છે, અને પરગુણે કરી અસત્ જાણવા. જે દ્રવ્ય તે ગુણ પર્યાયવંત હોય, એટલે અનેક પર્યાય તે **દ્રવ્ય** કહીએ, અને સ્વદ્રવ્યનું આવર્તપણું તે **ક્ષેત્ર** કહીએ. તથા ઉત્પાદ વ્યયની વર્તના તે **કાલ** કહીએ, તથા વિશેષ ગુણ પરિણતિ તે **સ્વભાવ** પરિણતિ જાણવી. એટલે પર્યાય પ્રમુખ તે **સ્વભાવ** કહીએ.

એ રીતે છએ દ્રવ્યના સ્વરૂપમાં સત્–અસત્પણાનો વિચાર જાણવો.

૫૩૪ **શિષ્ય** :—છ દ્રવ્યમાં વક્તવ્ય–અવક્તવ્યપણાનું સ્વરૂપ કેમ જાણીએ ?

ગુરૂ:—છ દ્રવ્યમાં **વક્તવ્ય**=વચનથી કહેવાય એવા પ્રત્યેક દ્રવ્યમાં અનંતા ગુણ–પર્યાય વક્તવ્ય છે, અને છએ

દ્રવ્યમાં અવકતવ્ય વચનથી કહ્યા ન જાય એવા અનંતા ગુણ પર્યાય અવકતવ્ય છે, તેનું સ્વરૂપ કહે છે :—

શ્રીતીર્થંકર ભગવાને સર્વભાવ પ્રત્યક્ષપણે દીઠા, તેને અનંતમે ભાગે વકતવ્યા એટલે પ્રરૂપ્યા અને જે શ્રીતીર્થંકર ભગવાને પ્રરૂપ્યા તેનો અનંતમો ભાગ શ્રીગણધરદેવે ઝીલ્યો, સૂત્રમાં ગૂંથ્યો છે, અને સૂત્રમાં ગૂંથ્યો, તેને અસંખ્યાતમે ભાગે હમણાં આગમ વર્તે છે, એ છએ દ્રવ્યમાં વકતવ્ય અવકતવ્ય પક્ષનું સ્વરૂપ જાણવું.

એ રીતે છએ દ્રવ્યનું સ્વરૂપ આઠ પક્ષે ગુરૂગમથી યોગ્ય રીતે જાણે, તેને સમકિતી કહીએ.

अत्र सूत्रपाठ :—

॥ गाथा ॥

जीवाईसद्दहणं, सम्मत्तं, अस्साहिगमो णाणं ।
तत्थेय सया रमणं, चरणं एसो हु मुक्खपहो ॥१॥

અર્થ:—જીવાદિક છએ દ્રવ્ય જે જેહવા છે, તે તેવા ગુણપર્યાય સહિત જાણે, અને નિત્ય-અનિત્યપણે સમયે સમયે પલટાય છે, તે સદ્દહે, તેને સમકિતી જાણવા.

એ રીતે છએ દ્રવ્યનું સ્વરૂપ જાણી તેમાંથી પાંચ અજીવદ્રવ્યને છાંડી ને એકજ જીવના સ્વગુણમાં સ્થિર થઇ રમણ કરવું, તેને ચારિત્ર કહીએ.

હવે પ્રથમ સમકિત શુદ્ધ કરવું જોઇએ, માટે સમકિતનું સ્વરૂપ દેખાડે છે :—

નવ તત્ત્વમાં મોક્ષનો કર્ત્તા જીવતત્ત્વ છે, અને સંવર તથા નિર્જરા એ બે ગુણ છે, તે મોક્ષના ઉપાદાન કારણ છે, તથા દેવ અને ગુરૂ એ બે ઉપકારી છે, તે મોક્ષના નિમિત્ત કારણ જાણવા.

એ રીતે જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ, એ ચાર ઉપાદેય છે, એટલે આદરવા યોગ્ય છે, અને શેષ પાંચ તત્ત્વ હેય છે, એટલે છાંડવા યોગ્ય છે, એવા જે વિશુદ્ધનય સાપેક્ષ પરિણામ તે સમકિત સહિત જ્ઞાન કહીએ, એવા સમકિત જ્ઞાને કરી ભલું થાય, શ્રી અનુયોગદ્વારસૂત્રમાં કહ્યું છે.

॥ ગાથા ॥

णायम्मि गिण्हियव्वे, अगिण्हियव्वे य इत्थ अत्थम्मि ।
जइयव्वमेव इय जो, सो उवएसो णओ णाम ॥ १ ॥

અર્થઃ—જ્ઞાન તે શું ? જે છ દ્રવ્યનું સ્વરૂપ નિત્યા-નિત્યાદિ આઠ પક્ષે કરી જેવું છે, તેવું જાણીને તેમાં જે લેવા યોગ્ય હોય, તે લીએ, અને છાંડવા યોગ્ય હોય, તે છાંડે, એવો જે ઉપદેશ, તે નય ઉપદેશ કહીએ.

વળી શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં સમકિતની દશ રુચિ કહી છે, તેના નામ કહે છે.

એક નિસર્ગરૂચિ, બીજી ઉપદેશરૂચિ, ત્રીજી આજ્ઞારૂચિ, ચોથી સૂત્રરૂચિ, પાંચમી શ્રદ્ધારૂચિ, છઠ્ઠી સંક્ષેપરૂચિ, સાતમી અભિગમરૂચિ, આઠમી વિસ્તાર-રૂચિ, નવમી ક્રિયારૂચિ અને દશમી ધર્મરૂચિ.

એ દશ રૂચિનું જે જીવને જ્ઞાન થયું હોય, તેને નિર્મળ સમકિતી જાણવો.

માટે હવે એ દશ રૂચિનું સ્વરૂપ શિષ્યને જાણવા સારૂ સંક્ષેપથી કહે છે.

૫૩૫-શિષ્ય :—**પ્રથમ નિર્સગરૂચિ**, તે જે નિશ્ચય –વ્યવહારનયે કરી, નામાદિ ચાર નિક્ષેપે કરી, જીવ–અજીવ-રૂપ નવતત્ત્વને ષડ્દ્રવ્યનું સ્વરૂપ ગીતાર્થગુરૂની નિશ્રાએ જાણી આશ્રવરૂપ પાંચ તત્ત્વ તે ઉપર ત્યાગબુદ્ધિ તથા સંવર –નિર્જરારૂપ શુદ્ધગુણ તેનું આદરવું કરે,

તથા શ્રી વીતરાગભાષિત જે નવતત્ત્વ ષડ્દ્રવ્યરૂપ તેનું સ્વરૂપ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ગુરૂગમથી જાણે, તથા નામાદિ ચાર નિક્ષેપે કરી સર્વ વસ્તુને નય-સાપેક્ષ રીતે પ્રમાણ કરે, તે **નિસર્ગરૂચિ** કહીએ.

૫૩૬—**બીજી ઉપદેશરૂચિ**, તે એહીજ નવતત્ત્વ ષડ્દ્રવ્યને ગુરૂના ઉપદેશથી જાણીને સદ્દહે, પ્રતીતિ કરે, તેનું સ્વરૂપ જાણવાને ઘણી રૂચિ રાખે, તે **ઉપદેશરૂચિ**.

૫૩૭—**ત્રીજી આજ્ઞારૂચિ**, તે જેના રાગ, દ્વેષ અને મોહ ક્ષય થઈ ગયા છે, અને જેનું અજ્ઞાન મટી ગયું છે, એવા શ્રી અરિહંતદેવ તેમણે જે આજ્ઞા કરી, તે પ્રમાણે કરવાની તત્પરતા દાખવે, તેમાં કાંઈ પણ શંકા–સંદેહ ન આણે, **તે આજ્ઞારૂચિ** જાણવી.

૫૩૮—**ચોથી સૂત્રરૂચિ**, તે આગમસૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા, એ પંચાંગીના વચન માને, આગમસૂત્ર ભણવાની ચાહના રાખે, તે **સૂત્રરૂચિ** જાણવી.

૫૩૯—**પાંચમી શ્રદ્ધારૂચિ**, તે **ભગવતી** તથા **નંદીસૂત્રમાં** આ પ્રમાણે ગાથા છે.

सुत्तत्थो खलु पढमो, बीओ णिज्जुत्ति-मिस्सओ भणिओ।
तइओ अ णिरवसेसो, एस विही होइ अणुओगे ॥ १ ॥

તથા **અનુયોગદ્વારસૂત્રમાં** નિર્યુક્તિ અનુગમ કહ્યો છે,

તથા **સમવાયાંગમાં** "सनिज्जुत्तिआ" ઇત્યાદિક ઘણી સાખો છે,

તે માટે જે પુરૂષ પંચાંગી માને તે આરાધક છે, તેથી પંચાંગીની શ્રદ્ધા રાખવી તે **શ્રદ્ધારૂચિ** જાણવી.

૫૪૦—**છઠ્ઠી અભિગમરૂચિ**, તે સૂત્ર, સિદ્ધાંત અર્થ સહિત જાણે, તથા અર્થ વિચાર સુણવાની, ભણવાની જેને ઘણી ચાહના હોય, તેને **અભિગમરૂચિ** જાણવી.

૫૪૧—**સાતમી વિસ્તારરૂચિ**, તે છ દ્રવ્યને જાણે, છ દ્રવ્યના પ્રદેશ જાણે, ગુણ જાણે, પર્યાય જાણે,

નામ-ક્ષેત્ર, કાલ-ભાવ, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, સાત નય, ચારનિક્ષેપા, છ કારક, પ્રમાણ, પાંચ સમવાય, દ્રવ્યાસ્તિક દશ નય, પર્યાયાસ્તિક છ નય,

કર્ત્તા-કારણ-કાર્ય, નિશ્ચય-વ્યવહાર, ઉત્સર્ગ-અપવાદ, હેય-જ્ઞેય-ઉપાદેય, ચઉભંગી, ત્રિભંગી, સપ્તભંગી, અનેકભંગી, એ રીતે નય-પ્રમાણ સહિત નવતત્ત્વ તથા છ દ્રવ્યને ગુરૂમુખે સદ્દહે, તે **વિસ્તારરૂચિ** જાણવી.

૫૪૨—**આઠમી ક્રિયારૂચિ** કહે છે :—રત્નત્રયી જે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ આત્મસત્તા છે, તે નિરાવરણ કરવા સારૂ તપ-જપ, વિનય-વૈયાવચ્ચ-ભક્તિ, વ્રત-પચ્ચખ્ખાણ, સમિતિ-ગુપ્તિરૂપ ચરણસિત્તરી-કરણસિત્તરીને ગુણે કરી સહિત-

॥ ગાથા ॥

वय-समणधम्मसं-जम, वेयावच्चं च बंभगुत्तीओ।
णाणाइंतियं तव-को ह--णिग्गहाइ चरणमेयं ॥ १ ॥

અર્થ :—પાંચ મહાવ્રત તથા દશ પ્રકારે શ્રમણધર્મ પાલે, સત્તરભેદે સંયમ આરાધે, દશ પ્રકારનું વૈયાવચ્ચ કરે, નવ વાડે બ્રહ્મચર્ય પાલે, ત્રણ ગુપ્તિને આદરે, રત્નત્રયીને આરાધે, બાર પ્રકારના તપને આદરે, ક્રોધાદિક ચાર કષાયનો નિગ્રહ કરે, એ **ચરણસિત્તરી**ના સીત્તેર ભેદ જાણવા.

હવે કરણસિત્તરી કહે છે :—

॥ ગાથા ॥

पिंडविसोही समिई, भावणा पडिमा य इंदियणिरोहो।
पडिलेहण-गुत्तीओ, अभिग्गहा चेव करंण तु ॥ १ ॥

અર્થ :—ચાર પ્રકારનો પિંડ સૂઝતો લે, ઈર્યા-સમિતિ પ્રમુખ પાંચ સમિતિ પાલે, અનિત્યાદિ બાર ભાવના ભાવે, સાધુની બાર પ્રતિમા વહે, પાંચ ઇંદ્રિયનો નિરોધ કરે, પચ્ચીશ પડિલેહણા ઉપયોગ સહિત કરે, ત્રણ ગુપ્તિ પાલે, તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવ, એ ચાર પ્રકારે અભિગ્રહ કરે, નિશ્ચયથકી એ કરણસિત્તરીના સિત્તેર બોલ પાલે,

એ રીતે ચરણસિત્તરી અને કરણસિત્તરીના ગુણે કરી જે સહિત હોય, અને આત્મધર્મની રૂચિ ઘણી હોય, તે જીવ **ક્રિયારૂચિવંત** જાણવો.

૫૪૩—નવમી **સંક્ષેપરૂચિ** તે, અર્થમાં તથા જ્ઞાનમાં થોડું કહ્યાથી પણ ઘણું જાણે. કુમતિમાં ન પડે, જૈન-મતમાં અંતરંગ પ્રતીતિ માને, તેને સંક્ષેપરૂચિ હોય.

૫૪૪—**દશમી ધર્મ** રૂચિ, તે પંચાસ્તિકાયનું સ્વરૂપ જાણવે કરી શ્રુતજ્ઞાનને સદ્‌ભાવે અંતરંગ નિશ્ચયનયને સત્તાએ સદ્‌હે, એટલે વસ્તુગતે અનંતો ધર્મ રહ્યો છે, તેને નિરાવરણ પ્રગટ કરવાની રૂચિ જેને હોય, તેને **ધર્મરૂચિ** જીવ કહીએ.

એ રીતે દશરુચિનું સ્વરુપ જાણે, તેને નિર્મળ સમકિતી કહીએ.

હવે વલી છ દ્રવ્યનું સ્વરુપ જાણવાને અર્થે એકેક દ્રવ્યમાં છ–છ સામાન્ય ગુણ છે. તેના નામ **કહે છે** :—

એક, અસ્તિત્વ, તે અસ્તિપણું, બીજું વસ્તુત્વ, તે વસ્તુપણું, ત્રીજુ દ્રવ્યત્વ, તે દ્રવ્યપણું, ચોથું પ્રમેયત્વ, તે પ્રમેયપણું, પાંચમું સત્ત્વ, તે સત્ત્વપણું, છઠું અગુરુલઘુત્વ, તે અગુરુલઘુપણું. એ છ ગુણ જાણવા.

૫૪૫—**તિહાં પ્રથમ અસ્તિપણું કહે છે :—**

એ છ દ્રવ્ય પોતાના ગુણ. પર્યાય અને પ્રદેશે કરીને **અસ્તિ છે.**

તેમાં પાંચ દ્રવ્ય અસ્તિકાય જાણવા, અને એક કાલ દ્રવ્યમાં અસ્તિકાયપણું નથી.

જે કારણે ધર્મ, અધર્મ, આકાશ અને જીવ, એ ચાર દ્રવ્યના અસંખ્યાતા પ્રદેશ મળી સ્કંધ થાય છે. અને પુદ્ગલમાં પણ સ્કંધ થવાની શક્તિ છે, તેથી પાંચે દ્રવ્ય અસ્તિકાય જાણવા. અને કાલનો સમય જે છે, તે કોઈ બીજા સમયથી મળતો નથી, એટલે એક સમયે વિણસે છે. અને તે પછી બીજો સમય આવે છે.

તેણે કરી કાલદ્રવ્ય અસ્તિકાય ન કહેવાય, અને પાંચ દ્રવ્ય અસ્તિકાય કહેવાય.

૫૪૬–**હવે છ દ્રવ્યમાં વસ્તુપણું દેખાડે છે:—**

વસ્તુત્વ એ છએ દ્રવ્ય એકઠા એક ક્ષેત્રમાં ભેળા રહ્યા છે, જે કારણે આકાશરૂપ ક્ષેત્રના એક પ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ રહ્યો છે, તથા અધર્માસ્તિકાયનો એક પ્રદેશ રહ્યો છે, અને જીવ અનંતાના અનંતા

પ્રદેશ રહ્યા છે. તથા પુદ્ગલ પરમાણુઓ પણ તેમજ અનંતા રહ્યા છે, એમ એક આકાશ પ્રદેશમાં પાંચ દ્રવ્ય રહ્યા છે,

તે સર્વે દ્રવ્ય પોત-પોતાની સત્તા લીધા રહ્યા છે, પણ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં નથી, એ દ્રવ્યને વિષે વસ્તુપણું જાણવું.

૫૪૭-હવે એ છ દ્રવ્યમાં દ્રવ્યપણું દેખાડે છેઃ—

છએ દ્રવ્ય પોતપોતાની ક્રિયા કરે છે, એટલે ધર્માસ્તિકાયમાં પોતાનો ચલન સહાયગુણ છે, તે ધર્માસ્તિકાયના સર્વ પ્રદેશમાં જાણવો. તે સદાકાલ જીવ-પુદ્ગલને ચાલવારૂપ ક્રિયા કરે છે.

ઈહાં શિષ્ય આશંકા કરે છે કે-લોકને અંતે સિદ્ધ ક્ષેત્રમાં ધર્માસ્તિકાય છે, તે સિદ્ધના જીવને ચલનરૂપ ક્રિયા કેમ કરતો નથી ? તેનો ઉત્તર ગુરૂ કહે છે :— સિદ્ધના જીવ અક્રિય છે, તેથી જ તે ચાલતા નથી, પણ તેહીજ ક્ષેત્રમાં સૂક્ષ્મનિગોદીઆ જીવ તથા પુદ્ગલ પરમાણુઓ અનંતા રહ્યા છે, તેને ચાલવારૂપ ક્રિયામાં સહાય કરે છે,

તથા **અધર્માસ્તિકાય** દ્રવ્ય જીવ-પુદ્ગલને સ્થિર રાખવારૂપ ક્રિયા કરે છે, તથા **આકાશાસ્તિકાય** દ્રવ્ય સર્વ દ્રવ્યને અવગાહકરૂપ ક્રિયા કરે છે.

અહિં શિષ્ય આશંકા કરે છે, કે, અલોકમાં પણ આકાશદ્રવ્યને અવગાહશક્તિ તેવીજ છે, પણ તિહાં

અવગાહના કેમ કરતો નથી ? તેનો ઉત્તર ગુરૂ કહે છેઃ— અલોકમાં અવગાહક કોઈ દ્રવ્ય નથી એટલે કોને અવગાહ ક્રિયા કરે ?

તથા **પુદ્ગલ દ્રવ્ય** મલવા—વિખરવારૂપ પોતાની ક્રિયા કરે છે,

તથા **કાલ દ્રવ્ય** પણ પોતાની વર્તનારૂપ ક્રિયા કરે છે,

તથા **જીવ દ્રવ્ય** પણ જ્ઞાનલક્ષણ ઉપયોગરૂપ ક્રિયા કરે છે,

એ રીતે છએ દ્રવ્ય પોતાને પારિણામિકપણે પોતપોતાની સત્તાની ક્રિયા કરે છે, તે **દ્રવ્યત્વ** જાણવું.

હવે એ છ દ્રવ્યમાં પ્રમેયપણું કહે છેઃ—

જે વસ્તુનું પ્રમાણ કરવું તેને પ્રમેયત્વ કહીએ. એટલે કેવલી ભગવાન્ પોતાના જ્ઞાનથી જાણે છે, જે છ દ્રવ્ય મળ્યા છે, તે છ દ્રવ્યમાં પ્રમેયપણું છે, તે છ દ્રવ્યનું પ્રમાણપણું દેખાડે છે :—

ધર્માસ્તિકાય દ્રવ્ય એક, અધર્માસ્તિકાય દ્રવ્ય એક, આકાશાસ્તિકાય દ્રવ્ય એક, અને જીવદ્રવ્ય અનંતા છે, તેની ગણત્રી કહે છે :—

તેમાં સંજ્ઞી મનુષ્ય સંખ્યાતા છે, અસંજ્ઞી મનુષ્ય અસંખ્યાતા છે,

નારકી અસંખ્યાતા છે, દેવતા અસંખ્યાતા છે,

તિર્યંચ પંચેંદ્રિય અસંખ્યાતા,

બેઇંદ્રિય અસંખ્યાતા, તેઇંદ્રિય અસંખ્યાતા, ચૌરિંદ્રિય અસંખ્યાતા.

પૃથ્વીકાય અસંખ્યાતા, અપ્કાય અસંખ્યાતા, તેઉકાય, અસંખ્યાતા, વાઉકાય અસંખ્યાતા, પ્રત્યેક વનસ્પતિ જીવ અસંખ્યાતા,

એ સર્વ તેર બોલના જીવ ભેળા કરીએ, તે થકી સિદ્ધના જીવ અનંતા છે, અને સિદ્ધના જીવ કરતાં બાદર નિગોદના જીવ અનંતા જાણવા.

બાદર નિગોદ તે મૂળા, આદુ, લીલી હળદર, રતાળુ, પિંડાળુ, સકરકંદ, ગાજર, લસણ, સૂરણ, ગરમર પ્રમુખ કંદમૂલ છે, તે સોયના અગ્રભાગ જેટલું કંદમૂળ હોય, તેમાં પણ સર્વ સિદ્ધના જીવ કરતાં અનંતગુણા જીવ રહ્યા છે,

એ રીતે બાદર નિગોદનો વિચાર જાણવો.

અને સૂક્ષ્મનિગોદમાં તો વળી એ સર્વથી અનંતગુણા જીવ જાણવા. તેનો વિચાર કહે છે :—

જેટલા લોકાકાશના પ્રદેશ છે, તેટલા નિગોદીઆ ગોળા છે, એ રીતે **દેવચંદ્રજીકૃત આગમસારને મતે જાણવું.**

અને બીજા આચાર્ય વળી એમ કહે છે કે, જેટલા લોકાકાશના પ્રદેશ છે, તેને અસંખ્યાતમે ભાગે નિગોદીયા ગોળા છે.

એ વાતનો નયની અપેક્ષાએ જોતાં પણ કોઈ નિકાલ સૂઝતો નથી, માટે એ વિચાર બહુશ્રુતગમ્ય છે.

હવે તે લોકાકાશના પ્રદેશનું માન કહે છે.

એક અંગુલ પ્રમાણ ક્ષેત્રમાંથી સમયે સમયે એક એક આકાશ પ્રદેશ કાઢતાં અસંખ્યાતી અવસર્પિણી અને ઉત્સર્પિણી કાલ વહી જાય, એવા ચૌદ રાજલોકમાં આકાશ પ્રદેશ ભર્યા છે તેટલા નિગોદીયા ગોળા લોકમાં જાણવા.

અને એકેક ગોળામાં અસંખ્યાતી નિગોદ જાણવી. તે એકેક નિગોદમાં વળી અનંતા જીવ રહ્યા છે. તેનું માન કહે છેઃ—

અતીતકાલ, અનંતો છેડા રહિત ગયો, તેના સમય તથા અનાગતકાલ આગળ અનંતો આવશે, તેના સમય અને વર્તમાનકાલનો એક સમય, એ રીતે ત્રણે કાલના સમય લઈ ભેળા કરીએ, તેને અનંતગુણા કરીએ, તેટલા જીવ એક નિગોદમાં છે.

એક ગોળામાં આવી અસંખ્યાતી નિગોદ રહી છે, એ રીતે જીવની સૂક્ષ્મતા જાણવી.

હવે તે એકેક જીવના અસંખ્યાતા–અસંખ્યાતા પ્રદેશ છે, અને એકેક પ્રદેશે અનંતી કર્મની વર્ગણાઓ લાગી છે,

તે એકેક વર્ગણામાં અનંતા પુદ્ગલ પરમાણુઓ રહ્યા છે, એમ અનંતા પરમાણુઓ જીવને લાગ્યા છે, અને જીવથકી રહિત બીજા છૂટા પરમાણુઓ તે વળી જીવોને લાગેલા પરમાણુઓથી પણ અનંતગુણા છે,

અને એકેકા પરમાણુમાં અનંતો ઉત્પાદ-વ્યયરૂપ કાલ વહી ગયો અને પરમાણુઓ તેના તેહીજ છે,

એ છ દ્રવ્યનું માન સામાન્યપણે કહ્યું, તે પંડિત જીવને શ્રદ્ધામાં લાવવું.

એ નિગોદનું સ્વરૂપ શ્રદ્ધામાં આવે, તે વારે સમકિતની પ્રાપ્તિ થાય.

એવી રીતે છ દ્રવ્યનું જે પ્રમાણ કરવું તેને પ્રમેયત્વ કહીએ.

જે પ્રમાણ કરવા યોગ્ય હોય, તેને પ્રમેય કહીએ, તે પ્રમેય છ દ્રવ્ય છે, તેનું જે પ્રમાણ કરવું તેને પ્રમેયત્વ કહીએ.

વળી નિગોદનું સ્વરૂપ વિશેષ રીતે સૂત્રપાઠે કરી દેખાડે છે.

॥ ગાથા ॥

गोला य असंखिज्जा, असंखणिगोअओ हवइ गोलो।
ईक्किक्कम्मि णिगोए, अणंत जीवा मुणेयव्वा ॥ १ ॥

અર્થ:—લોકમાં અસંખ્યાતા ગોળા છે. એકેક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે, એકેક નિગોદમાં અનંતા જીવ છે.

सत्तरस समहिया किर, इगाणुपाणंमि हु ति खुड्डभवा।
सगतीससयतिहुत्तर, पाणा पुण इग मुहुत्तंमि ॥ २ ॥

અર્થ:—નિગોદીયા જીવ સંજ્ઞીપંચેંદ્રિય મનુષ્યના એક શ્વાસોચ્છ્વાસમાં સત્તર ભવ આઠેરા કરે છે. તેવા ઉચ્છ્વાસ એક મુહૂર્તમાં ૩૭૭૩ થાય છે.

॥ ગાથા ॥

पणसट्ठि सहस्स पणसय, छत्तीसा इगमुहूत्त खुड्डभवा।
आवलियाणं दोसय, छप्पण्णा पग खुड्डभवो ॥ ३ ॥

અર્થ:—નિગોદીયા જીવ એકેક મુહૂર્તમાં ૬૫૫૩૬ ભવ કરે છે, તે નિગોદનો એક ભવ ૨૫૬ આવલિકાનો છે. એ ક્ષુલ્લકભવનું પ્રમાણ છે.

॥ ગાથા ॥

अत्थि अणंता जीवा, जेहिं ण पत्तो तसाइपरिणामो।
उववज्जंति चयंति य, पुणोवि तत्थेव तत्थेव ॥ ४ ॥

અર્થ:—નિગોદમાં અનંતા જીવ એવા છે કે, જે જીવ ત્રસપણું કેવારે પણ પામ્યા નથી, અનંતો કાલ પૂર્વે વહી ગયો છે, વળી અનંતો કાલ આગળ જશે, તો પણ તે જીવ વારંવાર તિહાંજ ઉપજે છે અને તિહાંજ ચ્યવે છે, તે એકેકી નિગોદમાં અનંતા જીવ છે.

હવે તે નિગોદના બે ભેદ છે. એક વ્યવહારરાશિ નિગાદ અને બીજા અવ્યવહારરાશિ નિગોદ,

તિહાં જે જીવ, બાદર એકેંદ્રિયપણું અથવા ત્રસપણું પામીને પાછા નિગોદમાં જઇ પડે છે, તે નિગોદીયા જીવ **વ્યવહારરાશિયા** કહીએ.

તથા જે જીવ, કોઈ કાલે પણ નિગોદથી નીકળીને બાદર એકેંદ્રિયાદિપણું પામ્યા નથી તે જીવ **અવ્યવહાર-રાશિયા** કહીએ.

એ અવ્યવહારરાશિ નિગોદમાં ભવ્ય અને અભવ્ય, એવા બે જાતિના જીવ છે, એ સ્વરૂપ સર્વ **શ્રીભુવનભાનુ-કેવલિના** ચરિત્રની સાખે લખ્યુ છે.

તથા ઈહાં મનુષ્યપણામાંથી જેટલા જીવ કર્મ ખપાવી એક સમયમાં મોક્ષે જાય છે, તેટલા જીવ તે સમયમાં અવ્યવહારરાશિ સૂક્ષ્મનિગોદમાંથી નીકળીને ઉંચા આવે છે.

એટલે જો દશ જીવ મોક્ષે જાય, તો દશ જીવ અવ્યવહારરાશિમાંથી નિકળે, તિહાં કોઇ સમયે તે જીવમાં ભવ્યજીવ ઓછા નીકળે તો એક, બે અભવ્યજીવ નીકળે, પણ વ્યવહારરાશિ જીવમાં વધઘટ થાય નહિ, તેટલાના તેટલાજ રહે,

એવા એ નિગોદના ગોળા લોકમાં અસંખ્યાતા છે,

તે છ દિશાના આવ્યા પુદ્ગલ આહારાદિપણે લે છે એ જે છ દિશિનો આહાર લે છે, તે **સકલ** ગોળા કહેવાય છે, અને જે લોકના અંતપ્રદેશે નિગોદીયા ગોળા રહ્યા

છે, તે ત્રણદિશિનો આહાર સ્પર્શનાએ લે છે, તે વિકલ્પ-ગોળા કહેવાય છે.

એ સૂક્ષ્મનિગોદમાં એક સાધારણ વનસ્પતિના સ્થાવર-સૂક્ષ્મ જીવ છે, અને પૃથિવ્યાદિક ચાર પ્રમુખના સૂક્ષ્મજીવ જે લોકવ્યાપી છે, તે સર્વ પ્રત્યેક છે, પરંતુ સાધારણપણું એક વનસ્પતિકાયમાં જ છે, પૃથિવ્યાદિક ચાર સ્થાવરમાં નથી,

એ સૂક્ષ્મનિગોદમાં અનંતું દુઃખ છે, તે દૃષ્ટાંતે કરી દેખાડે છેઃ-

સાતમી નરકમાં ઉત્કૃષ્ટાયુ તેત્રીશ સાગરોપમનું છે, તે તેત્રીશ સાગરોગમના જેટલા સમય થાય, તેટલી વાર કોઈ જીવ સાતમી નરકમાં પૂર્ણ તેત્રીશ તેત્રીશ સાગરોપમને આઉખે ઉપજે, તે વારે તેને અસંખ્યાતા ભવ નારકના થાય, તે અસંખ્યાતા ભવમાં સાતમી નારકને વિષે તે જીવને જેટલું છેદન, ભેદનનું દુઃખ થાય, તે સર્વે દુઃખ એકઠું કરીએ, તેથી પણ અનંતગુણ દુઃખ નિગોદીયા જીવ એક સમયમાં ભોગવે છે.

વળી બીજું દૃષ્ટાંત કહે છેઃ—

મનુષ્યની સાડા ત્રણ કોડી રોમરાજી છે, તેને કોઈ દેવતા સાડા ત્રણ ક્રોડ લોખંડની સોય અગ્નિમાં તપાવીને સમકાલે રોમે રોમે ચાંપે, તે વારે તે જીવને જે વેદના થાય, તેથી પણ અનંતગુણી વેદના નિગોદમાં છે, માટે હે ભવ્યજીવો! એ નિગોદપણું પામવાનું કારણ અજ્ઞાન છે.

॥ ગાથા ॥

णवि तं करेइ अगणी, णवि य विसं णवि य किण्हसप्पाइ।
जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ॥ १ ॥

અર્થ:—જેટલો અવગુણ અગ્નિ ન કરે, જેટલો અવગુણ વિષ ન કરે, જેટલો અવગુણ કાળો સર્પ ન કરે, તેટલો અવગુણ મહાદોષરૂપ અજ્ઞાન જે છે, તે કરે છે, માટે અજ્ઞાનરૂપ **तिव्वं**=આકરો દોષ, તે મિથ્યાત્વ જાણવું.

॥ ગાથા ॥

कट्ठं करेसि अपदं, मेसी अत्थं चयसि धम्मत्थं ॥
इक्कं ण चयसि मिच्छत्तं, विसलवं जेण वुड्ढिहिसि ॥ २ ॥

અર્થ :—કોઈ જીવ અનેક પ્રકારે કષ્ટ ક્રિયા કરે, તથા પંચાગ્નિ સાધના–તપશ્ચર્યાદિક કરે, પાંચે ઇંદ્રિયોને વશ કરવા સારૂ આત્માને દમે, ધર્મને અર્થે ધન પ્રમુખનો ત્યાગ કરે, એટલા સર્વ કાર્ય કરે, પરંતુ જો એક મિથ્યાત્વને નથી છોડતો, તો તેની ક્રિયા સર્વે વિષના ઓલવા સરખી અશંકય કદાગ્રહ હઠરૂપ જાણવી. તે જીવ સંસાર સમુદ્રમાં બૂડે, કારણકે એક મિથ્યાત્વ છતાં સર્વે ક્રિયા સંસારહેતુ જાણવી. માટે ઉત્તમ પ્રાણીએ મિથ્યાત્વનો ત્યાગ કરવો,

એ રીતે નિગોદનો વિચાર જાણવો.

૫૪૯–**શિષ્ય** :—એ છ દ્રવ્યમાં **સત્ત્વ** અને **સત્ત્વપણું** તે શું કહીએ ?

ગુરૂ :—છએ દ્રવ્ય એક સમયે ઉપજે છે, વિણસે છે, અને સ્થિર છે. એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણું તેહીજ સત્ત્વપણું જાણવું. એટલે છએ દ્રવ્ય ઉત્પાદ, વ્યય, અને ધ્રુવે કરી યુક્ત છે, તે સત્ત્વપણું છે. એ **તત્ત્વાર્થ** ગ્રંથનું વચન છે.

એનું વિસ્તારથી સ્વરૂપ દેખાડે છે :—

ધર્માસ્તિકાય દ્રવ્યના અસંખ્યાતા પ્રદેશ છે, તિહાં એક પ્રદેશમાં અનંતો અગુરૂલઘુ છે, અને બીજા પ્રદેશમાં અસંખ્યાતો અગુરૂલઘુ છે, એમ ત્રીજા પ્રદેશમાં સંખ્યાતો અગુરૂલઘુ છે, એ રીતે અસંખ્યાતા પ્રદેશમાં અગુરૂલઘુ પર્યાય ઘટતો વધતો રહ્યો છે,

એ અગુરૂલઘુ પર્યાય સમયે સમયે ચલે છે, તેથી જે પ્રદેશમાં અસંખ્યાતો છે, તે પ્રદેશમાં અનંતો થાય છે અને જે પ્રદેશમાં અનંતો છે, તે પ્રદેશમાં અસંખ્યાતો થાય છે,

એમ ચૌદરાજ લોકમાં ધર્માસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશ છે, તેમાં સરખો સમકાલે અગુરૂલઘુ પર્યાય ફરે છે. એટલે જે પ્રદેશમાં અસંખ્યાતો છે, તે સ્થાનકે અસંખ્યાતો ફીટીને અનંતો થાય છે, તે વરે પ્રદેશમાં અસંખ્યાતાપણાનો વિનાશ થાય છે, અને અનંતપણાનો ઉત્પાદ થાય છે, એ રીતે અગુરૂલઘુનો ઉત્પાદ—વ્યય છે,

એ ધર્માસ્તિકાયમાં બીજા જે ગુણ છે, તે ધ્રુવપણે છે અથવા અગુરૂલઘુ પોતે પણ અગુરૂલઘુપણે ધ્રુવ છે માટે ઉપજવું, વિણસવું અને ધ્રુવપણું એ ત્રણે ભાવ

ધર્માસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશમાં સદાકાલ સમયે સમયે થઈ રહયા છે,

તેમજ એ ત્રણે ભાવ અધર્માસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશમાં તથા આકાશાસ્તિકાયના પણ અનંતા પ્રદેશમાં સદાકાલ સમયે સમયે થઈ રહયા છે.

તથા એક જીવના પ્રદેશ અસંખ્યાતા છે, તેમાં પણ ઉપજવું, વિણસવું અને ધ્રુવપણું અગુરૂલઘુ પર્યાયની અપેક્ષાએ સમયે સમયે થયા કરે છે, એમ સર્વ જીવને વિષે જાણવો.

તેમજ પુદ્ગલ પરમાણુઓ માંહે પણ ઉપજવું, વિણસવું અને ધ્રુવપણું સમયે સમયે થઇ રહયું છે,

તથા કાલ દ્રવ્યનો વર્તમાન સમય પણ ફીટીને અતીત થાય છે, એટલે તે સમયે વર્તમાનપણાનો વિનાશ છે અને અતીતપણાનું ઉપજવું છે, પણ કાલપણું તે ધ્રુવ છે,

એમ એ છ દ્રવ્યમાં સ્થૂલપણે ઉત્પાદ–વ્યયનું સ્વરૂપ જાણવું.

હવે સિદ્ધ ભગવાન્ પણ છ દ્રવ્યમાંહેલા જીવ દ્રવ્ય છે, તેને પણ સમયે સમયે ઉત્પાદ–વ્યય અને ધ્રુવપણું થાય છે, તે દેખાડે છે :—

તિહાં વસ્તુગતે મૂલપણે જે જ્ઞેયને પલટાવે, તે જ્ઞાનપણું એટલે તે ભાસપણે પરિણમવું થાય, તેવારે પૂર્વ પર્યાયના ભાસનો વ્યય થયો, અને અભિનવ પર્યાયના ભાસનું ઉત્પાદ પણું થયું, અને જ્ઞાનપણું તે ધ્રુવ જાણવું.

એ રીતે સર્વે સિદ્ધ પરમાત્માને સર્વગુણની પ્રવૃત્તિરૂપ પર્યાયનો ઉત્પાદ–વ્યય સમયે સમયે થઈ રહ્યો છે, અને તે તે ગુણ તો ધ્રુવપણે જાણવા.

એમજ ધર્માસ્તિકાયના પ્રદેશમાં તે ક્ષેત્રમાં રહેલા પુદ્ગલ અને જીવને પ્રથમ સમયે અસંખ્યાતા ચલન સહાયીપણે પરિણમતો હતો, તે બીજે સમયે અનંત પરમાણુ તથા અનંત જીવ પ્રદેશને ચલનસહાયી થયો, તે વારે અસંખ્યાત ચલન સહાયીનો વ્યય થયો, અને અનંતા ચલનસહાયીનો ઉત્પાદ થયો, તથા ચલનસહાયી ગુણપણું તે ધ્રુવ જાણવું.

આ રીતે ધર્માસ્તિકાય દ્રવ્યમાં ઉત્પાદ–વ્યય થઇ રહ્યો છે, તેમજ અધર્માસ્તિકાયાદિક દ્રવ્યને વિષે પણ ભાવવો.

તથા વળી કાર્ય–કારણપણે તે ઉત્પાદ–વ્યય જાણવો. તે અગુરૂલઘુના ચલનનો ઉત્પાદ–વ્યય કહેવો.

એ રીતે પંચાસ્તિકાયને વિષે જાણવો. અને કાલ દ્રવ્ય તો ઉપચારે છે, માટે તેનું સ્વરૂપ પણ સર્વે ઉપચારે જાણવું.

એમ સર્વે દ્રવ્યમાં સત્ત્વપણું છે, જો અગુરૂલઘુનો ભેદ ન થતો હોય, તો પછી પ્રદેશે પ્રદેશે માંહોમાંહે ભેદનું કહેવાપણું થાય, તેથી અગુરૂલઘુનો ભેદ સર્વમાં છે, અને જેટલું ઉત્પાદ-વ્યયનું સત્ત્વપણું એક તે એક દ્રવ્યપણું જાણવું અને જેનું ઉત્પાદ-વ્યયનું સત્ત્વપણું જુદું તે દ્રવ્યપણું પણ જુદું જાણવુ. **એ રીતે સત્ત્વપણું કહ્યું.**

૫૫૦-**શિષ્ય** :—એ ષડ્દ્રવ્યમાં અગુરૂલઘુપણું તે શું કહીએ ?

ગુરૂ :—જે દ્રવ્યમાં અગુરુલઘુ પર્યાય છે, તે દ્રવ્યમાં અગુરૂલઘુ હાનિ-વૃદ્ધિ કરે છે, એટલે છ પ્રકારની વૃદ્ધિ અને છ પ્રકારની હાનિ કરે છે.

તેમાં પ્રથમ છ પ્રકારની વૃદ્ધિ કહે છે :— એક અનંતભાગવૃદ્ધિ, બીજી અસંખ્યાતભાગવૃદ્ધિ, ત્રીજી સંખ્યાતભાગવૃદ્ધિ, ચોથી સંખ્યાતગુણવૃદ્ધિ, પાંચમી અસંખ્યાતગુણવૃદ્ધિ, છઠ્ઠી અનંતગુણવૃદ્ધિ.

હવે છ પ્રકારની હાનિ કહે છે :—એક અનંત ભાગહાનિ, બીજી અસંખ્યાતભાગહાનિ, ત્રીજી સંખ્યાતભાગહાનિ, ચોથી સંખ્યાત ગુણ હાનિ, પાંચમી અસંખ્યાત ગુણ હાનિ, છઠ્ઠી અનંત ગુણહાનિ.

એ રીતે એ છ પ્રકારની વૃદ્ધિ અને છ પ્રકારની હાનિ, સર્વ દ્રવ્યમાં સદાકાલ સર્વ સમયે થઈ રહી છે,

તેમાં વૃદ્ધિ તે ઉપજવાને કહીએ અને હાનિ તે વિણસવાને કહીએ. એ **અગુરૂલઘુપણું** જાણવું. એટલે નહિ ગુરુ અને નહિ લઘુ તેને તેને **અગુરૂલઘુ સ્વભાવ** કહીએ, તે સર્વ દ્રવ્યમાં છે,

उक्तं च भगवतीसूत्रे "सव्वदव्वा सव्वगुणा सव्व-पएसा सव्वपज्जवा सव्वद्धा अगुरुलहुआए"

એ **અગુરૂલઘુ સ્વભાવને** આવરણ નથી અને જે આત્મદ્રવ્યમાં **અગુરૂલઘુ ગુણ** છે, તે જેવારે આત્માના સર્વપ્રદેશે ક્ષાયિકભાવ થાય, તે વારે સર્વ ગુણમાં સમાનપણે પરિણમે, પણ અધિકો-ઓછો પરિણમે નહિ, તે અગુરૂલઘુ-ગુણનું પ્રવર્ત્તન જાણવું.

એ રીતે એ અગુરૂલઘુ સ્વભાવ તે સર્વદ્રવ્યમાં છે.

હવે ગુણનો ભાવના કહે છે :—તિહાં જેટલા છએ દ્રવ્યમાં સરખા ગુણ છે, તેને **સામાન્યગુણ** કહીએ. તથા જે ગુણ એક દ્રવ્યમાં છે, અને બીજા દ્રવ્યમાં નથી, તેને **વિશેષગુણ** કહીએ. જે ગુણ કોઈ દ્રવ્યમાં છે, અને કોઈ દ્રવ્યમાં નથી, તે **સાધારણ ગુણ** કહીએ.

છએ દ્રવ્યમાં અનંત ગુણ, અનંતા પર્યાય, અને અનંતા સ્વભાવ તે સદા શાશ્વતા છે, શ્રી કેવલી ભગવાને પ્રરૂપ્યા તે સર્વે જેમ છે, તેમ સદ્દહણાપૂર્વક યથાર્થ ઉપયોગ સહિત શ્રુતજ્ઞાનાદિક ગુણથી યથાર્થપણે ગુરૂગમથી નયલાપેક્ષ જાણવા, એ **નિશ્ચયજ્ઞાન** છે, તે મોક્ષનું કારણ છે, જે જીવ

જ્ઞાન પામ્યો, તે જીવ વિરતિ કરે છે, તેને ચારિત્ર કહીએ, એટલે શ્રુતજ્ઞાનનું ફળ તે વિરતિ છે, અને વિરતિ જે છે, તે મોક્ષનું તત્કાલ કારણ છે.

એ રીતે છ દ્રવ્યનું સ્વરૂપ સામાન્ય પ્રકારે કરી બાલકબુદ્ધિ જીવોને અર્થે પ્રકાશ્યું, તેનું નયસાપેક્ષ જાણપણું ગુરૂનિશ્રાએ કરતાં થકાં સમકિતરૂપ રત્નની પ્રાપ્તિ થાય.

૫૫૧ શિષ્યઃ—હવે જે જીવ સમકિતરૂપ રત્ન પામ્યો, તે જીવને સ્વરૂપનું ધ્યાન કરવારૂપ વિચાર લખીયે છીએ :—

૧ હું એક છું, મહારો કોઈ નથી.

૨ મહારો આત્મા શાશ્વતો છે.

૩ હું જ્ઞાન, દર્શને કરી સહિત છું.

૪ ધન-કુટુંબાદિક મહારા સ્વરૂપથકી બાહ્ય વસ્તુ અલગી વસ્તુ છે, તે સર્વ, સંયોગે મળી છે, અને વિયોગે જશે તેમાં મહારો શો બગાડ થવાનો છે?

૫ તન, ધન, કુટુંબાદિકનો સંયોગ એટલે મેળાપ તેને વિષે જીવ મુંઝાયો થકો દુઃખની પરંપરાને પામે છે.

૬ એ શરીરાદિ પુત્ર, કલત્ર, પરિવાર પ્રમુખ તે સંયોગી વસ્તુ મહારા સ્વરૂપથકી જૂદી છે.

૭ તે સર્વેને હું મન, વચન, કાયાએ કરી વોસિરાવું છું.

૮ હું **ચેતન** છું, અને એ પુદ્ગલનો સ્વભાવ તે અચેતન છે.

૯ હું **અરૂપી** છું, એ પુદ્ગલ રૂપી છે, મહારો જ્ઞાનાદિ ચેતનાલક્ષણ સ્વભાવ છે, એ પુદ્ગલનો જડ સ્વભાવ છે.

૧૦ હું **અમૂર્ત્ત** છું, આ પુદ્ગલ મૂર્ત્ત છે.

૧૧ હું **સ્વાભાવિક** છું, આ પુદ્ગલ વિભાવિક છે.

૧૨ હું **શુચિ**=પવિત્ર છું. એ પુદ્ગલ અપવિત્ર છે.

૧૩ મહારો **શાશ્વતો** સ્વભાવ છે, અને આ પૌદ્ગલિક વસ્તુ જે મને મળી છે, તે સર્વ અશાશ્વતી છે.

૧૪ મહારૂં જ્ઞાનાદિરૂપ છે, આ પુદ્ગલનું પૂરણ-ગલનરૂપ છે,

૧૫ મહારૂં કેવારે સ્વરૂપથકી ન ચલવું એવો **અચલિત** સ્વભાવ છે, અને પુદ્ગલનો ચલિત સ્વભાવ છે.

૧૬ મહારૂં જ્ઞાન, દર્શન, ચારિત્રમય સ્વરૂપ છે, અને પુદ્ગલ વર્ણ ગંધાદિરૂપ છે, હું વર્ણગંધાદિકથી રહિત છું.

૧૭ હું **શુદ્ધ**-નિર્મળ છું.

૧૮ હું **બુદ્ધ** છું, હું **જ્ઞાનાનંદી** છું.

૧૯ હું **નિર્વિકલ્પ** એટલે સર્વ વિકલ્પથી રહિત છું, મહારૂં સ્વરૂપ પુદ્ગલથી ન્યારૂં છે.

૨૦ હું દેહાતીત એટલે આ દેહરૂપ જે શરીર તે થકી રહિત છું.

૨૧ અજ્ઞાન, રાગ, દ્વેષરૂપ જે આશ્રવ, તે મહારૂં સ્વાભાવિક સ્વરૂપ નથી, હું એ થકી નિશ્ચયનયથી ન્યારો છું.

૨૨ અનંતજ્ઞાનમય, અનંતદર્શનમય, અનંતચારિત્રમય, અનંતવીર્યમય, એવું મહારૂં સ્વરુપ છે.

૨૩ હું **શુદ્ધ** છું, કર્મમલથી રહિત છું.

૨૪ હું **બુદ્ધ** એટલે જ્ઞાનસ્વરુપી છું.

૨૫ હું **અવિનાશી** છું, એટલે મહારો કોઈ કાલે નાશ નથી.

૨૬ હું જરાથકી રહિત–**અજર** છું.

૨૭ હું **અનાદિ** એટલે મહારી આદિ નથી.

૨૮ હું **અનંત** એટલે મહારો અંત–છેડો કોઈ કાલે નથી.

૨૯ હું **અક્ષય** છું, એટલે મહારો કોઇ કાલે ક્ષય નથી.

૩૦ હું કોઇ કાલે ખરું નહિ એવો **અક્ષર** છું.

૩૧ હું કોઈ કાલે સ્વરુપથી ચલું નહિ એવો **અચલ** છું.

૩૨ મહારું સ્વરુપ કોઈથી કળ્યું જાય નહિ માટે **અકલ** છું.

૩૩ હું કર્મરૂપ મલથી રહિત–**અમલ** છું, કર્મમલથી ન્યારો છું.

૩૪ મહારી કોઈને ગમ નથી, માટે **અગમ્ય** છું.

૩૫ હું નામ રહિત **અનામી** છું.

૩૬ હું વિભાવ દશાના રુપથી રહિત **સ્વભાવી** છું.

૩૭ હું કર્મરુપ ઉપાધિથી રહિત **અકર્મા** છું.

૩૮ હું કર્મરુપ બંધનથકી રહિત **અબંધક** છું. મહારો ખેલ ન્યારો છે.

૩૯ હું પરમાર્થભાવે ઉદયભાવથી રહિત **અનુદય** છું.

૪૦ હું મન, વચન, કાયાના યોગથી રહિત **અયોગી** છું.

૪૧ હું શુભાશુભ વિભાવદશાના ભોગથી રહિત **અભોગી** છું.

૪૨ હું કર્મરુપ રોગથી રહિત **અરોગી** છું.

૪૩ હું કોઈનો ભેદ્યો ભેદાઉ નહિ, **અભેદી** છું.

૪૪ હું પુરુષ, સ્ત્રી, નપુંસક લક્ષણ ત્રણ વેદથી રહિત **અવેદી** છું.

૪૫ હું કોઈનો છેદ્યો છેદાઉ નહિ, માટે **અછેદી** છું.

૪૬ હું આત્મસ્વરુપ રમણમાં ખેદ પામુ નહિ, માટે **અવેદી** છું.

૪૭ મહારો કોઈ સખાઇભૂત નથી, માટે **અસખાઈ** છું.

૪૮ હું મહારે પોતાને પરાક્રમે કરી સહિત છું, પણ મહારા વિપરીત પરિણમન થકી બંધાણો છું, તે જેવારે સવલો પરિણમીશ, તે વારે છૂટીશ, પરંતુ મને બીજો કોઈ બાંધવા–છોડવા સમર્થ નથી.

૪૯ હું છ લેશ્યાથી રહિત **અલેશી** છું, લેશ્યાથી ન્યારો છું, લેશ્યાનું સ્વરુપ તે પુદ્ગલ છે, મહારું રુપ તે જ્ઞાનાનંદ છે.

૫૦ હું **અશરીરી**=શરીરરુપ જડથી રહિત શુદ્ધ ચિદાનંદ પૂર્ણબ્રહ્મ છું.

૫૧ હું ભાષારુપ પુદ્ગલથી રહિત **અભાષી** પૂર્ણરૂપ છું, અને એ ભાષારુપ તે પુદ્ગલ છે.

૫૨ હું ચાર આહારરુપ પુદ્ગલના ભોગથી રહિત **અણાહારી** પોતાના પર્યાયરુપ ભોગનો વિલાસી છું.

૫૩ હું **બાધા**–પીડારુપ દુઃખથી રહિત અનંત અવ્યાબાધ સુખનો વિલાસી છું.

૫૪ મહારું સ્વરૂપ કોઈ દ્રવ્ય અવગાહી શકે નહિ, માટે **અનવગાહી** મહારૂં સ્વરૂપ છે.

૫૫ હું **અગુરૂલઘુ** એટલે મહોટો નહિ, અને નાનો પણ નહિ, વળી ભારે નહિ, અને હળવો પણ નહિ, એવો છું.

૫૬ હું મનરુપ પરિણામથી રહિત ન્યારો **અપરિણામી** છું.

૫૭ હું ઇંદ્રિયરૂપ વિકારથી રહિત ન્યારો ઇચ્છાયોગી **અનિંદ્રિય** છું.

૫૮ હું દશ પ્રાણરૂપ પુદ્ગલથી રહિત, મહારો ખેલ ન્યારો છે, તેથી અપ્રાણી છું.

૫૯ હું અયોનિ=ચોરાશીલાખ જીવાયોનિરૂપ પરિ-ભ્રમણપણાથી રહિત નિશ્ચયદેવ છું.

૬૦ હું **અસંસારી** એટલે ચાર ગતિરૂપ સંસારથી રહિત પૂર્ણ આત્મારામી છું.

૬૧ હું જન્મ–જરા–મરણરૂપ દુઃખથી રહિત અમર છું.

૬૨ હું અપર = સર્વ પરંપરાથી રહિત ન્યારા ખેલવાળો છું.

૬૩ અવ્યાપી = હું વિભાવરૂપ જડપણાથી રહિત મહાસ્વરૂપમાં સદાકાલ વ્યાપી રહ્યો છું.

૬૪ હું અનાસ્તિ એટલે મહારૂં કોઇ કાલે નાસ્તિ-પણું નથી, હું મહારા સ્વદ્રવ્યાદિકે કરીને સદાકાલ અસ્તિ-પણે વર્તું છું.

૬૫ હું **અકંપ** એટલે કોઇનો કંપાવ્યો કંપું નહિ, એવો અનંતવીર્યરુપ શક્તિનો ધણી છું.

૬૬ હું **અવિરોધ** એટલે કર્મરૂપ શત્રુનો રૂંધ્યો રૂંધાઉં નહિ, સદાકાલ નિર્લેપ કર્મરૂપ મલથી રહિત ન્યારો થકો મહારા પારિણામિક ભાવે રહ્યો વર્તું છું.

૬૭ હું **અનાશ્રવ** એટલે શુભાશુભ વિભાવદશારૂપ આશ્રવથી રહિત સદાકાલ ન્યારો વર્તું છું, જેમ ડંકને સંયોગે સ્ફટિકને કલંક લાગે પણ મૂલ સ્વભાવે જોતાં તો સ્ફટિક શુદ્ધ-નિર્મલ છે, તેમ હું પણ મહારે સ્વભાવે નિર્લેપ રહ્યો વર્તું છું.

૬૮ મહારૂં સ્વરૂપ છદ્મસ્થના લખ્યામાં ન આવે માટે **અલખ** છું.

૬૯ હું **અશોક** એટલે જન્મ, જરા, મરણ અને ભયરૂપ શોક-સંતાપથી રહિત સદાકાલ નિરોગી અમરરૂપ વર્તું છું.

૭૦ હું **અલૌકિક** એટલે લૌકિક માર્ગથી રહિત મહારો ખેલ ન્યારો વર્તે છે.

૭૧ હું જ્ઞાને કરી લોકાલોકનું સ્વરૂપ એક સમયમાં જાણવાને સામર્થ્યવાન્ છું, માટે **લોકાલોક જ્ઞાયક** છું.

૭૨ હું **શુદ્ધ** એટલે નિર્મલ કર્મરૂપ મલથી રહિત છું.

૭૩ હું ચિદ્=જ્ઞાન અને આનંદ=ચારિત્ર તેણે કરી સહિત **ચિદાનંદ** છું.

આનું મહારૂં સ્વરૂપ સદાકાલ શાશ્વતું વર્તે છે.

હવે એ છ દ્રવ્યમાં અગીયાર સામાન્ય સ્વભાવ છે, તે ઓળખાવે છે :—

૧ અસ્તિ સ્વભાવ, ૨ નાસ્તિ સ્વભાવ, ૩ નિત્ય-સ્વભાવ, ૪ અનિત્ય સ્વભાવ. ૫ એકસ્વભાવ, ૬ અનેક-સ્વભાવ, ૭ ભેદસ્વભાવ, ૮ અભેદસ્વભાવ, ૯ ભવ્યસ્વભાવ ૧૦ અભવ્યસ્વભાવ, ૧૧ પરમસ્વભાવ, એ અગીયાર સ્વભાવના નામ કહ્યા.

૫૫૨—તિહાં પ્રથમ **અસ્તિસ્વભાવ** તે પોતાની અપેક્ષાએ છતાપણે છએ દ્રવ્ય પોતાના પારિણામિક ભાવે કરી પરિણમે છે, તે **અસ્તિસ્વભાવ** જાણવો.

૫૫૩—બીજો **નાસ્તિસ્વભાવ** તે પરની અપેક્ષાએ પોતે મૂલસ્વભાવે સર્વે દ્રવ્ય પરમાં પરિણમતા નથી, એટલે પરમાં પોતાના પારિણામિકપણાનું નાસ્તિપણું છે.

૫૫૪—ત્રીજો **નિત્યસ્વભાવ** તે સર્વે દ્રવ્ય પોતપોતાના અનેક પ્રકારના પર્યાયને વિષે સ્વદ્રવ્યપણે સદાકાલ શાશ્વતા વર્તે છે, માટે સ્વદ્રવ્યપણે કરી સર્વદ્રવ્યનો **નિત્યસ્વભાવ** જાણવો.

૫૫૫—ચોથો **અનિત્યસ્વભાવ** તે સર્વદ્રવ્યમાં અનંતા પર્યાય સમયે સમયે પલટાય છે. એ સર્વ દ્રવ્યોમાં **અનિત્યસ્વભાવ** જાણવો.

૫૫૬—પાંચમો **એક** સ્વભાવ તે સર્વદ્રવ્ય પોત પોતાના સ્વદ્રવ્યપણે કરી એક છે,

જેમ ધર્માસ્તિકાયનો સ્વદ્રવ્ય ચલનસહાયરૂપ ગુણ તેણે કરી એક છે,

અને અધર્માસ્તિકાયનો સ્થિર સહાયરૂપ ગુણ તેણે કરી એક છે,

તથા આકાશાસ્તિકાયનો અવગાહનારૂપ ગુણ તેણે કરી એક છે,

પુદ્ગલદ્રવ્યનો મિલન-વિખરણરૂપ ગુણ તેણે કરી એક છે,

કાલ દ્રવ્યનો નવા-પુરાણા વર્તનારૂપ ગુણ તેણે કરી એક છે,

તથા જીવદ્રવ્ય પોતાના જ્ઞાનાદિક ગુણ, તેણે કરી એક છે,

એ રીતે સર્વદ્રવ્ય, પોતપોતાના સ્વદ્રવ્યપણે કરી એટલે જ્ઞાનાદિ અને ચલન સહાયાદિ ગુણ તેણે કરી એક છે, માટે એ સર્વ દ્રવ્યમાં એક સ્વભાવ જાણવો.

૫૫૭—છઠ્ઠો **અનેકસ્વભાવ**, તે અનેક પ્રકારે દ્રવ્યતાપણે કરીને જુદા જુદા ભેદ છે, એટલે દ્રવ્યથી ગુણ અનંતા અને ગુણથી પર્યાય અનંતા એમ કલ્પનાએ કરી અલગા કરવા.

એટલે જેમ જીવમાં જ્ઞાનગુણ, દર્શનગુણ, ચારિત્ર-ગુણ, અને વીર્યગુણ એ આદિ અનંતા ગુણ છે, તેમ બીજા સર્વ દ્રવ્યોમાં પણ અનેક ગુણ છે, માટે એ **દ્રવ્યમાં અનેક સ્વભાવ જાણવો.**

૫૫૮—**સાતમો ભેદ સ્વભાવ**, તે જીવમાં સંસારી જીવ આશ્રયી જાણવો.

તિહાં સકલકર્મ ક્ષય કરી જે મોક્ષે પહોતા છે, તે સિદ્ધના જીવ અને બીજા સંસારી જીવ,

તે સંસારીના બે ભેદ, એક અયોગી, બીજા સયોગી.

સયોગીના બે ભેદ, એક કેવલી, બીજા છદ્મસ્થ.

છદ્મસ્થના બે ભેદ, એક ક્ષીણમોહી, બીજા ઉપશાંત-મોહી, ઇત્યાદિક પૂર્વે કહ્યા છે, તે પ્રમાણે જીવમાં અનેક પ્રકારે ભેદ સ્વભાવ જાણવો.

અને અજીવમાં તો ધર્માસ્તિકાયમાં ચલનસહાયપણું, અધર્માસ્તિકાયમાં સ્થિર સહાયપણું, આકાશાસ્તિકાયમાં અવગાહનાપણું, કાલમાં નવા-પુરાણા વર્તમાનપણું,

પુદ્ગલમાં પૂરણગલનપણું, એમ અનેક પ્રકારે જીવ અજીવરૂપ છ દ્રવ્ય જૂદે જૂદે ભેદે પરિણમે છે, તે સર્વ **ભેદ સ્વભાવ જાણવો.**

તથા વળી ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયાદિકમાં ભેદ સ્વભાવ તે જેમ બેસતાને બેઠાપણે સહાય કરે, ઉઠતાને

ઉઠતાપણે સહાય કરે, સૂનેલાને સૂતાપણે સહાય કરે, ચાલતાને ચાલવાપણે સહાય કરે, હાલતાને હાલવાપણે સહાય કરે,

એમ એક દ્રવ્ય અનેક પ્રકારે જૂદે જૂદે ભેદે પરિણમે, માટે તે **ભેદસ્વભાવ** કહીએ.

તથા આઠમો અભેદસ્વભાવ, તે જીવદ્રવ્યના જે દ્રવ્યગુણપર્યાય–તે જીવની સાથે એકરૂપ અભેદપણે છે, તે ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાયાદિકના પણ જાણુપણા માટે તેને અભેદસ્વભાવ કહીએ.

જેમ શરીરમાં ભેદસ્વભાવ જોતાં તો હાથનો ભાવ જૂદો, પગનો ભાવ જૂદો, નાકનો ભાવ જૂદો, આંખનો ભાવ જુદો, એ રીતે સર્વ જૂદે જૂદે ભેદે પરિણામે છે, તે ભેદ સ્વભાવ જાણવો.

અને અભેદસ્વભાવ જોતાં તો એ હાથ પગાદિક સર્વે કાયામાં અભેદરૂપ એક પણે વર્તે છે તે અભેદ સ્વભાવ જાણવો.

૫૬૦–**હવે નવમો ભવ્ય સ્વભાવ અને દશમો અભવ્ય સ્વભાવ,** એ બે સાથે કહે છે.

તિહાં જે જીવમાં પલટણ પણું છે, તે જીવને કોઈ દિવસે કારણ સામગ્રી મળવાથી પલટાઈ શ્રેણિભાવે ચઢી સિદ્ધિરૂપ કાર્યને નિપજાવશે, તે ભવ્યસ્વભાવ જાણવો. વૃથા અનેકપ્રકારે કારણરૂપ સામગ્રી મળશે, પણ મનઃ પરિણામ

પલટાવી પ્રતિબોધ નહિ પામે, તે **અભવ્ય સ્વભાવ** જાણવો.

૫૬૧–વળી ભવ્યજીવમાં નિશ્ચય–વ્યવહારનયે કરી ભવ્ય–અભવ્ય સ્વભાવ ઓળખાવે છે:—

તિહાં વ્યવહારનયે કરી જીવ, ચાર ગતિમાં નવા નવા ભવ કરી ચવવું–ઉપજવું કરે છે, તે વ્યવહારનયે કરી જીવમાં **ભવ્યસ્વભાવ** જાણવો, અને **નિશ્ચયનયે** કરી જીવ પારિણામિકભાવે સદાકાલ શાશ્વતો વર્તે છે, કોઈનો છેદ્યો છેદાય નહિ, ભેદ્યો ભેદાય નહિ, એ રીતે નિશ્ચય નયે કરી જીવ અખંડ રૂપ છે, તે જીવમાં નિશ્ચયનયે કરી **અભવ્યસ્વભાવ** જાણવો.

૫૬૨–વળી નિશ્ચય–વ્યવહારનયે કરી જીવમાં ભવ્ય અભવ્ય સ્વભાવ ઓળખાવે છે:—

તિહાં સકલ કર્મ ક્ષય કરી લોકને અંતે વિરાજમાન એવા સિદ્ધપરમાત્માને જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયરૂપ છતા પર્યાય પ્રગટયા છે, તે પર્યાય કોઈ કાલે પલટશે નહિ, માટે એ **નિશ્ચયનયે** કરી સિદ્ધનો **અભવ્ય સ્વભાવ** જાણવો.

તથા જે શ્રીસિદ્ધપરમાત્માને સામર્થ્ય પર્યાય પ્રવર્તના રૂપ સમયે સમયે અનંતો ઉત્પાદ–વ્યય થઈ રહ્યો છે, તે **વ્યવહારનયે** પલટણ સ્વભાવે કરી શ્રી સિદ્ધ પરમાત્મામાં **ભવ્યસ્વભાવ** જાણવો.

હવે પુદ્ગલ દ્રવ્યમાં ભવ્ય–અભવ્ય સ્વભાવ ઓળખાવે છેઃ—

તિહાં પુદ્ગલ દ્રવ્યના અનંતા પરમાણુઓ છે; તે **નિશ્ચયનયને** મતે નિત્ય સદાકાલ શાશ્વતા વર્તે છે, એટલે એ મૂલ સ્વભાવે કરી કોઇ કાલે પલટશે નહિ, તે **અભવ્ય સ્વભાવ** જાણવો,

તથા **વ્યવહારનયને** મતે કરી પુદ્ગલના સ્કંધ બને છે, તે સ્થિતિ પ્રમાણે રહે છે, વળી પાછા વિખરે છે, તે સર્વે **ભવ્યસ્વભાવ** જાણવા.

હવે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયાદિક દ્રવ્યમાં ભવ્ય –અભવ્ય સ્વભાવ ઓળખાવે છેઃ—

તિહાં પરદ્રવ્ય આશ્રયી ષડ્ભાગ હાનિ–વૃદ્ધિરૂપ સમયે સમયે જે પલટણપણું થાય છે, તે **ભવ્યસ્વભાવ** જાણવો.

અને મૂલસ્વભાવે જોતાં સર્વદ્રવ્ય પારિણામિકભાવે કરી પોતપોતાને સ્વભાવે રહ્યા વર્તે છે, તેમાં પલટણપણું નથી, સ્વભાવ પલટતા નથી માટે તે **અભવ્યસ્વભાવ** જાણવો.

પદ્ય–અગીયારમો પરમસ્વભાવ કહે છેઃ—

જે ઉત્કૃષ્ટ સ્વભાવ તેને પરમસ્વભાવ કહીએ.

તિહાં જીવદ્રવ્યમાં જ્ઞાન–દર્શનરૂપ પરમસ્વભાવ જાણવો. એટલે જ્ઞાને કરી અનંતાગુણ વિશેષપણે પરિણમે છે,

અને દર્શને કરી અનંતાગુણ સામાન્યપણે પરિણમે છે, માટે એ પરમસ્વભાવ જાણવો.

તથા પુદ્ગલમાં પરમસ્વભાવ તો જે ચેતના રહિત અજીવરૂપ જડસ્વભાવ, જે સુખ અને દુઃખને નથી જાણતો એ પુદ્ગલમાં પોતાને પરમસ્વભાવ જાણવો.

તથા ધર્માસ્તિકાય દ્રવ્ય સમયે સમયે અનંતા જીવ-પુદ્ગલને ચલનસહાયીપણે પરિણમે છે.

તથા અધર્માસ્તિકાય સ્થિરસહાયીપણે પરિણમે છે.

તથા આકાશાસ્તિકાય અવગાહનાપણે પરિણમે છે.

તથા કાલદ્રવ્ય નવા-પુરાણાપણે પરિણમે છે, એ સર્વ દ્રવ્યમાં પોતપાતાનો ઉત્કૃષ્ટો સ્વભાવ જાણવો.

એ રીતે છ દ્રવ્યમાં અગીઆર સામાન્ય સ્વભાવનો વિચાર કહ્યો.

૫૬૬-હવે છ દ્રવ્યમાં દશ વિશેષ સ્વભાવ છે, તે ઓળખાવે છે :—

૧ ચેતનસ્વભાવ, ૨ અચેતનસ્વભાવ, ૩ મૂર્ત સ્વભાવ, ૪ અમૂર્ત સ્વભાવ, ૫ એકપ્રદેશસ્વભાવ, ૬ અનેકપ્રદેશ સ્વભાવ, ૭ શુદ્ધસ્વભાવ, ૮ અશુદ્ધસ્વભાવ, ૯ વિભાવસ્વભાવ, ૧૦ ઉપચરિત સ્વભાવ.

એ દશ વિશેષસ્વભાવના નામ જાણવા.

૫૬૭—તિહાં **પ્રથમ ચેતનસ્વભાવ**, તે એક જીવ-દ્રવ્યમાં જ છે, કેમકે સર્વ જીવ સત્તાએ શુદ્ધજ્ઞાનાદિ ચેતનારૂપ ગુણે કરી સહિત **નિશ્ચયનયે** જ્યોતિઃ સ્વરૂપી એકસરખા સામાન્યપણે કરી જાણવા.

અને **વ્યવહારનયે** કરી સંસારીજીવ, ચાર ગતિરૂપ સંસારમાં શરીરાદિ કર્મને યોગે કરી વર્તે છે, પણ નિશ્ચયનયે કરી સત્તાએ સિદ્ધસમાન છે, **તે જીવમાં ચેતનસ્વભાવ જાણવો.**

૫૬૮—**બીજો અચેતનસ્વભાવ**, તે એક જીવદ્રવ્ય વિના શેષ પાંચ દ્રવ્યમાં ચેતના રહિત અજીવરૂપ જડ-સ્વભાવ છે, તે **અચેતન સ્વભાવ** જાણવો.

૫૬૯—**ત્રીજો મૂર્ત્તસ્વભાવ**, તે એક પુદ્ગલદ્રવ્યમાં છે, અને વ્યવહારનયે કરી તો સંસારીજીવ ચાર ગતિરૂપ સંસારમાં વર્તે છે, તેમાં પણ મૂર્ત્તસ્વભાવ જાણવો.

૫૭૦—**ચોથો અમૂર્ત્તસ્વભાવ**, તે એક પુદ્ગલદ્રવ્ય-વર્જિત શેષ ચાર દ્રવ્યમાં છે, અને નિશ્ચયનયે કરી પાંચમા જીવદ્રવ્યમાં પણ અમૂર્ત્તસ્વભાવ જાણવો.

૫૭૧—**પાંચમો એકપ્રદેશસ્વભાવ**, તે જીવદ્રવ્ય આશ્રયી તો જીવ, લઘુશરીરમાં ઉપન્યો હોય, તે વારે લઘુ થઇ સંકોચાય, એટલે જેમ એક પ્રદેશે સંકોચ સ્વભાવ છે, તેમ અસંખ્યાતે પ્રદેશે પણ સંકોચ સ્વભાવ જાણવો.

અને પુદ્ગલદ્રવ્યમાં જેમ બશેર પાણીની લોટીમાં બશેર ખાંડ પડે, તે સર્વ પાણીમાં સમાઈ જાય, પણ પાણી

બહાર નીકળે નહિ, તેમ પુદ્ગલદ્રવ્યનો સંકોચ સ્વભાવ પારા, હિંગલો, લીંબુ પ્રમુખ વસ્તુને સંયોગે બને, તે **એક પ્રદેશ સ્વભાવ** જાણવો.

૫૭૨—છઠ્ઠો **અનેક પ્રદેશ સ્વભાવ** કહે છે :— જેમ જીવ મોટા શરીરમાં ઉપન્યો તો મોટો થાય, એટલે લોકાકાશના જેટલા પ્રદેશ છે, તેટલા એક જીવના પ્રદેશ છે, પણ આવરણને અભાવે શક્તિનો પ્રકાશ પ્રગટે, તે જીવમાં **અનેક પ્રદેશ સ્વભાવ** જાણવો.

તથા પુદ્ગલમાં અનેક પ્રદેશ સ્વભાવ તે પુદ્ગલના જે અર્કતુલ્ય પ્રમુખ પોચા સ્કંધ થાય, તે **અનેક પ્રદેશ સ્વભાવ** જાણવો.

૫૭૩—**સાતમો વિભાવ સ્વભાવ** કહે છે :—જીવ પોતાનો મૂલ સ્વભાવ ત્યાગીને પરસ્વભાવે પરિણમ્યો, જેમ પોતાનો પરમશાંતરસમય સ્વભાવ ત્યાગીને ક્રોધાદિક ચાર કષાયને વિષે પરિણમ્યો, એ **જીવદ્રવ્યનો વિભાવ સ્વભાવ** જાણવો.

તથા **પુદ્ગલદ્રવ્યમાં** છૂટો પરમાણુ પોતાનો મૂલ સ્વભાવ ત્યાગીને સ્કંધમાંહે ભલ્યો, તેને જીવે ગ્રહણ કર્યો, તે વિભાવ સ્વભાવે પરિણમ્યો કહેવાય.

૫૭૪—**આઠમો શુદ્ધ સ્વભાવ**, તે સકલ કર્મને ક્ષયે જીવને સિદ્ધિરૂપ કાર્ય નિપજે અને કેવલજ્ઞાનાદિક લક્ષ્મી પ્રગટે, તે **જીવમાં શુદ્ધ સ્વભાવ** જાણવો,

તથા પુદ્ગલ દ્રવ્યમાં સ્કંધથકી રહિત છૂટો પરમાણુ રહે તે શુદ્ધ સ્વભાવે જાણવો.

૫૭૫—**નવમો અશુદ્ધ સ્વભાવ**, તે જીવને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનરૂપ જે ક્ષયોપશમ ભાવે ઇંદ્રિયને અનુયાયીરૂપી જીવને ગુણ પરિણમે, તે **જીવનો અશુદ્ધ સ્વભાવ** જાણવો.

અને પુદ્ગલ દ્રવ્યમાં જે પરમાણુઓ માંહોમાંહે મળી સ્કંધભાવ પામે, તે **અશુદ્ધ સ્વભાવ** જડપરિણતિરૂપ જાણવો.

૫૭૬—**દશમો ઉપચરિત સ્વભાવ**, તે જે પોતાના સ્વભાવથકી ભિન્ન પુદ્ગલને સંયોગે થાય, તે પરસ્વભાવ છે, તેને ઉપચારે કરી બોલાવીએ, જેમ જીવમાં રૂપીપણું અને જડપણું સ્થાપીએ, જેમ શરીર રૂપી છે, તે જડરૂપ છે, તેનો સંસર્ગ જીવને લાગ્યો છે, તે **જીવને ઉપચરિત સ્વભાવ** જાણવો.

અને પુદ્ગલને ચેતનપણું કહીએ, તે પુદ્ગલમાં ઉપચરિત સ્વભાવ જાણવો, એટલે પુદ્ગલ ચેતનને લાગ્યો, અને રૂપી છે, પણ અતિસૂક્ષ્મ છે, માટે ચર્મચક્ષુએ ન દેખાય, તે અમૂર્ત્તસ્વભાવ છે, તેને સ્થાપીએ, તે **ઉપચરિત-સ્વભાવ પુદ્ગલમાં** જાણવો.

એ રીતે જીવ અજીવરૂપ ષડ્દ્રવ્યમાં એ દશ વિશેષસ્વભાવ જાણવા.

૫૭૭–હવે જીવ–અજીવની ઓળખાણ કરવા વાસ્તે દ્રવ્ય તથા ભાવનું જાણુપણું કરવા સારૂ નવ તત્ત્વ, ષડ્દ્રવ્યનું સ્વરૂપ અનેક નયની અપેક્ષાએ દ્રવ્ય–ભાવની ચોભંગીએ કરી દેખાડે છે :—

તિહાં પ્રથમ જીવદ્રવ્યથી માંડીને શિષ્ય–ગુરૂના પ્રશ્નોત્તરરૂપે નવતત્ત્વ, ષડ્દ્રવ્યનું સ્વરૂપ અનેક નયની અપેક્ષાએ કહે છે :—

૫૭૮ **શિષ્ય** :—અશુદ્ધપ્રકારે જીવદ્રવ્યનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી, ભાવથકી ને દ્રવ્યથકી ? તથા દ્રવ્યથકી ને ભાવથકી કેમ જાણીએ ?

ગુરૂ : અશુદ્ધવ્યવહારનયને મતે જાણવું.

કેમકે શુભાશુભરૂપ પરિણામ તો કર્યા થાય છે, પણ અજ્ઞાનરૂપ રાગ–દ્વેષની ચીકાશ તેને અશુદ્ધતા કહીએ, તે અશુદ્ધતા તો જીવને અનાદિકાલની છે, માટે નિગોદીયા જીવ, રાગ–દ્વેષ અને અજ્ઞાનની ચીકાશરૂપ અશુદ્ધતાએ કરી અનંતા જન્મ–મરણ કરે છે,

એ અશુદ્ધ પ્રકારે જીવનું સ્વરૂપ તેમાં દ્રવ્યથકી તો જીવ દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી જાણવો અને **ભાવથકી** અજ્ઞાનરૂપ રાગ–દ્વેષની ચીકાશ જાણવી.

તે ભાવથકી અજ્ઞાનરૂપ રાગ–દ્વેષની ચીકાશ તેણે કરી અનંતા દ્રવ્યરૂપ કર્મના દળીયાં જીવને લાગે, તે અનંતા

દ્રવ્યરૂપ કર્મના દળીયા જીવને લાગ્યા, તેને ભાવપણે દુઃખરૂપ વિપાકે જીવ ભોગવે.

એ રીતે અશુદ્ધ પ્રકારે ચોભંગીએ કરી જીવનું સ્વરૂપ જાણવું.

૫૭૯ શિષ્ય :—અશુભપ્રકારે જીવનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી, ભાવથકી ને દ્રવ્યથકી, દ્રવ્યથકી ને ભાવથકી કેમ જાણીએ ?

ગુરૂ :—એ અશુભ વ્યવહારનયને મતે જાણવું.

જે કારણે અશુભ પ્રકારે જીવનું સ્વરૂપ દ્રવ્યથકી તો જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી જાણવો અને ભાવથકી ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય, નિદ્રા, વિકથા, હાસ્ય, વિનોદ, એ આદિ અશુભ ભાવના અનેક પ્રકાર જાણવા.

અને એ અશુભ ભાવની ચીકાશે કરી અનંતા દ્રવ્યરૂપ કર્મના દળીયા જીવને લાગે. તે અનંતા અશુભ કર્મરૂપ દળીયા જીવને લાગ્યા, તેને ભાવપણે જીવ નરક, તિર્યંચની ગતિ પામીને ભોગવે.

એ અશુભ પ્રકારે ચોભંગીએ કરી જીવનું સ્વરૂપ જાણવું.

૫૮૦–શિષ્ય :—શુભ પ્રકારે જીવનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી ભાવથકી ને દ્રવ્યથકી, દ્રવ્યથકી ને ભાવથકી કેમ જાણીએ ?

ગુરૂ :—એ અશુભવ્યવહારનયને મતે જાણવું.

જે કારણે શુભ પ્રકારે જીવનું સ્વરૂપ દ્રવ્યથકી તો જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી જાણવો, અને શુભભાવ તે દાન, શીયલ, તપ, ભાવ, ઉપકાર, કરૂણા, દયા, યતના, આદિ શુભભાવના અનેક પ્રકાર જાણવા અને એ સઘળા કાર્યો આજ્ઞા-વિધિ સાપેક્ષ ન કરવાથી શુભભાવની ચીકાશે કરી અનંતા શુભ કર્મરૂપ દ્રવ્યના દળીયા જીવને લાગે, તે અનંતા શુભકર્મરૂપ દ્રવ્યના દળીયા જીવને લાગ્યા તેને ભાવપણે જીવ-મનુષ્ય-દેવતાના ભવ પામીને ભોગવે.

એ શુભ પ્રકારે જીવનું સ્વરૂપ ચોભંગીએ કરી જાણવું.

૫૮૧-શિષ્ય :—શુદ્ધપ્રકારે જીવનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી, ભાવથકી ને દ્રવ્યથકી કેમ જાણીએ ?

ગુરૂ :—એ શુદ્ધ વ્યવહારનયને મતે જાણવો.

તિહાં ચોથા ગુણઠાણાથી માંડીને યાવત્ તેરમા-ચૌદમા ગુણઠાણા લગે શુદ્ધ ભાવ જાણવો. તે શુદ્ધ પ્રકારે જીવનું સ્વરૂપ દ્રવ્યથકી તો જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી છે, અને શુદ્ધભાવ તે શુભાશુભ-વિકારરૂપ પર પુદ્ગલ તે થકી વિરક્તભાવ એટલે ઉદાસી પરિણામ અને જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે સ્વસ્વગુણની ક્રિયાઓ કરવા સાથે પોતાના સ્વરૂપમાં રહેવું, તે શુદ્ધભાવ જાણવો. અને એ શુદ્ધભાવરૂપ સ્વરૂપમાં રહેતા જીવને દ્રવ્યરૂપ કર્મના દળીયા આવતા રોકાય એ શુદ્ધપ્રકારે જીવનું સ્વરૂપ ચોભંગીએ કરી જાણવું

૫૮૨–શિષ્ય :—નિશ્ચય થકી જીવનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી કેમ જાણીએ ?

ગુરૂ :—નિશ્ચયનયે જીવનું સ્વરૂપ દ્રવ્યથકી તો જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી છે, અને ભાવથકી તો સકલ કર્મથકી રહિત, શુદ્ધ, નિર્મલ, ચિદાનંદ, પરમજ્યોતિ, સહજાનંદી, પૂર્ણાનંદી, અજર, અમર, અખંડ, અલિપ્ત, સિદ્ધિરૂપ કાર્ય નિષ્પન્ન, અનંત સુખભોગી, વિભાવ સુખત્યાગી, આપ સ્વરૂપમાં રમતા એવા અનંતા સિદ્ધ પરમાત્મા સાદિ અનંતમે ભાંગે વર્તે છે, એ ભાવથકી સ્વરૂપ જાણવું

એ નિશ્ચયનયે જીવનું સ્વરૂપ, ભેભંગીએ કરી કહ્યું. એ રીતે જીવનું સ્વરૂપ કહ્યું.

હવે અજીવના સ્વરૂપમાં દ્રવ્ય–ભાવનું લક્ષણ કહે છે :–

૫૮૩ શિષ્યઃ—ધર્માસ્તિકાયદ્રવ્યનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી, અને ભાવથકી ને દ્રવ્યથકી, એ ત્રિભંગીએ કરી કેમ જાણીએ ?

ગુરૂઃ—દ્રવ્યથકી તો ધર્માસ્તિકાયદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી કહીએ. અને ભાવથકી તો ધર્માસ્તિકાયનું ચલનસહાયીપણુ જાણવું. તથા એ ભાવથકી જે ચલનસહાયીપણુ તે દ્રવ્યથકી અનંતા જીવ–પુદ્ગલને વિષે જાણવું.

એ રીતે ધર્માસ્તિકાયનું સ્વરૂપ દ્રવ્યભાવની ત્રિભંગીએ કરી જાણવું.

૫૮૪ શિષ્ય :—અધર્માસ્તિકાયનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી, તથા ભાવથકી ને દ્રવ્યથકી કેમ જાણીએ ?

ગુરૂ:—દ્રવ્યથકી તો અધર્માસ્તિકાયદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી કહીએ, અને ભાવથકી તો અધર્માસ્તિકાયનું સ્થિર-સહાયીપણું જાણવું. તથા એ ભાવથકી જે સ્થિરસહાયીપણું તે દ્રવ્યથકી અનંતા જીવ-પુદ્ગલને વિષે જાણવું.

એ રીતે અધર્માસ્તિકાયનું સ્વરૂપ દ્રવ્યભાવની ત્રિભંગીએ કરી જાણવું.

૫૮૫ શિષ્ય:—આકાશાસ્તિકાયનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી તથા ભાવથકી ને દ્રવ્યથકી કેમ જાણીએ ?

ગુરૂ:—દ્રવ્યથકી તો આકાશાસ્તિકાયદ્રવ્ય અનંત પ્રદેશી કહીએ. અને ભાવથકી તો આકાશાસ્તિકાયદ્રવ્યનું અવગાહનારૂપપણું જાણવું, તથા એ ભાવથકી જે અવગાહના-રૂપપણું તે દ્રવ્યથકી અનંતા જીવ-પુદ્ગલને વિષે જાણવું.

એ રીતે આકાશાસ્તિકાયનું સ્વરૂપ દ્રવ્ય-ભાવની ત્રિભંગીએ કરી જાણવું.

૫૮૬ શિષ્ય :-પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી તથા ભાવથકી ને દ્રવ્યથકી કેમ જાણીએ ?

ગુરૂ :—દ્રવ્યથકી તો પુદ્ગલાસ્તિકાયના અનંતા પર-માણુઓ લોકમાં શાશ્વતા છે, તે જાણવા અને ભાવથકી તો પુદ્ગલ દ્રવ્યનું ગલન પૂરણપણું જાણવું. તથા એ ભાવથકી જે તે ગલનપૂરણપણું દ્રવ્યથકી અનંતા બંધને વિષે જાણવું.

એ રીતે પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ દ્રવ્યભાવની ત્રિભંગી એ કરી જાણવું.

૫૮૫-શિષ્ય :—કાલદ્રવ્યનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી તથા ભાવથકી ને દ્રવ્યથકી કેમ જાણીએ

ગુરૂ :—દ્રવ્યથકી તો કાલદ્રવ્યનો એક સમય લોકા-લોકમાં વર્તે છે, તે જાણવો, અને ભાવથકી કાલદ્રવ્ય નવા-પુરાણા વર્તનારુપ જાણવું, તથા એ ભાવથકી જે નવા-પુરાણા વર્તનારુપ તે દ્રવ્યથકી જીવ-અજીવ દ્રવ્યરુપ વસ્તુને વિષે જાણવો.

એ રીતે કાલદ્રવ્યનું સ્વરુપ દ્રવ્ય-ભાવની ત્રિભંગીએ કરી જાણવું.

એ રીતે ષટ્દ્રવ્યનું સ્વરૂપ દ્રવ્ય-ભાવની ચોભંગીએ કરી, ત્રિભંગીએ કરી, તથા બે ભંગીએ કરી વિચારતાં થકાં સમકિતની શુદ્ધિ થાય.

હવે નવતત્ત્વનું સ્વરૂપ દ્રવ્ય-ભાવની ચોભંગીએ કરી દેખાડે છેઃ—

તેમાં જીવ અને અજીવ એ બે તત્ત્વનું સ્વરૂપ આગળ છ દ્રવ્યના સ્વરૂપમાં કહ્યું, હવે શેષ પુણ્યાદિક સાત તત્ત્વનું સ્વરૂપ દ્રવ્ય-ભાવની ચોભંગીએ કરી કહે છે.

૫૮૬ શિષ્ય :— નવ તત્ત્વમાંથી પુણ્યતત્ત્વનું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી તથા ભાવથકીને દ્રવ્યથકી ને કેમ જાણીએ ?

ગુરૂ :— ભાવથકી તો પુણ્ય બાંધવાના નવ પ્રકાર છે. તેમાં પ્રથમ સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રી સંઘને અંતરંગ રાગ સહિત અન્ન દેવાની રૂચિ તે **અન્નપુણ્ય** જાણવું.

બીજું **પાણુપુણ્ય**, તે સાધુ–સાધ્વી પ્રમુખને પ્રાસુક જલ દેવાની રૂચિ જાણવી.

ત્રીજું **લેણુપુણ્ય**, તે સાધુ–સાધ્વી પ્રમુખને રહેવા અર્થે સારી નિરવદ્ય જગા દેવાની રૂચિ.

ચોથું **સયણુપુણ્ય**, તે સાધુ–સાધ્વી પ્રમુખને સુવાને પાટ તથા બેસવાને બાજોઠ પ્રમુખ દેવાની રૂચિ.

પાંચમું **વસ્ત્રપુણ્ય**, તે સાધુ–સાધ્વી પ્રમુખને કપડાં, કાંબલી આદિ ધર્મોપકરણ પ્રમુખ દેવાની રૂચિ.

છઠ્ઠું **મનઃપુણ્ય**, તે જગતના જીવોનું મને કરી રૂડું ચિંતવવું અર્થાત્ સર્વ જીવને ધર્મ પમાડી કર્મરૂપ દુઃખ થકી મૂકાવી સુખીયા કરી મોક્ષનગરે પહોંચાડું ! એવી ભાવના મને કરી ભાવે, તે જીવ જિનનામ કર્મ ઉપાર્જન કરે.

સાતમું **વચનપુણ્ય**, તે મીઠું, મનોહર, પ્રીતિકારી, હિતકારી, સૂત્રમર્યાદાએ આજ્ઞા પ્રમાણે ઘણા જીવને ઉપકાર રૂપ વચન બોલવાની રૂચિ.

આઠમું **કાયપુણ્ય**, તે પૂંજવું–પ્રમાર્જવું, તથા સાધુ–સાધ્વી પ્રમુખ ચતુર્વિધ શ્રી સંઘનો વિનય–વૈયાવચ્ચ, ને વિષે કાયા પ્રવર્તાવવાની રૂચિ.

નવમું **નમસ્કાર પુણ્ય**, તે શ્રીતીર્થંકર, કેવલી, ગણધર, આચાર્ય, સાધુ, સાધ્વી પ્રમુખ ગુણી જીવને કૃતિકર્મ એટલે વંદના–નમસ્કાર કરવાની રૂચિ.

એ રીતે નવ પ્રકારનો જે જીવના ચિત્તમાં ભાવ ઉપજે, તે ભાવપુણ્ય કહીએ અને એ ભાવપુણ્યની ચીકાશે કરી જીવને સત્તાએ જે શુભકર્મના દળીયા લાગે, તે દ્રવ્ય પુણ્ય કહીએ.

અને એ દ્રવ્યપુણ્યના દળીયા સત્તાએ બંધાણા, તે આગળ ભાવપણે મનુષ્ય–દેવતાના ભવ પામી બેંતાલીશ પ્રકારે મીઠા વિપાકે જીવ ભોગવે,

એ રીતે એ દ્રવ્ય–ભાવની ચોભંગીએ કરી પુણ્યનું સ્વરૂપ જાણવું.

૫૮૭ **શિષ્ય**:—નવ તત્ત્વમાંથી પાપનું સ્વરૂપ ભાવથકી તથા દ્રવ્યથકી દ્રવ્યથકી ને ભાવથકી કેમ જાણીએ ?

ગુરૂ :—ભાવથકી તો પાપ બાંધવાના અઢાર પ્રકાર છે. તેના નામ કહે છેઃ–

પહેલું **પ્રાણાતિપાત**, તે પરજીવના પ્રાણનો નાશ ચિંતવવો.

બીજું **મૃષાવાદ**, તે જૂઠું બોલવું.

ત્રીજું **અદત્તાદાન**, તે પારકી અણદીધી વસ્તુ ચોરી લેવાની રૂચિ.

ચોથું **મૈથુન**, તે વિષય સુખની વાંછારૂપ પરિણામ–

પાંચમું **પરિગ્રહ**, તે નવ પ્રકારે બાહ્ય અને ચૌદ પ્રકારે અભ્યંતરરૂપ પરિગ્રહની વાંછા.

છઠ્ઠું **ક્રોધ**, તે કોઈ જીવની ઉપર આકરા તીવ્ર પરિણામે ક્રોધ કરવો.

સાતમું **માન**, તે આઠ પ્રકારે મદ કરવો.

આઠમું **માયા** તે કપટે કરી લોકને દેખાડવારૂપ ધર્મ કરણી કરવી.

નવમું **લોભ**, તે ધન, શરીર, કુટુંબ પરિવારરૂપ સંપદા એકઠી કરવાની રખવાલવાની ઘણી વાંછા.

દશમું **રાગ**, તે પૌદ્ગલિક પરવસ્તુ વર્ણાદિ ઉપર રાગ ધરવો.

અગીયારમું **દ્વેષ**, તે પોતાને અણગમતી વસ્તુ ઉપર અરૂચિભાવ.

બારમું **કલેશ**, તે દરેક કોઈ કારણે કલેશ કરવાની રૂચિ.

તેરમું **અભ્યાખ્યાન**, તે અણદીઠું, અણસાંભળ્યું પરજીવને આળ દેવું.

ચૌદમું **પૈશુન્ય**, તે પારકી ચાડી કરવી.

પંદરમું **રતિ–અરતિ** તે સુખ–દુઃખ આવ્યે હર્ષ –શોક કરવો.

સોળમું **પરપરિવાદ** તે ગુણી-નિર્ગુણી જીવની નિંદા કરવી.

સત્તરમું **માયામૃષાવાદ**, તે અંતરમાં જુદી વાત હોય અને મુખે બીજું બોલવું, ઈત્યાદિ અનેક પ્રકારે છલ કરી લોકને ઠગવારૂપ પરિણામ.

અઢારમું **મિથ્યાત્વશલ્ય**, તે પાંચ પ્રકારે મિથ્યાત્વ સેવવારૂપ પરિણામ.

એ રીતે અઢાર પ્રકારે જે જીવના ચિત્તમાં પાપરૂપ ભાવ ઉપજે, તેને **ભાવપાપ** કહીએ.

એ ભાવની ચીકાશે કરી જીવને સત્તાએ પાપરૂપ કર્મના દળીયા લાગે, તે **દ્રવ્યપાપ** કહીએ, અને એ દ્રવ્યપાપના દળીયા જે સત્તાએ બંધાણા, તે આગળ ભાવપણે તિર્યંચ અને નારકીના ભવ પામીને ખ્યાશી પ્રકારે કડવા વિપાક જીવ ભોગવે,

એ રીતે દ્રવ્ય-ભાવની ચોભંગીએ કરી પાપનું સ્વરૂપ જાણવું.

૫૮૮-**શિષ્ય** :—એ નવ તત્ત્વમાંથી આશ્રવનું સ્વરૂપ ભાવથકી ને દ્રવ્યથકી તથા દ્રવ્યથકી અને ભાવથકી કેમ જાણીએ ?

ગુરૂ :—**ભાવઆશ્રવ** તે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એ ભાવઆશ્રવની ચીકાશે જીવને શુભાશુભ

વિકારરૂપ કર્મના દળીયા લાગે, તેને **દ્રવ્યઆશ્રવ** કહીએ.

એ દ્રવ્ય આશ્રવના દળીયા જે જીવને સત્તાએ લાગ્યા, તેને ચાર ગતિરૂપ સંસારમાં ભાવપણે જીવ ભોગવે, તે ભાવથી જાણવું.

એ રીતે દ્રવ્ય-ભાવની ચોભંગીએ કરી આશ્રવનું સ્વરૂપ જાણવું.

૫૮૯-**શિષ્ય** :—નવતત્ત્વમાંથી સંવરનું સ્વરૂપ, દ્રવ્યથકી ને ભાવથકી તથા ભાવથકી ને દ્રવ્યથકી કેમ જાણીએ ?

ગુરૂ :—સામાયિક, પ્રતિક્રમણ, પોસહ, વ્રત, પચ્ચખ્ખાણરુપ સંવર કરી એક જગાએ રહેવું, તેને **દ્રવ્યસંવર** કહીયે. અને જે વીતરાગ પ્રભુની આજ્ઞા પ્રમાણે નયસાપેક્ષ રીતે જીવ-અજીવરૂપ વહેંચણ કરી અંતરંગ સત્તાગતના ઉપયોગ સાથે તે તે અનુષ્ઠાનોમાં વર્તવું, તેને **ભાવસંવર** કહીએ.

પછી તે અંતરંગ સત્તાગતના ઉપયોગરૂપ ભાવસંવરમાં જીવને રહેતાં થકાં દ્રવ્યરૂપ આઠ વર્ગણાના દળીયા આવતા રોકાય, તે દ્રવ્યથી જાણવું.

એ રીતે દ્રવ્ય-ભાવની ચોભંગીએ કરી સંવરનું સ્વરૂપ જાણવું.

૫૯૦-**શિષ્ય** :—એ નવ તત્ત્વમાંથી **નિર્જરા**નું સ્વરૂપ દ્રવ્યથકી ને ભાવથકી, ભાવથકી ને દ્રવ્યથકી કેમ જાણીએ ?

ગુરૂ :—બાર ભેદે તપશ્ચર્યા કરવી, તે **દ્રવ્યનિર્જરા** કહીએ. અને **ભાવનિર્જરા** તો શબ્દ–સમભિરૂઢનયને મતે જ્ઞાનીની આજ્ઞા પ્રમાણેના ધ્યેયથી કરી અંતરંગ સ્વસત્તા–પરસત્તારૂપ વહેંચણ સાથે કર્મનિર્જરા કરવી, તેને **ભાવ-નિર્જરા** કહીએ.

એ રીતે એક અંતર્મુહૂર્ત સ્વસત્તા–પરસત્તારૂપ જીવને વહેંચણ કરતાં દ્રવ્યરૂપ આઠ કર્મના દળીયા જે જીવને સત્તાએ રહ્યા છે, તે દળીયાને ખપાવે, તે દ્રવ્ય-દળીયાને ખપાવ્યા કહીએ.

એ રીતે દ્રવ્ય–ભાવની ચોભંગીએ કરી નિર્જરાનું સ્વરૂપ જાણવું.

૫૯૧-**શિષ્ય** :—એ નવ તત્ત્વમાંથી બંધ તત્ત્વનું સ્વરૂપ ભાવથકી ને દ્રવ્યથકી તથા દ્રવ્યથકી ને ભાવથકી કેમ જાણીએ ?

ગુરૂ :—પુદ્ગલ જીવને સંસર્ગે જે કર્મ બંધાય, તેને **ભાવથકી બંધ** કહીએ એટલે પુદ્ગલની પિપાસારૂપ વિષય–સુખની તૃષ્ણા અંતરંગ લાલચરૂપ પરિણામ, તેને **ભાવબંધ** કહીએ. અને એ ભાવબંધ એટલે અંતરંગ ઇન્દ્રિય સુખની લાલચરુપ પરિણામની ચીકાશે કરી જે આઠ કર્મરુપ દળીયા જીવને લાગે, તે **દ્રવ્યબંધ** જાણવો.

જેમ તેલને સંસર્ગે વસ્તુને ધૂળ લાગે, તેની પેરે પોતાના માઠા પરિણામના બગાડરૂપ ચિકાશે કરી જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપ ધૂળ જીવને લાગે, તે **દ્રવ્યબંધ** જાણી લેવો.

એ દ્રવ્યબંધરૂપ કર્મના દળીયાને જીવ ચાર ગતિરૂપ સંસારમાં ભાવપણે ભોગવે, તે ભાવબંધ જાણવો.

એ રીતે દ્રવ્ય-ભાવની ચોભંગીએ કરી બંધનું સ્વરૂપ જાણવું.

પદ્ય-શિષ્ય :—એ નવ તત્ત્વમાંથી મોક્ષનું સ્વરુપ દ્રવ્યથકી ને ભાવથકી કેમ જાણીએ ?

ગુરૂ :—બારમે ગુણઠાણે રાગ-દ્વેષ, અજ્ઞાન તથા મોહનીય કર્મનો ક્ષય કર્યો, અને તેરમે ગુણઠાણે કેવલજ્ઞાન પામ્યો, તેને **દ્રવ્યમોક્ષપદ** કહીએ, તથા અષ્ટ કર્મ ક્ષય કરી, અષ્ટગુણ સંપન્ન થઈ સાદિ અનંતમે ભાંગે લોકને અંતે વિરાજમાન વર્તે છે, એવા સિદ્ધપરમાત્મા તેને **ભાવ-મોક્ષપદ** કહીએ.

એ રીતે બે ભંગીએ કરી મોક્ષતત્ત્વનું સ્વરૂપ જાણવું.

એ રીતે ષડ્દ્રવ્ય, નવ તત્ત્વનું સ્વરૂપ, દ્રવ્ય-ભાવની ચોભંગીએ, ત્રિભંગીએ, બે ભંગીએ કરી દેખાડ્યું.

હવે એ નવ તત્ત્વ, ષડ્દ્રવ્યનું સ્વરૂપ કર્ત્તા કારણ અને કાર્યરૂપ ત્રિભંગીએ કરી દેખાડે છે.

૫૯૩–**શિષ્ય** :—એ નવ તત્ત્વમાં અશુદ્ધ પ્રકારે જીવમાં કર્ત્તા, કારણ, ને કાર્ય તે શું ?

ગુરૂ :—અજ્ઞાન અને રાગ–દ્વેષરુપ અશુદ્ધતા તે જીવને અનાદિ ખાણ સંપન્ન જાણવી,

એ અશુદ્ધતાએ કરીને જીવ નિગોદમાં અનંતા જન્મ –મરણ કરે છે. એટલે શુભાશુભ તો કર્યા થાય છે. પણ અશુદ્ધતા તો જીવને અનાદિની જાણવી. એ પરમાર્થ છે.

એટલે કર્ત્તા જીવ, અને અજ્ઞાનરૂપ રાગ–દ્વેષ, તે કારણ તથા એ અશુદ્ધ કારણથી નિગોદમાં જીવને અનંતા જન્મ–મરણ થાય, તે રૂપ કાર્ય જાણવું.

એ રીતે અશુદ્ધ પ્રકારે જીવનું સ્વરૂપ ત્રિભંગીએ કરી કહ્યું.

૫૯૪ **શિષ્ય** :—એ નવ તત્ત્વમાં અશુભ પ્રકારે જીવમાં કર્ત્તા, કારણ ને કાર્ય તે શું ?

ગુરૂ :—કર્ત્તા જીવ, અને અશુભ કારણ તે ક્રોધ, માન, માયા, લોભ, વિષય, તૃષ્ણા, મમતા, મૂર્ચ્છા, નિંદા, વિકથા, હાસ્ય, એ આદિ અનેક પ્રકારના અશુભ કારણ થકી જીવને નરક, તિર્યંચની ગતિરૂપ કાર્ય નિપજે.

એ રીતે અશુભપ્રકારે જીવનું સ્વરૂપ ત્રિભંગીએ કરી જાણવું.

૫૯૫ **શિષ્ય** :—એ નવ તત્ત્વમાં શુભ પ્રકારે જીવના સ્વરૂપમાં કર્ત્તા, કારણ ને કાર્ય તે શું ?

ગુરૂ :—કર્ત્તા જીવ, અને દાન, શીયલ, તપ, ભાવ, એ આદિ અનેક પ્રકારે શુભ કારણ થકી જીવને દેવ-મનુષ્યભવરૂપ કાર્ય નિપજે છે.

૫૯૬ **શિષ્ય** :—એ નવ તત્ત્વમાં શુદ્ધ પ્રકારે જીવના સ્વરૂપમાં કર્ત્તા, કારણ ને કાર્ય તે શું ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને શુદ્ધકારણ તે આ ભવ પરભવ ઇંદ્રિયસુખની વાંછા રહિત, યશઃ-કીર્તિની વાંછા રહિત, એક પોતાનો આત્મા કર્મવશે દુઃખી છે, તેને કર્મરૂપ બંદિખાનાથકી છોડાવવારૂપ જે સાધન કરવું, તે શુદ્ધ કારણ જાણવું અને એવા શુદ્ધકારણ સેવન કર્યાથી જીવને કર્મરૂપ દુઃખનો રાશિ તુટે, અને અનંત સુખનો રાશિ પ્રગટે છે, તે રૂપ કાર્ય જાણવું.

એ રીતે શુદ્ધ પ્રકારે જીવનું સ્વરૂપ ત્રિભંગીએ કરી કહ્યું.

૫૯૭ **શિષ્ય** :—એ નવ તત્ત્વમાં નિશ્ચયનયે કરી જીવમાં કર્ત્તા, કારણ ને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ :—નિશ્ચયનયે કરી જીવ મોક્ષરૂપ કાર્યનો કર્ત્તા જાણવો.

એટલે કર્ત્તા તો જીવ અને કારણ શુદ્ધશુકલ ધ્યાન રૂપાતીત પરિણામ ક્ષપકશ્રેણિ, એ કર્મક્ષયના કારણ જાણવા. તથા એ કારણથકી સકલ કર્મરહિત શુદ્ધ ચિદાનંદ પરમજ્યોતિ એવું સિદ્ધિરૂપ કાર્ય જીવને નિપજે,

એ નિશ્ચયનયે કરી જીવનું સ્વરૂપ ત્રિભંગીએ કરી જાણવું.

આ રીતે જીવના સ્વરૂપમાં ત્રિભંગીઓ કહી.

હવે અજીવનું સ્વરૂપ ત્રિભંગીએ કરી કહે છે.

૫૯૮ શિષ્ય :—ધર્માસ્તિકાયમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને કારણરૂપ ધર્માસ્તિકાય મલ્યો, તે વારે જીવને હાલવા–ચાલવારૂપ કાર્ય નિપન્યું,

એ ધર્માસ્તિકાયમાં ત્રિભંગી જાણવી.

૫૯૯ શિષ્ય :—અધર્માસ્તિકાયમાં કર્ત્તા, કાર્ય અને કારણ તે શું કહીયે ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને કારણરૂપ અધર્માસ્તિકાય મલ્યો, તે વારે જીવને સ્થિર રહેવારૂપ કાર્ય નિપન્યું.

એ અધર્માસ્તિકાયમાં ત્રિભંગી જાણવી.

૬૦૦ શિષ્ય :—આકાશાસ્તિકાયમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને કારણરૂપ આકાશાસ્તિકાય મલ્યેા, તે વારે જીવને અવગાહનારૂપ કાર્ય નિપન્યું.

એ આકાશાસ્તિકાયનું સ્વરૂપ ત્રિભંગીએ કરી કહ્યું

૬૦૧ શિષ્ય :—કાલદ્રવ્યમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને કારણરૂપ કાલદ્રવ્ય મલ્યું, તે વારે જીવને નવા–પુરાણારૂપ કાર્ય નિપન્યું.

એમ કાલદ્રવ્યનું સ્વરૂપ ત્રિભંગીએ કરી કહ્યું.

૬૦૨ શિષ્ય :—પુદ્ગલાસ્તિકાયમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને કારણરૂપ પુદ્ગલદ્રવ્ય મલ્યેા, તે વારે જીવને સમયે સમયે અનંતા કર્મરૂપ દળીયા લેવા, અને અનંતા કર્મરૂપ દળીયા ખેરવવા, તે રૂપ કાર્ય નિપન્યું.

એમ પુદ્ગલાસ્તિકાયના સ્વરૂપમાં ત્રિભંગી જાણવી.

એ રીતે જીવ–અજીવરૂપ ષડ્દ્રવ્યનું સ્વરૂપ ત્રિભંગીએ કરી કહ્યું.

શેષ પુણ્યાદિ સાત તત્ત્વનું સ્વરૂપ ત્રિભંગીએ કરી કહે છે.

૬૦૩ શિષ્ય :—નવ તત્ત્વમાંથી પુણ્યમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને કારણ તે છ કાયની દયા રૂપ પરિણામ. પરોપકાર કરતો, મનોહર લલિત વચન બોલતો, કરૂણાભાવના ભાવતો, કુકર્મી જીવ દેખી તેની ઉપર દયા ચિંતવતો, ગુણવંત જીવ દેખી અત્યંત પ્રમોદ ધરતો, સર્વ જીવને પોતાના સમાન જાણી, તેને દુઃખ થકી મૂકાવવાની ચિંતા કરતો, એવા પરિણામરૂપ કારણ થકી જીવ મહાપુણ્યરૂપ કાર્ય ઉપાર્જન કરે.

૬૦૪ શિષ્ય :—એ નવ તત્ત્વમાં પાપમાં, કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને કારણ તો હિંસા, મૃષા, ચોરી, મથુન, નિંદા, ઈર્ષ્યા, મિથ્યાત્વ, અવ્રત, હાસ્ય, વિનોદ, કુતૂહલ, પારકા છિદ્ર જોતો, કડવા વચન બોલતો, અનેક જીવને સંતાપ ઉપજાવતો, એવા પરિણામરૂપ કારણ થકી જીવ મહાપાપરૂપ કાર્ય ઉપાર્જન કરે.

એ પાપમાં ત્રિભંગી કહી.

૬૦૫ શિષ્ય :—એ નવ તત્ત્વમાં આશ્રવમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ:— આશ્રવનો કર્ત્તા જીવ અને કારણ તો એ કે આ ભવ પરભવને અર્થે તથા ઇંદ્રિયસુખની વાંછારૂપ પરિણામે જે શુભ કારણ મેળવી સાધન કરવું, તે શુભ-

કારણરૂપ આશ્રવ જાણવું અને મિથ્યાત્વ–અવ્રત, કલેશ–કજીયા, નિંદા–વિકથારૂપ પરિણામે કરી જે દળિયા મેળવવા, તે અશુભકારણરૂપ આશ્રવ જાણવું. અને એવા શુભાશુભ કારણ મેલવ્યાથી જે આ ભવે પરભવે શુભાશુભ વિકારરૂપ ફલની પ્રાપ્તિ થાય, તે કાર્યરૂપ આશ્રવ જાણવું.

એ રીતે આશ્રવતત્ત્વનું સ્વરૂપ ત્રિભંગીએ કરી જાણવું.

૬૦૬ શિષ્યઃ—એ નવતત્ત્વમાં સંવરમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ?

ગુરૂ :—કર્ત્તા જીવ અને કારણ તો નવતત્ત્વ, ષડ્‌દ્રવ્યરૂપ જીવ–અજીવની વહેંચણ કરી અંતરંગ નિશ્ચયનયે જ્ઞાનસ્વરૂપી સત્તાએ સિદ્ધસમાન એવી જીવ સત્તાને ધ્યાવે, અને અજીવસત્તાને જડરૂપ જાણી ત્યાગ કરે, એવું સંવરરૂપ કારણ જીવને મલે, તે વારે શુભાશુભ વિભાવિક સુખ ઉપરથી મૂર્છા ટલે, અને અનંત સ્વાભાવિક સુખરૂપ કાર્ય નિપજે.

એ સંવરમાં ત્રિભંગી કહી.

૬૦૭ શિષ્ય :— એ નવતત્ત્વમાંથી નિર્જરા તત્ત્વમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ?

ગુરૂ :— કર્ત્તા જીવ અને અંતરંગ ઇચ્છાનો રોધ કરી પૌદ્‌ગલિક સુખની વાંછા રહિત થકો એક પોતાનો આત્મા કર્મરૂપ જાળમાં વીંટાણો છે, તેને શુદ્ધ નિરાવરણ જ્ઞાનસ્વરૂપી જ્યોતિરૂપ પ્રગટ કરવાની વાંછાએ બાર ભેદે

તપશ્ચર્યારૂપ કારણને મેલવતો થોડા કાલમાં આવરણ રહિત થઈ પરમાનંદ સુખરૂપ કાર્ય નિપજાવે.

અ રીતે નિર્જરા તત્ત્વનું સ્વરૂપ ત્રિભંગીએ કરી જાણવું.

૬૦૮ શિષ્ય :— એ નવતત્ત્વમાંથી બંધમાં કર્ત્તા, કારણ અને કાર્ય તે શું કહીએ ?

ગુરૂ :—કર્ત્તા તો જીવ અને કારણ તો પુદ્ગલદ્રવ્યને સંસર્ગે કરી જીવ કર્મને બાંધે છે, એટલે વર્ણ-ગંધાદિક રસ-સ્પર્શ, પ્રમુખ પુદ્ગલની રચનાને દેખીને મોહ દૃષ્ટિએ કરી જીવ વ્યામોહ પામે છે, પછી તીવ્રરાગે કરી વિષય-સુખના કારણ મેલવે, એ તીવ્રરાગની ચિકાશે જીવ કર્મ-રૂપ દળીયાનો બંધ પાડે, તે વારે બંધરૂપ કાર્ય નિપજે.

એમ બંધતત્ત્વમાં ત્રિભંગી કહી.

હવે આગલ પન્નવણા સૂત્રના પાઠમધ્યે કહ્યું છે જે મોક્ષનિઃકર્માવસ્થારૂપ સિદ્ધપરમાત્માનું સ્વરૂપ જાણે, તેને જ્ઞાની કહીએ. અને અંતરંગ સદ્દહે તેને નિશ્ચય સમકિત કરે, તેનો ખુલાસો કરે છેઃ—

સમકિત વિનાની નિરપેક્ષ સર્વ કરણી તે એકડા વિનાના મીંડા સરખી જાણવી. એટલે નિર્જરાની દૃષ્ટિએ કાંઈ પણ લેખે લાગે નહિ, તે માટે સમકિત છે, તે દીવા સમાન છે.

જેમ દીવા વિના ઘરને વિષે અંધારામાં કાંઈ પણ સૂઝે નહિ, તેમ ચિત્ત રૂપી આ ઘરને વિષે પણ સમ-કિતરૂપ દીપક વિના કાંઇ માલમ પડે નહિ.

તથા વલી સમકિત છે, તે બીજના ચંદ્રમા સમાન છે, જેમ બીજનો ચંદ્રમા ઉગે, તે વારે લોકના જીવને પૂર્ણમાસીની પ્રતીતિ થાય, જે હવે પૂર્ણમાસી અવશ્ય થશે, તેમ ચિત્તને વિષે સમકિતરૂપ બીજ ઉગે, તે વારે મોક્ષરૂપ પૂર્ણમાસીની પ્રતીતિ થાય.

તથા જેમ કોઇ એક સ્ત્રીએ પાંચશેર ચોખા ચૂલે મૂકયા હોય, તે માંહેલો એક દાણો ચાંપી જોતા પાકા-કાચા ચોખાનું જ્ઞાન થાય, તેમ સમકિતરૂપ એક ગુણ આવ્યેથી સિદ્ધના અનંતા ગુણનું જ્ઞાન થાય.

તથા જેમ કોઈ એક વેપારી ઘઉંની ખરીદી કરવા આવ્યો, તિહાં ગોધૂમનો કોઠાર સો કળશીનો ભરેલો હતો, તેમાંથી એક મૂઠી ભરીને વાનગી જોઈ, તેવારે તેને સોએ કળશી ગોધૂમ અમુક જાતના છે, તેનું જ્ઞાન થયું, તેમ સમકિતરૂપ એક ગુણ તે વાનગી સમાન છે, તે જો જીવને આવે, તો તેને સિદ્ધભગવાનના સર્વ ગુણનું જ્ઞાન થાય. તેવારે તેને સિદ્ધના સુખ પ્રગટ કરવાનો ભાવ ઉપજે એવું એ **સમકિત સર્વોત્તમ** છે.

૬૦૯ **શિષ્ય** :—સિદ્ધપરમાત્માના કેટલા ભેદ છે ?

ગુરૂ :—

ગાથા

जिण-अजिण-तित्थ-अतित्था,
गिहि-अण्ण-सलिंग-थी-णर-णपुंसा
पत्तेय-सयंबुद्धा,-बुद्ध-बोहिक्क-णिक्काय ॥ १ ॥

અર્થ :—પ્રથમ **જિનસિદ્ધ** તે તીર્થંકરને કહીએ.

બીજા **અજિનસિદ્ધ** તે સામાન્ય કેવલીને કહીએ.

ત્રીજા **તીર્થસિદ્ધ** તે શ્રીતીર્થંકર જે ચતુર્વિધ સંઘની સ્થાપના કરે, તે સંઘને તીર્થ કહીએ. તે તીર્થ પ્રવર્ત્યા પછી જે મોક્ષે ગયા, તેને **તીર્થસિદ્ધ** કહીએ.

ચોથા તીર્થ પ્રવર્ત્યાની પ્રથમ જ મરુદેવાદિકની પેરે મોક્ષે ગયા, તે **અતીર્થસિદ્ધ** કહીએ.

પાંચમા ઘરમાં બેઠા જે મોક્ષે ગયા, તે **ગૃહસ્થલિંગસિદ્ધ**.

છઠ્ઠા મુનિના વેશ વિના બીજા વેશે જે મોક્ષે ગયા, તે **વલ્કલચિરી** પ્રમુખને **અન્યલિંગસિદ્ધ** કહીએ.

સાતમા સાધુને વેશે જે મોક્ષે ગયા, તે **સ્વલિંગસિદ્ધ** કહીએ.

આઠમા **ચંદનબાલા** પ્રમુખ સ્ત્રીલિંગે જે મોક્ષે ગયા, તે **સ્ત્રીલિંગસિદ્ધ** કહીએ.

નવમા **શ્રીગૌતમ** પ્રમુખ નરલિંગે જે સિદ્ધ થયા, તેને **પુરૂષલિંગસિદ્ધ** કહીએ.

દશમા **ગાંગેય** પ્રમુખ જે નપુંસક મોક્ષે ગયા, તે **નપુંસકલિંગસિદ્ધ** કહીએ.

અગિયારમા **કરકંડુ** પ્રમુખને **પ્રત્યેકબુદ્ધસિદ્ધ** કહીએ.

બારમા **કપિલ** પ્રમુખને **સ્વયંબુદ્ધસિદ્ધ** કહીએ.

તેરમા ગુરૂના બોધથકી જે સિદ્ધ થયા, તે **બુદ્ધબોધિત-સિદ્ધ** જાણવા.

ચૌદમા **વીરભગવાન**ની પેરે જે એક સમયે એકાકી સિદ્ધ થયા, તે **એકસિદ્ધ** કહીએ.

પંદરમા **શ્રીઋષભપ્રભુની** પેરે એક સમયમાં ઘણા સિદ્ધ થયા, તે **અનેકસિદ્ધ** કહીએ.

એ સિદ્ધના પંદર ભેદ જાણવા.

૬૧૦ **શિષ્ય** :—નામથકી, ક્ષેત્રથકી, કાલથકી, ભાવથકી, દ્રવ્યથકી, ગુણથકી, અને પર્યાયથકી તો ઉત્પાદ તથા વ્યય એ બે ભંગ લેવા અને નવમો ધ્રુવ, એ રીતે નવ ભેદે સિદ્ધપરમાત્માનું સ્વરૂપ કેમ જાણીએ ?

ગુરૂ :—પ્રથમ **શ્રીઋષભાદિ** ચોવીશ તીર્થંકર તે નામે કરી સિદ્ધ જાણવા.

બીજા **ક્ષેત્રથકી સિદ્ધ** તે સર્વ સિદ્ધઆશ્રયી પીસ્તાલીશ લાખ યોજન સિદ્ધશિલા પ્રમાણે જાણવા. અને એકસિદ્ધ આશ્રયી તો પોતાના શરીરના પ્રમાણમધ્યેથી ત્રીજો ભાગ ઘટાડી બાકી બે ભાગના શરીરપ્રમાણે આત્મપ્રદેશને ઘન કરી તે પ્રમાણે ક્ષેત્ર સ્પર્શીને સિદ્ધ રહ્યા છે.

ત્રીજા **કાલ** થકી સર્વ **સિદ્ધ** ભગવાન્ તો અનાદિ અનંત ભાંગે રહ્યા છે, અને એક સિદ્ધ આશ્રયી તો સાદિ અનંત ભાંગો જાણવો. કેમકે સિદ્ધિ વર્યા તેની આદિ છે,

અને ફરી પાછું સંસારમાં કોઈ કાલે આવવું નથી, ત્યાં સિદ્ધત્વમાંહે જ રહેવું છે, માટે અંત નથી.

તથા ચોથા **ભાવથકી સિદ્ધભગવાન્** તો શુભાશુભ-વિકારરૂપ જે ભાવ, તે થકી નિવર્ત્તીને પોતાના સ્વભાવમાં વર્તે છે.

તથા પાંચમા **દ્રવ્યથકી સિદ્ધના** જીવ અસંખ્યાત પ્રદેશરૂપ જાણવા.

છઠ્ઠા **ગુણથકી** સિદ્ધપરમાત્માને એકેક પ્રદેશે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ અનંતા ગુણ પ્રગટયા છે.

તથા **પર્યાયથકી** સાતમો ઉત્પાદ અને આઠમો વ્યય તથા નવમો ધ્રુવ, એટલે પર્યાયથકી સિદ્ધના જીવને સમયે સમયે અનંતા અનંત નવા–નવા જ્ઞેયની વર્તનારૂપ પર્યાયનો ઉત્પાદ–વ્યય થઈ રહ્યો છે અને ગુણ તો ધ્રુવાધ્રુવપણે જ વર્તે છે, તેણે કરી સમયે સમયે અનંતા સુખનું આસ્વાદનરૂપ સિદ્ધપરમાત્મા સુખ વિલસે છે.

હવે ઉત્પાદ–વ્યયનું સ્વરૂપ કહે છેઃ—

વસ્તુગતે મૂલપણે જે જ્ઞેયને પ્રગટાવે, તે જ્ઞાનપણું એટલે તે ભાસનપણે પરિણમવું થાય, તેવારે પૂર્વપર્યાયના ભાસનનો વ્યય થયો અને અભિનવ પર્યાયના ભાસનનો ઉત્પાદ થયો, તથા જ્ઞાનપણું તે ધ્રુવ જાણવું.

એ સામાન્ય પ્રકારે ઉત્પાદ–વ્યયનું સ્વરૂપ કહ્યું. જો વિશેષ રીતે કહીએ, તો બાલજીવની સમજણમાં ન આવે.

એ રીતે નવ ભંગીએ કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ જાણવું.

૬૧૧ શિષ્યઃ— હવે નિત્ય, અનિત્ય, એક, અનેક, સત્, અસત્, વક્તવ્ય અને અવક્તવ્ય એ આઠ પક્ષે કરી સિદ્ધનું સ્વરૂપ ઓળખાવે છે.

તિહાં પ્રથમ નિત્ય-અનિત્યપક્ષ કહે છેઃ—

જ્ઞાનાદિક અનંતગુણ સિદ્ધભગવાનને પ્રગટયા છે, તે સદાકાલ નિત્યપણે શાશ્વતા વર્તે છે, તે માટે સિદ્ધને નિત્ય કહીએ.

તથા એ જ્ઞાનાદિક અનંતગુણ જે સિદ્ધને પ્રગટયા છે, તેને વિષે અગુરૂલઘુ પર્યાય સમયે સમયે હાનિવૃદ્ધિરૂપ ઉપજવો-વિણસવો કરે છે, તે માટે સિદ્ધને અનિત્ય પણ કહીએ.

તથા એ અગુરૂલઘુ પર્યાય સમયે-સમયે હાનિ-વૃદ્ધિ રૂપ ઉપજવું-વિણસવું કરે છે, તે અનિત્યપણું છે, તેને વિષે પણ સિદ્ધ ભગવાનના જ્ઞાનાદિક અનંતગુણ નિત્યપણે વર્તે છે, તે અનિત્યમાં નિત્યપણું છે અને પૂર્વોકિત જ્ઞાનાદિક ગુણ નિત્યપણે છે, તેમાં અગુરૂલઘુનું અનિત્યપણું છે, તે નિત્યમાં અનિત્યપણું છે.

એ રીતે નિત્યમાં અનિત્ય અને અનિત્યમાં નિત્ય પક્ષનો વિચાર જાણવો.

૬૧૨-હવે સિદ્ધમાં એક-અનેક પક્ષ કહે છેઃ—

પ્રથમ **શ્રીઋષભાદિ** એવું નામ લેતાં તો સિદ્ધ એક છે, તેથી સિદ્ધને એક કહીએ. અને ગુણ–પર્યાય તથા પ્રદેશ એ સિદ્ધને અનેક છે, એટલે ગુણ અનંતા, પર્યાય અનંતા, પ્રદેશ અસંખ્યાતા, માટે સિદ્ધને અનેક પણ કહીએ. તથા એ ગુણ, પર્યાય અને પ્રદેશ અનેક છે, તેમાં પણ પોતાપણે તે સિદ્ધ એક વર્તે છે, એટલે એકમાં અનેક અને અનેકમાં એક પક્ષનો વિચાર કહ્યો.

૬૧૩–હવે સિદ્ધમાં સત્–અસત્ પક્ષ દેખાડે છેઃ–

તિહાં સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, અને સ્વભાવપણે કરી સિદ્ધ સત્ છે, અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ, તથા પરભાવે કરી સિદ્ધ અસત્ છે. તિહાં સ્વ–દ્રવ્ય તે સિદ્ધમાં જ્ઞાનાદિ ગુણ જાણવા અને સ્વ–ક્ષેત્ર તે પોતાના અસંખ્યાત-પ્રદેશરૂપ ક્ષેત્રને અવગાહીને રહ્યા છે, તથા સ્વ–કાલ તે અગુરૂલઘુપર્યાય સર્વગુણમાં સિદ્ધને હાનિવૃદ્ધિરૂપ ઉપજવો વિણસવો કરે છે, તથા સ્વ–ભાવ તે પોતાના ગુણપર્યાય જાણવા.

એ સર્વ દ્રવ્યાદિક ચાર તેણે કરી સિદ્ધપરમાત્મા સત્ છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ, અને પરભાવપણામાં સિદ્ધનું પોતાનું અસત્પણું વર્તે છે, માટે એ સત્માં અસત્ અને અસત્માં સત્ પક્ષનો વિચાર જાણવો.

૬૧૪–હવે સિદ્ધમાં વક્તાવ્ય–અવક્તાવ્ય પક્ષ દેખાડે છે.

સિદ્ધ પરમાત્માના અનંતા ગુણ છે, તેમાં જેટલા ગુણ કેવલી ભગવાનના પ્રરૂપ્યામાં આવે, તે સર્વ વક્તવ્ય જાણવા અને કેવલી ભગવાનના પ્રરૂપ્યામાં ન આવે, તે અવક્તવ્ય જાણવા.

એ રીતે આઠ પક્ષે કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ જાણવું.

૬૧૫–હવે સપ્તભંગીએ કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ ઓળખાવે છેઃ—

પ્રથમ સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, સ્યાત્, નાસ્તિ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ–નાસ્તિ–યુગપત્ અવક્તવ્ય, સાત ભાંગા કહ્યા.

પ્રથમ સ્યાદસ્તિ ભાંગો ઓળખાવે છેઃ—

તિહાં **સ્યાત્**=અનેકાંતપણે સર્વ અપેક્ષાએ કરી **અસ્તિ**= છતાપણું તેને **સ્યાદસ્તિ** કહીએ. એટલે સિદ્ધનું **સ્વદ્રવ્ય** તે પોતાના ગુણપર્યાયનો સમુદાય જાણવો તથા **સ્વક્ષેત્ર** તે પોતાના અસંખ્યાત પ્રદેશરૂપ ક્ષેત્ર તેને અવગાહી રહ્યા છે, તથા **સ્વકાલ** તે સમયે સમયે ઉત્પાદ–વ્યયની વર્તનારૂપ જાણવો અને **સ્વભાવ** તે અનંતા જ્ઞાનપર્યાય, અનંતા દર્શનપર્યાય, અનંતા ચારિત્રપર્યાય, અનંતા અગુરૂલઘુ પર્યાય, તેણે કરી સિદ્ધને અસ્તિપણું છે, **માટે એ સ્યાત્ અસ્તિ ભાંગો** કહીએ.

બીજો સ્યાન્નાસ્તિ ભાંગો કહે છે.

સિદ્ધમાં પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવ એ ચારેનું નાસ્તિપણું છે, તેણે કરી સ્યાન્નાસ્તિ ભાંગો કહીએ.

હવે સ્યાદસ્તિ–નાસ્તિ ત્રીજો ભાંગો સિદ્ધમાં કહે છેઃ—

તિહાં પ્રથમ ભાંગામાં કહ્યું જે સ્વગુણે અસ્તિ છે, અને બીજા ભાંગામાં કહ્યું જે પરગુણે નાસ્તિ છે, એ બે ભાંગા સિદ્ધને એક સમયે છે, કિંવા સમયાંતરે? તેનો ઉત્તર કહે છેઃ–જે સમયે સિદ્ધને સ્વગુણની અસ્તિ છે, તેહીજ સમયે સિદ્ધને પરગુણની નાસ્તિ પણ છે, તેથી સિદ્ધને અસ્તિ–નાસ્તિ એ બે ભાંગા ભેળા એક સમયમાં જ છે.

હવે સ્યાત્ અવક્તવ્ય નામે ચોથો ભાંગો કહે છેઃ–

તિહાં સ્યાત્ અસ્તિ–નાસ્તિ એ બે ભાંગા એક સમયે છે, પરંતુ સ્યાત્અસ્તિ એટલું વચન કહેતાં થકાં અસંખ્યાતા સમય લાગ્યા, તે વાર પછી **સ્યાત્નાસ્તિ** નામે બીજો ભાંગો કહ્યો, એટલે જે સમયે અસ્તિભાંગો કહ્યો, તે સમયે નાસ્તિપણું કહેવામાં ન આવ્યું અને નાસ્તિ કહેતાં તે સમયે અસ્તિપણું ન આવ્યું, તે વારે **અસ્તિ** કહેતાં નાસ્તિપણાનો મૃષાવાદ લાગ્યો, કિંવા **નાસ્તિ** કહેતાં અસ્તિપણાનો મૃષાવાદ લાગ્યો, એમ એક સમયમાં બે વચન

બોલ્યા જાય નહિ. જેમ એક અક્ષર બોલતાં અસંખ્યાતા સમય લાગી જાય, ત્યાર પછી બીજો અક્ષર બોલવામાં આવે, તે માટે સિદ્ધને ચોથો ભાંગો **અવક્તવ્ય** કહ્યો એટલે **અવક્તવ્ય** = વચનથી અગોચર, વચનથી કહ્યું જાય નહિ, માટે **અવક્તવ્ય** ભાંગો જાણવો.

શિષ્ય પૂછે છે કે તમે અવક્તવ્યપણું કહ્યું, તે અવક્તવ્યપણું સિદ્ધને અસ્તિ ધર્મનું છે, કિંવા નાસ્તિ ધર્મનું છે? તે વારે ગુરૂ કહે છે. જે તે વચનપણે **સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ** એ બે ભાંગા અવક્તવ્ય છે, એટલે પાંચમો **સ્યાદસ્તિ અવક્તવ્ય** અને છઠ્ઠો **સ્યાન્નાસ્તિ અવક્તવ્ય** એ બે ભાંગા કહ્યા.

હવે સાતમો સ્યાત્ અસ્તિ–નાસ્તિ યુગપત્ અવક્તવ્ય ભાંગો કહે છે :—

એટલે સ્યાત્ અસ્તિપણું, નાસ્તિપણું યુગપત્એક સમય છે, પણ વચનથી અવક્તવ્ય છે, માટે એ સાતમો ભાંગો પણ સિદ્ધમાં જાણવો.

૬૧૬–હવે સિદ્ધનું સ્વરૂપ નિત્યાનિત્યાદિની સપ્ત ભંગીએ કરી ઓળખાવે છે :–

સ્યાન્નિત્ય, સ્યાદનિત્ય, સ્યાન્નિત્યાનિત્ય, સ્યાદવક્તવ્ય, સ્યાન્નિત્ય અવક્તવ્ય, સ્યાદનિત્ય અવક્તવ્ય, સ્યાન્નિત્યાનિત્ય યુગપત્ અવક્તવ્ય, એ સાત છે.

તિહાં સ્યાન્નિત્ય નામે પ્રથમ ભાંગો ઓળખાવે છે. એટલે સ્યાત્=અનેકતાપણે સર્વ અપેક્ષાએ કરી અને

નિત્ય = શાશ્વતપણે વર્તે છે, તેને સ્યાત્ નિત્ય ભાંગો કહીએ. તે સિદ્ધભગવાન્‌ને જ્ઞાનગુણના છતા પર્યાય અનંતા, દર્શનગુણના છતા પર્યાય અનંતા, ચારિત્રગુણના છતા પર્યાય અનંતા, અને વીર્યગુણના છતા પર્યાય અનંતા, એમ અનંતા છતા પર્યાય તે સિદ્ધને વિષે સદાકાલ શાશ્વતા નિત્યપણે વર્તે છે, માટે **સ્યાત્ નિત્ય** ભાંગો છે.

હવે સિદ્ધમાં સ્યાદનિત્યં એ બીજો ભાંગો કહે છે :—

શ્રીસિદ્ધપરમાત્માને અનંતા છતા પર્યાય જે પ્રગટ્યા છે, તે એકેક પર્યાયને વિષે અનંતા સામર્થ્ય પર્યાયરૂપ જ્ઞેયની વર્તના સમયે સમયે થઈ રહી છે, એટલે અભિનવપર્યાયનું ઉપજવું અને પૂર્વપર્યાયનું વિણસવું થાય છે, માટે એ સિદ્ધમાં અનિત્યપણું જાણવું. તેથી સ્યાદનિત્યરૂપ બીજો ભાંગો કહ્યો.

હવે સિદ્ધમાં સ્યાન્નિત્ય અનિત્યરૂપ ત્રીજો ભાંગો કહે છે :—

તિહાં સિદ્ધમાં પૂર્વોકત છતા પર્યાય નિત્ય છે, અને સામર્થ્ય પર્યાય અનિત્ય છે. એ બે ભાંગા એક સમયે છે, કિંવા સમયાંતરે ? ત્યાં ગુરૂ કહે છે, કે જે સમયે છતા પર્યાયનું નિત્યપણું છે, તે સમયે જ સામર્થ્ય પર્યાયનું અનિત્યપણું પણ છે, તેથી સિદ્ધને નિત્ય અને અનિત્ય એ બે ભાંગા ભેળા એક સમયે છે, એ સ્યાન્નિત્યઅનિત્ય નામે ત્રીજો ભાંગો કહ્યો.

હવે સિદ્ધમાં સ્યાદવક્તવ્ય નામે ચોથો ભાંગો કહે છે :—

શિષ્ય કહે છે, કે એ નિત્ય, અનિત્ય બે ભાંગા એક સમયે છે, તો આપણે સ્યાન્નિત્ય કહેતાં થકાં પણ અસંખ્યાતા સમય લાગે, તેવાર પછી સ્યાદનિત્ય ભાંગો કહેવાય. માટે નિત્ય કહે તે સમયે અનિત્યપણું ન આવ્યું, અને અનિત્ય કહે, તે સમયે નિત્યપણું ન આવ્યું, એટલે નિત્ય કહેતા અનિત્યપણાનો મૃષાવાદ લાગ્યો, કિંવા અનિત્ય કહેતા નિત્યપણાનો મૃષાવાદ લાગ્યો. તેવારે ગુરૂ કહે છે. જે એમ એક સમયે બે વચન બોલ્યા ન જાય, કેમકે એક અક્ષર બોલતાં અસંખ્યાતા સમય લાગે, તેવાર પછી બીજો અક્ષર બોલવામાં આવે, માટે એ અવક્તવ્યનામે ચોથો ભાંગો સિદ્ધમાં કહ્યો છે, એટલે અવક્તવ્ય = વચનથી અગોચર અર્થાત્ વચનથી કહ્યો જાય નહિં.

એવું સાંભળી શિષ્ય કહે છે. કે હે ગુરૂજી! તમે જે અવક્તવ્યપણું કહ્યું તે સિદ્ધપરમાત્માને નિત્યધર્મનું છે, કિંવા અનિત્યધર્મનું છે? તે વારે ગુરૂ કહે છે, કે વચનપણે નિત્ય અનિત્ય એ બે ભાંગા અવક્તવ્ય છે, એટલે પાંચમો સ્યાન્નિત્ય અવક્તવ્ય અને છઠ્ઠો સ્યાદનિત્ય અવક્તવ્ય ભાંગો કહ્યો.

હવે સાતમો સ્યાન્નિત્ય-અનિત્ય યુગપત્ અવક્તવ્ય ભાંગો કહે છે :—

એટલે એ સ્યાત્ નિત્યાનિત્યપણું યુગપત્ એક સમયે છે, પણ વચનથી અવક્તવ્ય છે, માટે સ્યાત્ નિત્યાનિત્ય યુગપત્ અવક્તવ્ય સાતમો ભાંગો સિદ્ધમાં જાણવો.

૬૧૭–વળી આ રીતે ગુરૂગમથી

સિદ્ધ પરમાત્મામાં એક–અનેકની સપ્તભંગીઓ કરવી.

જેમકે :—

સ્યાદેકં, સ્યાદનેકં, સ્યાદેકાનેકં, સ્યાદવક્તવ્યં, સ્યાદેક અવક્તવ્યં, સ્યાદનેકાવક્તવ્યં, સ્યાદેકાનેકયુગપદ્વક્તવ્યં,

એ રીતે એક–અનેકની સપ્તભંગીઓ કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ ગુરૂમુખે જાણવું.

૬૧૮–વળી સિદ્ધપરમાત્મામાં **સ્યાત્સત્યં, સ્યાદસત્યં, સ્યાત્સત્યાસત્યં, સ્યાદવક્તવ્યં, સ્યાત્સદવક્તવ્યં, સ્યાદસદવક્તવ્યં, સ્યાત્સત્યાસત્યં યુગપદવક્તવ્યં** એ રીતે સત્યાસત્યની સપ્તભંગીએ કરી સિદ્ધનું સ્વરૂપ વિચારવું.

૬૧૯–**વળી સિદ્ધમાં ભવ્ય અભવ્ય સ્વભાવની સપ્તભંગી કરવી, તે આવી રીતે :—**

સ્યાદ્ભવ્યસ્વભાવ, સ્યાદ્ભવ્યસ્વભાવ, સ્યાદ્ભવ્યાભવ્યસ્વભાવ, સ્યાદવક્તવ્ય, સ્યાદ્ભવ્યસ્વભાવ અવક્તવ્ય, સ્યાદ્ અભવ્ય સ્વભાવ અવક્તવ્ય, સ્યાદ્ભવ્યસ્વભાવ અભવ્યસ્વભાવ યુગપદ્વક્તવ્ય, એ સપ્તભંગીએ કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ વિચારવું.

૬૨૦–વળી સિદ્ધમાં ગુણપર્યાયની સપ્તભંગીએ કરવી, તે આવી રીતે :—

સ્યાદ્ગુણ, સ્યાત્પર્યાય, સ્યાદ્ગુણપર્યાય, સ્યાદવક્તવ્ય, સ્યાદ્ ગુણ અવક્તવ્ય, સ્યાત્પર્યાય અવક્તવ્ય, સ્યાદ્ગુણપર્યાય યુગપદવક્તવ્ય, એ રીતે ગુણપર્યાયની સપ્તભંગીએ કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ વિચારવું.

એમ અનંતી સપ્તભંગીઓ સિદ્ધપરમાત્માને વિષે વસ્તુધર્મે રહી છે, પણ તેનો વિસ્તારથી અર્થ કરતા ગ્રંથ વધે, તે માટે એ સામાન્ય પ્રકારે બીજરૂપ સપ્તભંગીનો વિચાર કહ્યો.

૬૨૧—હવે મોક્ષનિષ્પન્ન સ્વરૂપસિદ્ધ અવસ્થામાં ષટ્કારક બતાવે છે :—

તિહાં પ્રથમ જ્ઞાનગુણમાં છ કારક બતાવે છે.

પ્રથમ કર્ત્તા તે સિદ્ધનો જીવ, બીજું કારણરૂપ જ્ઞાન ગુણ છે, ત્રીજું તે જ્ઞાનગુણે કરીને અનંતા જ્ઞેયપદાર્થ જાણવારૂપ કાર્ય કરવું છે, તેણે કરી સમયે સમયે અભિનવ પર્યાયનું જાણપણું સંપજતું જાય, તે ચોથું **સંપ્રદાન.**

સમયે સમયે પૂર્વપર્યાયના જાણપણાનો વ્યય થતો જાય, તે પાંચમું **અપાદાન.**

જ્ઞાનગુણ ધ્રુવનું ધ્રુવપણે જાણવું તે છઠું **આધાર.**

એ સિદ્ધના જ્ઞાનગુણમાં છ કારક કહ્યા.

૬૨૨–હવે સિદ્ધને દર્શનગુણમાં છ કારક કહે છે :—

પ્રથમ કર્ત્તા સિદ્ધનો જીવ; બીજું તેને દર્શનગુણ કારણ મલ્યું.

તેણે કરી ત્રીજું અનંતા દૃશ્ય પદાર્થને દેખવારૂપ કાર્ય કરવું છે.

ચોથું અભિનવપર્યાયનું સમયે સમયે દેખવાપણું સંપજતું જાય, તે **સંપ્રદાન.**

પાંચમું પૂર્વપર્યાયના દેખવાપણાનો સમયે સમયે વ્યય થતો જાય, તે **અપાદાન.**

આધાર તે દર્શનગુણ ધ્રુવને ધ્રુવપણે જાણવો.

૬૨૩—હવે સિદ્ધને ચારિત્રગુણમાં **ષટ્કારક** કહે છે :—

પ્રથમ કર્ત્તા સિદ્ધનો જીવ,

બીજું ચારિત્રગુણ કારણ મલ્યું.

ત્રીજું અનંતા ગુણને વિષે રમણ કરવારૂપ કાર્યને કરવું છે.

ચોથું **સંપ્રદાન** તે અભિનવપર્યાયનું રમણપણું સમયે સમયે સંપજતું જાય.

પાંચમું **અપાદાન** તે પૂર્વપર્યાયના રમણપણાનો સમયે સમયે વ્યય થતો જાય.

છઠ્ઠો **આધાર** તે ચારિત્રગુણ ધ્રુવનું ધ્રુવપણે જાણવું.

૬૨૪–હવે **સિદ્ધના વીર્યગુણમાં ષટ્કારક** બતાવે છે :—

પ્રથમ કર્ત્તા સિદ્ધનો જીવ,

બીજું કારણરૂપ વીર્યગુણ,

ત્રીજું અનંતા ગુણને વિષે સહાયરૂપ કાર્ય કરવું છે.

ચોથું **સંપ્રદાન**, તે અભિનવપર્યાયનું સહાયપણું સમયે સમયે સંપજતું જાય.

પાંચમું **અપાદાન**, તે પૂર્વપર્યાયના સહાયપણાનો સમયે સમયે વ્યય થતો જાય,

છઠ્ઠો **આધાર** તે વીર્યગુણ ધ્રુવનું ધ્રુવપણે જાણવું.

એ રીતે સિદ્ધના વીર્યગુણમાં ષટ્કારક જાણવા.

એ રીતે સિદ્ધપરમાત્માને અનંતા ગુણને વિષે ષટ્કારકરૂપ અનંતા ચક્ર લાગી રહ્યા છે, તેનું જાણપણું કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ ધ્યાવે તે પ્રાણી ગણ્યા દિવસમાં પરમાનંદ પદ પામે.

૬૨૫–**શિષ્ય** :—સિદ્ધપરમાત્માના સ્વરૂપમાં એકરૂપ, અસંખ્યરૂપ, અસંખ્ય અનંતરૂપ, અનંત અનંતરૂપ, અનંત-અનંત ધર્મરૂપ એ પંચભંગીઓ કેમ જાણીએ ?

ગુરૂ :—પ્રથમ નામથકી સિદ્ધને એક=એક કહીએ.

બીજે ક્ષેત્રથકી સિદ્ધને અસંખ=અસંખ્યપ્રદેશી કહીએ.

ત્રીજું સિદ્ધને એકેક પ્રદેશે અનંત ગુણ પ્રગટયા છે, તેવા પ્રદેશ અસંખ્યાતા છે, અને ગુણ અનંતા છે, માટે અસંખ્ય અનંત કહીએ.

ચોથે સિદ્ધપરમાત્માના એકેક ગુણમાં અનંતા અનંત પર્યાયની વર્તનારૂપ જાણવી, તે અનંત અનંતભંગી કહીએ.

પાંચમે સિદ્ધને એકેક પર્યાયે અનંતો ધર્મ પ્રગટયો છે, તે અનંત અનંત ધર્મરૂપ ભંગી જાણવી.

૬૨૬–હવે ચાર નિક્ષેપે કરી સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ ઓળખાવે છે.

પ્રથમ નામસિદ્ધ=સિદ્ધ એવું નામ તે ત્રણે કાલ એકરૂપપણે શાશ્વતું વર્તે છે,

બીજે સ્થાપનાસિદ્ધ તે શ્રીજિનપ્રતિમા સ્થાપવી અથવા દેહમાન મધ્યેથી ત્રીજે ભાગ ઘટાડી બે ભાગ શરીર પ્રમાણે આત્મપ્રદેશનો ઘન કરી સ્થાપનારૂપ ક્ષેત્ર અવગાહી રહ્યા છે.

ત્રીજે દ્રવ્યસિદ્ધ તે તેરમે–ચૌદમે ગુણઠાણે કેવળી ભગવાન્ વર્તે છે, તે ભવ્ય શરીર આશ્રયી દ્રવ્યસિદ્ધ જાણવો, અને જે સિદ્ધિ વર્યા તેના શરીરની ભક્તિ કરીએ તે જ્ઞશરીરનુ દ્રવ્ય જાણવું, તથા શુદ્ધ નિર્મલ અસંખ્યાત

પ્રદેશને વિષે જ્ઞાનાદિ અનંતગુણરૂપ છતા પર્યાય વસ્તુરૂપ પ્રગટયા છે, **તદ્દ્રવ્યનિરિક્ત શરીર** આશ્રયી દ્રવ્ય નિક્ષેપો જાણવો.

એ ત્રણ પ્રકારે સિદ્ધનો દ્રવ્યનિક્ષેપો જાણવો.

તથા સિદ્ધનો સ્વરૂપસામર્થ્ય–પર્યાયપ્રવર્તનારૂપ અનંતો ધર્મ પ્રગટયો છે. તેણે કરી સદાકાલ નવા નવા જ્ઞેયની વર્તનારૂપ પર્યાયનો ઉત્પાદ, વ્યય, સમયે સમયે અનંતો અનંતો થઈ રહ્યો છે, તેથી સિદ્ધ પરમાત્મા અનંતું સુખ ભોગવે છે, તે **ભાવનિક્ષેપો** જાણવો.

એ રીતે ચાર નિક્ષેપે સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ જાણવું.

૬૨૭ **શિષ્યઃ**– સિદ્ધ પરમાત્માના સ્વરૂપમાં અભોગી, ઉપભોગી અને ભોગી, એવી ત્રિભંગી ઉપજે છે, માટે તેણે કરીને સિદ્ધનું સ્વરૂપ કેમ જાણીએ?

ગુરૂઃ– સિદ્ધપરમાત્મા શુભાશુભના હેતુ ઇંદ્રિયસુખના વિકારરૂપ ભોગથકી રહિત છે, તે માટે સિદ્ધને **અભોગી** કહીએ,

તથા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંતચારિત્ર, અને અનંતવીર્ય એ આદિ અનંતા ગુણ પ્રગટયા છે, તે વારંવાર એના એ ગુણ ભોગવ્યામાં આવે છે, તેથી સિદ્ધને **ઉપ-ભોગી** કહીએ.

જે એકવાર ભોગવવામાં આવે, તેને **ભોગ** કહીએ, અને જે વારંવાર ભોગવવામાં આવે, તેને **ઉપભોગ** કહીએ.

તથા સિદ્ધના એક ગુણને વિષે અનંતાનંત પર્યાયની સમયે સમયે ઉત્પાદ વ્યયરૂપ નવા નવા જ્ઞેયની વર્તના થઈ રહી છે, તેણે કરી સિદ્ધપરમાત્મા સમયે સમયે અનંત સુખના આસ્વાદનરૂપ ભોગ કરે છે, તે માટે પર્યાયથકી સિદ્ધને ભોગી કહીએ.

એ રીતે શુભાશુભરૂપ વિભાવના ભોગથકી સિદ્ધ રહિત છે, તે માટે **અભોગી** કહી બોલાવ્યા અને જ્ઞાનાદિ અનંત પર્યાયરૂપ ગુણથકી સિદ્ધને **ઉપભોગી** કહી બોલાવ્યા, એટલે છતા પર્યાયરૂપ ગુણ વારંવાર ફરી કરીને એના જે ભોગવ્યામાં આવે, માટે ઉપભોગ છે, તથા સિદ્ધમાં સામર્થ્ય પર્યાય સમયે સમયે નવા નવા જ્ઞેયની વર્તનારૂપ પલટાય છે, તે માટે સમયે સમયે નવું નવું અનંત સુખ ભોગવે છે.

એટલે પર્યાયથકી સિદ્ધને **ભોગી** કહી બોલાવ્યા, એ પરમાર્થ છે.

એ રીતે ત્રિભંગીએ કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ જાણવું.

૬૨૮ **શિષ્યઃ**–સિદ્ધપરમાત્માનો નિત્યસ્વભાવ કહીએ, અને અનિત્યસ્વભાવ પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂ:- સિદ્ધને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય, એ ચાર ગુણ તથા અવ્યાબાધ, અમૂર્ત અને અનવગાહક એ ત્રણ પર્યાય નિત્ય છે, તે માટે એ **નિત્યસ્વભાવ** કહીએ અને એક અગુરૂલઘુપર્યાય સિદ્ધને સર્વગુણમાં ઉપજવા-વિણસવારૂપ હાનિ-વૃદ્ધિ કરે છે, તે માટે સિદ્ધનો **અનિત્યસ્વભાવ** કહીએ.

એટલે દ્રવ્યાસ્તિયનયે કરી સિદ્ધનો નિત્યસ્વભાવ કહીએ અને પર્યાયાસ્તિકનયે કરી સિદ્ધનો અનિત્યસ્વભાવ કહીએ, એ પરમાર્થ જાણવો.

૬૨૯ **શિષ્ય**:- સિદ્ધપરમાત્માને અસ્તિ તથા નાસ્તિપણું કેમ જાણીએ ?

ગુરૂ :- સિદ્ધપરમાત્માને જ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ લક્ષ્મી પ્રગટ થઈ છે, તેનું સિદ્ધને અસ્તિપણું જાણવું અને પરસ્વભાવ શુભાશુભરૂપ જે ઈન્દ્રિયસુખ તેનું સિદ્ધને નાસ્તિપણું જાણવું.

૬૩૦ **શિષ્ય**:- સિદ્ધને યોગી કહીએ અને અયોગી પણ કહીએ તેનો શો પરમાર્થ ?

ગુરૂ :—સિદ્ધને જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપ ત્રણ ગુણ પ્રગટ થયા છે, માટે એ ત્રણ ગુણે કરી **યોગી** કહીએ. તથા મન, વચન અને કાયા, એ ત્રણે યોગથી સિદ્ધ રહિત છે, માટે **અયોગી** કહીએ,

૬૩૧-**શિષ્ય**:—સિદ્ધને કર્ત્તા કહીએ અને અકર્ત્તા પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂ :—જ્ઞાનના પર્યાય અનંતા છે, તેણે કરી સિદ્ધ પરમાત્મા અનેક જ્ઞેયરૂપ પદાર્થને જાણવારૂપ કાર્ય કરે છે, અને અનંતા દર્શનના પર્યાય તેણે કરી સિદ્ધ અનેક દૃશ્ય પદાર્થને દેખાવારૂપ કાર્ય કરે છે, માટે સિદ્ધને તેના કર્ત્તા કહીએ. અને શુભાશુભવિકારરૂપ ઈન્દ્રિયસુખના હેતુ એવા જે પૌદ્ગલાદિક વિભાવિક વસ્તુ તેના સિદ્ધને અકર્ત્તા કહીએ.

૬૩૨ શિષ્યઃ—સિદ્ધ પરમાત્માનો ભવ્યસ્વભાવ પણ કહીએ અને અભવ્ય સ્વભાવ પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂઃ—જેને પલટણ સ્વભાવ છે, તેને **ભવ્યસ્વભાવ** કહીએ, અને જેને પલટણ સ્વભાવ નથી, તેને **અભવ્ય સ્વભાવ** કરીએ.

ઈહાં સિદ્ધપરમાત્માને જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એ આદિ અનંતા ગુણ પ્રગટયા છે, તેનો કોઈ કાલે વિનાશ થવાનો નથી, એટલે તે કોઈ કાલે પલટાશે નહિ, તે માટે એ અભવ્ય સ્વભાવ સિદ્ધમાં કહીએ. અને સિદ્ધને એક અગુરૂલઘુ પર્યાય કરી અનંતા ગુણમાં હાનિવૃદ્ધિરૂપ સમયે સમયે ઉત્પાદ–વ્યય થાય છે, તે પલટણ સ્વભાવ છે. તેણે કરી સિદ્ધપરમાત્માને ભવ્યસ્વભાવ કહીએ.

૬૩૩–શિષ્યઃ–સિદ્ધપરમાત્માને લાભ કહીએ અલાભ પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂ :—સત્તાગતે અનંતુ સુખ પ્રગટયું; તેનો સિધ્ધને લાભ કહીએ અતે શુભાશુભવિકારરૂપ ઈંદ્રિયસુખના જે ભોગ તેનો સિધ્ધને અલાભ કહીએ.

૬૩૪–શિષ્યઃ–સિદ્ધપરમાત્માને ગ્રાહકસ્વભાવ કહીએ, અને અગ્રાહકસ્વભાવ પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ !

ગુરૂઃ–સિધ્ધપરમાત્માએ શુકલધ્યાનરૂપ અગ્નિએ કરી સર્વ કર્મ બાલી પોતાના સ્વરૂપનું ગ્રહણ કરી લોકને અગ્રભાગે જઇ અનંતસુખરૂપ આસ્વાદનનું ગ્રહણ કર્યું છે, તે માટે **ગ્રાહકસ્વભાવ** કહીએ, અને ચાર ગતિરૂપ સંસારમાં મોહની કર્મને વશે હતા, તે વારે સમયે સમયે અનંતા કર્મરૂપ દળીયાનું ગ્રહણ કરતા હતા, તે થકી હમણા નિવર્ત્યા માટે **અગ્રાહકસ્વભાવ** કહીએ.

૬૩૫ શિષ્ય :–સિધ્ધપરમાત્માનો સ્થિરસ્વભાવ કહીએ, અને અસ્થિરસ્વભાવ પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ !

ગુરૂઃ–સિધ્ધપરમાત્મા સકલ કર્મ ખપાવી પોતાનું રૂપ નિપજાવી લોકને અંતે સાદિ અનંતમે ભાંગે ને આકાશપ્રદેશરૂપ ક્ષેત્રને અવગાહી રહ્યા છે, તિહાં થકી કોઇ કાલે એ પ્રદેશ મૂકી બીજે પ્રદેશે જવું નથી, માટે **સ્થિર સ્વભાવ** કહીએ અને જે અનંતગુણ સિધ્ધને પ્રગટયા છે; તેનું પણ કોઈ કાલે વિનાશપણું નથી, તે પણ સિધ્ધનો સ્થિરસ્વભાવ કહીએ તથા પર્યાયનું સમયે સમયે પલટણપણું એટલે પર્યાયે કરી હાનિવૃધ્ધિ થાય છે, તે સિધ્ધપરમાત્માનો **અસ્થિરસ્વભાવ** જાણવો.

૬૩૬ **શિષ્ય** :—સિદ્ધને રક્ષક કહીએ અને અરક્ષક પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂ :—સિદ્ધપરમાત્માને સત્તાએ જ્ઞાનાદિ અનંત-ગુણ રૂપ જે લક્ષ્મી પ્રગટ થઈ છે, તેના રક્ષક છે, માટે સિદ્ધને રક્ષક કહીએ, અને પુદ્ગલાદિ વિભાવરૂપ જે લક્ષ્મી તે થકી સિદ્ધ રહિત છે, તે માટે તેના **અરક્ષક** કહીએ,

૬૩૭ **શિષ્ય**:—સિદ્ધપરમાત્માનો અચલિત સ્વભાવ પણ કહીએ, અને ચલિત સ્વભાવ પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂ:—સિદ્ધપરમાત્માને સત્તાગતે જ્ઞાનાદિ અનંતગુણ પ્રગટયા છે, તેનો કોઈ કાલે વિનાશ નથી. માટે સિદ્ધનો **અચલિતસ્વભાવ** કહીએ, અને નવા નવા જ્ઞેયની વર્તના રૂપ સમયે સમયે ઉત્પાદ-વ્યય થાય છે, તે માટે સિદ્ધ-પરમાત્માનો **ચલિતસ્વભાવ** કહીએ.

૬૩૮ **શિષ્ય**:—સિદ્ધપરમાત્માનો રમણિક સ્વભાવ કહીએ, અને અરમણિક સ્વભાવ પણ કહીએ, એનો શ્યો પરમાર્થ ?

ગુરૂ:—શુકલધ્યાનરૂપ અગ્નિએ કરી ઘાતી-અઘાતી રૂપ કર્મઆવરણ ટાળી જ્ઞાનાદિ અનંતગુણરૂપ પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું, તેને વિષે સિદ્ધપરમાત્માને **રમણિક**-પણું છે, અને ઈંદ્રિયસુખની હેતુ એવી જે પરસ્વભાવરૂપ વિભાવદશા તિહાં થકી સિદ્ધને **અરમણિક**પણું જાણવું,

૬૩૯ શિષ્યઃ—સિદ્ધપરમાત્માનો વ્યાપક સ્વભાવ કહીએ, અને અવ્યાપક સ્વભાવ પણ કહીએ, તેનો શ્યો પરમાર્થ ?

ગુરૂ :—સિદ્ધપરમાત્માને સત્તાગતે સામાન્ય વિશેષ રૂપ જ્ઞાન, દર્શન, આદિ અનંતા ગુણ પ્રગટયા છે, તેમાં વ્યાપકપણું જાણવું. અને પરભાવરૂપ વિભાવદશા થકી સિદ્ધ પરમાત્મા રહિત છે, તે માટે તેમાં અવ્યાપકપણું જાણવું. એ રીતે બે ભંગીએ કરી સિદ્ધપરમાત્માનું સ્વરૂપ કહ્યું.

૬૪૦ હવે સિદ્ધ પરમાત્માના અન્વયી ગુણ લખીએ છીએ.

૧ અનંતજ્ઞાનમય.
૨. અનંતદર્શનમય.
૩, અનંતચારિત્રમય,
૪. અનંતતપોમય.
૫. અનંતભોગમય.
૬. અનંતદાનમય.
૭. અનંતલાભમય.
૮. અનંતભોગમય.
૯. અનંતઉપભોગમય.
૧૦. અનંતબલમય.

એ સિદ્ધ પરમાત્માના અન્વયી ગુણ કહ્યા.

૬૪૧ –હવે સિદ્ધપરમાત્માના વ્યતિરેકી ગુણ લખીએ છીએ.

૧. ક્રોધ રહિત

૨. માનરહિત.

૩. માયારહિત.

૪. લોભરહિત.

૫. હાસ્યરહિત.

૬. રતિરહિત.

૭. અરતિરહિત.

૮. રાગરહિત.

૯. દ્વેષરહિત.

૧૦. મોહરહિત,

૧૧. મિથ્યાત્વરહિત.

૧૨. નિદ્રારહિત.

૧૩. કામરહિત.

૧૪. અજ્ઞાનરહિત.

૧૫. મનરહિત.

૧૬. વચનરહિત.

૧૭; કાયારહિત.

૧૮. સંસારરહિત.

૧૯. ઇંદ્રિયરહિત.

૨૦. કંદર્પરહિત.

૨૧. શબ્દરહિત.

૨૨. રૂપરહિત.

૨૩. રસરહિત.

૨૪. સ્પર્શરહિત.

૨૫. ગંધરહિત.

૨૬. આહારરહિત.

૨૭. નિહારરહિત.

૨૮. રોગરહિત.

૨૯. ભયરહિત.

૩૦. શોકરહિત.

૩૧. જુગુપ્સારહિત.

આ પ્રમાણે વ્યતિરેક ગુણ જાણવા.

૬૪૨–હવે સિદ્ધ પરમાત્માના અન્વયી અને વ્યતિરેકી એ બે ગુણ ભેળા લખીએ છીએ.

૧. નિરાકાર.

૨. નિરાલંબ.

૩. નિરાશી.

૪. નિરુપાધિ.

૫. નિર્વિકારી.

૬. અક્ષય.

૭. અનાદિ.

૮. અનંત.

૯. અખંડ.

૧૦. અક્ષર.

૧૧. અનક્ષર.

૧૨. અચલ.

૧૩. અકલ.

૧૪. અમલ.

૧૫. અગમ.

૧૬. અનાદમી (?)

૧૭. અરુપી.

૧૮. અકર્મી.

૧૯. અબંધક.

૨૦. અનુદય.

૨૧. અનુદીરક.

૨૨. અભેદી.

૨૩. અવેદી.

૨૪. અછેદી.

૨૫. અખેદી.

૨૬. અસખ્યાયી.

૨૭. અલેશ્યી.

૨૮. અલેાગી.

૨૯. અવ્યાબાધ.

૩૦. અનંતઅનવગાહી.

૩૧. અગુરુલઘુ.

૩૨. અપરિણામી.

૩૩. અનિંદ્રિય.

૩૪. અવિકારી.

૩૫. અયેાનિ.

૩૬. અવ્યાપી.

૩૭. અનાશ્રયી.

૩૮. અકંપ.

૩૯. અવિરેાધી.

૪૦. અખંડિત.

૪૧. અનાશ્રવ.

૪૨. અલખ્ય.

૪૩. અશેાક.

૪૪. અલેાક (?)

૪૫. લેાકાલેાકજ્ઞાયક.

૪૬. સ્વદ્રવ્યવંત.

૪૭ સ્વક્ષેત્રવંત.

૪૮ સ્વકાલવંત.

૪૯ સ્વભાવવંત.

૫૦ દ્રવ્યાસ્તિકપણે નિત્ય.

૫૧ પર્યાયાસ્તિકપણે અનિત્ય.

૫૨ ગુણપર્યાયપણે નિત્યાનિત્ય.

૫૩. સિદ્ધસ્વરુપી

૫૪ સ્વસત્તાવંત.

૫૫ પરસત્તા રહિત.

૫૬ સ્વક્ષેત્રે અવગાહિક.

૫૭ પરક્ષેત્રસ્વપણે અનવગાહિક

૫૮ ધર્માસ્તિકાયથકી ભિન્ન.

૫૯ અધર્માસ્તિકાયથકી ભિન્ન.

૬૦ આકાશાસ્તિકાયથકી ભિન્ન.

૬૧ પુદ્ગલાસ્તિકાયથકી ભિન્ન.

૬૨ કાલથકી ભિન્ન.

૬૩ સ્વભાવના કર્ત્તા.

૬૪ પરભવના અકર્ત્તા.

૬૫ લોકપ્રમાણ અવગાહનાવંત.

૬૬ શુદ્ધ.

૬૭ બુદ્ધ.

૬૮ અમર.

૬૯ અપર.

૭૦ અપરંપર.

૭૧ સ્વભાવરમણી

૭૨ સહજાનંદી.

૭૩ પૂર્ણાનંદી.

૭૪ અજર.

૭૫ અવિનાશી.

૭૬ એક.

૭૭. અસંખ્ય.

૭૮ અનંત.

આદિ અનંત ગુણે કરી વિરાજમાન.

૬૪૩ **શિષ્ય** :—સિદ્ધપરમાત્માને દાન અનંતુ છે, લાભ અનંતો છે, ભોગ અનંતો છે, ઉપભોગ અનંતો છે, તેનો શો પરમાર્થ ? તથા તે દાન કોને આપે છે ? લાભ શાનો થાય છે ? ભોગ તે શેનો છે ? અને ઉપભોગ તે શેનો છે ?

ગુરૂ :—સિદ્ધપરમાત્મને વીર્યગુણ તે સહકાર દે છે, તેમ જ જ્ઞાનગુણના ઉપયોગ વિના વીર્ય સ્ફુરી શકે નહિ, તેથી વીર્યને સહાય જ્ઞાનગુણનું છે, તથા જ્ઞાનમાં રમણતા તે

ચારિત્રનું સહાય છે, એમ એક ગુણને અનંતગુણનું સહાય છે, હવે જે ગુણ સહાય દે છે, તે આત્માના ગુણમાં દાનધર્મ છે.

તે સિદ્ધના જીવ પ્રતિસમયે અનંત સ્વગુણસહાયરૂપ શક્તિની પ્રાપ્તિ તે સિદ્ધના જીવને લાભ છે,

તથા સિદ્ધના જીવ પોતાના પર્યાયને પ્રતિસમયે ભોગવે છે. તે ભોગ છે.

તથા સિદ્ધના જીવ સ્વાભાવિક જે સ્વગુણ તેને વારંવાર ભોગવે છે, માટે તેનો ઉપભોગ છે.

એમ સિદ્ધને દાન સ્વરૂપનું છે, લાભ પણ સ્વરૂપનો છે. ભોગ સ્વપર્યાયનો છે અને સ્વાભાવિક સ્વગુણનો ઉપભોગ છે.

એ રીતે એક સિદ્ધ આશ્રથી કિંચિન્માત્ર લખ્યું છે, એવા અનંતા સિદ્ધ વર્તે છે, તે માટે એક સિદ્ધનું સ્વરૂપ જાણ્યું એટલે સર્વ સિદ્ધનું સ્વરૂપ જાણ્યું.

તેથી એક સિદ્ધનું નયસાપેક્ષ સ્વરૂપ જેના જાણવામાં આવે, તેને જ્ઞાની કહીએ, અને જેની શ્રદ્ધામાં બેસે, ગુરૂગમથી અંતરંગ સદ્દહે, તેને સમકિતી કહીએ.

૬૪૪–એવા પુરૂષને સિદ્ધના સુખ નજીક છે, એવા પુરુષ સંસારમાં જે રહ્યા છે, તે માત્ર ભવસ્થિતિના વાંક (પ્રતિબંધ) થકી રહ્યા છે, અને એવી ઓળખાણના ધણી જે

સિદ્ધપરમાત્માને નમસ્કાર કરે છે, એટલે ' **णमो सिद्धाणं** ' કહે છે, તે ઘણી નિર્જરા કરે છે. તે માટે તેને નિશ્ચય સમકિતના ધણી કહીએ.

તથા જેણે એવી રીતની ઓળખાણ કરી નથી, અને જે "**णमो सिद्धाणं**" કહી સિધ્ધને નમસ્કાર કરે છે, તે સૂડા જેમ રામનો ઉચ્ચાર કરે છે, તેની પરે આચરણ જાણવું, તિહાં સુધી મિથ્યાત્વ છે, પણ સકામ નિર્જરા થાય નહિ.

કેમકે નિર્જરા તો જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ક્રિયાથી થતી ઓળખાણને હાથ છે, માટે સિદ્ધનું સ્વરૂપ જાણવાનો ઘણો ખપ કરવો.

જેણે ઉક્ત પ્રકારે સિદ્ધનું સ્વરૂપ ન જાણ્યું તેના દ્રવ્યનિક્ષેપા છે. '**अणुवओगो दव्वं**' એ શ્રી **અનુયોગદ્વારનું** વચન છે.

૬૪૫–વલી કહ્યું છે, જે પદ, અક્ષર, માત્રા, શુદ્ધસિદ્ધાંત વાંચતાં–પૂછતાં, અર્થ કરે છે, ગુરૂમુખે સદ્દહે છે, તે પણ શુધ્ધ નિશ્ચયસત્તા ગુરૂગમથી નયસાપેક્ષ રીતે ઓળખ્યા વિના સર્વે દ્રવ્યનિક્ષેપે છે, અને જે **ભાવ વિના દ્રવ્યનય છે, તે પુણ્યબંધનું કારણ છે**, પણ મોક્ષનું કારણ નથી, એટલે જે જીવ કરણીરૂપ કષ્ટ તપશ્ચર્યા કરે છે, પણ જીવ–અજીવની સત્તા નયસાપેક્ષ રીતે જ્ઞાનીની નિશ્રાએ ઓળખી નથી, તેને **ભગવતીસૂત્રમાં** અવ્રતી–અપચ્ચખ્ખાણી કહ્યા છે.

તથા જે બાહ્યથી એકલી તપશ્ચર્યારૂપ કરણી કરે છે, અને પોતાને સાધુ કહેવરાવે છે, તે **મૃષાવાદી** છે.

શ્રી **ઉત્તરાધ્યયનમાં** '**ण मुणी अरण्णवासेणं**' એ વચને તથા '**णाणेणमुणी होइ**' એ વચને જે નયસાપેક્ષ આજ્ઞાશુદ્ધ જ્ઞાની તે મુનિ છે, અને અજ્ઞાની તે મિથ્યાત્વી છે.

તથા કોઈ ગણિતાનુયોગ જે નારકી દેવતાના ભોલ યતિ–શ્રાવકનો આચાર જાણીને કહે જે અમે જ્ઞાની છીએ! પરંતુ તે જ્ઞાની નથી. જે દ્રવ્યગુણપર્યાયનું સ્વરૂપ જ્ઞાની-ગુરૂમુખે નયસાપેક્ષ જાણે તેને જ્ઞાની કહીએ.

ઉત્તરાધ્યયનના મોક્ષમાર્ગાધ્યયનમાં કહ્યું છે.

तथा च तत्सूत्रं ॥

एवं पंचविहं णाणं, दव्वाण य गुणाण य।
पज्जवाण य सव्वेसिं, जं णाणादि दंसिआ ॥१॥

અર્થ:— પાંચ પ્રકારે જ્ઞાનનું સ્વરૂપ તથા દ્રવ્યનું સ્વરૂપ, ગુણપર્યાય સહિત જાણે, તેઓને સમ્યગ્જ્ઞાની જાણવા.

તિહાં પ્રથમ પાંચ પ્રકારે જ્ઞાનનું તથા ષડ્દ્રવ્યનું સ્વરૂપ જ્ઞાનીગુરૂની નિશ્રાએ—

રૂપી–અરૂપીપણે
નિશ્ચયવ્યવહારથી જાણે.

તથા ઉત્સર્ગ–અપવાદથી જાણે.

તથા દેશવ્યાપી–સર્વવ્યાપીપણે જાણે.

તથા પ્રત્યક્ષ-પરોક્ષ એ બે પ્રમાણે કરી જાણે.

તથા કર્ત્તા, કારણ ને કાર્યપણે જાણે.

તથા હેય, જ્ઞેય, ઉપાદેયપણે જાણે.

તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથકી જાણે,

તથા નામાદિક ચાર નિક્ષેપે જાણે.

એટલે કે ઋજુસૂત્રનયને મતે ચારનિક્ષેપે જાણે.

તથા શબ્દનયને મતે ચાર નિક્ષેપે જાણે.

તથા સમભિરૂઢનયને મતે ચાર નિક્ષેપે જાણે

તથા પંચ સમવાયે કરી જાણે.

તથા ષટ્કારકે કરી જાણે.

તથા નૈગમાદિક સપ્ત નયે કરી જાણે.

તથા નિત્ય અનિત્યાદિક આઠ પક્ષે કરી જાણે.

તથા નિશ્ચય-વ્યવહારથી જાણે.

તથા નામ, દ્રવ્ય ક્ષેત્ર, કાલ, ભાવ અને
ગુણ, પર્યાયથકી જાણે.

તથા ઉત્પાદ, વ્યય, ધ્રુવપણે જાણે.

એ રીતે પાંચ જ્ઞાનનું તથા ષડ્દ્રવ્યનું સ્વરૂપ જ્ઞાન
જ્ઞાનીગુરૂની નિશ્રાએ નયસાપેક્ષ રીતે જાણે.

—તે નિશ્ચયસમ્યગ્ જ્ઞાની જાણવા.

હવે એ ઉપર પ્રશ્ન કહ્યા તેનો અર્થ કરવાથકી આ ગ્રંથ ઘણો વધે, માટે એમાંથી કેટલાએક પ્રશ્નનો અર્થ રહસ્ય જાણવા સારૂ કહું છું, તે પ્રમાણે વિસ્તાર બુધ્ધિના ધણી હશે, તે સર્વનો અર્થ વિચારી લેશે.

૬૪૬–પ્રથમ પાંચ પ્રકારે જ્ઞાનનું સ્વરૂપ તથા ષડ્‌દ્રવ્યનું રૂપી–અરૂપીપણે નિશ્ચય–વ્યવહારથી જાણવા આશ્રયી કહીએ છીએ.

તિહાં પ્રથમના ચાર જ્ઞાન તે ઇંદ્રિયને અનુયાયી છે. અને રૂપી પદાર્થને દેખે છે, અને એ ચાર જ્ઞાનનો ઉપયોગ પાછો ટળી જશે; કેમકે અવધિજ્ઞાન અને મનઃપર્યવ જ્ઞાનનો ઉપયોગ છઠ્ઠા–સાતમા ગુણઠાણા લગે છે, અને શ્રુત જ્ઞાનનો ઉપયોગ બારમા ગુણઠાણા સુધી છે, પછી નથી.

એટલે ચાર જ્ઞાન તે ઇંદ્રિયને અનુયાયી વ્યવહારનયને મતે રૂપીપણે પ્રગટયા, અને દેખે પણ રૂપી પદાર્થને છે, માટે રૂપી જાણવા અને એક કેવલજ્ઞાન તે શુધ્ધનિશ્ચયનયે અરૂપીપણે સાદિ–અનંતમે ભાંગે પ્રગટે તેનો ઉપયોગ આવ્યો થકો જાય નહિ, અને ઇંદ્રિયના અનુયાયીપણા વિના રૂપી–અરૂપી સર્વ પદાર્થને જાણે, માટે એ કેવલજ્ઞાન તે નિશ્ચયનયે અરૂપી જાણવું.

વળી એ પાંચ જ્ઞાનનું સ્વરૂપ નિશ્ચય–વ્યવહારનયે કરી રૂપી–અરૂપીપણે દેખાડે છે.

એ પાંચ જ્ઞાન કર્મરૂપ આવરણને અભાવે અરૂપીપણે પ્રગટયા તેને પાછા કર્મરૂપ આવરણ લાગે નહિ, માટે નિશ્ચયનયે કરી પાંચે જ્ઞાન અરૂપી જાણવા. અને એ પાંચે જ્ઞાન કર્મરૂપ આવરણને અભાવે પ્રગટયા તો અરૂપીપણે છે, પણ તેના પર્યાયરૂપી પદાર્થમાં ભળ્યા, કેમકે ચાર જ્ઞાન તો રૂપીપદાર્થને જ દેખે છે, માટે રૂપી પદાર્થમાં ચાર જ્ઞાનના પર્યાય પ્રગટયા, તેથી વ્યવહારનયને મતે એ પાંચે જ્ઞાન રૂપી પણ જાણવા.

હવે ષડ્દ્રવ્યનું સ્વરૂપ નિશ્ચય વ્યવહારનયે કરી રૂપી અરૂપીપણે દેખાડે છે :-

તિહાં ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને કાલ, એ પાંચ દ્રવ્ય નિશ્ચયનયે કરી અરૂપી જાણવા અને એક પુદ્ગલદ્રવ્યના પરમાણુઓ તે જો કે રૂપી જ છે, તોપણ ઘણા સૂક્ષ્મ છે, કેમકે છદ્મસ્થમુનિરાજ ચાર જ્ઞાનના ધણી તેની નજરે પણ ન આવે અને શાશ્વતા છે, માટે ઉપચારે કરી અરૂપીમાં ગણ્યા.

એ રીતે છએ દ્રવ્ય નિશ્ચયનયે કરી અરૂપી અને વ્યવહારનયે કરી તો ચાર દ્રવ્ય અરૂપી જાણવા.

તથા જીવ અને પુદ્ગલ, એ બે દ્રવ્ય રૂપી જાણવા.

કેમકે જીવ ચાર ગતિમાં નવા નવા ભવે કરી નવા નવા નામ ધરાવી ચવવું-ઉપજવું કરે છે, તે નજરે જોવામાં આવે છે, માટે રૂપી જાણવા. અને પુદ્ગલપરમાણુઓ

પણ ઘણા ભેળા મળી સ્કંધ બને છે, તે નજરે જોવામાં આવે છે.

માટે એ બે દ્રવ્ય વ્યવહારનયે કરી રૂપી જાણવા. અને ધર્માસ્તિકાયાદિક ચાર દ્રવ્ય અરૂપી જાણવા. ઇતિ **પ્રથમ પ્રશ્ન :**

૬૪૭–હવે બીજા પ્રશ્નમાં પાંચ પ્રકારનું જ્ઞાન તથા દ્રવ્યનું સ્વરૂપ ઉત્સર્ગ–અપવાદે કરી કહે છે :—

તિહાં પાંચ જ્ઞાન મધ્યે મતિ–શ્રુતાદિ ચાર જ્ઞાન તે ઇંદ્રિયને અનુયાયી વ્યવહારનયને મતે રૂપીપણે પ્રગટયા, અને દ્વેષે પણ રૂપી પદાર્થને છે, માટે અપવાદે કારણરૂપ જાણવા અને એક કેવળજ્ઞાન તે શુદ્ધનિશ્ચયનયે કરી અરૂપી લોકાલોક ભાસ્કર ઇંદ્રિયની સહાય વિના સર્વ જ્ઞેય પદાર્થને જાણે, માટે ઉત્સર્ગે કાર્યરૂપ જાણવા.

હવે ષડ્દ્રવ્યનું સ્વરૂપ ઉત્સર્ગ–અપવાદે કહેતાં થકાં ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને કાલ એ પાંચ દ્રવ્યના અનંતા ગુણ, અનંતા પર્યાય તેના જાણપણારૂપ પ્રતીતિ ગુરૂમુખે કરવી, તે સર્વે અપવાદે કારણરૂપ છે.

તથા એક જીવદ્રવ્યનું સ્વરૂપ શુદ્ધ, નિર્મલ ચિદાનંદરૂપ પરમજ્યોતિ, અવિનાશી, અવિચલ, સર્વ વિભાવથકી રહિત શુદ્ધ નિશ્ચયનયે કરી સત્તાએ સિદ્ધસમાન જ્ઞાનાદિ અનંત ગુણરૂપ છતા પર્યાય તથા સામર્થ્યપર્યાયરૂપ અનંતીશક્તિનો ધણી, તેનું સ્વરૂપ તે ઉત્સર્ગ કાર્યરૂપ જાણવું. એ **બીજો પ્રશ્ન:**

૬૪૮–હવે ત્રીજા પ્રશ્ન મધ્યે પાંચ પ્રકારનું જ્ઞાન તથા ષડ્દ્રવ્યનું સ્વરૂપ દેશ વ્યાપી તથા સર્વવ્યાપીપણે જાણવું તે કહે છે :—

મતિશ્રુતાદિ ચાર જ્ઞાન, તે પોતપોતાની મર્યાદાપ્રમાણે ઉપયોગ દીધે લોકમાં એના પર્યાય પ્રવર્તે, તે પ્રમાણે જ્ઞેય-પદાર્થ જાણે, માટે દેશવ્યાપી જાણવા અને એક કેવલજ્ઞાનનો ઉપયોગ તે પ્રયાસ વિના સર્વપર્યાય લોકાલોકમાં વ્યાપી રહ્યા છે, તેણે કરી સર્વ જ્ઞેયપદાર્થ એક સમયમાં જાણે છે, માટે સર્વવ્યાપી જાણવો.

૬૪૯–હવે છ દ્રવ્યમાં દેશવ્યાપી અને સર્વ-વ્યાપીપણું કહે છે :—

તિહાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, એ બે દ્રવ્ય લોકવ્યાપી અસંખ્યાત પ્રદેશી જાણવા, તેમજ એક જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી છે, એવા અનંતા જીવદ્રવ્ય છે, તે પણ લોકવ્યાપી જાણવા, તથા પુદ્ગલદ્રવ્યના પરમાણુઓ અનંતપ્રદેશી, તે પણ લોકવ્યાપી જાણવા, તથા કાલદ્રવ્યનો સમય એક પણ પ્રવર્તન કાલ તે અઢીદ્વીપ વ્યાપી જાણવો, અને એક આકાશદ્રવ્યના અનંતા પ્રદેશ તે લોકાલોકવ્યાપી જાણવા.

એ રીતે એક આકાશ વિના પાંચ દ્રવ્ય લોકવ્યાપી છે, માટે દેશવ્યાપી જાણવા અને એક આકાશદ્રવ્ય તે લોકા-લોકમાં વ્યાપી રહ્યો છે, માટે સર્વવ્યાપી છે. **એ ત્રીજો પ્રશ્ન થયો.**

૬૫૦–હવે ચોથા પ્રશ્નને વિષે પાંચ પ્રકારે જ્ઞાન તથા ષડ્દ્રવ્યનું સ્વરૂપ પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણે કરી દેખાડે છે :—

તિહાં પ્રથમ પ્રત્યક્ષ પ્રમાણના બે ભેદ છે. એક સર્વ-પ્રત્યક્ષ અને બીજું દેશપ્રત્યક્ષ. તેમાં કેવલજ્ઞાને કરી ષડ્દ્રવ્યના અનંતા ગુણ અને અનંતા પર્યાયરૂપ લોકાલોકના સર્વભાવ પ્રત્યક્ષપણે જાણે, તે **સર્વપ્રત્યક્ષ** જાણવું. અને મનઃપર્યવજ્ઞાન તે મનોવર્ગણાને પ્રત્યક્ષપણે જાણે, બીજું અવધિજ્ઞાન તે પુદ્ગલવર્ગણાને પ્રત્યક્ષપણે જાણે, એ સર્વ દેશપ્રત્યક્ષ જાણવા.

હવે બીજું પરોક્ષજ્ઞાન છે તે પરોક્ષપ્રમાણના ત્રણ ભેદ છે. એક **આગમપ્રમાણ**, તે આગમે કરી તિર્યંચ મનુષ્ય, દેવતા, યાવત્ સિદ્ધઅવસ્થાનું સ્વરૂપ જાણે, બીજું **અનુમાને** કરી અનેક વસ્તુનું પ્રમાણ કરે, જેમ કોઈના ઘરમાં ધૂમાડો દેખી અગ્નિનું અનુમાન થાય, અથવા કોઈનું મુખ દેખી રોગ–શોક–ચિંતાનું અનુમાન થાય, અને ત્રીજું **ઉપમા-પ્રમાણ**, તે કોઈ જીવ–અજીવરૂપ વસ્તુને અનેક પ્રકારે ઉપમા આપી બોલાવીએ, જેમ તીર્થંકરને ગંધહસ્તી તથા ચિંતામણિરત્નની ઉપમા દેવી, તે સર્વે ઉપમા પ્રમાણ કહીએ.

એ રીતે પાંચ જ્ઞાન તથા ષડ્દ્રવ્યનું સ્વરૂપ એ બે પ્રમાણે કરી જાણવું. એ **ચોથો પ્રશ્ન થયો.**

૬૫૧–હવે પાંચમા પ્રશ્નમાં પાંચ પ્રકારનું જ્ઞાન તથા ષડ્દ્રવ્યનું સ્વરૂપ, કર્ત્તા, કારણ અને કાર્યરૂપ ત્રિભંગીએ કરી દેખાડે છે :—

તિહાં કર્ત્તા જીવ તેને દેવ-ગુરૂ કારણરૂપ મળ્યા, તે વારે જીવને સમ્યગ્ જ્ઞાનરૂપ કાર્ય નિપજ્યું.

તથા કર્ત્તા જીવ તેને સમ્યગ્જ્ઞાનરૂપ કારણ મળ્યું, તે વારે જીવને શ્રુતાદિ ચાર જ્ઞાનરૂપ કાર્ય નિપજ્યું.

વળી કર્ત્તા જીવ તેને કારણરૂપ ચાર જ્ઞાન મળ્યા, તે વારે જીવને કેવલજ્ઞાનરૂપ કાર્ય નિપજ્યું.

વળી કર્ત્તા જીવ તેને કાલદ્રવ્ય કારણરૂપ મળ્યું, તે વારે જીવને નવા-પુરાણારૂપ કાર્ય નિપન્યું.

વળી કર્ત્તા જીવ તેને કેવલજ્ઞાનરૂપ કારણ મળ્યું, તે વારે અનેક જ્ઞેયપદાર્થ જાણવારૂપ કાર્ય નિપન્યું.

હવે છ દ્રવ્યમાં કર્ત્તા, કારણ અને કાર્યપણું દેખાડે છે :—

તિહાં કર્ત્તા જીવ અને કારણ ધર્માસ્તિકાય મળ્યો, તેવારે જીવને ચાલવારૂપ કાર્ય નિપજ્યું.

વળી કર્ત્તા જીવ તેને આકાશાસ્તિકાય કારણ મળ્યું, તે વારે જીવને અવગાહનારૂપ કાર્ય નિપન્યું.

વળી કર્ત્તા જીવ અને તેને અધર્માસ્તિકાય કારણ મળ્યું, તે વારે જીવતે સ્થિર રહેવા રૂપ કાર્ય નિપન્યું.

વળી કર્ત્તા જીવ તેને પુદ્ગલદ્રવ્ય કારણરૂપ મળ્યું, તે વારે જીવને સમયે-સમયે અનંતા પુદ્ગલ પરમાણુઓ લેવા તથા ખેરવવારૂપ કાર્ય નિપજ્યું.

એ રીતે પાંચ પ્રકારે જ્ઞાન તથા ષડ્દ્રવ્યનું સ્વરૂપ કર્ત્તા, કારણ અને કાર્યપણે જાણવું. **એ પાંચમો પ્રશ્ન :**

એ રીતે શ્રી **ઉત્તરાધ્યયન** સૂત્રમાં એકવીશ પ્રશ્ન કહ્યા છે, તેમાં પાંચ પ્રશ્નનો અર્થ કહ્યો. શેષ પ્રશ્નના અર્થનો જે વિસ્તારબુદ્ધિના ધણી હોય તે પરમાર્થ જાણી લેજો.

૬૫૨–એ પ્રમાણે જે જાણી, આદરીને જ્ઞાનીની નિશ્રાએ પાલે, તેને જાણ કહીએ, તેનું સ્વરૂપ ઓળખાવવાને ચોભંગી લખીએ છીએ :—

પહેલા જીવ જાણે, આદરે અને પાલે,

બીજા જીવ જાણે, આદરે અને ન પાલે,

ત્રીજા જીવ જાણે, ન આદરે, અને ન પાલે,

ચોથા જીવ જાણે, ન આદરે, અને પાલે,

હવે એનો જુદો જુદો અર્થ લખીએ છીએ :

તિહાં પહેલા જીવ જે જાણે, આદરે, અને પાલે, તે ઓળખાવે છે :—

જીવ–અજીવ, નવતત્ત્વ અને ષડ્દ્રવ્યનું સ્વરૂપ સાતે નયે કરી ગુરૂમુખથી જાણે, અઠ્ઠાવીશ ઉપનયે કરી નયસાપેક્ષ જાણે, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવરૂપ ચોભંગીએ કરી યથાર્થ જાણે, નિશ્ચય–વ્યવહારે કરી ઓળખીને, જાણે, નયસંયુક્ત ચાર ચાર નિક્ષેપે કરી વ્યવસ્થિત જાણે,

એ રીતે ભિન્ન-ભિન્ન પ્રકારે જાણી અંતરંગ ભાસન સહિત પ્રતીતિ કરી ચાર ગતિરૂપ સંસાર થકી ઉદાસી ભાવે ત્યાગરૂપ વૈરાગ્યે પંચ મહાવ્રત શુદ્ધ રીતે આદરે, અને જેવી રીતે આદરે, તેવી રીતે મોક્ષનિઃકર્મા રૂપ સાધ્ય ચોકખું રાખીને પાલે. તે જીવ સાધુમુનિરાજ છઠ્ઠે-સાતમે ગુણઠાણે વર્તતા કંચનપાત્ર સમાન જાણવા.

હવે બીજા જીવ જે જાણે, આદરે અને ન પાલે, જીવ ઓળખાવે છે :—

એટલે આગળ જે જીવ-અજીવરૂપ ષડ્દ્રવ્યનું નવ તત્ત્વ સ્વરૂપ કહ્યું, તે પ્રમાણે અંતરંગ જાણપણારૂપ ભાસન સહિત પ્રતીતિ કરે, તથા ચાર ગતિરૂપ સંસારથકી ઉદાસી ભાવે ત્યાગરૂપ વૈરાગ્યે શુદ્ધ રીતે પાંચ મહાવ્રત ગુરૂમુખે ઉચ્ચરે, અને સાધ્ય એક આત્માને કર્મથકી મૂકાવવારૂપ નિઃકર્મા અવસ્થાનો રાખીને પંચ મહાવ્રત શુદ્ધ રીતે પાલે, પણ પૂર્વકર્મરૂપ ઉદયભાવને યોગે કરીને વ્રત થકી ચૂકયો, મનઃપરિણામ વિષે અશક્ત થયો.

॥ ગાથા ॥

જે જાકો જૈસો ઉદે, તવ ભોગે તે થાન।
શક્તિ મરોડે જીવકી, ઉદય મહા બલવાન ॥ ૧ ॥

એવી રીતે ઉદયભાવને યોગે કરી વ્રતથકી પરિણામ ખસ્યા, પણ વેષ મૂકે નહિ, પ્રતિક્રમણ-પડિલેહણાદિ ક્રિયા યથાશક્તિએ સાચવે, વિષયસુખ તે વિષપાન સમાન

દારૂણ દુઃખના દાતાર કરી જાણે, મનને વિષે જૂરણા ઘણી કરે, પણ છૂટી શકે નહિ, અને જે સાધુ મુનિરાજ શુદ્ધ-માર્ગી, જિનાજ્ઞાના પાલક હોય, તેને દેખી ઘણો પ્રેમ કરે, તેની સેવા કરે, એવા વ્રત પાલવાની અભિલાષા રાખે, અને શુદ્ધમાર્ગનો ઉપદેશ આપી લોકને પ્રતિબોધે, ધર્મ પમાડે, તે જીવ, વ્રત થકી ચૂકયા, પણ સમકિતની સદ્દહણાએ કરી સહિત છે, માટે સંવેગપક્ષી જાણવા. એ બીજો ભંગ.

હવે ત્રીજા જે જીવ જાણે, ન આદરે અને ન પાલે, તે ઓળખાવે છે :–

તે જીવ સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણઠાણાવાલા જાણવા.

એટલે આગલ જીવ–અજીવરૂપ નવતત્ત્વ ષદ્રવ્યનું સ્વરૂપ કહ્યું, તે પ્રમાણે સર્વ જાણે, અંતરંગપણે સદ્દહે, કાર્ય કારણ, ધર્મ પ્રત્યે ઓળખે, સ્વદયા–પરદયા જાણે, સ્વભાવ વિભાવનો યથાર્થપણે વિચાર કરી સદ્દહે, આત્માને ઉપાદાન કારણપણે જાણે, ઉપાદાન કાર્ય જાણે, તથા આત્મિકસુખ ઇંદ્રિયજનિતસુખની પ્રતીતિ કરી સાધ્ય ચોકખું રાખી વીતરાગની આજ્ઞાએ અનેક પ્રકારે સાધન કરે, તે જીવ, સંસારથકી ઉદાસી ભાવે વર્તે, સંસારને અંદીખાનારૂપ કરી જાણે, અને વ્રત લેવાની ઘણી રૂચિ કરે, પણ અવ્રતને ઉદયે કરી સંસારરૂપ જાળમાંથી છૂટી શકે નહિ, એવા જીવ જાણે ખરા, પણ આદરે નહિ અને પાલે પણ નહિ. એ ત્રીજો ભંગ કહ્યો.

હવે ચોથો જે જીવ જાણે, ન આદરે અને પાલે, તેને ઓળખાવે છે :-

તે જીવ અનુત્તરવાસી દેવ જાણવા. એટલે આગલ ભાવ કહ્યા, તે પ્રમાણે સર્વ જાણે છે, પણ ગતિ આશ્રયી અવ્રતીપણાને ઉદયે કરી તિહાં વ્રતનું આદરવું નથી, તથાપિ વ્રત પાલવાને ભાવે જ વર્તે, માટે જાણે, ન આદરે અને પાલે એ ચોથો ભંગ.

એ ચાર ભાંગાના અર્થ જ્ઞાનીની નિશ્રાએ વિચારી તુલના કરે તે જ્ઞાનીપુરુષ જાણવા.

૬૫૩ હવે અજાણનું સ્વરૂપ જાણવાને ચોભંગી લખીએ છીએ :-

તિહાં પહેલા જીવ ન જાણે, ન આદરે અને ન પાલે.

બીજા જીવ ન જાણે, ન આદરે અને પાલે,

ત્રીજા જીવ ન જાણે, આદરે અને પાલે,

ચોથા જીવ ન જાણે, આદરે અને ન પાલે.

એ ચાર પ્રકારના જીવ ઓળખાવવાને અર્થ લખીયે છીએ.

તિહાં પહેલા જીવ ન જાણે, ન આદરે અને ન પાલે, તે જીવ મિથ્યાદૃષ્ટિ પહેલે ગુણઠાણે અન્યદર્શની જાણવા.

તેણે જીવ–અજીવરૂપ સ્વરૂપ જાણ્યું નથી, અને જિનવચનની આસ્થા વિના અનેક પ્રકારે અન્યલિંગે મિથ્યાત્વરૂપ ચેષ્ટા કરતા ફરે, એ પહેલા ભાંગાનો વિચાર કહ્યો.

હવે બીજા જીવ ન જાણે, ન આદરે અને પાલે, તે જીવ ઓળખાવે છે.

તે જીવ બાલતપસ્વી જાણવા.

તેને જીવ–અજીવના સ્વરૂપની ઓળખાણ નથી, અને પંચ મહાવ્રતનું સ્વરૂપ પણ જાણતા નથી, તેમ પાંચ આશ્રવ પણ સેવતા નથી, માટે એ બાલતપસ્વી જીવ જાણવા. એ બીજો ભંગ.

હવે ત્રીજા જે જીવ ન જાણે. આદરે અને પાલે, ઓળખાવે છે :–

તે જીવ જૈનમતી સ્વલિંગી, બાહ્યક્રિયા પ્રતિપાલક જાણવા. તેણે જીવ–અજીવરૂપ નવતત્ત્વ, ષડ્દ્રવ્યનું સ્વરૂપ નયે કરી, નિક્ષેપે કરી, સ્યાદ્વાદરૂપ નિત્ય અનિત્યાદિ આઠ પક્ષે કરી ભાસનરૂપ પ્રતીતિ કરી નથી.

અને ઉપાદાનપણું ન જાણે.

ઉપાદાન કારણપણું ન જાણે.

ઉપાદાન કાર્યપણું ન જાણે.

સાધક, બાધક અને સિદ્ધાદિ સ્વરૂપ.

ચૌદ ગુણઠાણાનો વિચાર ન જાણે.

લૌકિક ધર્મ ન જાણે.

લોકોત્તર બાહ્યકારણરૂપ ધર્મ ન જાણે.

લોકોત્તર અંતરકારણરૂપ ધર્મ ન જાણે.

તથા લોકોત્તર અંતરકાર્યરૂપ ધર્મ પણ ન જાણે.

અને જીવસત્તારૂપ દ્રવ્યગુણપર્યાયનું સ્વરૂપ ન જાણે.

તથા અજીવસત્તારૂપ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરૂપ વિચાર ન જાણે.

તથા સાધ્ય-સાધનરૂપ લેવાની પ્રતીતિ કર્યા વિના નરકનિગોદના દુઃખથકી ભય પામતો થકો સુખની લાલચે પુણ્યરૂપ ફલની વાંછાએ નિવૃત્તિરૂપ ચારિત્ર અંગીકાર કરી, પાંચ મહાવ્રત શુદ્ધ રીતે પાલે છે, બેંતાલીશ દોષ ટાલી આહાર લે છે, માંડલીના પાંચ દોષ ટાલે છે, અને પ્રતિક્રમણ, પ્રતિલેખનાદિ ક્રિયા શુદ્ધ રીતે સાચવે છે, તે દ્રવ્યલિંગી જીવ જાણવા, એ ત્રીજો ભંગ કહ્યો.

હવે ચોથા જે જીવ ન જાણે, આદરે અને ન પાલે, તે ઓળખાવે છે :-

તે જીવ જિનમતલિંગી વેષધારી જાણવા. એટલે પોતાનો પાટ મેલવવારૂપ નામ રાખવા સારૂ બાલપણે શિષ્યને વેચાતા લઈ અનેક પ્રકારે દુઃખે કરી જિનમતના શાસ્ત્ર જે અંગોપાંગાદિક તથા પરમતના શાસ્ત્ર જે જ્યોતિષ, વૈદ્યકાદિક તે ભણાવે, ભણાવી પાલીને મોટા કરે, પણ

અંતરંગ સત્તાગતના જાણુપણારૂપ ભાસન રહિત તેણે કરી જીવાદિક નવ પદાર્થના પરમાર્થને ન જાણે, અને અભાવે કરી રૂચિ વિના પાંચ મહાવ્રતરૂપ ઉચ્ચારે કરી જૈનલિંગ ધર્યું છે. પણ છકાયના આરંભને વિષે પ્રવર્તે છે, સાવદ્યરૂપ પાપકર્મના આદેશ–ઉપદેશ દે છે.

॥ અત્ર ગાથા ॥

નિર્દય હૃદય છકાયમાં, જે મુનિવેષે પ્રવર્તે રે।
ગૃહિ યતિધર્મથી બાહિરા, તે નિર્ધનગતિ વર્તે રે ॥૧॥

એ પરમાર્થ જાણવો.

એટલે તે જીવ ન જાણે, અને વ્રત આદરે પણ પાલે નહિ, માટે જિનમતલિંગી વેષમાત્રે જાણવા. એ ચોથો ભાંગો કહ્યો. એ રીતે જાણ–અજાણુપણાનું સ્વરૂપ જાણવા ચોભંગી કહી છે.

॥ દોહા ॥

આતમદૃષ્ટિ દેખીયે, પુદ્ગલ ચેતનરૂપ ॥
પરપરિણતિ હોય વેગલી, ન પડે તે ભવકૂપ ॥ ૧ ॥

આતમભાવે સિદ્ધ છે, પરભાવે છે બંધ ॥
નિજસ્વરૂપ અવલોકતાં, મટે અનાદિ બંધ ॥ ૨ ॥

જેને પુદ્ગલ યોગ છે, તેહની ન ધરે આશ ॥
શુદ્ધાતમ અનુભવ ભર્યો, શાશ્વત સુખ વિલાસ ॥ ૩ ॥

ચેતન લક્ષણ આતમા, સો અનાદિ ગુણલીન ॥
પણ તે પ્રગટે અનુભવે, સમકિતદૃષ્ટિ પીન ॥ ૪ ॥

મગન ભયો જડભાવમેં, તેણે આવરણ સ્વભાવ ॥
નિરાવરણ તો સંપજે, આપો આપ સ્વભાવ ॥ ૫ ॥

શુદ્ધદ્રવ્ય શુદ્ધાતમા, વ્યાપક સકલ સ્વભાવ ॥
શુદ્ધદ્રવ્યગુણ પજ્જવે, મટે મોહમદ તાવ ॥ ૬ ॥

ઈમ ભાવત શિવ તત્ત્વ રસ, તે અધ્યાતમ સાર ॥
તાકે ગુણકી વર્ણના, સુણતાં હોય સુખકાર ॥ ૭ ॥

॥ દેશી ચોપાઈની ॥

ખિમાવિજય છે ક્ષમા ભંડાર, જિન ઉત્તમપદના દાતાર॥
એવા ગુરૂ નિત્ય સેવો સહુ, નિજરૂપ પ્રગટે સુખ લહોઅહુ ॥ ૮ ॥

અમિય કુંઅર તસુ પ્રણમી પાય,
ગ્રંથ કિયો ભવિજન સુખદાય ॥
અલપબુદ્ધિ મેં રચના કરી,શુદ્ધ કરો પંડિત જન મલી ॥૯॥

મરૂધર પાલી નગર મઝાર, ચોમાસું ધરી હર્ષ અપાર ॥
વર્ષ બ્યાસી સંવત અઢાર,
મહા સુદી પાંચમ ને રવિવાર ॥૧૦॥

પ્રશ્નોત્તર ગ્રંથ કીધો સાર, આતમઅર્થીને હિતકાર ॥
ભણતા ગુણતા જય જયકાર,
લખ્મી લીલા પામે અપાર ॥૧૧॥

ઈતિ પંડિત શ્રીકુંઅર વિજયજી રચિત

નવતત્ત્વ સંબંધી

પ્રશ્નોત્તર ગ્રંથ : સંપૂર્ણ ॥

શ્લોક સંખ્યા ૬૬૬૧ ॥

આ ગ્રંથ છપાવતાં જે જે સ્થાન કે અશુદ્ધતારૂપ દોષ મારાથી થયેલા હોય તે સર્વ સ્થલે વાંચનાર મહાશયોએ સુધારી વાંચવું.

આ પુસ્તક મુદ્રિત કરતાં જે કાંઈ શ્રીજિનવચન વિરૂદ્ધ મારાથી લખાયું હોય, તે અપરાધરૂપ દુષ્કૃતને હું સમસ્ત આ ગ્રંથ પઠન કરનારા સજ્જનોની સમક્ષ મિથ્યા દુષ્કૃત દઉં છું.

લિ. પ્રકાશક (પ્રથમાવૃત્તિના)
(દ્વિતીય ,,)

ઇતિશ્રીકુંવર વિજયજીકૃત અધ્યાત્મસાર
પ્રશ્નોત્તર ગ્રંથ : સમાપ્ત :

અધ્યાત્મ માર્ગની કૂંચી

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી,
પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશેજી,
ભવ સમુદ્રનો પાર ॥

—શ્રી સીમંધર સ્વામી ૧૨૫ ગા. નું
સ્તવન ઢા. ૫ ગા. ૫

પરિશિષ્ટ

હવે છુટક બોલો લખીએ છીએ.

૧. પુણ્ય સામગ્રી

૧ સુઠામ,
૨ સુગામ,
૩ સુજાત.
૪ સુભ્રાત.
૫ સુતાત.
૬ સુમાત.
૭ સુવાત.
૮ સુકુલ.
૯ સુબલ.
૧૦ સુસ્ત્રી.
૧૧ સુપુત્ર.
૧૨ સુપાત્ર.
૧૩ સુક્ષેત્ર.
૧૪ સુદાન.
૧૫ સુમાન.
૧૬ સુરૂપ.
૧૭ સુવિધા.
૧૮ સુદેવ.
૧૯ સુગુરૂ.
૨૦ સુધર્મ.
૨૧ સુવેશ.
૨૨ સુદેશ.

આટલા વાનાં પુણ્ય વિના ન પામીએ.

૨. સોબત કેવી કરવી ?

૧ સુમતિ.
૨ શીલવંત.
૩ સંતોષી.

૪ સત્સંગી.

૫ સ્વજન.

૬ સાચાબોલા.

૭ સત્પુરુષ.

૮ શમેલા.

૯ સુલક્ષણ.

૧૦ સુલજ્જ.

૧૧ સુકુલીન.

૧૨ ગંભીર.

૧૩ ગુણવંત.

૧૪ ગુણજ્ઞ.

એવા પુરૂષનો સંગ કરવાથી ધર્મ પામીએ.

સોબત કોની ન કરવી ?

૧ ચુગલખોર.

૨ ચોર.

૩ છલગ્રાહી.

૪ અધર્મી.

૫ અધમ.

૬ અવિનીત.

૭ અધિકબોલા.

૮ અનાચારી.

૯ અધીરા.

૧૦ અધૂરા.

૧૧ નિઃસ્નેહી.

૧૨ કુલક્ષણ.

૧૩ કુબોલા.

૧૪ કુપાત્ર.

૧૫ કૂડાબોલા.

૧૬ કુશીલિયા.

૧૭ કુશાસની.

૧૮ કુલખંપણ.

૧૯ ભૂંડા.

૨૦ આવા સ્વાર્થી પુરુષોનો સંગ ન કરવો.

૪ મુખ્ય બાબતો યાદ રાખવા જેવી.

કેટલાએક દોષ મુખ્યતાએ જેને હોય તેના નામ કહે છે.

રજપૂતને ક્રોધ ઘણો હોય.

ક્ષત્રિયને માન ઘણું હોય.

ગણિકા અને વણિકને માયા ઘણી હોય.

બ્રાહ્મણને લોભ ઘણો હોય.
મિત્રને રાગ તથા હેત ઘણું હોય.
શોકયને દ્વેષ ઘણો હોય.
જુગારીને શોક ઘણો હોય.
ચોરની માતાને ચિંતા ઘણી હોય.
કાયરને ભય ઘણો હોય.
ઈત્યાદિક શ્રી વિશેષાવશ્યકમાં
ઘણા બોલ છે.

૫ ક્રિયામાં ધારવા જેવું.

હવે ધર્મ કેવી રીતે હોય તે કહે છે.

ધર્મ તો આત્મભાવે, શુદ્ધોપયોગે હોય અને કર્મ તો અશુદ્ધોપયોગે તથા શુભાશુભ ભાવે હોય.

જેવી કરણી એટલે જેવી ક્રિયા તેવા કર્મ હોય અને ધર્મ તો અક્રિયારૂપે હોય.

જેવો શુદ્ધોપયોગ વૃદ્ધિવંતો હોય તેવો ધર્મ પણ વૃદ્ધિવંતો હોય.

૬ મોટી ચૌદ વિદ્યાના નામઃ

૧ એક નલોગામિની,
૨ બીજી પરશરીર પ્રવેશિની.
૩ ત્રીજી રૂપપરાવર્તની.

૪ ચોથી સ્તંભની.

૫ પાંચમી મોહની.

૬ છઠ્ઠી સુવર્ણસિદ્ધિ.

૭ સાતમી રજતસિદ્ધિ.

૮ આઠમી રસસિદ્ધિ,

૯ નવમી અંધથોભિની,

૧૦ દશમી શત્રુપરાજ્યની.

૧૧ અગીયારમી વશીકરણી.

૧૨ બારમી ભૂતાદિદમની.

૧૩ તેરમી સર્વસંપત્કરી.

૧૪ ચૌદમી શિવપદ પ્રાપણી.

૭ વક્તાના ચૌદ ગુણ

૧ પહેલો પ્રશ્નવ્યાકરણોક્ત સોલ બોલનો જાણ પંડિત હોય,

૨ બીજો શાસ્ત્રાર્થ વિચારી જાણે,

૩ ત્રીજો વાણીમાંહે મીઠાશ હોય.

૪ ચોથો પ્રસ્તાવ–અવસર બોળખે.

૫ પાંચમો સત્ય બોલે.

૬ છઠ્ઠો સાંભળનારના સંદેહનો છેદ કરે.

૭ સાતમો બહુશાસ્ત્રવેત્તા ગીતાર્થ ઉપયોગી હોય.

૮ આઠમો અર્થને વિસ્તારી તથા સંવરી જાણે.

૯ નવમો વ્યાકરણ રહિત છતાં કંઠની ભાષામાં પણ અપશબ્દ ન બોલે;

૧૦ દસમો વાણીએ કરી સભાજનોને રીઝી જાણે.

૧૧ અગીયારમો પ્રશ્નાર્થ ગ્રાહક.

૧૨ બારમો અહંકાર રહિત.

૧૩ તેરમો ધર્મવંત.

૧૪ ચૌદમો સંતોષવંત.

૮ શ્રોતાના ચૌદ બોલ.

હવે શ્રોતાના ચૌદ ગુણ કહે છેઃ–

૧ એક ભક્તિવંત,

૨ બીજો મીઠાબોલો.

૩ ત્રીજો ગર્વરહિત.

૪ ચોથો સાંભળવા ઉપર રૂચિ.

૫-૬ પાંચમો અને છઠ્ઠો ચંચળતા રહિત એકાગ્રચિત્તે સાંભળે અને ધારે, જેવું સાંભળ્યું તેવું પ્રગટ અક્ષરે કહે.

૭ સાતમો પ્રશ્નનો જાણુ.

૮ આઠમો ઘણા શાસ્ત્ર સાંભળ્યાના રહસ્ય જાણે,

૯ નવમો ધર્મકાર્યે આળસુ ન હોય.

૧૦ દશમો જેને ધર્મ સાંભળતાં નિદ્રા ન આવે.

૧૧ અગીયારમો બુદ્ધિવંત હોય.

૧૨ બારમો દાતાર હોય.

૧૪ તેરમો જેની પાસેથી ધર્મકથા સાંભળે, તેના પાછળથી ઘણા ગુણ બોલે.

૧૪ ચૌદમો કોઈની નિંદા ન કરે તથા કોઈની સાથે તાણખેંચ-વાદવિવાદ ન કરે,

એ ચૌદ ગુણ સાંભળનારમાં જોઇએ.

૯ આયુ કયારે બંધાય?

યોગ, કષાય અને લેશ્યા એ ચાર જેવારે એકઠા મળે. તેવારે પરભવાયુ બંધાય.

૧૦ નિર્જરા વેદનાની ચૌભંગી

નારકી જીવને મહાવેદના અને અલ્પનિર્જરા જાણવી. તથા સાધુને મહાવેદના અને મહાનિર્જરા, ગજસુકુમાલની પેરે જાણવી, તથા દેવતાને અલ્પવેદના અને અલ્પનિર્જરા જાણવી.

એ નિર્જરા અને વેદનાની ચોભંગી કહી.

૧૧ છ આવશ્યકમાં તત્ત્વની ઘટના

સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, ને પ્રતિક્રમણ, એ ત્રણ આવશ્યક **સંવર** તત્વમાં છે, તથા વંદનક, કાયોત્સર્ગ, અને પ્રત્યાખ્યાન, એ ત્રણ આવશ્યક **નિર્જરા**માં છે.

૧૨ જીવના વિશિષ્ટ પ્રકારો

સંસારમાં જીવ ત્રણ પ્રકારના છે.

એક ભવ્ય, બીજા અભવ્ય અને ત્રીજા ભવ્યાભવ્ય.

તેમાં વળી ભવ્યજીવના ત્રણ પ્રકાર છે.

એક નિકટભવ્ય, બીજા મધ્યભવ્ય, અને ત્રીજા દુર્ભવ્ય.

તેમાં સધવા સૌભાગ્યવતી સ્ત્રી જેમ પરણીને તત્કાળ છ મહિને ગર્ભ ધારણ કરી પુત્રની પ્રાપ્તિરૂપ ફળ પામે, તેની પેરે જે ભવ્યજીવ પણ તરત સિદ્ધિ વરે, તે **નિકટ ભવ્યજીવ** જાણવા.

તથા જેને કોઈ એક સ્ત્રી પરણ્યા પછી બે વર્ષે પુત્ર-રૂપ ફલ પામે, તેની પેરે જે જીવ થોડા ભવમાંહે મેઘ કુમારની પેરે સિદ્ધિ વરે, તે **મધ્યભવ્ય** જીવ જાણવા,

તથા **દુર્ભવ્ય** જીવ છે, તે જેમ કોઇ પરણેલી સ્ત્રીને ઘણા વરસ પછી પુત્રરૂપ ફલની પ્રાપ્તિ થાય તેમ તે જીવ પણ ગોશાલાની પેરે અથવા અનંતા પડિવાઈ જીવોની પેરે ઘણા કાલે સિદ્ધિ વરશે, તે દુર્ભવ્ય જાણવા.

એ ભવ્યના ત્રણ ભેદ કહ્યા.

હવે બીજા અભવ્યજીવના લક્ષણ કહે છે.

જેમ વંધ્યા સ્ત્રીને ઘણા કાલ પર્યંત ભરતારનો યોગ મલે, તથા અનેક ઉપાય કરે, તો પણ પુત્રરૂપ ફલની પ્રાપ્તિ ન થાય, તેની પેરે અભવ્યનો જીવ પણ વ્યવહારથી ચારિત્રની ક્રિયા આદરે, નવમા ગ્રૈવેયક પર્યંત જાય, પરંતુ સિદ્ધિરૂપ મોક્ષફલ પામે નહિ.

હવે ત્રીજા ભવ્યાભવ્યના લક્ષણ કહે છેઃ—

જેમ કોઈક બાલવિધવા સ્ત્રી હોય, તેને પુત્ર થવાની શક્તિ છે, પરંતુ ભરતારના યોગને અભાવે પુત્રરૂપ ફલ પામે નહિ, તેમ કેટલાએક જાતે ભવ્ય જીવ તો છે. પરંતુ કર્મની વિશેષ નિબિડતાને યોગે કરી અવ્યવહાર રાશિમાંથી નીકલીને વ્યવહાર રાશિમાં ઉંચા જ નહિ આવી શકે, તેથી સામગ્રીને અભાવે મોક્ષરૂપ ફલની પ્રાપ્તિ પણ ન પામે,

તથા વલી ત્રણ પ્રકારના જીવ કહે છે.

એક **ભવાભિનંદી** તે મિથ્યાદૃષ્ટિ જીવ જાણવા. બીજા **પુદ્ગલાભિનંદી** તે ચોથા-પાંચમા ગુણઠાણાવાળા સમ્યગ્દૃષ્ટિ જીવ જાણવા. **ત્રીજા આત્માનંદી** તે સાધુ મુનિરાજ જાણવા.

તથા વલી સંસારીજીવ ચાર પ્રકારના કહ્યા છેઃ—

એક સઘન રાત્રિ સમાન તે **ભવાભિનંદી** મિથ્યાત્વ ગુણઠાણવર્તી જીવ જાણવા. જેમાં કોઈ અજવાલું નહિ

બીજા અઘનરાત્રિસમાન તે માર્ગાભિમુખી માર્ગાનુસારી જીવ જાણવા.

ત્રીજા સઘન દિન સમાન તે ચોથા ગુણઠાણાથી માંડીને બારમા ગુણઠાણા સુધીના જીવ જાણવા.

ચોથા અઘન દિન સમાન તે કેવલી ભગવાન જાણવા.

૧૪ તીર્થંકરના જન્માદિ કલ્યાણક થાય તે વારે સાતે નરકે કેટલું અજવાલું થાય ?

પ્રથમ નરકે સૂર્ય સરખો ઉદ્યોત થાય.

બીજી નરકે સાધ્રસૂર્ય સમાન તેજ થાય.

ત્રીજી નરકે પૂર્ણિમાના ચંદ્ર સમાન ઉદ્યોત થાય.

ચોથી નરકે સાધ્ર ચંદ્ર સમાન તેજ થાય.

પાંચમી નરકે શુક્ર તથા બૃહસ્પતિ ઇત્યાદિ ગ્રહના સરખું તેજ થાય.

છઠ્ઠી નરકે નક્ષત્રના સરખું તેજ થાય.

સાતમી નરકે તારા સરખું તેજ થાય.

૧૫ ત્રણ પ્રકારે કરેલા ઉપકારનું ઓસિંગણ થવાય.

૧ માતા પિતાને પ્રભાતે ઉઠી શતપાક-સહસ્રપાક તેલે મર્દન કરે,

પછી સુંગધે કરી ઉવટણું કરે, તે વાર પછી સૌગંધિક પાણી, ટાઢું પાણી, ઉષ્ણપાણી, એવા ત્રણ પાણીએ કરી ન્હવરાવે,

પછી ઉત્તમ વસ્ત્રાભૂષણાદિકે કરી વિભૂષા કરે, પછી મન ગમતું સરસ મધુર ભોજન કરાવે, જાવજ્જીવ સુધી પોતાનો ખાંધ ઉપર લઈને ફરે, એ રીતે ભક્તિ સાચવે તો પણ તે પુત્ર, માતા-પિતાનો ઓસિંગણ ન થાય.

પરંતુ માતા-પિતાને કેવલિપ્રણીત ધર્મ કહી ધર્મ બૂઝવીને ધર્મમાં થાપે તો તે પુત્ર માતા-પિતાનો ઓસિંગણ થાય.

૨ કોઈ એક મોટો પુરૂષ કોઈ એક દરિદ્રી પુરૂષને મોટો ધનવંત કરે, પછી કાલાંતરે કોઈ રીતે અશુભ કર્મોદયથી તે મોટા પુરૂષને દરિદ્રતા પ્રાપ્ત થાય, તે પ્રસ્તાવે પૂર્વે ઉપકાર પામેલો પુરૂષ પોતાના સ્વામીને દરિદ્રપણું આવ્યું જાણી પોતાનું સર્વસ્વ પોતાના સ્વામીને આપતો છતો પણ તેનો ઓસિંગણ ન થાય, પરંતુ તે પુરૂષ જો પોતાના સ્વામીને કેવલિપ્રણીત ધર્મ કહી ધર્મ બૂઝવીને ધર્મને વિષે સ્થાપન કરે, તો ઓસિંગણ થાય.

૩ કોઈ એક પુરૂષ સાધુની પાસેથી રૂડા ધર્મમય વચન સાંભળી તેને મનમાં ધારી પછી શુભધ્યાન વિષે કાલ કરી દેવલોકે દેવતાપણે ઉપજે, તે દેવતા પોતાના ધર્માચાર્ય પ્રત્યે દુઃકાલમાં પડયો જાણી વસ્તિના સ્થાનકે મૂકે અથવા તે ધર્માચાર્યને કોઈ રોગ ઉત્પન્ન થયાથી તેને રોગરહિત-નિરાબાધ કરે, તો પણ તે દેવતા તેનો ઓસિંગણ ન થાય, પરંતુ તે દેવતા જો પોતાના ધર્માચાર્યને અશુભ કર્મોદયથી કેવલિપ્રણીત ધર્મથકી ભ્રષ્ટ થયો જાણી ફરી તેને કેવલિપ્રણીત ધર્મ બૂઝાવીને ધર્મને વિષે સ્થાપન કરે, તો ઓસિંગણ થાય.

૧૬ નરકાયુના ચાર કારણો

૧ મહારંભ　　૨ મહાપરિગ્રહ
૩ પંચેંદ્રિય જીવોનો વધ　　૪ માંસનો આહાર

૧૭ તિર્યંચાયુના ચાર કારણો

૧ માયા.　　૨ વિશેષ માયા.
૩ અલીક–જુઠું બોલવું.　　૪ કૂડા-તોલ કૂડા માપ.

૧૮ મનુષ્યાયુના ચાર કારણો

૧ પ્રકૃતિએ ભદ્રકપણું.　　૨ પ્રકૃતિએ વિનીતપણું.
૩ દયા સહિતપણું.　　૪ મત્સરરહિતપણું.

૧૯ દેવાયુના ચાર કારણો

૧ સરાગ સંયમ.　　૨ તપઃશૂરપણું.
૩ દાનશૂરપણું.　　૪ યુદ્ધશૂરપણું.

૨૦ ચાર પ્રકારના પુષ્પ જેવા પુરૂષો

૧ રૂપસહિત પણ ગંધરહિત. ૨ ગંધસહિત પણ રૂપરહિત
૩ ગંધસહિત અને રૂપસહિત. ૪ ગંધરહિત અને રૂપરહિત.

આ રીતે ચાર પ્રકારના પુરૂષ કહ્યા છે :

૧ રૂપવંત પણ શીલ રહિત. ૨ શીલ સહિત અને રૂપરહિત.
૩ રૂપસહિત અને શીલસહિત. ૪ રૂપ રહિત અને શીલ રહિત.

૨૧ ચાર પ્રકારે ઉપરા ઉપર અનંતા કહ્યા છે :

૧ અભવ્ય જીવ અનંતા છે. ૨ તે થકી સિદ્ધના જીવ અનંતા છે.
૩ તે થકી ભવ્યજીવ અનંતા છે. ૪ તે થકી જાતિભવ્યજીવ અનંતા છે.

૨૨ અંતિમ ચતુર્વિધ સંઘના નામ

૧ શ્રી દુપ્પસહ નામા આચાર્ય. ૨ ફલ્ગુસિરી સાધ્વી.
૩ નાઈલ નામા શ્રાવક. ૪ સવ્વસિરીનામા શ્રાવિકા.

૨૩ પાત્ર ચાર પ્રકાર

૧ શ્રી જિનેશ્વર પ્રભુ. ૨ શ્રી સાધુ મુનિરાજ.
૩ દેશવિરતિ શ્રાવક. ૪ અવિરતિ સમ્યગૂદૃષ્ટિ.

૨૪ અણાહારકના ચાર પ્રકાર

૧ વિગ્રહગતિવંત. ૨ કેવલ સમુદ્‌ઘાતકારક,
૩ ચૌદમે ગુણઠાણે. ૪ શ્રીસિદ્ધ.

૨૫ મનુષ્યની ચાર અવસ્થા

૧ ગર્ભાવસ્થા, ૨ બાલ્યાવસ્થા. ૩. યૌવનાવસ્થા. ૪ વૃદ્ધાવસ્થા.

૨૬ ચાર પ્રકારે કુંભ

૧ મધુનો ઘડો ને મધુનું ઢાંકણું. ૨ મધુનો કુંભ ને વિષનું ઢાંકણું.
૩ વિષનો કુંભ ને મધુનું ઢાકણું. ૪ વિષનો કુંભ અને વિષનું ઢાંકણું.

એજ પ્રકારે ચાર જાતિના પુરૂષ હોય તે કહે છે

૧ એક પુરૂષ નિર્મલ નિષ્પાપ અને જિહ્વાથી પણ મીઠું મધુરૂં બોલે.

૨ એક પુરૂષ નિર્મલ નિષ્પાપ છતાં જિહ્વાએ કડવું બોલે.

૩ એક પુરૂષ એક લક્ષ પાપવાલો હોય, અને જિહ્વાએ મીઠું–મધુરૂં બોલે.

૪ એક પુરૂષ એક લક્ષ પાપવાલો હોય અને જિહ્વાએ પણ કડવું બોલે.

૨૭ પચ્ચક્ખાણની ચતુર્ભંગી

૧ પચ્ચક્ખાણનો કરાવનાર ગુરૂ જાણ હોય, અને કરનાર શિષ્ય તે પણ જાણ હોય, એ પ્રથમ ભંગ અત્યંત શુદ્ધ ઉત્તમ જાણવો.

૨ પચ્ચક્ખાણનો કરાવનાર ગુરૂ જાણ અને કરનાર શિષ્ય અજાણ હોય, ત્યાં જાણ ગુરૂ પચ્ચક્ખાણના કરનારને પૂછે, જાણ કરે, કે હે અમુકા ! તને અમુક પચ્ચક્ખાણ કરાવ્યું છે, તેવી રીતે પાલજે એમ શિષ્ય પણ પાલે તો શુદ્ધ ભાંગો જાણવો. અને ન પૂછે–ન પાલે તો અશુદ્ધ ભાંગો જાણવો.

૩ પચ્ચક્ખાણનો કરનાર શિષ્ય જાણ હોય, તે શિષ્ય જાણતો છતો ગીતાર્થ ગુરૂને અભાવે પર્યાયે કરી મોટા એવા મહાત્માની સમીપે અથવા પિત્રાદિકને ગુરૂ સ્થાનકે માનીને તેમની સાખે પચ્ચક્ખાણ કરે, તો તે શુદ્ધ જાણવું. પરંતુ જો છતે ગીતાર્થે પણ અજાણ ગુરૂ પાસેથી પોતાને છંદે પચ્ચક્ખાણ કરે, તો અશુદ્ધ ભાંગો થાય, એમ સમજવું.

૪ પચ્ચક્ખાણ કરાવનાર, ગુરૂ અને પચ્ચક્ખાણ કરનાર શિષ્ય એ બેહુ અજાણ હોય, તો તે ભાંગો અત્યંત અશુદ્ધ શ્રીવીતરાગદેવે કહ્યો છે.

૨૮ સાધુ છ કારણે આહાર લે.

૧ ક્ષુધાની વેદનાએ આહાર લે.
૨ આચાર્યાદિકના વૈયાવચ્ચ કરવાને અર્થે આહાર લે.
૩ ઈર્યાપથિકીની જયણા શોધવાને કારણે આહાર લે.
૪ સંયમ પાલવાને કારણે આહાર લે.
૫ જીવિતવ્ય રક્ષાને કારણે આહાર લે.
૬ શુભધ્યાન કરવાને કારણે આહાર લે.

૨૯ સાધુ છ કારણે આહાર ન લે.

૧ જ્વરાદિક રોગ આવે થકે આહાર ન લે.
૨ કોઈ વિશિષ્ટ ઉપસર્ગરૂપ કારણે આહાર ન લે.
૩ પુરૂષવેદનો ઉદય થયાથી બ્રહ્મચર્ય રાખવાને અર્થે આહાર ન લે.
૪ કર્મ ખપાવવા નિમિત્તે તપ કરવાને અર્થે આહાર ન લે.
૫ જીવદયાને અર્થે વરસાદ વરસતે અથવા ધૂહરી પડતે આહાર ન લે.
૬ અંતસંલેષણાએ શરીર છાંડવા ભણી આહાર ન લે.

ઇતિ છૂટક બોલો સમાપ્ત

જ્ઞાની કોણ?

"નવતત્ત્વ-ષટ દ્રવ્યનું જાણપણું ગુરૂમુખે કરી સ્વસત્તા તથા પરસત્તાના ભાસનરૂપ યથાર્થ પ્રતીતિ જ્ઞાનીની નિશ્રાએ કરી ગુરૂમુખે વિવિધ ક્રિયાઓના આલંબન દ્વારા મોહનીયના ઘટાડા માટે જેની ચોટ હોય તે **જ્ઞાની.**"

અધ્યાત્મ એટલે?

"આત્માના સ્વરૂપમાં જ્ઞાની-નિર્દિષ્ટ પંચાચારના સેવનથકી સ્થિર થવાનો પ્રયત્ન તે **અધ્યાત્મ.**"



આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧